## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| | | | **પંચસૂત્ર ભાગ-૨** | |
| ૧. | ૧૨ | ૧૮ | **સાપેક્ષભાવ** : ભવિતવ્યતા જ્ઞાનીની દૃષ્ટિ | ૧ |
| ૨. | ૧૨ | ૧૮ | પરલોક - સાપેક્ષતા | ૫ |
| ૩. | ૧૨ | ૧૯ | સાપેક્ષભાવ : જીવન-ઉત્થાનના માર્ગ | ૧૧ |
| ૪. | ૧૨ | ૧૯ | ભવાભિનંદીનો બીજો ગુણ **લોભરતિ** | ૧૭ |
| ૫. | ૧૨ | ૨૦ | સાપેક્ષભાવ : જીવન-કોણે બંધાયેલું ? | ૨૧ |
| ૬. | ૧૨ | ૨૧ | સાપેક્ષભાવ : તૃષ્ણા-તરુણી | ૩૧ |
| ૭. | ૧૨ | ૨૨ | સાપેક્ષભાવ : તૃષ્ણા તરુણી : સંકલેશ-વિશુદ્ધિ | ૩૮ |
| ૮. | ૧૨ | ૨૨ | સુખ અને આનંદમાં તફાવત | ૪૧ |
| ૯. | ૧૨ | ૨૨ | આપણા સંકલેશની પરીક્ષા | ૪૫ |
| ૧૦. | ૧૨ | ૨૩ | સુખ ત્રણ પ્રકારનું | ૫૧ |
| ૧૧. | ૧૨ | ૨૪ | આરાધનાનો સાપેક્ષભાવ | ૫૫ |
| ૧૨. | ૧૨ | ૨૫ | પ્રેમચંદશેઠનું ગુપ્તદાન | ૬૪ |
| ૧૩. | ૧૨ | ૨૬ | આજની નિર્દયતા | ૭૪ |
| ૧૪. | ૧૨ | ૨૬ | પાપી પર દયાનો મહાસિદ્ધાંત | ૭૫ |
| ૧૫. | ૧૨ | ૨૭ | મોટાઈ તુચ્છ લાભ પર | ૮૫ |
| ૧૬. | ૧૨ | ૨૮ | જવાબદારીનું ભાન | ૮૮ |
| ૧૭. | ૧૨ | ૨૯ | જીવન ગુણાભ્યાસનું | ૯૮ |
| ૧૮. | ૧૨ | ૨૯ | સાધર્મિક ઉદ્ધારની રીત | ૧૦૨ |
| ૧૯. | ૧૨ | ૨૯ | નિખાલસતા પાયાનો ગુણ | ૧૦૬ |
| ૨૦. | ૧૨ | ૩૦ | સિદ્ધગિરિનો સોદો | ૧૦૮ |
| ૨૧. | ૧૨ | ૩૧ | ચિત્ત-સમાધિ | ૧૧૮ |
| ૨૨. | ૧૨ | ૩૪ | ગુણનો અભ્યાસ | ૧૨૮ |
| ૨૩. | ૧૨ | ૩૫ | જાગતા રહો તો જ ધર્મ | ૧૩૮ |
| ૨૪. | ૧૨ | ૩૬ | ભાવ આરોગ્ય | ૧૪૬ |
| ૨૫. | ૧૨ | ૩૭ | **૫ - પાપ ત્યાગનો સાપેક્ષભાવ** | ૧૫૫ |
| ૨૬. | ૧૨ | ૩૮ | વિવેક અને જાગૃતિ | ૧૬૩ |
| ૨૭. | ૧૨ | ૩૮ | કૂડાં કામ અને કૂડી લેશ્યા | ૧૬૬ |
| ૨૮. | ૧૨ | ૩૯ | પાપત્યાગનો સાપેક્ષભાવ-હર્ષ-ઉદ્વેગ કેમ મટે ? | ૧૬૯ |
| ૨૯. | ૧૨ | ૩૯ | ખ્યાલ બહારના અશુભભાવ | ૧૭૪ |
| ૩૦. | ૧૨ | ૪૦ | પાપ ત્યાગનો સાપેક્ષભાવ - સલામતી ક્યાં ? | ૧૭૯ |
| ૩૧. | ૧૨ | ૪૩ | બચપણથી શિક્ષણ : સલામતી ક્યાં ? | ૧૮૯ |
| ૩૨. | ૧૨ | ૪૪ | ભવાભિનંદીનો ૩જો દુર્ગુણ - **દીનતા** | ૧૯૭ |
| ૩૩. | ૧૨ | ૪૫ | શ્રી પંચસૂત્ર : દીનતાથી બચવા ? | ૨૦૫ |
| ૩૪. | ૧૨ | ૪૬ | ૪થો દુર્ગુણ માત્સર્ય | ૨૧૪ |
| ૩૫. | ૧૫ | ૧૬ | **ભવાભિનંદીના ૮ દુર્ગુણ** | ૨૨૪ |
| ૩૬. | ૧૫ | ૧૬ | પર્વત-નારદનું દૃષ્ટાંત | ૨૨૬ |
| ૩૭. | ૧૫ | ૧૬ | ભવાભિનંદીનો ૨જો દુર્ગુણ લોભરતિ | ૨૩૦ |
| ૩૮. | ૧૫ | ૧૬ | મમ્મણનું દૃષ્ટાંત | ૨૩૨ |
| ૩૯. | ૧૫ | ૧૭ | દીનતા | ૨૩૫ |
| ૪૦. | ૧૫ | ૧૭ | ૪થો દુર્ગુણ માત્સર્ય | ૨૩૯ |
| ૪૧. | ૧૫ | ૧૮ | ભવાભિનંદીનો ૫મો દુર્ગુણ ભય | ૨૪૧ |
| ૪૨. | ૧૫ | ૧૮ | ભવાભિનંદીનો છઠ્ઠો દુર્ગુણ શઠતા | ૨૪૫ |
| ૪૩. | ૧૫ | ૧૮ | સાતમો દુર્ગુણ અજ્ઞતા | ૨૪૮ |
| ૪૪. | ૧૫ | ૧૯ | આઠમો દુર્ગુણ નિષ્ફળારંભ સંગતતા | ૨૫૧ |
| ૪૫. | ૪ | ૧ | **જીવનસંગ્રામ - (પ્રવચન)** | ૨૫૪ |
| ૪૬. | ૪ | ૧ | ક્ષત્રિયાણીનો પ્રસંગ | ૨૫૫ |
| ૪૭. | ૪ | ૨ | જીવન સાથે જ સંગ્રામના દૃષ્ટાંત | ૨૬૩ |
| ૪૮. | ૪ | ૨ | પાપ પ્રવૃત્તિઓ સાથે સંગ્રામ | ૨૬૪ |
| ૪૯. | ૪ | ૨ | ખોટી લાગણીઓરૂપી પાપપ્રવૃત્તિ | ૨૬૭ |
| ૫૦. | ૪ | ૨ | મૃત્યુનું દૃશ્ય | ૨૬૯ |
| ૫૧. | ૪ | ૨ | વૃદ્ધાવસ્થાનું દૃશ્ય | ૨૭૨ |
| ૫૨. | ૪ | ૨ | વ્યાધિનું દૃશ્ય | ૨૭૩ |
| ૫૩. | ૨૨ | ૧૮ | **વિષય-કષાયના આવેશભૂંડા-રોહિણિયોચોર** | ૨૮૭ |
| ૫૪. | ૨૨ | ૧૯ | રોહિણિયોચોર | ૨૯૩ |
| ૫૫. | ૨૨ | ૧૯ | રોહિણિયાની કુનેહ | ૩૦૧ |
| ૫૬. | ૨૨ | ૧૯ | રોહિણિયાની ભવ્યભાવના | ૩૦૩ |
| ૫૭. | ૨૨ | ૨૦ | રોહિણિયાની ચોરની પ્રભુને પ્રાર્થના | ૩૦૫ |

## સાપેક્ષભાવ : ભવિતવ્યતા જ્ઞાનીની દૃષ્ટિ (ભાગ-૨)

**(ગતાંકથી ચાલુ...)**

**ભવિતવ્યતા પણ કારણ નહિ રહે** એ આ રીતે, કે અલબત કાળ, સ્વભાવ, ઉદ્યમ, વગેરે નિયત થયા પ્રમાણે આવ્યા કરવાના, પરંતુ કાર્ય પણ નિયત થયા મુજબ થયા કરવાનું ! એટલે જેવી રીતે ટપાલી નિયત રીતે આવતો હોય અને એ વખતે જ આપણે નિયત રીતે કામ માટે ગાદી પર બેસતા હોઈએ, તેથી કાંઈ આપણા બેસવામાં ટપાલીનું આગમન કારણ નથી કહેવાતું; કેમકે આપણે તો આપણા દૈનિક ક્રમ મુજબ ગાદીએ બેસીએ છીએ; બસ એજ રીતે અહીં વિચારો. કાળ-પુરુષાર્થ વગેરે નિયત થયા મુજબ આવ્યા કરવાના છે, પરંતુ એમ તો કાર્ય પણ નિયત થયા મુજબ બન્યા કરવાનું છે, એટલે એમાં કાંઈ કાળ, પુરુષાર્થ, ભાગ્ય વગેરે કારણ નહિ કહેવાય. એનો અર્થ એ, કે કાર્ય તો એમ જ વિના કારણ બની ગયું ! તો શું કારણ સિવાય કાર્ય બને ખરું ?

**પ્ર.**- તો પછી જ્ઞાનીએ એ પ્રમાણે જોયું છે એનું કેમ ? જોયેલામાં કાંઈ ફેરફાર થાય ?

ઉ.- જોયું છે એ પ્રબળ જ્ઞાનશક્તિ હોવાથી વસ્તુસ્થિતિ જોઈ છે. જોયેલામાં ફેરફાર નથી પડતો એ એમની યથાર્થ દૃષ્ટિ સૂચવે છે. પણ એનો એ અર્થ નથી કે એ એમની દૃષ્ટિ કાર્યમાં કારણ છે. અર્થાત્ જ્ઞાનીએ જોયું છે તેથી એમ બને છે એવું નથી; કિન્તુ તેવું બને છે, બનવાનું છે, અને બન્યું છે માટે જ્ઞાની એ પ્રમાણે જુએ છે. એટલે કે બનનારી ઘટના એ વિષય તરીકે કારણ છે, અને જ્ઞાનીનું દર્શન એનું કાર્ય છે. ઘડા જેવી વસ્તુ હોય તો એનું પ્રત્યક્ષ જ્ઞાન થાય, ન હોય તો નહિ. એ સૂચવે છે કે ઘડો એ કારણ છે અને જ્ઞાન એ કાર્ય છે. પ્રત્યક્ષ જ્ઞાનમાં વિષય કારણ છે. કારણ જેવું મળે તેવું કાર્ય થાય. ઘડો કાળાને બદલે હવે લાલ થાય, તો એનું કાળાપણાનું જ્ઞાન બદલાઈ લાલપણાનું જ્ઞાન થાય. વિષય ફરે એમ જ્ઞાન કરે.

**એટલે 'જ્ઞાનીના દેખ્યાથી ફેરફારવાળી ઘટના ન બને,' એમ કહેવાને બદલે હવે એમ કહો કે ઘટના જેવી બનવાની હોય એનાથી ફેરફારવાળું જ્ઞાની ન જુએ.**

કેમકે સમ્યગ્જ્ઞાન ઘટનાને આધીન છે, જેવી ઘટના તેવું જ સમ્યગ્જ્ઞાન થાય; પણ નહિ કે ઘટના જ્ઞાનને આધીન. અરિસામાં પ્રતિબિંબ બાહ્ય બિંબને આધીન છે, પણ નહિ કે બિંબ એ પ્રતિબિંબને આધીન. જેવું બિંબ, તેવું પ્રતિબિંબ પડે, પણ નહિ કે જેવું પ્રતિબિંબ જેવું બિંબ બને. બિંબને બનવાનું પોતાના કારણને આધીન છે, પ્રતિબિંબને આધીન નહિ. પ્રતિબિંબ કરતાં ફેરફારવાળી બાહ્ય ઘટાદિ વસ્તુ હોય ? ના, પણ એનો એ અર્થ નથી કે પ્રતિબિંબ એ ઘટાદિને બનાવે છે. દા.ત. સોનાના કળશનું પ્રતિબિંબ પડે છે, તો ત્યાં એ કળશ બનવામાં કારણભૂત તો સોનું, સોની વગેરે છે, પણ નહિ કે એનું પ્રતિબિંબ.

બસ, આ જ રીતે જ્ઞાની જે ઘટનાઓનું દર્શન કરે છે, એ ઘટનાઓ બનવાનાં કારણ જુદાં છે, જ્ઞાનીનું દર્શન કારણ નહિ. દર્શન તો બિચારું પ્રતિબિંબ જેવું છે, એ ઘટનાઓને અનુસરે છે. ત્યારે ઘટનાઓ કોને અનુસરે છે ? પોતાની કારણસામગ્રીને. સામગ્રી જેવી મળે તેવી ઘટના થાય. આ સામગ્રીમાં પુરુષાર્થ પણ એક અંગ છે. એ જેવો હોય તેવું કાર્ય થવાનું; અલબત્ત બીજાં સહકારી કારણોની અપેક્ષા રાખીને. છોકરો અતિ ઠોઠ મગજવાળો હોય તો માસ્તરનો ભણાવવાનો પુરુષાર્થ તેવું ફળ ન જન્માવી શકે. પણ એનો એ અર્થ નથી કે પુરુષાર્થ નકામો છે. કેમકે વિદ્યાર્થી તેજસ્વી મગજવાળો હોય, અને એની પાછળ સારો પુરુષાર્થ હોય, તો સુંદર ફળ આવે જ છે. પુરુષાર્થ હોય તો જ ફળ આવે છે, અને જ્ઞાની તેમ જુએ છે, નહિતર નહિ. એ સૂચવે છે કે ઘટના જેવી બને છે એને જોવામાં જ્ઞાનીને ફરક ના પડે; કેમકે સાચું જોવાનું એ વસ્તુને આધીન છે. ત્યારે પુરુષાર્થ કેવી રીતે થાય ? આ વિચારવા સાથે બીજાં ય કારણોનો હવે વિચાર જુઓ;-

**પ્ર.**- કાળ કેવી રીતે થાય ?

ઉ.- કાળ એના ક્રમથી આવે છે. સવાર પછી બપોર, બપોર પછી સાંજ; દિવસ પછી રાત, રાત પછી દિવસ; એમ શિયાળા પછી ઉનાળો, ઉનાળા પછી ચોમાસું; પહેલા આરા પછી બીજો આરો, બીજા પછી ત્રીજો આરો. આમાંનો તેવો તેવો કાળ તેવા તેવા કાર્યમાં કારણભૂત બને છે.

**પ્ર.**- નિમિત્તો કેવી રીતે આવે ?

ઉ.- નિમિત્તો ભાગ્ય મુજબ આવે. જેવું જેવું ભાગ્ય ઉદય પામે તેવાં તેવાં નિમિત્ત મળી આવે.

**પ્ર.**- ભાગ્ય કેવી રીતે આવે ?

ઉ.- ભાગ્ય જેવું પૂર્વે ઉપાર્જી મૂક્યું હોય અને એ ઉદય પામવા પૂર્વે એમાં આત્માના પરિણામ આદિ કારણવશ જેવા ફેરફાર થવા હોય તે થઈને જેવી અવસ્થાવાળું બન્યું હોય, તેવું ઉદય પામે; અને એ નિમિત્ત, પરિસ્થિતિ ઊભી કરે.

**પ્ર.**- પુરુષાર્થ કેવી રીતે આવે ?

ઉ.- પુરુષાર્થ આત્માનો ભવ, સમજ, બળ, ઈચ્છા, ગરજ, વગેરેના આધારે બને. (૧) પક્ષીનો ભવ જ એવો કે ઊડવાનો પુરુષાર્થ કરી શકે. એમ મનુષ્યનો ભવ

એવો કે સર્વવિરતિ ચારિત્રનો પુરુષાર્થ કરી શકે. દેવની આમ શક્તિ વધારે. પણ ભવ જ એવો કે ચારિત્રનો પુરુષાર્થ ન કરી શકે. (૨) મિથ્યાદષ્ટિની સમજ એવી કે આભ્યન્તર ચારિત્રના પરિણામનો પુરુષાર્થ ન કરી શકે. (૩) પાંચમા આરામાં મનુષ્યનું બળ જ એટલું જ કે એ સાતમાંથી ઉપરના ગુણસ્થાનકે ચડવાનો પુરુષાર્થ ન કરી શકે. (૪) રાગાન્ધ આસક્તને ઈચ્છા જ નહિ તેથી ત્યાગનો પુરુષાર્થ નહિ. (૫) ભવાભિનંદીને ગરજ જ નહિ, તેથી શુદ્ધ ધર્મનો પુરુષાર્થ અશક્ય.

આ ઉપરથી સમજાશે કે પુરુષાર્થ ભવિતવ્યતાની વસ્તુ નથી કે એમ જ ટપકી પડે. એ તો તેવો ભવ, સમજ, બળ, ગરજ વગેરે કારણોના સહારે આત્મા પ્રયત્ન કરે તો જ પુરુષાર્થ નીપજે.

**ભવિતવ્યતાની ખબર વિના શું કરવાનું ? :-**

**પ્ર.**- પણ ભવિતવ્યતાને ઓળંઘીને તો પુરુષાર્થ કાર્ય ન કરી શકે ને ?

**ઉ.**- કરી શકે કે ન કરી શકે એ વાત તો પછી, પણ પહેલાં એ કહો કે તમને ભવિતવ્યતાની શી ખબર છે કે એ કેવી નિર્ધારિત થઈ છે ? અને ખબર નથી, તો જાતે શું કરવાનું રહ્યું ? ચાહીને પુરુષાર્થ નહિ કરવાનો ને ? ભવિતવ્યતાની ખબર છે નહિ, ને પુરુષાર્થ સારો કરવો નથી, તો ફળ કેવું આવશે ? એનો વિચાર કરો છો ખરા ? એ તો નક્કી છે ને કે ક્રોધ, હિંસા વગેરેના પુરુષાર્થથી દુર્ગતિ થાય; અને ક્ષમા, અહિંસા, વગેરેના પુરુષાર્થથી સદ્‌ગતિ મળે ? કે પછી ભવિતવ્યતાથી જ દુર્ગતિ અને ભવિતવ્યતાથી જ સદ્‌ગતિ મળે એમ માનો છો ? તો તો પછી બીજાં કારણો જ નકામાં થઈ જશે ! પણ ધ્યાનમાં રાખજો કે આવો તો અનેકાંતવાદી જિનશાસનનો મત નહિ, પણ એકાંતવાદી ગોશાળા જેવાનો મત છે.

જૈન મત તો પુરુષાર્થ આદિ પંચકારણવાદી છે. એમાંય એ પુરુષાર્થની સબળતા ઉપર જ આખો મોક્ષ માર્ગ ચીંધે છે. દુરાચારો અકર્તવ્ય બતાવી સદાચારોનો ભગીરથ પુરુષાર્થ કરવા કહે છે. તે પુરુષાર્થની સબળતાના હિસાબે જ. જો ભવિતવ્યતા એકલી સબળ હોય, અને એના જ મુજબ બધું થવાનું હોય, તો સદાચાર-દુરાચારના વિવેકની શી જરૂર ? 'જીવ નરકે ગયો તે ભવિતવ્યતાને લીધે, હિંસાદિ પાપને લીધે નહિ,' એમ કહી શકાય ? જે કાંઈ કાર્ય થાય તેમાં જો ભવિતવ્યતા જ કારણ હોય અને પુરુષાર્થ નહિ, તો તો ખૂનીને સજા ન થવી જોઈએ; કેમકે મરનાર મર્યો તે તો એની ભવિતવ્યતાના કારણે મર્યો, ખૂનીના ખૂનના પુરુષાર્થને લીધે નહિ.

જો ભવિતવ્યતા જ કારણ હોય તો તલમાંથી જ તેલ નીકળે અને રેતીમાંથી નહિ એમ કેમ ? અગર કહો,



**પ્ર.**- તલમાંથી જ તેલ નીકળવાની ભવિતવ્યતા છે, એમ કહી શકાય ને ?

**ઉ.**- આ કેવી ભાષા ? એનો અર્થ તો એ જ કે 'ભવિતવ્યતા એવી છે કે તલમાં તેલ આપવાનો સ્વભાવ છે, રેતીમાં નહિ.' શું આમ કહેવું ઉચિત છે કે એના બદલે 'તલનો જ સ્વભાવ એવો છે કે તેલ આપે, રેતીનો નહિ.' એમ કહેવું ઉચિત છે ભવિતવ્યતા તેવી હતી માટે તલમાંથી જ તેલ નીકળ્યું એ કહેવું અજ્ઞાન કથન છે. ઉચિત છે ? **ના. અહીં તો સ્વભાવની જ મુખ્યતા થઈ.**

**પરિણમનશક્તિ ફળવા ભવિતવ્યતા અને પુરુષાર્થ :-**

બાકી પુરુષાર્થની મુખ્યતા તો ઠામ ઠામ દેખાય છે. માટી પર કુંભાર જેવો પુરુષાર્થ કરે છે, તે પ્રમાણે ઘડો, યા કોડિયું, યા ઈંટ કે નળિયું બને છે. એ કાંઈ ભવિતવ્યતાને જોવા કે જ્ઞાનીની દૃષ્ટિમાં શું છે તે જોવા નથી બેસતો. કુંભારમાં અને માટીમાં અનેક પરિણમનશક્તિ છે; એ ફળવાની ભવિતવ્યતા ય છે; પણ માટી પર જેવો પુરુષાર્થ જે કાળે કરે છે તેવું પરિણમન તે વખતે જ થાય છે. પુરુષાર્થ પણ જેટલા ટકાની ચતુરાઈભર્યો અને વેગથી કરે છે, તેટલા ટકાનું સુંદર અને શીઘ્ર ઘડો વગેરે કાર્ય બને છે. શું એવી ટકાવારી ભવિતવ્યતા સાથે કહી શકાશે ? પુરુષાર્થમાં તો એવા કાર્યના ટકાને મળતા ટકા દેખાય છે; એ સૂચવે છે કે પુરુષાર્થની સ્વતંત્ર પ્રધાન કારણતા છે.

**વિચારમાં ફરક :-** સારાંશ આ છે કે જે એમ વિચાર આવે છે કે 'જ્ઞાનીએ આપણે પુરુષાર્થ કરવાનું જોયું હશે તો પુરુષાર્થ થશે, નહિ જોયું હોય તો નહિ થાય. જ્ઞાનીની દૃષ્ટિમાં ફરક ન પડે,' એ ખોટું છે. કેમકે જ્ઞાનીની દૃષ્ટિ એ કાંઈ પુરુષાર્થમાં કારણ નથી. વિચારવું તો એ જોઈએ કે 'જો હું પુરુષાર્થ કરીશ તો જ્ઞાનીએ એમ દેખ્યું હશે, અને નહિ કરું તો જ્ઞાનીએ તેવું નહિ દેખ્યું હોય. પરંતુ જ્ઞાનીએ એ પણ દેખ્યું હશે કે 'આ જીવ સત્પુરુષાર્થ કરશે અને કેવું ઉમદા ફળ આવશે ! અને સત્પુરુષાર્થ નહિ કરતાં અસત્ પુરુષાર્થ કરી કેવા દુર્ગતિના ઘોર દુઃખ પામશે !' દુર્ગતિનાં દુઃખ મારે જોઈતા નથી. માટે અસત્ પુરુષાર્થ મૂકી સત્ પુરુષાર્થ કરું.'- આ વિચાર, આ ધગશ રાખવી જોઈએ, જેથી અસત્ પુરુષાર્થ છોડાય અને સત્ પુરુષાર્થ આદરાય. વાત પણ સાચી છે કે **સત્ પુરુષાર્થ કરવામાં જ્ઞાનીની દૃષ્ટિ કાંઈ આડે નથી આવતી.** આપણને જો ચીજ ગમે છે, એનો પુરુષાર્થ કરવો સારો લાગે છે માટે કરવો ય છે, અને શક્તિ-સામગ્રી છે, તો પુરુષાર્થ કરવામાં ઢીલ કે આળસ નહિ કરવી.

**વિશ્વાસ જ્ઞાનીની દૃષ્ટિ પર કે જ્ઞાનીનાં વચન પર ? :-**

જ્ઞાનીની દૃષ્ટિ આગળ ધરીએ છીએ પણ એ તો જુઓ કે એ જ જ્ઞાનીઓએ

ઉપદેશ શો આપ્યો છે ? શું એમણે એમ કહ્યું છે કે પુરુષાર્થ બાબતમાં તમે રસ ન રાખતાં ઉદાસીન બેસજો ? જ્ઞાનીએ જોયું હશે તો એની મેળે પુરુષાર્થ થઈ જશે, આવું કહ્યું છે ? કે ઊલટું એમ કહ્યું છે કે **'સત્ પુરુષાર્થ ખૂબ કરો, ધર્મવીર્ય સારું ઉલ્લસાવો, સર્વ શક્તિ ખરચીને સદાચાર-સત્કૃત્યો-સદ્ગુણો માટે સદા ઉદ્યમ રાખો' ?** જો આ જ કહ્યું છે, તો પછી એ પ્રમાણે વર્તવું જોઈએ ને ? જ્ઞાનીની સર્વકાળની દૃષ્ટિ પર વિશ્વાસ છે, ને એમના જ ઉપદેશ પર શું વિશ્વાસ નથી ? એમના ઉપદેશમાં તો સારાં નિમિત્તો ય મેળવવા-સેવવાનું ફરમાન છે. આના પર વિશ્વાસ હોય તો પછી જ્ઞાનીની દૃષ્ટિના ત્રિકાલી નિશ્ચિત પર્યાયના ઓઠા હેઠળ નિમિત્ત અને પુરુષાર્થને કેમ ઉડાડાય ? સોનગઢમત એ ઉડાડવાનું કરે છે. પણ એ ધતિંગ છે. નિમિત્ત વિના એકલા ઉપાદાનથી કાર્ય થતું નથી. સોનગઢવાળા ય પોતે ભારોભાર નિમિત્તો સેવી રહ્યા છે. આત્મા અનાદિનો મલીન, તે મનુષ્ય ભવ, દીર્ઘ આયુષ્ય, સન્માર્ગપ્રાપ્તિ, વગેરે નિમિત્તો વિના ક્યાં ઊંચે આવવાનો હતો ? અનંતા એમ ઊંચે આવ્યા છે, અને એને અવગણીને અનંત આત્મા નીચે પટકાયા છે. પેલી મા અને દીકરામાં ય શું બન્યું ? અસત્ અશુભ નિમિત્તના આલંબને અસત્ પુરુષાર્થ સેવ્યો તો ભયંકર દુઃખ વેઠવું પડ્યું. ત્યાં એમ થોડું જ કહેવાય કે જ્ઞાનીએ એ દુઃખ વેઠવાનું જોયું હતું માટે એ આવ્યું. અથવા એમ પણ પણ થોડું જ કહેવાય કે જ્ઞાનીએ જોયું હતું માટે તેવી ગાળ દેવાનો પુરુષાર્થ થઈ ગયો. કહેવાય આવું ? શું જ્ઞાનીની દૃષ્ટિ ગાળ દેવડાવનારી ? ના, એ તો આવેશમાં આવી બંનેએ જાતે એવો તીવ્ર પુરુષાર્થ કર્યો તો એવું તીવ્રફળ આવ્યું. પુરુષાર્થ મંદ કર્યો હોત તો ફળ ઓછું ખરાબ આવત, વધુ તીવ્ર કર્યો હોત તો વધુ તીવ્ર આવત, એટલે પુરુષાર્થ સાથે એની ટકાવારી છે; ભવિતવ્યતા સાથે નહિ.

જ્યાં પુરુષાર્થ મુખ્ય ત્યાં પુરુષાર્થ પર મુખ્ય લક્ષ, જ્યાં કાળ મુખ્ય ત્યાં કાળ પર મુખ્ય લક્ષ, જ્યાં ભાગ્ય મુખ્ય ત્યાં ભાગ્ય પર મુખ્ય લક્ષ,, જ્યાં ભવિતવ્યતા મુખ્ય ત્યાં ભવિતવ્યતા પર મુખ્ય લક્ષ, અને જ્યાં સ્વભાવ મુખ્ય ત્યાં સ્વભાવ પર મુખ્ય લક્ષ રાખવાનું; અને એ પ્રમાણે વર્તવાનું.

આ વિવેક આવડવો જોઈએ. નહિતર ભળતા કારણને મુખ્ય માનવા જતાં અને મુખ્યને ગૌણ કરી દેતાં વસ્તુતત્ત્વેય હાથ ન લાગે અને કર્તવ્ય-અકર્તવ્યે ય સમજાય નહિ.

## • પરલોક-સાપેક્ષતા •

આ મા-દીકરાનાં દૃષ્ટાન્તમાં પ્રસંગવશ વાત થઈ. દૃષ્ટાન્ત એટલા માટે હતું કે એ બંનેએ સામા જીવની પ્રત્યે સાપેક્ષભાવ ગુમાવી કડવું વેણ કાઢ્યું તો ફળ ભયંકર આવી ઊભું ! એમાં પરલોક પ્રત્યેય એવી સાપેક્ષતા ન રાખી કે આ મારે



બોલનું પરભવે કેવું માઠું ફળ આવે ! અહીં તો પુણ્યશક્તિ મળી છે એટલે મનને ફાવે એવું બોલી શકીએ છીએ; પરંતુ વિચારવા જેવું એ છે કે એના દુરુપયોગથી પરભવે એ શક્તિ ખુંચવાઈ ગયા પછી શું બોલી શકવાનું ? અહીંના પુણ્યબળથી બીજાને દબડાવી શકીએ છીએ, પરંતુ અસત્ માર્ગે એનો એકલો દુરુપયોગ કરી એ ગુમાવી નાખ્યા પછી પરભવે શું બીજા કોઈ એકાદને ય દબડાવાનું થઈ શકશે ? કે બીજા અનેકોથી આપણે પરભવે દબાવાનું થશે ?...' પરલોકનો આવો કોઈ વિચાર, કોઈ સાપેક્ષભાવ ન રહેવાથી મા-દીકરાએ સામસામી તીખા આક્ષેપ ઠોક્યા ! પરિણામ એક વાર બોલાયેલા એક બોલનું ભયંકર આવીને ઊભું ! તો પછી જેને વારે ને વારે એવા બોલ બોલવા જોઈએ છે, એની કઈ દશા ? એકલા બોલ જ નહિ, પણ એવા પરને દુભવનારા વર્તાવે ય હિસાબ વિનાના આચરવા જોઈએ છે, એની તો વળી કેવી ય કરુણ દશા આવીને ઊભી રહે ?

**આર્ય એટલે કેવો :-** પરલોક પ્રત્યે સાપેક્ષ બન્યા જ રહેવું જોઈએ એનો વિચાર મૂળ પાયાથી જુઓ.

આપણે આર્ય છીએ કે અનાર્ય ? આપણને કોઈ અનાર્ય કહે તો એ ગમતું નથી. આર્ય તરીકે ઓળખાવવામાં ગૌરવ અનુભવીએ છીએ. પણ 'આર્ય' શબ્દનો અર્થ ખબર છે ? સંસ્કૃત ભાષામાં 'ઋ' એ ક્રિયાવાચી શબ્દ છે. એનો અર્થ 'જવું' એવો થાય છે. એ 'ઋ' ને 'ય' પ્રત્યય લાગતાં ઋની વૃદ્ધિ થઈ આર્ય શબ્દ બન્યો છે. આર્ય એટલે ગમનને યોગ્ય, ગમનના સ્વભાવવાળો, એક જીવનમાંથી બીજા જીવનમાં, આ ગતિમાંથી બીજી ગતિમાં, આ લોકમાંથી પરલોકમાં ગમન કરનાર આત્માને માને તે આર્ય. આર્યપણાનો દાવો રાખવો હોય તો નજર સામે આ રાખવું જોઈએ કે આપણો આત્મા પરલોકગામી છે. પરલોકમાંથી આવેલો છે, અને પરલોક હિંડવાવાળો છે. આ નજરમાં રાખીને શું કરવાનું ? એ જ કે આપણું દિલ, આપણા બોલ, આપણી વિચારણા, ને આપણી પ્રવૃત્તિઓ એવી ન બને કે જેથી આપણો પરલોક બગડી જાય. કાંઈ પણ બોલતાં, વર્તતાં કે વિચારતાં આ પાકી સાવધાની રહે કે આપણા પરભવને એ ખરાબગ્રસ્ત ન કરે. એનો અર્થ જ એ કે પરલોકમાં આપણને મહાદુઃખ દે, યા દુર્ગતિમાં ઘસડી જાય, એવો વિચાર પણ ન કરીએ, વાણી બોલવાની કે વર્તાવ કરવાની તો શી ય વાત ? આનું નામ પરલોક પ્રત્યે સાપેક્ષભાવ કહેવાય.

દા.ત. કોઈ આપણી પાસે નિંદા કરાવવા આવ્યો. ત્યાં ઝટ સાવધાન થઈ જઈએ; એ વિચારીએ કે, 'નિંદા એ નીચ ગોત્ર અપાવે છે.' ઠેઠ ભંગી કે તિર્યંચના અવતારમાં જીવને ઘસડી જાય છે, સાથે અશાતા વેદનીય વગેરે પાપો ઊભાં કરી

પરલોકમાં કેવાય રોગ, અપમાન, તિરસ્કાર, અપજશ, દરિદ્રતા વગેરે દુઃખોમાં સબડાવે છે ! એટલે આવી નિંદામાં રસ લઈએ તો પરલોકમાં આપણી દુર્દશા થાય; માટે એ પાપ જોઈએ નહિ.' પરલોકનો વિચાર, પરલોકની સાપેક્ષતા પાપની સામે આ બચાવ આપે.

પરલોક પ્રત્યે સાપેક્ષભાવ એવો એક સુંદર ગુણ છે કે એ અનેક દોષોથી બચાવ અને અનેક ગુણ તથા સુકૃતોમાં ઉજાશ આપે છે. કંઈ હાસ્ય-મજાકનો પ્રસંગ આવ્યો, ત્યાં જૂઠ બોલતાં મન ખચકાશે કે 'નજીવા વિનોદના લાભ ખાતર મારો પરલોક ક્યાં બગાડું ? એ બગાડવામાં નુકસાન ભયંકર છે, એક બાજુ અનેક પીડાનાં દુઃખ ! બીજી બાજુ જુઠ્ઠું બોલવાની નિર્ભીક લત ! કોણ વહોરે એ ભાર ?' આ વિચારથી અસત્ય તો શું, પણ હાસ્ય-મજાકના પણ દોષ ઓછા થઈ જવાના; કેમકે 'એથી પણ પરલોક બગડે છે; કદાચ ક્રૂર મશ્કરા કંદર્પિયા દેવ, પરમાધામી દેવ વગેરેનો ય ભવ મળે,' એવો ખ્યાલ આવે છે.

એવું કોઈ સાથે ઝઘડો થઈ ગયો, છતાં પરલોકની પરવા ઊભી હશે તો એની પાછળ વૈરની ગાંઠ બાંધતાં મન ખચકાશે; કેમકે ખ્યાલ રહેશે કે આ ગાંઠના પરલોકમાં પરિણામ ભૂંડા છે ? અગ્નિશર્મા વૈરની ગાંઠમાં ઠેઠ અનંત સંસાર ઊભો કરવા સુધી પહોંચી ગયો ! પરલોક ભૂલાવામાં કેટલી ભયંકરતા ? ભલે પોતાને પારણું ગુમાવ્યાથી કષ્ટ પડ્યું, છતાં પણ સામા જીવને કેટલી હદનું દુઃખ દેવા તૈયાર થઈ ગયો !

**પ્રાણીઓનાં દુઃખ :-**

બીજા જીવો પ્રત્યે સાપેક્ષભાવ ગુમાવવામાં પરલોકનો વિચાર ગુમાવવાનું થાય છે એમ, તે સિવાય પણ પોતાની જ વિષયગૃદ્ધિ, અહંકાર અને લોભની દુર્દશામાં પરલોક કેવો સર્જાય, એનો વિચાર યાને એની પ્રત્યે સાપેક્ષભાવ ન રાખવામાં આવે તો પરલોકમાં કઈ દશા ? આપણી નજર સામે નાના મોટા અપાર પ્રાણીગણની ભારે વિટંબણાઓ દેખાય છે ને ? કેઈ માનવો અને પશુપંખીઓ તથા ક્ષુદ્ર જંતુઓ કેટકેટલા દારુણ ત્રાસ અને કેટલી ભયંકર પીડા યાતના વેઠી રહ્યા છે ? એની કોઈ રાડ સાંભળનાર નથી, કોઈ દયા કરનાર નથી ! સમુદ્રમાં કરોડો અબજો અરે ! અસંખ્ય માછલાઓમાં મત્સ્યગલાગલ ન્યાય ચાલી રહ્યો છે ! મોટો નાનાને ગળે છે ! એ મોટાને વળી બીજો મોટો પકડે છે ! અને એ નાનો વળી બીજા નાનાને ગળે છે ! ત્યાં કોણ બચાવવા જાય છે ? નરક ગતિમાં પરમાધામીઓ આપણા જેવા પંચેન્દ્રિય નારકીના અસંખ્ય જીવોને કાપવા-છૂંદવા-બાળવા વગેરેના ઘોર જુલ્મ વરસાવે છે, ત્યાં કોણ એ જીવોની રક્ષા કરવા જાય છે ?



**પરમાધામીને ઈન્દ્રો કેમ રોકતા નથી ? :-**

શું પરમાધામી કરતાં ભારે બળવાળા દેવતાઓ-ઈન્દ્રો આ જગતમાં નથી ? શું એ દયાળુ નથી ? છતાં કેમ એ પરમાધામીઓને અટકાવતા નથી ? હંમેશ માટે તો શું પણ મહિને-વર્ષે એકાદ વાર પણ અટકાવે છે ? ના, કેમ નહિ ? બળ નથી ? બળ તો છે. તો શું એમ વિચારે છે કે 'ભલે પરમાધામી પીડે, તેથી એ નરકના જીવોનાં બિચારાનાં પાપકર્મ ઓછાં થઈને હલકા થશે !!' ના, દયાળુ આવો વિચાર કરે નહિ. તો પછી એ ભયંકર દુઃખમાંથી એ જીવોને કેમ બચાવતા નથી ? જુલ્મગાર પરમાધામીને કેમ અટકાવતા નથી ?

એનો એ જ જવાબ કરવો પડે કે

'એ ત્રાસ ભોગવતા જીવોના પૂર્વોપાર્જિત અશાતા વેદનીયાદિ કર્મ જ એવા નિકાચિત છે, તેમ એ પરમાધામી જીવોના પૂર્વસિદ્ધ મોહનીય કર્મ જ એવાં સંકિલષ્ટ છે, કે ત્યાં કોઈની દરમિયાનગીરી ચાલે નહિ, કોઈ વચમાં પડવા આવે નહિ. ને અછેરારૂપે કદાચ કોઈ આવ્યું તો એવી સ્થિતિ ઊભી થાય કે એને બિચારાને જાતે જ સમજીને પાછા જવું પડે.'

બળદેવ દેવતા કૃષ્ણના જીવને નરકમાંથી ઊંચકવા ગયા હતા ને ? પણ શું બહાર લઈ શક્યા ? ના, જેવા ઊંચકવા ગયા એટલામાં તો કૃષ્ણજીવનું શરીર ઓગળવા માંડી એમાંથી ટપકાં ટપકવા માંડ્યા, અને એથી તો એ જીવની પીડા કેઈગુણી વધી ગઈ ! એને કહેવું પડ્યું, 'ભાઈ ! છોડી દો મને; ત્રાસ ભયંકર વધી રહ્યો છે !' આમાં શી રીતે બચાવે એને ?

**પરલોકની આ સ્થિતિ છે.** અહીં એવા બાંધેલા કર્મની પરભવે જે પીડા ઊભી થાય છે, એના પર દયા ખાનારા શક્તિમાન પુરુષો ય હોય, છતાં એમાંથી એને બચાવી શકે નહિ. મોટા શ્રીમંતો લાખો રૂપિયા ખર્ચી નાખવા તૈયાર છે, છતાં એમના કેન્સર જેવા રોગો મોટા માંધાતા ડોક્ટર-વૈદો પણ કેમ મિટાવી શકતા નથી ?

માણસને કેટલીકવાર આનો વિચાર આવે છે, દ્વેષ આવે છે કે 'હું પીડાઉ છું, ને મારું કેમ કોઈ સાંભળતું નથી ? આ ફલાણા શક્તિવાળા છે, પહોંચવાળા છે, છતાં કેમ મારો ભાવ પૂછતા નથી ?' અથવા બીજાના માટે વિચાર આવે છે, દ્વેષ આવે છે, કે 'આમની પાસે આટલા બધા પૈસા છે, શક્તિ છે, માણસો છે, છતાં કેમ એ દુઃખીની સંભાળ કરતા નથી ? પરવા કરતા નથી ?' પરંતુ આ નિરાશાના વિચાર, દ્વેષના વિચાર કરવા ખોટા છે, કૃપણો-નિર્દયો પર તો દયા ચિંતવવી જોઈએ. બાકી જોયું નહિ કે શું મોટા સમર્થ દેવતાઓ અને ઈન્દ્રો નરકના જીવોને ઉદ્ધરવા જાય છે ? સમુદ્રનાં માછલાંઓને બચાવવા જાય છે ? ના, તો શું

એમના પર દ્વેષ કરવો ? ના, રિબાતા જીવોની આર્દ્રતાભરી દયા રાખી એ વિચારવું કે બિચારા આ જીવોએ પૂર્વ ભવે એવાં કર્મ ઊભાં કરેલાં છે કે એમાં કોઈનું કાંઈ જ ચાલે નહિ. એના વિપાક ભોગવવામાંથી બચી જવા કરોડોનું ધન પણ કામ ન લાગે, ને મોટી સમ્રાટ રાજાગીરી ય કામ ન લાગે ! યાવત્ અનંત આત્મબળી તીર્થંકર દેવો પણ એને હટાવી શકે નહિ.' મહાવીર પ્રભુ અનંતબળી છતાં ગોશાળો તેજોલેશ્યાથી બે મુનિઓને ખાખ અને પોતાને દાહકારી બાળી ગયો ને ? છ મહિના દાહની પીડા દઈ ગયો ને ? જો પ્રભુની ય ગુંજાયશ નહિ, તો આપણે કોણ માત્ર ? શી રીતે એવા કર્મોના વિપાકથી બચી શકવાના ?

માટે જ પરલોકનો વિચાર રાખ્યા કરવો બહુ જરૂરી છે કે 'રખેને હું એવા કોઈ તીવ્ર પાપ ન બાંધી બેસું કે જેનાં દારુણ પરિણામ પરલોકમાં મને ક્રૂર રીતે પીડે ! રખે મને કોઈ એવા અધમ ભવમાં ન ખોસી ઘાલે !'

આ તો પરલોકનો દુઃખની દૃષ્ટિએ વિચાર થયો. એથી વધુ અગત્યનો વિચાર તો એ રાખવાનો છે કે 'રખેને એવાં મોહનીય કર્મ ન બંધાઈ જાય કે જે પરભવે જીવને મોહમૂઢ બનાવી ધર્મથી વંચિત અને પાપાચરણમાં રક્ત બનાવે ! અનેકાનેક દોષ, દુર્ગુણો અને દુરાચારોમાં નિઃશંક ડૂબાડૂબ રાખે ! એવું જો બન્યું તો તો પછી ઉગરવાનો કોઈ આરો જ નથી. કારણ કે અહીં જ જો ધર્મશાસન અને ધર્મપ્રેરકો મોજુદ છતાં દોષ-દુર્ગુણ-દુરાચારો સેવ્યે જવાય છે, બચાતું નથી, તો પછી પરભવે તો એ ધર્મશાસન-શાસકો વિના બચવાની આશા જ શી ?'

**લાગણીને આત્મા સાથે સીધો સંબંધ :-**

એ તો સમજી જ રાખવાનું કે અહીં હોંશપૂર્વક જે જે મોહની લાગણીઓ સેવ્યે રાખી, એની પુનરાવૃત્તિ પરલોકમાં થવાની. હજી કાયિક પ્રવૃત્તિને આત્મા સાથે તેવો હોંશવાળો સંબંધ ન હોય એ બને; કેમકે કદાચ એ સંજોગવશ કરવી પડતી હોય, એટલે પ્રવૃત્તિ કરતાં ચિત્ત ઊલટી દિશામાં હોય. પરંતુ લાગણીને તો સીધો સંબંધ આત્મા સાથે છે; કારણ, એ સીધી ચિત્તમાં ઊઠે છે, અને ચિત્ત આત્મા સાથે તન્મય જેવું છે. દા.ત. સંયોગવશાત્ વિરોધીને ત્યાં જમણમાં જવું પડ્યું, ત્યાં જમણ ગમે તેવું સારું હોય, પણ ચિત્ત વિરોધી તરફ અભાવવાળું છે, એટલે એના જમણ પ્રત્યે પણ અભાવવાળું બને છે. આ હિસાબે કાયિક પ્રવૃત્તિ સારા જમણની છતાં મનને એમાં રસ નહિ, કિન્તુ ગ્લાની છે. આ ઊલટી દિશામાં ચિત્ત ગયું ગણાય. એમ, ધર્માત્માને પોતાના ઘરમાં પણ વૈરાગ્યને લીધે જમણમાં હોંશ નથી હોતી; કેમકે એ મહારાગનાં તોફાનને લીધે ભારે ચીકણાં પાપકર્મનો બંધ દેખે છે, આત્માના કુસંસ્કાર દૃઢ થવાનું જુએ છે. આ ચિત્તનું ઊલટી દિશામાં



વર્તવું થયું.

એટલે કાયિક પ્રવૃત્તિ જેવા રૂપની છે, તેવો જ આત્મિકભાવ ન પણ હોય એવું બને છે. પરંતુ અંતરની લાગણીઓ પ્રાયઃ તેવા આત્મિક ભાવમાંથી ઊઠે છે, તેથી એને આત્મા સાથે સીધો સંબંધ છે, એમ કહેવાય. કોઈના પ્રત્યે દ્વેષની લાગણી ઊઠી, ભલે એને બહાર કડવા શબ્દ, દ્વેષિલો ચહેરો, ઇત્યાદિ દેખાવમાં ઉતારવા સંયોગ નહોતો એટલે ન ઉતારી, પરંતુ અંતરમાં ધમધમાટ અનુભવ્યો; એને તો આત્મા સાથે સંબંધ થઈ જ ચુક્યો. એમ મનમાં ઈર્ષ્યા જાગી, ફલાણો કેમ આગળ વધી ગયો ! કેમ એની લોક વાહવાહ બોલે છે !' વગેરે ઉકળાટ દિલમાં ઊઠ્યો. એને સીધો સંબંધ આત્મા સાથે છે; કેમકે આત્મામાં તેવો જ ભાવ છે. એમ, હાસ્ય-મશ્કરી, રાગ-આસક્તિ, મદ-અહંકાર, માયા-કપટ વગેરે વગેરેની લાગણીઓ પણ આત્મા સાથેના સીધા સંબંધમાં છે.

**લાગણીઓની પરિણામ પરંપરા :-**

લાગણીઓના આવા સીધા આત્મસંબંધ હોવાથી આત્મામાં એ પોતપોતાના સંસ્કાર દૃઢ કરે એ સ્વાભાવિક છે. જિંદગીમાં એવી લાગણીઓ અનેકવાર સેવાયે જાય, એમાંથી પાછા વળવાની વાત હોય નહિ, એના પર નફરત થાય નહિ, એટલે એના સંસ્કાર દૃઢતર બનતા જ જાય, બનતા જ જાય, ને અંતે એ રસાલો આત્માની સાથે પરલોકમાં જાય, તેમ ત્યાં એ સંસ્કારો જાગ્રત થઈ-થઈને પોતાનો ભાવ ભજવે, એમાં નવાઈ નથી. માટે તો નજર સામે દેખાય છે કે તેવા તેવા જીવોમાં તેવી તેવી લાગણીઓ જોરદાર પ્રવર્તતી હોય છે. શું એ એમ જ ટપકી પડી છે ? ના, પૂર્વભવમાં એવી લાગણીઓ સેવી સેવીને એના સંસ્કાર મજબૂત કરેલા હતા; તે અહીં હવે તેવી તેવી લાગણી પ્રગટાવ્યા કરે છે.

**લાગણીનો વિષય કદાચ ફરે, પણ લાગણી તો એવી ને એવી.**

દા.ત. અહીં કોઈને સારું સારું ખાવાની બહુ હોંશ છે; દહાડે ખાય, રાતે ખાય; રાતે પણ બહાદુરી માનીને એ ખાય ! આવું જીવન જીવ્યો. હવે એમાં

**'તિહાં રાત્રિભોજન કરતાં થકાં રે લો, માર્જાર ઘુવડ અવતાર જો'**

એ ન્યાયે કદાચ એ બિલાડાનું આયુષ્ય બાંધી મરીને બિલાડો થયો. ત્યાં હવે ઉંદર પર ચોંટ રહેવાની ! મનુષ્યભવે એવી ઉંદરની ચોંટ નહોતી, એ વિષય નવો આવ્યો કહેવાય. પણ સારું ખાવાની અને રાતે બહાદુરીપૂર્વક ખાવાની જે લાગણી હતી, તે તો એની એ જ ઊભી રહી. પછી એ લાગણીને જેવા સંયોગ મળ્યા, લાગણી એટલે ભાવ, એને જેવા દ્રવ્ય, ક્ષેત્ર અને કાળનો સહકાર મળ્યો, તે પ્રમાણે કાર્ય બન્યું.

## સાપેક્ષભાવ : જીવન-ઉત્થાનના માર્ગ

**પરભવે કેટલું લુપ્ત ? :-**

**ત્યાર આ વિચારવા જેવું છે કે** આ મનુષ્ય જીવનની ગમે ત્યારે સારું સારું ખાવાની લાગણીમાંથી પરલોકમાં હલકા અવતારે એવી ઉંદર વગેરે ખાવાની લાગણી ઊભી થાય, પાછી એ રાતદિવસ ચાલુ રહે, એ કેટલું ભયંકર ? અહીંના ખાનપાનમાં કદાચ એવી હિંસા વગેરેના ક્રૂર પાપો નહોતા, પરંતુ પરભવે એ કોટે વળગે છે ! અહીં વીતરાગ પ્રભુનું શાસન મળવાથી પાપને પાપરૂપે સમજાવનાર શાસ્ત્ર અને ગુરુ વગેરેનો યોગ પણ હતો, ધર્માત્માઓના જીવંત દૃષ્ટાંતનું દર્શન હતું, પાપ સમજવાની બુદ્ધિશક્તિ હતી. પરંતુ એનો સદુપયોગ કર્યો નહિ, તો પરભવે આમાંનું કશું નહિ ! એટલે પછી ત્યાં પાપની ઓળખમાંથી ય કેવો દેશવટો ! કોણ સમજાવનાર ? અને ક્યાંથી જીવનભરેય સમજવાનો સંભવ ? અહીં એવી આહારની, રસની, લાગણી રાખતાં પહેલાં જો આવા પરલોકનો વિચાર ઊભો હોય, પરલોક પ્રત્યે સાપેક્ષભાવ જીવંત-જાગ્રત રાખ્યો હોય, તો એ મહાદારુણ સ્થિતિ લક્ષમાં આવે; એની કમકમી થાય; અને એવા પરિણામને સર્જનારી ગમે ત્યારે હોંશપૂર્વક સારું સારું ખાવાની લગની દબાવાય; એનાથી પાછા હટાય.

**ગુલાબી ટાળવા વિચારણા :-**

મનને થાય કે 'આના કુસંસ્કારની લોથ કાં ઊભી કરું ? કાં એ ઊંચકીને ચાલું ? જહન્નમમાં ગયા એ ટેસ અને હોશિયારી ! વીતરાગ મહાપ્રભુનું શાસન પામ્યો છું, એ મહાપ્રભુ મારા કરતાં સારામાં સારું ખાઈ શકવાની પુણ્યાઈ પામેલા છતાં એ કરવાથી દૂર રહી ઘોર તપસ્યા કરનાર બન્યા ! એવા બીજા નરરત્નોનાં દૃષ્ટાન્ત પામ્યો છું, તો એવી જાલિમ લાગણીઓને દૂર અતિદૂર ફગાવી દઉં ! એવું ખા ખા કરવાથી કાંઈ વધી જવાનો નથી, કે કોઈ તૃષ્ણા શાંત થઈ તૃપ્તિ થવાની નથી. ઊલટું એ ખણજ અને ગુલામી પુષ્ટ રહેવાની ! એના કરતાં તો ત્યાગ અને તપના માર્ગે માનવ બુદ્ધિશક્તિ અને શાસનયોગને સફળ કાં ન કરી લઉં ? જેથી ખોટી ખણજે ય શાંત પડે, અને એવી આહારાદિની ગુલામી ઓછી થાય.' પરલોક પ્રત્યે સાપેક્ષભાવ હોય, તો આ વિચાર અને તે પ્રમાણે સત્પુરુષાર્થ જાગે.

**મલિન લાગણીનો પરભવે વારસો :-**

આવું બીજી બીજી મલિન લાગણીઓ સંબંધમાં પણ વિચારવા જેવું છે કે 'પરલોકમાં એના કેવાં દુઃખદ પાપમય નાટક સર્જાય ?' જેના તેના પર રોફ



મારવાની આદત હોય, અને પછી નથી ને સિંહ-વાઘ-વરુના અવતાર મળ્યા તો કઈ દશા ? ત્રિપૃષ્ઠ વાસુદેવને પુણ્યબળના છકેલપણામાં એવો રોફ અને રોષ કરવા જોઈતો હતો તો પછીના ઠેઠ તેત્રીસ સાગરોપમના નરકના અનંત દુઃખ અને અસંખ્ય કાળ વીતવા છતાં એ લાગણી નામશેષ ન થઈ ! ઊલટું એવો જંગલના સિંહનો અવતાર મળ્યો, કે ત્યાં નિઃશંકપણે મોટા હાથી સુધીનાને મારી નાખવાની ક્રૂર લાગણી અને તાકાત મળી !' વિચાર કાંઈ આવે છે ખરો કે પુણ્યાઈના જોર પર બહુ રોફ જમાવવા અને રોષ વરસાવવા જઈએ છીએ, પણ પરિણામ શું આવવાનું ? પરલોકમાં આવો કોઈ અવતાર મળ્યો, તો ત્યાં કઈ દશા ? પરલોક-સાપેક્ષતા હોય તો જ આ વિચારવાનું બનવાનું,

**મોહની કોઈ પણ લાગણીને પોષતાં પહેલાં આ ખૂબ વિચારવા જેવું છે કે એના કુસંસ્કાર આત્મા સાથે સીલપેક થયા પછી પરલોકમાં એનાં કેટલાં ભયંકર પરિણામ ?**

**મૂર્ચ્છાથી મૂર્ચ્છાનો ભવ :-** કામવાસનાની લાગણીના જોરમાં કૂતરા, ગધેડા, આખલાની દશા દેખો છો ને ? ત્યારે ખસી કરેલા બળદિયાની કેવી રિબામણ ? વાસના પાછળ અહીં પ્રેમપાત્રમાં અતિ મૂર્ચ્છિત અવ્યક્ત જેવો બની જનાર, એને કર્મ મહામૂર્ચ્છિત અને અવ્યક્ત ચેતનાવાળા વનસ્પતિ વગેરેના ભવમાં મૂકે ત્યાં કઈ દુર્દશા ? અહીં તો પુણ્યાઈ હતી એટલે સામગ્રી મળી એના પર નાચ્યા-કુદ્યા, પણ પછી કારમા પાપના ઉદયમાં કેટલા ભવ, કેવો જંગી કાળ, અને કઈ અધમ વૃત્તિઓમાં વિડંબાવાનું ?

**ઉંદરની ક્રૂર મશ્કરી :-**

કેટલાયને વાતવાતમાં હસવા જોઈએ છે. ટીખળ કરવા કે મજાકનું બોલવા-કરવા જોઈએ છે. ક્યારેક બહાર નહિ, તો અંદરખાને તો એ ભાવ આવવા જ દે છે. જરાકશું કોઈનું અજુગતું દેખ્યું કે ઝટ દિલમાં એના પ્રત્યે હાસ્યભાવ, હાંસીભાવ જાગે છે. કંઈ ન મળે તો સ્વયં તેવા બોલ બોલી કે ચાલ આદરી હાસ્યભાવ જગાડવા જોઈએ છે. એથી આગળ વધી કેટલાકને વળી બીજાની મશ્કરી કરવા જોઈએ છે, હાંસી-ઠેકડી ઉડાવવાનો ચડસ છે. આવાઓને તેવા અધમ અવતાર મળી ગયા તો કઈ દશા ? કહે છે બિલાડી ઉંદરને પકડી જાય છે, પછી એને એકાંતમાં લઈ જઈ વચમાં મૂકી એની આજુબાજુ એ બિલાડી અને એનાં પિલુડિયાં જાણે હમણાં એના પર તરાપ મારશે એ રીતે આઘા જઈ સામા કૂદે છે. ઉંદરના તરફડવાનો પાર નહિ ! શું આ ? ઉંદરની ક્રૂર મશ્કરી ! એમાં જ એ બિચારાને અડધો મૂઓ કરી દે છે ! એને કેટલી ભારે ભયની લાગણી ! અને એ બિલાડી

વગેરેની કેવી સતત ઘાતકી લેશ્યા ! આ ક્યાંથી આવ્યું ? પૂર્વભવની મશ્કરીની કુટેવથી.

એમ, ખેલ ખેલાવનાર મદારી નોળિયાના તડપ લગાવતા મોંઢા ઉપર લટકતા સાપનું મોઢું ઊંચું-નીચું કરવાની ક્રૂર મશ્કરી કરે છે તે કેટલી ભયંકર ? કદાચ સાપ સહેજ ઝડપમાં આવી ગયો તો નોળિયાના દાંતે એનું મોઢું છુંદાય પણ ખરું. છતાં મશ્કરી ચાલુ !

એવી રીતે પરમાધામી દેવતાની નરકના જીવો પ્રત્યે કેટકેટલી અતિશય ઉગ્ર મશ્કરી પેલા ચીસોચીસ પાડે, અને આ દેવતા હસે ! મશ્કરીની કોઈ હદ ? ના, બેફામ મશ્કરી !

એવી રીતે અનાર્ય જેવા મનુષ્ય અવતારે પણ સાપ, વીંછી, વગેરેને બાંધી એના પર ઘાતકી વિડંબણાભરી મશ્કરી કરનારા હોય છે ! ઊંદરને પાંજરામાં પકડી પછી કૂતરા-બિલાડાના મોંઢા આગળ ધરી ક્રૂર મશ્કરી કરનારા હોય છે !

**આવાની આ રમત ક્યાંથી આવી ? કહો,** અહીં સારા મનુષ્યભવે પણ હાંસી-મશ્કરી કરવાની લાગણી નિઃસંકોચ સેવ્યે રાખે, તો આ બિલાડા, પરમાધામી, અનાર્ય વગેરેના અવતારમાં એ ન મળે તો બીજું શું મળે ? પરલોકમાં આવા આપણા અવતાર નીપજે તો કઈ દશા, એનો વિચાર રાખવા જેવો છે. હાસ્ય-મજાક કરતાં તો ક્ષણભર આનંદ થાય છે, પણ પછી એનાં પરિણામ ક્રૂરતાની હદ વટાવે છે !

ત્યારે માયા-કપટની મનોવૃત્તિનાં પરલોકમાં કટુફળનું તો પૂછવા જેવું જ નથી. નથી ને જો શિયાળિયા જેવા અવતાર મળ્યા, તો માયાવૃત્તિમાં ક્રૂર કર્મ કર્યે જવાનું મળે ! એ નહિ, તો બીજા અવતારોમાં પણ માયાવી વૃત્તિ તો ઊભી જ. એથી પાપાચરણ ચાલુ. એના પરભવની લાંબી પરંપરા ચાલે.

**લક્ષ્મણા સાધ્વીએ** એક ખોટા વિચારની ગુરુ આગળ આલોચના કરવામાં માયા કરી તો લગભગ ૮૦૦ કોડાકોડી સાગરોપમ જેવા જંગી કાળ સુધી સંસારમાં ભટકવું પડ્યું ! રુકમી સાધ્વીએ પણ તેવી માયા કરી એથી એક લાખ ભવ સંસારમાં ભટકવાનું ઊભું કર્યું ! આ તો જેની પાસે ચારિત્ર અને તપસ્યાનું બળ હતું એની વાત; પણ એ નથી, ને માયા ખેલ્યે જવી છે, એની ભાવી કઈ દશા ? પેલી તો એક વસ્તુની માયાની વાત, પણ જેને જીવનના અનેકાનેક પ્રસંગોમાં માયાકપટ આચરવા છે, એને આ સંસારમાં દુઃખનો કોઈ આરો ?

પરલોકનો વિચાર દુઃખની દૃષ્ટિએ અને પાપાચરણની દૃષ્ટિએ રાખવાનો છે. અહીંના આપણા વર્તાવ, આપણા વચન અને આપણી વિચારણાઓ તથા



લાગણીઓના કેવા અતિ દુઃખદ ત્રાસ ભોગવવા પડે, તથા કેવાં કેવાં પાપ કરવા પડે, એ નજર સામે તરવરતું રાખવાનું, અને એથી બચાય એવો જ ઉદ્યમ કરવાનો. તો એ પરલોક-સાપેક્ષતા રાખી ગણાય.

આ સિવાય પરલોકનો વિચાર એક બીજી મહત્ત્વની દૃષ્ટિએ રાખવાનો છે. તે આ કે પરલોકમાં કોને ખબર કેવા સંજોગ મળે, માટે અહીં જે વિશ્વશ્રેષ્ઠ દેવ-ગુરુ-ધર્મનો યોગ અને દુર્લભ ઉત્તમ માનવકાળ તથા અનેરી પુરુષાર્થશક્તિ મળેલ છે, એનો ઉપયોગ કરી તન-મન-ધનથી સુકૃતો ઢગલાબંધ આચરી લેવાં. 'જગતમાં બીજા અનેક યોગ-અનુકૂળતાઓ મળે છે, અનેક કૃત્યો આચરવા મળે છે, પરંતુ આ સંયોગ અને આ સુકૃતો ક્યાં મળે ? રખે ને પરલોકે ન મળ્યા તો ?' એ દૃષ્ટિ રાખી સુયોગોને સુકૃતોથી સફળ કર્યે જવાનું; જેથી પરલોક ન બગડે, અને આથી પણ વધુ સારો પરભવ મળે. આ પરલોક-સાપેક્ષતા રાખી દાન-શીલ-તપ-ભાવનાનાં, અહિંસા-સત્ય-સદાચારોના, ક્ષમા-દયા-તપ-ભાવનાનાં, અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ઉત્તમ આસેવન કર્યે જવાનાં; તેમજ એથી વિરુદ્ધ પરિગ્રહ-વિષય-આહારભયની સંજ્ઞાનાં, હિંસા-જૂઠ-દુરાચારોનાં, ક્રોધ-નિષ્ઠુરતા-સ્વાર્થાંધતાનાં અને મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિનાં આસેવનથી દૂર ને દૂર રહેવાનું.

**પાકી ઉંમરે શું થાય ? :-**

એમ વિચારતા નહિ કે હવે તો જિંદગી ઘણી પાપમાં વહી ગઈ, હવે શું થાય ? ના, જૈન શાસન આ આશ્વાસન આપે છે કે **જાગ્યા ત્યાંથી સવાર** માની જીવન પરિવર્તન કરો તો ભલે જિંદગીનો છેવટનો ભાગ પણ સુધરી ગયે ભવની પરંપરા સુધરી જશે. એવો સુધારો અનેક આત્માઓ કરી ગયા છે, અને ક્રમશઃ ભવપાર કરવાના માર્ગે ચઢી ચુક્યા છે. અરે ! ક્રૂર તિર્યંચના અવતારે પણ અંતે ધર્મ પામી સમડી રાજકુમારી સુદર્શના થઈ, સાપ ધરણેન્દ્ર થયો, હાથી મેઘકુમાર બન્યો, અને એ બધાય ધર્મમાં લાગી ગયા, તો તમેય કેમ ન પામી શકો ? માત્ર,

**અંતે પણ જીવન-ઉત્થાન આમ થાય :-**

**(૧) મન પર એની ચોંટ લગાડો;**

**(૨) પરલોકનો ઝગમગતો વિચાર રાખો;**

**(૩) જિનેશ્વર ભગવાનના માર્ગ પર અટલ વિશ્વાસ ધરો;**

**(૪) એ માર્ગે સર્વ શક્તિઓ અને સર્વસામગ્રી કામે લગાડી ઉદ્યમ શરૂ કરી દો;**

**(૫) દિલ જિનમાર્ગના ભાવવાળું જ બન્યું રાખો, અને**

**(૬) ક્યાંય પણ માયાવૃત્તિ ન સેવો.**

બસ, આટલું કરતાં ચાલો; ઉદ્ધાર નક્કી છે. જુઓ શ્રીકાન્ત શેઠ ક્યારે બૂઝ્યો ? કેવું જવન ઉત્થાન કરવા તૈયાર થયો છે ! શ્રીકાન્ત-ચોર મટી શ્રીકાન્ત-સત્યવાદી થયો, અને શ્રીકાન્ત-સાધુ થવા સુધી પહોંચે છે ! કેમ કેવી રીતે ? એને મન પર ચોંટ લાગી; પરલોક પ્રત્યે સાપેક્ષભાવ જાગ્યો; જિનવચન પર અથાગ આસ્થા ઊભી થઈ; જિનમાર્ગે શક્તિઓ કામે લગાડવી છે; જિનમાર્ગના ભાવોથી દિલ રંગ્યું, અને માયાવૃત્તિ હવે કશી રાખવી નથી. આ થયા પછી, ભલેને જીવન-ના પાછલા ભાગે જાગવાનું થયું, તો પણ ઉદ્ધાર ક્યાં અશક્ય-અસંભવિત છે ?

આમાં પરલોક પ્રત્યે સાપેક્ષભાવ, અર્થાત્ જીવનમાં પરલોકનો પ્રધાન વિચાર રાખવાનું મુખ્ય છે. આજની બદીઓ સુધારવાનો આ શ્રેષ્ઠ અને અનન્ય ઉપાય છે કે માનવ પ્રજાને પરલોકસાપેક્ષ બનાવાય. આની કેળવણી બચપણથી અને શાળાઓમાં ખાસ આપવી જોઈએ. એ પછી કદાચ કોક છોકરો બગડે તો શિક્ષકનો દોષ નહિ. પણ પહેલાં શિક્ષક તો પરલોક સાપેક્ષ જોઈએ ને ?

**ક્ષીરકદંબક ઉપાધ્યાય :-**

પરલોક પ્રત્યે સાપેક્ષતા, જુઓ, ક્ષીરકદંબક ઉપાધ્યાયે કેવી જાગ્રતી રાખી છે કે એક વિદ્યાર્થી રાજપુત્ર વસુ રાજા થશે એટલે નરકે જવાનો એવું મુનિના વચન પરથી તારણ કાઢે છે, અને ખેદ અનુભવે છે. વિદ્યાર્થીમાં એક રાજપુત્ર, હવે રહ્યા બે. એની પરીક્ષા કરવા લાખના રસથી ભરેલો બનાવટી એકેક કૂકડો આપ્યો અને કહ્યું: 'જાઓ ! જ્યાં કોઈ ન દેખે ત્યાં આને મારી આવો !' ખાત્રી શી રીતે થાય ? હૃદયના પરિણામ તપાસ્યે નક્કી થાય.

નરકગામી જીવના પરિણામ કઠોર હોય : કૂણા હૃદયવાળો નરકગામી ન હોય. તુચ્છમતિને નરક સાધ્વી સહેલી, ઉદારમતિને સ્વર્ગ સાધવું સહેલું. કોણ તુચ્છમતિ છે, કોણ ઉદારમતિ છે, કોનું હૃદય કઠોર છે, કોનું કૂણું છે, એ જોવા બે જણને બનાવટી કૂકડા મારવા આપ્યા. પોતાનો દીકરો પર્વત તો કૂકડો લઈને જંગલમાં ગયો, મનુષ્ય દેખાયા ત્યાં સુધી તો ચાલ્યો, જોયું, કોઈ દેખતું નથી એટલે કૂકડાને મારીને લાવી ગુરુને (પિતાને) આપ્યો. ગુરુએ આ જોયું, ખેદ સાથે વિચાર્યું કે 'અહો ! મારો પુત્ર નરકગામી ?' છાતી બેસી ગઈ ! બીજો નારદ તો એમ ને એમ કૂકડો લાવ્યો.

ગુરુ : 'કેમ કોઈ એકાંત જગા ન મળી ?'

'ગુરુજી ! એવી જગા ક્યાંથી મળે ? કમમાં કમ હું તો જોનારો ખરો કે નહિ ?'

'આંખ મીંચવી હતી ને ?'



'મારી આંખ મીંચું પણ અનંતા સિદ્ધો જુએ છે, એમની આંખ મીંચવા ક્યાં જાઉં ?' વિદ્યાર્થી અવસ્થામાં પણ કેટલી જાગૃતિ ! કેમકે ગુરુએ એને આપેલી વિદ્યા એણે ઝીલી હતી.

**આશ્રિતની દુર્ગતિથી આર્ય કંપે :-**

એમના પુત્ર પર્વતને આ જાગૃતિ નહોતી એ પાત્રનો દોષ છે. ગુરુ તો એવા મળ્યા હતા કે જ્યાં પુત્ર નરકગામી નક્કી થયો ત્યાં એને થયું, 'હવે એના સંસારમાં સહવાસી બન્યો રહું ? એવો સંસાર ન જોઈએ.' સંસાર છોડી દીધો. સાધુને શોધવા ઘર છોડી ચાલી નીકળ્યા. સંયમ લઈ કલ્યાણ કર્યું. સંસારમાં રહ્યે શો જશ ? બહુ તો ઇતિહાસમાં લખાય. 'ફલાણાનો દીકરો ૫૦/૧૦૦ વરસ રહ્યો- એની કેળવણી લીધી-થોડી ઋદ્ધિ, સમૃદ્ધિ પામી ગયો. અને આટલો પરિવાર હતો...' આટલું જ ને ? પણ બીજી બાજુ જ્ઞાની શું જુએ ? એજ કે કુટુંબને મહા આરંભ-વિષય-પરિગ્રહના પાપે ચઢાવી એનેય દુર્ગતિ સરળ કરી અને પોતે ય દુર્ગતિ સાધી ગયો. જેને પરલોકનો વિચાર નથી એને જશ-જરા-અપજશની વાત નથી. 'પરલોકમાં શું થાય' એ વિચાર છે એને એ છે. નરકગામીનો સથવારો એ પાપનો સથવારો છે : પાપને સહાય છે. પાપમય રસ્તાને સહાય કે પ્રેરણા કરવી એના જેવી દુર્ભાગ્યમય વસ્તુ બીજી કોઈ નથી. આ બ્રાહ્મણ છે જન્મે જૈન નહિ છતાં ય : ગમે તેમ તો ય આર્યદેશ, આર્યધર્મ, માર્ગાનુસારિતા મળ્યા છે, એટલે ચાલે ત્યાં સુધી પોતાના આશ્રિતને દુર્ગતિના રસ્તે ન ચઢવા દે : સદ્‌ગતિ સધાવવા જ ઇચ્છે.

**નાટકીય વાલીપણું :-**

પર્વતના આત્માના પરિણામ કઠોર નક્કી થઈ ગયા. નહિતર તો એ વિચાર કરત કે કૂકડો ભલે જીવતો નથી, બનાવટી છે. છતાં કૂકડાને મરાય કેમ ? લાખનો રસ નીકળે, લોહી સદૃશ રંગ નીકળે એ જોઈ કમકમાટી ન આવે ? 'મુસલમાન જેવું કામ ક્યાં કરું ?' એમ ન થાય ? હૃદયની કઠોરતા કેટલી ? આની નરકગતિએ જ્ઞાનીએ કહી હતી: આપણી નરક-તિર્યંચગતિ કે દેવ-મનુષ્ય ગતિ જ્ઞાનીએ કહી નથી, પણ કઠોરતા-કોમળતા, કે હૃદયની નિષ્ઠુરતા-આર્દ્રતા પરથી ગતિનો ખ્યાલ આવે ને ? વાલીપણું હોય તો આશ્રિતને દુર્ગતિથી બચાવી લેવાની ભાવના થાય. વાલીપણું કહેવડાવવું છે અને રક્ષણ નથી કરવું ? રક્ષણનો વિચાર પણ નથી કરવો ? તો એ નામનું નાટકિયું વાલીપણું છે ! નાટકમાં એક રાજા થાય, બાજુમાં મંત્રીઓ, અમલદારો હોય ક્યાં એમનામાં ખરેખર રાજાપણું વગેરે છે ? પણ લોકો તમાશો દેખે છે : અહીં પણ જ્ઞાની તમાશો દેખે છે કે આ મફતનો બાપ થયો

છે ! ધણી થઈ બેઠો છે ! પણ નાટકિયો ! અવસરે કોઈને આટલીયે સહાય આપવાનો નથી. જગત કુટુંબોના સંસાર-સંઘ કાઢે, પણ જૈનથી એવા સંઘ કેમ કઢાય ? પણ આની વર્તણુક તો કહે છે, 'ચાલો નિરાંતે સંસારની મુસાફરી કરાવું !' શબ્દોથી કહે નહિ, આચરણ એવું કહે છે.

ગુરુ-પિતા સારા છતાં પર્વત કેમ આવો ? કહો, ભવાભિનંદી છે, ક્ષુદ્ર છે. ક્ષુદ્રતાના યોગે પર્વતને કશો વિચાર ન આવ્યો. કઠોર દિલે ભયંકર સાહસ કરાવ્યું. ઉદાર દિલ તો વિચારે કે 'ગુરુએ શા માટે કહ્યું ?'

## • ભવાભિનંદીનો બીજો દુર્ગુણ લોભરતિ •

ક્ષુદ્રતા સાથે દોસ્તી કરનારી બીજી અવગુણ દશા છે, **લોભરતિ.** એને લોભમાં આનંદ હોય, લોભનો પક્ષપાત હોય, લોભનો આદર હોય, એનું સન્માન હોય, લોભ કરવામાં એને શાબાશી લાગે. એ કહે. 'શું મુડદાલની માફક બેસી રહ્યા છો ? જરા મહત્ત્વાકાંક્ષા રાખો !' શાની ? જગતની-જગતના પ્રપંચની ! આજે એ નાટક બહુ ચાલી રહ્યું છે. 'ફલાણા ભાઈ વિલાયત ગયા !' છાપામાં છપાય, ફોટા આવે ! શું હિંદુસ્તાનનું ભલું કરવાના ? ફલાણા ઉદ્યોગપતિ ! આર્યદેશનો કોઈ ઈતિહાસ એવો નહોતો જેમાં આમ બન્યું હોય. જરૂર ગુણના હિસાબે વખાણ થતા કે આવા શૂરવીર, આવા દાન-શીલવાન, આવા સત્યવાદી ! આ તો સ્વાર્થ માટે જગતનો મોટો કથલો ઉપાડે અને વખણાય કે 'આ તો મોટા ઉદ્યોગપતિ ! રાતે ત્રણ જ કલાક ઊંઘે છે !' ત્રણ કલાક ઊંઘે એ વધારે નિશ્ચિન્ત કે છ કલાક ઊંઘે એ ? એટલી ઋદ્ધિ-સમૃદ્ધિમાં ય જંપ નથી. ત્રણ કલાક ઊંઘતાં બાકીના વખતમાં પરમાત્માનું ભજન કે દીન દુઃખીનો ઉદ્ધાર કરતા હોત, તો તો હજી ઠીક ગણત. પણ એમાંનું કાંઈ ન મળે !

**ભવાભિનંદીપણું લોભના પક્ષપાતમાં છે :-**

એના જીવનમાં સંતોષ ગુણ ન મળે. અવસરે વિરોધ કરે બરાબર ! સારો દીકરો કહે-'બાપાજી ! બહુ થયું, હવે સંતોષ રાખો,' તો કહે 'બેસ બેસ હવે ! તું નાદાન શું સમજે ? આમ સંસાર ચાલે ? ખાશું શું ?' 'પણ ઘણું છે !' એમ દીકરો કહે એટલે એને થાય કે 'આવો મુડદાલ દીકરો ક્યાંથી મળ્યો !' દીકરો લોભ નથી કરતો એ એને નથી ખમાતું. એને લોભમાં આનંદ છે, પક્ષપાત છે. એ ભવાભિનંદીપણાનું લક્ષણ છે. કદાચ છ ખંડનો લોભ હોય-લોભીને ભવાભિનંદી નથી કહ્યો. ભવાભિનંદી તે કે જે લોભ પર સહી સિક્કો મારે ! જીવ મોહાધીન છે, થઈ જાય લોભ. સંસારમાં બેઠા માટે થઈ જાય લોભ. માન સન્માન માટે, દશ લાખના ૨૦ લાખ થાય તો નિરાંત ! એ ગણતરીએ લાભ થઈ જાય; પણ



ભવાભિનંદી તો લોભ પર સિક્કા મારે 'કરવો જ જોઈએ !' કહે 'મુડદાલ થવું ? પૈસા હોય ને એદીની જેમ બેસી રહીએ તો દુનિયામાં શી કિંમત ?' શાસ્ત્ર કહે છે, આજીવિકા પૂરતું મળી જાય એટલે શ્રાવકે પાપ બંધ કરવું જોઈએ, જ્યારે અહીં પેલો એને એદીપણું ગણાવે છે ! 'શક્તિ હોય તો ઉદ્યમ કરવો-ઉદ્યમ વિનાના માનવીની કિંમત શી ?' આ કોણ બોલાવે છે ? લોભનો આનંદ અને લોભનો પક્ષપાત !

**ખારો કૂવો શું આપે ? :-**

એવાં આઠ લક્ષણ છે, એનું મૂળ છે સંસારનો રસ.

સંસારનો રસ ઊડી ગયો તો આ ન રહે. સંસારનો જેને ભય હોય તે સંસારનો પક્ષપાત ન કરે. લોભ રતિવાળો શું શું અનર્થ ન કરે ? એ કોને કોને શું શું ન શીખવે ? પારધીના સકંજામાં નિર્દોષ પંખીડાં આવે તો તેના ફેફડા ઊપડી જાય. ભવાભિનંદી પારધી છે, એના પંજામાં આવનારનાં પરલોકહિત ખતમ ! એના હૃદયમાં ક્ષુદ્રતા છે માટે એ ક્ષુદ્રતા ઉછાળે-એનામાં લોભરતિ છે માટે એ જગતને લોભ શીખવે. ખારો કૂવો શેનું દાન કરે ! ખારા જ પાણીનું. એમ ભવાભિનંદી જીવને પોતાના અવગુણોનું જ દાન કરવા જોઈએ છે.

**પંચસૂત્રની વાતો** અદ્ભુત છે, પણ એ ભવાભિનંદી જીવને ગળે ઊતરે એવી નથી. માટે પંચસૂત્રના મહાકલ્યાણમાર્ગને આપણા જીવનમાં ઉતારવા માટે એવા ભવાભિનંદીપણાથી દૂર રહેવાની જરૂર છે. એ માટે ક્ષુદ્રતા, લોભરતિ વગેરે દુર્ગુણો ન સ્પર્શી જાય એ જોવાનું છે. જીવોને સાપેક્ષ, અને પરલોકને સાપેક્ષ બરાબર બન્યા રહેવાય તો એ દુર્ગુણો હટે.

જેના હૃદયમાં ક્ષુદ્રતા અને લોભરતિ હોય એના ઉદ્ગાર-આચરણ એવાં કે, કોઈ સંતોષનું કહે, તો એ કહેશે, 'બેસી ન રહેવાય એમ ! ગામમાં ઠીક ન હોય તો તો બીજે જાઓ ! ફરો ! સંતોષ માની એદી શું થયા છો ? ખરચા વધ્યા છે.' ખૂબી એ, કે ખર્ચા ઘટાડવાની પેરવી નથી કરવી, પણ આવક વધારવાની પેરવીની જ એક વાત. એમાં હોશિયારી મનાય છે. સંસારનો રસ એવો કે ધર્મને હૃદયમાં અવકાશ નહિ. પંચસૂત્રની એક વાત એના હૃદયમાં ન ટકે. પંચસૂત્રમાં સીધી અરિહંત તત્ત્વથી વાત છે. અરિહંત તત્ત્વ એટલે ઊંચી કોટિનો, વૈશાખનો ઝગમગતો ભાવ-સૂર્ય, એ ઘુવડ (ભવાભિનંદી) ન જોઈ શકે. એને તો એનું અંધારિયું ઘોલકું ગમે. ઉંદર રાતે ફરવા નીકળે, પાટલે પાંચ દાણા વેરાયા હોય મળે-પૂંછડી ઊંચી કરે છે ! પણ પાછળ બિલાડો ઊભો છે-ફાળ મારશે એ એને ખબર રાખવી નથી.

**सुपूरा स्यात्कुनदीका सुपूरा मुषिकाज्जलि ।**
**सुपुरः स्यात्कापुरुषः स्वल्पकेनैव तुष्यति ॥**

નાની નદીઓ થોડા પાણીમાં છલકાઈ જનારી, તેની જેમ ઉંદરની અંજલી કેટલી ? ભવાભિનંદી પણ આવા ઉંદરની જેમ તુચ્છમાં-રાચે-નાચે, પાછળ કાળની ફાળ ન જુએ. એ ઘોલકીને મહેલ માને ! વાતમાં માલ ન હોય, પણ જરા માન મળે તો પોતાને સામ્રાજ્ય મળ્યું માને ! ખાનપાનમાં કૂચા હોય-કાંઈ ઠેકાણું ન હોય, પણ જરા મનગમતું, સહેજ મીઠું મળી ગયું, માને કેમ જાણે મહાપકવાન્ન મળ્યું ! અને દિવ્ય ભોજન મળ્યાં !

**ગુમાન શા પર ? :-**

આ કોણ કરાવે છે ? ક્ષુદ્રતા અને લોભરતિ, લોભરતિની જેમ લાભરતિ પણ દુર્ગુણ છે. લાભરતિ દુર્ગુણવાળો લાભ પર ગુમાન કરે છે. શા પર ગુમાન ! કાળની ફાળમાં ગુમાન ? ખલાસ થઈ જશે. આ એક સદ્‌વિચારણા છે.

**પૂછવું :-** મૃત્યુનો ભય ટળ્યો ? ના ! તો શેના પર ગુમાન કરી રહ્યો છે ?

કર્મસત્તાની સજા ટળી ? ના ! તો શેના પર ગુમાન કરી રહ્યો છે ?

પરલોકમાં કયા સ્થળે જવાનું છે નક્કી કર્યું ? ના ! તો શેના પર ગુમાન કરી રહ્યો છે ?

હવે સંસાર ટળ્યો ! એમ કોઈ જ્ઞાની પાસે જાણ્યું ? ના ! તો શેના પર ગુમાન કરી રહ્યો છે ?

અનંતજ્ઞાન મેળવી લીધું ? ના ! તો શેના પર ગુમાન કરી રહ્યો છે ?

આત્માની અનંત સિદ્ધિ પ્રાપ્ત થઈ ? ના ! તો શેના પર ગુમાન કરી રહ્યો છે ?

તુચ્છ ચીજ પર ગુમાન ? તુચ્છમાં જ 'ઓહો મને કેવું મળ્યું !' એવી ઘેલછા ? ખબર છે રૂપસેનનું 'ઓહો આપણને રાજકુમારી બોલાવે છે, કેવું એનું મોં ! એટલામાં શું થયું ?'

**બિચારો કે ગુનેગાર ?**

રૂપસેનને સુનંદાનું મોં મળ્યું : બસ-એમાં જ મર્યો ! સાપ થયો-કાગડો થયો, હંસ થયો. એક જ સૂત્ર-મોં કેવું ? રૂપસેનના ભવમાં બીજી કેળવણી ઘણી લીધી હશે પણ સર્પના ભવમાં બીજું કંઈ એમાંની યાદ આવતું નથી, 'મોં કેવું સારું !' બસ ! આટલું યાદ આવે છે. જે મોંના રાગે અનેકવાર છુંદાયો છતાં તેનો જ રાગ ! છેલ્લે એ રીતે હંસ થયો-ત્યાંય બિચારો એમ જ મોં જોતાં ભયંકર રીતિએ મર્યો ! ત્યાંથી સદ્‌ગતિએ ન ગયો. આટલું સહ્યું છતાં નહિ ? ના, કેમકે ક્ષુદ્રમાં રાચ્યો છે. પરલોકનો વિચાર જ નથી રાખ્યો. ઊલટું પૂર્વના ભવની પર રૂપની



લગની બરાબર ચાલુ રાખી છે. પૂર્વભવે જો પરલોકનો વિચાર નથી રાખ્યો, પરલોક-સાપેક્ષતા નથી જાળવી, તો અહીં મૂઢ તિર્યંચના અવતારે શું રાખે ? હંસ મરીને જંગલની હરણીના પેટમાં અવતર્યો. આપણી દૃષ્ટિએ બિચારો લાગે પણ આત્માની દૃષ્ટિએ ગુનેગાર છે. જે પાપ લઈને આવ્યો તે ચાલુ જ છે : જરા ય પાછો વળ્યો નથી.

**ભવોભવ કેદ કેમ :-**

નફ્ફટ કેદીને ભલેને છ વર્ષની સજા મળે : છૂટીને એ જ કરવાનું ! છ માસની જેલ પામેલા ચોર કેદીને થાય કે 'મજેથી ચોરી થતી હતી, અંતરાય આવ્યો છ માસનો, માનવીની કોર્ટની અંતરના પરિણામ તપાસવાની શક્તિ નથી. એ થતું હોય તો તો આવા માણસને જીવે (મરે) ત્યાં સુધી જેલમાંથી બહાર ન કાઢે. પણ કર્મ તો જાણે પરિણામ જાણી કહે છે-માનવભવમાં સીધી રીતે ન વર્ત્યો, મને બધું દેખાય છે. તને વારંવાર ભયંકર અકાળ મૃત્યુની સજા કરવા છતાં તને હજી કાંઈ થતું નથી કે 'પાપ ક્યાં કરું છું' પાપ ઊભું રાખવું છે તો જીવનભર ભવની કેદમાંથી નહિ છુટાય. પાપ પર તિરસ્કાર ન આવે ત્યાં સુધી કેદ ન ઘટે.

**વિષયરૂપી જાળ ભયંકર ?**

હરણ થયો, એ જીવ, જંગલમાં, રાજા તો દૂર, પણ હરણનું કર્મ રાજાને શિકારે ત્યાં ખીંચી લાવે છે ! એકલો રાજા આવે, તેથી હરણ સપડાય ? શિકાર થાય શેનો ? હરણ માટે શિકાર એ તો બાહ્ય જાળ. એના કરતાં સુનંદાનું મોં, મોટી જાળ છે. આ તિર્યંચ. આપણે માનવ. આપણા માટે કર્મની જાળ નહિ ? બધાને એમ જ ઉપરથી વિમાનો આવી ઊંચકીને લઈ જવાના ? આવા ચરિત્ર પ્રસંગ સમજવા, સાવધ થવા માટે કહેવાય છે, જેથી ભાન થાય. પહેલા ભવમાં (રૂપસેનના) જરા ગુનો : ભયંકર નહિ. વિચાર થયો 'જરા રાજકુમારી પાસે જાઉં, વાર્તા વિનોદ કરું, શું મુખ, શું રૂપ, શું આકૃતિ !' એના માટે સુનંદાનું મોં એવી જાળ બની કે મચ્છીમારની જાળ એક વખત મારે. પછી મડદાને મારે ? સુનંદાના મોંની જાળ વારેવારે-ભવેભવે મારે છે, છતાં (પીછો) છોડતી નથી, મનુષ્ય જીવનનાં એક બે કલાકના પાપની જો આવડી મોટી જાળ, તો જીંદગીભર આવાં પાપ કરનારને જાળ કેટલી ? ભગવાન શ્રી જિનેશ્વર મળ્યા, એ ભવમાં તો આ જાળોના ફુરચા ઉડાવી દેવા જોઈએ.

**ચકર-ચકર ચકર-ચકર ચાલે !** રૂપસેને વિચારવું જોઈતું હતું કે-'રાજકુમારી સાથે સ્નેહ કેમ થાય ? મહેલમાં કેમ જવાય ? એકલા ન જવાય. અહીંના સ્થાને મોટો ભય-રાજાનો સિપાઈ કે કોઈ જુએ તો રાજા ગરદન મારે, 'પરસ્ત્રી-કુમારિકા

વગેરે પાસે એકાંતમાં દુનિયાના કાયદે ન જવાય : સદાચારી તરીકે ય ન જવાય.' આ વિચાર એ જાળની કાતર હતી પણ કાતરનો ઉપયોગ ન કર્યો : જાળ કાપી નહિ પણ સોયથી ટાંકા માર્યા જેથી કાણું ન પડે : નીકળાય નહિ ! 'રાજકુમારીએ મને બોલાવ્યો !' આમ ખુશી થઈ. પછી મળવાના, રૂપ જોવાના વગેરે કોડ થયા. બસ ! ટાંકા મારીને બાહ્ય જાળને મજબૂત આંતરિક જાળ બનાવી દીધી ! આ જાળને કાપ પણ મૂકાય અને સંધાય પણ : સાંધે એટલે કર્મને લીલા લહેર ! મનુષ્ય જીવનમાં જીવ ભૂલ કરે એટલે કર્મની ગાડી નિરાંતે ચાલે-ચારગતિમાં-ફરે-ફેર ફૂદડી શરૂ થઈ-ચકર ચકર ચકર ચકર ચાલે !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૨,અંક-૨૦,તા.૨૫-૧-૧૯૬૪**

## સાપેક્ષભાવ : જીવન-કોને બંધાયેલું ?

**કામનું પાત્ર મોટા નંબરની જાળ છે :-**

જો પરલોક-સાપેક્ષતા હોય, પરલોકનો વિચાર હોય, ક્ષુદ્રતા ન હોય તો એને થાય કે પ્રભુનું શાસન પામીને કર્મની તમામ જાળોને કાતર ન મૂકું ? મૂકું ! પારધીની જાળ તો પંખીડાને પકડ્યા જ કરવાની. કામનું પાત્ર મોટા નંબરની જાળ છે. સેંકડો પાપો એની આગળ-પાછળ વીંટાયેલા છે. મોહ શું કરાવે ? આ કરાવે :- અવસરે ભગવાનને ભૂલાવે-ગુરુની વાણી ચૂકાવે-ધર્મ મૂકાવે-ધર્મક્રિયા મૂકાવે ! સ્ત્રી કહે; ધર્મ પછી; પરણીને લાવ્યા છો પંચની સાખે-માટે પહેલાં અમારું કરો-ધરમ બરમ પછી !' ધન્નો પોતાનું કલ્યાણ કરવા નીકળ્યો ત્યારે સ્ત્રીઓએ કહ્યું ને 'પરણીને લાવ્યા છો લોકની સાક્ષીએ, તમારા ભગવાન અને એનો માર્ગ પછી, પહેલાં અમારું પૂરું કરો !' અમને પીડા ઉપજાવવી એ વળી મોક્ષમાર્ગ કોણે કહ્યો છે ? **'પદ્મિનીને પીડા ઉપાઈ, કેણે કહી મુગતિની વાટ.'** કામનું પાત્ર જગતમાં એવી ચીજ છે કે એની પાછળ અનેક પાપના જાળાં વીંટાયેલ છે. એની પાસે જવું એ જાળાંને ઉખેડવા માટે છે ? ના. જ્યારે ભવાભિનંદીને વધારે રાગદ્વેષ, વધારે મોહ, વધારે પાપની રમત,-આ વધારે આવડે ! એથી કર્મની જાળો જાણે કહે છે, 'આવો કરોળિયાના જાળામાં માખીની જેમ ફસાઓ મારામાં.'

**રાણીને શિકાર જોવાનું મન કેમ થાય ?**

રાજા એકલો શિકારે જાય એમાં હરણ માટેની જાળ ક્યાં ? શિકારે તો રાજા જાય, પણ રાણી સુનંદા ? શિકાર રાજાને ગમે છે :

રાણી તો કહે છે-'તમે આ બિચારા હરણિયાં વગેરેને મારો છો શા સારુ ?'



રાજા : 'ગાંડી છે ! ખેડૂત જેમ પોતાના ખેતરનું તમામ લણે, તેમ અમે રાજા-જંગલનું તમામ લણીએ !'

મૂર્ખી સુનંદાએ એ માની લીધું-કહ્યું : 'વાત ખરી !' ત્યારે તો હું ય શિકાર જોવા આવીશ.' રાણીને શિકાર જોવાનું મન થાય ? પણ હરણનું પાપ (કર્મ) ભારે, એ એને ખીંચે ત્યાં કેમ ન થાય ? રાણી ય પરલોક ભૂલી છે, તેથી શિકાર જોવા જાય છે !

પરલોક ભૂલેલાને પાપની હદ નથી, પાપનો સંકોચ નથી, પાપની ભડક નથી. આ સ્થિતિમાં મનુષ્યપણાને શોભાવે એવું એ શું કરી શકે ? કંઈ નહિ, તો પછી પરલોક કેવો ? રૂપસેન વિટંબણા પામી રહ્યો છે. રાણી સુનંદા એની એજ પૂર્વે પ્રેમ દેખાડનારી રાજપુત્રી છે. પણ અહીં એની ઓળખ નથી. ઓળખમાં તો માત્ર પ્રેમ ભભૂકી ઊઠે છે, પણ તે ઓળખાણ વ્યક્તિની ઓળખરૂપે નથી; માત્ર સંસ્કારની જાગૃતિરૂપે પ્રેમનો ઊભરો છે. અને દુઃખ તો એ છે કે અકાળ મોત થવા છતાં એ પ્રેમમાં ભૂલ કર્યાનું લાગતું નથી ! એટલે એના સંસ્કાર ઢીલા શાના પડે ? પછી પરલોકમાં સાથે લાગી પાછી આવી રામાયણ ઊભી કરે એમાં નવાઈ નથી.

**કુસંસ્કાર ઢીલા કેમ પડે ? :-** ધ્યાન આ રાખવાનું છે કે જે અકાર્યમાં, જે પાપમાં, જે પાપી લાગણીમાં, આ ભૂલ છે, આ કરવું ખોટું છે એવું જ પહેલું નહિ લાગે, ને એનો ખેદ નહિ થાય, એના સંસ્કાર નહિ ઢીલા પડે. માટે પહેલું આ જરૂરી છે કે એ કરીએ છીએ એ મહાન ભૂલ છે, ખોટું છે. એવું હાડોહાડ લગાડવું જોઈએ, અને એનો ખેદ સંતાપ, પશ્ચાત્તાપ થવો જોઈએ. જો આ ન કરવામાં આવે તો પરલોકમાં અકબંધ જ નહિ, વધુ મજબુત થઈ સાથે આવેલા એ પાપસંસ્કારો કેટલા અનર્થ મચાવશે ? જીવને કેવો પાપ કાર્યો, અકાર્યો અને પાપી લાગણીઓમાં ડૂબાડૂબ રાખશે ? આંધળિયા કરાવશે ?

પરલોકનાં દુઃખ કરતાં પરલોકમાં પાપ વૃત્તિઓ નાચતી રહે, ફાલેફૂલે એની ભયંકરતાં મોટી છે, એ વિચાર મુખ્યપણે કરવાનો છે. પરલોકસાપેક્ષ બનવું એટલે રખેને પાપી વૃત્તિઓ પરલોકમાં સાથે લાગે તો ? એ ભય ઊભો રાખવાનો છે, એની અદ્ભુત અસર પડી જીવન અને હૃદય નિષ્પાપ નિર્દોષ બનાવવાનું સહેલું થશે.

**(૩) જિનવચન પ્રત્યે સાપેક્ષભાવ**

જીવો પ્રત્યે સાપેક્ષભાવ દઢ કરવા પરલોક પ્રત્યે સાપેક્ષભાવ જરૂરી છે; કેમકે એ દેખાડે છે કે 'અહીં જીવો પ્રત્યે તું જેવો વર્તીશ, પરલોકમાં જીવો તારા પ્રત્યે તેવા વર્તશે.' એમ, પરલોક પ્રત્યે સાપેક્ષભાવ દઢ કરવા જિનવચન યાને તીર્થંકર ભગવાનની આજ્ઞા પ્રત્યે સાપેક્ષભાવ જરૂરી છે; કેમકે જિનવચન દેખાડે છે

કે 'અહીંની રજે રજ પ્રવૃત્તિનો હિસાબ પરલોકમાં ચૂકવવો પડશે.' એટલે પ્રવૃત્તિમાત્ર વખતે ભગવાનની આજ્ઞા શું કહે છે એનો વિચાર વ્યક્ત કે અવ્યક્ત રૂપે હૃદયમાં બેઠો હોય, અને એનું ઉલ્લંઘન ન થાય એવી તકેદારી જોઈએ. તેથી તેમજ જિનનાં ફરમાન પરલોકને મુખ્યપણે સ્પર્શનારાં હોય છે તેથી જિનવચનની સાપેક્ષતામાં પરલોક-વિચાર સહેજે સ્ફુરાયમાન રહે, સહેજે દૃઢ બને.

**ગુર્વાધીનતાનો ભાર :-** આ જિનવચનની સાપેક્ષતાનું ક્ષેત્ર મોટું છે. એમાં અવાંતર કેટલીય સાપેક્ષતાઓ સમાય છે; પણ બધી ય જિનવચન સાથે સંકળાઈને; દા.ત. જિનવચન કહે છે કે, **'જો ગુરું મન્નઈ સો મં' જે ગુરુને માને છે તે જ મને માનનારો ગણાય.** ગુરુને અવગણનારો એ મને પણ અવગણનારો ગણાય. આ જિનવચનનો ભાર માથે ઉઠાવ્યો એટલે સહેજે ગુર્વાધીનતાનો ભાર પણ માથે ઉઠાવ્યો જ. નહિતર જિનાજ્ઞા શી ઉઠાવી ? જિનાજ્ઞાના માથે ભારમાં એ દેખી રહ્યો છે કે 'જો ગુરુને માથેથી ઉતારી નાખું, તો એનો અર્થ જ એ કે જિનેશ્વર દેવની આજ્ઞા જ માથેથી ઉતારી નાખી. ત્યારે બીજું ભલે ગુમાવું, જેટલું સહન કરવું પડે એટલું સહન કરું, પરંતુ જિનવચન પ્રત્યે અનાદર કે બેપરવાઈ ન પાલવે.' જો આ નહિ, તો ગુર્વાધીનતા ઉડાડી.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રી રામચંદ્રસૂરિજી ગુરુવચન ખાતર અવસરે ભયંકર અગ્નિ ધીખતી લોઢાની કઢાઈ પર બેસી, જીવતા જીવે ભડથું થઈ જવા સુધીનું સહન કરવાનું આવ્યું. તો તે સહન કરી લીધું ! પરંતુ એમાંથી છટકવા ગુરુવચન અને જિનવચનની સાપેક્ષતા ન છોડી, ગુરુએ કહ્યું હતું કે 'બાળચંદ્રમુનિને આચાર્યપદ ન આપવું.' તો બસ, હવે રાજા અજયપાલ એનો પક્ષ કરી એને આચાર્યપદ આપવા રામચંદ્રસૂરિજીને આગ્રહ કરે છે; ન આપવું હોય તો તપેલા કઢાયા પર જીવતા શેકાઈ જવાનો હુકમ કાઢે છે ! છતાં પેલાને પદવી નહિ આપવાની તે નહિ જ આપવાની, આ નિર્ધાર છે આચાર્યનો. 'પરમાત્મા મોક્ષે પધાર્યા છે, ગુરુ દેવલોક પામ્યા છે, પરંતુ એમનાં વચન ઊભાં છે. એને બરાબર સાપેક્ષ રહી વળગી રહી, જીવન જીવવાનું.' એ સૂત્ર પર રામચંદ્રસૂરિજીએ જ્વલંત આત્મબલિદાન કર્યું !

## • જીવન કોને બંધાયેલું ? •

જીવન જીવીએ છીએ એ કોને બંધાયેલું ? એ નક્કી કર્યું છે ? શું આપણા સ્વાર્થને બંધાયેલું ? એમાં જ જીવન પૂરું ? શું આપણી દુષ્ટ ઇન્દ્રિયોને બંધાયેલું કે એ માગે એટલું બજાવ્યે જવાનું ?

જીવન કોને બંધાયેલું ? આપણા કષાયપ્રિય મનને ? મનને કષાયો સાથે



દોસ્તી છે, કોઈ ને કોઈ કષાયમાં એને કૂદવા જોઈએ છે. કષાયનો સંગ કરવામાં એને આંચકો નથી, સંકોચ નથી, પાછીપાની કરવી નથી. આવા મનને આપણું જીવન બંધાયેલું ? એ જેમ નચાવવા માંગે એમ આપણે નાચવાનું ? એમ જ જીવ્યે જવાનું ?

વિચારો, જીવન કોને બંધાયેલું ? સ્વચ્છંદ તરંગોને ? તરંગો જેવા ઊઠે, જેટલા ઊઠે, એ બધામાં જીવનને ઘસડાવા દેવાનું ? તરંગો ને તરંગોમાં જીવન પૂરું કરી નાખવાનું ? આપણી મનમાની વિચારણાઓ, સંકલ્પ-વિકલ્પો, ઘેલા મનોરથ, ઘેલી ગણતરીઓ, તુચ્છ આતુરતાઓ અને તુચ્છની ખણજો-આકુળતા-વ્યાકુળતાઓમાં આ મહામોંઘેરું જીવન તણાવા દેવાનું ? જીવનના કલાકો, દિવસો, મહિનાઓ અને વર્ષોના વર્ષો વેડફી નાખવાના ?

ખબર છે આ જીવન કેટલું કિંમતી છે ? મહાચારિત્ર, મહાપરોપકાર, મહાન ઉચ્ચ તાત્ત્વિક વિચારસરણી અને ભાવનાઓને કેવું યોગ્ય છે ? એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય પશુપંખી સુધીના અનંત જીવોનાં જીવન કરતાં કેઈગુણું ઉચ્ચ આ જીવન છે ! કેઈગુણી બુદ્ધિશક્તિ અને બીજી પુણ્યાઈઓને વરેલું છે !

**બંધાયેલું એટલે ? :-**

આવું જીવન કોને બંધાયેલું રાખ્યું છે ? કદી વહેલી પ્રભાતે જાગીને સ્વસ્થ સ્થિર ચિત્તે આનો કોઈ વિચાર કર્યો છે ? મનને થયું છે કે 'હું કોને બંધાયેલો છું ? કોનો મારે પહેલો વિચાર રાખવાનો છે ? કોનું બંધન મારા માથે મુખ્ય છે ?' મુખ્ય એવું કે એને વળગ્યો રહીને પછી જ બીજું સંભાળવાનું. જીવન કિંમતી છે; જીવવાનું એટલે ધમણની જેમ માત્ર શ્વાસ લેવા-મૂકવાના નહિ. જીવવું તો એવું જોઈએ કે કોઈ સારાને બંધાયેલા રહીને જ જીવનની પળ પળ પસાર થાય.' આના પર ક્યારે વિચાર કર્યો છે ? વિચાર જ નહિ તો કર્તવ્યની દિશા ક્યાંથી સૂઝે ? વારંવાર રોજ ને રોજ જો આ 'જીવન કોને બંધાયેલું ?'નો વિચાર કરવાનો નહિ, યાદ કર્યા કરવાનું નહિ, તો જાગૃતિ ક્યાંથી રહે ? ભૂલભાલથી શે બચાય ? સાધુ ય થઈ ગયા; 'મહારથી ચારિત્ર પાળીએ છીએ' એમ લોક દેખે છે; પરંતુ 'હું કોને બંધાયેલો ? મારું જીવન કોને બંધાયેલું ?' એનું વારંવાર સ્મરણ ન રખાય, સારાનું બંધન વારે વારે યાદ ન કર્યા કરાય, તો મોહનીય કર્મનાં દળિયાં વિપાકોદયમાં આવવા તૈયાર બેઠા છે. ઉદયમાં આવી એ જીવને ઝટ નીચે પટકે ! ઇંદ્રિયોના વિષયોનાં, રાગાદિનાં, હાસ્યાદિના, સંકલ્પ-વિકલ્પોનાં અને હુંપદના જોર એવા છે કે સાધુને પણ રમાડી જાય.

માટે જ આ નક્કી કરવા જેવું છે કે જીવન કોને બંધાયેલું રાખવાનું ? ધ્યાન

રાખજો કે દુનિયાની કોઈ ને કોઈ બાબતને બંધાયું રાખવામાં હજી સુધી એવી સુખશાંતિ નથી મળી, એવી સાત્ત્વિકતા નથી આવી, એવી નિર્ભિકતા-નિશ્ચિન્તતા પણ નથી ઊભી થઈ, એ હકીકત છે. ત્યારે પરલોક સદ્ધર-સંગીન થયાની તો વાતે ય શી ? મન શું એમ કહે છે કે 'આજે મૃત્યુ આવે તો ફિકર નથી ? કેમકે હું એવાને બંધાયેલું જીવન જીવ્યો છું કે પછી ફિકર શી ? હૈયામાં ટાંકી રાખેલાં એ બંધન હવે હું જ્યાં જાઉં ત્યાં આત્માની સાથે જ રહેવાનાં છે; અને એ એટલા ઉત્તમ છે કે એથી હું આગળ ને આગળ જ વધવાનો છું.' બોલો, મનને આ ધરપત, આ વિશ્વાસ, આ નિરાંત છે ?

ત્યારે શું એ હિંમત છે કે ગમે તેવો રોગ આવે, આફત આવે, એની મને ચિંતા નથી ? ભય નથી કે 'હાય ! તો શું થાય ?' ભલે નજરે ચડતા એવા કેન્સર, ખદબદતા પાઠા, પક્ષાઘાત, પેટ-છાતી-મસ્તકની શૂળ કે હાથ પગ કપાઈ જવા વગેરે પીડાઓ ભોગવતાની મહાદુર્દશા દેખાય, પણ એમાંનું કાંઈ મને કદાચ કર્મસંજોગ નથી ને આવ્યું, તો તેની મને ગભરામણ નથી. કેમકે મારું જીવન જેને બંધાયેલું બનાવ્યું છે, એ એવી ય સ્થિતિને પચાવી ખાવાનું અપૂર્વ બળ આપવાની મહાશક્તિ ધરાવે છે.' કહો મનને આ હિંમત છે ? ના, કેમ નહિ ? કારણ એ જ કે જીવન કોઈ સારાને એવું બંધાયેલું રાખ્યું નથી, જેને બંધાયેલું રાખ્યું છે એ બધા તો ભયભીત, ડરપોક, આકુળવ્યાકુળ અને નિસત્ત્વ જ રાખે એવા છે.

તો હવે જુઓ કે જીવન કોને બંધાયેલું જોઈએ ?

ઉત્તર એક જ છે કે જીવન જિનવચનને બંધાયેલું જોઈએ. મનને નિર્ધાર હોય કે હું મુખ્યપણે કોઈને બંધાયેલો હોઉં તો તે જિનેશ્વરદેવનાં વચનને. મારે જીવન જીવવાનું એને બંધાયેલા રહીને જ. જીવનની પળ પળ જિનવચનના બંધન માથે રાખીને જીવવાની.'

**જિનવચનાનુસારિતાની જઘન્ય કક્ષા :-**

ધ્યાન રાખજો, જિનવચન કાંઈ મારી મચડીને ઉચ્ચકોટિનો જ ધર્મ સાધવાનું કહેતું નથી. એ બળાત્કાર નથી કરતું કે મારું માનવું હશે, મને બંધાયેલા રહેવું હશે તો આટલી મોટી તપસ્યા કરવી પડશે, આટલો ઊંચો ત્યાગ અને સંયમ આદરવો પડશે, સંસાર છોડીને ચારિત્ર જ લેવું જોઈશે. આવો બળાત્કાર એ કરતું નથી. એ તો કહે છે **'તમારી જેટલી શક્તિ હોય એ બધીનો ઉપયોગ કરી જેટલા પાપસ્થાનક છોડાય એટલા છોડો, જેટલા ધર્મસ્થાનક આદરાય એટલા આદરો, અને જેટલાં પાપસ્થાનક ન છૂટે એના પ્રત્યે ઘૃણા, કમકમી અને પાપનાં પરિણામનો ભય અનુભવો. જેટલાં ધર્મસ્થાનક ન આદરાય એની શરમ, નીસાસા અનુભવો.'** આમાં



પોતાની કક્ષા અનુસારે ધર્મચર્યા આદરવાનો અને પાપસ્થાનક છોડવાનો જિનોપદેશ છે. એમાં ય એટલું સમજવાનું છે કે એનું બધું જ આચરો તો જ જિનવચન પાળ્યું અને ન આચરો તો જિનવચન ઉલ્લંઘ્યું, જિનવચનની અવગણના-આશાતના કરી, એવું નથી. સંભવ છે કોઈને કર્મવશ રાગાદિ બહુ પીડતા હોય તો અંતરમાં સાચું સમજવા છતાં બધા વિધિ-નિષેધ ન પણ પાળી શકે. છતાં એ ધર્મ અને ધર્મચર્યા જ આદરણીય છે, તથા એ પાપસ્થાનકો ત્યાજ્ય જ છે, એવું હૈયે સજ્જડ પરિણમાવવાનું-બેસાડવાનું, આ છેલ્લો જિનાદેશ; છેલ્લો એટલે કમમાં કમ પાળવા યોગ્ય. આટલું હૈયે બેસાડવાનું ય ન થાય તો જિનવચન લોપ્યું-ઉલ્લંઘ્યું-અવગણ્યું ગણાય. જિનવચનાનુસારી બન્યા રહેવા, જિનવચન સાપેક્ષ બન્યા રહેવા, એટલું તો જોઈએ જ,

**જઘન્ય કક્ષાનાં લક્ષણ :-**

પરંતુ ધર્મ-ધર્મચર્યા આદરણીય જ છે, અને પાપસ્થાનકો ત્યાજ્ય જ છે એવું હૈયે ફિટ્ (fit) સજ્જડ બેસાડ્યું છે એનો વિશ્વાસ ક્યારે લઈ શકીએ ? મોઢે બોલવાની કે મન મનાવવાની આ વાત નથી. આ તો હૈયાને આરપાર વીંધી ગયું હોય, શરીરની રગરગમાં વહેતું થઈ ગયું હોય, રોમરોમમાં વ્યાપી ગયું હોય, એ સ્થિતિ કરવાની છે. એ આપણે કરી છે એવો વિશ્વાસ ત્યારે જ લઈ શકીએ કે દા.ત.

જેવી રીતે કોઈને સંયોગવશ મેલા કપડે કોઈના લગ્ન-ઉત્સવમાં જવાનું થયું, ત્યાં એના મનમાં થાય છે કે 'અહીં તો ઊજળાં કપડાં જ આદરણીય છે.' તેથી એ પોતે એવા ન પહેર્યા-ન આદર્યા ઉપર એને ક્ષોભ થાય છે, સંકોચ થાય છે, શરમ લાગે છે, એવી રીતે આ જિનશાસન-સહિત પ્રાપ્ત માનવના અવતારે ધર્મ, ધર્મચર્યા ન આદરવા પર ક્ષોભ થાય, સંકોચ થાય, શરમ લાગે.

એમ જેવી રીતે પાસે પૈસા હોય, માલ હોય, બજાર ચાલુ હોય, ઘરાક પણ મળતા હોય, છતાં બિમારી આદિના કારણે પોતે જઈને વેપાર ન કરી શકતો હોય તો એનો એને ભારે ખેદ રહ્યા કરે, ખાવું-પીવું-સૂવું ખૂચે, એવી રીતે મનુષ્યભવનો અનુકૂળ બજાર મળ્યો છે, જિનશાસનનો માલ મળ્યો છે, છતાં આત્માના મોહરોગના કારણે ધર્મ વ્યાપાર-ધર્મકમાઈ ન કરી શકવા બદલ ભારે ખેદ થાય, ખાવું-પીવું-સૂવું વગેરે મનને ખૂંચે. ધર્મ આદરણીય માનનારે એવું હૈયે સજ્જડ બેસાડવા માટે આ ક્ષોભ, સંકોચ, લજ્જા, ખેદ વગેરે લાગણી ઊભી કરવી જોઈએ. અંતરમાં એનું સંવેદન થાય. અવસરે અવસરે એ શબ્દમાં પ્રગટ થાય, મુખની રેખાય એવી બને.

**ધર્મ પર આદેયભાવનાં બીજાં લક્ષણ :-**

એટલું જ નહિ, પણ જેવી રીતે માણસને ધન ઉપર આદેયભાવ છે, તો એ

મેળવવાની એને બહુ હોંશ રહે ક્યારે મળે, 'ક્યારે મળે,' એમ એ વલખાં મારે છે; બીજું મળ્યું પણ ધન ન મળ્યું ત્યાં સુધી અશાંતિ રહે છે. સાંભળ્યું કોઈને સારું ધન મળ્યું તો મનને એમ થાય છે કે 'વાહ કેવો ભાગ્યશાળી !'...જેમ આવા બધા લાગણીનાં સંવેદન થાય છે; એવી રીતે ધર્મ અને ધર્મકૃત્યો પર હૈયે સજ્જડ આદેયભાવ બેસાડવા, અગર બેઠો છે એવો વિશ્વાસ ધરવા, એ મેળવવાની તીવ્ર તાલાવેલી જોઈએ, વલખાં થાય, ન મળ્યા પર બીજું મળ્યાં છતાં અશાંતિ રહે, કોઈના જીવનમાં સારો દાનધર્મ, વ્રત-નિયમ ધર્મ, તપધર્મ, ક્ષમાધર્મ, પ્રભુભક્તિ સાધુસેવા ધર્મ, વગેરે જોઈને એમ થાય કે 'વાહ કેવો ભાગ્યશાળી !'

જિનવચનનો સાપેક્ષભાવ છે તો એણે કહેલ ધર્મની આદેયતા પાછળ આવી આવી લાગણીઓનાં સંવેદન જોઈએ.

કહીએ છીએ ખરા કે 'આપણને ધર્મ સારો લાગે છે, આદેય, આદરવા જેવો લાગે છે,' પરંતુ જોવા જેવું છે કે આ જાતની ઝંખના વલખા, અશાંતિ કે અનુમોદના થાય છે ખરા ? બીજાનું ધન, વૈભવ, સત્તા, સન્માન જોઈને એ ભાગ્યશાળી લાગે છે ? હૈયું ક્યાં ઓવારી જાય છે ? બહુમાન કોના પર વરસી જાય છે ? જો જિનવચન પર સાપેક્ષભાવ છે, તો જિનવચન તો ધર્મને જ આદેય ફરમાવે છે. તેથી જ્યાં જિનોક્ત ધર્મ દેખાય ત્યાં જ હૈયું ઓવારી જાય, હૈયે બહુમાન વરસી જાય. રાજા શ્રેણિક આ સ્થિતિમાં છે,

**શ્રીકાન્ત શેઠની** વગર પકડાયે જાતે ઊઠીને ચોરી કબૂલ કરવાની તથા ચોરીનો બધો માલ હાજર કરવાની અને હવે પોતે ચારિત્ર લેવાની વાત પર રાજાનું હૃદય ઓવારી જાય છે, શ્રીકાન્ત પર બહુમાન થાય છે. કેમકે જિનવચન પ્રત્યે સાપેક્ષતા છે. રાજ્ય ચલાવવું છે, પણ જિનવચનનો વિચાર ભૂલીને નહિ. ને જિનવચન તો ધર્મને કોઈપણ સ્થિતિમાં-સમયમાં આદેય, ઉપાદેય ફરમાવે છે, તો એ ક્યાંય પણ દેખાય ત્યાં હૃદય આકર્ષાઈ જાય એમાં નવાઈ નથી; આકર્ષાવું જ જોઈએ. એના મનને એમ થાય છે કે 'શ્રીકાન્તની ચોરીઓ વિચારમાં મૂકે એવી છે. છતાં કેવું એનું સત્યવ્રત ! કેવો ચોરીનો ઇકરાર ! કેવી ઉચ્ચ ચારિત્રભાવના ! વાહ ! ધન્ય જીવન !'

કેવા અવસરે આ ? ચોર હાથમાં આવ્યો છે, ચોર ન પકડાયાનું ઘણા દિવસનું ખુન્નસ છે કે ક્યારે હાથમાં આવે ને હરામીને એવી જાહેર સજા કરું કે એને ખબર પડી જાય ! એ હવે ચોર હાથમાં આવે છે, છતાં જિનવચન પ્રત્યે સાપેક્ષભાવ એ બધું ભુલાવી દે છે. મેતારજમુનિનો ખૂની સોનીના સંબંધમાં ય શું બન્યું ? આ જ કે એણે મુનિપણું લીધું એટલે રાજાનો ભયંકર સજા કરવાનો વિચાર શમી ગયો.



**જિનવચન-સાપેક્ષતા હુંપદ ભુલાવે :-**

જિનવચન હૈયે સજ્જડ બેસી ગયાની આ રીત, જિનના વચન પ્રત્યે સાપેક્ષ દિલની આ નમ્રતા, કે હુંપદના ખ્યાલ ભૂલી જિને કહેલી વસ્તુ પર દિલનો ઝોક ઊતરે.

મન સાબૂત હોય કે 'મેં શું કર્યું હતું, હું શું બોલી ગયો હતો, મને શું લાગે છે,' એ કશું પકડી રાખવાનું નહિ. મારે તો જિનેશ્વર ભગવાન શું કહે છે, એ તત્ત્વ શું બતાવે છે, માર્ગ કયો ફરમાવે છે, એ જ જોવાનું. કદાચ પહેલાં ભૂલ્યો હતો. પણ હવે જિનવચન મુજબ ચાલવામાં એ ફેરવવું પડે છે, ત્યાં મારું અહંત્વ-વ્યક્તિત્વ ઘવાય છે, એની કોઈ ચિંતા નહિ, કોઈ પરવા નહિ. હું જિનવચનને બંધાયેલો. એને અવગણી શું હુંપદની ગોઝારી રક્ષા કરું ? હરગીઝ નહિ.' આ સાપેક્ષભાવ.

**હુંપદમાં કોણ ભૂલ્યા ? :-**

જુઓ **જમાલી** ક્યાં ભૂલ્યો ? મને આમ દેખાય છે, મને આમ લાગે છે. એ કેમ ખોટું ગણાય ?' એ હુંપદમાં ગુલાંટ ખાધી. જિનવચનને બાજુએ મૂક્યું. સાપેક્ષતા ગઈ.

**રોહગુપ્ત** કેમ ભૂલ્યો ? રાજસભામાં મજેનો જિનશાસનનો ડંકો વગાડી આવ્યો. હવે ગુરુ કહે છે 'પણ તેં જીવ, અજીવ, નોજીવ, એમ ત્રિરાશિ સ્થાપી એ ખોટું કર્યું. તો હવે જા રાજસભામાં, અને જાહેર કર કે 'વાદીનું પાખંડ મિટાવવા મેં બીજી ત્રિરાશિઓ ભેગી આ ત્રિરાશિની સ્થાપના કરી હતી, પરંતુ વસ્તુસ્થિતિ, જિનશાસન કહે છે તેમ, જીવ અને અજીવ એમ દ્વિરાશિની જ છે.'

ગુરુએ તો કહ્યું પરંતુ રોહગુપ્તે માન્યું નહિ. કેમ ? હૃદય પર જિનવચનના ભાર કરતાં અહંત્વનો ભાર વધી ગયો. 'મેં પહેલાં આમ કહેલું ને હવે હું એ ફેરવી નાખું ? ફેરવું તો લોક શું કહે ? :- 'જોયું ? બોલેલું ફેરવવું પડ્યું !' આમ લોકમાં મારી હલકાઈ થાય. માટે હવે તો બોલ્યા તે પકડી રાખો.' 'આ હુંપદનો ભાર હૈયા પર ઊભો રહેવા દીધો; એને ફેંકી ન દીધો. એમ ન વિચાર્યું કે 'અરે ! હું તે જિનવચનનો ભાર ઊંચકું ? કે પાપી અહંત્વનો ? જિન આગળ હું કોણ ? અહંત્વ શાનું ? લોક બોલશે તે અજ્ઞાન મૂઢ લોક, ડાહ્યો લોક નહિ. એની શી દરકાર ? પરલોકમાં કાંઈ લોક હાથ દેવા નહિ આવે. એ તો જિનવચનની સાપેક્ષતા જ પરલોકમાં ઓથ આપશે. મારે તો એજ મુબારક.' આવો વિચાર ન રાખ્યો. રોહગુપ્ત પોતાના ગુરુ સાથે વાદમાં ઊતર્યો-હાર્યો, છતાં સ્વીકાર્યું નહિ ! જૈન શાસનની બહાર થયો. નવો મત ચલાવ્યો. પુણ્યશક્તિ હતી પણ પાપાનુબંધી. તે પાપ આચરવામાં અને પાપ પ્રચારવામાં લેખે લગાડી. જિનવચનની સાપેક્ષતા ચૂકે તો ક્યાં સુધી પહોંચી જાય ? કોઈ હદ નહિ. જિનવચનની સાપેક્ષતાને ચૂકાવનાર

હુંપદ બને છે. હુંપદ ભયંકર છે.

**રાજા રાવણને** હુંપદ નડ્યું. હું સીતાને ઉપાડી લાવનારો હવે એને પાછી કેમ સોંપું ? હુંપદમાં ખુવાર થઈ ગયો. ચોથી નરકમાં ગયો.

**સાવદ્યાચાર્ય** હુંપદમાં ભૂલ્યા. સાધ્વીનો વંદનમાં સંઘટ્ટો થયો હતો. અનાડીઓ પૂછે છે 'સાધુથી સ્ત્રીનો સ્પર્શ થાય ?' અહીં ઉત્તર દેતાં હુંપદ નડે છે. મનને થયું કે 'જો કહું ના, તો ઝટ પૂછે તો પછી તમે કેમ અડ્યા ?' માટે આચાર્યે ગલ્લાંતલ્લાં કરવા માંડ્યા. પેલા છોડે ? એ તો પ્રશ્ન પરંપરા કર્યે જ ગયા. અંતે આચાર્ય બોલ્યા 'શાસ્ત્રમાં ઉત્સર્ગ-અપવાદ ઘણા છે. તમે શું સમજી શકો ?' નામ તો કમલપ્રભાચાર્ય હતું પણ પેલાઓએ સાવદ્યાચાર્ય નામ પાડ્યું; અને અહીં એમણે પૂર્વતીર્થંકર નામકર્મ ઉપાર્જેલું ગુમાવી નાખ્યું ! ભવમાં ભટકતા થઈ ગયા !

**પ્ર.**- શાસ્ત્રમાં ઉત્સર્ગ-અપવાદ છે તો ખરા, પછી એમણે એ કહ્યું એમાં જિનવચનની સાપેક્ષતા ક્યાં ગુમાવી ?

**ઉ.**- આ સાપેક્ષતાનું રહસ્ય સમજો. જિનવચનની સાપેક્ષતા એટલે 'જિનવચન એ જ તારણહાર છે, એજ યથાર્થ છે, માટે એના જ ભાવને મારે આગળ કરવાના, પણ મારી શાબાશી, મારું અહંત્વ, મારા રાગદ્વેષ વગેરે ભાવને આગળ નહિ કરવાના. અહંત્વાદિના બચાવ માટે જિનવચનનો ઉપયોગ નહિ. અહંત્વાદિ ભૂલી જિનવચનના ભાવનો જ મુખ્ય વિચાર રાખીને બોલવા-ચાલવાનું; શાબાશી વગેરેનો વિચાર રાખીને નહિ. નહિતર એ અંગત ભાવમાં તણાયા, બોલવા-ચાલવા જતાં જિન-વચનના ભાવને દગો દેવાનું થાય.' આ છે રહસ્ય જિનવચનની સાપેક્ષતાનું: અહીં જિનવચનનો ભાવ એ હતો કે અપવાદે નદી જેવામાં ડૂબતી સાધ્વીની રક્ષા વગેરેના ખાસ પ્રસંગ વિના સાધુથી સ્ત્રીને અડાય નહિ. અડાઈ ગયું તો એ અપરાધ સમજી એનું પ્રાયશ્ચિત્ત કરવું પડે. પેલા પૂછે છે તો એજ કહેવાય કે મુનિથી સ્ત્રીને અડાય નહિ. પ્રશ્ન ઉત્સર્ગ માર્ગ અર્થાત્ સાધારણ પરિસ્થિતિના કર્તવ્યાકર્તવ્ય અંગે હતા, તો એનો ઉત્તર એવો જ અપાય. એવો ભાવ દેખાડવો કે 'અડાય પણ ખરું' એ ઉત્સર્ગમાર્ગના પ્રશ્નનો ઉત્તર નહિ. માટે એ જિનવચનનો ભાવ નહિ. ત્યાં તો જાતની મોટાઈ આડે આવી જવાબ શુદ્ધ જિનવચનના ભાવ દેખાડવાનો ન રહ્યો, જાતની નિર્દોષતા દેખાડવાનો રહ્યો. તેથી જિનવચનની સાપેક્ષતા રાખી ન ગણાય.

**જિનવચન અને જાત, બેમાં કોણ કોને તાણે છે ?**

બસ, જોવાનું આ છે કે જિનવચનના ભાવની રક્ષા માટે બોલવાનું થાય છે ? કે જાતના મહત્ત્વ આદિની રક્ષાને માટે જિનવચનનો અગડંબગડં ઉપયોગ



કરવામાં આવે છે ? જો જાતની વડાઈ-સન્માન-સંપત્તિ આદિની જ આકાંક્ષા છે, તો સાપેક્ષભાવ એના પ્રત્યે જ રહ્યો ગણાશે, પણ નહિ કે એ સ્વાર્થ સાધવા આગળ ધરેલ મનફાવતા જિનવચન પ્રત્યે. જિનવચન તો માત્ર સ્વાર્થસિદ્ધિ કરવાના એક ઓઠા તરીકે આગળ ધર્યું. અહીં પૂછો,

**પ્ર.**- તો પછી સમ્યગ્દષ્ટિ આત્માને કોઈ પૂછે કે તમે કેમ પાપવેપાર કરવા જાઓ છો ? એનો એ ઉત્તર કરે કે 'શાસ્ત્રે કહ્યું છે શ્રાવક દિનકૃત્ય બજાવી અર્થચિંતા કરવા જાય, માટે જઈએ છીએ.' તો આમાં પણ જિનવચનનો ઉપયોગ પોતાના પાપવેપારના બચાવ માટે કરવાથી એ પણ જિનવચન પ્રત્યે સાપેક્ષભાવવાળો ક્યાંથી કહેવાશે ?

**ઉ.**- આનો ખુલાસો મજેનો છે. પહેલું તો સાચો સમ્યગ્દષ્ટિ એવો બચાવ ન કરે. એ તો કહે, કે 'શું કરું ? મોહમૂઢ અને કાયર છું તે સંયમમાર્ગ અપનાવતો નથી, એટલે ઘર ચલાવવા આ પાપવેપાર કરવો પડે છે. બાકી મારું ચાલે તો આ પાપજીવનમાં એક મિનિટ પણ ન ઊભો રહું. છતાં ઘરવાસમાં બેઠો છું ત્યાં સુધીના માટે શાસ્ત્ર કહે છે 'શ્રાવક આજીવિકા માટે ભીખ ન માગે, કેમકે તેથી ધર્મની નિંદા થાય. કિન્તુ ન્યાયમાર્ગે અલ્પ પાપના ધંધાથી આજીવિકા પૂરતી અર્થચિંતા કરે.' એ હિસાબે ભીખ ન માગતાં અર્થચિંતા કરવી પડે છે.' આ કહેવામાં જાતની વડાઈ નહિ, પણ જિનવચનનું બંધન આગળ કર્યું કહેવાય. માટે એની સાપેક્ષતા બરાબર કાયમ રહી. આજીવિકા ઉપરાંત લોભથી વેપાર કરતો હોય અને એના બચાવમાં જો 'શ્રાવક અર્થચિંતા કરે' એ શાસ્ત્રવચન આગળ કરે તો એ પેલું સાવદ્યાચાર્ય જેવું થાય; સ્વાર્થસિદ્ધિમાં મનમાન્યો શાસ્ત્રનો ઉપયોગ કર્યો ગણાય. ત્યાં અવશ્ય સાપેક્ષતા ગુમાવી. ત્યાં જિનવચનની નહિ, કિન્તુ પોતાના લોભ ઉપરાંત જાતની નિર્દોષતાની સાપેક્ષતા રહી ગણાય.

બેમાં ફરક છે, એકમાં તો પોતાની પ્રવૃત્તિ જિનવચનને અનુસરે છે; બીજામાં જિનવચન પ્રવૃત્તિને અનુસરે છે; કહો કે બીજામાં, પોતાની મનમાની પ્રવૃત્તિને અનુસરવાનું જિનવચન પર ફરજ પાડવામાં આવે છે. ત્યાં સાપેક્ષતા પોતાના સ્વાર્થની થઈ, જિનવચનની નહિ.

સાવદ્યાચાર્યે આ કર્યું. સાધ્વી સાથેના સંઘટ્ટાની પોતાની નિર્દોષતાની વડાઈ રક્ષવાની રહી; જિનવચનની સાપેક્ષતા ગુમાવી; તો એનું પરિણામ કેટલું બધું ભયંકર આવ્યું ? માત્ર તીર્થંકર નામકર્મ જ ગુમાવ્યું નહિ, કિન્તુ એ મહાપુણ્યને યોગ્ય જબરદસ્ત આત્મવિશુદ્ધિય ગુમાવી !

**હુંપદનો આ મહાન અનર્થ છે કે જિનવચનની સાપેક્ષતાથી વંચિત રાખી**

**અનંતકાળ ઉજાળનારી, પ્રાપ્તવ્ય આત્મવિશુદ્ધિથી દૂર રાખે અને પ્રાપ્ત હોય એનો વિધ્વંસ કરે !**

આથી ઊલટું હુંપદ-બુપદ દૂર રાખી જિનવચનની સાપેક્ષતા બરાબર સાચવી રાખવામાં આવે તો મહા કલ્યાણની સિદ્ધિ થાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૨,અંક-૨૧,તા.૧-૨-૧૯૬૪**

## સાપેક્ષભાવ : તૃષ્ણાતરુણી

**જિનવચન સાપેક્ષતાથી કેવા કલ્યાણ ? :-**

જુઓ, એ જ સાવદ્યાચાર્યને પહેલાં શું બન્યું હતું ? એ જ નગરમાં પધાર્યા ત્યારે ચૈત્યવાસીઓ એમને મોટા ભા કરી કહેવા આવ્યા કે 'અહીં જિનમંદિર બંધાવવાનો ઉપદેશ આપો. આપ શક્તિમાન છો. આપના ઉપદેશની જબરદસ્ત અસર થાય છે; અને આ મહાન પુણ્યનું કાર્ય છે.'

પરંતુ આચાર્યશ્રીએ જોયું કે 'આ લોકો જિનમંદિરની આવક ખાય છે, તેથી અહીં વળી એક જિનમંદિર કરાવી આપવું એટલે દેવદ્રવ્યના ભક્ષણનો એક વધુ રસ્તો કરી આપવાનું થાય. અને એ તો મહાપાપ છે. દેવદ્રવ્ય ખાવામાં-ખવરાવવામાં તો પાપ છે જ, પરંતુ ચોક્ખું ખાનારો દેખાય એને એની સગવડ થાય એવો રસ્તો કરી આપવો, સાધન ઊભું કરી આપવું; એ પણ મહાપાપ છે. માટે અહીં મારે એ ઉપદેશ ખાસ નહિ આપવાનો,' એમણે ઘસીને ના પાડી.

જુઓ, મંદિર બંધાવવાનો ઉપદેશ આપે છે તો માન-સન્માન વધે છે, નથી આપતા તો નિંદા થાય છે. એવા લોકો ય કહે 'કેવા જિદ્દી છે, લ્યો વળી મંદિર બંધાવવામાં પાપ સમજે છે ! શાસ્ત્ર ભણ્યા લાગતા નથી...' આવું આવું ય બોલનારા હોય. પરંતુ એ સન્માન-નિંદાની પરવા કર્યા વિના જિનવચન શું કહે છે એની જ એકમાત્ર ચિંતા રાખી. દેવદ્રવ્યના ભક્ષણ-નાશ વગેરેમાં હાથા ન બનવાનો જિનવચનનો ઉપદેશ છે. એને જ વળગીને ચાલવાનું કર્યું.

આ આત્મનિશ્ચયમાં પરિણામ શું આવ્યું જાણો છો ? તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું ! આટલામાં ? હા, એ કાંઈ સામાન્ય દર્શનશુદ્ધિ નથી; સામાન્ય તીર્થરાગ નથી; સમ્યક્ત્વની જ્વલંત નિર્મલતા છે, જ્વલંત તીર્થરાગ છે, હુંપદ, સન્માન બાજુએ મૂકી જિનવચનની સાપેક્ષતા રાખી તો ઉચ્ચ લાભ પામ્યા.

**અર્હન્નક શ્રાવકે** જિનવચનની સાપેક્ષતા બરાબર રાખેલી. ઈંદ્રે પ્રશંસા કરી, અસંખ્ય દેવોનો સ્વામી ઈંદ્ર મનુષ્યનું શું વખાણે ? એની પાસે જે છે એના કરતાં



વિશેષ કાંઈ દેખાય એ જ ને ? **'દેવા વિ તં નમંસંતિ જસ્સ ધમ્મે સયા મણો.'** જેનું મન સદા ધર્મમાં છે, એને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. અવધિજ્ઞાની દેવો ધર્મમાં શું જોતા હશે કે એ ધર્મમાં જ મનવાળા આગળ એમનું હૈયું નમી પડે છે, અર્હન્નક શ્રાવક જિનવચન પ્રત્યે સાપેક્ષ છે, સાપેક્ષતામાં દૃઢ છે, એના ઈન્દ્ર ગુણ ગાય છે,

**કસોટીમાં પાર :-**

પણ એક મિથ્યાદૃષ્ટિ દેવ આ પ્રશંસા સહી શકતો નથી, તે આવીને અર્હન્નકને પડકાર કરે છે, 'મૂક આ તારી જિનવચનની શ્રદ્ધા ! નહિતર ભયંકર થશે.' આ શાનો મૂકે ? તો ગભરાય પણ શાનો ? દેવતાએ ભારે ઉપસર્ગ કરવા માંડ્યા. એનું વહાણ સાત તાડ જેટલું ઊંચે ઊછળેલું અને સમુદ્રમાં ડૂબી જવાનું, એવું દેખાડ્યું.

છતાં અર્હન્નક મક્કમ છે. **'આ જિનપ્રવચન એ જ સાર છે, બાકી બધું અસાર ! આ જ પરમ પદાર્થ છે, ઈષ્ટ છે, બાકી બધું અનર્થરૂપ અને અનિષ્ટ,'** આ શ્રદ્ધા જ એના મનમાં ગૂંજ્યા કરે છે. જાનમાલના નાશની કોઈ પરવા ન કરી. દેવતા ચમક્યો, તુષ્ટમાન થઈ ગયો, અને માફી માગી; સુંદર દિવ્ય રત્નમય બે કુંડળ જોડીની ભેટ આપી ગયો. એમાંની એક જોડ એ શ્રાવકે મલ્લીકુમારીને ભેટ કરી. તીર્થંકરના આત્માની ભક્તિ કરી,

જિનવચન આગળ બીજું બધું કૂચા છે માટે એની પ્રત્યે પ્રથમ નંબરે સાપેક્ષ રહેવાનું.

આ તો કોઈ ઉપસર્ગ-પ્રસંગની વાત થઈ. પરંતુ તે સિવાય પણ જીવન-કાળમાં જિનવચનની સાપેક્ષતાનું યાને જિનવચનના બંધનનું સૂત્ર દરેક પ્રસંગમાં વણાયેલું રહેવું જોઈએ. એનો એવો અભ્યાસ જ પાડી દેવાનો. વ્યક્તપણે યા અવ્યક્તપણે હૈયામાં એ ભાવ રમતો હોય કે 'મારાથી જિનવચન વિરુદ્ધ કાંઈ પણ બોલાઈ ન જાઓ, વર્તાઈ ન જાઓ, કે વિચારમાં ય ન આવો,' તો પૂછો ને કે

**પ્ર.-** શું ગૃહસ્થ માટે આ શક્ય છે ? કેમકે એને તો ચૂલો-હોલો વગેરે આરંભ-સમારંભના કાર્ય કરવા પડે છે. એ કરવાનું કહેવું-વિચારવું ય પડે છે, ત્યાં હિંસા થાય છે એ જિનવચનથી વિરુદ્ધ નથી શું ?

**ઉ.-** હિંસા જરૂર વિરુદ્ધ છે. પરંતુ અહીં એ વિવેક કરવાનો છે કે ગૃહસ્થની કક્ષામાં જિનનો આદેશ શો છે ? મહાવ્રત-પાલનનો નહિ, ત્રિવિધ ત્રિવિધ હિંસા-ત્યાગનો નહિ. આ જ કરવું પડશે એવું ગૃહસ્થને જિનવચન કહેતું નથી. એને તો એ કહે છે કે 'ચૂલો-હોલો વગેરે કાર્યોમાં જતના રાખજે. મુખ્ય તો સર્વસૂક્ષ્મ કે બાદર જીવોની અહિંસાનું જીવન કેમ ઝટ મળે એ લક્ષ રાખજે; અને બને તેટલી જીવોની રક્ષા કરજે. એ માટે ઓછામાં ઓછા આરંભથી ચલાવજે. ઘરકામમાં બીજાં

જીવજંતુ મફતિયાં મરતાં નથી ને ? લીલફૂગ વાશી-એંઠાના જીવ વગેરે ઉત્પન્ન નહિ થાય ને ?...આવા બધા ખ્યાલ રાખ્યા કરજે. ધંધાધાપામાં કર્માદાનના ધંધા કે કસાઈ આદિને પૈસા ધીરવા વગેરે મહાપાપના ધંધા કરીશ નહિ. જૂઠ, અનીતિ, ભેળસેળ વગેરે કરતો ના...' આવા બધા જિનાદેશના પાલન તરફ લક્ષ રાખે, તો એ જિનવચન વિરુદ્ધ થતું અટકાવ્યું, જિનવચનની સાપેક્ષતા થઈ ગણાય. પાણી વાપરવું છે પણ વધારે પડતું જરા પણ ન વાપરવાનો અને ખોટી જીવહિંસાથી બચવાનો ખપ કર્યો, એ જિનવચનને સાપેક્ષ રહેવાનું કર્યું.

વસ્તુનો વિચાર કક્ષાના હિસાબે થાય. માણસ કઈ કક્ષાનો છે એના આધારે જિનવચનનો આદેશ જોવાનો. ગૃહસ્થ વ્રતધારી નથી, માત્ર સમકિતી છે, તો એના જ હિસાબે જિનાદેશ જોવો પડે. કમમાં કમ આ તો આવવાનું કે પાપની પ્રત્યે હૈયું અકર્તવ્યના વલણવાળું અને ધર્મ પ્રત્યે ઉપાદેયતાના વલણવાળું રખાય. બોલવાનો પ્રસંગ આવે તો એવું જ બોલે; પણ પાપની દલાલી ન કરે, કે ધર્મનું ઘસાતું ન બોલે. પોતાનું ચાલે તો જ્યાં જેટલું પાપ છોડવું શક્ય હોય એટલું છોડે; જેટલો ધર્મ શક્ય હોય એટલો આદરે. જિનવચનનો વિચાર જાણે શ્વાસમાં વણાઈ ગયો હોય.

**શ્રીકાન્ત શેઠના** પ્રસંગમાં રાજા શ્રેણિકને એવું બને છે. રાજા જુએ છે કે ભલે આની ચોરીઓ પર મને ગુસ્સો થાય છે, પરંતુ હવે જ્યારે આ એની મેળે ઈકરાર કરે છે, બધું સોંપી દે છે, અને ચારિત્ર લેવા તૈયાર છે, તો જિનના એક ભક્ત તરીકે અને ધર્મના પક્ષકાર તરીકે મારે એની વાત વધાવી લેવી જોઈએ. કરણ, કરાવણ, અનુમોદન. જે કોઈ રીતે ધર્મ શક્ય હોય, એનો મોકો મળતો હોય, ત્યાં એ પ્રકાર સેવી લેવાનો. ચૂલો સળગાવતાં પણ હિંસાના પ્રસંગને લઈને મુનિએ સમસ્ત ષટ્કાય જીવોની હિંસા છોડ્યાનું યાદ આવી શકે. અલબત્ત યાદ લાવવું હોય તો આવશે, પણ આવી શકે. ત્યાં એ હિંસાત્યાગીઓની અહિંસાની અનુમોદના થાય. એટલે ભલે ચૂલો પેટાવતાં અહિંસાકરણનો ધર્મ નથી. પરંતુ અહિંસાનુમોદનનો ધર્મ તો શક્ય જ છે. આવું આવું બીજે પણ કેટલું ય ગોઠવી શકાય. જિનવચનને પૂરા સાપેક્ષ બની જાઓ તો જીવન ધર્મથી ઝગમગતું થશે.

મનમાં નક્કી કરી લઈ રાજાએ શ્રીકાન્તને કહ્યું,

'શ્રીકાન્ત ! તમે તો ભારે કરી. ચોરીના મહાપાપમાં આટલે ઊંડે ઊતરી ગયેલા, પાછા એમાં પકડાઓ નહિ એવા કાબેલ, તે આજે ચારિત્રના મહામાર્ગે સંચરવાનો નિર્ણય કર્યો છે-કહો છો ? તમારી આ ચારિત્રની તૈયારીએ તો મારા ગુસ્સાને ઊઠતો જ દાબી દીધો ! કેટલા ભાગ્યવાન તમે કે આ સંસારના સર્વ પાપ



છોડી પ્રભુના માર્ગને અપનાવવા તૈયાર થઈ ગયા છો ! કેઈ જાતનાં પાપમાં સબડતા તો આવ્યા જ છીએ, પરંતુ એને છોડવાં એ કપરું લાગે છે. મન અનંત કાળનું પાપરસિક છે, એને ધર્મરસિક બનાવવાનું અને એથીય આગળ ધર્મમગ્ન કરવું એ વીરલાને સાંપડે. જાઓ મારી તમારા કાર્યમાં પૂરી સંમતિ અને સહકાર છે. ચારિત્ર સ્વીકારી જીવનને ધન્ય બનાવો.'

રાજાના આ બોલ પર શ્રીકાન્તને થયું કે 'અહો ! કેવો આ ધર્માત્મા ! કેવી એની ધર્મકદર ! એને હૈયે ભારે હરખ ઊભરાઈ આવ્યો ! હૈયું ગદ્ગદ થઈ ગયું ! આંખ ભીની થઈ ગઈ. આંખમાં આંસુ સાથે એ રાજાના પગમાં પડી કહે છે,-

'મહારાજ ! શું તમારો ધર્મપ્રેમ ! મારા જેવા પાપિષ્ઠની આ કિંમત આંકો છો ? ભગવાન જિનેશ્વરદેવના શાસનને આપે ખરેખરું પચાવ્યું છે ! ધર્મની આ કદર કરતાં આપ ચિરંજીવો.'

બસ, એ પછી ચોરીનો બધો માલ શ્રીકાન્તે લાવીને રાજાને સોંપી દીધો. બાદ, એણે રાજાના સહકાર સાથે મોટો જિનેન્દ્ર-મહોત્સવ ઊજવ્યો, મહાદાન દઈ શાસનની પ્રભાવના રેલાવી, અને પછી ચારિત્ર લઈ આત્મકલ્યાણ સાધ્યું. શ્રીકાન્ત શેઠનો પ્રસંગ પૂરો થયો.

**ગંભીર વસ્તુ લેવા ગંભીર બનવું જોઈએ :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ **પંચસૂત્ર** નામના અદ્ભુત શાસ્ત્રની જે રચના કરે છે એનું મહત્ત્વ સમજાવતાં ટીકાકાર મહર્ષિ આપણને કહે છે કે આ શાસ્ત્ર એવું ગંભીર છે કે એના ગ્રાહક પાસેથી પણ ગંભીરતાની આશા રાખે છે; એટલે કે છીછરાં-ક્ષુદ્રજનો આ પંચસૂત્રને પામી શકે નહિ. ભવાભિનંદી જીવોમાં ક્ષુદ્રતા સહેજે હોય. પંચસૂત્રમાં કહેલી ગંભીર વસ્તુ પર એને વિશ્વાસ ન બેસેઃ એના માન્યામાં એ ન આવે. એનો અર્થ એ થયો કે આ શાસ્ત્રમાં કહેલી વસ્તુ આચરવાની વાત પછી, પણ હૃદયમાં બેસાડવા માટે પણ આત્મામાં ભવાભિનંદીપણું ન જોઈએ. ક્ષુદ્રતા છે ત્યાં ભવાભિનંદીપણું છે. ક્ષુદ્રહૃદય ગંભીર વસ્તુને સમજી શકે નહિ. વ્યવહારમાં કેટલીક વાર કોઈ વસ્તુ લેતાં ગંભીર વિચાર કરવો પડે છે. પંચસૂત્રની વાત બહુ ઊંડા રહસ્યવાળી છે. ગંભીર વસ્તુનો પરમાર્થ લેવા ગંભીર બનવું જોઈએ. ગંભીર નહિ બનીએ તો સૂત્રના શબ્દનો કદાચ અર્થ સમજાશે, પણ પરમાર્થ નહિ સમજાય. ગંભીર બને એટલે વિચારે 'આ વસ્તુ અહીં કેમ કહી ? આ વસ્તુ પછી આ વસ્તુ કેમ કહી ?' 'મોક્ષ સધાવવા ચારિત્ર લેવરાવો-પણ એના પહેલાં આટલી લાંબી વિધિ કેમ કહી ?' એના પર પુખ્ત વિચાર કરવો જોઈએ. અને તે વખતે સંસારના અનુભવ આંખ સામે રજુ કરી વિચારવા પડે. નિહાળવા

પડે કે જગતમાં મોટા મોટા કાર્યો પાછળ કેવી અને કેટકેટલી જવાબદારી-જોખમદારી ઉપાડવી પડે છે, તેમ અહીં પણ મોક્ષ સાધવા માટે પંચસૂત્રમાં કહેલી ઝીણામાં ઝીણીથી માંડીને મોટામાં મોટી જવાબદારી ઉઠાવવી જ જોઈએ.

## • તૃષ્ણા તરુણી •

**તૃષ્ણા તરુણી રસ લીન :-**

એ માટે શું કરવું પડે ? આપણા જીવનમાં ભવાભિનંદીપણું હોય તો કાઢવું જોઈએ. એ ન હોય તો, ઘૂસી ન જાય તેની કાળજી રાખવી જોઈએ. ભવાભિનંદીના આઠ દુર્ગુણમાં પહેલા બેમાં ક્ષુદ્રતા અને લોભરતિ. ક્ષુદ્રતા એટલે તુચ્છ હૃદય. લોભરતિ એટલે સંસારની તૃષ્ણામાં રસ અને આનંદ. લોભરતિ શું કામ કરે ? પોતે ઘરડો થાય પણ તૃષ્ણાને ઘરડી ન થવા દે. કેમકે તૃષ્ણામાં આનંદ-ખુમારી છે. શ્રી વીરવિજયજી મહારાજે પૂજામાં તૃષ્ણાને તરુણી કહી છે. પ્રભુને પોતાનું દુઃખ રડતાં કહે છે કે 'હે પ્રભો !

**'તૃષ્ણા તરુણી રસલીન, હું રઝળ્યો રે ચારે ગતિ રે.'**

તૃષ્ણારૂપી તરુણીના રસમાં લીન બની હું ભવાટવીમાં ભટક્યો.' જીવ પોતે બુડ્ઢો થાય પણ તૃષ્ણાને બુડ્ઢી નથી થવા દેતો. શું વિચાર ન આવે કે 'જીવન ઘસાતું ચાલ્યું-સમાપ્ત થવા આવ્યું. હજીય તૃષ્ણા સમાપ્ત કરવી છે કે નહિ ?'

**'તૃષ્ણા-તરુણી-રસલીન'નો બીજો અર્થ :-**

અલબત 'તૃષ્ણા-તરુણી-રસલીન...'નો એ પણ અર્થ છે કે તૃષ્ણા, યુવાન સ્ત્રી અને મનગમતાં રસદાર ભોજન, એમાં લીન બનેલો હું સંસારની ચારે ગતિમાં રખડ્યો છું. ભવભ્રમણમાં લક્ષ્મી અને ઇંદ્રિયોના વિષયોની તૃષ્ણા, તથા કામિની અને રસની લંપટતા જબરદસ્ત કારણો છે. નહિતર આ જો ન હોય તો સંસારમાં બાંધી રાખનાર છે કોણ ? પૂછો,

**પ્ર.-** આ ત્રણે ય મૂકી જંગલમાં અજ્ઞાન તપ તપનારા તાપસો મિથ્યાત્વને લીધે સંસારમાં રખડે છે ને ? તો મિથ્યાત્વ એ સંસારમાં બાંધી રાખનાર ખરું ને ?

**ઉ.-** અહીં સમજવા જેવું છે કે એવી સ્થિતિમાં આવેલા, એટલે કે માત્ર અહીંના જ વિષયોની નહિ, પણ પરલોકના સ્વર્ગાદિના વિષયોની તૃષ્ણા પણ જેણે મૂકી દીધી છે, એમ દેવાંગનાની ઇચ્છા પણ જેને નથી, અને ઇષ્ટ સૂકા-લૂખા રસ પણ જેને નથી ગમતા, તેથી જ એવા વિષય-સ્ત્રી-રસોના લેશમાત્ર સંગ વિનાનો મોક્ષ જ જેને જોઈએ છે, એવા મિથ્યાદૃષ્ટિ પણ તાપસો-જોગીઓ તો ચરમાવર્તમાં અને અપુનર્બંધક દશામાં આવી ગયેલા છે. તેથી એમનું મિથ્યાત્વ નબળું પડેલું હોઈ, હવે તો એમને આ ભવે નહિ તો ભવાંતરે પણ જૈન ધર્મ મળવાની રાહ



જોવાય છે, સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ વગેરે ભવપાર કરનારા ધર્મની પ્રાથમિક ભૂમિકા સર્જાઈ છે, પછી એવું મંદ મિથ્યાત્વ ભવમાં ભટકાવી શકે ? મિથ્યાત્વ ભવમાં ભમાવનારું ખરું, પણ એ વિષયતૃષ્ણા, કંચન-કામિની, કીર્તિની લાલસા, આહારની લંપટતા અને કષાયો કૂદતા હોય તો જ બળવાન રહી શકે.

**મિથ્યાત્વના તાગડધિન્ના એ લંપટતાઓ પર નભે છે.**

**કોણ બળવાન ? મિથ્યાત્વ કે તૃષ્ણા ? :-** એમ માની લેવાની ભૂલ કરતા નહિ, કે 'અમે જિનેશ્વરદેવ, નિર્ગ્રન્થગુરુઓ અને જૈનધર્મ પામ્યા છીએ એટલે અમારામાં સમ્યક્ત્વ આવી ગયું છે. મિથ્યાત્વ દૂર ભાગી ગયું છે; પછી ભલે તૃષ્ણા-તરુણી-રસના છકંછકા ઉડાવીએ.' આ ભ્રમણામાં તણાતા નહિ; કેમકે મિથ્યાત્વને જવા માટે પહેલાં એ તૃષ્ણાદિના છકંછકા જવાજ જોઈએ. 'છકંછકા' એટલે ? એનું નિર્ભીક સેવન, નિઃસંકોચ મસ્તી અને વગર કરડતો રાગ. એ છકંછકા ગણાય. લક્ષ્મી પર, વિષયો પર, સત્તા-સન્માન-કીર્તિ ઉપર આંધળો રાગ હોય, એનો મનને કોઈ ભય નહિ, એની નીડર-નિઃસંકોચ દોસ્તી-સંગ ચાલુ હોય, તો એ રાગ અનંતાનુબંધીના ઘરનો, અનંતાનુબંધી કોટિના કષાયરૂપ કહેવાય. એ જ્યાં સુધી ઊભો, ત્યાંસુધી મિથ્યાત્વ હટે તો નહિ પણ મજબૂત પુષ્ટ રહે. ત્યારે જો એ રાગ તોડ્યો, હાર્દિક વૈરાગ્ય જન્મ્યો, તો સમજો કે મિથ્યાત્વ ઈમારતનો મુખ્ય થાંભલો તૂટ્યો. હવે મિથ્યાત્વને ટકવાના શા ગજા ? એ શાનું ભવમાં ભમાવી શકે ?

તામલી તાપસ, પૂરણ તાપસ વગેરે મિથ્યાદૃષ્ટિ હતા, છતાં તૃષ્ણા-તરુણી-રસથી ભડક્યા, એનાં દેવતાઈ પ્રલોભનને પણ ઠોકરે મારનારા બની એકમાત્ર મોક્ષની ઝંખનાવાળા બન્યા રહ્યા, તો બીજા દેવતાઈ ભવમાં મિથ્યાત્વ હટી જઈ સમ્યક્ત્વ ઊભું થઈ ગયું. શાસ્ત્ર કહે છે,-મિથ્યાદૃષ્ટિ પણ અપુનર્બંધક અવસ્થા પામેલા જીવો તો મહાત્મા છે, અનંતાનંત પુદ્ગલપરાવર્ત કાળના સંસારને કાંઠે આવી ઊભા છે. હવે પૂરો એક પુદ્ગલપરાવર્ત કાળ પણ સંસારમાં બાકી નહિ. એ અવસ્થાના ગુણ પણ અનુમોદનીય છે. પરંતુ આ અપુનર્બંધક અવસ્થા આવી ક્યારે ગણાય ? ઉપાધ્યાયજી મહારાજ કહે છે,-

**'પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવરાગ રે,**
**ઉચિતસ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે.'**

'કઠોર પરિણામથી પાપાચરણ ન કરે, ભવ પર બહુમાન નહિ, ઔચિત્ય ચૂકે નહિ, એ અપુનર્બંધક જીવનાં લક્ષણ છે. ખાસ ગુણ છે, એનું ય અનુમોદન કરવા લાગી જા, એથી ભવસ્થિતિ-પરિપાક થશે,' એમ પંચસૂત્ર શાસ્ત્ર કહે છે.

ત્યારે પાપના કઠોર ભાવ મટે, સ્વર્ગીય સુખમય પણ સંસાર કડવો

લાગે...વગેરે કહ્યું, પણ મિથ્યાત્વ મોળું પાડે એમ કેમ ન કહ્યું ? શું સૂચવે છે એ ? એજ કે મિથ્યાત્વ ત્યાજ્ય નથી એમ નહિ, કિન્તુ ભવ અને મિથ્યાત્વને પોષનારા જે છે, એને હટાવો, એના પોષણ બંધ કરો. એટલે મિથ્યાત્વને જવાની જગા મળશે. એ હટાવવા તૃષ્ણા-તરુણી-રસના રસ મૂકવા જોઈએ, કેમકે આના રસની ઉપર જ સંસાર-પર્યટન અખંડ ચાલુ રહે છે.

'તૃષ્ણા-તરુણી-રસલીન...' એમાં તૃષ્ણા, તરુણી અને રસ, એ ત્રણ જુદા જુદા સમજી શકાય, તેમ 'તૃષ્ણારૂપી તરુણીના રસમાં લીન હું ચારે ગતિમાં રઝળ્યો' એ પણ અર્થ લઈ શકાય. કેમકે તૃષ્ણામાં લક્ષ્મીની અને વિષયો તથા સન્માન-કીર્તીની તૃષ્ણાની જેમ તરુણી સ્ત્રીની તૃષ્ણા, તેમ ભોજનના રસની તૃષ્ણા ગણાઈ જાય છે. આ તૃષ્ણાને જો ઘસારો ન પડાય તો એ તાજીમાજી તરુણી રહે છે. ખખડધજ રહે છે. એવી તૃષ્ણાનો રસ એટલે કે પકડ. આગ્રહ, આવેશ, પક્ષપાત, એમાં લીન, તન્મય, અંધ બનેલો જીવ સંસારની ચારે ગતિમાં ભટક્યા કરે છે. આપણે પણ અનંતાનંત કાળથી આવી અખંડ તૃષ્ણાના રસમાં આ ભવરૂપી નરકાગારમાં જકડાયા રહ્યા છીએ.

તૃષ્ણા અખંડ ત્યાં સુધી ભવભ્રમણ સલામત. ભવના ભ્રમણને કાપવા હોય તો તૃષ્ણાને કાપવી જોઈએ. જીવનો સંસાર તો જ ઘસારે પડે કે જો તૃષ્ણાને ઘસારો પહોંચાડાય. જડ પદાર્થોમાં 'આ જોઈએ તે જોઈએ, પેલું જોઈએ, આટલું સરસ છે. એ બરાબર બન્યું રહેવું જોઈએ...' આવી ને આવી લોથ ઊંચકીને ફર્યા કરાય ત્યાં સુધી તૃષ્ણાને ઘસારો શી રીતે પડે ? અને ઘસારો નહિ તો એને ઘડપણ શું ? મૃત્યુ શું ? દેવતાને અસંખ્ય વર્ષ સુધી તારુણ્ય-યુવાની રહે છે, ઘસારો દેખાતો નથી, ત્યાં સુધી એ દેવતાઈ લીલામાં નચિંત મસ્ત રહે છે. પણ જ્યાં છ માસમાં ઘસારો દેખાય છે, ત્યાં એ ચમકે છે, 'હાય ! આ મૃત્યુ આવ્યું !' તૃષ્ણાને ધીરે ધીરે ઘસારો પહોંચાડાય તો એનો ક્યારેક સર્વનાશ આવીને ઊભો રહે.

તો વિચારો, તૃષ્ણાને ઘસારો પહોંચાડવાનું તૃષ્ણાને કાપતા આવવાનું ચાલું છે ને ? શરીર ઘરડું થવા આવ્યું, તૃષ્ણા ઘરડી ખખડી ગયેલી દુર્બલ બની ? કે તગડી યુવતી જ છે ? ઠેઠ મૃત્યુ આવીને ઊભું રહે, છતાં તૃષ્ણા સબળ પુષ્ટ છે, તો એ પરભવે સાથે લાગવાની.

**તૃષ્ણા કપાય કેવી રીતે ? નોકરનું દૃષ્ટાંત :-**

માટે તૃષ્ણાને ઘસારો પાડતા આવવું જોઈએ. શી રીતે ઘસારો પડે ? આ સવાલ છે. એના ઉપાયમાં પહેલું તો એ જરૂરી છે કે તૃષ્ણા કડવી લાગવી જોઈએ. જો એ કડવી જ ન લાગે તો એ ઘસારે પડી રહી ! એ તો પોષાયા જ કરવાની.



અયોગ્ય નોકરને છૂટો કરવો હોય, તો પહેલાં તો એના ઉપરનો ભાવ તો ઊઠી જ જવો જોઈએ ને ? એ એક ભાગીદારને કડવો, ને બીજાને મીઠો લાગ્યા કરે, તો બીજો એને શું કામ કાઢવા દે ? એને ય જો એમ લાગે કે આ નોકર વિશ્વાસઘાતી છે, હરામી છે, રાખવા લાયક નથી, તો જ કાઢવામાં એ પણ સંમત થાય, અને પ્રયત્ન કરે. એમ તૃષ્ણા કડવી લાગે, આત્માનો દ્રોહ કરનારી લાગે, તો પછી એને કાઢવાની વાત બને.

**તૃષ્ણાને વર્ષાસન બંધ :-** હવે જુઓ નોકરને કાઢવો છે, પણ સીધેસીધો એ નીકળે એમ લાગતું નથી, તો એના પગાર ઓછો કરવામાં આવે છે. સો રૂપિયા આપતા હોય તો પંચોતેર કરાય છે, એથી કાં એ જાય, અગર દુભાતો રહે. વળી બે મહિના થયા, શેઠ કહે છે 'ભાઈ ખર્ચા નથી પહોંચાતા, પગાર હવેથી પચાસનો મળશે. ન પાલવે તો બીજે નોકરી શોધી લે.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૨,અંક-૨૨,તા.૮-૨-૧૯૬૪**

## સાપેક્ષભાવ : તૃષ્ણા તરુણી : સંક્લેશ-વિશુદ્ધિ

એમ પગાર ઘટતાં અંતે નોકર રજા લે છે. આ રીતે તૃષ્ણાને કાઢવા માટે પણ એના વર્ષાસન ઓછાં કરવા પડે. પહેલાં જેટલી તૃષ્ણા ઊઠતી હતી અને એને તૃપ્ત કરવા મન-વચન-કાયાની ધાંધલ કર્યે જતા હતા, તૃષ્ણા પ્રમાણે વિચારો-વિચારણાઓ ઠમઠોક કર્યે જતા, તૃષ્ણા પ્રમાણે શબ્દોના પ્રવાહ વહેવડાવે જતા, તૃષ્ણા પ્રમાણે કાયા અને ઇન્દ્રિયો-અવયવોથી કેટલીય દોડધામ કર્યે જતા હતા, તે બધા ઉપર નિયંત્રણ મૂકવું પડે. મન ફાવે એટલું બધું વિચારવાનું નહિ. બધું બોલવાનું નહિ, બધું જ આચરવા-કરવાનું નહિ. અંતરમાં તૃષ્ણા તો ઊઠી છે કે 'આમ કરી નાખું ને તેમ કરી નાખું,' પણ એમાંથી જેટલું બને તેટલું એમ જ જતું કરવાનું, આચરવાનું નહિ. એમ અંદરથી ખણજ તો ઊઠી કે 'આમ બોલી દઉં,' પરંતુ શક્ય એટલું વાણીમાં નહિ આવવા દેવાનું, પણ રોકવાનું, મૌન રાખવાનું. એવું જ રેઢિયાળ મન તૃષ્ણા-ખણજનું માર્યું અંટ-સંટ વિચારો પણ કરવા જાય, પણ એ અટકાવવાના.

**પ્ર.- મન વિચાર કરતું કાંઈ અટકે છે ?**

ઉ.- ના, પણ બીજા સારા વિચારમાં એને ચઢાવી શકાય ને ? એ કરીએ એટલે ખોટા વિચારો અટકી જાય. આમ વિચાર-વાણી-વર્તાવને બને તેટલા અટકાવતા જવાય, તો એની તૃષ્ણા અંદરમાં જ સમસમી રહેવાની. પણ રહી તો ખરીને ? ના. ભલે અત્યારે સમસમી રહે, પણ એમાં એને પોષણ મળતું અટક્યું. એવું

અનેકાનેક વાર બને એટલે સહેજ એનો વેગ ઓછો થઈ જવાનો.

**અભ્યાસે તૃષ્ણાને ઘસારો પડે :-** જુઓ, તપના અભ્યાસમાં શું બને છે ? પહેલું બેસણું, એકાસણું કે આંબેલ હોય ત્યારે તૃષ્ણા અંદર કૂદે છે. પણ એને પોષણ નથી મળતું એટલે બીજા-ત્રીજા-ચોથા બિયાસણ વગેરેમાં તૃષ્ણા મોળી પડે છે. એમ કરતાં કરતાં એક વખત એવો આવી લાગે છે કે જો બિયાસણની ટેવ પડી, તો બે વારથી, અને એકાસણની ટેવ પડી તો એક વારથી વધારે વાર ખાવાની તૃષ્ણા જ થતી નથી. એનો વિચારે ય આવતો નથી. ઊલટું કોઈ કહે તો અજુગતું લાગે છે. શું થયું આ ? આ તૃષ્ણા ઘસારે પડી ગઈ.

એવું કંદમૂળ-ત્યાગ, રાત્રિભોજન-ત્યાગ, બીડી-ત્યાગ, મીઠાઈ-ત્યાગ વગેરે બધામાં ય શું થાય છે ? શરૂ શરૂમાં તૃષ્ણા ઊઠે છે પણ પોષણ નથી એટલે જતે દહાડે એ ઘસારે પડે છે. પછી તો એ પાપની તીવ્ર ઘૃણા ઊભી થઈ જાય છે; એવી કે કદી એના સામુંય જોવાનું મન ન થાય.

પરંતુ તૃષ્ણાને આ ઘસારો પડે ક્યારે ? એને પોષવાનું બંધ કરાય ઓછું કરાય ત્યારે ને ? ના, બોલવાની, ખાવાની, હસવા-ખીલવાની, હરવા-ફરવા કે દોડધામ કરવાની ખણજ જેટલી ઊઠે, એટલી બધી તરત પોષ્યે જ જવી છે, અમલમાં ઉતાર્યે જ જવી છે, તો સમજી રાખો કે એ ખણજો ને એ તૃષ્ણાઓ ઘસારે પડી રહી ! ઠેઠ જીવનનો અંત આવશે, પણ તૃષ્ણા તગડી તરુણી રહેશે. એનો અંત નહિ આવે.

**સાપેક્ષભાવ માટે તૃષ્ણા-કાપ :-** ત્યારે તમને એ ખબર છે ને કે ધર્મ જીવનમાં ઉતારવા માટે જે સાપેક્ષભાવ જરૂરી હોવાનું વિચારી રહ્યા છીએ,

(૧) જીવો પ્રત્યે સાપેક્ષભાવ (૨) પરલોક પ્રત્યે સાપેક્ષભાવ

(૩) જિનવચનનો સાપેક્ષભાવ (૪) આરાધનાનો સાપેક્ષભાવ,

(૫) પાપત્યાગ પ્રત્યે સાપેક્ષભાવ,

-આ સાપેક્ષભાવ જે અતિ આવશ્યક છે, એને અમલમાં લાવવા માટે તૃષ્ણાને ઘસારો પાડ્યા વિના છુટકો જ નથી. જુદી જુદી જાતની તૃષ્ણા ઓછી કરાય, તો એ સાપેક્ષભાવનો વર્તાવ કરી શકાશે,

**દેવાધિદેવ પરમાત્મા પ્રત્યે** સાપેક્ષ બન્યા રહેવા એમની ભક્તિના અને આશાતના-ત્યાગના ખપી બનવું પડે છે. ભક્તિ ક્યારે થઈ શકવાની ! જાતના પૈસા અને જાતનાં ઉપભોગ-સાધનમાંથી જાતને માટે જ રાખવાની-વાપરવાની તૃષ્ણા ઓછી કરાય તો જ એમાંથી દેવભક્તિમાં લઈ જવાનું બને ને ? 'ના, મારું તો બધું મારા માટે અને મારા કુટુંબ માટે જ છે, અને રહેવું જોઈએ' આ તૃષ્ણા હોય,



તો શું કામ દેવનો વિચાર રાખે ? શા માટે એમાં દેવાધિદેવનો ય ભાગ હોવાનું માને ? દીકરા ચાર હોય તો ચારેયનો ભાગ હોવાનું કબૂલ છે, દીકરી સાસરે વળાવી છે છતાં એનો ભાગ મંજૂર છે, પણ દેવાધિદેવનો એમાં ભાગ હોવાની ગણતરી રાખવી નથી. એટલી બધી તૃષ્ણા જો હૈયા પર ચડી બેઠી છે, તો પછી ક્યાંથી એમનો વિચાર રહેવાનો ? ક્યાંથી એમના પ્રત્યેના સાપેક્ષભાવવાળું જીવન જીવવાનું ? એ તો મન કહેશે 'મંદિરમાં એમ ને એમ પણ જઈ શકાય, કશું પૂજનદ્રવ્ય લઈ જવું જોઈએ એવું કાંઈ નહિ; ન લઈ જઈએ તો ય ચાલે. મંદિરની સામગ્રીથી ય પૂજા થાય.' આ કોણ મનાવે-બોલાવે છે ? કહો, અંતરની આ તૃષ્ણા, કે 'મારું તો મારા માટે જ રહેવું જોઈએ.'

**ત્યારે ગુરુભક્તિ, માતાપિતાની ભક્તિ,** એ માટે સાપેક્ષભાવ પણ તૃષ્ણા કાપ્યા વિના નહિ બની શકે. જાતને જ સન્માન અપાવવાની ભૂખ ભરી હોય, એ ગુરુ કે વડીલનો વિચાર શું કામ રાખે ? 'ગુરુ કરતાં હું હોશિયાર છું, વડીલ કરતાં વધારે ભણેલો હું છું. એટલે સહેજે લોક મને સન્માન આપે. એ બધાને હું ક્યાં કહેવા જાઉં કે 'ભાઈ ! ઊભા રહો, ખરું સન્માન તો ગુરુ મહારાજનું કરવાનું, માતાપિતાનું કરવાનું; કેમકે એમના લીધે જ આ હું આ સ્થિતિમાં આવી શક્યો છું." આવું ક્યાં શિખડાવવા જવાય ? આવી આ ઉપેક્ષા હટાવવાનું તૃષ્ણા કાપ્યા વિના શક્ય નથી. 'મારી વાહ-વાહની તૃષ્ણા તો ઝેર છે, એના સંગમાં મોત થશે.' આ નજર સામે તરવરતું હોય, અને કેમ ગુરુઓની વાહ-વાહ થાય, વડીલોની બોલબોલા બોલાય, એ અંતરમાં રમ્યા કરતું હોય, તો તૃષ્ણા પર અંકુશ રહે, અને ગુરુજનો પ્રત્યે સાપેક્ષભાવ જાગતો-જીવતો રહી એને અમલી બનાવાય. એવું બીજી સેવા-ભક્તિમાં પણ.

**ત્યારે બીજા જીવો પ્રત્યે** પણ સાપેક્ષ બન્યા રહેવા માટે, સાપેક્ષ રહીને જ પ્રવૃત્તિ કર્યા કરવા માટે પણ વધતો ઓછો આત્મભોગ જરૂરી છે. પણ તે તૃષ્ણા કાપ્યા વિના શે બને ? બધી જ સુખ-સગવડની જાતને માટે જ ચિંતા છે, તૃષ્ણા છે, તો પછી ત્યાં બીજા જીવોનો સુખસગવડનો વિચાર ઓછો રહેવાનો, નહિ રહેવાનો. 'મારી જાતને જરાય તકલીફ ન પડવી જોઈએ; મારાં કષ્ટ દૂર થાય એટલે ઘણું' આ તૃષ્ણા ખડી હોય, તો બીજાની પ્રત્યે સાપેક્ષભાવની શી મજાલ હતી કે એ ત્યાં આવી શકે ? મારાથી બીજાને તકલીફ ન પડો, એવો વિચાર શાનો રહી શકવાનો ? જો તૃષ્ણાના પાપમાં એક જ લેશ્યા છે કે 'મારે મારું સલામત રહો,' ત્યાં બીજાનું કોઈ બંધન, કોઈ ભાર, કોઈ જવાબદારી રહેતી નથી, રખાતી નથી. તૃષ્ણા મારે છે, તૃષ્ણા ખુવાર કરે છે, તૃષ્ણાનો કચડાયો જીવ સુકૃત માટે

મુડદાલ બની જાય છે, સજ્જનતા અને સાપેક્ષભાવનું દેવાળું કાઢે છે.

**પરલોક-સાપેક્ષતામાં તૃષ્ણા-ઘસારો જરૂરી :-**

આ તો જીવો પ્રત્યેના સાપેક્ષભાવની વાત થઈ. પરલોક પ્રત્યે સાપેક્ષ બન્યા રહીને જ જીવન જીવવું હશે તો પણ તૃષ્ણાને ઘસારો પાડ્યા વિના નહિ ચાલે. અનાદિ કુસંસ્કારવશ ઊઠતી તૃષ્ણાઓ, ખણજો અને આતુરતાઓ પર અંકુશ-નિયંત્રણ મૂકવું જ જોઈશે. એ બધીયનું ભરણું ભરવાનું નહિ, બધીઓને તૃપ્ત કરવાની નહિ,' આ નિર્ધાર કેળવ્યે રાખ્યો હશે, તો ત્યાં પરલોક પ્રત્યે સાપેક્ષ રહી પરલોક ન બગડે એ માટે પ્રયત્ન કરાશે.

**એવું જ જિનવચન પ્રત્યે** સાપેક્ષભાવ જાળવવા માટે પણ એ જરૂરી છે કે તૃષ્ણા પર કાંઈ ને કાંઈ કાપ મૂકાય. કેમકે જાતના સુખસગવડ-સન્માનાદિની જે તૃષ્ણા હૈયામાં જો ભરી પડી છે, તો બધું ખરું, પણ 'મારા જિન શું કહે છે ? જિનવચન ક્યાં જાય છે ? સાચું એ જ છે,' એવો વિચાર ભાગ્યે જ રહે. પ્રબળ તૃષ્ણાનો એ પ્રભાવ છે કે જીવને ઈચ્છિતની આડે કોઈનું ય બંધન, કોઈના ય ભાર રાખવો પસંદ નથી, પછી જિનવચનનો ભાર અને બંધન માથે શે રખાય ?

**સુખ અને આનંદમાં તફાવત :-**

આ એક સમજવા જેવું છે કે સુખ અને આનંદ એક ચીજ નથી. સુખ જુદી વસ્તુ છે, આનંદ જુદી. વસ્તુસુખનો અનુભવ ઈન્દ્રિયોને થાય છે; આનંદનો અનુભવ મનને થાય છે. ઈન્દ્રિયોને સુખનો અનુભવ લાગવામાં મુખ્ય શાતાવેદનીય કર્મનો ઉદય જોઈએ છે, અને મનને આનંદનો અનુભવ કરવામાં રતિમોહનીય કર્મનો ઉદય જોઈએ છે. શાતાવેદનીયના ઉદયને પાછી અનેક અપેક્ષા રહે છે. ઈન્દ્રિયના સંપર્કમાં આવનાર વસ્તુ-વસ્તુની જાતભાત, વસ્તુ-વસ્તુના સંયોગ, શરીરના બંધારણ તથા રસો અને ધાતુઓ, વસ્તુ સંયોગની કાળમર્યાદા, ઋતુ, ક્ષેત્ર ઈત્યાદિના આધાર પર શાતા ઉદયમાં રહે છે. એટલે એ બધા સંયોગ-પરિસ્થિતિ જો પલટતા છે, તો શાતાનો અનુભવ પણ ચંચળ રહે એ સહજ છે.

**શાતા ક્યાં ઊડે છે ? :-**

(૧) લાડવો ખાતા સુખશાતાનો અનુભવ થાય છે, પરંતુ તે કેટલો, કેવો, કયાં સુધી ? જો બીજી વધુ સારી લાગતી પેંડો વગેરે કોઈ વસ્તુ આવી, તો પેલી સુખ-શાતા મોળી પડી જાય છે.

(૨) તેમ, એની એ વસ્તુ પણ અમુક સમય જ મોંમાં રહે તે શાતા અનુભવાય, પણ અધિક સમય રાખવા જાય તો પત્યું ! શાતા ઊડી !

(૩) એમ, અમુક જ પ્રમાણમાં ખવાય ત્યાંસુધી શાતા અનુભવાય; પણ એ



પ્રમાણ આવી ગયું એટલે ખલાસ ! ઊલટું એની એ વસ્તુથી અશાતા લાગે. એમ

(૪) શરીરના દીપક રસ ખૂટ્યા તો ય ખલાસ ! લાડુ ગમે તેટલો સારો, પણ અહીં મોંને ફિક્કો લાગવાનો; ઊલટું કદાચ મોળ પણ લાવે.

(૫) ક્ષેત્ર અને ઋતુ પણ કામ કરે છે. અમુક ક્ષેત્રવાળાને અમુક જ વસ્તુ સુખ આપે છે, બીજાને એ નહિ. ત્યારે ઋતુનો અનુભવ ક્યાં અજાણ્યો છે ? ઉનાળામાં ઠંડુ પાણી શાતા આપે, પણ શિયાળામાં એ જ અશાતા કરે છે !

(૬) એમ, વસ્તુ-વસ્તુના સંયોગ પણ શાતા-અશાતામાં ભાગ ભજવે છે. દાળને મીઠાનો અને દૂધને સાકરનો સંયોગ થાય તો જ એ શાતા દેખાડે; પણ એથી ઊલટું થાય તો ? ગઈ શાતાની વાત ! સરખાનો સંયોગ પણ અમુક પ્રમાણમાં હોય તો જ શાતા ઉદયમાં આવે, પણ જો પ્રમાણ ઉલ્લંઘાઈ ગયું તો ય પત્યું, શાતા ગઈ ! દાળમાં મીઠું ડબલ પડે તો શું થાય ? જીભને અડતા થૂ થૂ થૂ જ ને ?

**બીજી ઈન્દ્રિયોમાં પણ આવું છે.** સંગીત અમુક કાળે-અમુક રાગનું હોય તો મીઠું લાગવાનું. તે પણ અમુક હદ સુધી જ હોય ત્યાં સુધી ગમે; પછી તો કંટાળો આવે છે. કાન રાગની બદલ માગે છે. થોડું ગવાઈ રહ્યે એનું એ નીરસ લાગે છે. ત્યાં પણ અમુક વાજિંત્ર, અમુક તાલ, અમુક ઠેકો, અમુક આલાપ વગેરે હોય તો જ. એમાં જો ફેરફાર પડે તો કાનને કડવું લાગે છે. શાતા ગઈ !

એમ, સ્પર્શનેન્દ્રિયમાં શું છે ? એવી જ ભાંજગડ. શિયાળામાં ગરમ જાડા અને વધારે કપડાં મીઠાં લાગે છે, પણ ઉનાળામાં નહિ. ઉનાળામાં તો એથી ઊલટાં હોય તો જ સુખ લાગે છે. વળી ગાદી પણ અમુક જ સમય બેસી રહો ત્યાં સુધી સુખ, પણ પછી એમાં જ અશાતા લાગે છે. અરે ! સુવામાં ય એક પડખે અમુક જ સમય સૂવામાં સુખ, પછી નહિ. પછી તો પડખું બદલવું પડે છે. આજે કહે છે ને કે સામાન્ય રીતે માણસ એક રાતની ઊંઘમાં ૩૫ વાર પડખું બદલે છે !

શાતાના અનુભવમાં શરીરનું બંધારણ, જીભના રસ વગેરે પણ મોટો ભાગ ભજવે છે. પોપટને ફળફળાદિમાં સુખ લાગે છે, કાગડાને ગંદા માંસ-કફ વગેરેમાં ! રાજહંસ મોતીના ચારાથી રીઝે છે, ભૂંડ વિષ્ઠાથી ! ઈન્દ્ર દેવતાઈ પદાર્થોમાં સુખ અનુભવે છે, નરકનો કીડો નરકમાં ! પિત્ત પ્રકૃતિવાળો મીઠાઈથી શાતા અનુભવે છે, ને વાયુ પ્રકૃતિવાળો તીખા-તમતમતા ફરસાણથી. ગધેડાને ઉકરડામાં કે રાખમાં લોટવામાં સુખ થાય છે, માણસને મખમલની ગાદીમાં. શાતાના આ કેવા ખેલ ! શું આમાં જીવન કુટાવા દેવાનું ?

જીવની પાસે શાતાવેદનીય અને અશાતાવેદનીય, બંને જાતના કર્મના સ્ટોક (જથ્થા) છે. તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, ભવ, પરિસ્થિતિ, પ્રમાણ વગેરેના આધાર

પર એ વારાફરતી ઉદયમાં આવે છે, અને સુખ-દુઃખના અનુભવ કરાવે છે. **આ તો સુખની વાત થઈ.**

**હવે, આનંદ શું ચીજ છે ?** આનંદ એ રતિમોહનીય કર્મના ઉદયથી થતો અનુભવે છે. એનો આધાર તૃષ્ણા પર છે. સુખની વસ્તુ હાજર ઊભી છે, પણ તૃષ્ણામાં ફરક પડ્યો તો આનંદ ઊડી જાય છે. માનો કે કોઈએ કોઈ ભિખારીને લાડવો ખાવા બેસાડ્યો. હવે એ ભિખારીને તો જાણે ન જોયાનું જોવા મળ્યું એટલે લાડુ અને તૃષ્ણાના હિસાબે સુખ અને આનંદ બંને છે. પરંતુ એટલામાં કોઈ બીજો ભિખારી ત્યાં આવ્યો, અને ઘરધણીને એના પર વધારે ભાવ જાગવાથી એણે એને પેંડા-બરફી જમાડવા બેસાડ્યો. તો પેલા પહેલા ભિખારીની શી દશા ? લાડવાનું સુખ ઊભું છે, જતું રહ્યું નથી, પરંતુ પેંડા-બરફીની તૃષ્ણા ઊઠે છે. એટલે લાડવાનો મનને જે આનંદ લાગતો હતો, તે આનંદ ઊડી જાય છે. સુખશાતાનો અનુભવ છે, આનંદ નથી. તૃષ્ણા એ છતા સુખે આનંદ ઉડાવ્યો.

**પ્ર.**- તૃષ્ણા આનંદ આપે પણ છે ને ? તૃષ્ણા છે તો મેળવવાનો આનંદ, મળતાં આનંદ, સાચવતાં આનંદ, ભોગવતાં આનંદ...આ બધો આનંદ, આનંદ તૃષ્ણાથી મળે ને ?

**ઉ.**- બરાબર, હવે સાથે એ તપાસો કે ઉદ્વેગ કેટલો થાય ? કેવો થાય ? ક્યાં ક્યાં થાય ? તૃષ્ણાની ચીજ મેળવવા ગયા, તૃષ્ણા મોટી છે, પુણ્ય નાનું છે, એટલે મેળવવાના સંયોગ-સામગ્રીમાં કેટલાય વાંધાવચકા પડવાના. તે તે વખતે ઉદ્વેગ થયા વિના રહેશે ? મળતા આનંદ કહો છો પણ ધારણા મુજબ ન મળ્યું બીજાને ઘણું મળ્યું, આપણને મળવામાંથી કોઈ આંચકી ગયું, આજે સરકાર ઈન્કમટેક્ષ, સરટેક્ષ, સેલ્સટેક્ષ વગેરે આંચકે છે ને ? ત્યાં ઉદ્વેગ કેટલો ? બીજાની ઈર્ષ્યાનો ઉદ્વેગ કેટલો ? મેળવી લાવ્યા પર ઘરમાં કે બીજે રગડા મચે એનો ઉદ્વેગ કેટલો ? પછી સાચવવામાં શું કોઈ ઉદ્વેગ જ નથી ? ભૂલતા નહિ, સાચવવામાં તો શાસ્ત્ર ઠેઠ રૌદ્રધ્યાન સુધીના ઉદ્વેગ કહે છે. ત્યારે, શું ભોગવવામાં ઉદ્વેગ નથી ? જોયું નહિ પેલા ભિખારીને લાડવો ખાવા વખતે જ બીજા ભિખારીને પેંડો આપતો દેખી આનંદ સુકાઈ ગયો અને ઉદ્વેગ લમણે લાગ્યો ? અને ઉદ્વેગનું એક જ નિમિત્ત થોડું જ છે.

**આ જગતમાં આનંદનાં નિમિત્ત કરતાં ઉદ્વેગનાં નિમિત્ત ઘણાં છે.** શાસ્ત્ર સંસારની ચારે ગતિના દુઃખ બતાવતાં, દેવતાને પણ કેઈ જાતનાં દુઃખ બતાવે છે. **'ભવભાવના'** નામના શાસ્ત્રમાં દેવનાં દુઃખ-ઉદ્વેગનું વર્ણન એવું મૂક્યું છે કે વિચારકને એ વાંચીને દેવના આનંદ પણ તુચ્છ લાગે. અસાર ભાસે, એના પર પણ વૈરાગ્ય થાય. ત્યારે મનુષ્યના ઉદ્વેગોનું તો પૂછવું જ શું ? આંખ ખોલો, હૈયું ખોલો, અને



બરાબર જુઓ તો આનંદનાં નિમિત્તો કરતાં દસગુણા, સોગુણા ઉદ્વેગનાં નિમિત્તો અથડાતાં દેખાશે. એ ઉદ્વેગ પણ ભારે ! હલકો નહિ. પુત્ર જન્મ્યાના આનંદ કરતાં એના મરણનો ઉદ્વેગ ભારે મોટો હોય છે. લાખ કમાયાના આનંદ કરતાં લાખ ગુમાયાનો શોક-ઉદ્વેગ અતિશય ભારે લાગે છે.

આઘે ક્યાં જોવા જવું છે ? તમારા જીવનનો એક જ દિવસ તપાસો ને, કે સવારે જાગ્યા ત્યારથી રાત્રે સુઓ ત્યાં સુધીમાં આનંદની ક્ષણ કેટલી ? ને ઉદ્વેગની ક્ષણો કેટલી ? આનંદ કરતાં ઉદ્વેગનો વેગ કેટલો ? ઉદ્વેગનું પ્રમાણ અને ઉદ્વેગ ચાલુ રહેવાનો કાળ કેટલો ? ઝીણવટથી તપાસવું હશે તો દેખાશે કે ઉદ્વેગ તો ડગલે ને પગલે !

**આનંદના નિમિત્ત સેવતાં જીવ ભિખારી :-**

એ પણ જોવા જેવું છે કે આનંદનાં નિમિત્ત ઓછાં છે એટલું જ નહિ, કિન્તુ તૃષ્ણાના માર્યા એ નિમિત્તો સેવવા છતાં જીવની દશા એક ભિખારી જેવી બને છે.

● **ભિખારીને દીનતા કરવી પડે છે,** ● વલવલાટ થાય છે.

● સત્ત્વ દબાય છે, ● માયા પ્રપંચ આદરવાનું બને છે,

● પાપની લેશ્યા તો કોટે જ વળગી સમજો,

● દેવ-ગુરુની તારક સેવાને બદલે હાલી-મવાલીની સેવા-આજીજીમાં માનવ જીવનના મહાન અવસરની બરબાદીનો પાર નહિ !

● પરલોક-વિચાર તો બિચારો ક્યાં ય છુપાઈ જાય છે !

આ રીતે ચપ્પણિયાથી ભીખ માગતા ને મેળવતા એક ભિખારી, અને મોટી મૂડી આબરું અને સંયોગ-સામગ્રીથી વેપાર કરતા અને ધન મેળવતા તૃષ્ણાભર્યા શ્રીમંતની વચ્ચે શો ફરક છે ?

સારાંશ, તૃષ્ણાના આનંદ પાછળ ભિખારીપટ્ટીના કેઈ ચાળા, તથા પારાવાર નિમિત્તોથી ઊભા થતા ઉદ્વેગ પર વિવેકથી વિચાર કરાય તો લાગશે કે 'એવી તૃષ્ણાના આનંદ જહન્નમમાં ગયા ! મારે ન જોઈએ. દારુડિયાની દારુની લત પાછળની વિડંબણાઓ અને નાલેશી જેવી વિટંબણા-નાલેશી-ઉદ્વેગ-શોક અને પાપલેશ્યાથી ભરચક ભરી તૃષ્ણાથી મારે સર્યું !'

**જીવની એ ઘેલછા છે કે જો કે સુખ તો પુણ્યના આધારે મળવાનું હોય તે મળે જ છે, છતાં દુઃખ-ઉદ્વેગની ખાણ સ્વરૂપ તૃષ્ણાના આનંદ પાછળ ભટકે છે !** તૃષ્ણામાં ન ડુબે તો ય સુખ ભાગી જતું નથી; અને તૃષ્ણા લાખ કરે છતાં સુખ ન મળવા-ભોગવવાનું હોય તો મળતું કે ભોગવાતું નથી. આજે તો એવા બહુ ઓછા મળે, પણ પૂર્વે આર્યસંસ્કૃતિ જીવનારા સંખ્યાબંધ હતા કે જે તૃષ્ણાના તેવા

જોર વિનાનું જીવન જીવતા હતા, અને છતાં સુખ સારી સ્થિતિનું મેળવતા-ભોગવતા. કહો કે તૃષ્ણાનું જોર નહિ માટે જ સારા સુખી હતા. બજારમાં જાય એ તૃષ્ણાભર્યા નહિ, કિન્તુ આજીવિકાની ચિંતા પૂરતા; અને તે ય સમજી મૂકીને કે ભાગ્યના અનુસારે જ મળવાનું છે; પછી કાંઈ જોઈએ તેવી ફાવટ ન પણ આવી, તો ય એને વિહ્વળતા શી ? તેમ એ એવી દીનતા કે વલવલાટ પણ શું કામ કરે ? નક્કી કર્યું છે કે 'ભાગ્ય દેશે તે લઈને જાશું, પછી શા સારું ખોટી ગળગળાગીરી કરવી ?'

**સંકલેશ : વિશુદ્ધિ** એમ, ભોગવવામાં પણ જો તેવી તૃષ્ણાનું જોર નથી, તો ય સુખને કાંઈ વાંધો નથી આવતો. ઊલટું સુખનો ભોગવટો શાંતિ અને વિવેકથી થાય છે. તૃષ્ણાના જોરમાં તો ચિત્ત રાગાદિના તીવ્ર સંકલેશમાં પડે છે, અને એ સંકલેશ ચીકણા કર્મબંધ કરાવે છે. શાસ્ત્રમાં એવા સુખભોગને સંક્લિષ્ટ ભોગ કહે છે. પાપાનુબંધી પુણ્યથી એવા સંક્લિષ્ટ ભોગ મળે છે.

કાંઈ સુકૃત કર્યું, દાન કર્યું, દયા કરી, વ્રતનિયમ કર્યા, ભગવાનની ભક્તિ કરી, કે સાધુની સેવા કરી, પરંતુ તે દુન્યવી લાલસાએ કરી, 'પૈસા મળે, છોકરો મળે, જશ મળે, માન મળે, લોકમાં સારો દેખાઉં, બીજાના સુકૃતને હલકું પાડી દઉં...' આવી કોઈ દુષ્ટ કામનાથી સુકૃત કર્યું, તો એનાથી પાપાનુબંધી પુણ્ય બંધાય. પુણ્ય છે એટલે સુખદ ફળ તો આપે, પણ પાપાનુબંધી ! અર્થાત્ એવા પુણ્યથી જે સુખ-સાધન મળે એના જ દ્વારા નવી પાપકમાઈ થાય, એવી જ બુદ્ધિ સૂઝે, એવી જ કરણી આવડે ! એવી બુદ્ધિમાં રાગ-દ્વેષ-મોહ-અહંત્વ-આસક્તિ વગેરેનું જોર હોય. એને સંક્લેશ કહેવાય છે. આવા સંક્લેશવાળા સુખભોગ એ સંક્લિષ્ટ ભોગ કહેવાય છે. એ ભિખારીને એંઠા-જૂઠા ટૂકડા પર પણ હોઈ શકે, અને દેવતાને મોટા દેવતાઈ પદાર્થ ઉપર પણ હોઈ શકે. પાપાનુબંધી પુણ્ય ઉપાર્જતી વખતે આવા સંકલેશ ચિત્તમાં રમતા હોય છે, તેથી એ પુણ્યના ઉદય વખતે ય સંકલેશનું જોર રહે છે. એવા સંકલેશવાળા સુખ કે દુઃખના ભોગવટાને સંક્લિષ્ટ ભોગ કહે છે.

**આપણા સંકલેશની પરીક્ષા :-** ત્યારે વિચારવા જેવું છે કે આપણને કોઈ દુઃખ પણ આવ્યું, જરા આપણું અપમાન થયું, નિંદા થઈ, કોઈએ આપણા પર આક્રોશ કર્યો, યા સહેજ માથું દુઃખી આવ્યું, તાવ આવ્યો, નાની ફોલ્લી થઈ, અથવા સહેજ ઠોકર વાગી કે કાંટો વાગ્યો, યા નાની-શી ચીજ ગુમાવી કે કોઈએ આઘી પાછી કરી,...આવા સામાન્ય પણ દુઃખથી આપણાં ચિત્તમાં ભારે વિહ્વળતા થાય છે ખરી ? ક્રોધ ઊઠે છે ? પિત્તો જાય છે ? હાયવોય અને ધમધમાટ થાય છે ? જાતની, ચીજની કે શરીરની ભારે કિંમત લાગીને એની મમતા પીડે છે ?



જો હા, તો એ સંકલેશ છે. એવા સંકલેશ સાથે દુઃખનો ભોગવટો એ સંક્લિષ્ટ ભોગ છે. દુઃખનું દુઃખ તો ખરું જ ઉપરાંત સંકલેશનો માર નફામાં !

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૨,અંક-૨૩,તા.૧૫-૨-૧૯૬૪**

**તુચ્છ સુખમાં ય સંક્લેશ :-** ત્યારે સુખમાં પણ આ તપાસવા જેવું છે કે ભલે ને બહુ નાનું સુખ મળ્યું, જમવા બેઠા ને ગરમાગરમ રોટલીના ફૂલકા આવ્યા, કે બરાબર કડક ગરમ ચાહ આવી, ત્યાં ચિત્ત અતિ રાગ અને આનંદ-ઉલ્લાસમાં ચડે છે ? બે પૈસાની પ્રાપ્તિ થઈ, યા સારી ચીજવસ્તુ મનમાની મળી, કે સહેજ માન મળ્યું, અથવા કોઈએ આપણા ગુણ ગાયા, પ્રશંસા કરી, સભામાં આગળ બોલાવ્યા આવી કોઈ નાની પણ સુખસગવડ વખતે મનમાં અહંત્વનો પારો ચડે છે ખરો ? મનને હરખ-હરખ થઈ જાય છે ? જો હા, તો એ સંક્લેશ છે, એમ સમજી રાખો.

દુઃખ કે સુખ, નાનું કે મોટું, પણ એ જો રાગ-દ્વેષ-અહંત્વ, મદ-માયા, યા હરખ-દ્વેષના સંકલેશવાળું છે, તો એ સંક્લિષ્ટ ભોગરૂપ બનવાનું. એનું પરિણામ નરી પાપની કમાઈ !

**પાપાનુબંધી પાપથી સંક્લિષ્ટ દુઃખ આવે, અને પાપાનુબંધી પુણ્યથી સંક્લિષ્ટ સુખ આવે.**

બંને સ્થિતિમાં સંકલેશ થવાનો, અને પાપના પોટલા બંધાવાનાં ! એનાથી બચવું હોય તો સંકલેશ ટાળવો, નહિતર પાપનાં પોટલાં એટલે સમજો છો, શું ? ભોગવવાનું થોડું, પણ પાપ બાંધવાનું ઘણું ! સુખ-દુઃખમાં પુણ્ય કે પાપ તો જાય બે, પણ પાપ આવે બાર ! એ સ્થિતિ ટાળવી હોય તો સંકલેશ અટકાવવો જ જોઈએ; રાગ, દ્વેષ, અહંત્વ, હરખ, ખેદ વગેરેના આવેશ અને આવેગ ઓછા કરવા જ જોઈએ; અધ્યવસાયના સંકલેશને બદલે અધ્યવસાયની વિશુદ્ધિ તરફ ખાસ લક્ષ રાખવું પડે.

**સંક્લિષ્ટ અધ્યવસાય એ સંહાર-વર્ધક છે.** સુખ-દુઃખ કેવું, કેટલું, એનો બહુ હિસાબ નથી; પણ જો ચિત્તના અધ્યવસાય સંકલેશવાળા છે, તો એથી ભવના ફેરા વધે છે, દુર્ગતિની શેરીઓ ખુલ્લી થઈ જાય છે; અને પછી તો એવા હલકા જીવનોમાં સંકલેશનું તાંડવ મચે છે ! પછી પાપમાં શું બાકી રહે ? નર્યા પાપાચરણભર્યા જ જીવન ! માટે જ આ સાવધાની ખૂબ જ રાખવા જેવી છે કે સુખ કે દુઃખ ગમે તે આવે, પણ સંકલેશમાં ચિત્તને ન પડવા દઈએ, ચિત્તના

અધ્યવસાય વિશુદ્ધ-નિર્મળ રાખીએ.

**વિશુદ્ધ અધ્યવસાય** એટલે વૈરાગ્યનો ભાવ, તૃપ્તિ, ઉપશમનો ભાવ, આસક્તિ-લંપટતા-લાલસાનું સંયમન, ક્ષમા, નમ્રતા, ઉદારતા, પરાર્થવૃત્તિ, દયા, સહાનુભૂતિ, તત્ત્વચિંતન,... આના હાર્દિક ભાવ એ નિર્મળ અધ્યવસાય કહેવાય. પૌદ્ગલિક દુન્યવી વસ્તુ ગમે તેવી સારી દેખાતી મળી, પણ એ વિચારવાનું કે આમાં શો માલ છે ? અંતે તો આ પુદ્ગલ જ ને ? સડન-પડન-વિધ્વંસનના સ્વભાવવાળું ! વળી છેવટે મરતા તો મૂકીને જ જવાની ચીજ ! એના પર શું હરખાવું તું ? એવા વિનશ્વર સંયોગમાં હું મારા આત્માને રાગદ્વેષ અહંત્વાદિના કીચડથી કાં ખરડું ? ચીજ તો ચાલી જશે, પણ એ કીચડના લેપડા આત્મા પર ચોટ્યા રહેશે !' આવી કોઈ જાગૃતિ રખાય તો અધ્યવસાય નિર્મળ રહે. એવું દુઃખ, પ્રતિકૂળતા આદિના પ્રસંગમાં પણ એને ક્ષણિક વિનશ્વર સમજી દ્વેષ-ઉકળાટ ન થવા દેતાં શાન્તિ-સૌમ્યતા, જીવો પર ભાવ દયા, આપણા આત્માની નિંદા-જુગુપ્સા, વગેરે ભાવ જાગતા રાખવાના. ત્યાં અધ્યવસાય વિશુદ્ધ રહે.

**સુખનો ભ્રમ કેમ ? :-** મૂળ વાત આ છે કે તૃષ્ણાનું જોર ઓછું કરાય તો જ સુખ-દુઃખમાં સંકલેશ ઓછો રહેવાનો. તૃષ્ણાનો માર્યા સુખની સાથે ચિત્ત જો આનંદનો ઉછાળો અનુભવશે, તો સંક્લેશ આવ્યો જ સમજો. અનાદિ મોહવાસિત ચિત્તને તૃષ્ણાના જોશમાં જડ પદાર્થોનાં સુખ એટલે જાણે 'શી વાત !' એમ લાગે છે. પરંતુ જો વસ્તુસ્થિતિ જોવાનું કરાય તો દેખાશે કે ખરી રીતે સુખમાં તો કાંઈ માલ નથી, કિન્તુ તૃષ્ણા એક ખોટો ભ્રમ છે. 'ભ્રમ' એટલા માટે કહેવાય છે કે સહેજ સંયોગ પરિસ્થિતિ ફરતા તરત જ સુખ લુપ્ત ! અને દુઃખનો અનુભવ થાય છે. રસ્તા પર પડેલો ચકચકતો કલાઈના પતરાનો ટૂકડો હમણાં ચાંદીરૂપે લાગતો હોય, પણ જરા નજીક ગયા, હાથમાં લીધો, એટલે ચોક્ખું ભાસે છે કે આ ચાંદી નહિ ત્યાં મનને થાય છે કે 'ચાંદીનો ખોટો ભ્રમ થયો' એમ અહીં પણ જેને સુખ માનતા હતા, ઘડી પછી એ દુઃખરૂપ લાગે, એનો અર્થ જ એ, કે પહેલાં સુખનો ભ્રમ જ હતો, તૃષ્ણાવશ સુખ તરીકે માની લીધું હતું. તૃષ્ણા ફરતાં, સુખ ગયું.

ખરી હકીકત એ છે કે સાચો સુખી, જે તૃષ્ણા વિનાનો છે, એ જ છે. તૃષ્ણા જેમ મોટી, તેમ સુખ નાનું. તૃષ્ણા જેમ ઓછી તેમ સુખ વધારે. તૃષ્ણા સમૂળગી નહિ, તો સુખનો પાર નહિ. પરંતુ જો હૈયામાં તૃષ્ણા એટલી બધી ભરી પડી છે કે હવે બીજી ત્યાં જગા જ નથી, તો ત્યાં સુખનો છાંટોય નહિ.

**તૃષ્ણા એક ખરજવું :-**

**પ્ર.**- તૃષ્ણા વખતે સુખ લાગે છે ને ?



ઉ.- એ સુખાભાસ છે. ઉન્માદી માણસ બકવાદમાં આનંદ માને છે ને ? ખસ-ખરજવા કે દાદરના રોગવાળો ખણવાથી ક્ષણભર ખુશ થાય છે ને ? પણ એ એનો ભ્રમ છે, સાચો સુખાનુભવ નહિ. વિવેકી હોય તો સમજે છે કે આ આનંદમાં મોહાવા જેવું નથી; એ રોગ છે.' એટલે એ ઇચ્છે છે કે 'ક્યારે આ બલા ટળે !' કિન્તુ એમ નથી ઇચ્છતો કે 'આ થોડા ખરજવામાં ચળવાનો આટલો આનંદ છે તો આખા શરીરે ખરજવું રહે તો કેવી સરસ મજા ચળવાની આવે !' તમે આવું ઇચ્છો ખરા ? ના, કેમકે એમાં સુખ નહિ પણ દુઃખનો પોટલો સમજો છો. બસ, તૃષ્ણા પણ એક ખરજવું સમજો. એની ખણજ સંતોષવા જતાં દુઃખ વધવાનું છે ! સુખ લાગે છે તે ભ્રમણા છે, ભ્રમણા એટલા માટે કે તૃષ્ણાને પોષતાં તૃષ્ણા વધે છે. ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કહે છે,

**'अपूर्णः पूर्णतामेति पूर्यमाणस्तु हीयते ।'**

અર્થાત્ તૃષ્ણાને જે પૂરતો નથી તેની તૃષ્ણાની ખાઈ ભરાઈ જાય છે, તૃષ્ણા સમાપ્તિ પામે છે; જ્યારે, જે પૂરવા-પોષવા જાય છે, તેની તૃષ્ણાની ખાઈ ઊંડી થતી જાય છે, એટલે કે તૃષ્ણા વધતી જ જાય છે.

**પોકનું મૂળ તૃષ્ણા :-** તૃષ્ણા વધ્યા પછી એની પાછળ કેવા સંતાપ વધે છે, અને પોક મૂકવી પડે છે, એ અનુભવમાં નથી શું ? મોટર વસાવવાની તૃષ્ણા જાગી. એને પોષી, મોટર લાવ્યા તો ખરા; પણ વસાવેલી મોટર પર હવે કેટલી બીજી તૃષ્ણાઓ એની પાછળ જાગે છે ? કેટકેટલી ગણતરીઓ અને ધારણાઓ ઊભી થાય છે ? શું એ બધી ધાર્યા પ્રમાણે પાર ઊતરે ખરી ? ના, બસ ત્યાં ચિંતા, ખેદ, સંતાપની કેટલી લોથ ? સુખની ક્ષણ થોડી, ચિંતા-સંતાપની ક્ષણો ઘણી ! નથી ને મોટરમાં અકસ્માત્ થયો, તો ઊડ્યા ! 'દીકરો થાય તો સારું,' તૃષ્ણા કરી, દીકરો મળ્યો, સુખી થયા લાગ્યું, પણ પછી માંદો પડ્યો તો સંતાપ; ને નાલાયક પાક્યો, આડો ફાટ્યો, તો પોક જિંદગી સુધી, દેખે ને રડે, દિલ ફાટે, 'હાય ! આ તે દીકરો કે દુશ્મન ?' અને કદાચ લાયક હતો પણ મરી ગયો, તો ય જીવનભર પોક,-'હાય ! સોના જેવો દીકરો ગયો ! આંધળાની લાકડી ગઈ !' આ બધું મૂળ તૃષ્ણામાંથી.

**તૃષ્ણાથી તૃષ્ણા વધે છે :-** વિવેકથી જો વિચાર કરાય તો સમજાય કે તૃષ્ણાનું સુખ એ દુઃખ છે. બાકી ઉપલક દૃષ્ટિએ જોઈને કહેવામાં આવે કે 'પણ સુખનો અનુભવ થાય છે ને ?,' એનો તો ઉત્તર એ છે કે ઉન્માદીને બકવાદમાં આનંદ લાગે છે. પણ એ સાચો આનંદ એટલા માટે નથી કે એ બકવાદના પરિણામમાં મીંડુ છે, કશું ઊપજતું નથી, અને નવા નવા બકવાદનું ગાંડપણ ચાલ્યા કરે છે.

બસ, તૃષ્ણામાં આવું છે. જગતની કોઈ પણ વસ્તુ એવી નથી કે જેની તૃષ્ણામાં દોડ્યા અને જે મળ્યું એથી પછી કશું સંગીન ઊપજતું હોય. કારણ એ છે કે,

**જીવ અનેક સંયોગોનાં સુખમાં ટેવાયેલો છે.** ત્યારે હવે જુઓ કે એક વસ્તુનો સંયોગ તો થયો, પરંતુ એટલુ પુણ્ય નથી કે સાંયોગિક બીજી બધી વસ્તુની સરખાઈ આવી મળે. કાંઈ ને કાંઈ અધુરું રહે છે જ. ત્યાં નક્કર આનંદ શાનો ? એટલું જ નહિ, પણ અંધૂરુંય જેટલું મળે એ સ્થાયી નહિ. એટલે સરવાળે મીંડુ જ કે બીજું કાંઈ ? ત્યારે કદાચ એક તૃષ્ણાને તૃપ્ત કરવાનું તો કર્યું, પણ હવે એના પર જ નવી ને નવી તૃષ્ણાઓ જાગવાની જ. એટલે હવે એની ખાતર ઘૂમો ! શું પામ્યા ? શું આમાં નક્કર આનંદ છે ?

જગત આખામાં ઘૂમી વળો, તૃષ્ણાના ધક્કે ચડેલો એક પણ જીવ એવો નહિ મળે કે જે ચિંતારહિત, કાયમી આનંદ ભોગવતો દેખાય. એ તો તૃષ્ણાને ઓછી કરાય, તૃષ્ણા તરુણી નહિ, પણ ઘરડી દૂર્બળ બનાવાય, તો જ એ એટલી ઓછી. કરવાના પ્રમાણમાં સાચા સુખનો અનુભવ થાય.

ભૂલવા જેવું નથી કે, આનંદ તૃષ્ણા ઓછી થયાનો છે, પણ તૃષ્ણાનાં તરપણનો નહિ. દિવસમાં છ વાર ચાહ પીવાની તૃષ્ણા થતી હતી, તે હવે ત્રણ વારની કરી દીધી, તો ત્યાં આનંદ ત્રણ વખત પીવાનો નહિ, પણ ત્રણ વાર તૃષ્ણાની લપ ઓછી કર્યાનો રહે છે. પેલામાં તો ૨-૩ કલાકે ખણજ ઊઠ્યા જ કરતી હતી, ઊઠ્યા જ કરતી હતી, તેમ ઝંખના, આતુરતા, આકુળ-વ્યાકુળતા વગેરે પજવ્યા કરતી હતી; પણ હવે અંકુશ મૂક્યો એટલે એટલા પ્રમાણમાં પજવણી ઓછી થયાથી ચિત્ત શાંતિ, સ્વસ્થતા અનુભવે છે. જેટલા પ્રમાણમાં જરૂરિયાત ઘટાડાય એટલા પ્રમાણમાં મનને શાંતિ, સ્ફૂર્તિ, પ્રસન્નતા, નિશ્ચિન્તતા મળવાની; જીવનનું ધોરણ ઊંચું આવવાનું.

**જીવનધોરણ કે જીવનખર્ચ ? :-**

આજે શબ્દોની વ્યાખ્યાય વિકૃત કરવામાં આવે છે. કહે છે જીવનધોરણ ઊંચું લાવવું છે, ઊંચું એટલે ? વધારે ખર્ચાળ, વધારે મોઘું અને રેડિયો, ટેલિફોન, મોટર, વિમાન, વગેરે અનેકાનેક સગવડોવાળું ! કહો, આ તે જીવનનું ધોરણ Standard of life ઊંચું કર્યું ? કે જીવનની ચલાવવાની કિંમત Cost of life ઊંચી કરી ? ચલાવવાનો ખર્ચ વધાર્યો ? તો શું એ વધારવામાં સુખશાંતિ વધવાની છે ? ના, ખર્ચને પહોંચી વળવા માટે આવક કરવા આડાઅવળા ધંધા કરાશે. વસ્તુના ભાવ ઊંચા, એટલે નફાનો માર્જિન મોટો રહેવાનો. એ માટે પછી આડુંઅવળું કરવાનું કેમ નહિ થાય ? આજ અમેરિકાની સ્થિતિ જુઓ કે 'ખૂન કેટલા થાય



છે ? ચોરીઓ કેટલી ? એના ઉપાયો કેવા અને કેટકેટલા ? જૂઠ, પ્રપંચ, ઠગાઈ કેટલી ચાલે છે ?' માનેલું જીવનધોરણ ઊંચું એટલે નજર સામે લક્ષ્મીના મોટા આંકડા તરવરે છે; પછી ત્યાં બાપ-દીકરા અને પતિ-પત્ની વચ્ચે લોભની ખેંચાખેંચ કેટલી ? વેપારીને ઘરાક પાસેથી આંચકવાની વૃત્તિ કેવી ? સારાંશ, સુખ નથી વધતું, પણ પ્રપંચ વધે છે, તોફાન વધે છે, હાયવોય-તૃષ્ણા-લંપટતા-પાપો વધે છે.

જરૂરિયાતો અને નવનવી સગવડો વધારવામાં ય જીવની એટલી ખણજો અને ચિંતાઓ વધે છે. મોટર છે એટલે મનને થાય છે કે 'ક્યાં જાઉં ! પાર્લે જાઉં કે વરલી જાઉં ? આને મળવા ઊપડું કે પેલાને ?' આવી આવી તો કેઈ ખણજો જાગ્યા જ કરે છે. એમ નહિ કહેતા કે 'પણ મોટર છે એટલે જલ્દી જઈ વળે ને ?' જઈ વળ્યો તેથી શું થયું ? ત્યાંય પાછી પાસે મોટર છે ને ? એટલે નવનવી ખણજ ઊભી થવાની. એમ મોટરની પાછળ ચિંતા ય ભારોભાર ડ્રાઈવરની, પેટ્રોલની, રીપેરિંગની, ગોડાઉનની, ટેક્ષની, નંબરની, મોટર કોઈ માગે એની, મોટરની નવી ટાઈપ આવી તો એની;...કેટકેટલી ચિંતા ? આ ખણજો અને આ ચિંતાઓ અશાંતિરૂપ છે. એથી સુખ-આનંદ લૂંટાઈ જાય છે.

તૃષ્ણાના માર્યા જેટલી ઉપાધિઓ વધારાય એટલી અશાંતિ વધવાની, સુખ કપાવાનું. ઉપાધિ ઓછી કરો તો અશાંતિ ઘટવાની, જંપ અને સુખ વધવાનું.

એટલું સમજી રાખો કે સુખ એ આત્માની ચીજ છે, બાહ્ય પદાર્થથી નહિ. ઉપર ઉપરના દેવલોકના ઇંદ્રોને કેવા કહેશો ? વધારે વધારે સુખી કે ઓછા ઓછા સુખી ? જો જો ઉપર ઉપર માલિકીના વિમાનોની સંખ્યા ઘટતી જાય છે. બાર દેવલોકની ઉપરના દેવોને તો જવા આવવાનું ય બંધ ! છતાં સુખ વધારે ! કહો, ઉપાધિ ઓછી છે માટે જ સુખ વધારે હોય છે.

આજે તો તમને જડવાદી વાતાવરણે આંજી દીધા છે, એટલે તમને બહારની જેમ જેમ સગવડો ઉપાધિઓ વધે, એમ વધારે વધારે સુખ દેખાય છે. સુખ બહારમાં જ દેખો છો, અંતરાત્મામાં નહિ. અને આ ભ્રમણા છે ત્યાં સુધી ભલે જિંદગીભર દોડો, સુખી થઈ રહ્યા ! સુખ અંતરની ચીજ છે. પરંતુ બાહ્ય સાધન-ઉપાધિમાં માનેલ સુખની કલ્પનાનો પડદો ખસે તો જ એ સમજાય. સમજાયા પછી ઉપાધિ ઓછી કરાય તો સુખનો અનુભવ થાય. પહેલું જો સમજાયું જ નથી, તો ઉપાધિ છતાં સુખ નહિ અનુભવાય. શ્રીમંતને દેખીને લારા-ઓરતો કરતો ગરીબ સુખી નથી. કેમકે એણે ઉપાધિઓમાં સુખ માન્યું છે.

માટે સુખી થવું હોય તો પહેલું આ મિથ્યાત્વ ટાળો કે 'બાહ્યમાં સુખ.' આ માન્યતા મિથ્યાત્વ છે. સમ્યકત્વ આ, કે 'અંતરમાં સુખ' એવી સજ્જડ ખાતરી

હોય. એના પર જ બાહ્ય ઓછું કરવાનું થાય, અને ચારિત્ર આવે; બાહ્ય ઓછું થાય એમ સુખનો ખરેખર અનુભવ થાય.

**સુખ બહારની ચીજ નથી, અંદરની છે, એટલું સમજી રાખો.**

**પ્ર.-** એને આત્મિક સુખ કહેવાય ?

**ઉ.-** આત્મિક એટલે આત્મસ્વભાવનું સુખ બહુ દૂર છે. આ જે અંદરના સુખની વાત ચાલે છે તે વચલાગાળાની સુખની વાત.

**સુખ ત્રણ પ્રકારનું :-**

૧. વિષયપ્રવૃત્તિનું સુખ. તે સુખાભાસ, મિથ્યા સુખ છે.

૨. વિષયનિવૃત્તિ વિષયત્યાગનું સુખ. તે ઈન્દ્રિયોની દુઃખરૂપ ખણજ ઓછી થવાથી, દુઃખાભાવનું સુખ છે, તૃપ્તિનું સુખ છે.

૩. વેદનીય કર્મના સર્વનાશથી પ્રગટ થતું અનંત-અવ્યાબાધ-આત્મસ્વભાવ-ભૂત સુખ. આ સ્વતંત્ર નક્કર સુખ છે.

(૧) આ ત્રણમાં પહેલા પ્રકારનું સુખ શાતાવેદનીય કર્મના ઉદયથી થાય છે, અને મોહનીય કર્મના ઉદયથી એનો આનંદ લાગે છે. તથા મિથ્યાત્વના ઉદયે એ જ સુખનો આગ્રહ રહે છે.

(૨) તૃપ્તિનું સુખ મોહનીય કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી થાય છે. પછી એક બાજુ કદાચ ભારે અશાતાવેદનીયકર્મના ઉદયથી પીડાનો અનુભવ હોય, અગર સંસારસુખનાં સાધનો છોડી દીધાં હોય, છતાં બીજી બાજુ આ આંતરતૃપ્તિ અને વિવેકજ્યોતના હિસાબે પોતાની જાતને મહાસુખમાં મગ્ન સમજે છે.

(૩) ખરું આત્માના સ્વભાવના ઘરનું સુખ સર્વ કર્મનાશ પામ્યે પ્રગટ થાય છે.

સુખના આ ત્રણ પ્રકાર પરથી સમજી શકાશે કે

શાતાનું સુખ જુદું અને તૃપ્તિનું સુખ જુદું.

ઈન્દ્રિય-વિષયોના સંપર્કથી થતી શાતાનું સુખ મૃગજળની જેમ ઊડી જાય છે. ત્યારે તૃપ્તિનું સુખ ઊભું રહે છે, એટલું જ નહિ બલ્કે વધતું પણ જાય છે.

પરંતુ તૃષ્ણા-તરુણીને ઘરડી બનાવવાની ધગશ અને જહેમત વિના એ તૃપ્તિ નહિ આવી શકે. આદત પડી છે કે ટાઈમે ટાઈમે ચા જોઈએ. એમાં તૃષ્ણા સતેજ રહે છે. ત્યાં મૃગજળિયાં સુખ છે; કેમકે એમાં જરા જો ટાઈમ ફેરફાર થાય તો જીવ ધૂંઆપૂંઆ થાય છે. સવારે ઊઠીને તો બે વાર પીધી છે, પરંતુ ત્રીજો ટાઈમ બગડ્યો ત્યાં પેલી બે વારનું કોઈ સુખ ઊભું નથી. એ તો મન મક્કમ કરી બંધ કરે, તો ગઈ કાલ સુધી આદત હતી, જન્મીને એની ગુલામી સ્વીકારી હતી, ચાની તૃષ્ણાને બહુ વ્હાલી કરી હતી, એટલે ચાર દહાડા કપરા લાગશે. પાંચમે દહાડે



કાંઈ આડે નહિ આવે. ઊલટું બીજા માટે થશે. 'આ બચારા 'ચા, ચા' કરી અરધા અરધા થઈ રહ્યા છે, અને મને તો હવે યાદેય આવતી નથી ! ઊલટું નિરાંતે કામ થાય છે.' તૃષ્ણા ઓછી કરવાથી સુખનો અનુભવ થાય. આ વાત અનુભવ ગમ્ય છે. એમ વિશ્વાસ નહિ બેસે. કાં જ્ઞાનીના વચન પર પૂર્ણ વિશ્વાસ જોઈએ, કાં અનુભવથી મનાય. 'જ્ઞાનીના વચનથી જુદું માનીએ તો ભ્રમણા ગણાય. જ્ઞાની કહે, તૃષ્ણા મોટી તો સુખ ઓછું. હવે સુખ જોઈએ તો જ્ઞાનીના કહ્યા મુજબ તૃષ્ણા ઓછી કરવા દે : અનુભવ કરવા દે, મનમાં તૃષ્ણા જાગે, પછી આચારમાં પેસે પછી આટલી વકરે ને ? એ નહિ જોઈએ મારે ! હવે તો હું ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવીશ.' આવો દૃઢ નિર્ણય કરો, એ મુજબ વર્તો, પછી જુઓ કે ચક્રવર્તી કરતાં મહા સુખ લાગશે.

**परस्पृहा महादुःखं :-** આત્મસાખે વિચાર કર્યા વિના નહિ ચાલે, વિચારો,

'સવા હાથ જમીન બેસવા, સાડાત્રણ સૂવા જોઈએ, ત્રણ ચાર ચીંથરા ઓઢવા જોઈએ, શેર ખાવા જોઈએ. એટલાનો હું માલિક, બાકી બધું મારે ઉપાડવાનું. વધુ જંજાળ શા માટે જોઈએ ? જડ ચેતનને ઉપાડે કે ચેતન જડને ? ગધેડાને ચંદન ફક્ત ઉપાડવાનું; સરવાળે ઉકરડે ચરવાનું.' અનુભવમાં ઊતરે તો દેખાય કે તૃષ્ણા ઓછી કરવાથી સુખ કેટલું ? નહિ તો સાધુ સદા સુખિયા શા માટે ? જો 'બહારના ભપકા વધારે તો સુખિયા વધારે : એમાં 'ઓછપ તો સુખ નહિ' એમ હોય, તો તો સાધુ બહુ દુઃખિયા ગણાય, કેમકે એમને બચારાને એક પાઈની મિલકત નહિ, ન દુકાન, ન પેઢી, ન સગું વ્હાલું, એક ટંકનું ખાવાનું રાખે નહિ, લેવા બહાર ઘેર ઘેર જવું પડે, સામાને ખુશી આવે તો આપે; આટલું છતાં એ મહાસુખી ખરા ને ? કારણ ? કહો જેમ તૃષ્ણા ઓછી તેમ સુખ મોટું. જ્ઞાની કહે છે : **સુખ જોઈએ તો તૃષ્ણા કાપો.**

**परस्पृहा महादुःखं, निस्पृहत्वं महासुखम् ।**

પરવસ્તુની સ્પૃહા કરવી એ મહાદુઃખ છે, નિસ્પૃહી બનવું એ મહાસુખ છે. માનીએ કે ન માનીએ પણ જેટલા પ્રમાણમાં ઈચ્છાનું જોર વધારે, એટલા પ્રમાણમાં આપણે વધારે દુઃખી છીએ.

**આજની સગવડનું સુખ આ ! :-**

આજનાં જીવનો જુઓ અને પૂર્વના જીવન-અનુભવો જોયા-સાંભળ્યા હશે, જણાય છે ખરું કે આજ દુઃખ વધ્યું, સુખ નહિ ? મનમાની સગવડ વધી આજે, મુંબઈથી ભાવનગર જવા રેલ થઈ-પછી આજે વિમાન થયું-સગવડ કેટલી વધી ? પણ સુખ કાંઈ નથી. મહિનાની મુસાફરી એક દિવસની થઈ, પરિણામે મહિનાની

મુસાફરીમાં નિશ્ચિતતા હતી અને આમાં ? એક દિવસની મુસાફરીમાં કેટલી જંજાળ ! વિમાનમાં સાંજે તો ઘેર આવવાનું છતાં કેટલી જંજાળ ! આજના કાળે આવી સગવડ કરી. એક દિવસની મુસાફરીમાં પણ નિશ્ચિત હૃદય નહિ. અહીં પણ-'ડીફર્ડનું લેણ ઊભું છે. કાલ જવું જોઈએ-બજાર નીચા ઊંચા થાય છે !' સુખ છે આ ?

**તૃષ્ણા પાછળ પાપનું ભાન ગયું :-** નિશ્ચિતપણામાં સુખ કે ચિંતાથી બળવામાં સુખ ? ઠીક છે, બજારમાં જઈ અવાય, પણ આ તો રાત્રેય પગ વાળીને બેઠો નથી ત્યાં ટેલિફોનનું ટ્રીંગ, ટ્રીંગ... જેટલા પ્રમાણમાં જરૂરિયાતો વધી એટલા પ્રમાણમાં સુખના બદલે દુઃખ વધ્યું. માત્ર વર્તમાનનું દુઃખ વધતું હોય તો તો સારું, પણ ભવિષ્યનું ય દુઃખ વધે છે. કેમકે જેટલી મફતની જરૂરિયાતો વધારી એટલાં પાછળનાં પાપો વધારે. પચાસના ખરચાએ ઘર નભે ત્યાં એટલું પાપ. પણ 'આ જોઈએ-આ જોઈએ' ! જોઈએ જોઈએ વધી ગયું એના પાપે હવે ૨૦૦-૩૦૦નું ! જરૂરિયાતોને આવશ્યક માની એટલે આવક કરવી જોઈએ, માટે વધુ ધંધાધાપાના પાપમાં અરુચિ ન દેખાય. 'ગમે ત્યાંથી લાવવું' એમ થાય એટલે એ લાવવા માટે, જૂઠ જૂઠ નહિ ! ચોરી ચોરી નહિ ! ધાંધલ વધે ! તૃષ્ણા પાછળ આ બધું ને ?

**જીવન અરધું ગયું, તૃષ્ણા ? :-**

એ તૃષ્ણાને રસાયણ ખવરાવી આપણે એને યુવતીની યુવતી રાખીએ છીએ, ઘરડી નથી થવા દેતા. શું રસ ! તૃષ્ણામાં સુખદર્શન થાય છે, સુખ દેખાય છે ! તૃષ્ણાને છોડવામાં દુઃખદર્શન થાય છે, : દુઃખ દેખાય છે ? તૃષ્ણા એટલે કે લોભને રતિનું (એના રસનું, આગ્રહનું) રસાયણ મળે એટલે આપણે ઘરડા થઈ મરવા સુધી પહોંચીએ, પણ ત્યાં સુધી તૃષ્ણાનું યૌવન બરાબર રહે. વિચાર કરે તો સમજાય કે મને પચાસ વર્ષ થયાઃ અરધું જીવન ગયું : અરધું (બહું તો) રહ્યું, હજી તૃષ્ણા કેટલી છે ? સાફ દેખાય છે કે તૃષ્ણા અરધી નથી થઈ, આખીય નહિ પણ સવાઈ થઈ છે, અરે ! ઇન્દ્રિયો તથા કાયા ઘસાયાં પણ તૃષ્ણાને ઘસારો આ જિનની ઓથવાળા ભવમાં નહિ તો ક્યાં ? હજીય, એનું યૌવન ઓસરતું નથી ? શરીરને પળિયાં આવ્યાં પણ તૃષ્ણા(ની કાયા) લાલબુંદ ! અને વર્તમાન જીવન જોતાં દેખાય છે કે મરીશ ત્યાંસુધી આના યૌવનને કોઈ વાંધો આવવાનો નથી !! અરે મારું શું થશે ?' આવે છે આ વિચાર ?

**વીતરાગનો સાચો ભક્ત કેવો ? :-** જે વીતરાગ આપણને સારાય (આખાય) સંસારની તૃષ્ણા મૂકાવવા માગે, એ મૂકાય તો જ વીતરાગતાના માર્ગે ચઢી શકાય, શાસ્ત્ર એમ કહે. આપણે એ વીતરાગતાના ભક્ત ! અને વળી શ્રી વીતરાગે કહ્યું કર્યું તે કરવા લાયક માનનારા છતાં, સારા સંસારની (સરાસર) તૃષ્ણા તો મૂકવાની



વાત બાજુએ રહી ! પણ બિનજરૂરી વસ્તુની તૃષ્ણા મૂકવાનું ય આપણને પાલવે નહિ ! એશું ? ગુરુ પરિગ્રહ-પરિમાણ કરવાનું કહે કે મન ઝટ ગડમથલ કરે, 'એક લાખ રાખું કે બે લાખ રાખું કે પાંચ લાખ રાખું ?' પાઈનું-કોડીનું ઠેકાણું નથી પણ કહે, 'વખતે લક લાગી જાય તો ?' પ્રમાણ રાખવામાં ગડમથલ ચાલે ! 'આજે નહિ, કાલે,' એમ કહે !

**શાસન બાજુએ રહી જાય છે :-**

આખા સંસારની તૃષ્ણા મૂકવાનું હજી ઘણું દૂર છે, પણ એમાંના અમુક હિસ્સાની તૃષ્ણા મૂકી દેવી એ ય ઘણું કઠીન ! જરા સમજો, ચેતો,

**તૃષ્ણાના રસમાં ને રસમાં શ્રી વીતરાગનું શાસન આપણને સ્પર્શ્યા વિના બાજુએ રહી જાય છે. મર્યા પછી શાસનથી કરોડો ગાઉ દૂર હોઈશું.** અફસોસ છે કે જીવન જુદું જીવી રહ્યા છીએ.

જીવન તો શાસનનું જીવવાનું છે. તૃષ્ણાને રસાયણ ન મળે તો જીવનમાં શાસનનો પ્રકાશ આવે. તૃષ્ણાને વાઘણ નહિ પણ ગરીબડી ગાય બનાવવાની છે. કેમકે વૈરાગ્ય-નીતરતા ઉપદેશ સાંભળવા છતાંય વાઘણ જેવી પૌદ્‌ગલિક તૃષ્ણાનો પક્ષ હૃદયમાં મોક્ષની કે મોક્ષ માર્ગની સાધનાની લગનીને નથી પેસવા દેતી, ત્યાં પછી શાસન સ્પર્શ્યું શાનું ગણાય ? તૃષ્ણાને ગરીબડી ગાય જેવી કરીએ તો જ મોક્ષપ્રીતિ સગી થવાની. જ્વલંત ભવવિરાગ એ કરે છે, તૃષ્ણાને રાંક બનાવે છે.

**તૃષ્ણા નાગણ છે :-** 'વીતરાગ' શબ્દ જ કહે છે એમનામાં કોઈ રાગ નહિ : કોઈ તૃષ્ણા નહિ. ત્યાં એ સ્થિતિએ પહોંચવું હોય તો થોડો ઘણો ય કાપ મૂકવો પડે કે નહિ ? કેમ મોંઘું છે ? 'તૃષ્ણા ભયંકર છે, સાચા સુખની નાશક છે, તૃષ્ણામાં આનંદ માનવા જેવો નથી.' હૃદયને એ વાત હજી જચતી નથી, નહિ તો તો હૃદય બોલે, 'શું ખુશી થાઓ છો ? થોભો ! પૈસા મળ્યા, લાવ્યા, લાખ મળ્યા, પૂર્વનું પુણ્ય વટાવ્યું અને બદલામાં ખરીદ્યું શું ? તૃષ્ણાના-લોભના ગોઝારા સંસ્કાર ! પાંચ લાખ હાથ આવ્યા એટલે નાનકડી તૃષ્ણા મોટી થઈ : પહેલાં બે પગવાળી હતી : હવે ચાર પગવાળી થઈ ? તૃષ્ણાનું પ્રમાણ ૨૫ ટકાને બદલે ૫૦ ટકાનું થયું !' તૃષ્ણા નાગણ જેવી છે, જો ઊભી કરી તો સો બચ્ચાં બીજાં જન્મવાનાં ! સોનાના બટનની ઇચ્છા કરી એટલે થાય કે રેશમી કોટ વિના એ શોભે નહિ ! અને તો તો સાફો પણ તેવો જોઈએ, અને પછી પગ ઉઘાડા ન રખાય. બૂટ જોઈએ. વ્યાખ્યાનમાં જવું એટલે ત્યાં બૂટનો રક્ષક જોઈએ, અને કાદવ કીચ્ચડને લઈને પૉલિશ કરનાર જોઈએ. એક સોનાના બટનની તૃષ્ણારૂપ એક નાગણે કેટલાં બચ્ચાં જણ્યાં ?

## આરાધનાનો સાપેક્ષભાવ

**ધર્મ-વહીવટમાં ય તૃષ્ણા મારે ! :-**

આ તૃષ્ણાને આપણે હૃદયમાં ઘાલી એટલે હાથે કરીને, જે બાજી હાથમાં છે, ઉત્તમ ધર્મ સાધવાની, તે ફેંકી દેવા જેવું થાય કે બીજું કાંઈ ? ધર્મ સધાય ક્યારે ? તૃષ્ણાનું જોર ઘટાડાય તો. તૃષ્ણાનું જોર હોય ત્યાં સાધના ન આવે. તૃષ્ણા ના કહે, અટકાવે : 'હમણાં નહિ. કર્મમાં હશે તો થશે. બેસો, સામાયિક પછી ! આમ સંસાર ચાલે ? સામાયિક ભાગી નહિ જાય ? સામાયિક તો રાતે ૧૨ વાગે થશે.' જે તૃષ્ણા પરખાવી પરખાવીને શું પરખાવે ? પાંચ કૂકા માટીના-ચાંદીના કે સોનાના ! એવી તુચ્છ વસ્તુ માટે જે સામાયિકાદિ ધર્મની સાધના કે દેવ-ગુરુ-ધર્મની ઉપાસના રત્નમય વિમાનના વૈભવ કે મોક્ષના અનંત આનંદ અપાવે, તેને બાજુએ મૂકતાં કાંઈ ખેદ નહિ !!

- તપ કોણ નથી કરવા દેતું ? ખાવાની તૃષ્ણા.
- દાન કોણ નથી કરવા દેતું ? લક્ષ્મીની તૃષ્ણા.
- ધર્મ-વહીવટમાં ય તૃષ્ણા મારે ! ત્યાંય પૈસા જમા કરે : વાપરવાની વાત નહિ.
- શીલ કોણ નથી પાળવા દેતું ? વિષયની તૃષ્ણા.
- ચારિત્ર કોણ નથી લેવા દેતું ? સંસારની તૃષ્ણા : મોહમાયા-કાયાની માયા.

**મૂળ દુર્ગુણ તૃષ્ણાનો રસ :-**

આ તૃષ્ણાનું જોર કેટલું બધું ? અંતકાલ સુધી તૃષ્ણાનો અંત આવે કે એ ઘરડી થાય એવું લાગતું નથી. ભવાભિનંદીનો બીજો દુર્ગુણ તૃષ્ણા નહિ, તૃષ્ણાનો પક્ષપાત એ દુર્ગુણ. કહો તૃષ્ણાનો રસ, ગુમાન, ખુમારી છે ને ? કહે છે,-તૃષ્ણા કેમ ન કરીએ ? એમાં શું થઈ ગયું ? ઈચ્છા કરીએ ત્યાં દુઃખ એ તો નવું સાંભળ્યું !' બિચારો તૃષ્ણા પાછળ આકાંક્ષાઓ કરી કરીને એમાં જ પૂરો થઈ જાય છે,

આકાંક્ષા એ પૌદ્‌ગલિક હોય તો તો તૃષ્ણાની એ બહેન : બે ય બહેનો છે. આકાંક્ષા જો આત્મગુણની હોય તો તો એ ગુણ. પણ જડ પદાર્થની એટલે કે પરમાત્રની આકાંક્ષા એ તૃષ્ણાની બહેન : બે બહેનો ! પેલી સામાન્ય રૂપે હતી : આ વિકરાળ રૂપે : પેલી વગર શોભાની હતી : આ ઘરેણાં ગાંઠાથી શોભતી ! એટલે બહુ રાખવી ગમે. તૃષ્ણાનો રસ એ ભયંકર દુર્ગુણ છે, તૃષ્ણામાં નિર્ભયતા એ મોક્ષ માટેની નાલાયક્તા છે.

**રાજ્ય નરકની ખાણ :-**



ચાણક્યનો જન્મ દાંત સાથે થયો. બે સાધુ ગોચરી આવેલ. બાળક ચાણક્યને જોઈ એકે બીજા મુનિને કહ્યું : 'દાંત સાથે જન્મ્યો માટે આ રાજા થશે.' સાધુ તો બોલીને ગયા, બાપ સાંભળી ગયેલ તે વિચારમાં પડ્યો : વિચાર નહિ : એને ભય લાગ્યો : એ ચિંતામાં પડ્યો ! 'હેં મારો છોકરો રાજા થશે ?' રાજા થાય એમાં રોવાનું કે હસવાનું ? આ તો ગભરાયો, લઈ કાનસ ને દાંત ઘસવા બેઠો-શા સારું ? અમારા આર્ય શાસ્ત્ર કહે છે કે **રાજ્ય એ નરકની ખાણ છે.**

નરક-દુઃખરૂપી પત્થર ખોદવા હોય તો રાજ્ય એ ખાણ છે. નરકમાં જવાની સીધી વાટ-રાજ્ય. કેમકે પાપ ઘણું, તૃષ્ણા ઘણી. સામાન્ય નિયમથી તૃષ્ણા ગરીબને ઓછી, મધ્યમને એથી વધારે, શ્રીમંતને એથી વધારે, નગરશેઠને એથી વધારે, રાજાને પાર નહિ ! રાજ્યમાં તૃષ્ણા ન હોય તો પાપ વધવાનું હોય ક્યાંથી ? માટે તો ભાઈઓની જ્યારે દીક્ષા થઈ ત્યારે ભરત રોયા છે, 'હું કેવો અક્કર્મી હજી તૃષ્ણામાં પડી રહ્યો છું.'

ચાણક્યનો બાપ વિચારે છે 'આર્ય દેશે, મારા જેવાને ત્યાં જન્મ લઈ, આ (મારો દીકરો) નરકે જાય ? ન જવા દઉં !' દાંત ઘસી નાખ્યા. ફરી સાધુનો યોગ થતાં કહે છે 'કહો મહારાજ ! હવે તો રાજા નહિ થાય ને ?' સાધુએ જોયું-કહ્યું : 'બહારના ઘસ્યા પણ પેઢાની અંદરના કાયમ છે માટે આ પડદા પાછળનો રાજા થશે, નામનો રાજા બીજાને કરશે, પણ સંચાલક-ચલાવનાર પોતે હશે.' સાધુના વચનના વિશ્વાસથી એનું ચાલ્યું ત્યાં સુધી નરકની ખાણ એવા રાજ્યને ન પામવા દેવા કેટલો અમલ કર્યો ! વાત એક જ, તૃષ્ણામાં મરવાનું છે, સંયમથી જીવન છે. માનવભવ તૃષ્ણાથી જન્મ-મરણની પરંપરા વધારવા માટે નથી.

**તૃષ્ણાને આઘી કાઢવી પડે, સાત્ત્વિક થવું હોય તો :-**

એય સંસારમાં બેઠા હતા. તૃષ્ણા હતી પણ તૃષ્ણાનો રસ નહોતો. સમજતા કે ઓછામાં નભે. સમરાદિત્ય ચરિત્રમાં અગ્નિશર્માના બાપને વિશેષણ-અલ્પ આરંભ-પરિગ્રહી' એવું આપ્યું છે. 'એદી ને ગરીબ' નથી કહ્યો. તફાવત સમજજો. એનામાં જીવદયાનો ગુણ હતો, તૃષ્ણા ઓછીનો ગુણ હતો. તૃષ્ણા ઓછી હોવાનો ગુણ જેટલા પ્રમાણમાં તેટલા પ્રમાણમાં સાત્ત્વિક્તા ગુણ ચડે. સાત્ત્વિક્તા ગુણનો આધાર તૃષ્ણાની ઓછપ પર છે. બહુ તૃષ્ણા ત્યાં બહુ તામસ-રાજસ ભાવો. સાત્ત્વિક પ્રકૃતિના થવું હોય ત્યાં તૃષ્ણાને આઘી કાઢવી પડે.

તૃષ્ણામાં પડ્યો એટલે રૂપસેનના જીવના કેવા હાલહવાલ ? બીજુ કાંઈ કામ આવ્યું નહિ : યાદ આવ્યું નહિ. તિર્યંચ થયો. ત્યાં પણ લત એક-સુનંદાનું મોં જોવાની ! એમાં વારંવાર મૃત્યુ ! એક તૃષ્ણાથી ભવ પર ભવ ! હરણ થયો ત્યાંય

એ એને જપવા ન દે. એ તૃષ્ણાનું પાપ એવું ભારે કે એ એના માટે રાજા ઉપરાંત રાણીને શિકારે જંગલમાં ખેંચી લાવે. શિકારની તૈયારી બરાબર થઈ. પશુઓના શિકાર માટે તીરકામઠાં વગેરે લઈને બેઠા. થોડા સંગીતવાળા-મોરલીવાળા પણ તૈયાર હતા. એમણે ચારેકોર અવાજના સુર પાથર્યા. સુર છૂટ્યાં એટલે હરણિયાં દોડી દોડીને આવ્યા. ભોળાને ફસાવવા હોય, ઘા કરવો હોય તો માયા ખેલાય છે ને ? પછી ભલે એ શસ્ત્ર વાણી-ટોણા-કટાક્ષ કે મશ્કરીનું હોય. હરણિયાં ભેગા થયાં. રૂપસેનનો જીવ હરણ ત્યાં આવ્યો. બધા હરણ સંગીતમાં લીન છે ત્યારે આ હરણ સુનંદાનું મોં જોવામાં લીન છે ! કેવી તૃષ્ણા ? સામે તીર તકાયું છે એ જોવા ફુરસદ નથી, રૂપાળું મોઢું જોવા ચાર પગે છે !

**વિષયમાં સુખ છે જ નહિ :-**

જેને જે તૃષ્ણાનું જોર તેને બીજી તૃષ્ણા મામૂલી લાગશે. શ્રી ઉમાસ્વાતિ મહારાજ પ્રશમરતિમાં એટલા માટે કહે છે :- વિષયમાં સુખ એટલા માટે નથી. કે સુખ ક્યાં, કયા વિષયમાં ગણવું ? એક ચીજ એકને ઈષ્ટ એજ બીજાને અનિષ્ટ. તાવવાલાને ખારું-ખાટું ભાવે : તંદુરસ્તને મીઠું ભાવેઃ પેલાને મીઠું કડવું લાગે. ગળ્યું ન ભાવે. ક્યાં સુખ મૂકવું ? કહો કે જેને જે ઈષ્ટ તેના માટે તેમાં સુખ. પણ ના, એજ વિષય એને ને એને પ્રસંગ બદલાયે પાછો ઈષ્ટને બદલે અનિષ્ટ લાગે છે ! તૃષ્ણામાં સુખ કેમ નહિ ? તૃષ્ણા વિષયથી સુખ દેખાડવા જાય, અને વિષયમાં સુખ છે નહિ. ઠંડા પાણીની ઈચ્છા થઈ, આવ્યું, એમાં સુખ માન્યું, એના સુખમાં જ સ્થિતિ એ કે ઘડી પછી, જ્યાં ૧ ગ્લાસ, ૨ ગ્લાસ પછી ત્રીજો આપ્યો કે ? જે પાણી ઠંડુ ઉનાળે ગમે એ શિયાળે અણગમતું ! કહે 'તાંબડીનું લાવો : માટલીનું નહિ !' સુખ મૂકવું ક્યાં ? નિશ્ચિતપણે વિષયમાં સુખ છે જ નહિ. સુખનો ભાસ થાય છે તે અંદરની કલ્પનાના અનુસારે.

**પડછાયો માત્ર !** આત્માની એ મૂર્ખાઈ છે કે આ સ્પષ્ટ વાત દેખવા છતાં હજી એમાં જ સુખનું દર્શન કરે છે. તેથી એને વસ્તુગતે સુખ મળે નહિ. એની તૃપ્તિમાં-સંતોષમાં સુખ કેટલું કે એના સંપૂર્ણત્યાગમાં કેટલું બધું સુખ, એની એને ગમ નહિ પડે. નિરોગી-સ્વસ્થ શરીરવાળાના આનંદની ખરજવાને ખણીને સુખ માનનારને શું ખબર પડે ? નક્કી કરો, અહીં જ્યાં સુખ માન્યું, ત્યાં છે ખરું ? ના, છતાં કેમ દેખાય છે ? પ્રકાશમાં દેખાય : પ્રકાશ અંદરમાં રહેલા સુખનો પડછાયો માત્ર છે. પડછાયો ઊડી જતાં વાર ન લાગે પડછાયો અંધારે ન દેખાય. પ્રકાશ હોય ત્યાં દેખાય. તેમ અંદરથી તેની તૃષ્ણાનો પ્રકાશ હોય ત્યાંસુધી તેના સુખનો પડછાયો દેખાય, પછી બીજા વિષયની તૃષ્ણા થતાં એ અદશ્ય ! આવા



અત્યલ્પ સુખની તૃષ્ણા ખાતર જીવ ઈન્દ્રિયોનો ગુલામ બન્યો રહે છે.

**જીવ ઈન્દ્રિયોનો મજૂર :-** જુઓ, જ્યારે અનેક હરણિયાં સંગીતના શ્રવણમાં લયલીન છે ત્યારે એમની જમાતનો આ રૂપસેન હરણિયો સુનંદાનું રૂપ જોવામાં લીન બન્યો છે ! શ્રોત્ર ઈન્દ્રિય અને ચક્ષુ ઈન્દ્રિયે એને પકડી રાખ્યો છે.

આપણી પોતાની ઈન્દ્રિયો અને સામે સંગીત, રૂપ વગેરે વિષયો, બેઉ મળીને આપણો કૂટો કરે છે. મોહનીય કર્મ એમની પીઠ થાબડે છે ! જાણે રૂપને-વિષયને કહે છે 'તું બરાબર સામે રહે !' ચક્ષુ વગેરેને કહે છે 'તું બરાબર ચોંટી પડ !' પણ જીવનું કાંઈ ચલણ ખરું ? કે એણે મફતમાં મજૂરી કરવાની ? ચલણ ચલાવવું હોય તો ઘણું ય ચાલે એવું છે. ઈન્દ્રિયોને કહી શકે છે 'ખબરદાર ! જો સામે ગઈ છે તો ?' 'મારે ઈન્દ્રિયોને વિષયોમાં જોડવી નથી;' એવું વિચારી ઈન્દ્રિયોને ન જવા દેવાનું જીવની મુનસફી ઉપર છે. પરંતુ ચલણ ચલાવે ક્યારે ? પહેલાં વિચાર હોય તો ને ?

**ઈન્દ્રિયો પર ચલણ માટે વિચારણા :-** એમ સમજ હોય કે 'જગતમાં તો વિષયોનો પાર નથી. હું બધે તે કેટલો દોડાદોડ કરીશ ? એને ખાસ તો આ વિષય સામે આવ્યો છે માટે એ તરફ મન જાય છે ને ? પાંચે ઈન્દ્રિયના સામે નહિ આવેલા કરોડો-અબજો વિષયો તરફ મન ક્યાં જાય છે ! ત્યારે લાવને આ સામે આવેલને સામે નથી એમજ સમજી લેવા દે ને ! કદાચ વિષય સામે ન જ આવ્યો હોત તો ? બાકી જેટલું સામે આવે ત્યાં ત્યાં ઈન્દ્રિયો દોડાવ્યા કરીશ તો કર્મનો ભારે ગુનેગાર અને તૃષ્ણાને સીલપેક અને પુષ્ટ કરનારો થઈશ. ઈન્દ્રિયો જેવા આ જગતમાં બીજા દુશ્મન નથી. એ દોડીદોડીને તૃષ્ણાને એવી મજબૂત કરે છે કે પછી જન્મોના જન્મ એ કેડો ન મૂકે, અને જીવને દુર્ગતિઓમાં રિબાવ્યા કરે. માટે મૂક આ લપ. એનાથી મન વાળી લીધા વિના નહિ બચાય...' આવી કોઈ સમજ હોય, વિચારણા હોય, તો જીવનું ઈન્દ્રિયો પર સારું ચલણ ચાલી શકે એમ છે.

પણ કહો જો, આ ભાવના ભાવ્યા કરવાનું ચાલે છે ? રૂપ વગેરે સામે આવતાં ધ્રુજારીનો અનુભવ ખરો કે 'અરે ! આ મારો કૂટો કરનાર રૂપ ક્યાં સામે આવ્યું ? કે એના બદલે નિર્ભીક હેત ઊભરાય છે ? વહાલું મીઠું ઘરાખ લાગે છે ? પછી અમે પૂછીએ 'ભલા માણસ ! વિષયો તરફ શી આટલી બધી ઘેલછા ?' તો કહો છો 'એ તો પૂર્વના કર્મ કરાવે છે. મોહમાં ફસ્યા છીએ એટલે શું થાય ?' પરંતુ એ ખબર છે ખરી કે મોહ ક્યાં નથી ? કોને નથી ? મનુષ્ય પાસે એને દબાવવાનું બળ છે, સમજ છે, સંયોગ છે. એ ત્યારે જો નહિ દબાવે તો શું તિર્યંચ થયા પછી દબાવશે ? જુઓ ને રૂપસેને મનુષ્યભવમાં મોહ, સુનંદાના

રૂપ પર વહાલ ન દબાવ્યું તો એને પશુઅવતારે હવે ક્યાં કોઈ સંયોગ-સમજ છે ? હવે તો એની આવૃત્તિ છે.

પૂર્વે વહાલ કર્યું હતું, એજ અહીં આવીને ઊભું રહ્યું, તે રૂપમાં ઠરી ગયો.

ક્યાં સુધી ? રાજાનો ઈશારો થતાં સંગીત બંધ થયું, તીર-કામઠાં ઊંચકાયાં, બધા હરણિયાં ટપોટપ ભાગવા લાગ્યા. તો પણ આ ઊભો રહ્યો ! કેમ આમ ? તીર ગમે છે ? ગમતું તો નથી પરંતુ મૃત્યુનો હલ્લો સામે આવે તોયે પૂર્વ જન્મમાં પાળેલી પોષેલી તૃષ્ણા આ હલ્લાને દેખવા ન દે. કદી દેખવા દે તો આશામાં ભાગવા ન દે ! ખબરે ય ન પડવા દે ! એનું કારણ તૃષ્ણાની વસ્તુ પર મનનું આકર્ષણ એવું જોર મારે છે કે મન બીજી બાજુ અંધ બની જાય છે. એથી નાના-મોટા જીવો મરે છે.

**જન્મભર વહાલું કરેલ અંતે મૂકવું પરવડે ?**

રૂપસેન પણ તૃષ્ણાની ભૂલમાં હવે હરણિયો થવા સુધી ભૂલમાં જ છે. મનુષ્ય જીવનમાં કરેલી ભૂલ પર કે ભૂલનારા જીવ પર કોઈ દયા નહિ ? કોણ કરે ? કર્મ હજી દયા કરત; પણ દયા કરવા માટે અવકાશ હતો તે ગુમાવી દીધો. ખૂબી એ કે બીજું ગમે તેટલું સારું કર્યું હોય-કોઈ જવાબ નથી દેતું ! સેવેલી તૃષ્ણા, સેવેલો રાગ પૂંઠે લાગ્યો, જાણે કહે છે 'હવે એકલો જવા ન દઉં.' મનુષ્યપણામાં સાવધ રહેવું જોઈએ. મનુષ્યપણામાં એક તૃષ્ણા જીવંત રહી, વૃદ્ધિગત થઈ ગઈ, ઘસારો ન થયો, તો આ જીવનો પછી કોઈ બેલી નહિ. જન્મથી તૃષ્ણા છે એ કોઈએ શીખવી નથીઃ પૂર્વના અભ્યાસથી છે. પણ અહીંના વધુ અભ્યાસથી આગળ આવૃત્તિ થશે. છેડો તો આપણે લાવીએ ત્યારે જ આવે, પણ વાત એ છે કે જન્મભર વહાલું કર્યું, અંતે મૂકવું શી રીતે પરવડે ? અંતે એને નહિ વોસિરાવી શકાય. જીવનભર એક સરખા કરેલા અભ્યાસને એકાએક શી રીતે અટકાવાય-વોસિરાવાય ? એ તો અત્યારથી જ તૃષ્ણા અને રાગ તોડવાનું, એ તોડવા માટે અનેક પ્રકારના વ્રત-નિયમ-ધર્માનુષ્ઠાનમાં લાગી જવાનું કરવું જોઈએ.

**'પ્રભુ એક વાર મળો,' એટલે ? :-**

ધોધમાર જ્ઞાનીની વિરાગ-વાણી સાંભળી, ગજસુકુમાર, ધન્નો, મેઘકુમાર વગેરેના દૃષ્ટાંતો સાંભળ્યા, તોય તૃષ્ણા જો અકારી ન લાગે, તો એમ એકાએક અંતે અકારી લાગશે ? આવી ઘોર નિર્દય તૃષ્ણા પ્રત્યે ધિક્કાર કે અરેરાટી આ સાંભળીને ય નહિ ? હળાહળ ઝેર જેવી તૃષ્ણા છે એમ ન સમજાય ? દૃષ્ટાંતોમાં સાંભળેલા કટુ પરિણામો અનુભવમાં નથી આવતા ? જો એમ અત્યારે ન સમજાય તો અંતકાળે એ સમજાશે ? જીવનભર તૃષ્ણા છેદવાનો અભ્યાસ હશે તો અંતકાળે



એ યાદ આવે. તૃષ્ણાનો છેદ કર્યો એટલે તો માનો શ્રી વીતરાગની નજીક આવ્યા.

કવિ માગે છે **'પ્રભુ એક વાર મળો.'** એટલે ? પરમાત્મા મળે એટલે કોણ મળે ? વીતરાગ, કે જેનામાં કોઈ તૃષ્ણા નહિ. એનો મેળાપ થવા માટે હૃદય તૃષ્ણાથી ભડકેલું જોઈએ. તૃષ્ણા મૂકી દઈએ ત્યારે પરમાત્માનું સંપૂર્ણ મિલન થાય. તૃષ્ણા એક ભયંકર રોગ છે એવી પક્કી સમજ સાથે એના પર અત્યંત ઘૃણા થાય, ભારે ચિંતા રહે, હૈયે ડંખ્યા કરે, મન મુંઝાય 'ક્યાં જાઉં ? શું કરું ? આ રાગ અને તૃષ્ણામાં મરી રહ્યો છું, હે વીતરાગ ! તું જ શરણ છે...' એમ થતાં વીતરાગ-પરમાત્મા સાથે મળવાનું કાંઈક બનવા લાગે. આ ઘૃણા, આ ચિંતા, આ મુંઝવણ હોય અને એમાંથી બચવા એકમાત્ર શરણ અરિહંત લાગે ત્યારે એમને 'એકવાર મળો ને મારા સાહિબા' એ વિનંતિ કાંઈક વાસ્તવિક, સાફ, સરળ દિલની ગણાય. એટલા માટે તો કહ્યું કે જ્યારે જ્યારે મુંઝવણ-સંક્લેશ ખડો થાય ત્યારે ત્યારે **'અરિહંતા મે સરણં, સિદ્ધા મે સરણં...'** રટવા માંડો. પણ મુંઝવણ અનુભવે એને માટે આ વાત છે.

જેને કાંઈ મુંઝવણ જ લાગતી નથી, તૃષ્ણા થયે જાય એ રાગ ફાલેફૂલે છે એવી સમજ અને એની અકળામણ નથી, એને તો 'અરિહંતા મે સરણં'ની જરૂર જ શી ? પ્રભુ સાથે મળવાની વાતે ય શી ? વીતરાગ પ્રભુને મળવાનું એને કામે ય શું ? તૃષ્ણાનો માર્યો પ્રભુ પાસેથી અર્થાત્ પ્રભુની ભક્તિથી કાંઈ લાડવો પડાવવા ધારતો હોય, ત્યાં પ્રભુને મળવાનું કહેવાય એ તો કવિનું બોલાવ્યું બોલવાનું. વીતરાગ પ્રભુ મને મળે એ કાંઈ સામાન્ય વાત નથી. રાગ, તૃષ્ણાની મુંઝવણ-અકળામણ-વેદના થાય એવા દિલની એ વિનંતિ છે. અને પૂર્વજન્મોની તે ઠેઠ અહીં સુધીની બધી પીડા-વિટંબણા એ રાગની ને તૃષ્ણાની રામાયણ છે એ સમજાય તો સહેજે મુંઝવણ થાય.

**જાતિસ્મરણથી શું ? :-**

**સભામાંથી**-તૃષ્ણાની ભયંકરતા જોવા માટે જાતિસ્મરણ તો થતું નથી ને ?

ઉ.- તમને નથી; બાકી તો આજે ય જાતિસ્મરણવાળા હયાત છે. છતાં તમને ભલે ન હોય; પણ એના કરતાં શાસ્ત્ર કઈ ગુણું જ્ઞાન કરાવે છે. જાતિસ્મરણમાં તો જીવ પોતાનું એકલાનું અને પરિમિત જુએ છે : શાસ્ત્રથી તો કૈંકના દૃષ્ટાંતો જણાય છે.

**તૃષ્ણા સામગ્રીથી જાગે છે, વધે છે :-** માનો, અવ્યવહાર રાશીથી જીવ બહાર નીકળ્યો. વિકલેન્દ્રિય વટાવી પંચેન્દ્રિય થયો. તૃષ્ણામાં ભૂલ્યો-નિગોદમાં ગયો-પૂર્વની તૃષ્ણા ત્યાં કેટલી કેદ આપે ? વધુમાં વધુ અઢી પુદ્ગલ પરાવર્ત, અને

પ્રત્યેક-સાધારણ-બંને વનસ્પતિમાં આથડે તો ઉત્કૃષ્ટ અસંખ્ય પુદ્ગલપરાવર્ત ! એક પુદ્ગલ પરાવર્ત એટલે અનંતકાળચક્ર : એક કાળચક્ર એટલે ૨૦ કોડાકોડી સાગરોપમ. અનંત કાળચક્રનું માપ તો સંક્ષેપથી કહ્યું. બાકી પુદ્ગલ પરાવર્તનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી બાદર અને સૂક્ષ્મ સ્વરૂપ સાંભળતાં મગજ સ્તબ્ધ થઈ જાય એવું છે.

**રૂપસેનના ભવ :-** રૂપસેન પછી, (સુનંદાના) ગર્ભમાં; પછી સર્પ, કાગડો, હંસ, અને છટ્ઠો ભવ એનો હરણનો : સાતમા ભવે એનો નિસ્તાર થવાનો. આત્મા પર તૃષ્ણાનો ચોળ મજીઠનો રંગ ચોટાડાય તો, એ પાણીથી તો શું, સાબુ લગાડ્યે નહિ જાય. અરે, મર્યેથી નહિ જાય ! તૃષ્ણાના રંગને ચોળ મજીઠનો કરતાં પહેલાં ઊભું રહેવું જોઈએ. તૃષ્ણા ડાકણ ગમી, એને વધારી, પોષી, એટલે એના પગ મજબૂત થયા. હવે એનું નખ્ખોદ જાય શી રીતે ? આવી તૃષ્ણાને વધારે કોણ ? સામગ્રી. સુનંદાના મોંની સામગ્રી સામે આવી તો તૃષ્ણા જાગી.

**મન ચોરને આગળ રાખો : તમે પાછળ ચોકી રાખો :-**

'રાગદ્વેષ હોય તો વાંધો, સામગ્રી શું કરે ?' એમ કહેવું ખોટું છે. આફૂસના ટૂકડે ટૂકડા ઉડાવાય અને કહેવું, 'આત્માને શું લાગે વળગે ?' ગપ્પાં છે ! મન ચોર છે. ચોર પર ચોકી મૂકવી નથી, પછી એ ઠગે નહિ ? ચોરે નહિ ? કહે છે, 'રસ નથી, ખાવું પડે માટે ખાઈએ છીએ.' પણ ખબર નથી, મન ચોરની ચોરી ક્યાં સુધીની છે ! ખાવાની વસ્તુ સામે આવી એટલે મન (જીવ) પિતેપિતાનું નિરીક્ષણ કરે છે. 'આ પીતો ચોરસ, આ વાંકો, આ ચૂંકો આ બરાબર પાકેલો, આ જરા વધારે ગળી ગયેલો આ લાલગટ, બીજો એવો નહિ,' ચોકી રખાય તો ખ્યાલ આવે કે મન ચોર કેટલી જગ્યાએ ચોરી કરે છે ! એ આત્માનું જ્ઞાનધન ચોરી રાગ કચરો ભરે છે. સાવધ-જાગ્રત રહેવું હોય તો એ ચોરને આગળ રાખો, તમે પાછળ ચાલો. સ્ટેશને ઊતર્યા, બિસ્તરો, પેટી, ટ્રંક વગેરે સાથે છે. ગાડીમાં સાંભળેલું, કે અહીંના મજૂર ચોર છે, પણ ઉપડાવ્યા વિના ચાલે તેમ નથી. તો ઉપડાવો તો ખરા પણ મજૂરને આગળ રાખો કે પાછળ ? આપણામાં બિનજાગૃતિ-ગમારી આવી ગઈ છે. એટલી બધી કે એ ચોર ધર્મક્રિયામાં પણ પેસી ગયો છે. સામાયિક-પ્રતિક્રમણમાં તથા મંદિરમાં પણ મંદિરમાં સામે પ્રભુજી છે, સામાયિક પ્રતિક્રમણમાં સામે સ્થાપનાચાર્ય, પણ મન ક્યાં ? પાછળ, જગતમાં ભમે છે. આત્માનો ગમે તેટલો માલ ભલે ઊઠાવી જાય ! પળેપળ મન અહીં છે ? ના, હવે થાય શું ? મન આગળ રાખી એના પર પાકી ચોકી જોઈએ કે એ શું વિચારે છે, શામાં રસ લે છે. એ ચોકીથી દેખાશે કે હાં બીજા વિચારમાં ચઢે છે કે તરત એને આ વિચારમાં લાવવાનું કરાશે.



## • આરાધનાનો સાપેક્ષભાવ •

જીવો પ્રત્યે સાપેક્ષ બન્યા રહેવું; એમ પરલોક તરફ દૃષ્ટિ જાગતી રાખવી; એવી રીતે જિનવચન પ્રત્યે બંધાયેલા રહેવું. આ ત્રણ સાપેક્ષભાવની જેમ આ ઉત્તમ જીવનમાં આરાધનાનો સાપેક્ષભાવ રાખવો અતિ જરૂરી છે. આરાધના એટલે વીતરાગ પ્રણીતધર્મની આરાધના. સંસારની સાધના તો જીવ અનાદિ અનંતકાળથી કરતો આવ્યો છે; પરંતુ એથી જીવની રખડપટ્ટી અને કર્મ-વિટંબણા ટળી નથી. અસ્ખલિત ચાલુ રહી છે. એ તો તો જ ઘટે અને ટળે કે જો ધર્મની આરાધના કરાય. ધર્મ પણ શુદ્ધ ધર્મ, કોઈ સરાગ-અસર્વજ્ઞનો કહેલો નહિ, પણ વીતરાગ-સર્વજ્ઞ ભગવાનનો કહેલો. એની જ આરાધનાથી કર્મવિટંબણાનો અંત આવે.

**પ્ર.-** સર્વજ્ઞનો જ ધર્મ કેમ આદરણીય ?

**ઉ.-** કર્મ કેવી કેવી રીતે બંધાય છે, બંધાયા પછી જીવના વિચિત્ર વિચિત્ર અધ્યવસાય અને પરિણતિના હિસાબે એની કેવી કેવી અવસ્થા બને છે, એ ઉદય ક્યારે ક્યારે પામે છે, ઉદય પામીને કેવાં કેવાં ફળ નિપજાવે છે, આ બધું જે પ્રત્યક્ષ જોઈ શકતા નથી, એમ કેવા કેવા ઉપાયે એ કર્મનો નાશ કરી શકાય નાશ પણ ક્ષયરૂપ, ક્ષયોપશમરૂપ વગેરે વગેરે જે પ્રત્યક્ષ જોઈ શકતા નથી, એ એના સંબંધમાં શી દોરવણી આપી શકે ? છૂપા ચોર કઈ કઈ જાતના હોય છે, કેવી કેવી રીતે એ ગામમાં ઘૂસી જાય છે, ઘૂસીને શા શા દાવ અજમાવે છે, એના એ દરેક દાવની સામે કયા કયા ઉપાય કારગત નીવડી શકે, એ ચોરોનો વિનાશ કરવાના કયા કયા ઉપાય છે, વગેરે ન જાણે તે એ ચોરીથી બચવા શું માર્ગદર્શન આપી શકે ?

**અડસઠ તીરથ નાહ્યા, પણ :-** લાંબાચોડા ગમે તેટલા તત્ત્વની વાતો કરી એના પર તર્ક-કુતર્ક લડાવ્યા, પરંતુ ભવદુઃખ અને સંસારબંધનના મૂળ કારણભૂત જીવના વિચિત્ર વિચિત્ર પરિણામ અને કર્મના ફાંસલાના વિસ્તૃત સ્વરૂપનાં યથાર્થ જ્ઞાન વિના તથા એનાં નિવારણના સચોટ ઉપાયોના યથાસ્થિત બોધ વિના જીવનો ઉદ્ધાર શી રીતે સમજાય ? કહે છે ને અડસઠ તીરથ કરી આવ્યો, ને ઘણું બધું જોઈ આવ્યો જાણી આવ્યો, પરંતુ દિલ પવિત્ર કરવાનું ન આવડ્યું, તો તીરથ-આંટાથી કાંઈ વળે નહિ. એમ અહીં પણ કર્મવિટંબણા, અને એના નાશનું સંપૂર્ણ સાયન્સ જાણ્યા વિના ભવ પાર કરી જવાનો સચોટ માર્ગ શું બતાવી શકે ? અનુમાનથી કરી કરીને કેટલી કલ્પના કરી શકે ?

**વૈરાગ્ય છતાં યથાર્થ માર્ગપ્રકાશ વિના અંધારામાં બાથોડિયાં :-**

સારાંશ, અસર્વજ્ઞ કર્મવિટંબણાનો અંત લાવવા સમર્થ એવા આરાધનાના માર્ગને સ્વયં સાંગોપાંગ જાણી શકે નહિ, એટલે જગતને બતાવી ય શકે નહિ. એ

તાકાત તો સર્વજ્ઞ પરમાત્માની છે. એવા સર્વજ્ઞ તીર્થંકર ભગવાનનું શાસન જેને નથી મળ્યું એ બિચારા અંધારામાં બાથોડિયા મારે છે. કર્મની લઘુતા થઈ હોય એટલે વૈરાગ્ય સ્ફુર્યો પણ હોય, અને તેથી ધર્મની ભૂખ પણ લાગી હોય, મોક્ષના ઉપાયભૂત ધર્મને આરાધી લેવા તૈયાર હોય, પરંતુ અસર્વજ્ઞનાં શાસનમાં અંધકાર-પ્રવાસ જેવું થાય.

તમે પુણ્યશાળી છો કે તમને-વીતરાગ સર્વજ્ઞ ભગવાનનું ધર્મશાસન મળ્યું છે; એથી સમસ્ત કર્મવિટંબણાનો અંત લાવવા સમર્થ એવો આરાધનાનો માર્ગ તમને દેખવા મળ્યો છે. હવે આ કોઈ અનંતકાળે પ્રાપ્ત થાય એવી મહાકિંમતી તક મળ્યા પછી જીવનલક્ષ્ય કયું રાખવું જોઈએ ? મળેલી અતિ દુર્લભ ધર્મ-આરાધનાની તકને સફળ કરી લેવાનું લક્ષ ? કે વિષયો અને કષાયોની આરાધનામાં ડૂબાડૂબ રહેવાનું ? અવ્વલ કોટિનું ધર્મશાસન મળી ગયા પછી એને આરાધવાનું મૂકી સંસારસાધનામાં રચ્યાપચ્યા રહેવું એ એક, ભયંકર સાહસ છે.

મુંબઈ મદ્રાસ જેવા શહેરમાં ગયા હોય અને ત્યાં કોઈએ મોટો વેપાર-લાખોની કમાઈ આપે એવો વેપાર કરવાની ઓથ આપી હોય છતાં ત્યાં એ મૂકીને સાથે લઈ આવેલ થોડાં નાણાંથી હોટેલ-સિનેમા-જુગાર-વેશ્યા વગેરેની સહેલપાટી કરવામાં પડે, ને બે પાંચ વરસમાં એમ જ બધું ખતમ કરે, અને એટલામાં પેલા વેપારીની ઓથ પણ ચાલી જાય, પછી દરિદ્ર ચિંથરેહાલ જેવો બની બેકાર ગામડાભેગો થાય ! એના જેવી આ મૂર્ખાઈ છે કે અનંત પુણ્યાર્જક આરાધના આપે એવી જિનશાસનની ઓથ મળવા છતાં અર્થ અને કામની, ઘર અને દુકાનની કાયા-કંચન-કુટુંબની સહેલસપાટીમાં તરબોળ રહેવાનું થાય છે.

મૂર્ખાઈ પેલા જેટલી જ નહિ, પરંતુ લાખો કરોડો ગુણી કે અસંખ્ય-અનંત ગુણી મોટી ! કેમકે અહીંનું પુણ્યનાણું ઉરાડી નાખ્યા પછી આવતા જન્મમાં માત્ર કોઈ બેકાર ગામડામાં જ નહિ, કિન્તુ કોઈ તિર્યંચ જેવી હલકી યોનિમાં જ ગબડી પડવાનું થાય. અહીંની બહુ મૂર્ચ્છાને લીધે કદાચ બહુ મૂર્ચ્છાનો એકેન્દ્રિય અવતારે ય મળે ! એમાં ય વળી પછીની ભવપરંપરા બગડેલી ચાલુ રહેવાનો મોટો સંભવ. યુગના યુગ વીત્યે કદાચ માનવભવ મળે તો પણ એમાં અજ્ઞાનીઓના ધર્મમાં ભટકાઈ પડવાનો મોટો સંભવ ! કેમકે મૂળ અહીં છતાં સંયોગે શુદ્ધ આરાધના-માર્ગની ઉપેક્ષા કરી.

માટે વિચારો ત્રિભુવન હિતકારી-વીતરાગ-સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાનનું અનંત કલ્યાણસાધક, સુરાસુરેન્દ્રમાન્ય, અનન્ય ધર્મશાસન પામ્યા પછી એણે બતાવેલ આત્મહિતકર ધર્મ-આરાધનાની ઉપેક્ષા કેટલી બધી ભયંકર છે ?





માટે જ એવી ભયંકર બેપરવાઈ ફગાવી દઈ નિરંતર આરાધનાના ખપી બન્યા રહેવું એ જ આ ઉચ્ચભવનું અનન્ય કર્તવ્ય છે. મળેલા મુફલીસ પુણ્યોની ઉજાણી ઉડાવવામાં તો માનવ બુદ્ધિનું દેવાળું નીકળી રહેલ છે ! વિશિષ્ટ બુદ્ધિશક્તિ-સમજશક્તિ એળે જઈ રહેલ છે !

પળે પળે ધર્મ-આરાધનાનો વિચાર જોઈએ. વિચાર, વાણી કે વર્તાવથી ક્યાં કઈ ધર્મારાધનાની તક છે, એના પર ચોંટ હોય; જેથી એ ઝડપી લઈ સાધી લેવાય તેવા ધર્મવિચાર, ધર્મવાણી કે ધર્મવર્તાવથી તકને સફળ કરી લેવાય. આનું નામ આરાધનાનો સાપેક્ષભાવ છે. સંયોવશાત્ આરાધના કદાચ ઓછી ય બની, પરંતુ તેનું ભાન જાગ્રત હોય, છતી આરાધના ગુમાવ્યા બદલ હૈયું કરડતું હોય, ત્યાં આરાધનાનો સાપેક્ષભાવ ઊભો રહી શકે. હૈયે ખેદ જ નથી, અરે ! મનમાં પણ નથી આવતું કે 'આરાધનાની સોનેરી તક ગુમાવી;' હાં, એમ થયા કરે છે કે, 'આ ખાવા-લેવા-રાખવાની તક છે, આ એની ફલાણી તક ગઈ...' વગેરે, ત્યાં આરાધનાનો સાપેક્ષભાવ ક્યાં રહ્યો ? આરાધનાને ને એને શું લાગેવળગે ? ભલેને જૈન કુળમાં જન્મી ગયો, ભલેને દેવ-ગુરુ-ધર્મનો યોગ પણ મળી આવ્યો, છતાં એ દેવ-ગુરુ-ધર્મની આરાધનાનો માથે ભાર થોડો જ માને છે ?

**આરાધનાનો ભાર :-** બોલો જો, શું મન કહે છે ખરું કે 'માથે દેવ-ગુરુ-ધર્મની આરાધનાનો ભાર છે ?' અલબત્ત ભાર તો એ સમજતા જ હશો કે 'બૈરાની, છોકરાની, છોકરીની, કુટુંબની સંભાળ કરવાનો ભાર માથે છે. પગાર આપનાર શેઠની નોકરી બજાવવાનો ભાર માથે છે.' વેપારી હો તો વળી, આડતિયા, ઘરાક, સરકારી લફરાં વગેરે કેટલાયનું સંભાળવાનો ભાર માથે રાખો જ છો, ભાર સમજો જ છો. બસ, એવો કોઈ ભાર દેવ-ગુરુ-ધર્મ-ધર્મસ્થાનની આરાધનાનો તમારા માથે ખરો ? આ પ્રશ્ન છે. હૈયું સાક્ષી પૂરે છે ખરું કે આ ભાર તો પહેલા નંબરમાં રાખેલો છે ? બધું ન સંભાળું તો ચાલે પણ દેવ-ગુરુ-ધર્મની આરાધના ન સંભાળું તો ન ચાલે,' આ ભાર છે ખરો ?

## • પ્રેમચંદ શેઠનું ગુપ્તદાન •

પ્રેમચંદ રાયચંદનું નામ તો સાંભળ્યું છે ને ? કર્મસંજોગે એકવાર એમને વેપારમાં ધક્કો લાગેલો. એ અવસરમાં બન્યું એવું કે એમની જ્ઞાતિના એક ભાઈ સુરત પાસે ગામડામાં રહેતા, એમને બિચારાને નુકસાન થયું તે ત્રીશ હજારનું દેવું ચઢી ગયું ! હવે આ તો ગામડાનું દેવાળું, તે ઘરની બહાર નીકળતાં પણ શરમ

લાગે ! ટોપી ઊંધી પહેરવી પડે ! એ ભાર માથે હતો એટલે લોકો જેમ તેમ વેપાર કરી કે આડાઅવળાં કરી સફાઈબંધ દેવાળાં નહોતા કાઢતાં.

**માણસને જેટલો શિક્ષાનો ભય વધારે એટલો એ ગુના ઓછા કરવાનો.** બચ્ચા માટે તો આ સમજો છો, એટલે એ આડો અવળો ન ચાલે માટે શિક્ષા તૈયાર રાખો છો. પરંતુ જાત માટે એ નથી સમજતા કે ગુનાથી અટકવા શિક્ષાનો ભાર રાખું.

**આધ્યાત્મિક શિક્ષા :-**

અમને એક જૈનેતર વિદ્વાન એવો મળ્યો કે એને જૈન ધર્મ પ્રત્યે સારું આકર્ષણ થયેલું. એ એક દિવસ પ્રસંગોપાત્ત વાત કરે કે 'મહારાજ ! અમારા ઘરમાં આ ધોરણ રાખ્યું છે કે છોકરો કાંઈ વિશેષ જૂઠ બોલી નાખે કે એવો કોઈ ગુનો કરી બેસે, તો એને અમે કહીએ કે 'જો આનાથી તને બહુ ભારે પાપ લાગ્યું ! એ પાપથી પછી આગળ પર જીભ સડી જાય, જીભ પર ચાંદા પડે ! ખવાય નહિ, પીવાય નહિ ! પાણી પણ પીવા જાય તો બળતરા ઊઠે ! માટે આ પાપ ધોઈ નાખ. એ માટે બેસી જા ખૂણામાં, આંખ મીંચીને 'નમો અરિહંતાણં-નમો અરિહંતાણં' અડધો કલાક બોલ્યા કર.' આમ છોકરાને બેસાડી બે હજાર જાપ કરાવી દઈએ. એથી એક બાજુ તો એને એમ થાય કે મારું પાપ ધોવાયું, અને ફરીવાર એને ગુનો કરતા વિચાર કરવો પડે, તથા બીજી બાજુ નવકારનાં સુંદર જાપનો અભ્યાસ રહે.'

બોલો તમારા ઘરમાં આ રિવાજ છે ? બચ્ચાને ગુનાની સજામાં ધોલ કરતાં આવો નવકારનો કે પહેલા પદનો હજાર બે હજાર જાપ કરાવો તો ? **એ આધ્યાત્મિક શિક્ષા છે.** તે ય એને એની ભાષામાં પાપની ભયંકરતા સમજાવીને. આમ કરો તો કેટલા લાભ ? પાપની સમજ આવે, પાપનાં ફળ બૂરાં એ સમજાય, નવકારનો જાપ કરે એટલે એ શ્રદ્ધા વધે, પાપ ધોવાય...કેટકેટલા લાભ ? છોકરો એની માતાનો અવિનય ઉદ્ધતાઈ કરે તો ય સમજાવાય કે 'આ તેં મોટું પાપ કર્યું, કર 'નમો અરિહંતાણં'નો હજાર જાપ.' કરી તો જુઓ આ અખતરો. પછી જોજો કેવો સુંદર લાભ થાય છે.

પણ આ ત્યારે બની શકે ને કે જાતને માટે પણ પોતાની ભૂલ પર આવું કોઈ સજાનું ધોરણ રાખ્યું હોય ! ક્યારેક આંખ મીંચીને જાપ કરવા બેસી ગયા હો, ત્યાં પછીથી છોકરો પૂછે 'કેમ બાપાજી આમ ?' તો કહી શકાય કે 'ભાઈ ! આજ મારાથી આ પાપ થઈ ગયું હતું તેથી એને ધોઈ નાખવા માટે આમ જાપ કરતો બેઠો હતો.' એકલો જાપ જ નહિ, પણ બીજી જાતના ય દંડ સજા રાખી શકાય; દા.ત. ખાવાની અમુક ચીજ ત્યાગ, ૩-૪ વિગઈ બંધ, આંબેલ-એકાસણું-બેસણું કરવું, અગર અમુક



ટંક ત્યાગ, અમુક ખમાસમણાં, અમુક લોગસ્સનો કાઉસ્સગ્ગ અમુક સામાયિક, અમુક પૈસા શુભની પેટીમાં નાખવા...ઇત્યાદિમાંથી ગમે તે રાખી શકાય.

**વાત આ છે કે ગુનાની સજા માથે રાખી હોય તો ગુના ઓછા થાય.** પૂર્વે દેવાળું કાઢે એને માથે સમાજની સજા ભારે હતી તેથી દેવાળાં ઓછા નીકળતા. આજની સુધરેલી કહેવાતી સરકારમાં સજા કરનારા સમાજને દંડવાનો ઊંધો રાહ છે. તો એનું પરિણામ દેખાય છે કે ગુના પૂરપાટ વધી ગયા છે. વાત વાતમાં દેવાળું નીકળે છે ! અને પાછું દેવાળું કાઢનારો સમાજમાં ઊંચી છાતીએ અને વટબંધ ફરી શકે છે ! બિચારી ગરીબ રાંડીરાંડોને કે ધર્મખાતાને પણ નવરાવી નાખી પોતે મોટર બંગલા ભોગવી શકે છે ! આ સગવડ કરી દેનાર સરકાર સુધરેલી કે જંગલી ? દંડના ભય વિના ગુના ક્યાંથી ઓછા થાય ?

**परलोकभयात्पापं न कुर्वन्त्युत्तमा जनाः ।**
**राजदंडभयान्मध्या अधमा नैव बिभ्यंति ॥**

ઉત્તમ પુરુષો પરલોકના દંડના ભયથી પાપ નથી કરતા. મધ્યમ જીવો રાજ્યની સજાના ભયને લીધે પાપ નથી કરતા, પરંતુ અધમ માણસો તો બંનેથી બીતા નથી. અર્થાત્ નિર્ભયપણે પાપ કરે છે. આ ઉપરથી આપણી કક્ષા પણ માપી શકીએ કે આપણે ઉત્તમ કોટિમાં છીએ ? મધ્યમ ? કે અધમ ? સ્વભાવથી પાપ ન આચરે એ તો ઉત્તમોત્તમ છે. આપણે તેવા હોઈએ એ તો રુડુંરૂપાળું ગણાય. પરંતુ તપાસવા જેવું છે કે જૂઠ, અનીતિ, કુદૃષ્ટિ, વગેરે પાપનો પ્રસંગ ઊભો થાય ત્યાં પરલોકના ભયથી પણ પાછા હટીએ છીએ ખરા ? ક્યારેય પણ એ પાપ જીવનમાં નહિ ને ? કદાચ થઈ ગયું તો તરત ભારે સજા રાખી છે ને કે જેથી બીજી વાર એવું પાપ બને જ નહિ ?

**સજા વિના ગુના આચરવાનું ઓછું નહિ થાય.** અરે ! ગુનાનો તેવો ખેદ પણ નહિ રહે. પેલો પ્રેમચંદ શેઠનો નાતિલો દેવાળું કાઢવા પર ભારે ઉદ્વિગ્ન છે. મનને થાય છે કે 'ક્યારે પૈસાની સગવડ થાય ને બધાને દૂધે ધોઈને પૈસા આપી દઉં !' એવામાં એને કોઈકે કહ્યું કે મુંબઈમાં આપણી નાતના પ્રેમચંદ શેઠ પાસે જા. બહુ મોટા ધનાઢ્ય છે તે તને મદદ કરશે.'

આ સલાહ ઠીક માની આશાનો માર્યો વાણિયો ઉપડ્યો મુંબઈ. મનને તો લચુબચુ છે કે 'કોને ખબર આટલી મોટી રકમ એકદમ કાઢીને આપે કે કેમ ?' પણ દુઃખથી ત્રાસેલો છે એટલે મનને થાય છે કે 'આમેય અહીં બેઠાબેઠ છું તો લાવ જાઉં, જોઉ તો ખરો ? બહુ તો કદાચ ના કહેશે, એટલું જ ને ? પણ મુંબઈ મોટું શહેર છે, ત્યાં કદાચ બીજો કોઈ ધંધો મળશે.' એમ વિચારીને ઉપડ્યો.

જીવને જેની ગરજ અને તાલાવેલી, એની પાછળ આશા બાંધી દોડવા તૈયાર રહે છે. ધર્મની જો તેવી ગરજ લાગી જાય તો દોડતા કેટલી વાર ? ગરજ નથી હોતી એટલે પહેલેથી જ માંદું બોલાય છે, નિરાશા આગળ કરાય છે.

**વણિક મુંબઈ આવ્યો,** પણ ઠામ-ઠેકાણું જાણતો નથી એટલે શું કરે ? સ્ટેશને ઊતરીને આને પૂછે છે, તેને પૂછે છે, પણ પત્તો મળતો નથી. તેથી વિચાર કર્યો કે 'પ્રેમચંદ રાયચંદ બહુ મોટા શેઠ છે એટલે કદાચ હીરામાણેકના વેપારી હશે, તેથી લાવ ઝવેરાતના બજારમાં જઈ પૂછવા દે.' એ માટે પૂછપરછ કરતાં ઝવેરી બજારનો પત્તો મળ્યો, અને આવ્યો ઝવેરી બજારમાં.

કોઈને પૂછે છે, 'ભાઈ ! પ્રેમચંદ શેઠ ક્યાં રહે છે ?'

પેલો કહે છે 'કયા પ્રેમચંદ શેઠ ? આ તો મુંબઈ છે. અહીં તો કેટલાય પ્રેમચંદ શેઠ હોય.'

'અરે ભાઈ ! પ્રેમચંદ રાયચંદ.'

પેલો કહે, 'એ ? ઓહો, એ તો વાલકેશ્વર બંગલામાં રહે છે.'

'એ વાલકેશ્વર ક્યાં આવ્યું ?

'જાઓ અહીંથી ગુલાલવાડીમાં થઈ આગળ ડાબા હાથે સેન્ડહર્સ્ટ રોડ પર સીધા સીધા ચાલ્યા જજો. દરિયો આવશે. દરિયાના કિનારે જમણી બાજુ ચાલ્યા જજો, ત્યાં વાલકેશ્વર આવશે, પણ જરા એટલું તો કહો, તમારે પ્રેમચંદ શેઠનું શું કામ છે ?'

**આશામાં નિરાશા :-** ગામડાનો વાણિયો બિચારો ભોળો તે કહી દીધું 'આ જુઓને ભાઈ ! હું જરા ભીડમાં આવી ગયો છું, ને પ્રેમચંદ શેઠ અમારી નાતના છે, તે મનને થયું કે એમના પાસે જાઉં તો મારી ભીડ ભાંગે.'

'તે કેટલી ભીડ છે ?'

'ભીડ તો હજારો રૂપિયાની છે.'

પેલો કહે, 'અરે ભોળા માણસ ! તો તમે ભૂલા પડ્યા !'

'કેમ ભાઈસાબ ?'

'પ્રેમચંદ શેઠે તો દેવાળું કાઢ્યું છે એ તમને શું પરખાવશે ?'

'હેં ? આવા મોટા શેઠને દેવાળું ?'

'કેમ વળી એમાં આશ્ચર્ય શું છે ? દેવાળું તો શેઠ જ કાઢે ને ? નાનાની પાસે એટલું હોયે શું તે દેવાળું કાઢે ? જાઓ જાઓ, પાછા જાઓ જ્યાંથી આવ્યા હો ત્યાં. અહીં તમારું કાંઈ નહિ વળે.'

વાણિયો મુંઝવણમાં પડ્યો, હવે શું કરવું ? ગામડેથી ઊઠી આટલે સુધી આવ્યો, તે નકામું ? વાત સાચી છે આમાં કાંઈ ન વળે. તો હવે કેમ કરવું ?'



**સંસાર પૂજનારો નહિ, કૂટનારો :-** જુઓ આશાભેર આવ્યો હતો, પણ જ્યાં હજારોની આશા રાખેલી ત્યાંથી થોડું ય મળવાની આશા લાગતી નથી. આ સંસારમાં જીવ આમ જ આશામાં ને આશામાં કૂટાય છે. શું અનુભવ નથી કે આજ જીવનમાં કેટલીય આશાઓમાં દોડ્યા, મહેનત કરી, ને વળ્યું કાંઈ ન હોય તેથી મફતમાં કૂટાયા હો ?

આવી ઠગારી કૂટનારી આશાઓનાં જ જીવન સંસારમાં છે. માટે જ સંસાર જીવને કૂટનારો છે, પૂજનારો નહિ.

સંસાર થોડી પૂજા કરી દેખાડે તે પણ બીજી પોકળ આશાઓમાં જીવને દોડાવી અંતે કૂટવા માટે જ, સરવાળો કૂટાવામાં જ આવે છે. કારણ ? આશા.

તેથી જ આશામાં તણાવું ખોટું. આશાઓ મૂકતા ચાલવું જોઈએ. મૂળ, આશાભર્યા સંસારમાં ફસાયા રહેવું જ મૂર્ખાઈ છે; માટે એવા સંસારને મૂકવાની તાલાવેલી અને પ્રયત્ન જોઈએ.

વણિકની આશા કડડભૂસ થઈ ગઈ. તો હવે પ્રેમચંદ શેઠને ત્યાં જવાનું શું કામ છે ? છતાં વણિક જાય છે. પણ હવે આશાથી નહિ, બીજાં કારણે.

**આરાધનાની સાપેક્ષતાના જીવનરાહ કેવા હોય ? :-** એના મનમાં થયું કે 'અરે ! બિચારા આવા મોટા શેઠને દેવાળું એટલે તો લાખોનું હશે. તે વળી મારા જ્ઞાતિભાઈ. એમને કેટલું બધું દુઃખ આવ્યું ? હું આટલે સુધી આવ્યો છું તો મારે એમની ખબર અંતર પૂછવી જોઈએ અને એમને આશ્વાસન દેવું જોઈએ કે,-

'મોટાભાઈ ! ચિંતા કરશો નહિ, કર્મના ખેલ છે. હું ય તમારી જેમ સંકટમાં આવી પડ્યો છું. આપણાં કર્મ રૂઠ્યાં હોય ત્યાં આપણું શું ચાલે ? માટે ચિત્તની શાંતિ-સમાધિ જાળવી રાખવી, અને દુર્ધ્યાન નહિ કરવું; જેથી નવાં પાપકર્મ ન બંધાય.

મહાપુરુષોને ય ભારે અશુભના ઉદય નડ્યા છે. એમના દૃષ્ટાન્ત નજર સામે રાખવા જેથી સત્ત્વ ખીલે.

વળી વર્તમાનમાં આપણા કરતાં ય મહાદુઃખી નારકી વગેરેના જીવોને ધ્યાન પર લઈ એમની દયા ચિંતવવી, જેથી હૈયું ફોરું અને શુભ ભાવમાં રમતું રહે...'

**બીજાને કષાયમાં ચઢાવતાં આરાધનાની અપેક્ષા નષ્ટ :-** કેવી સુંદર ભાવના ! બીજાનાં દુઃખમાં પોતાનું દુઃખ ભૂલી એને આશ્વાસન આપવાનું મન થાય છે, એ એની સહાનુભૂતિનો ભાવ છે. આ જીવો પ્રત્યે સાપેક્ષભાવ થયો. આશ્વાસનમાં ય 'દુનિયા બગડી ગઈ છે, વેપારીઓ એવા લુચ્ચા થઈ ગયા છે કે બજાર બગાડી નાખે...' આવું કોઈ કષાયભર્યું પાપ આશ્વાસન નહિ; પણ કર્મવિપાક, મહાપુરુષના ગુણ, દુઃખીની દયા, વગેરેના શુભ ભાવ જગાવવાનું ધર્મ-આશ્વાસન ! એટલે કે

વિરાધનામાં જાતે ન પડતાં કે બીજાને ન પાડતાં, શુભધ્યાન-સમાધિની આરાધનામાં જોડવાની વૃત્તિ-પ્રવૃત્તિ ! આને આરાધનાનો સાપેક્ષભાવ કહેવાય, એના બદલે જો કષાયમાં ચઢાવે, તો એમાં તો આરાધનાનો સાપેક્ષભાવ ગયો !

**જીવનરાહ કેવો બનાવવો ? :-** સંયોગ તો બનવાનાં બને જ છે; પરંતુ ત્યાં કેમ એમાંથી સત્ત્વ, સમાધિ, શુભ ધ્યાન, દયા વગેરે શુભભાવ કમાઈ લેવાય, એવો જીવનરાહ જ બનાવી દેવાય, એ ધર્મારાધન તરફનો જીવનો ઝોક ગણાય. ધ્યાન રાખવાનું છે કે,

ધર્મની આરાધના માત્ર ક્રિયાકાંડ અને દાન-શીલ-તપસ્યામાત્રમાં જ પૂરી નથી થઈ જતી. શુભ ભાવના અને સત્ય-સત્ત્વ-ક્ષમાદિ ગુણોની આરાધના, કિંમતી ને સુંદર ધર્મ-આરાધના અત્યંત જરૂરી છે.

'જ્યાં જ્યાં જેનો મોકો દેખાય ત્યાં ત્યાં તે શુભ ભાવના, શુભ ભાવ અને આત્મગુણ કેળવી-સાચવી લેવો,' આ ચોંટ જોઈએ. આ જીવનમાં આપણને ધર્મ-આરાધનાની પડી છે, ગરજ છે, તમન્ના-તાલાવેલી છે એ શી રીતે સમજાય ? ખાલી બોલવા માત્રથી નહિ, પરંતુ નક્કી કરી રાખેલા આવા જીવનરાહ પરથી, કે જ્યાં જેવો અવસર આવે ત્યાં તેવા કોઈ દાન-ધર્મની, કે શીલ-વ્રત-નિયમ ધર્મની, યા ત્યાગ-તપ ધર્મની, અથવા ભાવધર્મની સાધના સહેજે સ્વયં જાગ્રતિથી સાધી લેવાય. આવો જીવન-રાહ જ બની ગયો હોય; મનમાં આરાધનાનો જ સાપેક્ષભાવ રમતો રહેતો હોય.

દુનિયાના જીવોને જીવન-રાહ નક્કી થઈ ગયેલા છે ને કે અવસરે અવસરે જ્યાં ખાઈ-પી લેવાનો, પહેરી-ઓઢી લેવાનો, ધન માલ હાથ કરી લેવાનો, સારું જોવા-સાંભળવા-ભોગવવાનું જ્યાં મળે ત્યાં તે તરત જોઈ-સાંભળી-ભોગવી લેવાનો. આવો આવો જીવનરાહ સતત ચાલ્યો આવે છે ને ?

જ્યાં જેવો મોકો હોય ત્યાં તેવા અહંકાર, ગર્વ, ગુસ્સો પ્રપંચ, લોભ-મમતા કરી લેવાનો જીવનરાહ સહેજે ચાલુ છે ને ? એમાં કોઈને શિખવાડવું પડે નહિ, કે પોતાને બહુ વિચાર કરતા બેસી રહેવું જાણે પાલવે નહિ ! એ અહંકારાદિ તો જાણે આત્માનો સ્વભાવ હોય એમ આપોઆપ ટપકી જ પડે છે ! ઊભા થઈ જ જાય છે ! શું આ ? નક્કી થઈ ગયેલ જીવનરાહ. એ રાહમાં ફેરફાર કરવો હોય તો નવ નેજે પાણી ઊતરે ! કેટલી બધી કઠણાઈ !

અનુભવ છે ને કે તિથિના દિવસે સવારે ખાવાનું મૂકી તપસ્યાનું પચ્ચક્ખાણ કરવામાં મનને કેટલું મનાવવું પડે છે ? મનાવવાનું શા માટે ? એટલા જ માટે કે જીવનરાહ ખાઈ પી લેવાનો નક્કી થઈ ગયો છે ! નક્કી થઈ શું, નક્કી કરી દીધો



છે ! 'આપણને પુણ્યે મળ્યું છે તો ખાઈ-પી-ભોગવી લેવાનું. એમાં ચૂકવાનું નહિ', આવું જીવનધોરણ જ બનાવી દીધું છે. પરંતુ એમ નહિ કે 'આપણને પુણ્યે ધર્મ મળ્યો છે, વીતરાગ ભગવાન અને એમનું શાસન મળ્યું છે, તો એને ઠામો ઠામ સાધી-આરાધી લેવાના. એમાં જરાય ચૂકવાનું નહિ.'

**પરલોક ચોપડે જમા શું ? :-** ખાવાનું ખાઈ નાખેલું તો ફોક થવાનું છે. ત્યાગ-તપસ્યા કરી લીધેલી ઊભી રહેવાની છે.

- ભોગવવાનું ભોગવી વાળેલું તો રદબાતલ થશે. ત્યારે વ્રત-નિયમ કરી લઈ ભોગવવાનું છોડેલું એ ઊભું રહેશે.
- પૈસા સાચવી મૂકેલા એ અંતે વિનાશ પામવાના છે, અહીંના અહીં પડી રહેવાના છે ! પણ દાન અને ધર્મખર્ચ કરી લીધેલ એ પરભવનું ભાતું ઊભું થશે.
- પરલોકના ચોપડે ખાધેલું-પીધેલું, ભોગવેલું સાચવેલું જમા નહિ થાય. જમા તો તપ, ત્યાગ, અને પાપનિવૃત્તિ થશે.
- ગર્વ-ગુસ્સો-અહંભાવ-પ્રપંચ-લોભ વગેરે તેમ હાસ્ય-મજાક, હર્ષ-ઉદ્વેગ, શોક-પોક, બધા ય માત્ર નિષ્ફળ જ નહિ, કિન્તુ આત્માને ભારે કરવાના છે.

ત્યારે ક્ષમા-સમતા-નમ્રતા-લઘુતા-સરળભાવ-નિસ્પૃહતા, તેમ જ ગંભીરતા-પ્રૌઢતા-ઉદાસીનપણું એ કેળવી લેવાનો અહીં જૈન માનવભવે મોકો મળ્યા પછી કેળવી લીધેલા તો મહાન લાભ કરશે ! આત્માને ઉન્નત અને ઊંચે જવા ફોરો ફૂલ બનાવશે.

**સંસારલીલા ને ધર્મનો ફળભેદ :-** (૧) ખાનપાન-રંગરાગ-ભોગવિલાસ, અને પરિગ્રહ તથા કષાયો તો,-

- જુગજુના મેલા સંસ્કારોને ઓર મજબૂત કરે છે,
- પાપની ભરતી કરે છે,
- આત્માને નિઃસત્ત્વ બનાવે છે,
- માનવ-આયુષ્યરૂપી સુવર્ણરસની ધૂળધાણી કરે છે,
- સંતાપ-ચિંતા-ક્લેશ-કલહ-રોગ વગેરે કેઈ પીડાઓને નોતરું દે છે.

આ બધાના જીવનરાહ બનાવ્યાથી શું ખાટવાનું ? શું કમાવાનું ? કઈ નિર્મળ કીર્તિ-શાબાશી મળવાની ?

(૨) ત્યારે એના બદલે ત્યાગ-તપસ્યા-વ્રત-નિયમ-ક્ષમાદિ અને શુભ ભાવનાઓ વારંવાર સાધી લીધેલી,

- એ સુસંસ્કરણ કરે છે, સુસંસ્કારો જમા કરતા જાય છે;
- પુણ્યાનુબંધી પુણ્યની ભરતી કરે છે,
- આત્માને સાત્ત્વિક બનાવતા જાય છે,

- સદ્ગતિ સુલભ બને છે, ને

- અહીં પણ નિર્મળ આનંદ, શાંતિ, લોકપ્રિયતા, વગેરેનું સર્જન કરે છે.

તો આવી આરાધનાની જ અપેક્ષાના જીવનરાહ બનાવવા શું ખોટા ? મન પર લેવાની જ વાર છે. આ આરાધનાની ઉપયોગિતા-આવશ્યક્તાની વારંવાર ભાવના કરી મનમાં ઠસાવી દીધા, અને જીવનરાહ નક્કી કરી લીધો, પછી તો કામ બહુ સરળ છે. પછી તો સહેજે સહેજે આ જ સ્ફુરશે; મોકા પ્રમાણે સારી જ શુભભાવના, શુભભાવ ખડા થશે; દાનાદિ ઝટ આવીને ઊભા રહેશે.

સારાંશ, ત્યાગ-તપ વગેરે ધર્મની આરાધનાનો સાપેક્ષભાવ ઊભો કરવાની જરૂર છે. ખાનપાનાદિનો સાપેક્ષભાવ પડતો મૂકવા જેવો છે, દબાવવા-કચરવા જેવો છે.

**પ્ર.- શું ખાનપાનાદિ વિના ચાલવાનું છે ?**

ઉ.- ચાલવાનું નથી એ વાત સાચી, પરંતુ જીવન તપાસી જુઓ કે (૧) જેટલી ઓછામાં ઓછી વાર અને (૨) ઓછામાં ઓછા તથા (૩) સાદામાં સાદા અન્નપાનાદિથી જીવન નભી શકે એમ હોય એટલાનો જ ઉપયોગ કરો છો ને ? કે (૧) એના કરતાં કેટલી ય વધારે વાર ? (૨) કેટલાય વધારેનો ? અને (૩) કેટલાય ભપકાદાર કિંમતી અને ટેસ્ટદારનો ? શું એ બધું માત્ર જીવન ચલાવવાની અપેક્ષાએ છે ? કે સારા રંગરાગ ઉડાવવાની બુદ્ધિથી છે ?

એમ, પૈસા કમાઓ તે પણ ઓછામાં ઓછા જેટલા વિના ચાલુ જીવન ન ચાલે એટલા જ કમાઓ ને ? ચાલુજીવન એટલે સમજો છો ને ? સાદાં કપડાં, તે પણ પટારા-કબાટ ભરીને નહિ, સાદું ભોજન અને સાદો શ્રમજીવી વ્યવહાર નભે એવું જીવન. બસ આને પૂરે એટલી જ ધનકમાઈ કરવાની મહેનત છે ને ? કે ના, લોભના માર્યા જેટલા મેળવી શકાય એટલા રૂપિયા ભેગા કરવાની મહેનત ? આમાં એના વિના ન ચાલવાની વાત ક્યાં રહી ?

રસનાની ગુલામી, લોભનો ઊંચો પારો અને ઇન્દ્રિઓનાં તર્પણની જ એક લેશ્યા, આની જ બોલબાલા હોય ત્યાં ખાનપાનાદિનો સાપેક્ષભાવ મૂકવાની વાત પણ મગજમાં ક્યાંથી બેસે ? ત્યાગ-તપની અને દાન-શીલની આરાધનાનો જ એકમાત્ર સાપેક્ષભાવ કેળવવા જેવો છે, એ શેં સમજાય ?

મન તો એવું કેળવવાનું છે કે જેટલા ઓછામાં ઓછા, સાદામાં સાદા, અને ઓછામાં ઓછી વારના ખાનપાનાદિથી જીવન નભે એમ હોય, એટલાથી ચલાવતાં પણ હૈયાને, એને સાપેક્ષ નહિ, પણ ત્યાગ-તપસ્યાદિ આરાધનાને સાપેક્ષ બનાવ્યું



રાખવાનું છે,

**જમતાં જમતાં ય** એ નહિ વિચારવાનું કે 'આટલા વિના ન ચાલે, આટલું તો જોઈએ જ,' પણ વિચાર એ રાખવાનો કે 'ક્યારે આ ય ખાવાની બલા ટળે ! ઉપવાસ-આંબેલ હોય તો કેવું સારું ? વિગઈઓ અને ચીજો કેમ ઓછી સેવાય !' એમ,

**પૈસા કમાવવા વખતે ય** આવી જ ભાવના કે 'ક્યારે આ પારકી વેઠ ટળે ? કેમ આ ષટ્કાય જીવોના સંહારભર્યા વેપાર ધંધા-નોકરી કરવાને બદલે જિનની સેવા જ કરવાનું જીવન બની જાય !'

**પૈસા કમાઈને લાવ્યા પછી** મુખ્ય લેશ્યા આ જ કે 'પાપસ્થાનક સેવીને લાવેલા આ પૈસા કેમ અર્હદ્ભક્તિ-સાધુસેવા-ધર્મક્ષેત્રપોષણ વગેરે પરમાર્થમાં ખરચાય ?'

**એમ, પરિવાર મળવા પર પણ** આવી ભાવના મનમાં રમે કે 'આ હું ક્યાં મોહમાયામાં ફસાયો ! હવે કેમ આ બધાને મોક્ષમાર્ગના મુસાફર બનાવું ! એ ધર્મની આરાધનાને મુખ્ય કરે એવા કરું !'

પેલા ગામડાનો વાણિયો ધનની ઇચ્છાને બદલે હવે જ્ઞાતિભાઈને આશ્વાસન-સમાધિ આપવાની ઇચ્છાવાળો બન્યો. ગામડાનું દિલ તે લાગણી વધારે થઈ આવી. હવે તો શેઠને ત્યાં જવાનું ખાસ નક્કી કર્યું. માર્ગ જાણી લીધો છે. એટલે પગ ઉપડ્યા જોરમાં એ તરફ.

**જેને ધ્યેય નક્કી છે, માર્ગની ખબર છે, શક્તિ સામગ્રી પાસે છે, એના એ માર્ગે સહેજે પગ જોરમાં ઊપડે.**

**મોક્ષમાર્ગે ક્યારે જોરમાં પગ ઊપડે ? :-**

બોલો ધર્મના ભરપૂર આચાર-અનુષ્ઠાન અને નિયમોના માર્ગે જોરદાર ચાલવાનું ચાલુ છે ને ? શું આ માર્ગ છે એવી ખબર નથી ? ઇન્દ્રિય-નિગ્રહ અને કષાયત્યાગના માર્ગે પગ જોરમાં ઊપડે છે ને ? કેમ ? એ માર્ગની ખબર નથી ?

ખબર તો બધી ય છે, પણ ઊંચુ ધ્યેય ક્યાં બાંધ્યું છે ? સ્ટેશને-મથકે પહોંચવું છે કોને ? મથક છે મોક્ષનું; પણ અહીં સંસારની બાલક્રીડા ખૂંચ્યા કરે, મોક્ષમાં સાચો સ્વાર્થ દેખાય, તો જ ત્યાં પહોંચવાની તાલાવેલી અને ઉતાવળ હોય ને ? અહીં ઘરબાર, બજાર, પત્ની, છૈયા છોકરા આવી મળ્યા, એમાં હૂંફ હોય, હવે અહીં શા સારુ ખૂંચે ?

ઠગશો નહિ અમને કે 'ના, મોક્ષે તો જવું જ છે. અને સંસાર ખૂંચે છે.'

સંસાર ખૂંચતો હોય તો કુટુંબ આગળ દિવસમાં કેટલી વાર એની હૈયાવરાળ કાઢો છો ? કુટુંબ આગળ હૈયાની બીજી ત્રીજી વાતો તો ઢગલાબંધ કરો છો ! એમાં વચ્ચે વચ્ચે સંસાર ખૂંચવાની અને માટે જ સંસાર કાપવાની વાત કેમ નથી આવતી ?' આવે, જરૂર આવે, ખૂંચતો હોય તો આવે.

**પાપ ઓછા કરવા, દુર્ગુણો છોડવા, ધર્મસાધના કરવી, એ બધું મૂળ શા માટે ?** સંસારની બાલક્રીડા ખૂંચે છે, સંસાર ઓછો કરવો છે, સંસારથી છૂટી મોક્ષે જવું છે, માટે. એ મુખ્ય ઉદ્દેશ નજર સામે તરવરતો હોય. સંસાર જો ખૂંચે નહિ તો પછી મોક્ષમથકે જવાની ઝંખનાની વાતે ય શી ? અને એ નહિ, તો એ તરફ પગ જોરમાં ઉપાડવાનું શા સારું કરે ? એના માર્ગની આરાધનાનો ઝડપી જીવનરાહ ક્યાંથી બને ?

વણિકને પ્રેમચંદ શેઠના બંગલે જવું છે, એટલે માર્ગનો પત્તો લાગતાં તે તરફ પગ જોરમાં ઉપડ્યા ! વચમાં પૂછવું પડે તો પૂછીને આગળ ધપ્યે જાય છે. મનમાં એક જ વિચારણા પ્રેમચંદ શેઠના દુઃખની ચાલે છે. પોતાનું દુઃખ ભુલાઈ ગયું, 'અહાહાહા ! બિચારા પ્રેમચંદ શેઠને કેટલું બધું દુઃખ ! એમના કુટુંબના ય કેવા હાલ હશે ! આવડા મોટા શહેરમાં કેટલાયથી છુપાતા રહેવું પડે ! ચીજ વસ્તુની હાડમારી !...' વણિક પોતાના દુઃખે દુઃખી નહિ, પણ પ્રેમચંદ શેઠના દુઃખે દુઃખી થઈ રહ્યો છે.

**કરુણાભાવ વિના ધર્મની આરાધના નહિ :-**

આરાધનાનો સાપેક્ષભાવ હોય એને સહેજ આમ થાય; કેમકે દુઃખી જીવ પ્રત્યે લાગણી થઈ આવવી, હૈયું પીગળવું, એ કરુણાભાવ છે; અને કરુણાભાવ એ એક ભાવધર્મની આરાધના છે. દુઃખી જીવ નજરમાં આવ્યો છે, એનું દુઃખ કાપવા આપણાથી કશું બને એવું લાગતું નથી, તો પણ કમમાં કમ આપણું દુઃખ ભૂલી એના દુઃખનું સમવેદન તો જરૂર થવું જોઈએ. એટલું કોમળ હૈયું હોય તો જ ધર્મની આરાધના સગી થાય, એની અપેક્ષા છે એમ ગણાય.

**સમવેદન** સમજો છો ને ? એનું દુઃખ એને જેવી વેદના કરે, એવી જ વેદના એ આપણને કરે; એનું નામ સમવેદન, સમાન વેદન. એ, કેવળ તુચ્છ સ્વાર્થની જ જો વાત હશે, તો નહિ બને; 'એ દુઃખી છે તો હું ય ક્યાં દુઃખી નથી ?' એવું મનને થશે. સમવેદનવાળાને યાને બીજાના દુઃખે દુઃખી થનારને એમ લાગશે કે મારા દુઃખની શી કિંમત છે ? એ બિચારો છે કેટલો બહુ દુઃખી !'





**આજની નિર્દયતા :-**

આજના માનવો ભાનભૂલા બન્યા છે. પશુ અને નાના જંતુના સહજ દુઃખ તરફ કરુણાભાવ રાખવાની વાત તો દૂર, ઉપરથી એને પોતે મરણાન્ત દુઃખ આપવામાં રસિયા બન્યા છે ! બસ એકલા પોતાની માની લીધેલા દુઃખને ઓછું કરવા કતલેઆમ ચલાવી રહ્યા છે ! ભયંકર કતલખાનામાં પશુઓને રેંસી નાખવા, માંકણ મારવા, મચ્છર મારવા, માખીઓ મારવી, વાંદરાને ક્રૂર રીતે મારવા, દેડકા મારવા, કૂતરા મારવા...બસ, માર-મારની જ વાત !

**કોઈ મારીને ખૂશ થાય છે ! કોઈ મરાવીને ! કોઈ મારીને બનાવેલી ચીજ પર !** મત્સ્ય ઉદ્યોગ, મરઘાઉછેર ડી.ડી.ટી. વગેરે વધારીને આજના અધિકારીઓ ખૂશ થાય છે ને ? મારીને બનેલી વસ્તુ પર લોકો ખુશ ખુશ થાય છે ને ? પશુઓને મારીને કાઢેલી ચરબીના પીપના પીપ વાપરી બનેલા સફાઈબંધ મીલના કપડા પર ખુશ થાઓ છો ને ? પશુના જીવતા ઉતારેલી કે ક્રૂર રીતે એને મારીને તરત ઉતારેલ ચામડીના બનાવેલ ફ્લેક્સ-બાટાના મુલાયમ બૂટ પહેરી હૈયું મલકે છે ને ! માછલાં, સસલાં, મરઘાં, વગેરેને રિબાવી રિબાવીને એના શરીરમાંથી બનાવેલ લિવર એક્સ્ટ્રેક્ટ ઈંજેક્શનો, વિટામિન્સ અને દવાઓ હોંશપૂર્વક લો છો ને ? શું છે આ બધું ? જીવોને મારીને બનાવેલી વસ્તુ પર ખુશી થવાનું ! એ આર્યદેશ-આર્યકુળ-જૈન કુળ ધરાવનારને હોય ? સમવેદન હોય ? કે સ્વાર્થ છે માટે આંખમિચામણાં ? આ જ પરિસ્થિતિ આવી બની દેખાય છે કે ખપ એનો સોસ (અફસોસ) નહિ !

પરંતુ જૈન તરીકે જીવવું હોય તો આ ન ચાલે. કદાચ મોહવશ ઉપયોગે ય કરતો હોય, છતાં જીવો મરે એના પર અફસોસી ભારે હોય,

મિલોના સફાઈબંધ કપડા ચઢાવી ખુશ થવા જેવું નથી. એમ મ્યુનિસિપાલિટીએ કૂતરા મરાવી નાખ્યા, હવે રાત્રિના કૂતરા ભસવાની ગરબડ નથી, એના પર રાજી થવા જેવું નથી, હિંસક દવાઓ-વસ્તુઓ પર લલચાવાનું નહિ.

આજ તો ડગલે ને પગલે સાવધાન રહેવા જેવું છે કે ક્યાંય જોવા-સાંભળવાની ય ખુશી અનુભવતા જીવોની ક્રૂર હિંસામાં મતું ન મારી દઈએ ! એ ખુશી ખતરનાક છે. એમાં પાછી પોતાના ઉપયોગમાં ન આવવાની હોય એમાં ય માત્ર જોઈને કે સાંભળીને ખુશી થતાં, અને 'આ સરસ બનાવટ છે' ઈત્યાદિ સર્ટિફિકેટ આપતાં જીવોની હિંસામાં નિષ્ઠુર અનુમતિ આપી દેવાય, એ વળી ઔર ભયંકર છે !

બીજાના દુઃખે દુઃખી થવાનો સ્વભાવ જ બનાવી દીધો હોય, તો દેખ્યું-સાંભળ્યું ગમે તેટલું સારું-રૂપાળું દેખાતું હોય, પણ પહેલું આ જ ધ્યાનમાં આવે કે 'જો આમાં પંચેન્દ્રિય જીવો કે જંતુઓની કારમી કતલેઆમ થયેલી છે, તો બિચારા એ જીવોની કેવી દુઃખદ દુર્દશા થઈ ? અને હિંસા કરનારા કેટલા બધા અજ્ઞાન અને મૂઢ ? એમનું ય બિચારાનું એ પાપના યોગે કેટલું દુઃખદ પરિણામ આવવાનું !' એના ઉપર પણ દયા ઊભરાય.

## • પાપી પર દયાનો મહાન સિદ્ધાંત •

હિંસકો ઉપરે ય ગુસ્સો કરવાનો કોઈ અર્થ નથી, આપણું ચાલતું હોય તો એમને હિંસાથી પાછા વાળીએ; પરંતુ ઉપજતું કાંઈ નથી, હિંસા અટકાવી શકતા નથી, પછી મનમાં એમના પર ગુસ્સાના લોચા વાળવાથી શો વિશેષ ? ત્યારે એમના પર પણ જો દયા ઊભરાવીએ, તો આપણા દિલમાં દયાનું સંસ્કરણ દૃઢ બનતું જાય, એ મહાન લાભ છે.

**પ્રશસ્ત કષાય કયો ? :-**

**પ્ર.**- એવા હિંસકો પર ગુસ્સો ઊઠે એ પ્રશસ્ત કષાય નહિ ?

**ઉ.**- કષાય પ્રશસ્ત તો તે કે એ હિંસક આપણી સામે ઊભો હોય અને એને ગુસ્સો દેખાડી એની હિંસા અટકાવવાનું કરીએ; અથવા બીજાઓને આપણે એ હિંસકો ઉપર ગુસ્સો દેખાડી એ હિંસામાં સંમત થતાં અટકાવી શકીએ. ના, આમાનું કશું કરાતું નથી, ને માત્ર આપણા મનમાં ને મનમાં જ ગુસ્સાનો ધમધમાટ કર્યા કરીએ કે ફોગટ બફારા કાઢ્યા કરીએ, એમાં શી પ્રશસ્તતા ?

પ્રશસ્ત કષાય તો તે, કે જેનું પરિણામ આત્મલાભમાં, આત્મગુણની પ્રાપ્તિ કે પોષણમાં ઊતરતું હોય.

ત્યારે એ ધ્યાન રાખવાનું છે કે હિંસકો ઉપર મનમાં ગુસ્સો ઊભરાવવાથી કાંઈ હિંસા તરફ સૂગનો ગુણ પોષાય એવું નથી, કે જેથી ગુસ્સાને વ્યાજબી ઠરાવી શકીએ. એવો ગુસ્સો જો કર્તવ્ય હોય, તો તો કેટલાની પ્રત્યે ગુસ્સો કર્યા કરીશું ? કેમકે,

નરકમાં અસંખ્ય પરમાધામીઓ નારકીના જીવોને કાપી-છૂંદી રહ્યા છે !

સમુદ્રમાં અસંખ્ય માછલાઓ નાના જીવોને મારી હોઈયાં કરી રહ્યા છે !

- સિંહ, વાઘ, વરુ, સાપ, અજગર, બિલાડાં વગેરે કેઈ ક્રૂર જીવો બીજા પ્રાણીઓને રેંસી રહ્યા છે !

- મનમાં આવા કેટલા ઉપર ગુસ્સો કરતા ચાલશું ? ગુસ્સાની વાત ખોટી છે.

પ્રશસ્તના ખોટા નામ હેઠળ નાહક હૈયું બગાડવાની જરૂર નથી. હા, હિંસા પર ઘૃણા-દ્વેષ પ્રશસ્ત છે. બાકી એવા હિંસકો ઉપર તો દયા લાવવાની કે 'બિચારા



કેટલા મૂઢ અને અજ્ઞાન કે આવી હિંસા કરે છે ! એને બિચારાને સદ્‌બુદ્ધિ મળો કે જેથી બીજાને દુઃખી કરે નહિ, અને જાત માટે ભાવી દુઃખ નોતરે નહિ !'

**અશાતાના દુઃખ કરતાં પાપનું દુઃખ મોટું :-**

મરતા જીવો જેમ અશાતાથી દુઃખી છે, એમ હિંસકો અજ્ઞાન અને મોહના દુઃખે દુઃખી છે; તેમ ભવિષ્યમાં પોતાના માટે ઘોર અશાતા ઊભી કરવાના દુઃખથી દુઃખી છે. **દુઃખના દુઃખે દુઃખી કરતાં પાપના દુઃખે દુઃખીનું દુઃખ બહુ ભયંકર છે. એવા દુઃખી દયાપાત્ર છે. દ્વેષપાત્ર નહિ; એની ય દયા ચિંતવવી, દ્વેષ નહિ.** તો જ આરાધના પ્રત્યે આપણે સાપેક્ષ રહી શકીએ; નહિતર તો ઊલટું કષાયના પક્ષકાર બન્યા રહેવાનું થાય !

**ધર્મની આરાધના કષાયના ઉપશમમાં છે, કષાયની વૃદ્ધિમાં નહિ.** જગતમાં જો કષાયો જ કરતાં ચાલવાનું હોય, તો તો એ માટે નિમિત્તોનો પાર નથી ! પરંતુ એથી શું વળે ? જિંદગી સુધી કષાય-દ્વેષ-ધમધમાટ કરતા રહીએ અને એના ઊંડા સંસ્કારનો ગંજાવર સ્ટોકનો પોટલો માથે ઊંચકીને પરલોકે ચાલતા થવાનું થાય ! ક્ષમાદિ ગુણો, દયાભાવ અને ઉપશમભાવનો અભ્યાસ કરવાની અહીં મળેલી અણમોલ તક ગુમાવવાનું થાય, વેડફાઈ જાય !

**ચિત્ત આમ જ તાપસી બન્યું રહે છે !** સિક્કો ખોટો પ્રશસ્ત કષાયોનો લગાવી ચિત્ત ઉગ્ર ને ઉગ્ર, ઊકળતું ને ઊકળતું રખાય, એ અહંત્વ અને દ્વેષના જ ઘેરા સંસ્કાર ઊભા કરે છે, દયા અને ઉપશમના નહિ ! જાતને ધર્મી તરીકે માનવા છતાં દયા અને ઉપશમના અભ્યાસ ન કરાય તો આરાધના પ્રત્યે સાપેક્ષભાવ ક્યાં રહેવાનો ?

ધર્મની આરાધના એટલે માત્ર બાહ્યથી ધાર્મિક ક્રિયાકાંડની આરાધના નહિ, પણ સાથે સાથે આભ્યન્તર ધાર્મિકભાવ, કષાયનિગ્રહ, વિષયવિરાગ વગેરેની પણ આરાધના સમજવાની છે. એના ય પ્રત્યે ચિત્ત સાપેક્ષ રહેવું જોઈએ. સાપેક્ષ એટલે અપેક્ષાવાળું, એની ઈચ્છા, હોંશ, આતુરતા, ગ્રાહકભાવવાળું. દયા અને ઉપશમના આભ્યન્તર ધર્મની આરાધના માટે આ જાગતી તમન્ના અને ઉપાદેયભાવ જોઈએ. એ આરાધનાનો સાપેક્ષભાવ છે. એ રાખ્યો હોય તો વારંવાર એનો અભ્યાસ કરવાનું મન બન્યું રહે, અને અવસરે અવસરે અભ્યાસ કરતાં જવાય.

બધી જોરદાર રમત સારી કે નરસીના પાયા નાખવાનું આ ટૂંકી જિંદગીના અંત સુધી જ કરી શકવાનું છે. મર્યા પછી તો એના પરિણામ ભોગવવાનાં આવશે. જીવોની દયા, અને કષાયનો ઉપશમ, એ બેના અભ્યાસની ગડમથલ અહીં કરી લો; પછીના વાયદે રાખશો મા. જીવનભર દ્વેષ-ક્રોધ-નિષ્ઠુરતા વગેરેનો અભ્યાસ કરતા રહી એકી કલમે દયા અને ઉપશમભાવ ઉપરથી ટપકી પડે ! એવી આશા

રાખતા મા.

એ તો હૈયામાં રમ્યા જ કરવું જોઈએ કે 'જીવતો છું ત્યાંસુધી દયા-ઉપશમની આરાધના કરી લઉં. મરી ગયા પછી એ શી થઈ શકવાની ? એમ અત્યારથી દયા અને ઉપશમનો અભ્યાસ કરતો ચાલું, કે જેથી અહીં પણ આગળ ઉપર એ સુલભ રહે. નહિતર નિર્દયતા-નિષ્ઠુરતા તથા કષાયોની જ ટેવ પોષ્યા કરવાથી આગળ ઉપરે ય એજ સ્ફુરવાના ! દયા-ઉપશમ નહિ !'

આ ભાવ હૈયે વણાયેલો રખાય તો આરાધનાનો સાપેક્ષભાવ બન્યો રહે, અને પ્રસંગે પ્રસંગે દયા અને ઉપશમની આરાધના કરતા રહેવાય. ભલે એ ભાવનો વ્યક્ત વિચાર ન કર્યો, પરંતુ જો દિલ એવું ઘડાઈ ગયું હોય, તો મોકો મળતાં સહેજે દયા જ ઊભરાય, દ્વેષ નહિ, નિષ્ઠુરતા નહિ.

પેલા ગામડાના વણિકને પોતાનું દુઃખ ભૂલી પ્રેમચંદ શેઠનું દુઃખ પીડે છે. 'બસ જઈને શેઠને બિચારાને આશ્વાસન દઉં' એમ થાય છે. દયા આવે છે, પણ દ્વેષ નહિ કે 'શેઠિયો અને દેવાળું ? બસ એને જ લાયક છે. લોકોના લૂંટી લૂંટીને ઘરભેગા કર્યા હતા, તે હવે ગયા, તો જવા જ જોઈએ, એ એને જ લાયક છે.' આવો કોઈ દ્વેષ નથી થતો. આજની કેળવણી અને વાતાવરણમાં આવા દ્વેષ સસ્તા થઈ ગયા છે. કેટલો બધો વિષમ કાળ કે નિષ્ઠુરતા અને કષાયો સસ્તા થઈ જાય, અને દયા-ઉપશમ કોઈ ગુફામાં સંતાઈ જાય !

**પ્રેમચંદ શેઠના બંગલે :-** વણિક પૂછતો પૂછતો પહોંચી ગયો પ્રેમચંદ શેઠના બંગલે. બંગલાની બહાર દરવાજે ચળકતા બટનવાળા સફેદ કોટ પાટલુનમાં સજ્જ દરવાન ઊભો છે. આના મનને થાય છે કે શું આ પ્રેમચંદ શેઠ જ ઊભા હશે ? ગામડાના માણસને શહેરીના રીતરિવાજની શી ખબર ? વિચાર કરતો ઊભો છે, એટલે દરવાન પૂછે છે,

'કેમ ભાઈ ! કેમ ઊભા છો ? કોનું કામ છે ?'

આ ખચકાતો-સંકોચાતો કહે છે 'મારે પ્રેમચંદ શેઠને મળવું છે. શું આપ જ પ્રેમચંદ શેઠ છો ?'

'ના ભાઈ ના, હું તો શેઠનો સિપાઈ છું. પણ શેઠ તમને નહિ મળે.'

'કેમ ન મળે ? હું એમની જ્ઞાતિનો છું.'

'અરે ! આ શેઠને મળવાની વાત કરો છો ? આ તમારા લુગડાના દેદાર તો જુઓ, શેઠને મળનારા તો મોટા મોટા શેઠિયા અને યુરોપિયનો છે.'

'અલ્યા ભાઈ ! પણ હું ઠેઠ સુરત પાસેના ગામડેથી ખાસ શેઠને ભેગા થવા માટે જ આવ્યો છું ! તે એમજ પાછો હાલું ? મને જવા દો અંદર,' એમ કરીને



અંદર પેસવા જાય છે; ત્યાં સિપાઈ આડો ઊભો રહી અટકાવે છે.

**ગરીબનાં નસીબ ગરીબ એટલે ? :-** કહે છે ને કે ગરીબનાં નસીબ ગરીબ ! એટલે ? પૈસે ટકે ગરીબ છે, માટે બીજા આદર-સત્કાર, યશ, આદેયતા વગેરેનાં પુણ્ય પણ જાણે સંતાઈ જાય છે ! પણ આનું કાંઈ કારણ ?

કારણ એજ કે ગરીબી લાવનારું પાપકર્મ બાંધ્યું તે વખતે જીવ પાપક્રિયામાં-પાપી મનોવૃત્તિમાં હતો; એ વૃત્તિમાં સાથે સાથે બીજાં અશુભ કર્મોનો પણ બંધ કરે જ છે. હા, કર્મો બંધાયા પછી એના પર અનેક પ્રક્રિયાઓ ચાલે છે; એમાં એવા કોઈ આદેય નામકર્મ, સૌભાગ્ય નામકર્મ વગેરેનું જોર આવી ગયું હોય તો કોઈને ગરીબી ઉદયમાં છતાં સાથે આદેયતા-સૌભાગ્ય વગેરે પણ ઉદયમાં હોઈ શકે એવું બને. પણ એ વિશેષ પ્રસંગ થયો. બાકી સામાન્યથી ગરીબનાં નસીબ ગરીબ.

માટે જ આ ધ્યાન રાખવા જેવું છે કે, ક્યારેય પણ મનોવૃત્તિ, મનના ભાવ ન બગાડીએ. નહિતર એ બગાડવાના યોગે એકી સાથે અનેક જાતનાં અશુભ કર્મો બંધાશે ! પછી એના ઉદયમાં ગરીબી, અપયશ, દૌર્ભાગ્ય, વચનની અનાદેયતા, વગેરે અનેક રીતની વિટંબણાઓ આવી પડવાની. ધર્મ-આરાધનાના સાપેક્ષભાવની આ ખૂબી છે કે આવી મલિન મનોવૃત્તિઓથી બચાવી લે. દા.ત. ચિત્ત જો આરાધના તરીકે બીજાના દુઃખે દુઃખ ધરવા તરફ અર્થાત્ કરુણાભાવ તરફ ખેંચાય છે, તો સહેજે અંધ સ્વાર્થભાવ, નિર્દયતા-નિષ્ઠુરતાદિ અશુભ ભાવમાં નહિ ઘસડાય.

**ઉદ્દેશનું લક્ષ કેમ ટકે ? :-** ગામડાના વણિકના મનમાં આ છે. એને પ્રેમચંદ શેઠનું દુઃખ મોટું લાગવાથી એમને આશ્વાસન આપવું છે. એ વિશુદ્ધ આરાધનાની અપેક્ષાનો પાછો એ પ્રભાવ છે કે જો કે અહીં સિપાઈ એને અટકાવી રહ્યો છે છતાં એના પર એવો ગુસ્સો એને નથી ચડતો. જો કોઈને આશ્વાસન આપવાના ઉદ્દેશે જવું છે, તો બીજા પર ચીડ શા માટે કરાય ? આ ધ્યાન રાખવા જેવું છે. જો વીતરાગ બનવા દર્શનાદિ કરવાનું કરવું છે, ત્યાં તો રોફ, રોષ કે ખોટા રાગ કેમ થાય ? હાં, વણિકના મનને દુઃખ થાય છે કે પોતે પોતાના દુઃખી જ્ઞાતિભાઈને આટલે સુધી આવવા છતાં આશ્વાસન નહિ આપી શકે ! બાકી ખોટો ગુસ્સો નથી કરતો, મન મનાવી લે છે કે 'આ ય બિચારો શું કરે ? ચિઠ્ઠીનો ચાકર; કદાચ શેઠનો એવો હુકમ હશે, યા એવા રખડેલ હાલીમવાલી અહીં ઘૂસી ન જાય એ માટે આવી સાવધાની હશે, તેથી આવા મારા દેદારે મને શાનો પેસવા દે ?'

**આરાધના પ્રત્યે સાપેક્ષતાની આ ખૂબી કે** એક બાજુ કોઈ આરાધનાનો મોકો આવ્યો અને ભાવ જાગ્યો પછી બીજી બાજુ કદાચ વિચિત્ર સંયોગ છે, તો તેથી ત્યાં વિરાધનાના ભાવમાં ઘસડાવા પ્રાયઃ તૈયાર ન હોય. આ વસ્તુ પર આપણે

ખૂબ જ લક્ષ રાખવાનું છે કે,

**એક બાજુ કોઈ ધર્મ આરાધના તરફ ખેંચાઈએ છીએ તો બીજી બાજુ વિરાધનાના ભાવ તરફ ખેંચાવાનું ન કરીએ; ઊલટું ત્યાં પણ એવી કોઈ શક્ય આરાધના શોધી કાઢી એનો લાભ ઉઠાવીએ.**

દા.ત. મંદિરમાં વીતરાગ પ્રભુના દર્શનાર્થે ગયા. આ આરાધનાનો ભાવ છે. પરંતુ ત્યાં ધારો કે દર્શન કરતાં કોઈ વચ્ચે આડો આવી પ્રભુને ઢાંકી દે છે. હવે અહીં એના પર ગુસ્સો ચઢે છે ખરો ? સામાન્ય માણસ હોય તો એમ કઠોર શબ્દમાં કહેવાનું મન થઈ જાય છે ખરું કે 'જરા બાજુએ રહો, આ ઠોયાની જેમ વચમાં શું ઊભા છો ?' આ શું છે ? આરાધના નહિ, વિરાધના ! ભાઈ, શા માટે એમ કરવું ? આરાધનાને માટે તો મંદિરમાં આવ્યા છીએ, પછી ગુસ્સો, તોછડાઈ, તિરસ્કાર વગેરે કરવાની શી જરૂર ?

**પ્ર.**- પણ દર્શનમાં અંતરાય થાય ત્યાં બીજું શું થાય ? ગુસ્સો થઈ જ જાય ને ?

ઉ.- ના, વીતરાગનાં દર્શન શા માટે કરવા છે ? ચિત્તના ભાવ ચોક્ખા કરવા માટે ને ? કે પૈસા ટકા વગેરે સુખ મળે એ માટે ? ભૂલા પડતાં નહિં, ઇચ્છો નહિ તો ય દર્શનના પુણ્યથી મળવાનું છે. ઊલટું ઇચ્છા વિના યાને નિરાશંસ ભાવે કરેલી ધર્મ-આરાધનાથી તો વિશેષ સુખ મળે છે. પછી એવી ઇચ્છા શા સારું રાખવી ? અને ખરી વાત તો એ છે કે

એવી પૈસાટકા જેવી તુચ્છ ચીજ વિશેષ મળે તેથી શું ?
એથી થોડો જ ભવભય ભાગે છે ? મૃત્યુ અટકે છે ?
સદ્‌ગતિ નક્કી થાય છે ? રોગો નથી જ આવતા ?
ચિત્તક્લેશ-સંતાપ તથા બહારના રગડા નથી જ પીડતા ?

વીતરાગ અને ધર્મ મુખ્ય બનવાને બદલે તુચ્છ જડ વસ્તુ મુખ્ય થશે એ નુકસાન ઓછું છે ?

આમાંનું શું મટે છે ? જો આ બધું ઊભું જ છે, તો પૈસા ટકા પર શું એવું મોહવાનું ? શું આકર્ષાવું ? શી એવી એની કિંમત આંકવી ? મહા ઉત્તમ લાભ કરાવી શકે એવા વીતરાગ પરમાત્માનાં દર્શન આવા તુચ્છ લાભ માટે કરવાનાં હોય નહિ. ઊલટું એમ કહો કે, એવા તુચ્છ પદાર્થોની જીવને રહેલી માયા-આકર્ષણ-લાલસાના અશુભ ભાવ તોડવા માટે પ્રતિપક્ષી જ્વલંત વૈરાગ્યાદિ શુભ ભાવ મળે એ સારુ પ્રભુદર્શનાદિ આરાધના કરવાની હોય.

મૂળ, મેલી લાગણીઓ, મલિન વૃત્તિઓ અને અશુભભાવોમાં જ જીવ મરી રહ્યો છે. એના પર જ પૈસા ગમે છે, વિષયસુખો ગમે છે; ને એની ખાતર જરૂર પડે



એટલા કષાયો અને હિંસા-અસત્યાદિ પાપો કરવામાં પાછી પાની કરતો નથી. પછી ભલે એથી ભવભ્રષ્ટ થઈ દીર્ઘ સંસાર ભમવો પડે, એનો કોઈ જ વિચાર સોસ-ભય મનમાં રાખવો નથી ! આ બધું મૂળ શાના ઉપર ? ચિત્તના મલિન ભાવ ઉપરસ્તો.

વીતરાગ ભગવાનનાં દર્શન-પૂજનાદિ ધર્મ-આરાધના આ અશુભ ભાવો તોડવા અને શુભ ભાવ જગાવવા માટે છે; તો એ માટે જ કરવાનાં.

સરાગ દેવ મૂકી વીતરાગ ભગવાન એટલા માટે તો દર્શનીય છે, વંદનીય છે, પૂજનીય છે, કે એ અશુભભાવથી સર્વથા મુક્ત છે અને શુભ ભાવની પરાકાષ્ઠાએ પહોંચેલા છે; એમજ આપણે એ સ્થિતિએ પહોંચવું છે કે નહિ ? એજ જોઈએ છે ને ? મોક્ષે પહોંચવું નથી ? મોક્ષ નથી જોઈતો ? જોઈએ છે, તો સમજી રાખો અશુભ ભાવ માત્ર ટાળી શુભ ભાવની પરાકાષ્ઠાએ પહોંચ્યા વિના કદી મોક્ષ ન મળે.

**મોક્ષ ચીજ જ આ છે કે** આત્મા એના તદ્દન શુદ્ધ, સ્વચ્છ-સ્વસ્થ પ્રગટ સ્વરૂપમાં આવી જાય. ત્યાં કોઈ જ અશુભ ભાવ નહિ, કોઈ જ શુભ ભાવ ન્યૂન નહિ. જ્યાંસુધી આંધળા રાગ-દ્વેષ, મોહ-મદ-મત્સર, કષાય-વિષયાસક્તિરૂપી મલિન ભાવો ખડા છે ત્યાંસુધી મોક્ષ તો શું, કેવળજ્ઞાન-વીતરાગતા-અપ્રમત્તભાવ કે મુનિપણું તો શું, શ્રાવકપણું ય નહિ, ને સમકિત પણ નહિ. આંધળા રાગાદિમાં એ હોય નહિ. પ્રભુનાં દર્શનની આડે કોઈ ઊભો રહે છે તો એના પર ગુસ્સો કરવો, એને તિરસ્કાર-તોછડાઈનો બોલ સંભળાવી દેવો અને પાછું એ ગુસ્સા વગેરેમાં કશું ખોટું કર્યું માનવું નહિ, ઊલટું કર્તવ્ય માનવું, એ આંધળા દ્વેષ-મદમાં જશે ! તો શું વીતરાગનાં દર્શન કરવા આવ્યા ત્યાં આ કમાવાનું ? સમકિતથી ય દૂર રહેવાનું ? કષાયો અને હિંસાદિ પાપોને નિઃસંકોચ કરવા જેવા માનવામાં સમ્યગ્દર્શન ન આવે, કે ન રહે.

**વીતરાગના દર્શન સમ્યકત્વની** પ્રાપ્તિ માટે, શુદ્ધિ-નિર્મળતા માટે છે. એમાં મુખ્યપણે અશુભ ભાવ ટાળી શુભ ભાવ પહેલો જોઈશે. બસ,

**દર્શન કરી આ માગવાનું છે કે 'હે પ્રભુ ! મારા અશુભ ભાવ ટળો; મને શુભ ભાવ મળો.'**

**અશુભ ભાવ ઉપર જ** પૈસા ઓછા લાગે છે, સુખ-સગવડમાં કમીના દેખાય છે, જડ વસ્તુમાં સંતોષ થતો નથી, એ બધાની લગની-લાલસા ઊભી જ રહે છે. આ બધું અશુભ ભાવના લીધે જ છે. એ મૂળ મલિન મનોભાવ જો સુધરી જાય તો પછી પૈસા-ને-બૈસા તુચ્છ લાગશે, એની દીનતા ને લારા બધું જ ઘટી જશે.

માટે નક્કી કરો, વીતરાગનાં દર્શન કરવા આવ્યા તે અશુભ ભાવ દબાવવા અને શુભ ભાવ જગાવવા. હવે દર્શનની આડે કોઈ આવીને ઊભો, તો પેલો ઉદ્દેશ

લક્ષમાં છે, એટલે એ શોધવાનું કે આ આડે આવીને થતા અંતરાયમાં ય કોઈ શુભ ભાવની આરાધનાને તક છે કે નહિ ? વિચારીએ તો દેખાય કે, અનેક શુભભાવની તક છે. કયા શુભ ભાવ ? આ;

**દર્શનની આડે કોઈ આવે ત્યાં કયા શુભ ભાવની તક ? :-**

(૧) ક્ષમા અને સમતાનો શુભ ભાવ; એ ખડો કરવાની તક છે; આડે આવનાર પર ખામોશ રાખીએ, ચિત્તમાં સમતા-સમાધિ ભરપૂર વહેતી રાખીએ.

(૨) આપણે પહેલાં કરેલા દર્શનની પરીક્ષાની તક; આંખો મીંચી તપાસવાનું કે ભગવાનની મુખાકૃતિ બરાબર આબેહૂબ યાદ આવે છે ? એમનું લલાટનું માપ, એના પ્રમાણમાં નાસિકાની ઉંચાઈનું માપ, નાસિકાની નીચેથી પહોળાઈ અને હોઠની લંબાઈ વચ્ચે તફાવત, ચક્ષુનું માપ, હડપચીનો ઘાટ; ગાલ ગોળ, લંબગોળ, ચપટા કે ઉપસેલા, એનો ઘાટ; કાનનું માપ, તંબોલરેખાનો ઘાટ, એમાં પ્રૌઢતા, ગંભીરતા, પ્રસન્નતા, કે સ્મિત વગેરે શું છે, એ બધું સ્મરણમાં તપાસવાની તક છે; અર્થાત્ પૂર્વે દર્શન કરી કેટલું યાદ રાખ્યું ?

(૩) અથવા, વીતરાગનાં જીવનનો અને ગુણોનો વિચાર કરવાની તક છે;

(૪) આડે ઊભેલા પર પ્રમોદભાવ, કે 'ધન્ય છે આને કે સંસારના પ્રલોભન મૂકી અહીં પ્રભુનાં દર્શન-પૂજનાર્થે આવ્યા છે;

(૫) એની ભાવદયા, કે 'બિચારો અજ્ઞાન છે તે બીજાને દર્શનમાં અંતરાય થાય એમ ઊભો છે;

(૬) એના પર વાત્સલ્યભાવ, કે 'વાહ, બળતાં-જલતાં સંસારમાંથી માંડ બચી અહીં આવ્યો ! મારો ભાઈ છે.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૨,અંક-૨૭,તા.૧૪-૩-૧૯૬૪**

પ્રભુદર્શનમાં કોઈ આડે આવ્યું ત્યાં આવા ક્ષમા-સમતા-પ્રમોદભાવ-વાત્સલ્ય-ભાવદયા-પ્રભુમુદ્રાસ્મરણ-પ્રભુજીવનગુણ-વિચાર...આવા કોઈ પણ શુભ ભાવને આરાધવાની તક છે. એ આરાધવાનું મૂકી ગર્વ-ગુસ્સો-દ્વેષ-તુચ્છકાર વગેરે વિરાધનામાં શા માટે પડવું ? દર્શનથી જો શુભ ભાવ કમાવવો છે, તો કોઈની ભૂલમાં આપણે અશુભ ભાવમાં પડવાનો ઊંધો વેપલો શા માટે કરવો ? ભાવધર્મની આરાધના કરવાની અપેક્ષા છે, તો એ આરાધનાનો સાપેક્ષભાવ બરાબર જાળવી રાખી બીજી બાજુના કોઈ પ્રસંગમાં વિરાધનામાં પડતું નહિ મૂકવાનું.

આ તો એક પ્રભુદર્શનનો દાખલો વિચાર્યો; બાકી બીજે પણ ધર્મ-આરાધનાના



પ્રસંગે આ વિરાધનામાં નહિ પડવાનો ખ્યાલ બરાબર રાખવાનો છે. **આરાધનાનો સાપેક્ષભાવ એટલે વ્યાપકપણે આરાધનાનો સાપેક્ષભાવ.** અમુક આરાધના ખપે છે અને બીજી નથી ખપતી એમ નહિ; અમુક આરાધના તો જોઈએ છે, પણ બીજી નહિ, એવું નહિ. બધે જ આરાધના જ જોઈએ છે, વિરાધના નહિ.

**વ્યાપક સાપેક્ષભાવ શી રીતે ?** દા.ત. ઉપવાસ કર્યો તો આરાધનામાં આવ્યા; પરંતુ ત્યાં સાવધાની જોઈએ કે 'કમમાં કમ આજે તો આહારના ગુણ નથી ગાવા.'

**આહારથી થતી શરીર-પુષ્ટિ કરતાં ઉપવાસથી થતી આત્મપુષ્ટિ, પુણ્યપુષ્ટિ, પાપકર્મક્ષય, આત્મસત્ત્વની ખીલવટ, આહાર સંજ્ઞાની કચરામણ, વગેરે મહાન લાભો છે.** એ તરફ જ જોવું છે. એટલે મનમાં એનો જ ઉલ્લાસ રાખવાનો. ખાવાના દિવસ કરતાં આજે વધારે સ્ફૂર્તિ રાખવાની, સુસ્તી નહિ. કદાચ ઢીલા પડ્યા, અશક્તિ આવી, તો ખુશી અનુભવવાની કે 'આજે જરા કસોટીનો ઉપવાસ થશે એ વધુ કર્મક્ષયનો લાભ આપશે ! એટલું સક્રિય સહન કરવાનું થશે. એ સત્ત્વ ખીલવશે, ખડતલપણાને કેળવશે.' આરાધના પ્રત્યે સાપેક્ષતા ઊભી રાખવી હોય તો આ જાગૃતિ જોઈશે જ.

**તીર્થયાત્રાએ નીકળ્યા તો** જેમ તીર્થનાં દર્શન-વંદન-પૂજનની આરાધના કેમ સારી અને વધારે કરી લઉં એવી અપેક્ષા રાખવાની, જેથી લક્ષ્મીનું મહત્ત્વ, શરીર-સુકોમળતાનું મહત્ત્વ, વગેરે ગૌણ બની જાય, અને એ વિનશ્વર વસ્તુમાંથી અવિનાશી આત્માને અવિનાશી ભક્તિ-શ્રદ્ધા-સુસંસ્કારના લાભ થાય; એમ તીર્થયાત્રામાં મોજમજા-સુખશીલતા વગેરેને દબાવનાર ત્યાગવૃત્તિ. તપસ્યા, **ઈન્દ્રિયસંયમ અને ધર્મચિંતા**-ચર્યા વગેરેની આરાધના પ્રત્યે પણ સાપેક્ષ, અપેક્ષાવાળા, ઉમળકાવાળા બન્યા રહેવાનું, અને શક્ય પુરુષાર્થ ચાલુ જ રાખવાનો.

મુદ્દો આ છે કે આરાધના પ્રત્યે સાપેક્ષભાવ વ્યાપકરૂપે રાખવા; જેથી એક જાતની આરાધનામાં લીન બનતાં બીજી બાજુની આરાધના ઘવાય નહિ. એના પ્રત્યે પણ સાપેક્ષ જ બન્યા રહેવાય.

**પેલા ગામડાના વણિકને** જેમ પોતાની જ્ઞાતિભાઈને આશ્વાસન આપવાની અપેક્ષા છે, તમન્ના છે, એમ અંદર ન જવા દેનાર સિપાઈ પ્રત્યે પણ દયાભાવ છે, ખામોશ છે, આ આરાધના છે. ત્યાં જો દ્વેષ કરે, ગુસ્સો કરે, તો એ વિરાધના થાય ! આરાધના જાય !

હવે અહીં આ વણિક અને સિપાઈ, બંનેની ગડમથલ અંદર બંગલાની બારીમાંથી પ્રેમચંદ શેઠે જોઈ. એમને લાગ્યું કે આ કોઈ ગરીબ માણસ કાંઈ દુઃખનો માર્યો આવ્યો લાગે છે, અને સિપાઈ એને આવતો રોકી રહ્યો દેખાય છે; તો લાવ

એ ગરીબને બિચારાને અંદર બોલાવું. એમ વિચારી તરત નોકરને મોકલી એને બોલાવી મંગાવ્યો.

સિપાઈને આશ્ચર્ય થયું કે 'શેઠ આવા અજાણ્યા ગરીબને બોલાવી લે છે !' પણ એને બિચારાને શી ખબર કે

મોટાનાં દિલ મોટાં હોય છે.

સમુદ્ર વહી આવેલાં બધી જાતનાં પાણી સમાવે છે.

ધરતી ઉકરડાનો પણ ભાર ઉપાડે છે.

મોટાઈ એનું નામ, કે નાના મામુલી માણસ પ્રત્યે પણ વાત્સલ્યભાવ રખાવે.

પ્રેમચંદ શેઠની આ વડાઈથી વણિકનો ઉત્સાહ વધી ગયો. મોટાને બહુ બોલવું ય પડતું નથી.

મોટાનો એક ઉચિત વ્યવહાર નાનામાં જબરું પ્રોત્સાહન જગાવી દે છે.

મોટામાં દિલની અને વિવેકની મોટાઈ જોઈએ; મોટું દિલ, અહંત્વ-અભિમાન-સત્તાનો મદ ભૂલી, દુરુપયોગ ભૂલી, સારું કરી લેવા માટેનું દિલ; અને મોટો વિવેક, નાનાની પણ કંઈક કિંમત આંકવાનો વિવેક. શ્રીમંતો, વડેરાઓ આ બેના આધારે કામ કરે તો નાનાઓમાં મધુરું વાતાવરણ જમાવી દે.

અહીં એક વસ્તુ બની. વણિકને મન ટાઢક વળી. એને થયું કે 'પેલો કહેતો હતો કે પ્રેમચંદ શેઠે દેવાળું કાઢ્યું છે, અને અહીં તો બંગલો, સિપાઈ, મોટર વગેરે ઊભું છે. તો લાગે છે કે દેવાળાની વાત ખોટી. ત્યારે પેલાએ કેમ એમ કહ્યું ? હોય, મને ગામડાનો ભોળો માણસ સમજી બનાવવાનો ધંધો કર્યો હોય. ખેર ! આટલે સુધી આવ્યો છું તો હવે કુશળ સમાચાર પૂછી લઉં. દૂર દેશમાં જ્ઞાતિભાઈ એ સગો ભાઈ જ છે.' એમ વિચાર કરી ચાલ્યો અંદર.

વણિક બંગલામાં ઉપર ગયો એટલે પ્રેમચંદ શેઠે એને આવકાર્યો. 'આવો આવો ભાઈ ! આવો.' કહીને ગાદી પર બેસવા સંકેત કરે છે. પણ આ તો ગામડાનો માણસ તે મોટા માણસ સાથે સફેદ બાસ્તા જેવી ગાદી પર બેસવા એની હિંમત જ ન ચાલી, તે આગળની શેતરંજી પર બેસવા જાય છે. સમજે છે કે 'આપણો મોભો કેટલો ? આપણું સ્થાન કયું ?

**મોભા પ્રમાણે વર્તીએ તો વિવેકી બન્યા રહેવાય, જશ મળે; ઉપરવટ જઈએ તો ઉદ્ધત-ઉછાંછળાં-નાલાયકમાં ખપીએ,** મોભા પ્રમાણે નીચે બેસવામાં મોટાની આગળ કોઈ હીણપત નથી લાગતી. હા, સરખેસરખા હોઈએ તો જુદી વાત. બાકી તો મોટા આગળ તો નાના જ દેખાઈએ એમાં શોભા.' એમ વિચારી ગાદી બહાર નીચે બેસવા જાય છે.



**મોટા આગળ નીચી પાયરીએ જ રહેવું :-** વિચારણા એની વ્યાજબી છે, માત્ર બેસવા પૂરતી જ વાત નથી, બોલવા-ચાલવાના બધા વ્યવહારમાં આવું છે કે મોટાની આગળ નીચી પાયરીએ રહીએ એમાં આપણી શોભા છે.

**મોટા આગળ અવાજ કેવો ? :-** માબાપ કે શિક્ષક ઊંચા રોફભર્યો સ્વરે કાંઈ પૂછે, પણ નાનાથી જવાબ ઊંચા રોફભર્યા સ્વરે આપવો શોભે નહિ. ત્યારે પેલા નીચા કોમળ સ્વરથી કહેતા હોય, એની સામે નાનાએ રોફમાં ઊંચા અવાજે કહેવાની તો વાતે ય શી ? પેલા એક હાંક મારે ત્યાં નાનાએ ત્રણ વાર 'જી, આવ્યો' 'આવ્યો જી' આ આવ્યો એમ કહેવું હજી શોભે, પણ મોટા ત્રણ વાર હાંક મારે અને નાનો એક પણ 'જી' 'હા' કાંઈ જ ન બોલે, મૌન રાખે, એ કેટલું બધું અજુગતું ?

**મોટા આગળ બેઠક કેવી ? :-**

મોટાની આગળ તો બધા જ વ્યવહારમાં આપણી નાનપ દેખાવી જોઈએ. એમની આગળ બેસવાની પદ્ધતિ ય એવી કે સરખાસરખી ન લાગે, પણ મોટા-નાનાનો ભેદ દેખાય. એ પલાઠી માંડી બેઠા હોય, તો આપણે ઊભડક પગે બેસીએ; અને અગર આપણે પલાંઠી ય માંડી હોય તો ય એમાં સંકોચ, નાનપણ તરી આવે; દા.ત. પલાંઠી પર હાથ જોડીને બેસાય; પલાંઠી સાંકડી હોય.

**મોટા આગળ બીજા વ્યવહાર :-** એમ એમની સમક્ષમાં બીજા સાથે કંઈ વાત કરવાનો પ્રસંગ હોય, તો તે ધીરા અવાજે થાય.

એમની પાસેથી પસાર થવું પડે, તો તે પણ વિનય મર્યાદા, સંકોચ સાચવીને જવાય, પણ નહિ કે ધમ-ધમ કરતા, યા દોડતા.

બહારના માણસ આવ્યા હોય તો પહેલું મિલન, પહેલી વાત મોટાને જ કરવા દેવાની; પણ નહિ કે પહેલું નાનાએ એમને વાતમાં લઈ બેસવાનું.

એમ બહારનાને કાંઈ એવો જવાબ દેવાનો હોય તો તે મોટા દે, અગર મોટાના હુકમ તરીકે નાના દે; પણ નાનાઓ પોતાનો સ્વતંત્ર મત સ્વતંત્ર આદેશ ન દઈ દે.

એમ, મોટા આગળ જમવા બેઠા, ત્યાં પણ નાનપણ તરી આવે,

**બાળકો, સંતાનોને આ વિવેક શિખવાડો છો ખરા ?** એની માતા એની વડેરી છે, તો એની આગળ બોલવા-ચાલવા વગેરે બધી બાબતમાં સંતાનનું પોતાનું નાનપણ તરવરતું રહે, વિનય-મર્યાદા દેખાઈ આવે, એ માટે જુદા જુદા પ્રસંગમાં એને તાલિમ-શિક્ષણ આપો છો ને ? કે અવસરે એના દેખતાં જ એની માતાને ઉતારી પાડી એના મગજ પર એ છાયા પાડો છો કે આ માતાને તો ગમે તેમ હેંડલ કરી શકાય ? ઉતારીય પાડી શકાય ? બહુ ધ્યાન રાખવા જેવું છે કે માતા દીકરાના બાપને, કે બાપ દીકરાની માતાને દીકરા સમક્ષ ઉતારી પાડે, હલકા પાડે, તો પછી

દીકરાના મન પરથી એમનો ભારબોજ અને આદર ગયો સમજો ! એ ગયો એટલે વિનીતભાવ અને વચન પર બહુમાન ઊડવાના !

નાનાએ પોતાની લઘુતા દેખાય એવો, એમ મોટાએ પોતાનો વિવેક અને વિચારકતા તરવરે એવો વર્તાવ રાખવો જોઈએ.

**મોટાઈ તુચ્છ લાભ પર :-**

આજ તો માણસને પોતાની લઘુતા માનવાનું કઠિન પડે છે. કેમ જાણે નાના બનવામાં ગુમાવવું જ પડશે ! અને મોટાઈ માનવાથી લાભ જ થશે ! કોઈ પણ વિચાર-વાણી-માન્યતા-વર્તાવની પ્રવૃત્તિ લાભ માટે યા નુકસાનથી બચવા માટે જ હોય ને ? તે પણ તાત્કાલિક લાભ કે દીર્ઘ કાળનો લાભ ? વિચાર જ કોને કરવો છે ? તત્કાળ તુચ્છ પણ લાભ દેખાય કે આંધળિયા કરી ઝુકાવવાનું, એમ જ ને ? આપણી ઠાંસ, આપણી મોટાઈ-વડાઈ બતાવતાં સામો બીજા જરા અંજાઈ જાય છે, પ્રશંસાના બે ફૂલ વેરે છે, બસ એટલામાં ખુશી ખુશી ? કેટલી બધી તુચ્છ ગણતરી છે ! જ્યાં ખુશી તો કોઈ મહાન તાત્ત્વિક લાભ પર અનુભવવાની હોય ત્યાં એના બદલે, જેમ ભંગી-વાઘરાને એંઠાજૂઠા દાળ ભાત પર ખુશી થાય, એમ તુચ્છ અંજામણ કે તુચ્છ ક્ષણિક પ્રશંસા પર હરખ હરખ થઈ જાય છે ! મોટો ઈડરિયો ગઢ જીતી આવ્યા ! આ ખોટું છે. હરખ તો કોઈ મહાન લાભ પર હોય.

**કયા નાથ માથે ધર્યા છે ?**

નાથ તો તે માથે ધર્યા છે કે જેમને જન્મતાં મોટી સામ્રાજ્ઞી જેવી દિક્કુમારીઓએ નવરાવ્યા ! શણગાર્યા ! વાંદ્યા ! અને હુલરાવ્યા ! છતાં પ્રભુએ હરખ નથી કર્યા. ચોસઠ ઇંદ્રો અને ઇંદ્રાણીઓ-દેવદેવીઓએ જેમનો જન્માભિષેક મોટા ઠાઠ અને નમ્ર સેવકભાવથી ઉજવ્યો, જેમના અસાધારણ ગુણ ગાયા અને પ્રાર્થના કરી, છતા એ નાથે લેશ પણ હરખ નથી કર્યા. આવા નાથને માથે ધરનાર આપણે તુચ્છ લાભ પર ભંગી-વાઘરાની માફક હરખ કરીએ ? તો પછી તીર્થંકર નાથને નહિ પામેલા, પણ રેંગડાપેંગડા રાગી-દ્વેષી દેવ-દેવીને ભગવાન તરીકે પામેલા કરતાં આપણી શી વિશેષતા ? શું મન થોડું પણ માતબર ન હોય કે 'હું તો જન્મથી મહા સમૃદ્ધિ-સન્માન પર પણ મહાવિરાગી દેવાધિદેવને પામેલો છું તે કમમાં કમ તુચ્છ લાભમાં તો જરા ય ન હરખાઉં.'

**ભવાભિનંદીની તુચ્છતા :-**

'પંચસૂત્ર' શાસ્ત્રના પદાર્થ એ શાસ્ત્રે બતાવેલ મોક્ષમાર્ગની પ્રક્રિયા ભવાભિનંદી જીવને બુદ્ધિમાં પણ ન બેસવાનું કહ્યું તેનું આ કારણ છે કે એનામાં ક્ષુદ્રતા એટલે કે તુચ્છ મતિ એવી છે કે એ માત્ર તાત્કાલિક તુચ્છલાભ તરફ જ



દૃષ્ટિ રાખનારો છે. આગળનું કાંઈ જ વિચારવાની ત્રેવડ નથી, ગરજ નથી, કે લાભ થશે કે નુકસાન ? વળી એવી તુચ્છતા છે કે એને તો આત્માની અપેક્ષાએ તુચ્છ ગણાય એવી ઇન્દ્રિયોના જ સુખ-આનંદ જોવા છે, આત્માની નક્કર સુખશાંતિ જોવી નથી. એટલે જ એ દુન્યવી ઉપાધિઓ-સાધનસરંજામ વગેરે વધારી દેવામાં વધારે સુખ દેખે છે; પછી ભલેને એમાં ચિંતા કાળજી, સંતાપ, વિકલ્પો વગેરે વધે ? પણ એને એનું દુઃખ નથી; કેમકે આત્માને અશાંતિ-અજંપો થવાથી નક્કર સુખશાંતિ લોપાય એ એને મન વિસાતમાં નથી.

**હાડકું કરડતાં કૂતરા જેવી ક્ષુદ્ર મતિ :-**

મતિ ક્ષુદ્ર, ઉત્તાન, છીછરી એવી કે જેમ કૂતરું હાડકું કરડે છે, પોતાના જ દાંત હલી એમાંથી લોહી નીકળે તે ચાટી ખુશી થાય છે, પાછું એમ માનીને કે આ હાડકાના ટૂકડામાંથી ઠીક લોહી આવ્યું ને મજા પડી; હવે પછી દાંતમાં દરદ થશે તો ય એના મગજમાં એ નહિ આવે કે 'હાડકામાં સુખની મારી ભ્રાન્તિ હતી, અને એની પાછળ દોડવાથી જ આ દર્દ ઊભું થયું.' બસ, એ જ પ્રમાણે ભવાભિનંદી જીવની દશા છે. ઇન્દ્રિયોનું સુખ લેવા જતાં ઉપાધિ, આપદા, ચિંતા, સંતાપ ઊભા થયા એની કાં તો ગણતરી ગણવી નથી; અથવા એ વિશેષ પ્રમાણમાં ઊભા થયેલા છે અને મગજને તંગ કરે છે, તો પણ એમ માનવું નથી કે 'આ સંતાપાદિનું મૂળ ખોટો ઇન્દ્રિયસુખનો લોભ અને બહારના પદાર્થોમાં સુખની કલ્પના છે.' એના મગજમાં એ આવતું જ નથી. એ તો એમ જ સમજે છે કે 'આ બધા પદાર્થો તો ખરેખરા સુખનાં સાધન છે, પરંતુ આ તો પેલાએ બગાડ્યું, ઓલાએ બગાડ્યું, મેં જરા ઉતાવળ કરી નાખી, માટે પીડા ઊભી થઈ.' હવે એને કોણ કહે કે

**સદા તૃપ્તને પીડા નથી :-** 'અલ્યા મૂરખ ?' પણ એ તો જો કે મૂળમાં જ જો તુચ્છ ઇન્દ્રિયના સુખમાં દોડ્યો ન હોત તો ક્યાં આ પીડા ઊભી થવાની હતી ? જડ પદાર્થોમાં મહાસુખની ભ્રમણા જ ન રાખી હોત, તો આ ખોટું દોડવાનું અને પીડા વહોરવાનું શાનું બનત ? જો દુનિયામાં; સંતોષી અને સદા તૃપ્ત-ધરાયેલા માણસોને આ કાંઈ જ પીડા નથી, રાત-દિવસ ચિંતા કે સંતાપમાં શેકાવાનું નથી.' એને આ કોણ સુઝાડી શકે ?

આત્માની આગળ ઇન્દ્રિયો તુચ્છ છે, એનાં સુખ તુચ્છ છે; કેમકે એ ક્ષણિક છે, વારંવાર એની ખણજ ઊભી રહે છે, અને સરવાળે સંતાપ, અશાંતિ અને પરલોકની મહા વિટંબણા-ત્રાસ-રિબામણમાં જીવને ફસાવે છે. છતાં ભવાભિનંદી જીવની તુચ્છમતિ એમાં રાચે છે ! એ જ ઇન્દ્રિયો અને એનાં સુખ તથા એ સુખ દેનારા દેખાતા જડ પદાર્થોને એ સર્વસ્વ માને છે ! તુચ્છ સુખમાં સર્વસ્વની દૃષ્ટિ

એ તુચ્છ મતિ છે.

**લોભરતિ-લાભરતિમાં પણ તુચ્છ હરખ :-** વળી એ ભવાભિનંદી જીવ લોભરતિ, લોભનો આનંદ યા લાભરતિ લાભનો આનંદ એવો માને છે કે તુચ્છ ખણજો અને તુચ્છ લાભમાં હરખો હરખો થઈ જાય છે. આવા તુચ્છ હરખમાં રાચવું એ ખતરનાક છે. કેમકે એ જ પાપો અને મહા પાપો પણ ખુશમિશાલ કરાવે છે.

**પૂર્વપુરુષનો ધડો :-** એમાં ય તુચ્છ મોટાઈ લેવાનો હરખ, એ વળી જીવને ભારે વિડંબે છે, પાગલ કરે છે. જગતના મહાપુણ્યવંતા કે મહા બુદ્ધિમાનની સામે જોવા જાય તો દેખાય કે એમની આગળ પોતાનામાં કાંઈ ભલીવાર નથી, કોઈ તેવા પુણ્ય કે બુદ્ધિનું ઠેકાણું નથી, છતાં એના પર મોટાઈ લેવી છે, અને તે પણ મોટાની સામે મોટાઈ બતાવવી છે ! એમાં ડાહ્યાની દૃષ્ટિએ પોતે લાજી રહ્યો છે એ જોવું નથી, કે એમાં આઘો જઈને પાછો પછડાશે એનો વિચાર કરવો નથી, એટલે પેલા હજામવાળી વાત જેવું થાય છે.

**હજામની મોટાઈનું દૃષ્ટાંત; એની બનાવટ :-**

એક હજામ રોજ શેઠની રાતે પગચંપી કરતો, અને ત્યાં શેઠના મિત્રમંડળની વેપારની મોટી મોટી વાતો સાંભળતો. એમાં એને ય હરખ થઈ આવતો કે હું ય કાંક વેપાર કરું. તે શેઠને રોજ તંગ કરે, 'શેઠ સાહેબ ! મને ય કોક વેપાર કરાવો.'

શેઠ કહે, 'ભલા માણસ તારું કામ નહિ. તું તારે જે ધંધો કરે છે, એમાં સુખી છે, નહિતર દુઃખમાં પડીશ.'

હજામ માને નહિ, રોજ માથાફોડી કરાવે, એટલે શેઠ કંટાળ્યો. એણે એક તાકડો રચ્યો જાણે પરદેશથી ચિઠ્ઠી લઈને કોઈ આવ્યો, એવો ઘાટ ઊભો કર્યો. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે

'અપરં ચ, શેઠજીને માલુમ થાય કે આ વખતે અહીં તાંદળિયાની ભાજીનો પાક બહુ ઓછો છે અને અહીંના લોકોમાં એની ખપત વધારે છે, એમ લગનગાળો છે તેમાં ય એની ખપત વધુ રહેવાની. તેથી એની માંગ આવશે, માટે સારા પ્રમાણમાં એની ખરીદી કરી લેવા જેવી છે...'

હજામ બેઠો છે. મુનિમ શેઠને આ ચિઠ્ઠી વંચાવી દે છે. શેઠ મુનિમને કહે છે, 'ઠીક ત્યારે ધ્યાન રાખી ખરીદી કરી લેજો.'

હજામ આ સાંભળીને ખીલે છે. મનમાં થાય છે કે 'શેઠ ભલે વેપાર ન કરાવે, શું મને વેપાર કરતા નથી આવડતો ? શું શેઠમાં જ એકલામાં બુદ્ધિ છે ? ના રે ના, હું ય કાંઈ કમ નથી.'

બસ, હજામ ઉપડ્યો ત્યાંથી બજારમાં કાછિયા પાસે. રાતોરાત તાંદળિયાની



ભાજીના મોટા લોટના-લોટ-જથ્થાના જથ્થા ખરીદી લીધા. રખે શેઠ સવારે ખરીદી કરાવી લે તો બંદા રહી જાય તો ? પોતાના ઘરનો ઓરડો ભાજીથી ભર્યો !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૨,અંક-૨૮,તા.૨૮-૩-૧૯૬૪**

## (૪) આરાધનાનો સાપેક્ષભાવ : જવાબદારીનું ભાન

હવે શેઠને ત્યાં, ને બજારમાં, વધારે આંટા માર્યા કરે છે કે 'ક્યારે બહારથી માંગ આવે ને ઊંચા ભાવે વેચી નાખી રૂપિયા ઢગલો કમાઈ પડું !'

પણ અહીં તો એક દહાડો, બે દહાડા, ચાર દહાડા થયા, કશા સમાચાર નથી. બોગસ વાત પર શાના સમાચાર ? ને શી વાત ? પાંચ છ દિવસ પછી શેઠને ત્યાં ફરીથી ચિઠ્ઠી આવી, બનાવટી હોં ! એમાં લખ્યું હતું કે 'બહારથી તાંદળજો ઘણો આવી ગયો છે એટલે હવે તમારે વેચવો હોય તો અહીં મોકલી આપજો, ત્યાં માંગ આવવાની આશા ઓછી છે.'

બસ, હજામભાઈના અડધા મોતિયા તો અહીં જ મરી ગયા કે 'હાય ! ત્યાં બીજાની હરિફાઈમાં શો લાભ થવાનો ?' પણ આશામાં ને આશામાં ઘરે ગયા, જાણે 'માલ લઈ જાઉં પરદેશ !' પરંતુ ઘરે ઓરડો ખોલી જુએ છે તો તાંદળજો કેટલોક કરમાઈ ગયેલો, ને કેટલોક કહોવાઈ ગંધાઈ ઉઠેલો ! શેઠને ત્યાં આવી પોક મૂકી.

'શેઠ ! હું તો મર્યો !'

શેઠ કહે 'કેમ શું થયું ?'

હજામ કહે, 'મેં તો તમારી ચિઠ્ઠી સાંભળી તાંદળજો ખરીદેલો; પણ પરદેશની માંગ કાંઈ આવી નહિ. હું તો રાહ જોતો બેસી રહ્યો, અને તાંદળજો બધો ખલાસ ખતમ થઈ ગયો ! ભાઈસાબ મારા તો રૂપિયા પાંચસો ગયા ! હું ગરીબ માણસ, હવે શું કરું ?'

શેઠ કહે 'ભાઈ ! એ તો વેપાર છે, તે કોક વાર ખોવા ય પડે.'

'અરે શેઠ સાહેબ ! મારું તે ગજું છે ?'

'તો મેં તો તને પહેલેથી કહ્યું હતું કે તારું કામ નહિ.'

શેઠ જુએ છે કે 'એને એના ગજામાં ફટકો ઠીક ઠીક લાગ્યો છે; તો મારે એટલી રકમ એને ભેટ કરવી પણ હમણાં નહિ. કેમકે આટલી ખોટ એના મનમાં સાલ્યા કરશે તો જ ફરીથી આવું મોટાઈનું સાહસ નહિ કરે. વળી એને કોઈ પ્રસંગ આવશે ત્યારે ભેટ કરી દેશું.' એમ કરી એટલી રકમ એના નામ પર ખાનગી જમા કરાવી દીધી; અને મોંઢેથી એને કહ્યું.

'જો હવે ચિંતા કરે એ નકામી છે. શાંતિથી તારો ધંધો કરી ખા.'

હજામ કહે 'પણ શેઠ ! હવે આ ઘર પડું પડું થઈ રહ્યું છે; તે પડે તો સમરાવવા કોના લેવા જાઉં ?'

શેઠ કહે છે, 'તે પહેલાં ખબર નહોતી ? ખેર ! હવે પડે ત્યારે આવજે !'

શેઠે તાકડો રચ્યો અને હજામે ગુમાવ્યા, પણ શેઠના દિલમાં એને શિખામણ અપાવવા સાથે મદદ પણ કરવાનું બેઠું હતું, તે ગોઠવણ કરી રાખી, અને એને આશ્વાસન આપ્યું : સાચા મોટાના મન મોટા.

હજામને ખોટી મોટાઈનો ધક્કો નડ્યો તે મોટાઈની ખો ભૂલાવી દીધી, પણ જ્યાં પ્રત્યક્ષમાં એવો જબ્બર માર ન પડતો હોય ત્યાં મોટાઈ ને ઠાંસ-ઠસ્સામાંથી જીવ શે બહાર નીકળે ? એમાં વળી મોટાની આગળ પણ મોટાઈનું પ્રદર્શન કરતો કોણ અટકાવે ?

**મોટાઈના ખોટા ખરચા :-** આજ જુઓ આ મોટાઈ ને ઠસ્સો રાખવા પાછળ જીવો કેવા ખુવાર થઈ રહ્યા છે ! કપડાં તો અપ-ટુ-ડેટ જોઈએ છે ! બૂટ તો શેઠિયા જેવા ! ખાનપાન તે પણ હાઈક્લાસ ! બસ, વાહન, સિનેમા, તેલ-પાવડર, પેન-પાકિટ કશી કમીના ન ચાલે. વાતચીતનો ફટાટોપ પણ એવો જ જોઈએ છે, દવાઓ પણ ઊંચી જોઈએ ! મોટાઈના નાદે ચડેલા તન-મન-ધનથી બધી રીતે એવા ભ્રષ્ટ થાય છે, કે પુણ્ય સફાચટ, ને પાપનાં પોટલાં !

પછી ત્યાં દાન-પુણ્ય-પરોપકાર કરવાને જગા નથી. જગા છે મોટાઈના ખર્ચામાં તણાવાની.

દેવ-ગુરુ-સાધર્મિકની સેવા કરવાની પડી નથી. પડી છે મોહાંધોની સાથે વાતોચીતો-ખુશામત-ચાપલુસી કરવાની.

મોટાઈના પૂરમાં તણાયેલાને દેવ-ગુરુ-ધર્મની સેવા કરવાનું ક્યાંથી હોય ? નથી ને કદાચ ડોકાઈ જાય, બે પૈસા ખરચી ય નાખે, તે પણ સેવકભાવ-સેવાભાવથી નહિ, એ ય મોટાઈ બતાવવા !

મોટાઈનો નાદ ભયંકર છે. સાચા ધર્માત્મા બનવું હોય એણે આ પહેલું મૂકી દઈ લઘુતા કેળવવી જોઈએ. એમાં ય પૂજ્યો, ઉપકારીઓ, વડીલો, ગુણિયલની આગળ તો ખાસ લઘુભાવ રાખવાનો. તેમ જ જીવન સાદું જીવવાનું. તો જ બીજા ગુણો અને ધર્મ સગા થાય.

ગામડાનો વણિક વિનયભાવે નીચે શેતરંજી પર બેસવા જતો હતો, પણ પ્રેમચંદે શેઠે એનો હાથ પકડીને ગાદી પર બેસાડ્યો.

'ગમે તે માણસનો એટલો બધો આદર કરાય ?' એમ તમને પ્રશ્ન ઊઠતો



હશે, પરંતુ એ જોજો કે અહીં પ્રેમચંદ શેઠે એ જોયું કે મવાલી જેવા માણસને તો નીચે સિપાઈ વાતમાં ઊભો ય ન રાખે. જ્યારે અહીં તો શેઠે પોતે સિપાઈને વણિક સાથે વાતચીત કરતો દેખ્યો છે. સિપાઈ જેવા પર આટલો વિશ્વાસ ? હા, પોતાના માણસ વિશ્વસનીય જ રાખ્યા હોય, તેથી એની વાતમાં કાંઈક તથ્ય હશે એ વિશ્વાસ છે. વળી અહીં વણિકના ચહેરા ઉપરના એવા ભાવ અને ખાનદાની જોયા છે, એટલે એ હિસાબે આ ગાદી પર બેસાડવાનો વિવેક કરે છે.

**વિવેકમાં પ્રસંગની સમજ અને કદર :-** માણસમાં જો પ્રસંગ સમજવાની આવડત ન હોય અને એને અનુસારે એની કદર કરવાની ગરજ નથી, તો વિવેકશક્તિ ક્યાં રહી ? ત્યારે વિવેક વિના માણસાઈ શી ?

કેવળ પોતાની માની લીધેલી મોટાઈના ઘમંડમાં તણાવું, અને યોગ્યના આદર ન કરવા એ મૂઢતા છે. ઉપરથી વળી અનાદર-તિરસ્કાર દેખાડવા એ માણસાઈનું લિલામ છે. બાંધી લાવેલા પૂર્વના પુણ્યની હોળી કરવાનો ધંધો છે.

**પુણ્યની હોળી :-** હોળી એટલે ક્ષણવાર ઉજાશ દેખાય, ક્ષણિક ગરમી મળે, પરંતુ પછી બધું રાખ. એમ અહીં પુણ્યના ઉદયમાં પણ એવો ક્ષણજીવી ચમકારો અને આનંદની ગરમી; કિન્તુ યોગ્યની બેકદર, અનાદર અને અનુચિત વ્યવહાર-પ્રવૃત્તિમાં એ પુણ્યની રાખ ! ઉપરથી પાપની ભરતી !

ઘમંડમાં તણાતાં પહેલાં બહુ વિચાર કરવા જેવો છે કે

(૧) એવા કયા મહાન સુકૃત-પરોપકાર પર,

(૨) પાપોદયથી તદ્દન અલિપ્ત એવા કેવા પુણ્યોદય ઉપર,

(૩) રોગ-ઘડપણ-મૃત્યુને કયું હાંકી કાઢવા પર, અને

(૪) કયા ઉચ્ચ ગુણોના ભંડાર ઉપર,

આ ઘમંડ ? ચારેમાંથી એકેયનું ઠેકાણું નથી, દીનતા છે, પછી ઘમંડ કરવાની હિંમત જ ન થવી જોઈએ. ભૂલતા નહિ કે,-

ઘમંડ કરતાં કરતાં અંતે બધું કાળના પ્રવાહમાં તણાઈ જવાનું છે. જેના જેના અંગે ઘમંડ છે, એ બધું જવાનું છે; પણ સાથે આવી શકે એવી નમ્રતા-મૃદુતા-લઘુભાવની દિવ્ય આરાધનાનો પુરુષાર્થ-કાળ હાથમાંથી નષ્ટ થઈ જશે !

**પ્રેમચંદ શેઠના વિવેકભર્યા બોલ અને ચાલ :-**

પ્રેમચંદ શેઠ નમ્રતા અને વાત્સલ્યની આરાધના પ્રત્યે સાપેક્ષ છે; અર્થાત્ ક્યારેય નમ્રતા અને વાત્સલ્ય ન ભૂલવા, એ જાગૃતિ છે. વણિકને ગાદી પર બેસાડી પૂછે છે,-

'કહો ક્યાંથી પધારવું થયું ?'

વણિક તો બિચારો શેઠનો આ વિવેક અને પોતાનું સન્માન કરવાનું જોઈ ચકિત થઈ ગયો છે ! વિશેષ નમ્રતાથી હાથ જોડી કહે છે, 'શેઠ સાહેબ ! હું સુરત પાસેના ગામડેથી આવું છું. આપની નાતનો ને દૂરનો સગો છું.

શેઠ કહે, 'હા...ઘણું સરસ ! મને સાધર્મિક જ્ઞાતિ ભાઈનાં દર્શન આપ્યાં ! અહીં સીધા જ આવ્યા લાગો છો તો પહેલાં સ્નાન-ભોજનાદિ કરો. પછી વાતચીત કરીએ.'

**જુઓ 'ક્યાં ઊતર્યા છો ?' એમ નથી પૂછતા** કેમકે એમ પૂછવામાં, સામો કદાચ બીજે ન ઊતર્યો હોય તો જવાબ દેતાં સંકોચાય, એટલે આ તો અહીં જ ઉતારવાનું સ્વીકારી લઈ સ્નાનાદિ સરભરા આરંભી દે છે.

વણિક કહે છે, 'શેઠ ! એટલું બધું શા માટે ? આ તો હું સહેજ મળવા અને ખબરઅંતર પૂછવા આવ્યો છું. એમાં સ્નાન ને ભોજન ? એટલી બધી કાંઈ આપને તકલીફ લેવાની જરૂર નથી. બેઠા છીએ કુશળ સમાચાર પૂછી લઈએ,'

પ્રેમચંદ શેઠ કહે છે, 'અરે ! તકલીફ શાની ? આટલે બધે લાંબે ચાલીને આવી આપે અમને સાધર્મિક ભાઈના દર્શનનો લાભ આપ્યો એ તકલીફ મોટી તો આપે લીધી છે. અને આપ સરખાના પુણ્ય પગલાં અમારે ત્યાં ક્યાંથી ? આજ અમારું આંગણું અમારા જ્ઞાતિભાઈ અને સગા સાધર્મિક ભાઈથી પાવન થયું એ અમારા મહાન અહોભાગ્ય છે ! માટે હમણાં બીજું કાંઈ બોલશો નહિ. થાકબાક ઉતારો. લાભ આપો, પછી કુશળ વાર્તા કરીશું. અને જુઓ હમણાં કાંઈ જવા કરવાની ઉતાવળ કરશો નહિ. અહીં સારું રોકાવાનું છે.' વિવેકનાં વચન ધ્યાનમાં લેવા જેવાં છે.

શેઠ આ બધું સમજીને જ કહે છે. જોયું કે 'વણિક ખાલી કુશળ ખબર પૂછવા જ આવ્યો છે, એમાં કાંઈ લાલચ લાગતી નથી. વળી બીજે ક્યાં ય ઊતર્યા લાગતા નથી; સીધા અહીં જ આવ્યા દેખાય છે. તો હવે ઉચિત કરવામાં કમીના ન રાખવી.'

**આરાધના એકલી મંદિર કે ઉપાશ્રયમાં નથી રાખવાની, યા એકલી ધર્મક્રિયાની કે તપસ્યાની કરી બેસી નથી રહેવાનું; ગુણ અને આચારની પણ કરવાની છે.**

શેઠ તરત પોતે મુનીમને બોલાવી લઈ આદેશ કરે છે, 'ભાઈને સ્નાન કરાવો, કપડાં બીજાં સારાં બદલાવી લેજો. જમણ સારું કરાવજો. અને પછી મને ખબર આપો, એટલે અમે સાથે જ જમવા બેસીશું. જુઓ ભાઈ આપણી જ્ઞાતિના અને સગા છે. દૂરથી આવ્યા છે, થાક્યા-પાક્યા હોય, માટે પહેલાં માણસ પાસે જરા તેલમાલિસ-મર્દન વગેરે બરાબર કરાવી લેજો.'

મુનીમ હાથ જોડીને ખુશી થઈને કહે છે, 'વારુ સાહેબ ! જેવો હુકમ.' વણિકને કહે છે, 'પધારો સાહેબ !' આ વિવેકી શેઠનો મુનિમ છે ને ? તો પોતે



ય વિવેકી કેમ ન હોય ?

**માબાપ અવિવેકી હોય તો છોકરાં વિવેકી શી રીતે બને ?**

વણિકને તો ભારે સંકોચ થઈ રહ્યો છે, પણ હવે શું કરે ? ના કેમ કહેવાય ? શેઠના આટલા બધા પ્રેમ અને નમ્રતાભર્યા વિવેક આગળ રુક્ષ-અતડા કેમ થવાય ? ઊઠવું પડ્યું. સંકોચાતાં સંકોચાતાં મુનિમની સાથે જાય છે.

**વણિકની સરભરા થાય છે, પણ :-**

મુનિમ અંદર લઈ જઈ, ચોકમાં કુશળ કારીગરને બોલાવી વણિકના ખુલ્લા બદન પર માલિશ-મર્દન કરાવે છે. પછી માણસ પાસે ચોળીને સ્નાન કરાવે છે. નવા બાસ્તા જેવા કપડાં પહેરવા ધરે છે : એમાં સફેદ સુંવાળી ઝીણી મલમલનું સુંદર કિનારવાળું ધોતિયું, ચિનાઈ રેશમનું ખમીશ, ઉપર પહેરવા હાઇક્લાસ જાકીટ, આ પહેરવેશ પહેરતાં વણિકનું તો મન વલોવાઈ જાય છે. કારણ,

(૧) એક તો પોતે દેવાળું કાઢ્યું છે, એટલે દેવાના ભાર ચુકાવ્યા વિના લેણદારોને તકલીફમાં રાખી આ ઠઠારો કેમ સજાય ? અને

(૨) બીજું એ, કે શેઠની પોતે કોઈ સેવા બજાવી નથી, તો આટલી બધી એમના તરફની મફતિયા સરભરા કેમ લેવાય ?

જુઓ આ વિચારમાં આરાધનાનો સાપેક્ષભાવ કેવો કામ કરી રહ્યો છે ? દેવપૂજા, સામાયિક. પ્રતિક્રમણ, ત્યાગ, તપસ્યા, વ્રતનિયમાદિની આરાધના ઇચ્છો છો; પરંતુ તે પહેલાં પશુતાથી ઊંચી માનવતાની આરાધના વિના નહિ ચાલે. અને એ આરાધના એટલે ઔચિત્ય અને ગુણવિકાસની તથા દોષત્યાગની આરાધના. એ કરવી જ જોઈશે. એ કરવાની અપેક્ષા સદા રહેવી જોઈએ. આમાં બે વસ્તુની વાત અહીં આવી,-

**(૧) આપણાં નિમિત્તે બીજા તકલીફમાં હોય, ત્યાંસુધી આપણાથી ઠઠારો મોજમજા કેમ થાય ?**

**(૨) જેની કોઈ સેવા આપણે બજાવી નથી, એના માલપાણી ઉડાવવામાં હૈયે સંકોચ કેમ ન રહે ?**

**ભૂમિકા ઘડ્યા વિના ધર્મમાં રસ ન આવે :-**

ધર્મની આરાધના કરવી છે, તો એની ભૂમિકા પણ સાધવી જોઈશે. એ ભૂમિકાથી આત્માનો ધર્મને યોગ્ય પરિણામ ઘડાય છે. આત્માની યોગ્ય પરિણતિ ધર્મને ઝીલે છે, ધર્મ સાથે સગાઈ કરે છે. આ ઘડતરની દરકાર કર્યા વિના જે દોડે છે, એને ફરિયાદ કરવી પડે છે કે 'અમે ધર્મ કરીએ છીએ ને રસ કેમ નથી આવતો ? ચિત્ત આમાં કેમ ઠરતું નથી ? ધર્મની વાત આવે, ધર્મસાધવાનો પ્રસંગ આવે, ત્યાં

એકદમ આતુરતા, ઉમળકો કેમ જાગતો નથી ?' જો હૈયાને ભૂમિકા બનાવવા દ્વારા ઘડી લીધું હોય તો આ ફરિયાદ શા માટે હોય ?

**ભૂમિકાનું એક જરૂરી કર્તવ્ય :-**

ધર્મારાધનની ભૂમિકા ઘડવા માટે આ એક જરૂરી કર્તવ્ય છે કે આપણા નિમિત્તે બીજા તકલીફમાં હોય ત્યાં સુધી આપણને એની ચિંતામાં મોજમજા ઉડાવવી પાલવે નહિ, ગમે નહિ, હૈયે ખટકો હોય. વણિકનાં મનને આ છે, કે 'મારી પાસે બીજાનાં નાણાં ડૂબેલા છે. એ બિચારા એથી દુઃખિત છે, તો અહીં મારાથી મોજમજા કેમ કરાય ?' હૈયે કોમળતા હોય તો જ આ ભાવ આવે. અને

**ધર્મ-આરાધના તો જીવો પ્રત્યેના કોમળ દિલમાં ઊતરી શકે છે, કઠોરમાં નહિ.**

**કઠોરને** તો એમ થાય કે 'દેવું છે તેથી શું ? હોય, કર્મના સંજોગ છે. એ થોડા જ આપણા હાથમાં છે ? આજ અમને, તો કાલ બીજાને ય આવે છે ને ? તેથી શું ખાવું-પીવું નહિ, ને મરી જવું ? એ તો બધું ચાલ્યા કરે.' આ કઠોર દિલની માન્યતા છે. એવા માણસને બીજાને પોતાના તરફથી કરાયેલ દુઃખ ઊભાં છતાં પોતે ઘીકેળા ઉડાવવામાં હૈયે સંકોચ નહિ. ત્યારે

**કોમળ બનવા વિચારણા :-**

**કોમળને** મન એમ થાય છે કે 'આ મેં ધંધામાં અવળચંડાઈ કરી, ધ્યાન રાખ્યું નહિ, આંધળિયાં કર્યા, ને બિચારા બીજાને ખોટી રીતે દુઃખિત કર્યા ! નુકસાનમાં ઉતાર્યા ! હવે એ એમનું દુઃખ-નુકસાન હટે નહિ, ત્યાં સુધી મનને ચેન પડે નહિ. હવે તો મારાથી અમન-ચમન કેમ કરાય ? હવે તો હું વધારે તકલીફ ઉઠાવીને પણ એ દેવું ભરપાઈ કરું, અને એમના અને મારા જીવને શાંતિ આપું.

સારી સ્થિતિમાં બીજાનાં દુઃખ ફેડવાનું તો આવડ્યું નહિ, પણ કમમાં કમ બીજાને દુઃખ ન પહોંચાડવું એ ય મારાથી બન્યું નહિ ? આ તે કેટલો નિષ્ઠુર અને બેપરવા મારો જીવ ? કરવાનું તો એ હતું કે મારી પાસેના પૈસામાંથી અવળા ધંધા કરવાને બદલે બીજાનાં દુઃખ ફેડું. વધી ગયેલા પૈસા, પાપધંધામાં તો આખી દુનિયા હોમે છે. એ કરવામાં શી શાબાશી ? જૈન તરીકે કરવા જેવું તો આ હતું કે જીવનનિર્વાહથી અધિક પૈસા પરમાર્થ-પરોપકાર અને વીતરાગના શાસનની સેવામાં જોડી દેવાય. એ કાંઈ આવડ્યું નહિ, કેવળ સ્વાર્થલંપટતા અને કાળી તૃષ્ણામાં પાપધંધા ચલાવ્યા, અને એમાં બીજાના નાણાં હોમાયાં.

દાન દઈ પરનાં દુઃખ વેઠવાનું ગુમાવ્યું. અને બીજાનું ડૂબાડી દઈ એમને દુઃખ દેવાનું ઊભું થયું ! કેવી કમનસીબી ! આ કમનસીબી ઊભી હોય ત્યાંસુધી મોજમજા કેમ કરાય ! આપણા નિમિત્તે બીજાની આંતરડી કકળતી હોય ત્યાં સુધી



આપણે લહેર ઉડાવીને આપણું દિલ આનંદ ઉલ્લાસમાં રાખવું એ તો નરી નિષ્ઠુરતા ગણાય, પિશાચી લીલા ગણાય. માટે મારે એવી લહેર ખપે નહિ.' કોમળ હૈયામાં આ ભાવો રમતા હોય.

**ભાંગ્યા હૈયાના ઘા રુઝવવાનું પહેલું :-**

દેવું થયાનો તો એક દાખલો છે. બાકી અનુચિત આવેશમાં બીજાને કડવા-તીખા બોલ સંભળાવી, આરોપ ચડાવી, વસ્તુ આંચકી લઈ, કે બીજી કોઈ મોહમૂઢ પ્રવૃત્તિ કરી, બીજાના હૈયાં ભાંગ્યા હોય, દુઃખના સીસામાં ઉતાર્યા હોય, તો ત્યાં પણ એનું વારણ કર્યા વિના, મોજમસ્તી ઉડાવવાનું દિલ ન થાય. એ વારણ કરવા માટે જાતની મોટાઈ ભૂલવી પડે, માન મૂકવું પડે; એક જ લેશ્યા હોય કે 'ગમે તે ઉપાયે, માફી માગી, સેવા બજાવી,...ગમે તે રીતે પણ સામાનું મન સંપાદન કરું, એનું હૈયું હળવું કરું, એના હૈયાના ઘા રુઝાવું.' અસલ તો ભૂલ કરવાની જ નથી. પણ મોહવશ કે કષાયવશ ભૂલ થઈ ગઈ તો છેવટે આટલી લાગણી કે ભાંગ્યા હૈયાના ઘા પહેલાં રૂઝવું,' એ તો રહેવી જ જોઈએ. આ એક વાત આવી.

બીજી વાત એ થઈ કે વણિકે પ્રેમચંદ શેઠની કોઈ સેવા બજાવી નથી તો મફતિયામાં એમના તરફની આટલી બધી સરભરા લેતાં મન કેમ સંકોચાય નહિ ?

**આરાધના એટલે ગુણની આરાધના :-**

હવે જુઓ કે વણિકના મનને એમ છે કે 'પ્રામાણિક વ્યવહાર એ ગુણ છે, હરામી વ્યવહાર એ દોષ છે. બીજાને આપીને લેવું, એ હકનો પ્રામાણિક વ્યવહાર છે, બિનહક-મફતિયું ઉડાવવું એ હરામનું બને. બીજાને આપવાનું અલબત્ત ધન રૂપે હોય, કે અન્નરૂપે હોય અથવા માલરૂપે ય હોય, યા સેવારૂપમાં પણ હોઈ શકે. અહીં મેં પ્રેમચંદ શેઠની કોઈ સેવા બજાવી નથી કે એમને કાંઈ દીધું નથી, તો એમના તરફની આટલી બધી સરભરા કેમ લેવાય ?' એમ એના મનને સંકોચ છે. પૈસા લેવાની હવે વાત રાખી નથી.

અલબત્ત વ્યવહારમાં ક્યાંક ક્યારેક ગયા આવ્યા ત્યાં સામાનો આદર ઝિલાય છે, પરંતુ ત્યાં પણ મન સંકોચ અનુભવે છે. શાથી ? એ મફતનું છે. મિત્રાચારીનો અન્યોન્ય વ્યવહાર હોય એ જુદી વાત થઈ. અરે ! સામસામો વ્યવહાર ન ય હોય અને એકતરફી એવો કોઈ મફતિયા લેવાનો પ્રસંગ આવ્યો તો દિલને સંકોચ તો થાય ને કે આ કેમ લેવાય ? માટે તો ડાહ્યા માણસો મફતિયો કોઈનો ચાનો કપ પીતાંય સંકોચાય છે, અને એના બદલામાં પાછો પોતે એને ચાનો કપ પીવા કે બીજું કાંઈ એનું કરી છૂટવા ઝંખે છે. બાકી બીજાને ત્યાં નાસ્તાના કે જમવાના ટાઈમે જવા પગ નથી ઉપડતા કેમ ? સામો જમવા આગ્રહ કરે તો પણ એમ

મફતિયું જમવું ગમતું નથી. હવે અહીં પૂછો,

**મુનિ મફતિયું ખાય છે ? :-**

**પ્ર.**- તો મુનિઓને કેમ મફતનું લેવાનો માર્ગ છે ? એ ક્યાં કાંઈ સેવા-બદલો આપે છે ?

ઉ.- આનું એક સમાધાન તો એ, કે **મુનિઓને શાસ્ત્રે મુધાજીવી કહ્યા છે.** જિનાજ્ઞા છે કે ગૃહસ્થનું કોઈ કામ બજાવીને નહિ, પણ એમ જ મળે તો લેવું. આર્યદેશમાં અતિથિ સેવાનો લાભ માની એવું આપનારા હોય છે. માટે **શાસ્ત્રે દાતાને મુધાદાયી કહ્યા;** મુધાદાયી એટલે કાંઈ પણ બદલામાં સેવા, કામકાજ કરાવવાની અપેક્ષા કર્યા વિના આપનારા.

**મુનિનો માર્ગ :-**

**પ્ર.**- પુણ્યની અપેક્ષા તો રહે છે ને ?

ઉ.- દાતાને માટે એ પાપ અપેક્ષા નથી. તેમ મુનિ કાંઈ એમ નથી વિચારતા કે 'હું પુણ્યનો લાભ આપું છું માટે એનું લેવાનો મને હક છે.' મુનિની આ ગણતરી નથી. એ તો એ જુએ છે કે 'મારે જાતે આરંભ-સમારંભ કરવા-કરાવવા-અનુમોદવાનો નથી, તેથી ગૃહસ્થે પોતાના માટે જ કરેલામાંથી એ પોતાના ભાવથી આપે એ થોડું લેવાનું' આમાં બદલાની વાત નથી. પ્રભુનો માર્ગ જ આવો છે માટે એમ કરાય છે. અને લોકમાં સાધુને માટે એ અયોગ્ય નથી માનતું.

બીજી વાત એ છે કે મુનિઓ રાજી રાજી થઈને લેતા નથી, પણ બેંતાલીસ દોષમાંનો કોઈ દોષ તો નથી લાગતો ને ? એ ધ્યાન મુખ્ય રાખીને લે છે. તે પણ માધુકરી વૃત્તિથી; એટલે કે ભમરો દરેક પુષ્પ પરથી થોડો થોડો રસ લે એ રીતે ઘર-ઘરમાંથી થોડો થોડો પિંડ લઈને ચલાવે છે. પાછું સામાના ભાવ ન બગડે તો જ લેવાની વાત છે; અને એ લીધા પર કોઈ રાગ મમત્વ નહિ; ને એ વાપર્યા પર કોઈ એક પણ પાપસ્થાનક સેવવાની વાત નથી ! લેવામાં આ બધો શું ઓછો સંકોચ છે ?

સાધુ મફતિયું ખાય છે એમ ઉપલકિયું દેખ્યે શું વળે ? ઉંડાણમાં જુઓ. એનો આખો માર્ગ જુદો છે. ગૃહસ્થમાં તો શું, પણ દુનિયાના બીજા આવા સંન્યાસીમાંય નહિ જડે.

**હરામનું ખાવા પાછળના પાપ :-**

છતાં પણ એ માર્ગ તો સાધુનો; ગૃહસ્થથી એના ચાળા ન પડાય. એ મફતિયું ખાવા નીકળે તો હાંસી થાય, ધર્મ નિંદાય, વૃત્તિ હરામી થાય ! હરામી



વૃત્તિ પછી અનેક દુર્ગુણોને નોંતરે છે. એ જરૂર પડ્યે જૂઠ પણ બોલાવે, ચોરી ય કરાવે, સામાનું બગાડવા પર આંખમિંચામણા કરવાની ધિટ્ઠાઈય કરાવે.

**જમણવારમાં** દેખો છો ને કે ભાણામાં વધારે નખાવરાવે, અને પછી છાંડીને ઊઠે ! વળી એંઠું મૂકવાનું કોઈની દૃષ્ટિએ ખરાબ દેખાતું હોય તો વાટકી પાટલા નીચે સંતાડી દે છે ! એમાં માયા પણ આવી. મફતિયું છે ને ? એટલે બગાડવામાં ય સંકોચ નથી ! આ કેટલી બધી ધિટ્ઠાઈ ?

અરે ! ખુદ દેવાધિદેવનો માલ હોય, તો ય હરામી વૃત્તિવાળાને એ વાપરવામાં તો શું, પણ એ બગાડવામાં ય સંકોચ નથી રહેતો. દેરાસરના કેશરની વાટકી ભરી, અડધા કેસરથી પૂજા કરી અને બાકીનું મૂક્યું પડતું ! કોનો માલ બગડવાનો ? હમણાં ઘરનું કેશર હોય તો ચીવટ રહે કે 'પહેલેથી ઓછું ઘસું, અને ઘસી વાટકીમાં લીધેલું બધું જ પૂજામાં વાપરું, પણ નકામું ફેંકી ન દઉં;' પરંતુ દેરાસરના માલ માટે ક્યાં આ ચીવટ છે ? કેમકે હરામનું વાપરવાની વૃત્તિ જ એવી છે. એ હૈયું ધિટ્ઠું કરાવે છે પછી ક્યાંક શાબાશીની વાત નીકળે તો જુઠ્ઠું ય બોલાવશે કે 'આપણે તો દહેરાનો માલ બગાડતા નથી, જમણમાં છાંડતા નથી.'

મફતિયું ચપાટવાની વૃત્તિ હાડકાં ય હરામ કરે છે. ભિખારીઓની હાલત જુઓ કે મફતનું ખાઈ કેવા હરામ હાડકાંના થાય છે.

**ભિખારીનું વ્યાજબી રુદન :-**

એક ભિખારી ઓટલા પર પોતાનું ભીખ માગવાનું ઠીબિયું રાખી ઊભો હતો. એટલામાં એક ખેડૂતના બળદે ત્યાં આવી ઠીબિયામાં મોં ઘાલ્યું, ને લોટ ચાટવા માંડ્યો. ભિખારી ચીસ પાડી ઊઠ્યો, બૂમરાણ કરવા લાગ્યો !

ખેડૂત કહે છે, 'અરે મૂરખ ! આટલામાં બૂમરાણ શું કરે છે ? જરાકશો લોટ ચાટ્યો એમાં રૂવે છે શું ? લે હું લોટ અપાવું.'

ભિખારી કહે છે, 'હું મારા લોટને નથી રોતો પણ આ તારો બળદ હરામનું ખાઈ ગયો તે હવે હાડકાં હરામ કરશે એનું મને દુઃખ થાય છે. અમારો ભિખારીઓનો અનુભવ છે કે હરામનું ખાઈને હાડકાં હરામ કેવાં કરીએ છીએ. એદીના પાદશાહ, એવા કે કોઈનું કાંઈ કરી છૂટવાની વાત જ નહિ. એમ આ તારું કામ કરવામાં અખાડા કરશે, એનું મને દુઃખ થાય છે.'

**સાધુની બે જાતની ભિક્ષા :-**

વિચારજો ભિખારીનો અનુભવ. સાધુ પણ ગોચરીપાણી વિધિસર લાવી-વાપરીને સાધુપણાની ચર્યા-સામાચારી-આચારો, બરાબર શાસ્ત્રે કહ્યા પ્રમાણે, પાળે

નહિ, તો એની ભિક્ષાને શાસ્ત્રે 'પૌરુષઘ્ની' ભિક્ષા કહી છે. અને નિર્દોષ લાવી, રાગાદિ વિના વાપરી, બરાબર બધા આચારો પાળે તો 'સર્વસંપત્કરી' ભિક્ષા કહી છે. મફતનું ખાઈ શકાય ? ખાઈ શકાય ખરું, પણ એના પર મોટી જવાબદારી કહી છે. બાકી મુનિના દાખલાથી ગૃહસ્થે મફતિયાખાઉ ન થવાય. એટલે જ અહીં વણિકને પ્રેમચંદ શેઠ તરફથી મફતિયા સરભરા લેતાં સંકોચ થાય છે. મનને એમ પણ થાય છે કે 'કમમાં કમ આનો શબ્દથી પણ બદલો શો વાળું ?'

વિચાર આ કરવાનો છે કે,

કોઈનું ખાઈએ છીએ એની પાછળ કે આગળ આપણે શો ભોગ આપ્યો છે ? અગર આપવાના છીએ ? પછી આપણે સાધુ હોઈએ કે શ્રાવક.

એક શ્રાવક તરીકે સાધર્મિક વાત્સલ્ય જમવા જાઓ અગર પ્રભાવના લો. યા ઉપધાન કરો, કે આંબેલ ખાતે આંબેલ કરવા જાઓ, પણ આ વિચાર કરવો પડશે. કરો છો ખરા ? જો વિચાર હશે તો પોતાની જવાબદારીનું ભાન રહેશે;

**જવાબદારીઓનું ભાન :-** 'હું એક જૈન શ્રાવક તરીકે ગણાઉં છું તો મારું આ સન્માન, ભક્તિ થાય છે. તે પણ બદલો વળતર લેવાની આશા વિના તો હવે મારે

એક જૈન તરીકે કેવા વર્તવું જોઈએ ?

કેવા ગુણ, આચાર-અનુષ્ઠાન પાળવા જોઈએ ?

દેવ-ગુરુના કેવા શ્રદ્ધાળુ અને ભક્ત બન્યા રહેવું જોઈએ ?

સાધર્મિક વાત્સલ્ય જમવા જઉં, જમું, તો નવકાર અને પંચપરમેષ્ઠીને જગત કરતાં કેવા શ્રેષ્ઠ તરીકે માથે ધરવા જોઈએ ?

વ્યાખ્યાન-પૂજા વગેરેમાં આવી પ્રભાવના લઉં છું તો એ વ્યાખ્યાનમાં અને પૂજામાં કેવા શાંત, વાતો કર્યા વિના, સ્થિર મન રાખી એ સાંભળવાનું કરવાનું ?

ઉપધાનમાં બેઠાં તો એ સન્માન, સગવડ અને વિશિષ્ટ ભક્તિ સાથેનાં નીવી પારણાં જેવી કેવી અપ્રમત્તપણે ક્રિયાઓ, જાપ તથા તપસ્યા અને કષાયોની શાંતિ કરવી જોઈએ ?

તપસ્વીઓની બીજી ભક્તિ તથા આદર બહુમાન કેવા કરવા ?

વર્ધમાન આંબેલ ખાતે આંબેલ કર્યા તો એ ખાતામાં, લોજમાં જમવાનું દેવું પડે એમ આંબેલનો ભક્તિખર્ચ કેવો ભરપાઈ કરવો જોઈએ ? તથા

આંબેલ પાછળ કેવાં એનાં અનુષ્ઠાન, અને વિષય-કષાય-નિગ્રહ કરવા જોઈએ ?

આવી કોઈ જવાબદારીનો વિચાર શું નહિ કરવાનો ?





## (૪) આરાધનાનો સાપેક્ષભાવ : જીવનગુણાભ્યાસનું

**જવાબદારીનો વિચાર નહિ હોય તો દુર્જન ચેષ્ટા :-**

જો આ વિચારવાનું નહિ હોય, તો

(૧) જમણ-પ્રભાવના-ભક્તિ કિંમત વિનાના લાગશે ! એની ટીકા-ટિપ્પણ કરવાનું મન થશે; એમ બોલવાનું મન થશે કે 'જમાડ્યા, પ્રભાવના કરી, એમાં શી મોટી ધાડ મારી ? ક્યાં અમને ખાવા-પીવા નથી મળતું ? આ તો વાહવાહ લેવી હતી, નામ કાઢવું હતું, તે કર્યું છે. પોતાની ગરજે કર્યું છે. પણ કરવાનો ઢંગધડો ક્યાં છે ? કૃપણતા કેવી છે !...' વગેરે વગેરે બોલવાનું મન થશે.

(૨) કદાચ સામાનું ભોજન બગાડવાનું ય કરાશે !

(૩) ખાવા લેવા પર હાડકાં હરામ અને વાણી તથા મન હરામ કરવાનું આવીને ઊભું રહેશે ! જો મફતનું ખાવા લેવા ઉપર પોતાની સ્થિતિ અને જવાબદારીનું ભાન નહિ હોય. આજે આવા આવા બખેડા દેખાય છે ને ? કરનારનાં ટીકા-ટિપ્પણ, ઘસાતું બોલવાનું, વગેરે ચાલે છે, ને ? શાના ઉપર ? આજ કે,

મફતિયું ખાવા-લેવા પર જવાબદારીનું ભાન નથી, મનને સંકોચ નથી. તેથી હૈયું, હાડકાં અને વાણી હરામ બની જાય છે.

પછી

એ હૈયામાં ઉત્તમ વિચાર, કરનારની કદર અને અનુમોદના,

એ હાડકાંથી સેવા, પ્રત્યુપકાર અને સારી આચરણા-સાધના, તથા

એ વાણીથી દેવ-ગુરુ-સંઘનું અને જમાડનારાના સુકૃતનું સારું બોલવાનું ક્યાંથી આવે ?

આરાધનાના સાપેક્ષભાવમાં તો પોતાના શ્રમનું ઉપાર્જેલું પણ ખાઈને ગુણો અને ધર્મને આરાધી લેવાની અપેક્ષા હોય; તો પછી વિના શ્રમનું મફતમાં ખાવા મળેલા પાછળ તો આરાધના કરી લેવાની કેટ-કેટલી અપેક્ષા હોય ? સાધર્મિકવાત્સલ્ય જમવાની કે પ્રભાવના લેવાની મનાઈ નથી. ઊલટું રોફમાં કે રીસમાં એનો ઈન્કાર કરવામાં તો દોષ છે. પરંતુ એ જમવા-લેવા પાછળ દિલ કેવું, અને પછી જવાબદારી કઈ માથે ધરવાની, એનો ખ્યાલ રાખવાનો છે.

પેલો વણિક મનમાં સંકોચાય છે કે 'શેઠની આટલી બધી સરભરા મારે કેમ લેવાય ?' પણ ત્યારે એમાંથી હવે ભાગી ય કેમ જવાય ? ત્યાં તો જમવાની તૈયારી થઈ ગઈ હતી. એટલે મુનિમ શેઠને ખબર આપે છે.

**શેઠને જમાડવાનો વિવેક :-**

પ્રેમચંદ શેઠ આવીને આ વણિકને સાથે લઈ જમવા બેસે છે. ભોજનમાં-મુંબઈ શહેર, તે ગામડાના કરતાં નવનવી વસ્તુઓ બની છે. પણ વણિકને મન એની લલચામણ નથી, કિન્તુ ઊલટું પૂર્વના જેવો સંકોચ છે; વસ્તુ લેતાં અચકાય છે. શેઠ આગ્રહ કરી કરીને ભાણામાં વસ્તુઓ નખાવે છે. ત્યારે આ કહે છે,-

'શેઠ સાહેબ ! મારા જેવા રાંક માણસની આટલી બધી સરભરા શી ?'

પ્રેમચંદ શેઠ એના રંગઢંગ પર એની ખાનદાની પરખી ચકિત થઈ જાય છે ! એ કહે છે,-

**શેઠના નમ્ર-પ્રેમાળ બોલ :-**

'આ શું બોલ્યા ? તમે તો મારા સગા જ્ઞાતિભાઈ, અને વળી સાધર્મિક બંધુ છો, મારા ભાઈ જેવા છો. આ ઘર તમારું જ સમજો, અને મને પણ તમારો ભાઈ જ લેખો. આપણે તો બંને સરખા ગણાઈએ. વળી તમે ગામડાના રહેવાસી એટલે અમારા કરતાં વિશેષ સાદા, નમ્ર, મળતાવડા અને ધર્મશ્રદ્ધાવાળા, ગુણે કરી ચઢિયાતા. તેથી વિશેષ સન્માનના હકદાર છો. માટે સંકોચ કાંઈ રાખશો નહિ. અમને લાભ આપો. આવા તમારા જેવા ગુણિયલ સાધર્મિકનો લાભ અમને ક્યાંથી ઝટ મળે ?'

શેઠના નમ્ર અને પ્રેમાળ શબ્દોથી વણિક લહેવાઈ જાય છે; વિશેષ બોલી શકતો નથી.

**ઘમંડી જમાડનારનો બોલ :-** પ્રેમના મધુરા શબ્દ બોલવામાં શું જાય ? પણ ઘમંડીને યા સ્વાર્થસાધુને આટલું ય આવડતું નથી. ભલું હોય તો આવી જગાએ ઘમંડી કહેશે, 'હવે શરમ શી રાખો છો ? આપણે તો જુઓ મોટો પરિવાર છે, કેટલાય નોકર-ચાકરો છે. એમાં તમે એક કાંઈ વધી પડવાના નથી. એ વધી ગયા ઘટી ગયાની ગણતરી બીજા રાખે, આપણે નહિ.' આમાં પોતાની સમૃદ્ધિનો ગર્વ તરી આવે છે. વળી જરા એનો પાનો વધારે ચઢે, તો એમેય બોલી નાખશે કે 'જમો સરખી રીતે જમો, આજે આ મુંબઈમાં જમાડનાર છે ક્યાં ? આ તો આપણો જીવ જરા મોકળો છે એટલે મનને થાય કે એકલા એકલા શું જમવું ?'

**જીવન ગુણાભ્યાસનું છે ? :-** ગુણની આરાધના પ્રત્યે જેને સાપેક્ષભાવ છે, ગુણોનું જીવન બનાવવાની, ગુણમય જીવન જીવવાની હોંશ છે, રસ છે, માટે જ બને ત્યાં સુધી પ્રસંગે પ્રસંગમાં ગુણોનું પાલન કરવાનો જેણે અભ્યાસ બનાવી મૂક્યો છે, એને પ્રેમ, નમ્રતા, પોતાની લઘુતા વગેરે સહેજે રાખવા ગમે.

ત્યારે, જીવન ખાન-પાન-માનનું જ જીવવું કે ગુણાભ્યાસનું જીવવું એ



વિચારવા જેવું છે.

'મારું કિંમતી માનવજીવન છે, તે ગુણના અવિરત અભ્યાસનું જ મારે જીવવું છે. પૈસાટકા ઓછા મળ્યા. ખાનપાનમાં ક્યારેક મનગમતું ન થયું, કે સન્માનને બદલે અપમાન મળ્યું, એના પર બહુ મદાર બાંધવાને બદલે મારાથી ક્યાં ગુણ ઘવાયો, ગુણનો અભ્યાસ ક્યાં ચૂક્યો, એની ચીવટ, એનું દુઃખ મોટું રાખવાનું; અને શક્ય વારણ કરી ગુણાભ્યાસમાં મારે ભારે ઉજમાળ રહેવાનું;' આ નિર્ધાર, આ જાગૃતિ હરહંમેશા રહેવી જોઈએ. એ હશે તો દરેક દરેક પ્રસંગમાં વિવેક, નમ્રતા, ઉદાર દિલ, ગંભીરતા, સત્ય, ન્યાયનિષ્ઠતા, દયા, પ્રેમ વગેરે કાંઈ ને કોઈ ગુણનો અભ્યાસ બરાબર રાખવાની કાળજી રહેશે.

મન મારીને પણ ગુણ જાળવી રાખવાનું, ગુણ અમલમાં મૂકવાનું વારંવાર કરાય એનું નામ ગુણનો અભ્યાસ. દોષ દાખવવાનું કંઠે આવે છે' પણ એને દબાવી દબાવી ગુણ જ દાખવવાનો. આવો બહુ અભ્યાસ થયા પછી ગુણ સહજ બને છે. પછી મનને લાગે છે કે 'અહો ! ક્યાં મારું પૂર્વનું પશુ-જીવન, પિશાચ-જીવન ! અને ક્યાં આજનું મૃદુ-મધુરું સહજ ગુણનું જીવન !'

**જીવન ગુણાભ્યાસનું જ જીવો.**

ગરીબ પણ અતિથિનો નમ્રતા સાથે સત્કાર કરવાના ગુણવાળા પ્રેમચંદ શેઠ એને જમાડી ગાદી ઉપર લઈ આવ્યા. હવે એ વણિકને કહે છે, 'આરામ કરવો હોય તો કરો, કેમકે થાકીને આવ્યા હશો.'

**શરીરે હલકો ફૂલ પણ આત્માથી ભારે :-**

વણિક શું આરામ કરે ? એના મનમાં તો વગર પિછાણે શેઠની આટલી બધી ઉદારતા અને એક સગાભાઈ જેવો વ્યવહાર જોઈ એની સામે પોતાની દેવાળું કાઢેલી સ્થિતિ પર મનમાં કંઈનું કંઈ થઈ જાય છે; 'આટલી બધી સરભરા લેવાની મારી શી લાયકાત ? શેઠનું હું શું કરી શકવાનો ?' આરામી એટલે શેઠાઈ સમજી એ લેવા હવે હૈયું ના પાડે છે. એ કહે છે, 'ના રે ના, શેઠ ! હું તો આપની આટલી બધી સરભરાથી શરીરે તો હલકો ફૂલ થઈ ગયો છું, પણ આત્માથી ભારે થયો છું, તે બેઠો છું. આપ આરામ કરી લો.'

**શેઠ વણિકની કુશળ વાર્તા :-**

શેઠ કહે 'ભાઈ સાહેબ ! આવું બોલશો નહિ. આપ ભારે શાના ? આ તો મેં કાંઈ જ કર્યું નથી. અને કરેલું દેખાતું હોય તો તે બધું આપનું છે. માટે એવું કાંઈ જ મન પર લાવશો નહિ. લ્યો ત્યારે આપણે વાત કરતા બેસીએ. કહો, ઘરે કુટુંબપરિવાર કેમ છે ? બધું આનંદ મંગળ ને ?'

'ઠીક છે શેઠ ! ભગવાનની દયા છે. એમના પ્રતાપે ઠીક છે. આપને ત્યાં ય બધા કુશળ છે ને ?'

શેઠ કહે 'દેવ-ગુરુકૃપાએ ઠીક છે. વારું ત્યારે તમારે ધંધા-પાણી બરાબર ચાલે છે ને !'

'ચાલે તો શું ? ગામડામાં તો એવું જ ને ?'

'ના, પણ કાંઈ અમારાથી થઈ શકે એવું હોય તો બતાવો. અમને લાભ મળે. આટલે પધાર્યા છો તો અમને તો કુદરતી યોગ મળ્યો !'

વણિક કહે છે, 'શેઠજી ! ઘરેથી તો બીજા કારણે નીકળેલો, પરંતુ અત્યારે અહીં જુદા હેતુથી આવ્યો છું. આપને ખોટું ન લાગે તો પૂછું.'

'પૂછો, એમાં શો વાંધો છે ?'

વણિક ખચકાતો ખચકાતો કહે છે, 'શેઠ સાહેબ ! 'મેં બજારમાં સાંભળ્યું કે પ્રેમચંદ શેઠે દેવાળું કાઢ્યું છે.' જુઓ ભાઈસાહેબ ! આવું પૂછાય નહિ, પણ સહેજ પૂછું છું કેમ આવી વાત બહાર ચાલી હશે ?'

'તમને કેમ લાગ્યું ?'

'મને તો શેઠ અહીંની બધી પરિસ્થિતિ જોઈ કાંઈ એવું લાગતું નથી. કેમકે અમારે ગામડામાં તો જોઈએ કે દેવાળું નીકળ્યા પછી તો ભોંય ભારે ! પહેલાં ગમે તેટલા વટબંધ રહેતાં હોઈએ, પણ દેવાળાં પછી તો બધો ઠઠારો ઊપડી જાય ! ત્યારે અહીં બધું સલામત જોઈ મારા જીવને નિરાંત થઈ. લાગ્યું કે બજારમાં ભલે ગમે તેવી વાત મળી, પરંતુ એ વાત પાયા વિનાની. મારા જ્ઞાતિભાઈને ક્ષેમકુશળ જોઈ આનંદ થયો.'

**પ્રેમચંદ શેઠ સેવા માગે છે :-**

પ્રેમચંદ શેઠ કહે છે, 'તમારી ભદ્રકવૃત્તિ પ્રશંસનીય છે. બાકી બીજો કોઈ એવું સાંભળે પછી તો એ જ દૃષ્ટિએ જુએ, અને સીધું પણ ઊંધું ખતવે ! ખેર ! પણ તમે ઘરેથી બીજા કારણે નીકળેલા એમાં મારા જેવું કાર્ય હોય તો ખુશીથી કહો. અને વળી કહો છો અહીં જુદા કારણે આવ્યા, તો એ પણ જો હરકત ન હોય તો ફરમાવો. અહીં કાંઈ જ સંકોચ રાખતા નહિ. આપણે તો આ જગતમાં મુસાફર જેવા છીએ. અને તે પણ ઠેક ઠેકાણેનો માલ ત્યાંનો ત્યાં મૂકીને ચાલનારા ! નથી સાથે કંઈ લઈને આવ્યા, ને નથી કાંઈ સાથે લઈ જવાના. એમાં ધર્મી મુસાફર ભાઈનો યોગ એટલે સારું થાય તે કરી લેવું. બોલો ફરમાવો કારણ.'

પ્રેમચંદ શેઠની ચોંટ ક્યાં છે તે સમજાય છે ? ખાલી વાતોના ગપ્પાં મારવા એમ નહિ, કે કે રખેને આ ઘરે આવ્યો છે તો કાંઈ માગી ન પડે ! એવો ભય



રાખવાનો નહિ; પણ આ જીવનમાં કેમ સારું કરી લેવું,બીજાને ઉપયોગી થઈ પડવું, એ જ એક ચોંટ છે. આ નીતરતી પરાર્થવૃત્તિ છે. નીતરતી સ્વાર્થવૃત્તિમાં તો આખું અજ્ઞાન જગત પડેલું છે. એને એટલે જ એની પાછળ કાળાં કામ કરવાનો સંકોચ નથી. 'મારું શું ? મને શો લાભ ? મારું તો કાંઈ ઘસાતું નથી ને ? મને કાંઈ તકલીફ આવે એમ નથી ને ?' આ જ લેશ્યા હોય, લગની હોય, પછી બીજાનું શું કામ જુએ ? અને પોતાનું સાચવવા પાછળ શું શું કરવામાં બાકી રાખે ? ત્યાં પછી 'સામો કેવી દુઃખદ પરિસ્થિતિમાં છે ? એના કરતાં મારે ઘણું સારું છે, તો લાવ એને ઉપયોગી થાઉં !' આ સહાનુભૂતિનો વિચાર અને ભોગ આપવાની વૃત્તિ શાની હોય ?

**સાધર્મિક-ઉદ્ધારની રીત :-**

આજે સાધર્મિકની કપરી સ્થિતિ જોવા છતાં શ્રીમંતોના દિલ કઠોર દેખાય છે ને ? સરકાર-બાપાને ત્યાં ઇન્કમટેક્ષના હજારો રૂપિયા કે લાખો રૂપિયા હોમી આવવા કબૂલ છે ! પણ પોતાના પરિચયના અને વળી સારા ધાર્મિક સાધર્મીના ઉદ્ધાર કરવા તૈયારી નથી ! નહિતર શી મોટી વાત છે ? પેઢીનો ખર્ચ ટેક્ષમાં મજરે મળે છે, તો નોકરી, દલાલી વગેરે સાધર્મિકને ખટાવી ન શકે ? અગર પેઢીમાં રૂપિયે પૈસો બે પૈસાનો ય ભાગ નાખી દે તો શું બહું ઘસાવું પડે એમ છે ? કોઈ ઉઠાવી જાય એ ચલાવી લેશે, પણ દુઃખીનાં દુઃખ ફેડવા પૈસા કામે લગાડવાનું ખૂંચે છે. યા વેપારના સંયોગ કદાચ મોળા પડે તો વેઠી લેવા તૈયાર છે, પણ તીર્થંકર ભગવાને બતાવેલ ઉત્તમ સાધર્મિક ભક્તિ-ઉદ્ધારની આરાધના કરી લેવા તૈયારી નથી ! આરાધનાનો અપેક્ષાભાવ નથી, સંસારના જોડા ખાવા પીઠ તૈયાર છે ! પવિત્ર માનવબુદ્ધિનું આ લિલામ ?

**ક્યાં ક્યાં ઘસાવા ખડે પગે ? અને ક્યાં નહિ ? :-**

કેટલી દુર્દશા ! કેવી મૂઢતા ! જ્યાં પોતાના આત્માને અને પરને નક્કર લાભ થાય એમાં ભોગ આપવાની તૈયારી નથી, અરે ! ભાવના ય રખાતી નથી, અને સંસારની ઢગલાબંધ બાબતોમાં વિના-સંકોચ ભોગ અપાય છે ! માણસ ધારે તો એક એક સાંસારિક ભોગની સામે તન-મન-ધનથી ધાર્મિક ભોગ આપી શકે; પણ ધારવું છે કોને ? ભાવી ઊજળું હોય એને જ એ સૂઝે.

**જેનું ભવિષ્ય અંધકારમય છે, એનામાં તો અંધકાર કરવાનાં લક્ષણ પહેલેથી છે.** એટલે

| | |
|---|---|
| (૧) કોરટ કેસમાં કોથળીનું મોં ખુલ્લું | (૧) કર્મ-કોરટમાં આત્માનો કેસ જીતાડનારી બાબતોમાં મોં બંધ ! |

| | |
|---|---|
| (૨) ડાક્ટરની ફીઓ ભરાય. | (૨) આત્મરોગ કાઢનારી જ્ઞાનાદિ-વૃદ્ધિમાં કશું ખરચવું-કરવું નથી. |
| (૩) દૂધ-શાક-સાબુ વગેરેના રોજીંદા ખર્ચમાં ખડે પગે ! | (૩) ભગવાનના પ્રક્ષાલદૂધ-ફૂલ-અગરબત્તી વગેરેના રોજીંદા ખર્ચની શી જરૂર છે ? |
| (૪) સોના-મોતીની કંઠી વગેરે પત્ની-પુત્રી-પુત્રવધૂઓના ગળે ઘાલવા મળે ! | (૪) ભગવાનના કંઠે ઘરની એક પણ કંઠીનો ખર્ચ પોષાતો નથી. |
| (૫) ઘરમાં છોકરા એકને બદલે ચારના લંગર વધી જાય તો, કે સગા-સ્નેહી ચડે તો, એનું ભરવા પહોંચે છે. | (૫) સાધર્મી, જ્ઞાની, તપસ્વી, જ્ઞાન, વિદ્યાર્થી વગેરે કોઈની ભક્તિ કરવા શક્તિ નથી. |
| (૬) સ્કૂલનું ભણવા છોકરાને સમય છે, ફી-ટ્યુશન-ખર્ચ પહોંચે છે. ચોપડીઓ નોટો પેનો-બધાનો ખર્ચ કરવા તરત તૈયાર ! | (૬) ધાર્મિક પાઠશાળામાં આપવા પહોંચનું નથી. આપવા શું, મફત ભણાવે તો ય છોકરાને ત્યાં મોકલવા ગરજ નથી. |
| (૭) આજની કેટલીય સગવડો, મફતની જરૂરિયાતો અને વ્યવહારનાં ખોટો લહેલાટ પાછળ બધા ખર્ચ કરવા વાંધો નથી આવતો. | (૭) સાધારણ ખાતામાં તોટો પાડનારી બાબતોમાં ફરજ છતાં આપવા નથી મળતું ! |

આવા તો ધનના કેટલાય ભોગ અંગે ગણાવી શકાય. પણ એટલું જ નથી, શરીરથી ભોગ આપવાનો, સમયનો ભોગ, બુદ્ધિનો ભોગ, પરિવારનો ભોગ વગેરે કેટલાય ભોગ આપવાની સંસાર ખાતે, મોહ અને મોજમજા ખાતે, તૈયારી છે, ભોગ આપવાનું ચાલુ છે ! નથી માત્ર ધર્મ ખાતે કાંઈ ભોગ આપવાની ગરજ ! કેમ જાણે એ જીવનનું આવશ્યક અંગ જ નથી !

કહો, જેના જીવનમાં સંસારની બધી બાબતોમાં ભોગ આપવાની ગણતરી હોય અને દેવ-ગુરુ-ધર્મની બાબતોમાં ભોગ આપવાની કાંઈ જ ગણતરી ન હોય, જેને 'આ ભોગ આપ્યા વિના ન જ ચાલે, બધો જ પ્રયત્ન કરી ભોગ દેવો જ જોઈએ,'...એવું ધોરણ જ ન હોય, એને ધર્મ સાથે, દેવ સાથે, ગુરુ સાથે, કાંઈ



લેવાદેવા ખરી ? દેવ-ગુરુ-ધર્મનો એ સગો ખરો ? સગાઈ એમ ને એમ નથી ઊભી થતી, ભોગ દેવો પડે છે. મનમાં આ પહેલું વસાવવું પડે, તો જ કહેવાય કે એણે દેવ-ગુરુ-ધર્મ સાથે નિસ્બત રાખી છે. કોઈક પ્રસંગે વરસી ગમે તેટલું જઈએ, પણ મનમાં આ ભોગ દેવાનો હિસાબ કાયમી અંકાયેલો પડ્યો છે ? જો ના, તો એમની સાથે સગાઈની વાર છે. ત્યારે આંતર-સગાઈ વિનાની દોડાદોડ બધી એવી જ.

**શેઠની સહાનુભૂતિ :-**

પ્રેમચંદ શેઠની ચોંટ આ મહાન તથા ખાનદાન અને ગુણિયલ લાગેલા વણિકને કોઈ સેવા થાય તો કરી લેવી એના પર છે; એટલે ઘરેથી નીકળવાનું કારણ પૂછી કામકાજ પૂછે છે. એમાં વળી અહીં જુદા કારણે આવવાનું થયું તો તે જાણીને એમાં પણ જો પોતાના જોગું કાંઈ કાર્ય મળે તો તે જાણવાની ઇચ્છા બતાવી.

વણિક કહે છે, 'શેઠ સાહેબ ! આપે તો મને જાણે આપના નિકટના આત્મીય જન જેવો બનાવી દીધો છે એટલે સહેજ દિલથી વાત કરવાનું મન થાય છે; અને વળી આપ પૂછો જ છો એટલે કહું છું. વાત એમ છે કે બહુ જાળવીને ધંધો કરવા છતાં એવા વિચિત્ર અણધાર્યા સંયોગો બની ગયા કે રૂપિયા ત્રીસ હજારનું દેવું ચઢી ગયું, અને માલમિલકત બધી ખલાસ થઈ ગઈ ! દેવાળું નીકળ્યું ! દેવાળું કાઢ્યા પછી તો જાણો જ છો ને કે શરમના માર્યા કેવા, ઘરના ખૂણે, બેસી રહેવું પડે ? કાંઈ ધંધો થાય નહિ, રોટલાનો કપરો પ્રશ્ન ઊભો થાય, કોઈ રોટલા તો શું, આશ્વાસનના બે શબ્દ પણ સંભળાવનાર મળે નહિ ! ખેર ! એમાં કાંઈ બીજાનો વાંક નથી. આપણાં જ પોતાના પૂર્વકર્મનો દોષ છે. એ શાંતિથી ભોગવી લીધ્યે જ છૂટકો, પરંતુ રોટલાપાણીનો સવાલ મોટો. એના વિનાં કાંઈ ચાલે છે ? અને પાછું કુટુંબ વસ્તારી. એનું કેવું નભાવવું ?...'

પ્રેમચંદ શેઠ આ સાંભળતાં ગળગળા થઈ જાય છે, કહે છે. 'અરે ! બહુ મોટું દુઃખ ! તો તમારે અહીં ચાલ્યા આવવું હતું ને ?'

વણિક કહે છે, 'હું એજ કહું છું. આ મારી મુંઝવણમાં મને કોકે કહ્યું કે મુંબઈમાં પ્રેમચંદ શેઠ તમારી નાતના છે. મોટા ધનવાન શેઠ છે, એમની પાસે જાઓ તો તમારું કાંઈ થાય તો થાય. આમે ય મારે બીજો કોઈ ઉપાય હતો નહિ, એટલે આપને ત્યાં આવવા માટે ઘરેથી નીકળી આવ્યો.'

પ્રેમચંદ શેઠ તરત સહાનુભૂતિ બતાવતાં કહે છે, 'હા..., છતાં અહીં આવીને મને કહેતા પણ નથી ? હૃદય પર કેટલો બધો કાબુ !'

વણિક કહે છે, 'શેઠ ! કાબુ તો રાખવો જ પડે ને ? એમ કાંઈ સમય-સ્થાન જોયા કર્યા વિના રોદણાં રોવાથી કશું સીઝે છે ? એવા ખોટા રોતડવેડાથી શું ?'

શેઠ કહે છે, 'વાત સાચી છે. હા, પછી ?'

પેલો આગળ ચલાવે છે. 'ઘરેથી નીકળી મુંબઈ ઊતર્યો, અને આપનું ઘર પૂછું છું, પણ આવી મોટી નગરીમાં બધા ક્યાંથી જાણતા હોય ? એટલે મનને થયું કે લાવ, ઝવેરાતના કે શરાફના બજારમાં જઈ પૂછવા દે; તે ઝવેરી બજારમાં આવ્યો. અહીં એક સારા દેખાતા ભાઈને પૂછ્યું ત્યારે મને એણે પત્તો તો આપ્યો, પણ મને કહે તમારે એમનું શું કામ છે ? મેં ભોળે ભાવે કારણ કહી દીધું, ત્યારે મને એ કહે 'ભલા માણસ ? શેઠે તો દેવાળું કાઢ્યું છે, એ તમને શું આપશે ?'

'આ સાંભળતાં મને હૈયે આંચકો લાગ્યો કે 'અરેરે ! મારા જ્ઞાતિભાઈને ય મારા જેવી આપદા ? એમાં પાછા શેઠ મોટા ધનવાન એ હિસાબે લાંબુ-ચોડું પાથર્યું હોય અને દેવાળું નીકળે તો કેટલી મોટી આપદા ઊભી થાય ?

**વણિક ઊઠવા જાય છે :-**

બસ, શેઠ, મદદ લેવાના કોડ પૂરા થઈ ગયા, હવે તો એમ થયું કે ઘરે પાછો જાઉં; પણ પાછું મનને થયું કે જીવ આટલે આવ્યો છે, પ્રેમચંદ શેઠ દુઃખમાં છે, તારા નાતભાઈ છે, તો એમને જરા આશ્વાસન તો દેતો જા, કે 'શેઠ તમને ભારી દુઃખ આવ્યું. પણ જુઓને આ મારેય એવું છે. છતાં પૂર્વકર્મના ખેલ સમજી હિંમત રાખવી' આમ કાંઈ શાંતિના બે અક્ષર તો શેઠને કહેતો જા; એમ મનને થવાથી અહીં આવ્યો. પણ અહીં તો બંગલો વગેરે બધું સલામત જોતાં મનને ઠંડક વળી કે હાશ ! ફિકર નહિ, આ જોતાં વાત ખોટી લાગે છે. શેઠને સારું છે. ચાલો, સારું થયું. હવે આશ્વાસન તો શું દેવું, પણ જરા ખબરઅંતર પૂછતો આવું. એમ કરીને અહીં આપના ખેમ કુશળ પૂછવા આવ્યો છું. બસ લ્યો ત્યારે પ્રણામ, હવે હું જાઉં છું' એમ કહીને વણિક ઊઠવા જાય છે.

પ્રેમચંદ શેઠ તો આ બધું સાંભળતાં વિચારમાં જ પડી ગયા કે કેવો ભદ્રક માણસ ! કેટલા નિષ્પાપ હૃદયે વાત કરે છે ! અને પાછો હવે મારી ઠીક સ્થિતિ જાણવા છતાં કશું માંગતો નથી, ને ખુશીથી અહીંથી જવા જાય છે ! પણ મારે આવા માણસને એમ દુખિયારો કેમ જવા દેવાય ? એમ વિચારી કહે છે,

'બેસો બેસો, એમ એકદમ કાંઈ જવાતું હશે ? ચાર દહાડા રહો, ઘર આપનું જ છે; અને મને પણ આવા તમારા જેવા નિષ્પાપ દિલવાળાની જોડે ચાર દહાડા આનંદ આવશે.'

'શેઠ ! વાત સાચી છે, આનંદ તો મને પણ આવે. પરંતુ આ જુઓને ઘરે વિટંબણા છે એટલે દિલ રહેતું નથી. તે જલ્દી જાઉં એમ થાય છે.'

**૩. ૫૦ હજારનું ગુપ્તદાન :-**



પ્રેમચંદ શેઠ જુએ છે કે 'એમ કાંઈ ડાહ્યા માણસ મફતના કોઈના ઘરે પડી રહે નહિ. એટલે આ જવાના તો મારે હવે ઉચિત કરી લેવું જોઈએ.' એમ વિચારી મુનીમને બોલાવે છે.

મુનીમને કહે છે, 'એક પચાસ હજાર રૂપિયા લાવો.'

મુનીમ તરત રૂપિયા ૫૦ હજાર હાજર કરે છે ! પ્રેમચંદ શેઠ પેલા વણિકને એ આપતાં કહે છે, 'લ્યો, આ લઈ જાઓ. આમાંથી તમારું દેવું વાળી દેજો, અને બાકી પાછો ધંધો-રોજગાર કરવાય કાંઈ જોઈશે ને ? તે બાકીના ૧૦ હજારથી વેપાર ચલાવજો. લ્યો જરાય ના પાડતા નહિ; અને પારકાં છે એવું કે મારે પાછા દેવા પડશે એવું મનમાંય લાવતા નહિ. સમજો કે આ તમારા અહીં પડેલા હતા તે જ પાછા લઈ જાઓ છો.'

વણિક તો આ જોઈ ચોંકી ઊઠે છે ! 'આ શું ? એકી કલમે આટલી મોટી રકમ અને તે પણ કોઈ ધીરવા તરીકે નહિ, જાણે મારી પડેલી પાછી આપે છે ! પણ આ કેમ લેવાય ? તો હવે ના પણ શી રીતે કહેવી ? કેમકે એમનો ભાવ બહુ છે, અને મારે ભારે તંગી તો છે જ.'

**વણિકનો ફરીથી પ્રશ્ન :-**

વણિક મનમાં ગડમથલમાં પડ્યો. પણ એક પ્રશ્ન સ્ફુરી આવ્યો, તે પૂછે છે,

'શેઠ સાહેબ ! જરાક કાંક પૂછી લઉં. બજારમાં મેં સાંભળેલું આપને કહ્યું તો ખરું. પરંતુ આપે એના ખુલાસામાં હા કે ના કાંઈ કહી નહિ. ઊલટું મને શું લાગ્યું તે પૂછ્યું. તે મારા દિલની વાત મેં તો કહી દીધી, પરંતુ આપને હરકત ન હોય તો કહો કે આપ જેવા ઉદારચરિત પુરુષને માટે એક સારો દેખાતો માણસ આવી ખરાબ અને ગંભીર વાત કેમ કરે ? શું કાંઈ બજારમાં આપના વિરોધી છે ? વાત શું છે ? આપને વાંધો ન હોય તો કહો.'

## • નિખાલસતા-પાયાનો ગુણ •

પ્રેમચંદ શેઠ જુએ છે કે 'આ બિચારો ખુલ્લા દિલથી વાત કરે છે, તો મારે શા સારું છૂપું રાખવું ?'

**નિખાલસ સાથે નિખાલસતા નહિ, તો ખતમ :-**

નિખાલસતા, અને તે પણ સામેથી નિખાલસ વ્યવહાર રાખનારી સાથે નિખાલસતા, એટલું તો ઓછામાં ઓછું જોઈએ ને ? મહાન આત્માઓ તો કપટી સાથે પણ નિખાલસ હોય છે. એટલી કક્ષા પહેલેથી ન આવી તો પણ કમમાં કમ નિખાલસ સાથે તો નિખાલસતા જોઈએ ને ?

ધર્મની આરાધના કરવાની અપેક્ષા છે, આરાધનાનો સાપેક્ષભાવ છે, તો પાયાના ગુણોની આરાધનાનો સાપેક્ષભાવ રાખવો જ પડશે. કૃતજ્ઞતાની જેમ પરાર્થવૃત્તિ અને નિખાલસ-નિષ્કપટી સ્વભાવ પહેલાં કેળવવા જોઈશે. જ્યાં મોકો દેખાય ત્યાં એનો ઉપયોગ કરવાનો જ. કમમાં કમ આપણી સાથે સરળ સાફ દિલ વ્યવહાર રાખનાર સાથે આપણે પણ સરળ સાફ દિલનો વ્યવહાર રાખવાનો. નહિતર ત્યાં પણ એ ગૂઢ દિલ, ગૂંચળાવાળું દિલ અને ગોળગોળ વ્યવહાર રાખવાનો હોય, તો પછી સાફ દિલ ક્યાં ? કોની સાથે ?

ધ્યાન રાખજો કે આટલા સરળ માણસ સાથે ય સાફદિલી જેને નથી ખપતી, એ તારણતારણ દેવ-ગુરુ આગળ પણ સાફ દિલ રાખી શકતા નથી. એટલે બીજી તો શી વાત, પણ દેવ આગળ દિલનો ઇકરાર, કે ગુરુ આગળ પાપની આલોચના કરવાનો, ગુરુ આગળ દોષો પ્રગટ કરી પ્રાયશ્ચિત માંગવાનો પ્રસંગ હોય, તો ત્યાં પણ નિખાલસપણે બાળકની જેમ કહી શકતા નથી. એનો અર્થ તો એ, કે હૃદયમાં શલ્ય અકબંધ રાખે છે; અને શલ્ય એટલે સમજો છો ? માયાની ગાંઠ ! તે એવી કે અગણિત ભવો ભટકાવે ! એમ કાંઈ એકદમ છૂટે નહિ !

આજના કલુષિત જીવન જુઓ. કેટલોય ઠેકાણે દેખાશે કે ભાઈ-ભાઈ વચ્ચે, અરે પિતા-પુત્ર વચ્ચે, યાવત્ ગુરુ-શિષ્ય વચ્ચે પરસ્પરના નિખાલસ દિલ નથી ! હજી એક નિખાલસ હોય તો ય બીજાને નિખાલસ બનતાં આવડતું નથી ! ફાવતું નથી ! કેમ જાણે પોતે સરળ-સાફ દિલનો થશે તો ગુમાવવું પડશે ! ઠગાઈ જશે ! કોની સાથે આ ગણતરી આ વિચાર નથી કે કદાચ પોતે ગુમાવ્યું અને સામો કમાઈ ગયો તો કોણ કમાઈ ગયો ? સગો ભાઈ જ ને ? પિતા કે પુત્ર જ ને ? ગુરુ કે શિષ્ય જ ને ? તો માનને કે ઘી ઢળ્યું તો ખીચડીમાં, ક્યાં નુકસાનીમાં ગયું છે ? ક્યાં કોઈ દુર્જન કે પરાયો કમાઈ પડ્યો છે ?

**આ તો તું તે ભારત દેશમાં જન્મ્યો છું કે જ્યાં મહાન વિભૂતિઓએ જાતે ભાર વેઠીને દુર્જન-દુષ્ટને પણ કમાવવા દીધું છે ! પરાયા, સાવ પિછાણ વિનાનાને પણ ન્યાલ કર્યા છે !**

પાંડવોએ કપટી કૌરવો સામે કપટ કે અન્યાયી બળજબરી ન કરી પણ પ્રામાણિકપણે રાજયપાટ મૂકી જંગલ ભેગા થયા ! નળ અને દમયંતીએ પણ ભાઈ સામે એવો જ માર્ગ લીધો ! રામચંદ્રજીએ કૈકેયીની સામે શું કર્યું ? એ જ નિખાલસતાથી જાતે રાજ્ય તો મૂક્યું, પણ ભરત રાજ્ય લે એટલા માટે તો જાતે વનવાસ માગી લીધો ! જડ માટીની સંપત્તિની, આ નિખાલસ દિલ અને નિખાલસ વ્યવહારની મહા કિંમતી આત્મસંપત્તિ આગળ, શી કિંમત છે ? પૂછો ને,



**પ્ર.**- શું નિખાલસ દિલ અને નિખાલસ વ્યવહાર એટલી બધી કિંમતી સંપત્તિ છે ?

ઉ.- હા, જેમ દુન્યવી કિંમતી સંપત્તિ ઉપર મોટા વેપાર અને વૈભવ ખેલાય છે, એમ આ નિખાલસ, સરળ અને સ્ફટિકવત્ સાફ દિલ ઉપર મોટા ધર્મવેપાર અને ગુણવૈભવ વિકસાવાય છે.

યશોવિજયજી મહારાજે **અધ્યાત્મસાર** નામના મહાન શાસ્ત્રમાં એટલા જ માટે **દંભત્યાગનો અધિકાર** પહેલાં મૂક્યો છે, અને પછી બીજી અધ્યાત્મ સાધનાઓ મૂકી છે. કપટી, માયાવી, મલિન, અંદર કાંઈ ને બહાર દેખાડવાનું કાંઈ, અંતરથી દોષભર્યા ને બહારથી સારા દેખાવાની જે ત્રેવડમાં, આવા માણસો દેવાધિદેવની સાથે, ગુરુ સાથે કે ધર્મક્રિયાઓ સાથે સાફ દિલનો વ્યવહાર શી રીતે જાળવી શકે ? અને એ નહિ તો એથી દિલમાં ગુણસંપત્તિ શી પામી શકે ?

**પ્ર.**- દેવાધિદેવ સાથે શી સાફદિલી નહિ ?

ઉ.- એ, કે સાફ દિલની વાત નહિ, ને એવો વ્યવહાર નહિ. કવિનું રચેલું બોલી નખાય એ જુદી વાત, પણ હૈયું ન બોલે. **'એક કંચન ને બીજી કામિની, તેહશું ચિત્તડું લાધ્યું'** એમ સ્તવનની કડી બોલી કાઢવાની ! પણ અંતર્ભાષા કહેતી હોય કે 'કંચન અને કામિનીમાં કાંઈ મન એવું લુબ્ધ નથી.' શું મનની આ વાત સાચી સાફ દિલની છે ? ના, લુબ્ધ તો સારી રીતે છે. માટે તો અહીં દેવાધિદેવની જરૂરી ભક્તિના પ્રસંગમાં પણ મફતિયું કે જેમ તેમ પતાવાય છે, ચલાવી લેવાય છે, પરંતુ ગાંઠના પૈસા છૂટતા નથી, ભગવાન કરતાં પૈસા વધારે વહાલા ! એટલે જ ને ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૨,અંક-૩૦,તા.૧૧-૪-૧૯૬૪

## આરાધનાનો સાપેક્ષભાવ : સિદ્ધગિરિનો સોદો

**વધારે વહાલું ઓછા વહાલાના કામમાં ન આવે :-**

સ્વાભાવિક છે કે જે વધારે વહાલું હોય તે ઓછા વહાલાના ઉપયોગમાં ન આવે; હજી ઓછું વહાલું વધુ વહાલાના ઉપયોગમાં આવે. બે દીકરામાં એક વધારે વહાલો હોય તો એને કાંઈ ઓછા વહાલાના કામમાં નહિ લગાડાય પણ એના કામે પેલા ઓછા વહાલાને લગાડવાનું બને છે. એમ અહીં,

ભગવાનના કામમાં પૈસા લગાડવાનું બનતું નથી, હજી ભગવાનને પૈસાના કામે લગાડવાનું બને છે. કેમકે પૈસાને માટે ભગવાનને ભજવાનું બને છે; ભજ્યા અને પૈસા સારા મળ્યા તો માનો છે કે પૂજા ફળી. આ શાનું લક્ષણ છે ? ભગવાન કરતા પૈસા વધુ વહાલા એનું. સંસારમાં ઊંધું છે. પૈસા કરતાં ઘરસંસાર વધારે

વહાલો છે, માટે એની ખાતર ખાસા પૈસાને કામે લગાડો છો. પૈસા ઓછા બચે તો ઓછા, પણ ઘરસંસારમાં પૂરી રીતે ઉપયોગે લગાડવા તૈયારી હોય છે, એમાં ય ખાસ જીવનજરૂરી નહિ એવી ય કેટલીય બાબતોમાં ! આવું ભગવાન માટે નથી. એ સૂચવે છે કે પૈસા કરતાં સંસાર વધારે વહાલો છે. પૈસા કરતાં ભગવાન વધારે વહાલા નથી, એટલે 'પૈસા ઓછા બચે તો ભલે, પણ ભગવાનના કામે લગાડતો રહું,' એ ભાવ નથી.

**પ્રભુ આગળ નિખાલસ ઈકરાર :-**

આમ છતાં ભગવાન આગળ હૈયું નિખાલસપણે બોલતું નથી કે,-

'પ્રભુ ! હું કેવો હરામી છું કે તારા અપાવેલા પૈસા પણ મને તારા કરતાં વધારે વહાલા લાગે છે ! માટે તો ભક્તિની બહુ અલ્પ ખર્ચની બાબતોમાં પણ આંખમિંચામણા કરું છું. જાતે ઘેરથી પૂજાની મારી સામગ્રી લાવતો નથી અગર જાતના પૈસાથી અહીં મંગાવી લેતો નથી. ઉપરથી ટ્રસ્ટીઓ અને ધર્મખાતાની આ ફરજની બૂમ પાડું છું ! કેમ જાણે પુણ્ય એમને જોઈએ છે એટલે એ ખરચે ! મારે ખરચવાનું નહિ ! મારે પુણ્ય તો જોઈએ છે પણ એમના ખરચે ! કેવી મારી હરામખોરી !' આવો સાફદિલનો ઈકરાર ક્યાં છે ?

**પ્રભુ સાથે નિખાલસ વ્યવહાર :-**

ત્યારે કહો સાફદિલનો વ્યવહાર પણ ક્યાં છે ?

બે મિત્ર હોય, એક સાફ દિલવાળો છે, એને ત્યાં બીજો ગયો, તો પેલો એનું ચા-પાણીથી સ્વાગત કરે છે; પણ બીજો મેલા દિલનો છે એટલે સંભવ છે કે એના ઘરે ચા-પાણીના સમયે પેલો ગયો હોય તો આ પોતાનો ટાઈમ જ ટાળશે ! કેમ જાણે ચા-પાણી કરી લીધા ! હવે બીજા કામે લાગ્યો છે ! એવો દેખાવ કરશે. એમ અહીં ભગવાનના વારે તો ક્યાંક એમની ઓચ્છવ-પૂજામાં ગયા તો આપણને આદર સાથે પ્રવેશ, બેસવા-કરવાનું મળે; પણ આપણા વારે પૂજા કરવા ગયા, અને અવસર આવ્યો તો ભગવાનને એક હાથે તોછડાઈથી-અભિમાનથી ઊંચકી બીજે મૂકવાનું કરાય ! આ સાફદિલી છે ? આવું તો દેવાધિદેવ સાથે, ગુરુ સાથે, સંઘ સાથે, કેટલું ય છે.

ખરી વાત એ છે કે દિલ સાફ નથી, નિખાલસ નથી, એના વાંધા બધે નડે છે. ભિખારીને એક રોટલી આપવા જેટલું ય દાન સરખું થતું નથી. ત્યાંય કદાચ ભિખારી પાસે કંઈ કામ કરાવી લેવાતું હોય તો તૈયારી રહેશે ! અને છતાં મેં દાન કર્યું એવો જશ લેવાનું કરશે ! આમાં સાફ દિલનું દાન ક્યાં છે ?

એમ ધર્મ ખાતે ખર્ચીને કીર્તિનો કોટડો ચણાવવા જોઈએ છે ! સુકૃત કરી લોકોમાં



માન મેળવવા અને સારું લગડાવવા જોઈએ છે ત્યાં શુદ્ધ ધર્મસેવા ક્યાં રહી ?

**સેવો ને સોદો જુદી ચીજ છે.** સેવા-પરમાર્થમાં જાતે માત્ર કરી છૂટવાની વાત છે, બદલો લેવાની વાત નહિ. સોદામાં જાતે દીધા-કર્યાનો બદલો જોઈએ છે. ધર્મખાતે કર્યા દીધા પર માનપાન જોઈતા હોય, માનપાન ખપતા હોય, તો એ ધર્મ સાથે સોદો થયો ! ત્યાં માનવું કે હું ધર્મનું કરું છું, એ ધર્મ સાથે માયાચાર છે, નિખાલસ સાફ દિલનો વ્યવહાર નહિ. દુકાન પર ભાગીદારના છોકરાના હાથમાં રૂપિયો મૂકી દુકાનના ખર્ચ ખાતે લખતો હોય અને મનાવતો હોય કે મેં છોકરાને ભેટ આપી છે, તો એ શું નિખાલસ વ્યવહાર છે ? માયાચાર નથી ? ધર્મ સાથે પણ એવું જ ગણાય, જો દઈને લેવું છે.

નિખાલસ સરળ સાફ દિલની ક્યાં જરૂર નથી ? મંત્રસાધના કરો તો ત્યાં પણ પહેલું આ જોઈએ. મેલા માયાવી દિલે જપેલો મંત્ર ફળે નહિ.

ગુરુ પાસે પાપની આલોચના કરવા જાઓ તો ય સાફ દિલની વાત પહેલી જરૂરી. નહિતર મેલા દિલની આલોચના ને પ્રાયશ્ચિત્ત કર્યું બધું ધૂળ. લક્ષ્મણા સાધ્વી પચાસ વરસ તપ તપી ! માસખમણો ને ઉપવાસો ને આંબેલો ઘણાં વર્ષો કર્યા, પણ બધું ફોગટ, કેમકે દિલ નિખાલસ નહોતું.

ત્યારે ચાલુ વ્યવહારમાં દિલ નિખાલસ નહિ હોય, તો મોટી બાબતોમાં અને ધર્મસાધનામાં નિખાલસતા નહિ આવે. શુદ્ધ આરાધનાની અપેક્ષા હોય તો નિખાલસતાની આરાધના પહેલી રાખવી જોઈશે; નિખાલસતાની અપેક્ષા બની રહેવી જોઈએ. 'કેમ મારા દરેક વ્યવહાર-વર્તાવમાં સાફ દિલ રહે; ક્યાંય કોઈની ય સાથે માયા-મૂઢતા-પોલિસી ન રમાય,-' એવી ભારે જાગૃતિ સાથે તમન્ના બની રહે. પેલો ગામડાનો વણિક પૂછે છે એટલે પ્રેમચંદ શેઠ નિખાલસતાથી કહે છે,

'જુઓ ભાઈ ! તમે સાંભળેલી વાત પાયા વિનાની નથી, વેપારને મોટો ધક્કો લાગી ગયો છે. તમને લાગશે કે તો પછી આ બંગલો ને બધું ? પણ એમ સમજો ને કે શહેરી રીતરસમ મુજબ એટલું વળી રહેલું છે.'

વણિક તો શેઠના વેપારને ધક્કો સાંભળીને સજ્જડ થઈ ગયો કહે છે, 'અધધમ શેઠ ! તમારા જેવા ધર્મીજીવને ધક્કો હવે તો મારે એક પાઈ પણ તમારી પાસેથી ન લેવાય. એમાં વળી આટલી બધી મોટી પચાસ હજારની રકમ ?'

પ્રેમચંદ શેઠ કહે છે, 'એવો કાંઈ વિચાર જ ન કરશો. આ રકમ તમારા પુણ્યની છે અને તમારે લઈ જ જવાની છે.'

**સુકૃતમાં દેવામાં ધક્કો કોને લાગે ? :-**

'તે શું પાછો મારે ય તમને આટલો મોટો ધક્કો લગાડવો ?'

'અરે મહાનુભાવ ! આ કાંઈ ધક્કો નથી. ધક્કો તો પેલો. આ તો મહાન લાભનો સોદો છે. અને ધક્કો ગણો તો આ તો મારા પાપને ધક્કો છે. માટે બીજું કાંઈ બોલશો જ નહિ આ તો હવે તમારા જ છે અને તમારે લઈ જ જવાના છે.'

વણિક કહે 'તે શું શેઠ ! હું એટલો બધો કઠોર હૈયાનો છું કે આ લઈ જઈને તમારી આપદામાં ઉમેરો કરું ? મારું તો હૈયું જ ના પાડે છે, હું નહિ લઉં, માફ કરો, મારી એવી યોગ્યતા પણ નથી. મને જવા દો.'

પણ આ તો પ્રેમચંદ શેઠ ! તે શાના જવા દે ?

જુઓ લડાઈ જોવા જેવી છે. જગતમાં આજે જાતે ન દેવાની અને સામાનું પડાવવાની લડાઈઓ ચાલે છે, ત્યારે અહીં ન લેવાની ને આપ્યે જ છૂટકો કરવાની લડાઈ ચાલી છે. છે તો બંને માણસ ને ? તે વળી પાંચમા આરાના અને આ કાળના ! માત્ર હૈયું જ ફેર; માથે નાથનો ફરક ! દુનિયાનું હૈયું લક્ષ્મીનું લાલચું છે, આમનું હૈયું જીવનની બાજી જીતી જવાનું ! દુનિયાના માથે મોહરાજા નાથ છે, આમના માથે જિનરાજ ! જિનશાસન નાથ છે. કેટલું મોટું અંતર ?...

આરાધનાના સાપેક્ષભાવનો આ પ્રભાવ છે કે હૈયું ખાઈ પી લેવા કે રૂપિયા ભેગા કરી લેવાને એટલું મહત્ત્વ ન આપે જેટલું જીવનની બાજી જીતી લેવાને આપે.

**જીવનની બાજી જીતી જવી એટલે ?** જીવન તો આ જગતમાં મળવાની કાંઈ નવાઈ નથી, અને એના પર રમત રમવાની ય નવાઈ નથી, પણ રમતો એવી રમાય છે કે એમાં હારી જવાનું અને નીચે ઊતરી જવાનું થાય.

(૧) ઇન્દ્રિયોની ગુલામી, (૨) મન મદારીનું માંકડાપણું,

(૩) તૃષ્ણા-અહંત્વ-પ્રપંચ-ગર્વ-ગુસ્સો વગેરેની નિત્ય જલતી આગ, અને

(૪) હિંસા જૂઠ-અનીતિ આદિનાં ઉધમાત,

આ બધું એવું ચાલે છે કે આત્મા અહીં આવેલો હલકો, પણ ભારે થઈને જાય છે ! તે પછી નીચે જ પડે એમાં શી નવાઈ ? સરાસર બાજી હારી બધું ગુમાવવાનો, એટલું જ નહિ, માથે દેવું કરવાનો જ ખેલ !

હા, વળી એમાં કાંઈ કર્મનો બહુ માર ખાવાનું થાય, કર્મનો ભાર ઓછો થાય, તો પાછો ઊંચે આવે પણ ઊંચા આવ્યા પછી ય શું ? પાછો બાજી હારવાનો જ વેપલો ! એની એ જ ઇન્દ્રિયગુલામી, મનના નચાવ્યા નાચવાનું, તૃષ્ણા-અહંકારાદિની જ્વાળાઓ અને હિંસાદિ ઉધમાત ! તે પાછા હારો ? અને પાછા ઊતરી જાઓ નીચા ? અનાદિ એકેન્દ્રિયપણામાંથી બહાર નીકળ્યા પછી ઠેઠ માનવ ભવ સુધીના આંટા લગાવ્યા, અનંતાનંત કાળ વીત્યા ! પણ રમત આની આ જ ! કેટલી દુર્દશા ! કેવી પામરતા ! કેવી મૂઢતા !



વિચાર કંઈ આવે છે આના ઉપર ? શું કામ આવે ? આવા વિચારથી શું મળે ?

પૈસાનો વિચાર, પરિવારનો વિચાર, પ્રતિષ્ઠાનો-શરીરનો અને જડ પદાર્થોનો વિચાર, આ બધો કામનો ! અને અનંતીવાર જીવનની બાજી કેમ હારી ગયા એનો વિચાર નકામો ! એમ ને ?

મૂઢ, અબૂજ, પાગલ ન બનો, ભૂલતા નહિ કે જેનો જેનો વિચાર કામનો માની બેઠા છો, એ બધું નજીકના કાળે જ કોઈ અણધારી કાચી સેકંડમાં મુકાઈ જવાનું છે ! બાથ ભીડી બેસશો તો ય જમડા તાણીને એ મુકાવી એકલા અટૂલા ખેંચી જશે ! અને અહીંવાળા એ બહુ માનેલા પરિવારને એડ્રેસ (સરનામું) પણ ન જડે એવા અગમ પ્રદેશમાં ભટકાવી દેશે !

**ચોટ્ટાઓની ચાલાકી :- કોની પૂંઠે લાગ્યા છો ?** જીવનની બાજી સરાસર હરાવી નાખે એવા ચોટ્ટાઓની ? એકેન્દ્રિયપણામાંથી ઊંચે આવી કેટલીય વાર જીવન બાજી હારી હારીને નીચે પટકાયા; પણ એમાંય કર્મનો માર ખાઈ ખાઈ માંડ જીતતા જીતતા આટલે બધે ઊંચે આવ્યા; હવે તો આ જીવનની બાજી જીતી જવા માટે કેવળ ધર્મ અને ગુણાભ્યાસની આરાધના જોઈએ પણ તેને પેલી મોહમાયા ભુલાવી દે છે. આરાધનાયોગ્ય મળેલા ઉત્તમ તન-મન-ધનને પેલા બધા ચોરી ખાય છે. તે પછી એવી ભૂરકી નાખીને કે આરાધના તો ન થાય તો નહિ, પણ એનો સાપેક્ષભાવ એની અપેક્ષા ઇચ્છા પણ ઊઠવા દેતા નથી ! ચોટ્ટાઓની આ ચાલાકી છે. મનને એટલું ય નથી થતું કે આ અતિ દુર્લભ જિનશાસનની અને ગુણાભ્યાસની આરાધનાની તક ગુમાવી રહ્યો છું !

**આ જીવનની પળ પળ એ ઉચ્ચ આરાધનાની તક છે.** એને ઝડપી લઈ આરાધનામગ્ન બનવાથી જ જીવનની બાજી જીતી જવાશે. નહિતર ભયંકર અતિ ભયંકર હાર લમણે લખાશે. દુન્યવી મળવાનું-ટકવાનું-સચવાવાનું કે પોષાવાનું તો ભાગ્યને આધીન છે; ભાગ્યના હાથની વસ્તુ છે. એમાં કોઈનો ચંચુપાત એ બરદાસ્ત ન કરે. ત્યાં,-

ભાગ્યાધીન વસ્તુને આપણા હાથની વસ્તુ બનાવવા બાથોડિયા મારવાં એ રસ્તાના ભિખારીના રાજાને આધીન વ્યવસ્થા હાથ કરવાના ચાળા છે.

હાથની વસ્તુ આરાધના છે, બાહ્ય જડ નહિ, દુન્યવી સંયોગો નહિ. એ આરાધના દ્વારા બાજી જીતી લો. બાજી હાથમાં છે, જીતવાની તક પાસે છે. ત્યાં સુધી જ જીવને અવકાશ છે. **જીવન ખલાસ એટલે તક ખલાસ !**

**પ્રભુ માથે ધારવા એટલે ?** જેમ હૈયું ધનમાલમાં રુલવાનું નહિ, પણ

આરાધનાથી જીવન જીતી જવાનું જોઈએ, એમ એ માટે માથે નાથ જિનેન્દ્ર દેવ અને જિનશાસન ધરવાનું જોઈએ. માથે ધરવા એટલે માત્ર બોલવાની વાત નથી કે 'હા મારા નાથ જિનરાજ ને એમનું ધર્મશાસન છે. એ મારા માથે છે !' પણ ખરેખર એમની જ છાયામાં હૈયું રહ્યું છે એવી ખાતરી થવી જોઈએ.

**માતાની જેમ પ્રભુની છાયા :-** બાળકના મન પર માતાની છાયા છે, એટલે બાળક આઘું જાય, પાછું જાય, કાંઈ કરે-કારવે, એ વખતે સાવધાની છે કે માતાએ શું કહ્યું છે ? માને કેમ લાગશે ? એ શું કહેશે ? એની ઈચ્છા વિરુદ્ધ તો મારાથી કાંઈ થતું નથી ને ?' જોયું છે ને કે માએ કોઈનો પૈસો લેવાની ના કહી હોય તો એવા છાયાવાળા બચ્ચા તમે રૂપિયો આપો ને છતાં હાથમાં નહિ લે. કોઈ લેશે તો ડરતું ડરતું !

બસ, જિનેશ્વરદેવ અને એમના શાસનની આ રીતે મન પર છાયા રાખવાની છે. (મન સાવધાન હોય કે 'ભગવાનને હીણપત લાગે. ભગવાનની આજ્ઞા લોપાય એવું કશું ન બની બેસે')

**સંસારમાં રહ્યો પણ માથે ભગવાનના મતનો ભાર :-**

બાળકની સામે અનેક લાલચો છે, એમાંની કેટલીક ભોગવે પણ છે, છતાં બધામાં આ સાવધાની વ્યક્ત કે અવ્યક્ત રહેલી છે કે 'માતાને શું લાગે ? માતા શું કહે ?' માતાની છાયા મન પર ઊભેલી છે. એમ અહીં દુન્યવી લાલચો સામે ઊભી છે, એમાંની કેટલીક ભોગવાય પણ છે, છતાં 'સર્વજ્ઞ-તીર્થંકર ભગવાન શું કહે છે ? એમને કેમ લાગે ?' એવી એમની છાયા હૈયા પર ખડી હોય, માથે ભાર હોય તો ભગવાન અને એમના શાસનને માથે ધર્યા ગણાય.

**જીવનની મજા પણ એમાં જ છે.** એમનો ભાર માથે રાખ્યા વિનાનું જીવન જીવી ભલે આપણા મનથી મજા માની લઈએ, પણ એમાં તો હૈયું ભારે બને છે, ડગલે ને પગલે સંતાપ ઊભો થાય છે, અને સરવાળે પોક મૂકવાની રહે છે. ત્યારે ભગવાન અને એમની આજ્ઞાને માથે ધરનારને હૈયું ફોરું અને ઠેઠ સુધી નિશ્ચિન્તતા ! કેમકે જીવનનો કેસ એમને સોંપેલો છે.

**કેસ પ્રભુના હાથમાં એને મરતાં ય શાંતિ :-**

જુઓ વ્યવહારમાં હાઈકોર્ટ-સુપ્રીમકોર્ટમાં કોઈ કેસ-દાવો નોંધાવ્યો હોય અને એ માટે અત્યંત બાહોશ સોલિસિટર-બેરિસ્ટર રોક્યો હોય. પછી એનો અસીલ નિશ્ચિંત રહે છે; એનું બોલાવ્યું બોલે છે, એના કહ્યા પ્રમાણે જુબાની આપે છે, ખાતરી છે કે કેસની દલીલો વગેરે એ સોલિસિટર-બેરિસ્ટર સંભાળી લેશે ને એમાં વિજય જ મળવાનો છે; કેમકે એના કેસ કોઈ નિષ્ફળ ગયા નથી.



એવી રીતે ભગવાન અને એમના શાસનને આપણે સાચેસાચ માથે ધર્યા એટલે તો આપણો કેસ એમના હાથમાં સોંપ્યો. પ્રસંગે પ્રસંગે એમના માર્ગદર્શન મુજબ બોલીએ-ચાલીએ. પછી નિશ્ચિન્ત કે કાંઈ જ બગડવાનું નથી. કાચી ઉંમરે મૃત્યુ પણ આવીને ઊભું રહે છતાં કાંઈ ચિન્તા નહિ, અફસોસી નહિ, કેમકે ભગવાનને માથે ધરીને જ જીવન જીવ્યાં છીએ, માટે જીત જ છે, હાર નથી.

**મૃત્યુ વહેલું આવે તો ય ખેદ કેમ નહિ ?**

**પ્ર.-** પણ અહીં વધારે જીવત તો આરાધના કરી શકાત; એ ન બન્યાનો ખેદ થાય ને ?

ઉ.- શું કામ ? એ તો સમજે છે કે 'આયુષ્યરૂપી નાણું જેટલું લાવ્યા હોઈએ, એટલા પ્રમાણમાં જ જીવન જીવવા રૂપી માલનો હકદાર છું, અધિક પુણ્ય-નાણાંના અભાવે અધિક જીવનમાલ ન મળ્યાનો ખેદ શા માટે કરવો ? અને આરાધના તો અહીં ભગવાનને બરાબર માથે ધર્યા છે એટલે આગળ ઉપર અહીં કરતાં ય ઊંચી સામગ્રીવાળી વિશેષ મળવાની છે.' આ સમજ છે, ખાતરી છે, પછી ખોટો ખેદ શા સારુ કરે ? ખેદ હજીય થાય તો જ્યાં ત્યાં ક્યાંક ભગવાન અને એમના શાસનને બરાબર માથે ન ધર્યા હોય એનો થાય. છે અનુભવ ?

**ખેદ શાનો ? ભગવાન માથે ન ધર્યાનો ? :-**

બાકી ભૂતકાળની આરાધના ઠેકાણાસરની હોય નહિ, અને ભવિષ્યનો ખેદ કરે કે જીવ્યો હોત તો આરાધના કરત પણ એ આરાધના કેવી ? ભૂતકાળની માફક ભગવાનને માથે ધર્યા વિનાની જ ને ? એની શી કિંમત ? ખેદ થાય તો આ થાય કે,-

'બધું કર્યું, પણ બાળક માતાને માથે ધરે, અસીલ સારા વકીલને અને દર્દી સારા ડાક્ટરને માથે ધરે એની જેમ મેં ભગવાન અને એમના શાસનને માથે ધર્યા નહિ ! કેવો હું હીનભાગી ! પણ હવે હું આ જ માગું છું કે પહેલું મને આ મળજો કે ચોવીસે કલાક વીતરાગને અને એમની આજ્ઞાને બરાબર માથે ધરું.' જુઓ સૂત્રકાર આપણી પાસે શું મંગાવે છે ? 'ભવે ભવે તુમ્હ ચલણાણં' સેવા-ભગવાનના ચરણની. સેવા એટલે આપણે એમના ચરણ સેવક અને એ આપણા નાથ; એમને જ માથે ધરવાનું મળો.

**અહિંસા ન માગી, ચારિત્ર ન માગ્યું વીતરાગ જિનેન્દ્રદેવ અને જિનશાસનને માથે ધરવાનું માગ્યું.** સારો વિદ્યાર્થી માસ્તરને માથે ધરે એટલે પછી સારું શિક્ષણ-વર્તન-મહેનત આવી જ જાય; એમ જિન-જિનશાસનને માથે ધરવામાં અહિંસા, ચારિત્ર વગેરે બધું આવી જવાનું છે.

**અહિંસાદિ આવે તોય સ્વતંત્રપણે આવ્યા કામના નહિ પણ વીતરાગની**

**આજ્ઞાનુસાર મળી આવે એ જ** કામના માટે મૂળ વીતરાગ માથે આવો, એ માગણી કરી. વિદ્યાર્થી એમ જ સ્વચ્છંદપણે ચોપડીઓ વાંચી લે-કરે, તેની શી કિંમત ?

**ફિકર કરનારો ઉપરવાળો :-**

ભગવાનને માથે ધર્યાની બહુ મજા છે. સામાન્ય લોકોમાં પણ જુઓ તો એવા માણસો મળશે કે જેમને વીતરાગ દેવાધિદેવ નથી મળ્યા, કલ્પિત સર્જનહાર દેવને માને છે, છતાં એમને માથે રાખી મસ્ત રહે છે; દુઃખમાં પણ કહે છે **'ફિકર આપણે શી કરવી'તી ? ફિકર કરનારો ઉપરવાળો** બેઠો છે. એ માથે છે પછી ચિંતા શી ?' ત્યારે આપણને તો કલ્પિત નહિ પણ સાચા પરમાત્મા મળ્યા છે; પછી એમને માથે ધરવામાં ચૂકવાનું હોય ?

**વીતરાગ માથે ધર્યાથી શું ?**

ત્યારે મનમાં એવું ન લાવતા કે

**પ્ર.**- એ તો વીતરાગ અને મોક્ષવાસી નિષ્ક્રિય બનેલા હોઈ આપણી આપત્તિ ટાળવાનું કે સંપત્તિ આપવાનું કરે નહિ, તેથી એ ક્યાં આપણી ચિંતા કરવાના ? પછી દરેક વાતમાં માથે રાખ્યાનો શો અર્થ ?

**ઉ.**- આ વિચારવું ખોટું છે; કેમકે પહેલું તો એ, કે એમ તો ધર્મની બાબતમાં પણ માથે ધરવાનું ક્યાંથી રહેશે ? કારણ, ત્યાં પણ આવો વિચાર આવશે કે એમણે મોક્ષમાર્ગ બતાવ્યો એ એમનો ઉપકાર, બાકી એ ક્યાં આપણને ધર્મ પમાડવા, પોષવા અને ધર્મમાં આગળ વધારવા આવવાના છે ? એટલે એમને માથે ધર્યાનો શો અર્થ ?' તો શું ધર્મની બાબતમાં ય પ્રભુને માથે ધરવા નથી ? અગર ધરવા છે તો માત્ર કહેવારૂપે ? આપણી કોઈ ફિકર નહિ કરનારા, આપણને કાંઈ ધર્મ નહિ પમાડનારા, નહિ વધારનારા, ધર્મમાં કશી સહાય નહિ કરી શકનાર તરીકે ? માથે ધરવા એટલે માત્ર એમની આજ્ઞા માનવા લાયક, પણ એમનો સહાયક-પ્રેરક પ્રભાવ માનવાનો નહિ, શું આ અર્થ છે ? ભુલા પડતા નહિ;

**શાસ્ત્રો અરિહંત ભગવાનને અચિંત્ય પ્રભાવવાળા કહે છે, અભયને દેનારા, ચક્ષુને દેનારા...હિતકારક, તારણહાર, મોક્ષદાતા વગેરે કેટલું ય કહે છે.** પાછી આ ઉપચાર ભાષા નથી એમ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જેવા ખુલાસો કરે છે. એટલે કે પ્રભુ ખરેખર અભયદાતા છે, ચક્ષુદાતા છે,...વગેરે. પછી પ્રભુને માથે ધરવા તે ધર્મ પમાડનાર આદિ તરીકે સ્વીકારીને ધરવાના છે.

**પ્ર.**- ત્યારે વિચાર થાય કે શું પ્રભુ મોક્ષમાં બેઠા કાંઈ અભયદાન વગેરે કરવાની કોઈ ક્રિયા કરે છે ? અગર શું જાદુગર છે કે સ્વયં કાંઈ કરવું ન પડે, ને એમના જાદુથી થઈ જાય ?



**ઉ.**- આ વિચારના સમાધાન માટે જુઓ કે શાસ્ત્રકારોએ આનો ઉત્તર કર્યો છે કે- **'चिन्तामणिः परोऽसौ'**

અર્થાત્ પ્રભુ ઉત્કૃષ્ટ ચિંતામણિ છે. ચિંતામણિરત્ન સ્વયં કાંઈ કરતું નથી, છતાં એના ઉપાસકના ઈચ્છિત પૂરે છે. એમ અરિહંત પરમાત્મા સ્વયં ઊઠીને દેવા આવવા વગેરેની ક્રિયા ન કરવા છતાં એ એક એવી વિશિષ્ટ વસ્તુ છે કે એમની ઉપાસના કરનારને અચિંત્ય ફળ મળે છે. એ અરિહંતને જ ભજે તો મળે, બીજાને ભજવાથી નહિ.

**ધ્યાન કરો, જાપ કરો, દર્શન-વંદન-ગુણગાન કરો, પણ કોના કરો તો મોક્ષ સુધીના અચિંત્ય ફળ મળે ?**

**કહેવું પડે કે વીતરાગ-સર્વજ્ઞ શ્રી અરિહંત ભગવાનના જ, બીજાનાં નહિ.**

એ સૂચવે છે કે શ્રી અરિહંત તત્ત્વમાં કોઈ એવી અજબ વિશેષતા છે કે આવું બને છે. તેથી ચિંતામણિના દૃષ્ટાંતે કહેવાય છે કે પ્રભુ મોક્ષ વગેરે આપે છે, પ્રભુ તારે છે, પ્રભુ સહાય કરે છે, માટે એ ખરેખર માની એમને માથે ધરવા જ જોઈએ.

**અરિહંતના નામ માત્રનો પણ મહિમા** એવો છે કે અંતકાળે એ રટતાં જીવો સદ્‌ગતિ પામી ગયા ! તો અહીં શું એમ કહેવું કે એ નથી પમાડતા, એમનું નામ પમાડે છે ? આવું ન કહેવાય. એ તો એના જેવું થાય કે શેઠે નોકરી નથી અપાવી, એમના નામે, એમની ચિઠ્ઠીએ અપાવી ! પણ આમ કહેવું અનુચિત છે કેમકે શેઠ જ ન હોત તો ચિઠ્ઠી કે નામ ક્યાં હતું ? એમ અરિહંત જેવી અસાધારણ અનુપમ વિભૂતિ જ ન હોત તો એમનું નામ આવવાનું હતું ? નામ તો નામીનો ધર્મ છે; મુખ્ય નામી છે, માટે અરિહંતના નામથી થયું એ અરિહંતથી જ થયું કહેવાય.

**અરિહંત મોક્ષદાતા એમ સંપત્તિદાતા-આપત્તિહર્તા નહિ ?**

ત્યારે આ હકીકત છે કે જેમ અભય, ચક્ષુ, માર્ગ, શરણ, બોધિ, ધર્મ વગેરે આત્મહિતના દાતા અરિહંત છે, એમ **અરિહંતનું નામસ્મરણ-ધ્યાન-પૂજન વગેરે કરવાથી આપદા ટળે છે, સંપત્તિ મળે છે, તો પ્રભુને આપત્તિહર્તા અને સંપત્તિદાતા માનવામાં ક્યાં વાંધો આવે ?** પ્રભુના નામનો એટલે કે પ્રભુનો એવો અચિંત્ય પ્રભાવ છે કે એમનું શરણ-આલંબન પકડો તો આપદા ટળે, સંપદા મળે; દુઃખ જાય, સુખ આવે; દુર્ગતિ અટકે, સુગતિ આવે. કૃતજ્ઞ માણસ તો અરિહંતના આવા અસાધારણ-અલૌકિક ઉપકારનો ઈન્કાર ન કરે, બાકી કૃતઘ્ન કરે એમાં નવાઈ નથી. અલબત્ત અરિહંત જવા-આવવાની સર્જવાની લાંબી-ટૂંકી ક્રિયા કરવા નથી બેસતા, છતાં પણ એમના જ અચિંત્ય પ્રભાવથી સારું મળે છે.

**ચિંતા કઈ કરવી :-**

માટે તો અરિહંતના ભક્તની આ અટલ શ્રદ્ધા હોય છે કે

**જિન ભક્તે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે'**

જે સારું થશે તે એમના જ પ્રભાવે; માટે મારે તો એમને જ માથે ધરવાના. એમનાથી જરૂર સારું થશે. એટલે મારે સારું થવાની ચિંતા કરવા કરતાં એમનું જ સ્મરણ કર્યા કરું, એમનું ધ્યાન-ભજન-ચિંતન કરું, એમને માથે ધર્યા પછી મારે કોઈ ફિકર કરવા જેવી નથી. એમનાથી બધું સારું થશે.' આ ધોરણ જોઈએ.

**જાતની વડાઈથી કાંઈ નહિ વળે :-** 'દાન કરું' તો એટલા પૈસા ઓછા થઈ જાય !' એવી ખોટી ચિંતા કેમ થાય છે ? શું જાતની વડાઈથી પૈસા ટકવાના જ છે ? એવું હોત તો આજ સુધી અનંત જીવો એ મૂકીને ચાલી જાત નહિ, પણ મૂકી-મૂકીને મર્યા ને ? જીવતાં ય કેઈને મૂકવું પડ્યું ને ? જાતની વડાઈથી કાંઈ વળતું નથી, કાંઈ મળતું નથી, કાંઈ ટકતું નથી.

**માટે આ વિશ્વાસ જોઈએ** કે 'દાન તો મોકો મળે ત્યાં ત્યાં દેવા દે. વીતરાગની આજ્ઞા મુજબ દાન કરવું એ વીતરાગને ખરેખર માથે ધરવાનું છે; અને એમને માથે ધર્યા પછી ફિકર રહે તો એમને; મારે કોઈ ચિંતા રહેતી નથી, ચિંતા કરવાની હોય નહિ' શાલિભદ્રના જીવ વગેરેએ આવા કોઈ વિશ્વાસ ન ધર્યા હોત તો દાન દઈ શકત ? તે પણ કટોકટીના સમયમાં એમને દુર્લભ એવી ચીજનું દાન ? ને એ દીધું તો શું બગડ્યું ભાઈ ? શા લૂંટાઈ ગયા ? મહાન સદ્‌ગતિ પામી ગયા !

જાતની શાબાશી, 'હું બચાવીશ એટલું બચશે' એવી જાતની અહંતા ઉપર તો મીંડું વળે છે. વીતરાગને માથે ન રાખી તારક દાન ગુમાવીને ગોઝારી મૂર્ચ્છાને માથે કરે છે.

પેલા પ્રેમચંદ્ર શેઠ ગામડાના જ્ઞાતી ભાઈને રૂપિયા પચાસ હજાર આપવાના ધરીને ઊભા રહે છે !

આટલી બધી મોટી રકમ ? અને તે પણ ગુપ્તપણે આપી દેવાની ? હા, જિનેશ્વરદેવ માથે ધર્યા છે પછી ખૂટી જવાની ચિંતા એવા અચિંત્ય અનંત પ્રભાવ ધરનાર દેવાધિદેવને સોંપી દેવાની. એ તારક દેવની આપણી કલ્પના બહારની શક્તિ પર શ્રદ્ધા હશે તો મોટાં ગુપ્ત દાનાદિ કાંઈ કઠિન નથી.

**પ્રેમચંદ શેઠનો સિદ્ધગિરિનો સોદો :-**

પચાસ હજાર તો સામાન્ય છે, પરંતુ સાંભળ્યું છે તે મુજબ પ્રેમચંદ શેઠ એક વાર સિદ્ધગિરિ યાત્રાએ ગયેલા. ત્યાં પરમાત્માની કોઈ અથાગ અપૂર્વ ભાવોલ્લાસથી પૂજા ભક્તિ કરી ! મનમાં વિચાર આવ્યો કે,



**પૂજા કરીને ભવ્ય ભાવના :-**

'અહો ! શું ભગવાનનો ઉપકાર ! કે અમારા જેવા વિષય-કષાયના કીચડમાં આળોટતા રાંક પામર જીવને આવા વિષમ કાળે પણ અલૌકિક ભાવોલ્લાસ અને સેવાભક્તિનો મહાન લાભ આપે છે ! કેટલા અથાગ પારાવાર પુણ્યનાં પુંજ આપે છે ! કેવી સુંદર સદ્‌ગતિના દ્વાર ખુલ્લા કરી આપે છે.

**આ બધા અથાગ પુણ્યાદિના લાભોની સામે અમે શો ભોગ આપીએ છીએ ?** કરોડો અબજોથી કિંમત ન આકી શકાય એવા અને જીવની ભાવી લાઈન ક્લીઅર (Line clear), માર્ગ સીધો મોક્ષગામી કરી આપનારા આ લાભોની સામે અમારે અહીંનું અમારું મામુલી જેવું સર્વસ્વ તો કેમ ન્યોછાવર ન કરવું જોઈએ ? આ સિદ્ધગિરિ કે જેના ચરણે મોટા ચક્રવર્તીઓએ તો સેવા અર્પી છે, પણ એનું આજે રાજાને રખોપું દેવું પડે છે ! વાહ કળિકાળ ! પણ પ્રભુનાં પ્રતાપે મને મળેલી લક્ષ્મી શું કામ લાગશે ?'

બસ, આ વિચાર પર મનમાં નક્કી કરી લઈ, આવ્યા પાલીતાણાના ઠાકોર પાસે, અને વાટાઘાટ કરી રખોપાનું ભરણું કાઢી નખાવવા રૂપિયા તેર લાખે સોદો કર્યો !

કોણે દેવાના ? સંઘે નહિ, સમિતિએ નહિ, ટીપ-ટકોરો કરીને નહિ, પ્રેમચંદ શેઠે પોતાના ગજવાના દેવાના !

ત્યારે આજની રીતરસમ જુઓ. જેની પાસે નાણાં છે, એય પાછા કમ નાણાં નહિ ! એ પણ ભૂખડીબારસ, સામાન્ય પણ સાધારણના તોટાના કે બીજા કાર્ય માટે કહે છે ફાળો નોંધો ! આ કાર્ય મારા એકલાનું કાર્ય નથી, આ તો સંઘનું કાર્ય છે.' સમજ્યા ને ? સંઘનું !

**પોતાનું ખરેખર શું ? :-**

પોતાના મારક વિષયો, ઘર, કુટુંબ, વ્યવહાર, ઈજ્જત એ બધાનું કાર્ય તો પોતાનું એકલાનું ! અને

પોતાના તારક પરમાત્મા, મંદિર, ઉપાશ્રય, ગુરુ, જ્ઞાન, સંઘ એ બધાનું કાર્ય સંઘનું !

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૨,અંક-૩૧,તા.૧૮-૪-૧૯૬૪**

## આરાધનાનો સાપેક્ષભાવ : ચિત્તસમાધિ

એટલે કે **પુણ્ય ખૂંચવી લેનારાનું કાર્ય પોતાનું ! અને પુણ્ય ભરચક કરી આપનારાનું કાર્ય પોતાનું નહિ, સંઘનું ! આ મોહની શિખવણી છે.**

જીવની પોતાની અક્કલ નથી, અક્કલનો ઓથમીર છે, મોહ રાજા ચઢે એમ ચઢવું છે; એટલે કર્મે કલ્પી આપેલા પર મમત્વ ધરવું છે. અને જાતે એકલે પંડે પૂરો ભોગ આપવો છે. પણ એ ચઢવણી બાજુએ મૂકી પોતે અક્કલથી વિચારવું નથી કે 'અહીં ખરેખર મારું કોણ છે ?' પછી જ્યાં મમત્વ જ નહિ બંધાયું ત્યાં એનો ભાર પોતાના માથે શાનો લેવાય ? ભલેને દેવ-ગુરુ-સંઘ-મંદિર-ઉપાશ્રય વગેરે લખલૂટ પુણ્યના લાભ આપે, છતાં આશ્ચર્ય છે કે 'એ તેવા પોતાના નહિ જેવું ઘર કુટુંબ વગેરે !' આ સમજ છે. પછી એ લાભની સામે તેટલું કાંઈ દેવાની સમજ ક્યાંથી હોય ?

**સોદો કેમ અટક્યો ? :-**

પ્રેમચંદ શેઠને આરાધનાનો સાપેક્ષભાવ છે. ધર્મની આરાધના કરી લેવાની સાચી ભૂખ છે, એટલે સાચું પોતાનું શું, પારકું શું, તે સમજે છે; અને મળતા પુણ્યલાભ સામે દેવાની ગણતરી છે, પેલા વણિકને પોતાનો ગણી રૂપિયા પચાસ હજાર ધરીને ઊભા રહે છે ! અને અહીં સિદ્ધગિરિના રખોપા-ભાડાની ઝંઝટ કાઢી નખાવવા રૂપિયા તેર લાખ જાતના દઈ દેવાનું નક્કી કરે છે ! ઠાકોર સાથે ગોઠવ્યું તો ખરું, પણ દસ્તાવેજ પર સહી મુંબઈ જઈને કરવાની હતી; એમાં મુંબઈ પહોંચતાં જ કર્મના વિચિત્ર સંજોગ તે વેપારમાં એટલો જોરદાર ફટકો લાગી ગયો કે એ વાત ખોરંભે પડી ગઈ. મહાસુકૃત કરવાની સજ્જડ ભાવના છતાં અંતરાયકર્મ કેવું કામ કરે છે !

શેઠ અહીં વણિકને આગ્રહ કરે છે કે 'આ રકમ લઈ જ જાઓ.'

**ગરીબનું મોટું મન :-** પેલો કહે 'પણ શેઠ ! આપને વેપારમાં ધક્કો લાગ્યો કહો છો. એમાં મારે કાંઈ સહાયભૂત થવાનું તો બાજુએ રહ્યું, અને ઉપરથી બીજો વધારે ધક્કો હું લગાડું ?' ગરીબ બન્યો છતાં મન કેવું વિવેકથી મોટું છે !

**ધક્કો પૈસાને નહિ, પાપને ! :-**

પ્રેમચંદ શેઠ કહે છે, ભાગ્યશાળી ! અમારા ધક્કાનો વિચાર ન કરો. અહીં તો દરિયો છે, નદીઓ ઠાલવે છે ય ખરી અને પાણી સુકાય છે પણ ખરું. મને આથી કોઈ ધક્કો નથી, ઊલટું ધક્કો તો મારા પાપકર્મને છે. આ તો સાધર્મિ-સેવાનું જબરદસ્ત પુણ્ય મળે છે ! અને તે તમે મને મેળવી આપવામાં નિમિત્ત થાઓ, એમાં તમારો મોટો ઉપકાર માનું, બસ હવે મારા સમ છે કાંઈ બોલશો નહિ, આનાકાની કરશો નહિ. લ્યો માણસ સાથે મોકલું છું, જેથી રસ્તામાં એકથી બે ભલા, સાવચેતી રહે. ચાર દહાડા રોકાઈ જાઓ તો વળી મને સવાનો વિશેષ લાભ મળે. બાકી ઘરે કુટુંબને બીજાઓ તંગ કરતા હોય અને તેથી જલ્દી જવાની



જરૂર હોય, તો તમને સુખ ઉપજે એમ કરો.'

**રૂપિયા સાથે વણિકને ઘરે પહોંચતો કર્યો :-**

વણિક શરમનો માર્યો નીચું જ જોઈ રહ્યો. દેખે છે કે 'આ કાંઈ ખોટો વિવેક નથી, દેખાડવાનો સવાસલો નથી, નક્કર રકમ આપી જ દેવાની, આગ્રહપૂર્વક બઝાડવાની વાત છે ! અને શેઠે એવી દિલની સહાનુભૂતિ દેખાડી છે કે હવે મારે શું બોલવું ?' કાંઈ બોલી શકતો નથી. પ્રેમચંદ શેઠે અવસર ઓળખી રોકવાનો આગ્રહ ન કર્યો. રૂપિયા બંધાવ્યા, વિશ્વાસુ માણસને બોલાવી ભલામણ કરી ભાઈને ઠેઠ ઘરે પહોંચાડી આવવા મોકલ્યો.

**આરાધનાનો સાપેક્ષભાવ. જીવનમાં જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં ઉદારતાદિ ગુણના અભ્યાસની આરાધના, અને તીર્થભક્તિ સાધર્મિક ભક્તિ વગેરે ધર્મકાર્યની આરાધના કરી લેવાની સાચી ભૂખ, તમન્ના, અને હોંશ હોય, પછી ધનને શું, જરૂર પડ્યે કાયાને ય લાત મારતાં આંચકો ન આવે.**

વિચાર એક જ જોઈએ, કે

આ ઉચ્ચ ભવમાં ધર્મારાધનાનો અને ગુણોના અભ્યાસની આરાધના કરી લેવાનો દુર્લભ પુરુષાર્થકાળ મળ્યો છે, તો એ પુરુષાર્થ કરી લેવામાં કમીના શા માટે રાખવી ?

**બધું મળશે, પણ ફરી ફરીને આ પુરુષાર્થ કાળ નહિ મળે.'**

આલંબનો કેટલા બધા સુંદર મળ્યા છે ! મહાન આત્માઓએ આરાધના કરી લીધાના દૃષ્ટાંત પણ ઓછા છે ? વર્તમાનકાળનાં પણ દૃષ્ટાંત મળે છે ને ? પ્રેમચંદ શેઠની કેવી દુઃખી પ્રત્યે સહાનુભૂતિ ! ભીડમાં પણ કેવો આત્મભોગ અને ઉદારતા ? ત્યારે તીર્થભક્તિ કેવી ? અરિહંત પ્રભુ પ્રત્યે કૃતજ્ઞભાવ કેવો ? અને એ બજાવવા ક્યાં સુધીનો એકી કલમે ખર્ચ કરવાની તૈયારી ?

આ બધું જો મન પર લેવાય તો મળેલા દુર્લભ પરુષાર્થકાળને સત્પુરુષાર્થથી સફળ કરી લેવાનું કાંઈ જ કઠિન નથી.

ધર્મારાધના પુરુષાર્થકાળનું મહત્ત્વ આંકતાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ધર્મબિંદુમાં ત્યાં સુધી લખ્યું કે અલબત્ત માતાપિતાની ભક્તિ અનહદ બજાવવાની, છતાં એ પણ જો કોઈ તેવી ધર્મબાધક આજ્ઞા કરે, જીદ પકડી બેસે, તો ય ધર્મને બાધક એવું ન આચરાય, કેમકે આરાધનાનો પુરુષાર્થકાળ દુર્લભ છે. વાત પણ સાચી છે કે માબાપ છોકરાને ચોરી કરવાનું કહે તો શું છોકરાએ ચોરી કરવી ? કોઈ સમજદાર માણસ એ મંજૂર ન કરે,

કાલસૌકરિક કસાઈના મૃત્યુ પછી એના પુત્ર સુલસને કુટુંબીઓ બાપનો ધંધો

ચલાવવા ઘણો ય આગ્રહ કરવા લાગ્યા; પણ સુલસ કબૂલ ન થયો. એણે એક જ કહ્યું કે 'બાપ જો અજ્ઞાનતાથી ઉન્માર્ગે દોડી કૂવામાં પડ્યા તો શું દીકરાએ એમ કરવું ? કસાઈના ધંધાને અંતે અહીં પણ બાપની કેવી ભયંકર વેદનામય દશા થઈ એ તમે બધાએ નજરોનજર જોઈ છે; બીજાને મરણાન્ત દુઃખ આપીને આપણે સુખ કેવી રીતે મેળવી શકીએ ?' સુલસ અભયકુમાર મંત્રીની સલાહથી સમજી ગયો હતો કે,

માનવ જીવન તો મળેલા દુર્લભ આરાધનાના પુરુષાર્થકાળને સફળ કરી લેવા માટે છે; ત્યાં ઊલટું પાપની સાધનાનો સ્વ-પર-આત્મઘાતક પુરુષાર્થ કેમ કરાય ? અજ્ઞાન માતાપિતાદિ તો આ જગતમાં મળ્યા કરવાના; એમની જો પાપસલાહે જ ચાલ્યા કરવાનું હોય તો ધર્મપુરુષાર્થ ક્યારે કરવાનો સમય જ રહે ?

**પુણ્યની ઠેકડી :-** તેમાં ય ધર્મ પુરુષાર્થનો કાળ પણ જ્યાં ને ત્યાં ઝટપટ મળે છે ય ક્યાં ? આજના માનવ અવતાર પણ પામેલા કિન્તુ અનાર્ય દેશમાં; એમની દશા જુઓ. ત્યાં ધર્મશાસનના દર્શન જ નથી, પછી એ જીવો માટે ધર્મપુરુષાર્થનો શો કાળ ગણવો ? જિંદગી આખી ને આખી વહી જશે પણ બધો ય કાળ આહારાદિ સંજ્ઞાઓ અને હિંસાદિ પાપોનાં પોષણમાં.

અહીં તમને ધર્મશાસન મળ્યું છે, તો ધર્મ-પુરુષાર્થનો કાળ મળ્યો ગણાય; છતાં ય જિંદગી શું સંજ્ઞાઓ ને દુષ્કૃત્યના પુરુષાર્થની જ જીવવી છે ? શું જાત પર વિચાર નથી આવતો કે 'હું ધર્મ પુરુષાર્થકાળ આપનાર પુણ્યની કેવી ઠેકડી કરી રહ્યો છું કે 'પુણ્ય ! તું શું મને ધર્મપુરુષાર્થ-કાળ દેતો' તો ? આ મને એ નિષ્ફળ કરતા આવડે છે,' પણ એવી ઠેકડી કરવામાં તો ફરીથી એ મેળવવાની લાયકાત, હક, અનુકૂળતા નષ્ટ થઈ જશે.'

**આરાધનાની ઇચ્છાનું લક્ષણ :-**

ધર્મ પુરુષાર્થ-કાળ દુર્લભ મહાદુર્લભ સમજી ધર્મની આરાધનાનો પુરુષાર્થ જોરદાર રાખવાની જરૂર છે. ચિત્તમાં એનો સાપેક્ષભાવ અર્થાત્ અભિલાષા જ્વલંત જાગવી જોઈએ; અભિલાષા પણ એવી કે અંદરથી કોંચ્યા કરી ઝટ ઊભા કરે, કામે લગાડે એવી.

આરાધનાની તીવ્ર તમન્નાનું આ લક્ષણ છે, આ ફળ છે કે જ્યાં જેવી આરાધનાનો મોકો દેખાય ત્યાં એ કરી લેવા આપણને કામે લગાડી જ દે; સિવાય કે આપણે અશક્ત હોઈએ, યા સામગ્રી-વિહોણા હોઈએ. બાકી તો ભલેને શક્તિ-સામગ્રી થોડી હોય, તો ય તે એના પ્રમાણમાં પુરુષાર્થ કર્યા વિના મન જંપે નહિ, થોડો તો થોડો.

**ઓછી શક્તિમાં શું થાય ? :-** દા.ત. પ્રભુનો કોઈ મોટો ઉત્સવ કરે છે, ત્યાં



આપણી શક્તિ અનુસાર એમાં સાથ પૂરવાનું કરાય. કોઈ મોટી આંગી રચે છે તો બીજું કાંઈ નહિ તો એનાં ફૂલ ભેગાં થોડાં ફૂલ, કે કેશર ભેગું થોડું કેશર નાખી અવાય, એમ કોઈ સાધર્મિક-વાત્સલ્યનું જમણ કરે છે, આપણી તેવી તાકાત નથી, તો પણ એનાં ઘીમાં ઘી, કે સાકરમાં સાકર ઉમેરી આવ્યા, એ તો બને ને ?

આ તમને જરા નવું લાગશે, પણ આરાધનાની લગની, સાપેક્ષભાવ એવું એવું કરવાથી જ દૃઢ થતો જશે એ સમજી રાખજો. માત્ર ભાવના ભાવવાથી કાર્ય ન સીઝે; શક્ય ભોગ આપવો પડે. અવળા આંટા વિંટાઈ ગયા, તે હવે ઊંધા ઉકેલ્યા વિના સવળા કેમ વિંટાય ? દુનિયાની અપેક્ષા પાછળ બહુ બહુ પ્રવૃત્તિ કરી છે, બહુ બહુ ભોગ આપ્યા છે; એમ બહુ પ્રવૃત્તિ કરવાનું અને ભોગ આપવાનું હવે આરાધના માટે કર્યા વિના દૃઢ રંગ કેવી રીતે જામે ? સંઘ કાઢવાની કે સંઘજમણ કરવાની તાકાત નથી, પણ એમાં ભરણું તો ભરી શકાય ને ?

**પ્ર.-** પણ એ કર્યું કોઈ જાણે નહિ ને ?

**ઉ.-** વાહ ! એટલે એમ જ કહો ને કે કીર્તીની આરાધનાની પડી છે, શુદ્ધ સંઘભક્તિ-સાધર્મિકભક્તિ વગેરે ધર્મની આરાધનાની નહિ, બસ, વાંધો જ આ છે કે હજી તો ધર્મારાધના મહત્ત્વની જ લાગી નથી ! બીજી બધી આરાધના કરતાં શ્રેષ્ઠ અને કરવા જેવી લાગી નથી ? એટલે આડાઅવળા ફાંફા મરાય છે. કીર્તિ મળી, ચારે જાણ્યું કે આપણે કાંઈ કર્યું, એથી આપણા આત્માનું દળદર-દારિદ્ર્ય શું ફીટ્યું ?

**મરતાનું ચિત્ર અને બોધ :-** કોઈ પાપી જીવ મરવા પડ્યો હોય, ચારે બાજુ કુટુંબી સગાવહાલા વિંટળાઈ બેઠા હોય, પેલાને વ્યાધિ-વેદના ભારે હોય, હવે કોઈ વૈદ-ડાક્ટર આશા આપતા ન હોય, વાતાવરણ ભારે ગમગીન હોય, ત્યાં એ મરવા પડેલાની કેવી દશા હોય એ કલ્પનામાં લાવો. બહાર સારું દેખાડવા માટે એણે ઉધમાત તો ઘણાં ય કર્યા હોય, પણ એમાં દેવ-ગુરુની અને આત્માની વંચના કરી હોય, જીવન ભરચક પાપોથી ખરડાયેલું કર્યું હોય; તે બધું અત્યારે એને નજર સામે તરવરે છે, હૈયે કોચે છે; મેળવેલી લોકશાબાશી આ અવસરે કાંઈ જ કામની દેખાતી નથી, કલ્પાંત કરે છે 'હાય ! હું મરીશ ? પાપનાં પોટલાં ઊંચકીને જઈશ ? સ્વાર્થી પરિવારને પોષવા અને પૈસાની તૃષ્ણા-મમતા ને માનમરતબો સાચવવા કેટલા બધાં કાળાં કામ, જૂઠડફાણ જીવહિંસાઓ અને ગર્વ-ગુસ્સા કર્યા ! અરેરે હવે કોણ મારું બેલી ? આ પૈસા ને પરિવાર તો અહીં જ ઊભો છે, મારી સાથે આવવા તૈયાર નથી, ને પાપ મારાં મને છોડવાના નથી, પ્રભુ ! મારું શું થશે ?'

વિચારો. આ દૃશ્ય આંખ સામે લાવો, 'જાતને આવો દહાડો જોવાનો આવશે ત્યારે શું થશે ?' એની હૈયે ચોંટ લગાડો, પછી પેલો મોહ કે 'આપણે કોઈના

સુકૃતમાં ખાનગી આપણું ભેળવી તો દઈએ, પણ કોઈ જાણે નહિ કે આપણે સુકૃત કર્યું તો એથી શો લાભ ?' આવી મૂઢતા ઊતરી જશે. મનને એમ થશે કે ખાનગીમાં પણ જેટલું સારું થાય એટલું કરી દેવા દે. જીવનમાં જાતે કરેલી ધર્મ આરાધના જ કામ લાગવાની છે. અંતકાળે એ જ આશ્વાસન, હૂંફ અને હિંમત આપશે. બાકી મોહવિષના કટોરા ભરી ભરીને પાનારી સગી બાયડીની ય હૂંફ-હિંમત હૈયે નહિ અડી શકે. ત્યારે આરાધના તો રજેરજની જવાબ આપશે. માટે એજ કરું ખૂબ કરું, લોકને સારું મનાવવાથી મારું શું વળવાનું હતું ?'

**જીવનની અંતે રાખ થતાં પહેલાં** આ વિચારી, આરાધનાનો જબરદસ્ત સાપેક્ષભાવ, 'જ્યાં ક્યાંય, જ્યારે ક્યારે ય, ને જેટલી જેટલીય આરાધના થાય તેટલી કરી લઉં,' આ તમન્ના-તલવલાટ-તાલાવેલી નિત્ય નિરંતર જાગતી રાખો, અને તે પ્રમાણે અમલ રાખો. તો હૈયે ખાતરી રહેશે કે 'જાતને દેવાધિદેવ અને એમના ધર્મશાસન સાથે કાંઈક લેવાદેવા છે, સગાઈ છે, એમને માથે ધર્યાં છે.' આરાધનાના સાપેક્ષભાવ વિના એમ ને એમ ખાલી ખાતરી નહિ રહે, અને રાખી તો ઠગાવાનું થશે.

**દિલ કોના પક્ષનું :-** શું ભગવાનને ભોળા (મૂર્ખ) સમજો છો ? ધરમને રેંગડોપેંગડો ધારો છો ? શું પુણ્યકર્મને બાપના સમજો છો ? તે આપણું દિલ એમના પક્ષનું નહિ, પણ સંસાર પક્ષનું રહી મંદિર-ઉપાશ્રયે જરા આઘાપાછા થયા એટલે આપણા પર પુણ્યકર્મ ઓવારી જશે ? કઈ સમજે ડિંડવાણું ચલાવ્યે રાખો છો ? દિલ દેવે કહેલી આરાધનાના પક્ષનું નહિ અને સંસાર-વિષયો-લક્ષ્મી-પરિવારના પક્ષે ભર્યુંભર્યું હોય, છતાં દેવાધિદેવ અને પુણ્યકર્મ આપણું બધું મંજૂર કરી લે ? સારું માની લે ? એમ તો અભવી જેવા ય કરવામાં કાંઈ કમીના નથી રાખતા, બાહ્ય ચારિત્ર સુધી પાળવાનું ને કષ્ટ વેઠવાનું ય કરે છે, છતાં એનું દિલ સંસારપક્ષનું છે માટે એમાંનું કશું મંજૂર થતું નથી; તો આપણું એમ જ શી રીતે મંજૂર થવાનું ?

**માટે દિલ આરાધના પક્ષનું થવું જોઈએ.** જીવનમાં ધર્મની આરાધનાને જ મહત્ત્વ હોય, પ્રધાનતા હોય કીર્તિ ને લોકવાહવાહને નહિ. એક જ હિસાબ કે 'મારે તો ધર્મારાધનની જેટલી ક્ષણ પસાર થાય એ ખરેખરી લેખે લાગવાની છે. પછી ભલેને એ કોઈએ ન જાણી ! માટે એવી ક્ષણો બહુ બનાવું, જેટલી બને એટલી બનાવું,' આ હિસાબ હોય એટલે પછી તો સંસારસાધનાના કાળમાંથી ધર્મારાધનાની ક્ષણો વેતરવાની જ વાત.

કોઈ સંબંધી મળવા આવ્યા, સંસારની કડાકુથલાની વાતો ચાલી, પણ એમાંથી ધર્મારાધનાની ક્ષણો વેતરવાનું કરાય. કેવી રીતે ? એ વાતોમાં ધર્મની, તત્ત્વની,



કોઈના સુકૃતની અનુમોદનાની, દેવ-ગુરુના ગુણગાનની...એવી કોઈ પણ વાત દાખલ કરી દેવાય.

**પ્ર.-** પણ એ કઢંગુ ન લાગે ?

ઉ.- ના, વાતમાં વાત કેમ દાખલ કરવી એ તો તમને આવડે છે. ચાલુ વાતમાં સહેજ સંબંધ જોડી દીધો એટલે પત્યું; ઝટ ધર્મારાધનાની વાત દાખલ થઈ જવાની દા.ત. વાત ચાલી 'બજારમાં હમણાં ઊથલપાથલ ઘણી, ભાવ બહુ ઊંચા જતા જાય છે...' હવે આ વાતમાં સંબંધ જોડવા કહી શકાય, 'ભારે કાળ આવી ગયો છે. ચિત્ત એવું ડહોળી નાખે છે કે વગર લેવા દેવાએ પણ હૈયાહોળી ને સંતાપ થાય. આ તો સારું છે કે ભગવાનના શાસનનું આલંબન છે તે મન વાળવાથી કાંઈક બચાવ મળે છે; નહિતર તો તંદુળિયા-મચ્છની જેમ રૌદ્ર પરિણામ અને નરકનાં ભાતાં ભેગાં કરવાનું થાય. પ્રભુના શાસન વિના બીજું કોણ યથાર્થ દર્શન કરાવે ?

**ચિત્તસમાધિ માટે શાસન કેવું કેવું બતાવે છે !** ● પુણ્યપાપના ખેલ,

● ભવિતવ્યતાની નિશ્ચિત બનવાવાળી અકાટ્ય વિચિત્રતાઓ,

● અનિત્યતા વગેરેની ભાવનાઓ,

● આત્માનો આ દુર્લભ ધર્મપુરુષાર્થ કાળ,

● આત્માએ ભમેલી વિવિધ જીવયોનિઓ,

● ચૌદરાજલોકનું વિરાટ સ્વરૂપ,

● દેવ-નરકમાં એકની બેભાન દશા અને બીજાની બે-લગામ, ત્રાસમય સ્થિતિ વગેરે વગેરે એ શાસન જ બતાવી શકે...' બસ, ચાલી આ ધર્મારાધનારૂપ બને એવી તત્ત્વગોષ્ઠી ! આરાધનાનો સાપેક્ષભાવ આ કરાવી શકે.

**પૈસા પાછળ હૈયું વેચાય ? :-**

મન સાથે જો નક્કી કર્યું હશે કે સાંસારિક ભાંજગડના કાળમાંથી મારે તો આરાધનાકાળ બને તેટલો વેતરવો છે. તો આવું આવું ઠામ ઠામ બનાવતા જવાશે. વેપારની વિચારણામાં ચઢ્યા ત્યારે જીવને એનો ભારે રસ છે ને ? એટલે મન જોરદાર ચાલે છે ! પણ ત્યાં વચમાં વચમાં એવા વિચાર દાખલ કરાય કે 'પણ હાં, મારે અનીતિ નથી કરવી; એમાં તો કદાચ પૈસા મળે તો પણ પૈસા લઈને હૈયું વેચવાનો સોદો થાય છે, પવિત્ર હૃદય ગુમાવાય છે.

**કોણ કોને તાણે ? : લોભ કેમ ભવાંતરે ? :-**

શું આ જીવનમાં તો મારે માટીના ઢેર વધારવા છે ? કે પવિત્રતા ?

હું જાણું કે 'હું પૈસા તાણું; પણ લોભ જાણે કે 'હું જીવને તાણું !' મારું

તાણેલું તો અલ્પકાળમાં છૂટી જવાનું; પણ લોભનું તાણેલું શે છૂટે ? લોભે જીવને તાણ્યો પછી તો જીવને એના સકંજામાં જનમજનમ તે દીર્ઘાતિદીર્ઘકાળ જકડાયા જ રહેવું પડે. કેમકે,

જીવે વહાલા કરેલા લોભની હૃદય-આરપાર અસર પહોંચી ગઈ હોય છે. માટે જ અનીતિ શું, કે ગરીબોને નિચોવવાનું શું, યા એવા કાળાં પાપભર્યા ધંધા શું, મારે ન ખપે...' આ તો એક જાતનો શુભ વિચાર. એવા બીજી જાતના ય શુભ વિચાર પણ મનમાં ચાલેલી પાપ વિચારણા સામે દાખલ કરી શકાય. પશુના મનથી નહિ, પણ માનવ મનથી આ શક્ય છે. મન વળ્યું છે તો સારી વિચારણા કરવામાં શા માટે બાકી રાખીએ ?

**પ્ર.**- બાકી તો કાંઈ રાખવું નથી, પરંતુ મન કાબુમાં નથી રહેતું ને ?

**ઉ.- મન જડ છે, આપણે ચેતન છીએ, એ વાત જરાય ભૂલતા નહિ.** જડનું સંચાલન કરનાર ચેતન છે, આત્મા છે. એ ધારે કે મારે મનનું આવું સંચાલન કરવું છે, તો તેમ કરવા અધિકારી છે,

**મોહ મદારીની ખૂબી :-** મન કાબૂમાં નથી રહેતું એવાં રોદણાં તો વર્ષો શું, જન્મારા રોતા આવ્યા, અને હજી રોવા હશે તો વળી જન્મોના જન્મો મળશે. કેમકે આ પણ મોહમદારીની એક ખૂબી છે કે જીવને આવાં રોદણાં રોતો રાખ્યા કરે, અને યોગ્ય પુરુષાર્થ ન કરવા દે. ત્યારે પુરુષાર્થ વિના તો, સમજો જ છો ને કે, કાર્ય સિદ્ધ ન થાય ? એટલે વિચાર કરવાનો આ છે કે 'મન મારું છે, પાછું એ દુર્લભ, તે માંડ અહીં મળ્યું છે. એકેન્દ્રિય-વિકલેન્દ્રિય કે પશુ પંખીના અવતારમાં આવું મન મળવું ક્યાં રેઢું પડ્યું છે ? તો દેવના ભવમાં ચાલાક મન મળે તો ખરું, પણ ભોગસુખ - લંપટ !' છોકરો ગમે તેવો હોંશિયાર-ચાલાક હોય પણ જો એવો લંપટ હોય, તો તમારા વેપારમાં કે બીજા કામમાં શાનો કામ લાગે ? હા કદાચ જ્વલંત સમ્યગ્દર્શન હોય તો શુભ વિચારણામાં ઉપયોગી થાય, પણ

જીવ જો અહીં જ સખણો ન રહે, તો ત્યાં ગયે શાનો સખણો રહે ? અને કદાચ થોડું સહી કરીને ગયો તો પણ સમ્યગ્દર્શન ક્યાં સસ્તુ પડ્યું છે ? એટલે અહીં મળેલું મન મોંઘેરું છે, દુર્લભ મળ્યું છે, પોતાનું છે, એનાથી ધાર્યા શુભ વિચારો કરી શકાય. એમાં કાંઈ ખરચ લાગતો નથી, કે કશું બગડી જતું નથી. પછી શા માટે આ લહાવો ન લઈ લેવો ? શા માટે તૃષ્ણા-સ્વાર્થ-પ્રપંચ-ઈર્ષ્યા વગેરેમાં મન ડૂબાડૂબ રાખવું ?





મનની ખૂબી આ છે કે સામગ્રી વિનાનો એક ગરીબમાં ગરીબ કે બીમારમાં બીમાર માણસ પણ એનાથી સારી વિચારણા કરી શકે. પૈસા નથી તો દાન અટકે; શરીર ઠીક નથી તો તપ અટકે; વિષયોની લાલચ છે તો શીલ-વ્રતનિયમ નહિ થાય; પરંતુ મનને કોઈ શુભ વિચારો કરતું અટકાવનારું છે ? શુભ તે પણ કેટલા બધા ઊંચા અને Solid નક્કર ! આવું મન અને તે પણ આપણું, છતાં રોદણાં રોવા કે એ કાબૂમાં નથી, એ તો નરી મૂઢતા છે. આપણે ધારીએ તો એ જબરદસ્ત કામ આપે એમ છે.

**બહુ મૂલ્યવાળો કાળ** વીતતો ચાલ્યો છે, અને તે સંસ્કાર-વેતરણમાં જાય એ ભાવી કાળને બગાડે છે. માટે એમાંથી જ આરાધનાનો સમય કાઢી લેવાનો છે. તે પણ તન-મન-ધનના સહારે; એનો સદુપયોગ કરીને; એમાંય કમમાં કમ મનથી શુભ વિચારણા, શુભ લાગણી રાખીને તો ખરું જ.

**ધર્મસાધના વખતે ય આરાધનાની બે-પરવાઈ :-**

આમ આરાધનાના સાપેક્ષભાવથી આરાધનાનું તન, આરાધનાનું મન, આરાધનાનું વચન, આરાધનાનું ધન, આરાધનાનો સમય બનાવી લેવાની તમન્ના હોય એટલે સાંસારિક તન-મન-ધન-વચન-સમયમાંથી શક્ય આ કાઢી લેવાની ખોજ અને મહેનત ચાલુ જ હોય. જો દુન્યવી બાબતોમાંથી પણ આરાધનાનું તત્ત્વ કમાઈ લેવાનું હોય તો ધર્મસાધના વખતે તો એ બરાબર કમાઈ લેવાનું પૂછવું જ શું ?

**મૂળ આરાધનાની તમન્ના જોઈએ, તો થોડી થોડીય આરાધના ગુમાવાય નહિ.** એના વાંધા હોય છે તો દેખાય છે કે ધર્મની સાધનાના અવસરે કોઈ જાતની ઢીલાશ કે અશક્તિ માની, તો પછી પાણીમાં બેઠાં તે બેઠાં, સાવ મીંડુ વળે છે. ત્યાં શક્ય થોડું પણ આરાધના તત્ત્વ કમાઈ લેવાનો કોઈ જ ઉમળકો નથી રહેતો. દા.ત.

**પ્રક્ષાલનો દાખલો :-**

મંદિરમાં ગયો, પણ નક્કી કરીને કે આજે સમય ઓછો છે તેથી ભગવાનને તિલક કરી તરત નીકળી જવું છે. ખેર, પણ ત્યાં જોયું કે કેટલાક પ્રભુજીને પ્રક્ષાલ થઈ રહ્યો છે; છતાં એ ઉમળકો નથી થતો કે 'લાવને ત્યારે આ તો આયતો માલ છે તૈયાર પ્રક્ષાલ પૂજા છે, તો છેવટે ૨-૪ ભગવાનને તો અભિષેક કરવાનો લહાવો લઈ લઉં ?' ના, આ તો નક્કી કર્યું તે કર્યું, તિલકપૂજા કરીને રવાના ! પછી ભલે ઘરે જતાં રસ્તામાં કોઈ કપાળકૂટિયો મળ્યો ને એની સાથે વાતમાં ૫-

૧૦ મિનિટ નીકળી જાય આનો કોઈ વાંધો નથી લાગતો. વાંધો પણ આરાધના કમાઈ લેવામાં બે મિનિટ પણ વધારે જાય એમાં લાગે છે. શું આને હૈયે આરાધનાનો સાપેક્ષભાવ રમતો કહેવો ?

**પ્રતિક્રમણનો દાખલો :-** એમ, દા.ત. પ્રતિક્રમણ કરવા ગયો, પરંતુ મનમાં બેઠું છે કે આ જ તપસ્યા છે. તેથી બેઠાં બેઠાં ક્રિયા કરવી છે. જો જો અહીં ખરેખર એટલી બધી અશક્તિ નથી કે ઊભો કરે તો અરબડિયું-ચકરી ખાઈ નીચે પડે, એમ તો પ્રતિક્રમણમાં બેસતાં પહેલાં કોઈની સાથે ઊભા ઊભા વાત કરવામાં ૦ાા કલાક કાઢી નાખ્યો હોય છે. છતાં ખેર, મનની માની ઢીલાશ છે. પરંતુ ત્યાં એટલું તો બની શકે ને આખું પ્રતિક્રમણ નહિ સહી, તો ય વચમાં વચમાં ઊભા થઈ શકાય ? મનને થાય કે,

(૧) 'લાવને, નાહ્યા એટલું પુણ્ય; જેટલો જેટલો પ્રમાદ ટાળીશ, વિધિ પાળીશ, એટલા પ્રમાણમાં તો સુસંસ્કાર અને કર્મનિર્જરાનો અનુપમ લાભ મળશે !

(૨) આમ તો બધું ય તણાવા બેઠું છે, એમાંથી ખેંચી લીધું એટલું આપણું.

(૩) વળી થોડું થોડું ય ઊભા થવામાં શું તૂટી મરવાનો છું ?

(૪) ત્યારે એ તો આ ઉત્તમોત્તમ ક્રિયા મળી છે તો એના આલંબને પ્રમાદ ટાળી ને વિધિ પાળી અનહદ લાભ મળે છે. દુનિયાની ઊઠ બેસમાં શું રાખ મળે ?

(૫) અહીં ભગવાનની આજ્ઞાના પાલનનો અજબ ગજબનો લાભ મળે છે. માટે પ્રમાદ બને તેટલો ટાળવો જ જોઈએ. જિનાજ્ઞાપાલન મળે એવા અહોભાગ્ય ક્યાંથી !'

આરાધના તત્ત્વ કમાઈ લેવાની તમન્નાવાળાની આ વિચારણા છે. 'બેઠા ભાઈ બેઠા,' કે 'અમુક આરાધના નહિ તે નહિ' આવું ધોરણ નહિ, કિન્તુ 'આરાધનામાં કમાઓ ભાઈ કમાઓ, જેટલી વધારે કમાવાય એટલી ! શક્ય જરા ય જતી ન કરો' આ જ એક હિસાબ, આનું નામ આરાધનાનો સાપેક્ષભાવ છે.

**શું આરાધનાની ખુશાલી ઉજ્જડ વેરાન જેવી ? :-**

બહારગામની કોઈ ઓચ્છવ-મહોત્સવની કંકોતરી આવી. મોકલી આપો પાંચ રૂપિયા, લખી નાખો 'ચાંલ્લો છે. ઓચ્છવમાં નાખી લાભ આપજો.' લગનની કંકોતરી આવે તો ચાંલ્લો મોકલો છો ને ? શું સામો ભૂખે મરતો છે માટે ચાંલ્લો મોકલો છો ? ના, ખુશાલીનો. એમ અહીં આરાધનાની ખુશાલી ન હોય ? તો શું ખુશાલી ઉજડ વેરાન જેવી ? એ ખુશાલીમાં-ખાલી મન મનાવવાનું ? કોઈ પાક ન થાય ? આરાધનાનો શક્ય પાક કરવો જ જોઈએ.





## આરાધનાનો સાપેક્ષભાવ : ગુણોનો અભ્યાસ

**પર્વતિથિનો દાખલો :-** પર્વતિથિ આવી, માથું દુખે છે, તાવ છે, આજે કાંઈ તપ નથી કરવો. ખેર ! પણ આરાધનાનો સાપેક્ષભાવ હોય એટલે જો કે કદાચ એકાસણું કે બેસણું ય ન કર્યું, પણ જમવાના ટંક તો સંકોચી શકાય ને ? પાણી તો ઉકાળેલું પી શકાય ને ? ૨-૪ વિગઈઓનો ત્યાગ, મિષ્ટાન્નનો ત્યાગ, ફ્રૂટ-મેવાનો ત્યાગ,...એવો એવો ત્યાગ તો થઈ શકે ને ? ના. કશું કરવું નથી એનો તો અર્થ એ, કે જ્યાં જ્યાં, જ્યારે જ્યારે, ગમે તે ઓઠા હેઠળ જો ભોગવિલાસ, સુખશીલતા, ધર્મબંધનમાંથી છૂટાપણું વગેરેનો લાભ મળે છે, તો તે લૂંટવા તૈયારી છે ! એ પ્રમાદોનો અપેક્ષાભાવ છે, આરાધનાનો નહિ ! કેટલું વિચિત્ર ! તાવ છે, રોગ છે, એટલે ભલે ને ખાવા-પીવાનું અમુક જ ચા-દૂધ જેવું જ હોય, પણ તે સિવાયનાનો આજે ત્યાગ, એનાં પચ્ચક્ખાણ, એ નથી સૂઝતું !

**નવકારવાળીનો દાખલો :-** નવકારવાળી ગણવાની તૈયારી હતી, એમાં કોક આવ્યું, હવે એ અખંડ નહિ ગણાય; કેમકે વિવેક ખાતર પણ એની સાથે વાતચીત કરવા બેસવું પડશે. પરંતુ ત્યાં એમ તો નહિ ને કે 'અત્યારે સળંગ નવકારવાળી નહિ ગણી શકાય માટે એ રહી તે રહી. હવે મનમાં થોડા થોડા નવકાર પણ નહિ ગણવાના.' આવું તો નહિ ને ? આરાધનાનો સાપેક્ષભાવ હોય તો ત્યાં વાતચીતમાં વચમાં વચમાં મનમાં નવકાર ગણી લેવાશે.

કહે છે, 'પણ વાતોમાં એ યાદ આવવું જોઈએ ને ?'

'અરે ! યાદ ન આવે ? વાતો માંડી ત્યારથી મનમાં વસવસો હોય કે 'આ મારી અમૂલ્ય નવકારવાળી રહી જાય છે ! પણ છેવટે થોડા થોડા નવકાર તો ન જ જવા દઉં;' આવો આરાધનાનો સાપેક્ષભાવ બેઠો હોય. સંસારનું કોઈ અગત્યનું કામ હોય અને ત્યાં વાતો કરનાર કોઈ આવી બેઠો તો મનમાં ક્યાં નથી થતું કે 'આ મારા કામને મોડું થાય છે.'

જેનો જેનો સાપેક્ષભાવ હોય, એ કાર્ય અવસરે ઘવાતું દેખાય ત્યાં સહેજે વસવસો થાય, દિલ ડંખે પછી જેટલું તેમાંનું નિપજતું લાગે એટલું નિપજાવી લેવા પ્રાયઃ ખંત રહેજ.

ધર્મસાધનાનો અને ગુણાભ્યાસનો આપણને સાપેક્ષભાવ છે કે કેમ એનું થોડું થોડું પણ નિપજાવવા ન નિપજાવવા ઉપરથી માપ નીકળે છે.

દા.ત. જાણીએ છીએ આપણે કે 'આપણો ક્રોધાદિ સ્વભાવ છે, માટે

ક્ષમાગુણના અભ્યાસની જરૂર છે,' તો એ ચૂકીએ ત્યાં વસવસો થવો જ જોઈએ, અને જેટલી પણ ક્ષમા-ખામોશ બની શકે એટલાનો ઉપયોગ કરવાની ચીવટ રહેવી જોઈએ. એટલે જ ક્રોધના વેગમાં ઓછાશ કરાય, ક્રોધ કરતાં કરી લીધો, પણ પછી એનું વારણ કરવા અને સામાને શાંતિ દાખવવા મધુરા શબ્દ કહેવાય.

આ કરવાની બહુ જરૂર છે. જેમાં ક્યાંય ધર્મસાધના અને ગુણાભ્યાસનો અવસર છતાં એ ગુમાવી સીધું પાણીમાં નહિ બેસવાનું કે 'હવે તો ભાઈ ! ચૂક્યા તે ચૂક્યા હમણાં એ બાજુએ રાખો;' ના બાજુએ નહિ રાખવાનું, જેટલું શક્ય હોય એટલું બચાવી લેવાનું, આદરી લેવાનું,

**સાધર્મિક વાત્સલ્યનો દાખલો :-** સમજો કે સાધર્મિક-વાત્સલ્યના જમણમાં જમવા, કે આંબેલશાળાએ આંબેલ કરવા ગયા અને ત્યાં દેખાય છે કે પીરસીને લાભ લેવાનો સંયોગ છે, તો એમ નહિ કે 'આજે આપણે જવાની ઉતાવળ છે, માટે એ કાંઈ બને નહિ,' ના, એમ નહિ, પંરતુ એમાંય જેટલો બને એટલા પ્રમાણમાં લાભ પીરસવાનો લેવાનો. ત્યાં એ વગર જવાની ઉતાવળે પણ જો આમાં અખાડા કરવાના હોય. તો પરોપકાર વૃત્તિ, ભક્તિનો ગુણ, સાધર્મિકનું પ્રેમવાત્સલ્ય એનો અપેક્ષાભાવ ક્યાં રહ્યો ? દિલ સાપેક્ષ અર્થાત્ એની અપેક્ષા-અભિલાષાવાળું શી રીતે ગણાય ?

સ્વભાવ કૃપણ છે, સાંકડો છે, ઉદારતા ગુણનો અભ્યાસ કરવો છે, પણ એટલી મોટી કે સતત ઉદારતા થાય એવું દેખાતું નથી, તો ય થોડી તો કરવાનો અભ્યાસ કેળવવાનો કે નહિ ?

**ઉદારતા ઘણી જાતની છે,** પૈસાની ઉદારતા, શબ્દની ઉદારતા, સ્વભાવની, ઉદારતા, સમય આપવાની, શરીરે શ્રમ આપવાની, સારી સલાહ દેવાની, ચીજવસ્તુ વાપરવા આપવાની ઉદારતા,...આવી આવી કોઈ પણ ઉદારતાનો મોકો આવે, મોટા રૂપમાં ન દાખવી શકીએ, તો પણ ઓછા રૂપમાં ય દાખવવા તત્પર રહેવાનું કે નહિ ? સતત નહિ સહી, તો અવરનવરે ય દાખવવા હોંશ રાખવાની અને દાખવવાની કે નહિ ? જો ના, તો ઉદારતાગુણનો અભ્યાસ ક્યારે થવાનો ? પછી તો કહો કે એનો સાપેક્ષભાવ જ નથી, એની પડી જ નથી.

ભૂલશો નહિ કે જનમ જનમ ગુણોનો અભ્યાસ કેળવ્યા વિના ગુણ સિદ્ધ થવો મુશ્કેલ છે; કેમકે દોષના અભ્યાસ અનંતાકાળના છે, અને આત્મા પર, એના ઘેરા સંસ્કાર છે, એ એમ જ નહિ ઊખડે. ચિરકાળ ગુણાભ્યાસની મથામણ જોઈએ.

**ગુણો કયા કયા ? :-** જીવનમાં ધર્મની આરાધનાની જેમ ગુણોની પણ આરાધના ખાસ કરવાની છે. જ્યાં જ્યાં જેવો મોકો મળે તે પ્રમાણે ત્યાં ત્યાં, જેવી



રીતે અર્હદ્ભક્તિ નવકાર કે અરિહંતનું સ્મરણ, સ્તોત્ર પાઠ, સામાયિકાદિ, શાસ્ત્રવાંચન, દાન, શીલ, વ્રતનિયમ, તપસ્યા વગેરે જે શક્ય હોય તે કરતા રહીએ, એ પ્રમાણે વિનયઆદિ ગુણનો અભ્યાસ-અમલ કરતા રહીએ.

| | |
|---|---|
| વિનય-નમ્રતા-લઘુભાવ, | સત્ય-નિખાલસતા-ન્યાયીભાવ, |
| આદર-બહુમાન-સેવાભાવ, | સહિષ્ણુતા-વિશાળ મનોવૃત્તિ-ખડતલભાવ, |
| ક્ષમા-સમતા-ઉપશમભાવ, | ઇન્દ્રિયદમન-ગાંભીર્ય-દાક્ષિણ્યભાવ, |
| દયા-આર્દ્રતા-અહિંસકભાવ, | |

વગેરે વગેરે ગુણોનો પણ અભ્યાસ અર્થાત્ એ માટે સાવધાન રહી વારંવાર એ ગુણનો અમલ કરતા જવાનો. આ ગુણની આરાધના કહેવાય.

**ગુણની આરાધના વિના ધર્મની આરાધના લુખ્ખી :-**

જીવનમાં ગુણોની આરાધનાની અતિશય જરૂર છે. ધર્મની-ધર્માનુષ્ઠાનની આરાધના કલ્યાણકારી છે, પરંતુ ગુણોની આરાધના વિના એ લુખ્ખી બને છે.

**દર્શનપૂજામાં ભક્તિગુણ :-** દા.ત. ભગવાનની પૂજા કરવા ગયા, કે દર્શન-નમન અર્થે ગયા, પરંતુ અંતરમાં અરિહંત પ્રત્યે ઉછળતો ભક્તિભાવ નહિ હોય તો એ પૂજન-દર્શન-નમનમાં ભરપૂર રસ નથી આવતો. જાણે કોરી યાંત્રિક ક્રિયા જેવું થઈ જાય છે. ધર્માનુષ્ઠાનનું આરાધન તો હૈયાને ભીનું લચપચ કરનારું થવું જોઈએ. એ કેમ થાય ? તો જ કે સાથે સાથે એને અનુરૂપ ગુણની આરાધના હોય, ગુણનો અભ્યાસ હોય,

**પ્રતિક્રમણમાં પાપસંતાપ ગુણ :-**

પ્રતિક્રમણ કરાય છે, તો ત્યાં પાપ-આચાર-દોષનાં આલોચન-મિચ્છા મિ દુક્કડં વખતે પાપપસ્તાવા-સંતાપનું તીવ્ર સંવેદન કરાય, પાપી સ્વાત્માની ઘૃણા-જુગુપ્સા અનુભવાય. આ પાપપસ્તાવો અને આત્મદુગંછા એ ગુણ છે. પાપનો રસ, **બાહ્ય-ભાવનો** રસ અને જાતના ઘમંડ-અભિમાનના કીચડમાં જે ખદબદતો હોય, એને એ પાપસંતાપ અને સ્વજુગુપ્સાનો ગુણ આવવો કઠિન છે. તપાસજો, ઇરિયાવહિય, વંદિત્તુ, વગેરેના પદે પદે હૈયું રડે છે ? બળે છે ? પાપનો સંતાપ થાય છે ?

સંવત્સરી પર્વને દહાડે મિચ્છા મિ દુક્કડં કરો છો ને ? કેવો કરો છો ? સંતાપ-બળતા હૃદયે ને સ્વજુગુપ્સાની શરમથી ભરેલા દિલથી કરાય છે ને ? ના, રાબેતા મુજબ ! કેમ વારું ? કહો, કારણ આ જ છે કે પાપનો રસ એવો લાગેલો છે કે એમાં હૈયું કકળાવવા જેવું કાંઈ લાગતું જ નથી. સ્વાભિમાન એટલું બધું સજાગ છે કે દુગંછા-ઘૃણા કરવા જેવું કાંઈ દેખાતું જ નથી.

ત્રિલોકનાથ-સર્વદોષરહિત-વીતરાગ ભગવાન અને એમનું મહાશાસન પામ્યા પછી પણ પાપનો રસ અને સ્વાભિમાનને બરાબર સાચવી રાખવાના એમ ને ? ન પાપમાં અરેકારો, કે ન જાતને જરા ય હલકી દેખાવા દેવાની ! કેવું મન ?

વીતરાગ ભગવાનના શાસનરૂપી ઊંચા ગિરિશિખરે આવી ગયા પછી એના એ સંસાર-તળેટીના સંતાપ અને સાંકડી દૃષ્ટિ ઊભા રહે ?

ઊનાળામાં લોકો આબુ-માથેરાન પર હવા ખાવા જાય છે.

નીચે જમીન પર હતા ત્યાં તો (૧) તાપ-તાપ લાગતો હતો અને (૨) દૃષ્ટિ પણ કાંઈ બહુ લાંબે પહોંચતી નહોતી.

પરંતુ પહાડના શિખરે પહોંચ્યા એટલે ? (૧) તાપ શાંત, ઠંડી હવાની લહેજત આવે છે. (૨) દૃષ્ટિ પણ વિશાળ ! નીચે માઈલો સુધી પહોંચે છે !

એમ અહીં પ્રભુજીનાં શાસનમાં આવી ગયા એટલે તો ઊંચા ગિરિશિખરે ચઢી ગયા; પાપભર્યા જગતની ધરતી નીચે રહી ગઈ. આપણે નવી હવા, નવી જગામાં આવી પહોંચ્યા. ત્યાં પછી પાપરસની ગરમી અને સ્વબડાઈની સંકુચિત દૃષ્ટિ રહે ? રખાય ? રાખીએ તો એનો અર્થ એ જ થાય કે હજી ખરેખર શાસન (અર્હદ્વચન) ના ઉચ્ચ પ્રદેશ પર હૃદયથી પહોંચ્યા જ નથી.

જેમ આબુ વગેરે સ્થાન બીજાં કરતાં ઊંચાં, એમ જૈન શાસન સર્વજ્ઞ-વીતરાગનું શાસન એ સંસાર અને બીજા સરાગી અસર્વજ્ઞના શાસન કરતાં ઊંચું ખરું કે નહિ ? એ ઊંચા સ્થાનમાં આવ્યા પછી કાંઈ તાપ અને ટૂંકી દૃષ્ટિ ફેરવવાના કે નહિ ? તીવ્ર રાગાદિની ગરમીમાં બફાયા રહેવાનું અને હું ધર્મી, હું ડાહ્યો, હું જાણકાર, હું બધું બરાબર કરનારો, મારી ભૂલ છે જ નહિ,' આવી ટૂંકી દૃષ્ટિમાં અટવાઈ મરવાનું કેમ ચલાવાય ?

સ્વાભિમાન 'હુંકાર-અહંકારની ટૂંકી દૃષ્ટિમાંથી બહાર નીકળી, એ ધરતી પરથી ઊંચે આવી વિશાળ તત્ત્વદૃષ્ટિએ જોવાનું કરો, મહાપુરુષોની દૃષ્ટિ અપનાવો તો ગુણનો આગ્રહ રહેશે અને ગુણનો અભ્યાસ કરવા તરફ ઊર્મિ જાગ્રત રહેશે.

બેય ચીજ કરવાની છે, પહેલું તો ગુણનો આગ્રહ જોઈશે, અને બીજું ગુણનો અભ્યાસ કર્યે જવાનો.

ગુણનો આગ્રહ એટલે ગુણને જ મહત્ત્વ આપવાનું ગુણ ઘવાઈ, ગુણ ગુમાવી, દુન્યવી ગમે તેટલો લાભ પણ થતો હોય છતાં એ લાભનું મહત્ત્વ ન લાગે. ઊલટું મનને થાય કે આવા લાભ શું કામના ? આ ઊંચાભવમાં અવિનાશી ગુણની કમાઈ કરી લેવાની દુર્લભ તક વેડફાઈ ગઈ, વિનશ્વર બહારની વસ્તુની કમાઈમાં જીવ અટવાઈ ગયો, લોભમાં લપટાઈ ગયો, એ તો જડ વસ્તુની પાછળ જડ જેવાં



થવાનું કર્યું ! જડના લાભ પાછળ ઘૂમતી સમસ્ત પશુ સૃષ્ટિ, કીટ સૃષ્ટિના જીવનનું કાર્ય થયું ! માનવ જીવનનું કાર્ય ક્યારે કરવાનું ? શું માનવના ખોળિયે પશુજીવનના જ ખેલ ? તો પછી માનવજીવનનું કાર્ય ગુણનો અભ્યાસ ક્યારે કરવાનો ?' ગુણનો આગ્રહ હોય, ગુણ પર મદાર હોય, ગુણાભ્યાસ એ અનુપમ કર્તવ્ય ગણાતું હોય તો જ આ વિચાર આવવાનો છે;

**હૃદયને ચોંકાવનારી વિચારણા :-** જૂઠ બોલીને પૈસા લઈ આવ્યા. દંભા-અનીતિ-ચોરી કરીને કમાઈ કરી લીધી, એના પર ફાલ્યાફૂલ્યા, ખુશી ખુશીનો પોટલો થઈ ગયા, મનમાં સહેજ પણ એમ ન થયું કે 'હાય ! આ તે કેવું ગોઝારું જીવન, પિશાચી જીવન, કે અનંતભવોમાં રખડાવનાર જૂઠ-ડફાણ અને દંભ અનીતિ કરી કરીને દહાડા પર દહાડા, મહિના અને વર્ષો પર વર્ષે જતા જાય છે !

'લાવેલું માટીનું ધન તો એક દિ' જવાનું છે; અને પાસે છે ત્યાં સુધી પણ પાપનાં કાળા કામમાં અને ઇન્દ્રિયોના ઝેર જેવા વિષયો તથા જીવ હિંસામય આરંભ સમારંભોમાં ઉપયોગી થાય છે; આનો અર્થ શો ?

'ધન જશે પણ આત્મા પરલોક માટે એ પાપનાં પોટલાં સાથે ઊભો રહેવાનો છે. એ કાંઈ મટી જવાનો કે નાશ પામવાનો નથી. આવા જીવનની બાજી ફેરવવાની તક ચાલી જાય છે, પછી પરલોકમાં કઈ દશા ?'

ગુણનો આગ્રહ હોય તો આ ચોંકામણ થાય, હૈયે પારાવાર ખેદ થાય, ક્યાં જંગલમાં જઈને બેસી જાઉં કે આવાં પાપ તો ન કરવા પડે ? એમ જીવ ઊંચો થઈ જાય, ભલે સૂકો રોટલો ખાઈ ચલાવવું પડે; એની તૈયારી હોય, પણ સત્ય-નીતિ-નિર્દંભ પ્રામાણિક્તા વગેરે ગુણોને ધક્કે ચડાવવા જરાય હોંશ ન હોય.

સ્વાભિમાનની સાંકડી ટૂંકી દૃષ્ટિના વર્તુલમાં અટવાયા રહેવાથી ગુણાભ્યાસને બદલે ગુણઘાતનું જીવન જીવાઈ રહ્યું છે; અને પાછું એમાં અરેકારો ય થતો નથી ! આ સંસાર તળેટીનું જીવન છે, શાસનના ગિરિશિખર પરનું નહિ.

**અહંકાર કેમ પોષાય છે ? :-** પૈસા કેમ બહુ કમાવવા છે ? 'હું શ્રીમંત ગણાઉં, હોંશિયારમાં ખપું, હું કુટુંબને સારી સગવડ સાહ્યબીમાં રાખનારો બનું, પાસે પૈસા હોય તો કોઈના બાપની પરવા નહિ !...' આવી જ કોઈ ગણતરી ને ? એમાં 'હું'કાર કેવો ભળ્યો છે ?

'હું સારો દેખાઉં, હું ડાહ્યો ગણાઉં, મને બીજા સન્માને, વહાલા કરે,...' બસ અહંકારનું વર્તુલ જામી પડ્યું છે ! એમાં અટવાયા દૃષ્ટિ લાંબે જતી નથી. ટૂંકી દૃષ્ટિના ઘેરાવામાં ગુણનું કેટલું મહત્ત્વ છે, ગુણના મહાપુરુષો ગુણના આગ્રહનું કેવું જીવન જીવી ગયા, વગેરે કશું જ લક્ષમાં આવતું નથી, લક્ષમાં લેવું નથી, એની

કોઈ વાત કરવી સૂઝતી નથી !

**વડાઈમાં મહા પાપારંભની અનુમોદના :-** જુઓને સ્વાભિમાન, જાતની વડાઈ દેખાડવાનું કેટલું બધું ઊંડું પેસી ગયું છે ! ચાર જણમાં વાતો કરવા બેઠા, ત્યાં 'હું કેમ સામાને સારો લાગું એ લાલસામાં બીજાની નિંદા ચાલે છે; મોટા પાપારંભોની અનુમોદના ચાલે છે, 'ફલાણાએ મિલ સારી વધારી, હવે ડિવિડન્ડ મોટા આપે છે !' અલ્યા પણ તારે શું કામ છે ? ડિવિડન્ડ તારે આવવાનું છે ? ના, તો પછી મિલ સારી વધાર્યાના મહા પાપારંભની ખુશી અને પ્રશંસાની તારે શી જરૂર છે ?

ખબર છે ખરી કે મિલ વધારી એમાં કેટલો જંગી આરંભ-સમારંભ વધ્યો ? એમાં પંચેન્દ્રિય પશુઓની ચરબીય સારી રીતે વપરાય છે, તો ઠેઠ પંચેન્દ્રિય જીવઘાત પણ કેવોક વધ્યો ? આમાં તું ખુશી ? તારી નજર સામે જ જો એ જીવોને કાપી કાપીને એની ચરબી છૂટી પાડતા હોય અને એ પછી મિલમાં કામે લગાડતા હોય તો તું ખુશી થાય ખરો કે વાહ ! મિલનું કામ સારું વધાર્યું ? ના, નજર સામે જો દેખાય તો આવું બનતું ન ખમાય; જીવ કંપી ઊઠે ! તો પછી પરોક્ષમાં ચાલતાં એવાં કાર્યની અનુમોદના શી કરવી ? પણ જાતે સારા વાતડાહ્યા ગણાવાના અહંભાવમાં બેભાન બનાય છે.

આજે ભલભલા ધર્મી ગણાતા જીવ પણ ભૂલા પડી જાય છે. કોઈનાં કારખાનાં વગેરેના ઉદ્યોગની, કોઈના બંગલાની, કોઈની મોટરની, કોઈના વાડી-બગીચાની એવી પ્રશંસા કરવા બેસી જાય છે કે જાણે એ વખતે કેમ તે બેભાન જ ન થઈ ગયા હોય ? એવી પ્રશંસા પાછળ કેટલા બધા પાપારંભો, પાપકાર્યો અને પાપબુદ્ધિની ખતરનાક અનુમોદના થઈ જાય છે એનું કશું ભાન જ ન મળે !

**વાતોમાં પાપના પહાડનો લાભ :-**

ભૂલતા નહિ, **'કરણ-કરાવણ ને અનુમોદન સરિખાં ફળ નિપજાયો,'** કોઈની એ મિલ, એ કારખાનાં, એ બંગલા-બગીચા મોટર, એમાંનું કશું કામ તો નહિ લાગે, પણ એની અનુમોદનાથી કદાચ સાક્ષાત્ કર્યા જેવડાં પાપના પહાડ મળશે !

**ગુણનો આગ્રહ ક્યાં ? :-** આ કરાવનાર હું પદ, અહંભાવ, સ્વબડાઈ છે. એ માટે વાત ડાહ્યા બની મહાપાપોની અનુમોદના ગાવી છે. પછી ત્યાં દયાનો ગુણ ઘવાય છે, નિરવદ્ય-નિષ્પાપ વાતનો ગુણ ગુમાવાય છે, એ જોવું નથી, એની અફસોસી પણ નથી. ગુણનો આગ્રહ હોય તો ગુણ ગુમાવ્યાની અફસોસી થાય ને ? અને આગ્રહ જ નહિ પછી એનો અભ્યાસ કરવાની વાત જ ક્યાં ? જૈન ધર્મ સમજ્યા છો ? એ ગુણનો આગ્રહ રાખવાનું કહે છે ? કે પાપનો આગ્રહ-



પક્ષપાત ખુસમિશાલ રાખવાનું કહે છે ? દૃષ્ટિ વિશાળ કરી મહાપુરુષો શું કરી ગયા, કેવું જીવન જીવી ગયા, એ જુઓ-વિચારો તો ગુણનો આગ્રહ જાગશે.

**વસ્તુપાળ-તેજપાળ** નોકરી શોધવા નીકળ્યા રાજા વીરધવળ પાસે આવ્યા, રાજા મંત્રીપણું આપવાની Offer માગણી મૂકે છે. છે ને ખરો યોગ ? આજે દેખાય છે મંત્રીપણું-અલમદારગીરી લેવાની પડાપડીને કેઈ કાળાધોળા અને પ્રપંચ થાય છે ! એ બીજાને મળે અને પોતાને ન મળે તો કેટલા ધૂંઆપૂંઆ અને ષડ્યંત્ર રચાય છે ! કેમ વારું એમ ? સ્વાભિમાન-સ્વવડાઈની ટૂંકી દૃષ્ટિમાં અટવામણ છે માટે. વસ્તુપાળ-તેજપાળ જિનશાસનના ગિરિશિખરે ઊભા છે, એટલે દૃષ્ટિ એમની વિશાળ બનેલી છે. સ્વવડાઈની કિંમત કરતાં શાસન-સેવકપણાની વડાઈને મહાકિંમતી સમજે છે. એટલે રાજાને કહે છે,

'જુઓ નામદાર ! મંત્રી બનીને આપની સેવા કરીએ, પરંતુ પહેલાં અમારા દેવ-ગુરુ-ધર્મની સેવા, પછી આપની. એને બાધ ન પહોંચે એજ રીતે આપની સેવા બજાવીએ; બાધ પહોંચે એવી સેવા અમારાથી નહિ થઈ શકે !

છે ને સાફ વાત ? દેવ-ગુરુ-ધર્મની સેવા ચૂકાતી હોય એવી મોટી મંત્રીગીરીની ય બેપરવાઈ છે ને ? કુટુંબને સારી રીતે પાળવું-પોષવું નથી ? એનું સારું વડેરા-પણું ભોગવવાની હોંશ નથી ? કુટુંબ પાળવું જ તો છે, પણ ખોટું વડેરાપણાનું અભિમાન નથી.

**દેવ-ગુરુ-ધર્મને ભૂલીને જાતવડાઈ મળી કે મેળવી એની ફૂટી કોડીની કિંમત છે. પશુય એની જમાતમાં એવા વડેરા હોય છે, પણ તેથી શું ?**

એ વિશ્વાવલોકનમાં જિનશાસને બતાવેલા ત્રિકાલવ્યાપી સત્યો અને વિશ્વના ભાવોનો ખ્યાલ આવે. એમાં જાતનું ય ભાન હોય પણ માત્ર કૂપમંડૂક-કૂવાના દેડકાની જેમ અતિ ટૂંકા વર્તમાન જીવન પૂરતું નહિ, કિન્તુ પૂર્વાપર ભવોના લક્ષવાળું હોય. ત્યાં દેખાય કે પૂર્વભવ જોતાં દેવ-ગુરુ-ધર્મે તો આ ઉચ્ચ માનવભવ અને અનેક વાતની પુણ્યાઈ આપી છે, અને આગામી ભવો જોતાં પણ એજ દેવ-ગુરુ-ધર્મ ઉદ્ધારનાર છે, ઊંચે લઈ જનાર છે; તો એમની સેવા ભૂલીને જાતવડાઈના અંધાપામાં કેમજ રખડતા રહેવાય ?

**જાતવડાઈ એ તો મોટો અંધાપો છે,** તત્ત્વ અને સ્વાત્મહિત કશું દેખવા જ દે નહિ. વસ્તુસ્વરૂપનો ખ્યાલ જાગતો રાખવો હોય તો આ જાતવડાઈ-આત્મોત્કર્ષ 'હું સારો, હું વડો, હું બહાદુર, હું શાણો'ની ધૂનનો અંધાપો દૂર હટાવવો જોઈએ. જિનશાસનના ગિરિશિખરે આવ્યા પછી એ શક્ય છે. એમાં એ દૂર નહિ હટાવાય તો ભવ પલટાતાં શિખરેથી નીચે ઊતરી ગયા પછી એ અંધાપો, એ ટૂંકી દૃષ્ટિ,

લમણે લખાયેલી રહેશે.

વસ્તુપાલ-તેજપાલ વિશાળ દૃષ્ટિ ધરાવનાર છે, તેથી માત્ર કુટુંબ પર વડાઈ કે બહાર વડાઈના વર્તુલમાં અટવાયા રહેતા નથી. માટે રાજાને કહી દીધું કે મંત્રીપણું સ્વીકારીએ ખરા, પરંતુ અમારા દેવાધિદેવ-ગુરુ અને ધર્મની સેવા સલામત રાખીને જ આપની સેવા બજાવવાની શરતે !

રાજા વીરધવળ વિચાર કરી જાય છે. વિવેક છે, એટલે જુએ છે કે 'વાહ ! કેવી શરત ! પરંતુ જે પોતાના તારક દેવ-ગુરુ-ધર્મની સેવા માટે આટલા બધા તત્પર છે, માટે જ એમનો દ્રોહ નહિ કરવાના નિર્ધારવાળા છે, એ મારો કે કોઈનો ય દ્રોહ શાના કરે ? માટે એમને અવશ્ય એમની શરતે રાખી લેવાના.' શું વિચાર્યું ?

દેવ-ગુરુ-ધર્મને જે ન ઠગે, એ બીજાને ન ઠગે. દેવ-ગુરુ-ધર્મને જે છેહ ન દે એ બીજાને છેહ ન દે.

**શાથી આવો નિયમ ?** એટલા જ માટે, કે દેવ-ગુરુ-ધર્મ મહાપવિત્ર છે; મહાપવિત્રનું આલંબન પવિત્ર હૃદયથી હોય; અને મહાપવિત્ર હૃદય કોઈનો પણ દ્રોહ ન કરે. ધ્યાન રાખજો, તુચ્છ લક્ષ્મી-માનસન્માનાદિની આકાંક્ષાએ દેવ-ગુરુને ભજનારો એ તો ખરેખર એ લક્ષ્મી-માનસન્માનાદિનું જ આલંબન કરનારો છે, પવિત્ર દેવ-ગુરુનું નિઃસ્વાર્થભાવે આલંબન કરે તોજ પવિત્રનું આલંબન કર્યું ગણાય, અને ત્યાં દિલ પવિત્ર બને, પવિત્ર રહે, એ સહજ છે.

**લક્ષ્મીને તિજોરીમાં કેદ પૂરી હોત તો ? :-** વસ્તુપાલ-તેજપાલની દૃષ્ટિ જિનશાસનના ગિરિશિખરે આવવાને લીધે વિશાળ બનેલી હતી, તેથી મોટા રાજ્યનું મંત્રીપણું મળવા છતાં દેવ-ગુરુ-ધર્મની સેવા, જિનશાસનની સેવા કરવામાં અથાગ પ્રયત્ન કર્યા ! પણ એ ભૂલાવે એવી મંત્રીપણાની ખટપટમાં ડૂબી ન ગયા. લક્ષ્મી ઘણી મળી હતી અને મળતી હતી, તો એને સંઘરી રાખીએ અને મોટા અબજપતિ બનીએ એવી જાતવડાઈની ટૂંકી દૃષ્ટિમાં અટવાઈ ન પડ્યા, ક્રોડો રૂપિયાના ખર્ચે સંઘ સાથે તીર્થયાત્રાઓ જિનમંદિરો, જ્ઞાનભંડારો વગેરે કર્યે જ ગયા, કર્યે જ ગયા. તો જ આજે યાદ થાય છે ને ? એ કર્યું તોજ સેંકડો વરસથી ભવ્ય જીવો એ સુકૃતોની અનુમોદના કરી કરી મહાન પુણ્ય ઉપાર્જે છે ને ? એ મંદિર અને જ્ઞાનભંડારો દ્વારા ભવ્યાત્માઓ અપૂર્વ આત્મહિત સાધતા આવ્યા છે ને ?

લક્ષ્મીને બિચારીને તિજોરીમાં કેદ પૂરી હોત કે ભોગવિલાસમાં જ ઉડાવી હોત તો આમાનું કશું થાત ? સેંકડો વરસથી પુણ્યલાભનો અવિરત સ્રોત વહેતો રહેત ખરો ?

જિનશાસનમાં ઉત્તુંગ ગિરિશિખરે આવી ગયા પછી ટૂંકી દૃષ્ટિ શાની



હોય ? શું જોઈને કૃપણતા કે રંગરાગમાં ડૂબવાનું સૂઝતું હશે ? શા સારુ જ્યાં ને ત્યાં જાતવડાઈ આગળ કરાતી હશે ?

**ગુણનો અભ્યાસ કેમ ભૂલાય ? :-** 'કોઈના સુકૃતમાં આપણે સુકૃત અર્થે આપણું દ્રવ્ય ભેળવી દઈએ તો કોઈ જાણે નહિ, એમાં શો લાભ ?' આ ટૂંકી દૃષ્ટિની ગણતરી છે. ખરી રીતે તો આવા ગુપ્ત સુકૃત ખૂબ કરવા જોઈએ, જેથી આપણું પિશાચી અહંત્વ મરતું આવે. નિરાભિમાનતા ગુણ વિકસતો આવે. ગુણનો અભ્યાસ ક્યાં કરવાનો ? આવા આવા પ્રસંગે શક્ય કરતા રહીએ તો ગુણ વિકસતો આવે. ગુણાભ્યાસનો આ અનુપમ અવસર મળ્યો છે. ગુણની વારંવાર આરાધના કરી લેવાની સોનેરી તક મળી છે. એની આરાધનાનો સાપેક્ષભાવ સદા જાગતો રહેવો જોઈએ. હજીય ધર્મની આરાધના કરવા તરફ લક્ષ જાય છે, પરંતુ ગુણની આરાધના કરવાનું, ગુણોનો વારંવાર અભ્યાસ પાડવાનું મનમાં ઓછું આવે છે.

તપસ્યા થયે જશે, પણ 'મારે અનાહારિપણાનો આહાર-નિરપેક્ષપણાનો ગુણ કેળવવાનો છે, એ લક્ષ ઓછું રહે છે. એથી પછી જ્યારે જ્યારે તપ થાય ત્યારે ત્યારે મનમાં આ ખુશી ક્યાં છે કે 'ચાલો આજે આહારની લપ સર્વથા અગર એક ટંક છૂટી એ ઠીક થયું. ઊલટું મનને એમ હોય છે કે 'આજે ખાવાનું કપાયું છે, પણ કાલે પારણામાં ખોટ પૂરી કરી દઈશું' અગર 'ગઈ કાલે અંતરપારણામાં જરા ઠીક ઠીક ઠીક ખાધું છે તેથી આજે વાંધો નથી આવ્યો.' આમાં જોર શાના ઉપર છે ? ખાવાનું સલામત એના ઉપર જ ને ? પછી આહારની નિરપેક્ષતાનો ગુણ ક્યાં કેળવાય ?

**વસ્તુને જોવાનાં દૃષ્ટિ-બિંદુ બે રીતના હોય છે.** (૧) એક ગમતી વાત તરીકેનું દૃષ્ટિબિંદુ દા.ત. જો આહારસંજ્ઞા જોર કરે છે, ખાવા તરીકેનું ખાવાનું ગમે છે, તો એ રીતે વિચારવાનું બનશે, અને જો નથી ગમતું તો એ રીતે જોવાનું થશે. શરીર બીમાર છે, અને પર્વતિથિ આવી ડોક્ટર કહે છે, 'તપ નહિ થાય, થોડું થોડું પ્રવાહી લેવું પડશે.' હવે જો ખાવાની વાત ગમતી હશે તો વિચાર એવો આવશે કે 'આ જ તિથિ તો છે, પણ શરીર ક્યાં સારું છે ? અને ધરમ કાંઈ મરીને થાય છે ? બધી સરખાઈ હોય તો થાય. શાસ્ત્ર પણ યથાશક્તિ જ ધર્મ કરવાનું કહે છે...એટલે આજે તપ ન થાય તો વાંધો નહિ. જુઓ દૃષ્ટિ ક્યાં જઈ રહી છે ? ખાવાનું અણગમતું નથી, એટલે હિસાબ એ રીતના મંડાઈ રહ્યા છે. આ તળેટીએ ઊભેલાની ટૂંકી દૃષ્ટિ છે.

(૨) ત્યારે જો જિનશાસનના ગિરિશિખરે ઊભા હો, આહાર સંજ્ઞા અણગમતી હોય, દૃષ્ટિબિંદુ સંજ્ઞાને કચડવાનું હોય, તો વિચાર એ રીતના આવવાના કે 'અરે ! આ બીમારી ક્યાં આવી ? આજે ખરેખરો પર્વતિથિનો દિવસ આવ્યો,

સહેજે આજે ખાવાની લપમાંથી છૂટત ! પણ ડાક્ટર વળી કહે છે થોડું થોડું લેવું પડશે. છતાં એ તો કહે, 'એમનું સાયન્સ જુદું છે. પણ મારે તો આત્માનું સાયન્સ છે તે નહિ ભૂલવાનું. જ્ઞાનીઓ બતાવેલી પર્વતિથિની યોજનાના નિમિત્તે આહારસંજ્ઞાનો નિગ્રહ કરવાનો અને ખાવાની લપ થોડી પણ ભૂલવાનો અવસર મળે છે. તો આજે કમમાં કમ ચાલુ દિવસ કરતાં કંઈક ફેર તો રાખવાનો જ; જેથી આ ખાવાની બલા કંઈક પણ ઓછી થાય. ટંક ઘડાડું, માપ ઘટાડું, વસ્તુઓ જે લેવાની, એમાંથી એક બે જતી કરું.'

ખાવું એ લપ લાગે છે, તો વિચારણા એ દૃષ્ટિબિંદુથી થવાની; અને ખાવું એ લપ-બપ કાંઈ નહિ, પસંદ છે, તો મન એ દિશામાં કામ કરવાનું. પર્વતિથિ આવી પણ બીમારી છે તેથી મન ખુશી ! 'ચાલો આજે છૂટા રહેવાનુંઃ તપ નહિ. આજ તો શરીરનું કારણ છે.' આમ મન, આહારસંજ્ઞાના ઉધમાતમાં નિરાંત અનુભવે છે. ગિરિશિખર પરની દૃષ્ટિ નથી, તળેટીની દૃષ્ટિ છે.

**જીવની ચોંટ ક્યાં છે એ તપાસો :-** હજી તો આહારની સંજ્ઞા છૂટવા કે છોડવાની તો વાર છે, આ તો હજી જીવની ચોંટ નક્કી કરવાની છે કે તપના બદલે આહારને મહત્ત્વ આપવાનો જીવનો જે દોષ છે, એ કેમ ટળે. લક્ષ એ બાજુનું બંધાય કે કેમ આહારથી નિરપેક્ષ બનતો જાઉં ખાધા વિના ચાલે એવું નથી એ વાત સાચી, પણ જીવન અટકી ન પડે, ટકી રહે એટલી જ એની જરૂર. તો એમાં રોજના જીવનમાં એક કે બે જ ટંક રાખ્યા હોય તો કાંઈ જીવન અટકી પડતું નથી; તેમ પર્વતિથિએ ખાવું સદંતર બંધ અગર તો ઓછું કર્યું હોય, તો કાંઈ બગડી જતું નથી. ઊલટું પર્વના નિમિત્તે જ સહેજે ઓછું કરવાની તક-પ્રેરણા મળે છે. એની ખુશી જોઈએ. એટલે મનમાં એમ નહિ લાવવાનું કે 'હાય ! આજે ખાવાનું નથી !' પણ એ આનંદ માનવાનો કે 'વાહ આજનો ધન્ય દિવસ કે આજે ખાવાની બલા છૂટશે !'

જિનશાસનરૂપ ગિરિશિખર આ દૃષ્ટિ આપે છે કે આહારની, વિષયોની, પરિગ્રહની, એમ ક્રોધાદિ કષાયોની અને નિદ્રા-સુખશીલતાની સંજ્ઞા એ પાપ છે, બલા છે ! એનાથી છૂટતા અવાય, છૂટવાનું મળે ! છૂટાય એ આત્માના મહાન લાભમાં છે; એમ મનમાં નક્કી કરવાનું. સંજ્ઞાઓની વસ્તુ પ્રત્યેનાં આકર્ષણ, એનું મૂલ્યાંકન અને એમાં સલામતીની દૃષ્ટિ ઓછી કરવાની.

**સલામતી સમજો છો ને ?** આહાર-વિષયો-પરિગ્રહ-નિદ્રા, એમ ક્રોધ-માન-માયા-લોભ, રાગ-દ્વેષ, હરખ-ઉદ્વેગ, એ બધામાં જીવન સલામત લાગે, આત્મા ખતરામાં છે એવું કાંઈ જ ન લાગે, પરલોક બગડી રહ્યાનો કોઈ ખ્યાલ જ ન આવે, એ સલામતીની દૃષ્ટિ, આ એક મોટો દુર્ગુણ છે.



એથી ઊલટું એમાં ભારે ભય લાગે કે 'મારું શું થશે ! આ લોથ ઓછી નહિ કરું તો એ ઊંચકી જઈ પરલોકમાં હું ક્યાં ઊભો રહીશ ?' એમાં જીવન બિનસલામતી, ખતરો જ ખતરો લાગ્યા કરે, એ મહાન ગુણ છે. ગુણનો અભ્યાસ વધારવાનું આ જીવન છે. તો એ અભ્યાસ કર્યા વિનાનો એક દહાડો તો શું, પણ એક પ્રસંગ પણ ખાલી કેમ જાય ?

ધર્મની આરાધના ગમે છે એવી ગુણની આરાધના, ગુણાભ્યાસની આરાધના ગમે છે ખરી ? આના પ્રત્યે મનનું જાગતું લક્ષ જોઈએ સવાર પડે એટલે મંદિરે દર્શન કરવાનું નથી ચૂકતા, એમ વૈરાગ્ય-ક્ષમા-નમ્રતા-સરળતા-નિસ્પૃહતા, આહારાદિની નિરપેક્ષતા-બેપરવાઈ, વગેરે ગુણોનો અભ્યાસ પાડવાનું લક્ષ પણ ન ચૂકાય. એકલું લક્ષ ધર્મ કરી લેવાનું એટલું જ નહિ, પણ એથી વધુ લક્ષ ગુણના અભ્યાસ પાડતા જવાનું રહે. એ ગુણની આરાધનાનો સાપેક્ષભાવ કહેવાય. અમલમાં હજી કદાચ પાછા પડાય એવું બને, પણ ત્યાંય જાગૃતિ તો હોવી જ જોઈએ કે આ ગુણનો અભ્યાસ કરવાની તક ગુમાવી.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૨,અંક-૩૫,તા.૨૩-૫-૧૯૬૪**

**જાગતા રહો તો જ ધર્મી :-**

સવાલ જાગૃતિનો છે. જીવો પ્રત્યે સાપેક્ષભાવ, પરલોક પ્રત્યે, જિનવચન પ્રત્યે, આરાધના પ્રત્યે સાપેક્ષભાવ, વગેરે જે આ સાપેક્ષભાવો વિચારી રહ્યા છીએ; એ જાગૃતિરૂપ જ છે. ધર્મ જાગતાનો છે. ધર્મી બન્યા રહેવું છે ? તો પ્રતિક્ષણ જાગતા રહેવું જ પડશે. 'ઊભો રહે, મારી પ્રવૃત્તિથી બીજાઓ કષ્ટમાં તો નથી મુકાતા ને ? પરલોકમાં શું થાય ? જિનવચન શું કહે છે ? ધર્મની અને ગુણાભ્યાસની આરાધના કઈ મળે છે ?' આની જાગૃતિ-સજાગતા બરાબર રાખવી જોઈશે. જાગ્રત હો તો પાપચોર ન પેસી જાય એની ખબર રહે, તેમજ શું શું આપણું છે, આપણે કરવા જેવું છે, એનો પણ ખ્યાલ રહે આ બધું ય જાગતાને, પણ ઊંઘતાને નહિ. એટલે જ જો હવે સાવધાની હોય તો આ ખ્યાલ આવે કે,

તપમાં તો આ વિચાર પ્રધાન રાખવાનો હતો કે, 'આજે ખાઉંખાઉંની બલા ટળવાનો સુંદર લાભ મળ્યો,' એના બદલે આ હું આહારનો વિચાર કાં સલામત રાખી રહ્યો છું ? કેમ એને મુખ્ય કરું છું ?'

**જાગૃતિ વિના ગુણનો અભ્યાસ નહિ થઈ શકે.** તેમ એ માટે ગુણના અભ્યાસની મોટી ગરજ ઊભી કર્યા સિવાય પણ ગુણાભ્યાસ થવો મુશ્કેલ છે.

**પ્રવૃત્તિ માટે ગરજ અને જાગૃતિ બંને આવશ્યક છે.** દુનિયામાં ય વેપાર એમ જ નથી થતો, બંને કામ કરતા હોય છે. વેપારની ગરજ હોય પણ ઊંઘતા હો તો શું વળે ? જાગતા હો, કિંતુ અમુક વેપારની ગરજ જ ન હોય તો એ શાનો થાય ? માટે જ અહીં ગુણનો અભ્યાસ કરવાની ગરજ અને જાગૃતિ બંને જોઈએ. તો જ ગુણનો અભ્યાસ કરતા રહેવાનું બનશે. એ માટે આ ખાસ યાદ રાખવાનું કે,-

આપણે જિનશાસનરૂપી ગિરિશિખરે ઊભા છીએ, તો (૧) ગિરિશિખર પર તો ઠંડગાર પવનની લહેરીઓ ઊડે ! (૨) ગિરિશિખર પરથી તો દૃષ્ટિ લાંબે લાંબે કેટલેય દૂરની દૂર જાય !

**પવનલહેરી** આ, કે નિર્મળ આત્મગુણોના અભ્યાસની શીતલતા હોય પણ દોષોના ઉકળાટ-બફારા નહિ.

**દૃષ્ટિ લાંબે** એટલે અનંત ભૂતકાળમાં આત્માએ દોષમય દશાથી કેવી કેવી ભયંકર યાતના-વિટંબણાઓ ભોગવી તે મનની સામે આવે; અને ગુણમય દશા કેળવવાથી ભાવી અનંતકાળ કેટલો બધો ભવ્ય ઉજ્જવળ અને સુખમાત્ર-ભર્યો બને, એ મન સામે તરવરે.

આના બદલે લૌકિક ગણતરીરૂપી તળેટીએ ઊભેલાને દૃષ્ટિ ટૂંકી અને ગરમી-બફારો હોય. દૃષ્ટિ માત્ર આ જીવન જેટલી જ પહોંચે તે પણ મૃત્યુ સુધી ય નહિ ! નહિતર તો મોતની ડાગળીફાટ દશા દૃષ્ટિમાં આવતાં મન વિચારમાં પડી જાય ! પણ ના, અતિ ટૂંકી દૃષ્ટિ, તે એટલું જ જુએ કે 'દોષ, દુર્ગુણો અને પાપો કરીને સુખ-શાબાશી કેવી સરસ મળે છે ! સંસાર એટલે પૈસાટકા પરિવાર કાંઈ અસાર નથી કે એ મૂકીને હાલતા થવાય. ગુણબુણ તો ઠીક છે, આ જગતમાં કામના નહિ.' બસ દૃષ્ટિ ય ટૂંકી, અને દોષોનો ઉકળાટ-બફારો પણ એવો.

શાસનરૂપ ગિરિશિખરનું સ્થાન મળ્યા પછી આ હોય ? ના, દૃષ્ટિ લાંબે પહોંચાડી ગુણની ગરજ અને ગુણાભ્યાસનો પુરુષાર્થ જાગતો ધીખતો ચાલે. ગરજ અને પુરુષાર્થ બંને જોઈએ.

**ફરરર ફૂ ! :- મહારાજા કુમારપાળને** વૈરાગ્યદૃષ્ટિના ગુણની ગરજ હતી તો જુઓ કે એ, કુબેર શેઠ પરદેશમાં મર્યાના ખબર આવ્યા પછી, મહાજન સાથે એના ઘેર જાય છે, ત્યાં બીજાઓ તો કુબેરની હવેલીઓ, હાથીઓની મોટી કતાર, વગેરે જોઈ જોઈને ગાંડાઘેલા થઈ જાય છે. ત્યારે એ વખતે ય કુમારપાળ જિનશાસનરૂપી ગિરિશિખરે ઊભા છે, તેથી એમનું હૃદય જુદું જ કામ કરતું હોય છે, એટલે તો એ કહે છે, 'આ હવેલીઓની ધજાઓ ફરરર ફરરર થઈ રહી છે તે કહે છે કે અમે હવેલીઓ એક દિ' તને ફરરર ફૂ થતો જોશું ! તારા જ સ્નેહીઓ તને અહીંથી



કાઢી મૂકશે, એક દિવસ પણ સંઘરી નહિ રાખે. તો અમે પણ શાશ્વત નથી, અમેય એક દિવસ ફરરર ફૂ થવાની.' આવી હવેલીઓ પર ખુશી શું થવું ?

વળી આગળ બીજાઓ બિચારા તળેટીએ ઊભા છે તેથી હાથીઓની સમૃદ્ધિ પર તાજુબ થાય છે ! ત્યારે ગિરિશિખરે ઊભેલા કુમારપાળ કહે છે, 'અરે પણ આ તો જુઓ કે આ હાથીઓના કાન વારંવાર હાલીને નિષેધ સૂચવી રહ્યા છે કે આ બધો સંયોગ ટકવાનો નથી.'

આવું કાંક જોવા મળ્યું તો એ વૈરાગ્ય દૃષ્ટિનો ગુણ કેળવવા માટે અવસર મળ્યો. ત્યાં એ ગુણાભ્યાસની ગરજ અને જાગૃતિ હોય તો તક જતી કેમ કરાય ? ખરી તક, એવું અવનવું લાગતું કે હૈયાને ખેંચી-આવર્જી લેનારું જોવા સાંભળવા કે વિચારવામાં આવે, ત્યારે મળી ગણાય. ત્યાં ય જો તળેટીએ ઊભેલા લોકવણની જેમ આપણે પણ જિનશાસનની ગિરિશિખરેથી નીચે ઊતરી નાચવા-રાચવા મંડી પડીએ, તો પછી વૈરાગ્યદૃષ્ટિનો ગુણ કેળવવાનો ધંધો ક્યાં અને ક્યારે કરવાનો ?

**આ દુનિયાની સંપત્તિ-સમૃદ્ધિઓ વિચારમાં આવે ત્યાં એના પ્રત્યે તુચ્છકાર-તિરસ્કાર ઊઠવો જોઈએ** 'આ કુછ નહિ, આ તો જીવને મોહઘેલો બનાવી દુર્ગતિની કેદમાં ખોસી ઘાલનારી છે.' એમ એ તુચ્છ લાગીને એના પર તિરસ્કાર છૂટે.

કુમારપાળ મહારાજાને એના તુચ્છકાર-તિરસ્કારનો વારંવાર અભ્યાસ હતો માટે તો એ જ મરેલા કહેવાતા કૂબેરનું કરોડોનું ધન અપુત્રિયાની મૂડી તરીકે લઈ લેવાનું વ્યાજબી ન ધાર્યું. એ જ મોકા પર મહાજન કહેતું હતું, 'મહારાજ આનો કબજો કરી લો,' ત્યારે એમણે તો કહી દીધું કે 'આ જિંદગીમાં મારે કોઈ અપુત્રિયાનું ધન ન ખપે !' મોકા પર આવું કાંક કરાય તો વૈરાગ્યદૃષ્ટિનો અને દયાનો ગુણ કેળવાય ને ? કે જુગતું અજુગતું જ્યારે જ્યારે મળે ત્યારે ત્યારે હડપ કરી લેવાની જ વાત હોય તો ગુણ કેળવાય ?

સમજી રાખો, **મોહના પ્રલોભનનાં સ્થાન એ વિવેકીને ગુણના અભ્યાસ કરવા માટેના ખુલ્લા બજાર છે.** ત્યાં એ કમાવાનું ચૂક્યા તો રહી ગયા, એવા અવસરે તો ખાસ જાગૃતિ રાખીને ગુણનો અભ્યાસ કરાય. સામો ગુસ્સો કરતો કે પ્રતિકૂળ વર્તતો આવ્યો, એ ક્રોધ મોહ-મોહનીયને જાગવાનું પ્રલોભન ગણાય. બસ એ વખતે ચીવટ-ચોકસાઈ રાખીને ક્ષમા અને શાંતિ-સમાધિ-સ્વસ્થતાનો ગુણ કેળવવા માટે સજાગ રહેવાનું.

'આ જીવનમાં મારે ગુણનો અભ્યાસ ખૂબ કરવો છે,' એ અપેક્ષાભાવ હોય, ઝંખના-તમન્ના હોય, પછી તો એના પ્રસંગ પકડતાં વાર ન લાગે, વેપારી કે દલાલ પોતાના ઘરાકને પકડતાં વાર લગાડે છે ? હજી એ તો ઘરાક પકડ્યા પછી કદાચ

સોદો કરવા ન ય પામે, ત્યારે અહીં તો પ્રસંગ પકડ્યા પછી ગુણના અભ્યાસનો સોદો નક્કી છે. માત્ર ગરજ અને આવડત જોઈએ. ગુણ ક્યાં એક જ છે ? અનેક છે. એમાંથી કોઈ ને કોઈ ગુણનો અભ્યાસ પ્રસંગ પ્રસંગમાં કરી શકાય છે.

**દુનિયાના જીવો માટે ચિત્તની સ્વસ્થતા રાખવા પ્રસંગો સીધા ય હોય અને ઊંધા ય હોય; પરંતુ જિનશાસનના ગિરિશિખરે ઊભેલા માટે તો બધા ય પ્રસંગ સીધા !** બધાયમાં ચિત્ત સ્વસ્થ રાખી એક યા બીજા ગુણની કમાઈ કરી શકે. ભરત મહારાજા જેવા ચક્રવર્તીઓ છ ખંડની ઠકરાઈ ભોગવવાના પ્રસંગમાંથી વૈરાગ્યના મહાગુણનો અભ્યાસ કર્યે જતા હતા ! તો પરિણામ ઠેઠ ક્યાં સુધી લાવી મૂક્યું ? અરીસાભવનમાં વીતરાગ-કેવળજ્ઞાની મહર્ષિ બનવા સુધી ! ત્યારે પુણિયા શ્રાવક જેવાએ અતિ અલ્પ, કહો નહિવત્ મૂડી અને કમાઈમાં ય વૈરાગ્ય ગુણનો અભ્યાસ કર્યે રાખ્યો. તો જ એમનું સામાયિક જ્વલંત સમતા ગુણવાળું થતું, અને પ્રભુ વર્ધમાન મહાવીર પરમાત્મા જેવાના શ્રીમુખે પ્રશંસાપાત્ર બન્યું !

**ગુણો કયા ? ગુણાભ્યાસ કેમ કરવો ? :-**

વૈરાગ્ય, કૃતજ્ઞતા, પરોપકારવૃત્તિ, ભલાઈની વૃત્તિ, ક્ષમા, નમ્રતા, સરળ નિખાલસ ભાવ, નિસ્પૃહતા. પૂજ્યોનો વિનય, બહુમાન, અનન્ય જિનવચન શ્રદ્ધા, શાસનપ્રીતિ, ગુરુભક્તિ, સાધર્મિક વાત્સલ્ય, તપોવૃત્તિ, દયા, સત્ય, ગંભીરતા, વગેરે વગેરે અપરંપાર ગુણો છે. પ્રસંગ પ્રસંગ પર અનાદિના ખોટા અભ્યાસથી દોષ-દુર્ગુણ સેવવાનું બનવા જાય, પણ ત્યાં ઝટ એને રોકી એની જગાએ એને પ્રતિપક્ષી ગુણ ઊભો કરી દેવો. મન-ચોકિયાત જાગતો જ રહે, જોયા કરે, દુર્ગુણ ચોર ઊઠ્યો ? ભગાડો એને, ગુણરૂપી શાહુકારને ઊભો કરો.' આખા ય **પંચસૂત્રમાં** જે ભવ્ય મોક્ષમાર્ગ આલેખ્યો છે, એમાં **ઠામ ઠામ ગુણસાધના મુખ્ય કરી છે.** ઠેઠ પ્રારંભથી જ ગુણો પર મદાર છે, માટે તો પહેલું સૂત્ર ગુણ રોકનાર પાપનો પ્રતિઘાત અને ગુણબીજાધાનનું છે.

**આપણા જીવનનું નિરીક્ષણ :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ પંચસૂત્ર જેવા મહાન શાસ્ત્રની રચના કરે છે એની એવી વિશેષતા છે કે એમાં કહેલા પદાર્થો મોક્ષરસિક આત્માને જ ગળે ઊતરે, માન્ય થઈ શકે, કારણ કે એમાં ગંભીર ગુણમય પદાર્થનું વર્ણન છે. ભવાભિનંદી જીવમાં એ પચાવવાનું સામર્થ્ય નથી. એ જીવની દૃષ્ટિ સંસાર અને દોષો તરફની છે, ત્યારે પંચસૂત્રમાં એથી વિરુદ્ધ માત્ર મોક્ષની અને ગુણભર્યા મોક્ષ માર્ગની વાત છે. ઉત્તર તરફ જ જોનાર દક્ષિણ તરફની વસ્તુને શું લક્ષમાં લે ? કહો તો ય એના મગજમાં શી રીતે બેસે ? દક્ષિણમાં આવો મોટો દરિઓ છે, સુંદર



છે, એમાં મુસાફરી સારી થઈ શકે એમ એને કહો તો ય ઉત્તર તરફ માત્ર હિમાલયને જ જુએ ત્યાં એ વાત એને ગળે ક્યાંથી ઊતરે ? તેમ ભવાભિનંદીની દૃષ્ટિ સંસાર તરફ જ ! એને પંચસૂત્રે કહેલો માર્ગ વિચારમાં-દૃષ્ટિમાં-બુદ્ધિમાં નથી આવતો. સામાન્ય રૂપે આ વાત આપણા જીવનનું નિરીક્ષણ માગે છે. આપણને જિનશાસનના ગિરિશિખરની વૈરાગ્યલહેરી અડી રહી છે ? કે તળભૂમિની સંસારરસની ગરમી ?

**ભવાભિનંદીપણું ખસ્યાની ખાતરી :-** આપણને પણ પંચસૂત્ર ત્યારે બેસે કે જીવનમાંથી ભવાભિનંદીપણું ગયું હોય. પંચસૂત્રનો માર્ગ સાંભળવા છતાં હૃદયમાં બેસે નહિ, જૈનકુળમાં આવ્યા છીએ, અમુક પ્રકારના ઘડતરથી કેળવાયા છીએ, એટલે વિરોધ નહિ ઉઠાવીએ; સાંભળ્યું 'શ્રી વીતરાગ-અરિહંત-દેવાધિદેવ આવા, એમણે આ-આ વાત કહી છે, સુખનો ઉપાય સિદ્ધ કરવા આ આ કરવું જોઈએ; એમ કહ્યું છે,' ત્યાં આપણે વિરોધ ન કરીએ, પણ એ ચીજો જીવનમાં દેખાતી ન હોય તો બળાપો ન થાય ? કોઈ જાતનો ખેદ ન હોય ? 'આવા મનુષ્ય જીવનમાં આવ્યો, આવી ઉત્તમ ચીજ પામ્યા વિના રહી ગયો ?' એમ ખેદ નહિ ? 'ક્યારે પામીશ ? એવી હૃદયના ઉંડાણની ગળચટી ધગશ નહિ ? ઊલટું, જરા દબાણ કરી હોઈ કહેવા આવે તો કદાચ અરુચિ પણ થઈ જાય, કહે, 'આમ મારીને મુસલમાન કરાતા હશે ? આમ મોક્ષે જવાય. જઈશું ધીમે ધીમે.'

સાચી કિંમત લાગી હોય, સાચું અર્થીપણું હોય, તો આમ અરુચિ ન થાય. કકડીને ભૂખ લાગી હોય અને પીરસનાર કહે સીધું નહિ આપું-મોંમાં ઘાલીશ,' તો તે શું કહે 'લાવને તો એમ.' એ જ ને ?

ભૂખ છે ત્યાં બલાત્કાર બલાત્કાર નથી દેખાતો, કઠોર વચન, કઠોર વચન નથી લાગતાં, પ્રતિકૂળતા પ્રતિકૂળતા નથી દેખાતી. મોક્ષની ભૂખ હોય તો ગુરુના વચનમાં પણ બલાત્કાર, કઠોરતા કે પ્રતિકૂળતા ન લાગે. રસ્તે ચાલતાં સોનાની કે મોતીની કંઠી કે વીંટી પડી ગઈ ખબર ન પડી-ચાલ્યા. એ ઉપાડી લઈને પાછળથી કોઈ મિત્ર આવ્યો-બોલ્યો-મૂર્ખા ! આમ ખોવાય ? લે લઈ જા આ !' તો એના 'મૂર્ખા' શબ્દ પર ભાષા સમિતિ નથી એમ જોઈ ધોરણ બંધાય ? ના, એમ જ કહે 'લાવને ભાઈ ! એક વખત શું સત્તર વખત મૂર્ખો કહે ગાળ દે તો ય તું ભલો !' જેનો ખપ છે તે ગાળ દઈને ય મેળવી આપે છે ને ! દોઢ ગાઉ દૂર ગયો ને કોઈ એને બોલાવે, 'અહીં આવીને લઈ જા,' તો 'બાપા કહીને લેવા જશે.' જે ચીજનો ખપ વધારે તે ચીજ માટે તકલીફ તકલીફ નહિ, કઠોરતા કઠોરતા નહિ, બલાત્કાર બલાત્કાર નહિ. એ જ રીતે મોક્ષનો ખપ વધે તો મોક્ષ માટેની કહેલી વાતો માટે કઠોરતા ન લાગે, બલાત્કાર ન લાગે, તકલીફ ન લાગે ત્યારે જ સમજવું કે કાંક

ભવાભિનંદીપણું ચસક્યું !

નહિતર ભવાભિનંદી જીવનો ક્ષુદ્રતા ગુણ એવો છે કે એના ક્ષુદ્ર મનથી કલ્પેલી અનુકૂળ અનુકૂળ વસ્તુ સામે શાસ્ત્રની જરાક શી કડક કે પ્રતિકૂળ વાત સાંભળે એટલે એને બલાત્કાર જ લાગે : એમ થાય કે 'આમ તે હોતું હશે ? શું આમ કરે તો જ ધર્મ કહેવાય ?' આવાના હાથમાં પંચસૂત્રની વાત મૂકો તો એ બિચારો ઊલટું અનાદર-અવગણના કરી વધુ પાપ બાંધે. માટે ભવાભિનંદીને શાસ્ત્ર આપવાની 'ના' કહી, ભવાભિનંદીપણું એ કાંઈ ગાળ નથી, વસ્તુસ્થિતિનો શબ્દ છે. **ભવાભિનંદીપણું એટલે નકોરડી સંસાર પર જ દૃષ્ટિ.**

**સભા :-** એ ધર્મ ન કરે ? એને ધર્મ ન આવે ?

કરે, આવે, તોય ભવને સારા રાખવા. દેરાસરે પણ આવે, ઉપાશ્રયે ય આવે, આંબેલની ઓળી પણ કરે. ચારિત્રે ય લે, મહાસંયમી તરીકે પંકાય પણ, મોટો આચાર્ય પણ બને, અનેક શિષ્યોનો એને પરિવાર પણ હોય, છતાં એ ભવાભિનંદી ય હોય એવું બને. અભવ્યો પાકા ભવાભિનંદી; એ આટલે પહોંચે છે ને ? જગત એને આચાર્ય તરીકે નમતું હોય; આપણે 'નમો આયરિયાણં' પદથી એને નમવાનું નથી. કેમકે એ પદમાં ભાવ આચાર્યને નમસ્કાર છે. પણ એ વિચરતા હોય ત્યારે લોકને શી ખબર હોય કે આ કેવા છે ? શિષ્યોને ય ખબર ન હોય તો લોકને ક્યાંથી હોય ? બાકી હોય એ મિથ્યાત્વે-પહેલે ગુણઠાણે. ઉગ્ર વિહાર, ઉગ્ર તપસ્યા છતાં આચાર્યપણાનો તો શું, પણ સાધુપણાનો ય ભાવ નહિ હૃદયમાં ! જે કરે છે તે બધું ભવના સુખોના આનંદથી. કોઈ જ્ઞાની વળી એવાની ઓળખાણ કરાવે તો ખબર પડે. ભવાભિનંદી ધર્મક્રિયા કરે; ના નહિ; પણ મનફાવતી. શાસ્ત્રબંધનની વાત આવે એ એને પાલવે નહિ.

**સુખસમૃદ્ધિ સંસાર જેલની ને ?** ભવાભિનંદીપણું ટળ્યું ક્યારે કહેવાય ? ભવનો આનંદ ઊડ; ભવમાં અકળામણ હોય, મુઝવણ હોય, જીવ ભવથી બેચેની અનુભવતો હોઈ એને જોઈ કોઈ કહે-શું બેચેન છે ? મહેલ-લાડી-વાડી મળ્યું છે ને ?' એ કહે 'પણ સંસારની જેલનું ને ?'

**ગુણસાગર** નામનો શ્રેષ્ઠિ પુત્ર છે, ઝરૂખે બેઠો છે, મુનિને નીચેથી જતાં જોયા કે જાતિસ્મરણ-પૂર્વભવનું સ્મરણ થયું : હવે એને ચેન નથી પડતું, મૂંઝવણ થઈ. અત્યાર સુધી નિરાંતે બેઠો હતો. એને કશી ખબર નહોતી. હવે દેખાયું, રાજપુત્ર પૃથ્વીચંદ્ર તથા આ ગુણસાગર બન્નેય અનુત્તર સ્વર્ગથી આવેલા છે. પૃથ્વીચંદ્ર જન્મથી એવો વિરાગી છે કે ભોગને રોગ ગણે, રત્નના અલંકારને શરીર પર ઉપાડેલ બોજ ગણે, હાવ-ભાવ-અંગમરોડવાળા દેવતાઈ પણ નૃત્યને કાયક્લેશ



ગણે-નરી દેહની વિટંબણા એમાં લાગે, મધુરા ગંધર્વ-ગીતોને એ વિલાપ ગણે. એને થાય કે, આ રોઈ રહ્યા છે.' ગીત અને રુદન ચીજ તો એક; એના સુરમાં ફેર. ગણિકાઓના સંગીત એ ય ના ઉછાળાનો એક શબ્દ-પ્રવાહ છે મોહ ને વિલાપ એ ય મોહના ઉછાળાનો એક શબ્દ પ્રવાહ છે. પછી કોઈ કાલિંગડો હોય, કોઈ ભીમપલાસ હોય. વિચારો કે કેવી દૃષ્ટિ બનાવી હશે ! કવિ એનું વર્ણન કરતાં કહે છે,-

**'ગીત વિલાપને સમ ગણે, નાટક કાયક્લેશ' મેરે લાલ,**
**આભૂષણ તનુભાર છે, ભોગને રોગ ગણેશ, મેરે લાલ. ચતુર સ્નેહી સાંભળો.**

**ગુણાભ્યાસની હૈયે અપેક્ષા છે ? તપાસ :-**

દૃષ્ટિ કેટલી વિશાળ અને સ્વચ્છ બની હશે ત્યારે ગંધર્વના ગીત અને રોતાના વિલાપ સમાન સમજે છે ! ભોગને રોગ ગણે છે ? પૂર્વ ભવોમાં કરેલા વૈરાગ્ય ગુણના અભ્યાસનું આ ફળ છે. કોરો ધર્મક્રિયાનો અભ્યાસ હોય, પણ વૈરાગ્યગુણના અભ્યાસનું ઠેકાણું ન હોય, એ કરવાની પડી ન હોય, તો આ સ્થિતિ ન આવી શકે.

આરાધના કરવાની અપેક્ષા-આકાંક્ષા-અભિલાષા છે, પણ જરા હૈયાને પૂછો કે

એકલી ધર્મપ્રવૃત્તિ દાન-વ્રત-નિયમ-તપસ્યા-દેવદર્શનાદિની જ આરાધના જોઈએ છે ? કે ગુણની, ગુણના અભ્યાસની ય આરાધના જોઈએ છે ખરી ?

ધર્મારાધના ન થઈ તો ડંખે છે ? કે ગુણારાધના ન થઈ એ પણ એટલું જ ડંખે છે ?

'અરે રે પ્રભુપૂજા રહી ગઈ ! તપસ્યા ન થઈ શકી !' આટલો જ ખેદ છે કે સાથે 'અરેરે ! ક્ષમા ચૂક્યો ! નમ્રતા રહી ગઈ ! દેવ-ગુરુની હૈયે પ્રેમભક્તિ ન ઊભરાય ! દયા, ઉદારતા, સહિષ્ણુતા અને ગંભીરતા કેળવવાનો મોકો હતો છતાં એ ચૂકીને દ્વેષ, ક્ષુદ્રતા અને કલહમાં કાં પડ્યો ?' આવો કોઈ ખેદ રહે છે ખરો ?

ના, ગુણ જાળવવાનું ગુમાવી દોષ-દુર્ગુણ દાખવ્યો હોય, અને એમાં બે પૈસાનો કે થોડી માન-શાબાશીનો લાભ થયો હોય, તો ગુણ ગુમાવ્યાનો લેશમાત્ર ખેદ થવો તો બાજુએ રહ્યો, પણ દુર્ગુણ કેળવ્યાનો આનંદ થાય છે ! મન કહે છે 'આ જરા પોલિસી વાપરી, ગોઠવીને બોલ્યા, સામાને સંભળાવી દીધું, જરા રોફ બતાવ્યો, સામાને બરાબર દબાવી દીધો, તો ઠીક થયું !' આમાં ગુણના અભ્યાસની અપેક્ષા ક્યાં ઊભી રહે ? અભ્યાસ તો દૂર, પણ એની ગરજે ય શાની ? પછી આશા રાખવી છે કે 'ભાગ્યમાં હશે ત્યારે એમ જ ઉચ્ચ ગુણસંપન્ન દશા આવી જશે !' આવે એમ ? ના.

ગુણની વસ્તુ તો ગુણના અવરોધક મોહનીય કર્મને ખાસ મન રાખી તોડતા જવાથી પ્રગટે છે.

ભાગ્ય બિચારું શું કરે ? એ તો બહુ બહુ તો આવો ઊંચો ભવ આપે, અને દેવ-ગુરુ-ધર્મનો સંયોગ મેળવી આપે. પણ પછી હાથપગ તો પોતાને હલાવવા પડે; પુરુષાર્થ જાતે કરવો પડે; તો જ એ કર્મ તૂટતાં આવે. અને પુરુષાર્થ આ, કે મન મજબૂત કરી ગુણનો અભ્યાસ કરતા જવાનો. સહજ સ્વાભાવિક ગુણમય દશા તો પછી બનશે, પણ પહેલાં તો 'ગુણની આરાધના કરવી છે, ખૂબ ખૂબ કરવી છે, એવો અપેક્ષાભાવ, એવી દિલને લગની ઊભી કરો, આજ સુધી ધર્મસાધનાની લગની રાખવાનું જરૂરી સમજતા હતા; હવે આ નવો એકડો ઘૂંટો કે ગુણોના ધરખમ અભ્યાસની તાલાવેલી પણ અતિ આવશ્યક છે. એ ગુણારાધનાનો અપેક્ષાભાવ આવ્યો પછી કામ સહેલું છે. પછી સહેજે સહેજે શોધતા ફરાશે, ચીવટ રહેશે, કે 'પ્રસંગ પ્રસંગમાં એક યા બીજા ગુણનો અભ્યાસ કયો મળે ?' અને એ શોધી કાઢીને એનો ઉદ્યમ રખાશે.

પૃથ્વીચંદ્રે પૂર્વભવોમાં એવા અભ્યાસ કર્યા છે ત્યારે અહીં 'ગીત વિલાપને સમ ગણે, નાટક કાય ક્લેશ; આભૂષણ તનુભાર છે, ભોગને રોગ ગણેશ'ની સ્થિતિએ પહોંચ્યા છે. આ કેવી દશા ? વિચારજો મૂર્ખાઈ તો નથી ને ?

'મહાન ઉસ્તાદના કોમળ કંઠના અદ્‌ભુત સંગીત એ વિલાપ !'

કળામય નૃત્ય એ કાયવિટંબણા !

લાખ-પાંચ લાખની કિંમતના હીરાના નેકલેસ એ શરીર પર ગધાબોજ !

અબજોપતિ કે સમ્રાટના તો શું પણ મોટા દેવતાના રંગરાગ-વિલાસ એ ય રોગ !'

**આ સમજ એ મૂર્ખાઈ કહેશો ? ના,**

તો પછી અહીંથી બહાર જઈ શાના પર મલકાઓ છો ? વિલાપ-વિટંબણા બોજ અને રોગ ઉપર જ ને ? પાગલ દુનિયા સાથે ઘસડાઓ છો તે વિચાર આવે છે ? જિનશાસનનું ડહાપણ મૂકી અજ્ઞાની-મોહમૂઢ જીવોનું જ ડહાપણ શા સારુ ખપે ?

એ બધી વિલાપ-વિટંબણાદિ-સમા ગીત નૃત્યાદિ છોડવા હોય ત્યારે છોડજો, પણ પહેલાં દૃષ્ટિ તો સાફ-સ્વચ્છ કરો.

'ગીત નૃત્ય એટલે ઇન્દ્રિયોના વિષયો; આભૂષણ એટલે ધનવૈભવ; અને ભોગ એટલે સ્ત્રીપરિવાર; આ વિષયો, લક્ષ્મી અને કુટુંબ, બધુંય સંસાર-કતલખાનાનો માલ છે.



**યજ્ઞના બોકડાના મિષ્ટાન્ન-ગીત :-**

યજ્ઞમાં ભોગ ચડાવવાના બોકડાને પહેલાં સારાં સારાં મિષ્ટાન્ન-સંગીત અને ફૂલહારથી સન્માન મળે, એના પર શું ખુશી થવાનું ? ઘડી બેઘડી કે દહાડો બે દહાડા પછી, એને મુશ્કેરટા બાંધી એના એકેક અંગને ક્રૂર રીતે છેદવાના છે, છરો આંખમાં ઘોંચી ડોળો કાઢશે ને કહેશે 'પિતામહાય સ્વાહા,' બીજી આંખ પર ઝાટકો લગાવી બોલશે 'પિતૃદેવાય સ્વાહા' જીભ ખેંચી કાપતા વદશે 'જનન્યૈ સ્વાહા' મરેલા સગાવહાલા એકેકનાં તર્પણ માટે પેલા બિચારા બોકડાનું જીવતા જીવે એકેક અંગ કાપતા જશે. પહેલાં બ્રાહ્મણોના યજ્ઞોમાં આવું ચાલતું હતું. કહો એ બોકડાને મળેલા મિષ્ટાન્ન-ગીત ફૂલ-હાર કેવા ?

બસ, આ જ રીતે સારા સારા વિષયો-લક્ષ્મી-પરિવારને આવા મિષ્ટાન્ન-ગીત-સન્માન જેવા સમજો; કેમકે એ બધાને અંતે કર્મ જીવના પેલા બોકડા કરતાં ભૂંડા હાલ કરે છે. આજની દુનિયામાં દેખાય-સંભળાય છે ને જીવોના ભૂંડા હાલ ? શાથી એ ? પૂર્વે વિષયો, લક્ષ્મી અને પરિવારને મહત્ત્વ આપેલું; વિલાપ-વિટંબણા-બોજ-રોગ નહિ, પણ બહુ મજેનું માનેલું; તેથી હવે ભૂંડા હાલે અહીં જીવવાનું, ભૂંડા હાલે મરવાનું, અને ભૂંડા હાલે ભવાંતરે પાછું ભટકવાનું. આ જોઈને એ વિષયો-લક્ષ્મી-પરિવારની જાળવાળા પર નફરત ન છૂટે ?

દૃષ્ટિ સ્વચ્છ થઈ એટલે મનને થાય કે

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''** **વર્ષ-૧૨,અંક-૩૬,તા.૬-૬-૧૯૬૪**

## (૪) આરાધનાનો સાપેક્ષભાવ : ભાવઆરોગ્ય

'હાય ! યજ્ઞમાં ભોગ દેવાના બોકડાને મળતા પૂર્વ શણગાર-સંગીત-મિષ્ટાન્ન-સન્માન જેવા આ વિષયો, લક્ષ્મી પરિવાર અને માનસન્માન મને મળ્યા, પણ પછી મારું શું થશે ? સંસારમાં બેચેની આવી જાય. માટે જ એ ભવલીલા પર વૈરાગ્ય ગુણ પ્રગટે. આવા વિરાગી બની સંસારમાં બેચેની અનુભવનાર આત્માને કર્મની શી તાકાત કે ભવના ફેરા ફેરવ્યાજ કરે ! અગર મોહસરંજામની શી ગુંજાયશ કે એને આકર્ષી ભાન ભૂલો બનાવી શકે ? મધુર આલાપથી ગાનારો ઉસ્તાદ હજારોના કાન અને દિલને પોતાના સંગીત પર લટ્ટુ બનાવી દેવાની ખુમારી રાખે, પણ વિરાગી આગળ એ પાણી ભરે ! એનું કશું ઊપજે નહિ. વિરાગીની ઇન્દ્રિયો અને દિલ એટલા બધા સ્વસ્થ બની ગયા હોય કે લટ્ટુ બનવાની વાત નહિ. એના પર જિનશાસનનો બનેલો વિરાગી આત્મા સામાની ખુમારી તોડે, 'મારાં કાન, મારું

દિલ, તારાં ગીત પર નાચવા-કૂદવા માટે નહિ.'

**ઈન્દ્રિયો અને મનની આ સ્વસ્થતા એ ભાવ આરોગ્યનું બીજ લાવે છે.**

**પરમ ભાવારોગ્ય મોક્ષ.**

**બીજભૂત ભાવ-આરોગ્ય સમ્યગ્દર્શન.**

એ માટે ખાસ જરૂરી વૈરાગ્ય, ભવની બેચેની, ઈન્દ્રિયોની આટલી સ્વસ્થતા કે ઘેલી થઈને નાચવા-રાચવાનો એને રોગ નહિ.

**વિષયો પર નાચવું-રાચવું એ મહા રોગ છે.** રોગની ગમ નથી એટલે પાગલ-બેભાન-ભાનભૂલા થઈને રોગમાં ખુશ થવાય છે ! રોગ હોંશે હોંશે સેવાય છે ! જાતને બાહોશ સમજે છે. પણ આ બાહોશી એ બેહોશી છે.

**બાહોશ કે બેહોશ ? :-** વિષયો-લક્ષ્મી-પરિવારમાં બાહોશ બનીને નાચવું-રાચવું એ બેહોશ અવસ્થા છે, પોતાના આત્માના સરાસર અજ્ઞાનની દશા છે. જેનું પરિણામ,

પ્રત્યક્ષમાં વિહ્વળતા, ભૂખ-ખણજનો વધારો, અનેક પ્રકારની પાપબુદ્ધિ અને પાપાચરણ, ચિંતા-સંતાપ, અશાંતિ-અજંપો, આ પ્રત્યક્ષ પરિણામ દેખાય છે, અને આગળ માટે તો એ વિષયો લક્ષ્મી અને પરિવારમાંથી અવશ્ય દેશવટો અને અજાણ્યા અંધકારમય પ્રદેશમાં ફેંકાઈ જવાનું અને અહીં કરેલા નાચના ભયંકર વિપાકરૂપે દુઃખ-ત્રાસ-વિટંબણાની ભઠ્ઠીમાં શેકાયા કરવાનું થાય, ને કદાચ એમાંથી અસંખ્ય કે અનંતપણ કાળ સુધી ઊંચા આવવાનું ન બને ! આ પરોક્ષ ભાવિ પરિણામ !

આવા દુઃખદ વર્તમાન-ભવિષ્ય ઉભય પરિણામ નીપજતાં હોય, એવા વિષય-લક્ષ્મી-પરિવારના નાચ ખેલવા, એ શું સભાન દશા છે ? કે બેભાન-દશા ? બાહોશી સાવધાની ? કે બેહોશપણું ?

વિષય-લક્ષ્મી-પરિવારમાં નાચવા-રાચવા પાછળના દુઃખદ પરિણામનો ખ્યાલ હોય, એની ગભરામણ હોય, તો એના જ ભરેલા આ સંસારમાં હાશ ન થાય, ચેન ન પડે, હાય થાય, બેચેની રહે, ભય-ભય લાગ્યા કરે.

**સંસારનો ભય એ સંવેગ કહેવાય,**

**વિષયો આદિમાં બેચેની એ વૈરાગ્ય કહેવાય;**

એ બંને સંવેગ-વૈરાગ્યની જમાવટ થાય; ભાવ-આરોગ્યનું બીજ પડે.

**વિષય-લક્ષ્મી-પરિવારનો નાચ એ ક્ષેત્રરોગ છે :-**

વિષયો, લક્ષ્મી અને પરિવારમાં ઘેલા થઈ નાચવું-રાખવું એ રોગ છે, ક્ષેત્રરોગ છે.

**ક્ષેત્રરોગ એટલે** જેમાં બીજા અનેક રોગો સાથે જન્મે એવો રોગ. દા.ત.



મોટા કોઈ મુખ્ય પાકનું ખેતર હોય, ને એમાં સાથે સાથે બીજા બીજા નાના પાક થતા હોય, એની જેમ આ વિષયાદિનો નાચ એ ક્ષેત્રરોગ હોઈ એમાં બીજા કેઈ આત્મરોગો જાગે છે. જૂઠ, પ્રપંચ, ઈર્ષ્યા, વેરઝેર, રોફ-ઘમંડ, અનીતિ-વિશ્વાસઘાત વગેરે વગેરે રોગોને આના સામ્રાજ્યમાં લીલાલહેર !

**મજાલ નથી આત્માની કે આ ક્ષેત્રરોગ પોષ્યા ઉપર**

**(૧) એ બીજા રોગોથી મુક્ત રહી શકે,**

**(૨) માનવભવને સફળ કરી શકે,**

**(૩) આરાધનાના પુરુષાર્થકાળને લેખે લગાડી શકે.**

ના, કોઈ અવકાશ નહિ. શાસ્ત્ર ના પાડે છે, આવા ક્ષેત્રરોગી વિષય-લક્ષ્મી-પરિવારમાં મૂઢ આત્માને શાસ્ત્ર સંભળાવતા નહિ, ઉપદેશ આપતા નહિ.

**મૂઢનો ઉદ્ધાર શી રીતે ? :-**

**પ્ર.-** પણ તો પછી ઉપદેશ વિના એની મૂઢતા શી રીતે જવાની ?

**ઉ.-** મૂઢતા જવા માટે કાળનો ઘસારો વેઠવો પડે છે. વિલંબ માગે છે. 'ઉપમિતિ ભવપ્રપંચ કથા' શાસ્ત્ર જુઓ. મહાજ્ઞાની આચાર્યો એજ કહે છે કે અંતરંગ કુટુંબની સગાઈ થવા માટે કાલક્ષેપની જરૂર છે. કર્મના માર ખાઈ ખાઈ કાળના કાળ વીત્યે કાંઈક કર્મલઘુતા થાય, ત્યારે પેલી મૂઢતા સહેજ ઘસારો પામે છે. પછી એને ઉપદેશ કામ લાગે છે. બાકી મૂઢને કરાતો શાસ્ત્ર-ઉપદેશ જ્ઞાનીનાં વચન પર વધુ અનાદર, તત્ત્વ પર દ્વેષ, અને જાતનો મિથ્યા અહંભાવ વધારી નુકસાન થાય છે.

**મૂઢ જીવો ધર્મોપદેશ પર હસે છે ! :-**

શું અનુભવ નથી કે વીતરાગ પ્રભુનાં શાસ્ત્રોનાં સંવેગ-વૈરાગ્યના ઉપદેશ સાંભળી એવા વિષયમૂઢો, લક્ષ્મીમૂઢો અને કુટુંબમૂઢો ઊલટું મશ્કરી કરે છે, હસે છે, કહે છે, 'લ્યો બધા બાવા બની જાઓ.' શું છે આ ? મશ્કરી. જુઓ આજના સાક્ષર ગણાતા પણ રાત્રિભોજન-ત્યાગ, કંદમૂળ-ત્યાગ, સિનેમાનાટક-ત્યાગ, સ્ત્રીઓની લાજ-મર્યાદા-ભર્યા વ્યવહાર વગેરે જૈન આચાર-વિચારોની મશ્કરી કરે છે ને ? એના પર ભાર આપનારને વેદિયા-જૂનવાણી અસભ્ય આદિ તરીકે વગોવે છે ને ? કેમ એમ ? અર્થ-કામની મૂઢતા છે, પછી શાસ્ત્રો વાંચી લીધા, હવે જિનવાણીનો અનાદર ન કરે તો બીજું કરે શું ?

**આજની સભ્યતામાં પોલ ? :-**

ત્યારે જુઓ કે ભલે ને એમની માનેલી સભ્યતા-સંસ્કૃતિમાં ઠમઠોક ભ્રષ્ટાચાર ચાલે, દંભ ચાલે, મિથ્યાભિમાન ને મિથ્યા આડંબર ફાલેફૂલે, લાંચરુશ્વત, ચોરી

બદમાશી-દેશદ્રોહ-કોરટ કજિયા-સત્તાલોભ વગેરે વગેરે ભલેને બેફામ પ્રવર્તે, એ કશું ગણતરીમાં લેવું નથી, કેમ આ બધું ફાટી પડ્યું એનો વિચાર કરવો નથી ને આટલા ઘોર અનર્થો વધી પડ્યા છતાં સભ્યતાની ખીલવટ થઈ માનવી છે ! સંસ્કૃતિનો જન્મ થયો કહેવો છે ! વિજ્ઞાનનો વિકાસ થયાનું ગાવું છે ! કહો તો ખરા કે આ કહ્યા એ અનર્થો જેનાથી ફાલ્યાફૂલ્યા એ શું સભ્યતા સંસ્કૃતિ અને વિજ્ઞાન ગણાય ? કે જંગલીપણું, વિકૃતિ ને અજ્ઞાન ગણાય ? શું કહેવાય આને ? વિષયમૂઢતા, લક્ષ્મી-મૂઢતા અને પરિવારમૂઢતાનું આ લક્ષણ છે. આવાને ઉપદેશ નકામો.

**મૂઢ બ્રાહ્મણનું દૃષ્ટાન્ત :-** ઉપદેશ રત્નાકરમાં એક દૃષ્ટાન્ત આવે છે. એક બ્રાહ્મણ ઉપાધ્યાય વિદ્યાર્થીઓને ભણાવે છે. વિદ્યાર્થીઓ ગુરુપત્નીને સેવા આપે છે. એમાં એક જુવાન વિદ્યાર્થી સાથે બ્રાહ્મણની પત્નીય જુવાન છે તે પ્રેમમાં પડે છે. વળી બીજી રીતે પણ રાતના ભટકનારી છે. પણ તે દેખાવ મહાસતીનો કરે છે. પતિ પર એ એટલો બધો પ્યાર દેખાડે છે, એટલી બધી સેવા-સરભરા કરે છે કે પતિ બિચારો એના રાગમાં મૂઢ છે, તે એને મહાસતી માને છે.

**બ્રાહ્મણ પરગામ : સ્ત્રીનો પ્રપંચ :-** એક અવસરે બન્યું એવું કે બ્રાહ્મણ કોઈ પ્રસંગે પરગામ ગયો. આ સ્ત્રી પેલા વિદ્યાર્થીને કહે છે 'આપણે હવે અહીંથી ભાગી જઈએ. અહીં ક્યાંસુધી ગોંધાઈ રહેવાનું ? પણ એવું કરી ભાગી જઈએ કે પાછળથી બ્રાહ્મણ આવે તો આપણી તપાસ જ ન કરે. માટે તું એક સ્ત્રીનું મડદું લઈ આવ.'

જુઓ વિષયમૂઢતા શું કામ કરે છે ! એ ક્ષેત્રરોગ છે, તે એમાં પતિદ્રોહનો રોગ પાકે છે. મડદું લાવીને ઘરને અંદરથી થોડી આગ લગાવી સાથે મડદું ય અડધું-પડધું બાળ્યું; એવું કે મોં ન ઓળખાય, હાથ પગ શરીરની ચામડી બફાઈ શેકાઈ ગઈ. બસ ખાનગી રીતે ઘર ઠાલું બંધ કરી બંને પરદેશ ચાલ્યા ગયા.

**બ્રાહ્મણ મૂઢ :-** અહીં બ્રાહ્મણ પરગામથી આવી જુએ છે કે ઘર અંદરથી બળી ગયું છે, બળેલું મડદું પડ્યું છે. એને ચોક્કસ લાગ્યું કે 'રાત-વરત અહીં આગ લાગેલી એમાં આ સ્ત્રી બિચારી મળી ગઈ લાગે છે !' બ્રાહ્મણ ભારે કલ્પાંત કરે છે 'હાય ! સારી સતી સ્ત્રીને એકલી મૂકીને હું ગયો ને બિચારીને આ મોત આવ્યું ! કેવો હું પાપી ! ખેર ! હવે એને અગ્નિસંસ્કાર આપી એનાં હાડકાં ગંગામાં તો પધરાવી આવું. તો એટલું તો એનું કલ્યાણ થાય ?'

જુઓ મરીને આત્મા તો ક્યાંનો ક્યાંય ચાલ્યો ગયો, હવે ગંગાનદી એનાં હાડકાંના સંસર્ગથી એને પાવન કરશે !!

મડદાંને અગ્નિસંસ્કાર કરી પછી આગ બુઝાવી હાડકાં ભેગાં કર્યાં, પોટલું



બાંધી માથે ઉપાડી ચાલ્યો ગંગામાં પધરાવવા

**બ્રાહ્મણ કાશીમાં :-** બ્રાહ્મણ કેટલાક દિવસો ચાલતાં ચાલતાં કાશીએ આવી પહોંચે છે. અહીં કુદરતી બન્યું એવું કે એની પત્ની અને પેલો વિદ્યાર્થી પણ મજા માણતાં માણતાં અહીં આવી ગયેલા, તે આ પોટલું ઊંચકી આવતા બ્રાહ્મણને રસ્તામાં ભેટી જાય છે ! જોતાં જ ચોંકી ઊઠ્યા !

ખૂબી એ થાય છે કે આમણે તો આને ઓળખી લીધો, પણ આ બ્રાહ્મણ એમને ઓળખતો નથી; કેમકે એને નિશ્ચય છે કે પત્ની મરી ગઈ છે; અને વિદ્યાર્થી તો અહીં હોય જ શાનો ? એટલે એ અહીં હોવાની એને કલ્પના જ નથી. હવે પેલા બે સમજી જાય છે કે આ કાંઈ ઓળખતો લાગતો નથી. અલબત્ત એથી તો ખુશ થતા થતા આગળ નીકળી જઈ શકે, પરંતુ નિમિત્ત શું કામ કરે છે ? કે આ બ્રાહ્મણને જોતાં એમની વિષયમૂઢતાને કંઈક ધક્કો લાગે છે. એટલે આગળ ચાલી જવાની ધિટ્ઠાઈ નથી કરી શકતા. એમાં વળી પેલાને ઊભો રાખી પૂછે છે, 'કેમ ક્યાં ચાલ્યાં ?' ત્યારે પેલો બિચારો કહે છે,

'શું કરું ? હું પરગામ ગયેલો અને ઘેર આગ લાગી, એમાં મારી મહાસતી-સુશીલ-ગુણિયલ પત્ની બિચારી બળી ગઈ, તે મને ઘરે આવ્યા પછી ખબર પડી. પછી અગ્નિસંસ્કાર કરી આ એનાં હાડકાં ગંગાજીમાં પધરાવવા લઈ જાઉં છું. મારું તો ઘર ભાંગ્યું, અને બાયડી બિચારી બળી મરી ! આ હું કેવો મૂરખ કે એને એમ એકલી મૂકીને' ગયો તે એને મોત આવ્યું...' બોલતાં બોલતાં બ્રાહ્મણ રડી પડ્યો; આંખમાંથી દડ દડ પાણી ટપકવા માંડ્યું ! હૈયું એટલું બધું ભરાઈ આવ્યું કે રુદન રોકાયું રોકાય નહિ. ડચકા ખાતો જાય ને રોતો જાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"          વર્ષ-૧૨,અંક-૩૭,તા.૧૩-૬-૧૯૬૪**

બ્રાહ્મણનો કલ્પાંત જોઈને પેલા બેની મૂઢતાને વળી વધુ ધક્કો લાગ્યો તે આના ઉપર દયા ઊભરાઈ ને પોતાના અપકૃત્ય ઉપર પસ્તાવો કરે છે ! નિમિત્તની આ કેટલી પ્રબળ અસર !

**કર્મના ઉદય અને ક્ષયોપશમ પર નિમિત્તની અસર**

જૈન શાસ્ત્રો બતાવે છે કે કર્મના ઉદય ઉપર અને ક્ષયોપશમ ઉપર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવની અસર થાય છે, ક્ષેત્રમાં જવાથી જ ત્યાં ધંધો બરાબર ચાલ્યો નહિ.

**કર્મના ઉદય પર નિમિત્તની અસર જુઓ.**

**દ્રવ્યની અસરમાં** મરચાં તીખા ખવાઈ ગયા તો લાય ઊઠે છે. એ અશાતા વેદનીય કર્મ ઉદયમાં આવ્યું. ઘી વગેરે ભારે પદાર્થ વધુ ખવાયા પર ઊંઘ આવે છે, એ નિદ્રા-દર્શનાવરણ કર્મ ઉદય પામ્યું. અશુચિ દેખી ઘૃણા છૂટે છે, એ જુગુપ્સા મોહનીય કર્મનો ઉદય થયો. અજુગતું બોલી કે આચરી નાખે અને ત્યાં લોકમાં લઘુતા થઈ, એ અપયશનામ કર્મ ઉદયમાં આવ્યું.

**એમ ક્ષેત્રની અસરમાં** શરદીવાળા ક્ષેત્રમાં રહ્યા અને શરદી રહેવા લાગી, એ અશાતાકર્મ ઉદયમાં આવ્યું, સૃષ્ટિના સૌંદર્યવાળા ક્ષેત્રમાં ગયા અને એ જોઈ રાગરતિ ઊભરાયા, એ મોહનીય ઉદયમાં વધ્યું.

**કાળની અસરમાં,** ચોમાસામાં શરદી રહેવા લાગી, એ અશાતાકર્મનો ઉદય થયો, અથવા વાસના જોર કરવા લાગી, એ વેદમોહનીયનો ઉદય વધ્યો. આ કાળના નિમિત્તે બન્યું કહેવાય.

**ભવની અસર** તો દેખાય જ છે કે દા.ત. વાઘ-વરુ-બિલાડી-ગિરોલીના ભવ જ એવા કે ક્રૂર પાપકર્મ ઉદયમાં આવે.

**ભાવની અસરમાં,** ચિત્તમાં અમુક પ્રકારના મલિન વિચારોમાં ચઢવાથી કષાય વધ્યો કે વાસના ઉદ્દીપ્ત થઈ એ ભાવના નિમિત્તે મોહનીયનો ઉદય. એમ, ભણેલું યાદ ન કર્યું, ને ભૂલ્યા, એ પ્રમાદના ભાવથી એટલું જ્ઞાનાવરણ કર્મ ઉદયમાં આવ્યું. તેમ વિચારશુદ્ધિ અને આહારનિયમન રાખ્યું તો દીર્ઘકાળ શરીર નિરોગી સ્વસ્થ ચાલ્યું. એ આંશિક ત્યાગભાવ-ઈન્દ્રિયનિગ્રહ ભાવ ને શુભ મનોભાવના નિમિત્તે શાતાવેદનીય કર્મ ઉદયમાં રહ્યું.

**પ્ર.**- નિમિત્તો મળ્યા કરે અને કર્મ ઉદય પામ્યા કરે તો તો એનો છેડો ક્યાં ?

**ઉ.**- છેડો છે. જુઓ વ્યવહારમાં દા.ત. બહાર ખરાબ છોકરાનું નિમિત્ત છે, પરંતુ પોતાના છોકરા પર હિતશિક્ષા વગેરેથી અંકુશ રાખ્યો હોય છે, તો એ નિમિત્તોની એના પર બહુ અસર થતી નથી. બસ, એવું અહીં છે. પોતાની ઈન્દ્રિયો અને મનોવૃત્તિ ઉપર અંકુશ રાખ્યો હોય તો નિમિત્તોને નિષ્ફળ કરી શકાય છે. દા.ત.

ગમે તેવા ચોમાસાનો કાળ છે, પણ જો ખાનપાન અને વિહરણ ઉપર ખૂબ અંકુશ રાખ્યો હોય છે, અને વારંવાર આંબેલ, નીવિ, ઘી-દૂધ ત્યાગ વગેરે રાખ્યા હોય છે, તો પ્રાયઃ અશાતા નથી આવતી; એ અશાતાનો ઉદય અટકાવ્યો. એમ ભણેલાને વારંવાર યાદ કરવાનો ઉદ્યમ રાખ્યો હોય છે તો એ નથી ભુલાતું. અર્થાત્ એટલું વાતાવરણ ઉદયમાં આવતું અટકાવ્યું !

નિમિત્તોની સામે પુરુષાર્થની અશર છે માટે તો પાપકર્મોના ક્ષયોપશમ પર એનું મહત્ત્વ છે.



**કર્મનો ક્ષયોપશમ એટલે** ઉદયમાં આવેલાનો ક્ષય અને હજી નથી આવ્યા એનો ઉપશમ; અર્થાત્ એ કર્મને એ સ્થિતિમાં મૂકે કે એ ઝટ કૂદી પડીને પોતાનો અશુભ ભાવ ન દેખાડી જાય. ક્ષમોપશમનો પુરુષાર્થ ચાલુ હોય ત્યાંસુધી એ ચાલુ રહે છે.

ક્ષયોપશમ ઉપર પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવરૂપી નિમિત્તો અસર કરે છે. તેવા તેવા દ્રવ્યાદિ મળે અને ક્ષયોપશમ થાય, ચાલુ રહે.

**દ્રવ્યની અસરમાં,** દા.ત. બ્રાહ્મીનું સેવન કરે છે તો બુદ્ધિ સતેજ થાય છે, એટલે કે ત્યાં જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ થાય છે. ભગવાનની મૂર્તિ કે મહાત્માને દેખીને મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે.

**ક્ષેત્ર-કાળની અસરમાં,** તીર્થક્ષેત્ર કે પર્યુષણા જેવા કાળે ક્ષયોપશમ થવાથી ધર્મનો ઉલ્લાસ વધી જાય છે. બપોર કરતાં સવારે ગોખવાથી ગાથા જલ્દી આવડી જાય છે. એવું વાતોચીતોવાળા સ્થાન કરતાં એકાંત સ્થાનમાં ગોખે તો પણ બને છે. આ કાળ અને ક્ષેત્રની અસર જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ પર થઈ.

**ભાવની અસર :-** ત્યારે ભાવ પણ કામ કરે છે. સારો ઉપદેશ સાંભળી એને મન પર લીધો તો જ્ઞાનાવરણ સાથે લોભમોહનીચનો, ક્રોધમોહનીયનો વગેરે ક્ષયોપશમ થાય છે. આ મન પર લેવાનું એટલે કે એવા પ્રકારનો ભાવ ઊભો થાય કે જેથી ઉપદેશની અસર પડી. પણ જો બીજી આસક્તિ, ચિંતા કે પૂર્વગ્રહના લીધે મન પર ન લેવાય, તો ભાવ ખૂટ્યો, ત્યાં તેવો ક્ષયોપશમ નથી થતો.

**નંદ મણિયારને નિમિત્તની અસર :-**

આ બંનેનો સાર આ નીકળી છે કે જો ખરાબ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનાં નિમિત્તો સેવો તો ખરાબ કર્મનો ઉદય થાય છે, ને એનાથી આઘા રહો તો ઉદય અટકે છે. એવું સારાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનાં નિમિત્ત સેવાય તો સારો ક્ષયોપશમ પ્રગટે છે, ટકે છે, વધે છે; પરંતુ જો એ નિમિત્ત પડતાં મૂક્યાં, અગર નરસાં નિમિત્તમાં લાગ્યા, તો ક્ષયોપશમ ડૂલ ! નંદ મણિયાર પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં એક મહાન શ્રાવક હતો, પરંતુ એણે સાધુસંસર્ગ અને સાધર્મિક સંસર્ગરૂપી સારાં નિમિત્ત છોડ્યાં તો ધીમે ધીમે ક્ષયોપશમ મોળો પડી ગયો; અને વખત એવો આવીને ઊભો કે એ ઉપવાસની રાતે પાણીનાં દુર્ધ્યાનમાં ચઢ્યો. તિર્યંચનું આયુષ્ય બાંધી મરીને પોતાની જ બનાવેલી વાવડી સરોવરમાં દેડકા તરીકે ઉત્પન્ન થયો ! એ તો ભગવાન મહાવીર-વર્ધમાન પ્રભુ ત્યાં પધાર્યા. એ નિમિત્તથી, લોકોના બોલવા પર એને જાતિસ્મરણ જ્ઞાન થયેલું તે પૂર્વની ભૂલનો પશ્ચાત્તાપ કરતો ભગવાનને વંદન કરવા ધાયો. આ ક્ષયોપશમ થયો તે નિમિત્ત મળવાથી.

**કર્મબંધ પર નિમિત્તોની અસર :-**

ત્યારે હવે જુઓ કર્મોનાં બંધમાં પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવ કેટલું કામ કરે છે. અલબત્ત **'પરિણામે બંધ'** આત્માના આંતરિક પરિણામની આધારે કર્મબંધ થવાનો છે; છતાં એ પરિણામ અંતરમાં ઉઠાડવાનું કામ જે નિમિત્તો કરે છે એનું ઓછું મહત્ત્વ નથી. કોઈ માણસ કોઈને મારવા ઇચ્છતો હોય પણ સાધન વિના ઊભો છે, ત્યાં જો બીજો કોઈ એને તલવાર કે ખંજર આપે અને એનાથી પેલો મારવાનું કામ કરે, તો ત્યાં શું તલવાર-ખંજર આપનારો ગુનેગાર નથી ? ગુનેગાર જ ગણાય છે; કેમકે મારવામાં નિમિત્ત બન્યો. તેમ અહીં પણ કર્મ બંધાવામાં ભલે અંતરના હિંસકભાવ કારણભૂત હોય, તો પણ મારવાની ક્રિયા અને મારવાનું શસ્ત્ર-દ્રવ્ય એ પણ નિમિત્ત છે. માટે તો એ **શસ્ત્રના પૂર્વે ચ્યવી ગયેલા જીવને પણ હિંસાની પાંચે ક્રિયાઓ અને કર્મબંધ લાગે છે, એમ ભગવતીસૂત્ર વગેરે કહે છે.** બંધમાં આ શસ્ત્રદ્રવ્ય નિમિત્ત હોવા અંગે આનાથી વધુ શો પૂરાવો જોઈએ છે ?

માણસ પાસે પૈસા વધી જાય છે એટલે ભારે તૃષ્ણા-મમતા અને આરંભ-સમારંભો કરી કર્મ બાંધે છે; ત્યાં શું એ દ્રવ્યને નિમિત્ત નહિ કહેવાય ?

વારંવાર વેશ્યાવાડાની ગલીમાંથી પસાર થતાં મન બગડીને પાપ બંધાય છે. એમાં શું એ ક્ષેત્ર નિમિત્ત નહિ ?

**પ્ર.**- બંધમાં નિમિત્ત તો અંતરની તૃષ્ણા વાસના કહેવાય ને ?

ઉ.- પરંતુ એ તૃષ્ણા અને વાસના ઉઠાડી કોણે ? ધન-દ્રવ્ય અને વેશ્યા-ક્ષેત્ર મળ્યા માટે તો એ કાળી લેશ્યા ઊઠી અને કાળાં પાપ બંધાયાં, એ કેમ ભૂલી જાઓ છો ? ધન ભલે લેશ્યા પ્રત્યે સાક્ષાત્ કિન્તુ બંધ પ્રત્યે લેશ્યા દ્વારા નિમિત્ત બન્યું અસર કરે છે માટે તો શાસ્ત્રકારો કહે છે કે **'પાપથી બચવું હોય તો એનાં નિમિત્તોથી આઘા રહો.'**

**નિમિત્ત ન માનનારે શું ઉપદેશવું ? :-**

ઉદયમાં, ક્ષયોપશમમાં અને બંધમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવની મોટી અસર છે, એ વસ્તુ અનુભવસિદ્ધ જ્ઞાનદૃષ્ટિ અને વસ્તુસ્વરૂપ છે. છતાં જે એમ કહે કે કાર્યમાં ઉપાદાન જ બધું કરે છે, નિમિત્ત કાંઈ કરતું નથી એ જિનશાસનનું સરાસર અજ્ઞાન છે. એટલું જ નહિ પણ પોતાની પ્રવૃત્તિથી ય વિરુદ્ધ કથન છે. કેમકે પોતે પ્રવચન શા માટે કરે છે ? લોકોને એમાં જ શા માટે તાણે છે ? કહી ન દે કે,

'અહીં નકામા આવો છો. તમે માનો કે અમે આ પ્રવચન-શ્રવણનું નિમિત્ત સેવીએ એથી અમારા ઉપાદાનમાં તત્ત્વ-પ્રકાશ અને શુદ્ધિ થશે, તો એ ખાંડ ખાઓ



છો. નિમિત્ત કાંઈ જ કરતું નથી. ન તો આનાથી તત્ત્વપ્રકાશ થાય કે ન નિમિત્તની અસર કહેનારાઓનું સાંભળો તેથી તત્ત્વ-અંધકાર જાય. માટે અહીં આવશો નહિ, અને પેલું સાંભળવું ખોટું માની મૂકશો નહિ.'

કેમ આ સલાહ નથી આપતા ? ઊલટું રોજ ને રોજ પ્રવચન હંકાર્યે રાખે છે; પુસ્તકો છપાવ્યે રાખે છે, માસિક-દૈનિક પત્ર પ્રચાર્યે રાખે છે, પાછું એમાં નવનવા આકર્ષણો ગોઠવે છે. કેમ આમ ? ભીતરમાં બરાબર સમજે છે કે આ નિમિત્તોથી આ કાળે જબરદસ્ત કામ થઈ રહ્યું છે. ત્યારે સિદ્ધાન્ત મોઢેથી એ પ્રચારે છે કે નિમિત્ત કાંઈ કરતું નથી, અને ઘેટાટોળું એમાં હાજી હા ભણે છે !

કેવી વિષમતા છે ? સભા નાની જુએ તો ખેદ થાય છે, ને બહારથી બહુ શ્રોતા આવી ચઢ્યા, પ્રવચનના ગુણ ગાયા, તો રાજી રાજી થઈ જાય છે ! આ અરતિ અને રતિમોહનીય કર્મ ઉદય આવવામાં સભા-દ્રવ્ય નિમિત્ત બન્યું કે નહિ ? એમ સાંભળીને નવાઓને પસંદ પડ્યું અને મિથ્યાજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થઈ મિથ્યા જ્ઞાન પ્રગટ થયું તો ત્યાં ક્ષયોપશમ અને રતિનો ઉદય એ બેમાં પ્રવચન નિમિત્ત બન્યું કે નહિ ?

**કારણતા એટલે ? :- આકાશ અને કારણ વચ્ચે ફરક :-**

**કહે છે 'નિમિત્ત હાજર હોય એટલું જ; પણ કાર્યકર નથી.'**

અહીં બે પ્રશ્ન છે ? હાજર અવશ્ય હોય ? કે હાજર ન હોય તો ય કાર્ય તો બને જ ? જો અવશ્ય હાજર કહો, તો અવશ્યનો અર્થ જ એ કે કાર્યને એની જરૂર છે, કાર્ય પ્રત્યે બીજા અ-નિમિત્ત કરતાં આ નિમિત્તની કોઈ વિશેષતા છે, એના વિના કાર્યને ન ચાલે. એનું જ નામ કારણતા.

**પ્ર.**- એમ તો આકાશ પણ અવશ્ય હાજર હોય છે તેથી શું એ સરકારી ગણાય છે ?

ઉ.- બેમાં ફરક છે. આકાશ હાજર હોય છે અને કાર્ય બને છે એ ખરું, પરંતુ એ હાજર ન હોય ત્યાં કાર્ય થતું નથી' એવું નથી. જ્યારે અહીં તો એવું છે કે પ્રવચનનું નિમિત્ત હાજર હોય છે તો જ બોધ થાય છે, અને હાજર નથી હોતું ત્યારે બોધ નથી થતો. એટલે કાર્ય સાથે આ નિમિત્તને કોઈક ખાસ સંબંધ છે. એવો સંબંધ આકાશને નથી. આ ખાસ સંબંધ એ અ-વિનાભાવ કહેવાય, આ નિમિત્તની કાર્ય પર અસર ગણાય.

**કારખાનામાં માલિક કે** મેનેજર હાજર હોય ત્યારે નોકરો બરાબર કામ કરતા હોય, અને હાજર ન હોય ત્યારે ઠીક કામ ન કરતા હોય, તો એ સૂચવે છે કે માલિક-મેનેજરની હાજરીની ત્યાં અસર છે. કડક માસ્તર વર્ગમાં હાજર હોય

ત્યારે છોકરા તોફાન ન કરતાં શાંતિથી ભણતા હોય, અને હાજર ન હોય ત્યારે મસ્તી કરતા હોય, તો એ સૂચવે છે કે માસ્તરની અસર છે. નિમિત્તની આટલી સ્પષ્ટ અસરનો અપલાપ કરવો એ કાં તો સરાસર મૂઢતા છે, અગર કદાગ્રહ છે.

અસ્તુ. પણ નિમિત્તની અસર માનનારે તો એ સાવધાની જરૂર રાખવાની છે કે કષાયો, રાગ દ્વેષ, હાસ્ય ખેદ વાસના વગેરેનાં કર્મને ઉદય પમાડનાર નિમિત્તો નહિ સેવવાં, એનાથી આઘા રહેવું. એથી ઊલટું કર્મનો ક્ષયોપશમ કરી શુભ ભાવના, વૈરાગ્ય, ક્ષમા, નિસ્પૃહતા, તૃપ્તિ વગેરેને જાગ્રત કરનાર નિમિત્તો સારી રીતે સેવવાં.

## • ૫. પાપત્યાગનો સાપેક્ષભાવ •

**ખરેખરું ધર્માત્માપણું લાવવું હોય તો આ ખાસ કરવા જેવી વસ્તુ છે કે પાપી ભાવ ઊભો કરનાર નિમિત્તો ચાહીને અપસંદ કરવા; અને શુભ ભાવ જગાડનારાં-પોષનારાં નિમિત્તો ખાસ પસંદ કરવાં, શોધી શોધીને સેવવાં.**

ધર્મીપણું અહીં પરખાઈ જાય છે કે રાગાદિ પાપી ભાવોનાં નિમિત્તો અપસંદ છે?

વૈરાગ્ય, ક્ષમા, દેવગુરુભક્તિ વગેરે શુભ ભાવોત્તેજક નિમિત્તો ખૂબ પસંદ છે?

કોઈ વાતોડિયો ઘરે આવી કૂથલી કરે છે એ કેટલાય રાગદ્વેષ ઊભા કરે છે, તો એની વાતો એ પાપી ભાવનું નિમિત્ત કહેવાય. હવે વિચારો કે આ

**કૂથલી-વિકથા પસંદ પડે છે કે અપસંદ ? અપસંદ પણ બીજા સંસારી કામ બગડે છે, સમય જાય છે માટે નહિ, કિન્તુ રાગાદિપાપી ભાવ જગાવે છે માટે.**

**મોહનો કેફ ઊતરશે તો જ પાપત્યાગનો સાપેક્ષભાવ જાગવાનો છે.** કેફમાં તો પાપ ખરાબ જ નહિ લાગે અગર 'પાપ-બાપ શાં ? જીવન મળ્યું છે તે બધું ય કરવાનું.' એમ લાગશે. સાચી વસ્તુ સૂઝે જ નહિ.

**પેલો બ્રાહ્મણ કાશીએ** હાડકાં લઈ ગંગામાં પધરાવવા ગયેલો, એને એના વિદ્યાર્થી તથા પત્ની સામે ભેટ્યા છતાં એ પોતે પત્ની બળી મળ્યાના અને એનાં જ હાડકાં પોતે લઈ આવ્યાના પાકા ભ્રમમાં છે, તેથી સાચેસાચ પત્નીને ઓળખવા તૈયાર નથી. પેલા બેને તો પસ્તાવો ભારે થયો કે 'અરે રે ! આ ઉપકારી પૂજ્યને આપણે કેવા ઠગ્યા ! આ બિચારા કેટલા બધા દુઃખ-શોકમાં આવી પડ્યા છે ! માટે લાવો ઓળખાણ આપી પાપનો ઈકરાર કરીએ,' એમ કરી કહે છે.

'માફ કરજો અમે બેએ ઘોર પાપ કર્યું છે. તમે પરગામ ગયા તેથી અમે ઘરમાં એક મડદું મૂકી ઘર સળગાવી આ ભાગી નીકળ્યા હતા. પણ હવે અમને ભારે પશ્ચાત્તાપ થાય છે. અમે તમને બહુ દુઃખી કર્યા છે ! તમારી માફી ચાહીએ છીએ.'

ત્યારે પેલો બ્રાહ્મણ મોહનો કેફમાં છે, તેથી આ માનવા તૈયાર નથી. કહે



છે, 'તમે વળી ઠગારા કોણ આવ્યા ? હું તમને ઓળખતો નથી. જાઓ જાઓ તમે તમારા રસ્તે.'

પેલી પત્ની કહે, 'અરે ? મને ઓળખતા નથી ? હું તો તમારી ધણિયાણી છું. મને ભૂલી જાઓ છો ?'

પણ બ્રાહ્મણ મક્કમ-મને કહે છે, 'બાઈ ! ખોટી ગળે કાં પડે ? મારી ઘરવાળી તો ઘર સાથે બળી મરેલી પડેલી મેં મારી સગી આંખે જોઈ છે, આ એના હું હાડકાં લઈ આવ્યો છું. તું વળી કોણ ?'

પેલી કહે 'હું એ જ, તમારી પત્ની. આ તો ભળતાં હાડકાં છે, અમે જ ગમે તે મડદું મૂકી સળગાવી રાખવાનો પ્રપંચ કરેલો, મૂકી દો હાડકાં અને ચાલો મારી સાથે ઘેર. આ જુઓ તો ખરા મારું મોં, મારા હાથ, કહો તો બધી ઘરની વાત કરું.'

પણ બ્રાહ્મણ તો એને કોઈ પરાઈ સ્ત્રી ગળે પડતી જ માને છે, એટલે કહે છે, 'બાઈ માથાફોડ મૂક. મારે તારું કાંઈ સાંભળવું નથી. મારી એ વહાલી પત્ની તો મરી ગઈ. તું તો કોક બીજાને ગળે પડે છે. લોકો કહે છે કે કાશીમાં ઠગારા ઘણા વસે તે સાચુંઃ સાચેસાચ મને જોવા મળ્યું, મારે તો હવે બીજી પત્ની કરવાની બાધા છે. હું તો હવે અહીં જ રહ્યો ભગવાનનું ભજન કરીશ. તું તારે રસ્તે પડ !' જુઓ કેવી મોહમૂઢતા !

વિદ્યાર્થીય સમજાવવા ઘણું મથ્યો, પણ બ્રાહ્મણ સ્વીકારવા તૈયાર જ નહિ, કેમકે ગ્રહ બંધાઈ ગયેલો, મૂઢ બની ગયેલો.

**બ્રાહ્મણ જેવી આપણી મૂઢતા :-** આમ મોહનો ગ્રહ વળગ્યો હોય, તો મહાજ્ઞાનીઓનું માનવા-સ્વીકારવાની તૈયારી જ ન હોય. એ ગમે તેટલું કહે કે

**'પાપો અને પાપનાં નિમિત્તો ભયંકર છે ! જીવનને એ ધૂળધાણી કરે છે !** તમને અનંતી વાર એમણે જ પીડ્યાં છે. અનંતકાળ પછી આટલે ઊંચે ભવે આવવાની મહેનત પર પાછું પાણી એ જ ફેરવે છે ! જીવને દુર્ગતિમાં એ જ ઘસડી જાય છે ! માટે પહેલું તો પાપ અને પાપનાં નિમિત્તને પસંદ જ ન કરો; ખાસ કરીને પાપનાં નિમિત્તોને ગમતા ન બનાવો, એના પ્રત્યે અરુચિ-અણગમો-તિરસ્કાર રાખો, અને જેટલું શક્ય બને એટલા પાપ અને પાપનાં નિમિત્તોનો ત્યાગ કરો. પાપનો અણગમો અને પાપનિમિત્તોની ભડક નહિ હોય, તો ધર્મની ફરસના થવી મુશ્કેલ છે, ફરસના નહિ થાય." આમ જ્ઞાનીઓ ઘણો ય ઉપદેશ આપતા હોય. પણ આપણને પેલા બ્રાહ્મણની જેમ મૂઢતા વળગેલી હોય એટલે એ ગળે જ ન ઊતરે, પોતાનું પકડેલું ગદ્ધપુચ્છ મુકાય જ નહિ. પછી પાપનો ય ડર નહિ, ને

પાપનાં નિમિત્તોનો ય ડર નહિ ! આ મૂઢતા બહુ ખતરનાક છે.

નિમિત્ત પણ ઓછું કામ નથી કરતા. જુઓ એ બ્રાહ્મણ તો એમ જ આગળ વધ્યો. અહીં એની પત્ની અને વિદ્યાર્થીને અકાર્યનો પસ્તાવો થયો પણ હતો, પરંતુ બ્રાહ્મણ હવે પત્નીને સ્વીકાર્યા વિના જ ગયો એ એક કુડું નિમિત્ત ઊભું થયું. એને એમાં આ બંને મૂઢ બન્યા. તે પાછા અકાર્ય કરવા પ્રેરાયા. વિચારે છે કે હવે આપણે એમ ને એમ ક્યાં એકલા કુટાશું ? માટે પતિ-પત્ની તરીકે જ રહીએ !' બસ પછી એમ જ રહ્યા. પાપનો એકવાર પસ્તાવો થઈ ચુક્યા છતાં પાપ કરવાની સરળતા થવાનું નિમિત્ત મળ્યું તેથી પાછા પાપમાં પડ્યા !

**નિમિત્ત તારે છે ને નિમિત્ત મારે છે.**

**પાપત્યાગની જોરદાર અંતરથી ધગશ ઊઠી હોય, સાપેક્ષભાવ પ્રબળ બન્યો હોય, તોજ પાપથી બચાય; નહિતર આ જગતમાં પાપ એટલું બધું સહેલું છે કે સહેજમાં પાપી બની જવાય.**

પાપત્યાગી બનવાનું અને સાચા ધર્મી બનવાનું એટલું સરળ નથી, સસ્તું નથી; તેથી બહુ મન મનાવી એ પાપત્યાગ લાવવાનું બને છે; ને પાછો એ સરકી જતાં કે ભુલાઈ જતાં વાર નથી લાગતી. માટે ધર્મારાધનાનો અને પાપત્યાગનો સાપેક્ષભાવ જાગતો ને જાગતો રાખવાનો છે.

**સતીના દૃષ્ટાંતે ધર્મી જાગ્રત્ જોઈએ :-** સતીઓને શીલ માટે અને લેશ પણ આંતર અને બાહ્યથી અશીલ ન સ્પર્શે એ માટે કેટલી બધી જાગતી સાવધાની હોય છે ! એમ ધર્માત્માને પાપત્યાગ માટે જાગતી સાવધાની જોઈએ.

**પાપાત્માના હિસાબ :-** કુશીલ નારીની વાત જુદી; એમ પાપાત્માની વાત જુદી એને તો અર્થલીલા કે સુખલીલાની જ એક લગની. એટલે અહીં પાપ લાગશે તો ? એવી ચિંતા રહે નહિ. 'બસ, પૈસા લાવો, પૈસા સાચવો, લહેર ભોગવો, દુનિયામાં બધે જશ લો; પછી એમાં ગમે તેવાં અને ગમે તેટલાં પાપ કરવાં પડે એની ચિંતા નહિ. પાપ-બાપની વાત તો કાયરોની છે, વહેમીની છે. એવા ડર કે વહેમ રાખવાના નહિ. સંસાર ચલાવવો છે, તે કાંઈ વાતવાતમાં પાપ પાપ જોયા કરવાથી ન ચાલે. અને દુનિયા જુઓને કેટલી પ્રપંચી છે ! એની સાથેના વ્યવહારમાં પાપ જોવા બેસવાનું ? શઠં પ્રતિ શાઠ્યમ્ કરવામાં વળી પાપ શાનું ?' આવા હિસાબ પાપાત્માઓના હોય છે.

**આજના કાળે** આ કરવા માડ્યું છે. આર્યમાનવોને ય પાપાત્મા બનાવવા માંડ્યા છે. પાપની સૂગ જ ઉડાવી મૂકે છે ! પછી ત્યાં પાપત્યાગની તમન્ના ક્યાં ઊભી રહે ? પૂર્વે કાળની વેશ્યાઓ પણ પાપને પાપ સમજતી હતી, તેથી મોકો આવતાં એનો ત્યાગ



કરી દેતી ! આજે સારા કુળમાં જન્મેલાને ય કુશીલ અને કુશીલના વેશ-વ્યવહાર એટલે જાણે એમાં કશું ખોટું લાગતું નથી ! વિલાયતી રીતભાતે એ પાપોની સૂગ જ રહેવા ન દીધી. નહિતર શ્રાવિકા વળી ગણિકા જેવા વેશ પહેરે ? પરપુરુષની દૃષ્ટિમાં અંગોપાંગ ઉઘાડવા-કરવાના ચાળા કરે ? સ્ત્રીઓને પુરુષમિત્ર હોય ? ઉંમરલાયક કન્યાઓ ઉંમરમાં આવેલા પરાયા છોકરા સાથે એકલી ફરવા જાય ? એકલી મળે-કરે ? એની સાથે એકલી ભણવા બેસે ? શું છે આ બધું ? આ શું પાપના નિમિત્ત છે કે પવિત્રતા જાળવવાનાં ? આમાં સૂગ ક્યાં રહી ?

**પાપના ત્યાગનો સાપેક્ષભાવ જાળવવો હોય તો એનાં નિમિત્તો ય અપસંદ જોઈએ,** નિમિત્તોનો ડર જોઈએ કે 'રખેને એ સેવતા પાપમાં સરકી જવાય તો ?' જોયું ને કે પેલા ઉપાધ્યાય બ્રાહ્મણની પત્ની અને વિદ્યાર્થી, બિચારા મૂઢ બનેલ બ્રાહ્મણે એને પોતાની સમજવા-સ્વીકારવા ના પાડી એ નિમિત્ત મળ્યું એટલે, પાછા પાપમાં પડ્યા ! અને આ પાપની શરૂઆત પણ કેવા નિમિત્તથી થઈ ? યુવાન વિદ્યાર્થી યુવતી ગુરુપત્નીની સેવા કરવાનું નિમિત્ત ઊભું થયું, ગુરુપત્નીએ એ નિમિત્ત વધાવી લીધું એમાંથી થઈ.

પાપથી બચવું છે ? તો 'મારે હાથે પાપ ન થઈ જાઓ' એ સાવધાનીની જેમ 'હું પાપના નિમિત્તનો પણ પડછાયો ન લઉં' એવી ય સાવધાની જોઈશે, અને ખૂબ કાળજી રાખીને બને તેટલું એનાથી દૂર રહેવાનો ચાલુ પ્રયત્ન રાખવો પડશે.

**પાનાબાજી-સિનેમામાં શો દોષ ? :-**

શાસ્ત્રે કેટલાય પ્રકારના અનર્થદંડ છોડવાના કેમ કહ્યા છે ? નાટક-ચેટક-તમાસા ન જોવા, ચોપટ-પત્તાબાજી વગેરે ન ખેલવા, એ બધું શા માટે ? દેખીતું એ કાંઈ બહુ મોટા પાપરૂપ લાગતું નથી; છતાં છોડવાનું કહે છે તે મોટા પાપનાં નિમિત્ત હોઈને કહે છે. જીવને એમાં બહુ રસ આવે છે તેથી ભારે રાગ, આસક્તિ, અને તુચ્છનું મૂલ્યાંકન થાય છે. પછી એમાં દ્વેષ પણ આવે, ચડસાચડસી ય આવે, હરિફાઈ, ઈર્ષ્યા, અને કાળી લેશ્યા પણ આવે, મલિન વાસનાઓ અને પાપી બુદ્ધિ પણ જાગે...સિનેમામાં શું થાય છે ? બિભત્સ વેશ અને ચેનચાળા જોવામાં મન લુબ્ધ થાય છે ને ? મેલી વૃત્તિ જાગે છે ને ? શું જોવાનું ? પરસ્ત્રીના રૂપ, અંગોપાંગ અને કામી ચેનચાળા ! એ ચાહીને જોવાય ત્યાં મન પવિત્ર ગણાય કે પાપિષ્ઠ ? સિનેમામાં દેખીતા ભારે ગુનેગારને દેખીતો ફટકારવા-મારવામાં આવે ત્યાં મન દયા ખાય ? કે 'ઠીક છે, બરાબર એ જ દાવનો છે' એવું થાય ? અરે ! મરાતાં પહેલાં, 'ક્યારે મારે !' એવું ય થાય ને ? એમાં પળે પળે ક્રૂરતાને અંગે પાપોનાં કેટલા થોક બંધાય ?

**આજે દુરાચાર, બદમાશી, તામસીપણું વગેરે એકદમ કૂદકે ને ભૂસકે કેમ વધી ગયા ?**

આમ જ સિનેમા, છાપા, નોવેલ-નવલિકા, નૃત્યમેળાવડા વગેરે પાપ-નિમિત્તોના સેવન વધે એટલે પાપ ન વધે એ બને કેમ ?

આજનાં રાષ્ટ્રનેતાઓને ચોરી-દુરાચારના પાપ ઘટાડવાં છે, પણ મનોરંજનના નામે પાપનાં નિમિત્તો વિકસાવવા-વધારવા છે; **'એ ભાદરવાના મેલેરિયામાં કાકડીના ટેસ્ટ'** કરાવવા જેવું છે, જીવોનાં મન અનાદિનાં ચોર છે, અને ચોરીના સંયોગ-અનુકૂળતા કરી આપ્યા પછી ચોરી વધે કે ઘટે ?

**ગુના કેમ વધ્યા :-** ઘરડા માણસો મૂર્ખ નહોતા કે કુટુંબના સદાચારની રક્ષા કરવા માટે દુરાચારના સંયોગ-નિમિત્ત જ બનવા દેતા નહોતા, બાઈઓ લાજ કાઢે, શરીર પુરું ઢાંક્યું રાખે, માઝામાં રહે, એમાં મન જે ચોક્ખા રહે એ આજના ઉદ્‌ભટ વેશ અને બોલવા-ચાલવાની પુરુષ જેટલી છૂટછાટમાં ન રહે. એમ મનોરંજનનાં વધુ પડતાં નિમિત્તોમાં પણ મન વિષયલુબ્ધ વધારે બને. તેથી અધ્યાત્મ-ભાવની પ્રવૃત્તિમાં જે પવિત્રતાને પોષણ મળે એવું આમાં ન મળે.

કેવી કેવી સીફતથી ચોરીઓ, બદમાશી વગેરે થાય છે એના ભરપૂર હેવાલ છાપામાં આવે, સિનેમા-ચિત્રપટ ઉપર દેખાડાય, તેવી નોવેલ-નવલિકાઓમાં રજૂ કરાય, એનું પરિણામ પ્રજામાં ગુનાહિત વૃત્તિના સર્જન-પોષણમાં આવે એમાં શંકા નહિ. પૂર્વે ભારતદેશમાં આ નિમિત્ત નહોતા અગર બહુ ઓછા હતા, તો આજના જેવું ગુનાનું બહોળું પ્રમાણ નહોતું પાપનાં નિમિત્તો અટકાવવામાં આવશે ત્યારે જ પ્રજાનું કલ્યાણ થશે. **પાપનાં ભયની જેમ પાપનિમિત્તોમાં પણ ભય જોઈએ.**

**રાગના અણગમા માટેની ભાવના :-** પાપનો ભય એક મહાન સદ્‌ગુણ છે. 'રખેને મને પાપ લાગે.' આ માટે પાપકાર્યની ઘૃણા-દુગંછા, પાપકાર્ય પ્રત્યે અણગમો-તિરસ્કાર કેળવવાની જરૂર છે. એ એની વારંવાર ભાવના કરવાથી થઈ શકે. દા.ત. રાગ એ મહાન પાપ છે. મૂળભૂત પાપકાર્ય છે, એમાંથી હિંસાદિ કેટલાં ય પાપો જન્મે છે તો એનો ભારે અણગમો કેળવવા એવી ભાવના ભાવવાની કે 'કેવો આ ખતરનાક રાગ ! કેવો એ આત્માનો દુષ્ટ રોગ ! જીવને મળવાનું-સુધરવાનું કાંઈ નહિ, પછી જગતના જડ પદાર્થો પ્રત્યે કે મોહાંધ ચામડાના પુતળાઓમાં રાગથી શું આકર્ષાવું ? શું મોહવું ! શી એની કિંમત આંકવી ? ધિક્કાર છે આ રાગરોગને ! ધિક્કાર છે રાગ કરનાર મારા નાદાન જીવને ! રાગથી સ્વસ્થ તંદુરસ્ત નહિ, પણ અસ્વસ્થ રોગિષ્ટ બનાય છે, સનેપાતનો આવેશ પણ રોગ છે, પછી ભલે દેખાવમાં સારો દેખાતો હોય, રાગ ખરાબ છે, આત્માની



નબળાઈ છે, કમજોરી છે, મૂર્ખતા છે...' આવું આવું વારંવાર ભાવવું-ચિંતવવું જોઈએ.

'રાગ ખરાબ, રાગ ખરાબ,' એવા મન પર વારંવાર ટકોરા પડવાથી એની સૂગ ઊભી થાય છે, એના પ્રત્યે ઘૃણા જાગે છે. બાળકને વિષ્ઠા પ્રત્યે 'છી છી' કરાવવાથી ઘૃણા જાગે છે ને ? પહેલાં તો હોંશે હોંશે હાથ ઘાલે છે, પરંતુ છી-છીની વારંવાર ભાવનાથી પછી સૂગ કરનારું બને છે. એમ અત્યારે આપણે અણસમજથી રાગ હોંશે હોંશે કરતા હોઈએ કિન્તુ હવે એમાં 'છી-છી' ધિગ્-ધિગ્'ની ભાવના કરવાથી રાગ પ્રત્યે તિરસ્કાર કરી શકીએ; તે પણ સહજ-સ્વાભાવિક સૂગ બની જાય.

**ભાવનાથી ભાવ :- ભાવનાનું આ સામર્થ્ય છે** કે એ તેવો સ્વાભાવિક ભાવ, પેદા કરી શકે છે. બ્રિટિશરોના રાજ્યમાં ગમે તેટલી સગવડ-સુખશાંતિ સારી હતી પરંતુ સ્વરાજ્યના આંદોલને પ્રજામાં વારંવાર એના પ્રત્યે ખરાબપણાની ભાવના કરાવીને સહજ ઘૃણા ઊભી કરી ને ? હવે ઘરના ચાલુ રાજ્ય પ્રત્યે પણ વિરુદ્ધ ચળવળો એવી ભાવના કરાવીને એ અણગમો ઊભો કરી રહ્યા છે ને ?

જેવું ખરાબમાં ખરાબીની ભાવનાથી, એવું સારામાં સારાપણાની ભાવનાથી બને છે. એમાં આકર્ષણ-મમત્વનો ભાવ જન્મે છે. છોકરાને ગણિત અઘરું પડતું હોય, કંટાળો આવતો હોય, પણ શિક્ષક એના વારંવાર ગુણ ગાઈ ફાયદા બતાવી બતાવીને સારાપણાની ભાવના કરાવે છે તો વિદ્યાર્થીને એ ભાવનાના અભ્યાસથી એનું આકર્ષણ જાગે છે. અમુક ધંધો પસંદ ન હોય, કિન્તુ જો કોઈ વારંવાર એના ગુણ ગાય છે તો તે સાંભળીને એના સારાપણાની ભાવના કરી કરી એનું આકર્ષણ જાગે છે. માતા-પિતા કે ગુરુ પ્રત્યે અણગમો રહેતા હોય છતાં એ આવા સારા છે, આવા સારા છે, એવી ભાવના કોઈ કરાવે તો તેથી આકર્ષણ-મમત્વ ઊભું થાય છે. ગુરુઓ 'ધર્મ આવો સારો, આવો સારો.' એવી ભાવના કરાવી શ્રોતામાં ધર્મની પ્રત્યે આકર્ષણનો ભાવ પેદા કરે છે. ભાવનાની બલિહારી છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૨,અંક-૩૮,તા.૨૦-૬-૧૯૬૪**

## પાપત્યાગનો સાપેક્ષભાવ ધર્મ ખરેખરો ગમ્યો છે

જેટલા દોષ આપણને પીડતા હોય, એને કાઢવાનો આ રસ્તો છે કે એમાં ખરાબપણાની ભાવના વારંવાર કર્યા કરવી. એમ ગુણો લાવવા માટે એમાં સારાપણાની ભાવનાનો વારંવાર અભ્યાસ રાખવો.

તો રાગાદિ પાપની ઘૃણા એમાં ખરાબપણાની ભાવના કરતા રહેવાથી જાગે. પણ એથી વિશેષ કામ આ ઊભું થયું છે કે એ પાપ નિમિત્તોનો ડર લાગે, એનો અણગમો બન્યો રહે, એ નિમિત્તો આપણી નિકટ આવવામાં ફાળ પડે કે 'માર્યા હવે ! આમાં પાપકર્મની બદમાશી આચરાઈ જશે તો ?'

આપણને પાપત્યાગનો કેટલો સાપેક્ષભાવ છે એનું માપ આના પર મપાય કે પાપનાં નિમિત્તો કેટલાં-કેવાં અપસંદ છે ? ધર્મીપણાનું પણ એના આધારે માપ માપી શકાય; તેમજ ધર્મીપણું એ પાપનિમિત્તોની સહજ અરુચિ ઉપર ખીલવી શકાય.

**પાપ તો શું, પણ પાપનાં નિમિત્ત પણ પસંદ ન હોય એ મહાન આત્મજાગૃતિ છે.** પાપના નિમિત્ત સામે આવે ત્યાં મન ખેદ અનુભવે, મનને ચિંતા રહે, અકળામણ થાય એનું નામ પાપનિમિત્તોની અપસંદતા.

**ધર્મ ખરેખર હૈયે ગમ્યો છે તો ધર્મના દુશ્મનભૂત પાપોના નિમિત્ત હૈયે ન જ ગમે. માટે તો સમ્યગ્દષ્ટિને સંસાર ઝેર જેવો લાગે છે, કેમકે એ પાપોનું નિમિત્ત છે. પાપ નિમિત્તોનો થોક એ સંસાર.** સંસારમાં ડગલું આગળ ચાલો ને પાપમાં નિમિત્ત તૈયાર ઊભાં જ છે. ત્યાં અનાદિના અભ્યાસી જીવને છેવટે રાગ કે દ્વેષ તો થયો જ સમજો. કેટલીય કડક જાગૃતિ હોય તો એમાંથી બચાય એમ,

સાધુને બ્રહ્મચર્યની નવ વાડ પાળવાની કહી. કેમ ? કારણ એ જ કે એનું ઉલ્લંઘન અબ્રહ્મ પાપનું નિમિત્ત બને છે.

**નંદિષેણ મુનિ** વેશ્યાનું ઘર જાણ્યા પછી પણ ઊભા રહ્યા, વેશ્યા સાથે વાદવિવાદમાં પડ્યા, એના હાવભાવ નિરખ્યા, આ બધાં પાપનાં નિમિત્તે એમને પાપમાં પાડ્યાં.

**ભુવનભાનુ કેવળી** ભગવાનના ચરિત્રમાં આવે છે કે એ પોતે પૂર્વભવોમાં ચૌદ પૂર્વધર બનેલા છતાં વિકથા-કૂથલી વગેરે પાપનાં નિમિત્ત મળ્યાં અને એથી સાવધાન બની જવાને બદલે એ નિમિત્તમાં રસ લઈને એને હોંશપૂર્વક વધાવનારા બન્યા, તો ગબડ્યા ગબડ્યા તે ચૌદ પૂર્વ તો ગુમાવ્યા તો ગુમાવ્યા, પણ છટ્ઠેથી પાંચમે, પાંચમેથી ચોથે ગુણઠાણે એમ પડતાં મિથ્યાત્વ ગુણસ્થાનકે આવી ઊભા, મરીને એકેન્દ્રિય નિગોદમાં ઉત્પન્ન થયા ! પાપનાં નિમિત્ત પસંદ જ ન હોય એવું જોઈએ; એના બદલે જો પસંદ રખાય તો તે જીવને કેટલે ઊંચેથી કેટલે નીચે પટકે છે ! ચૌદપૂર્વીપણામાંથી નિગોદમાં ! માટે પાપ તો પસંદ નહિ જ, પરંતુ પાપનાં નિમિત્ત પણ પસંદ નહિ એવી મનોવૃત્તિ તૈયાર કરવી જોઈએ. 'અરિહંત ભગવાન ગમે છે,' 'ધર્મ ગમે છે,' મોક્ષ જોઈએ છે,'...આ બધી લાગણી સાચી તો જ બને



કે પાપની જેમ પાપનિમિત્તોની પણ ગભરામણ થાય. કોઈનો આલેશાન લગ્નમંડપ કે બંગલો નજરે ચડતાં જ લાગે કે 'આ મહારાગરૂપી પાપનું નિમિત્ત છે. ભાઈ ! સાવધાન બની જાઓ; અને એના બદલે જ્વલંત વૈરાગ્ય ઝળહળાવો. બને તો મૂકો આ જોવાનું.' તાત્પર્ય આ ખાસ કરવા જેવું છે કે પાપનાં નિમિત્તોની ગભરામણ થયા કરે.

કિન્તુ એ રાગ-દ્વેષાદિ પાપી ભાવનું નિમિત્ત છે માટે.

અહીં આપણી સાપેક્ષભાવની વિચારણા પૈકી છેલ્લો પાંચમો 'પાપત્યાગનો સાપેક્ષભાવ' આગળ આવે છે. જીવનમાં જેમ,

(૧) જીવોનો વિચાર જોઈએ, એને તકલીફરૂપ કે એના પ્રત્યે અનુચિત વર્તાવવાળા ન બનીએ,

(૨) પરલોકના જાગતા વિચારવાળા રહીએ, જેથી પરલોક બગડે એવું ન કરવા માટે પહેલાં સાવધાન રહીએ,

(૩) જિન-વચનને વારંવાર યાદ કરી એનું બંધન બરાબર માથે રાખીએ, લેશ પણ એની શંકા કે ઉલ્લંઘનમાં ન પડીએ; અને

(૪) આરાધનાને સાપેક્ષ રહીએ, અર્થાત્ એની તમન્ના-તીવ્ર ભૂખ લાગી રહે; એમ

(૫) પાપત્યાગની પણ બહુ ધગશવાળા બન્યા રહીએ. એ કેળવવાનું છે.

**પાપત્યાગનો અપેક્ષાભાવ એટલે** જીવને પાપ વધે એ જરાય પસંદ નહિ; બલકે પાપ કેમ ઓછા થાય, પાપથી બચાય, એ વૃત્તિ જાગતી રહે. પાપ ન ગમે માટે પાપના ચોખ્ખાં દેખાતાં નિમિત્ત પણ ન ગમે; પાપથી તો ગભરાય, પણ પાપનાં નિમિત્તથી ય ગભરાય.

કૂથલી-વિકથા એ રાગદ્વેષાદિ પાપી ભાવનું, નિંદા-અસત્ય-અભિમાનાદિ પાપનું નિમિત્ત છે, અને પાપ વધારવાનું તો હવે પસંદ નથી, એટલે એનાં નિમિત્તભૂત વિકથા-કૂથલી ય પસંદ નહિ.

એમ જીવનમાં બીજાં પણ અવાચ્ય, અશ્રાવ્ય, અભક્ષ્ય, અકરણીય, અવિચારણીય વસ્તુ ય બોલવા-સાંભળવા-ખાવા-કરવા-વિચારવાનું પસંદ નહિ. એમાંથી શક્ય એટલો તો છૂટકારો લઈ જ લે; અને અશક્ય લાગે ત્યાં કદાચ સાંભળવા-કરવાનો પ્રસંગ આવ્યો તો મનને એમ થાય કે 'હું અહીં ક્યાં આવી ફસાણો ?' પાપત્યાગની જ્વલંત અપેક્ષા-ઉત્કંઠા છે માટે પાપ અને પાપનાં સ્થાનમાં આવી પડ્યે ફસામણ લાગે, પાપ ઊભું કરનારાં નિમિત્તની પણ ભડક લાગે.

એ ભડક હોય તો પાપનાં નિમિત્તોથી દૂર રહેવાય; ને તો જ પાપથી બચાય.

**પાપત્યાગની સાચી તમન્નાનો પડઘો પાપ નિમિત્તોના ત્યાગની તમન્ના ઉપર પડે છે.** જેટલી પાપત્યાગની તમન્ના પ્રબળ એટલી પાપ-નિમિત્તોના ત્યાગની ઇચ્છા પ્રબળ. અલબત્ત એવું બને કે અમુક નિમિત્ત આગળ જઈને પાપ ઊભું કરશે એવી ખબર ન હોય, અગર તે તરફ ધ્યાન ન ગયું હોય, તો પાપ ન ગમતું છતાં નિમિત્ત ગમતું થઈ જાય છે, અને સેવાય એવું બને છે. પરંતુ એ તો અજ્ઞાનદશા યા પ્રમાદ દશા થઈ.

**માણસે જો પાપનો ભય રાખવો છે અને પાપથી બચવું જ છે તો ઊભા થતાં પ્રસંગમાં જરા ઊંડી દૃષ્ટિ તથા દીર્ઘદૃષ્ટિ નાખવી જોઈએ અને તારણ કાઢવું જોઈએ કે આમાં પાપને સુલભ થવાનો અવકાશ છે કે નહિ ?**

## • વિવેક અને જાગૃતિ •

આમાં કાંઈ બહુ ઊંડા તત્ત્વજ્ઞાનની જરૂર નથી. જરાક બુદ્ધિ, વિવેક વાપરવામાં આવે તો સમજાય એવું છે. તેમ સમજ તો પડે એવી છે, પરંતુ મનનો પ્રમાદ હોઈ તે તરફ લક્ષ ન જતું હોય એવી સ્થિતિ ટાળી બને તેટલું સાવધાન રહેવાય કે 'પરિણામ જોવા દે, 'પાપ વધે એવું છે ? છે, તો આપણું કામ નહિ;' એમ મનનું લક્ષ લઈ જવાનું છે. તે કાંઈ કષ્ટમય નથી. એટલે, સરળ વિવેક અને લક્ષજાગૃતિ રાખીને પાપનિમિત્તોની ઓળખ કરી લઈ એનાથી બચવાનો પાકો પ્રયત્ન રાખવો.

આ વિવેક અને લક્ષજાગૃતિ સાપેક્ષભાવનું જીવન જીવવા બધે જ જરૂરી છે. અવિવેકી અને પ્રમાદી માણસને જીવો પ્રત્યે સાપેક્ષ, પરલોક પ્રત્યે સાપેક્ષ વગેરે બન્યા રહેવાનું શું બની શકે ? કાં તો મૂઢતા છે, દૃષ્ટિ જ ઊંડી કે લાંબી જઈ શકતી નથી; એટલે વિવેક નથી, અથવા દૃષ્ટિ તો પહોંચે એવી છે, પરંતુ લક્ષ જ જાગ્રત નથી, પ્રમાદ છે, તો મહાન કલ્યાણસાધક પાંચે ય સાપેક્ષભાવનું દેવાળું નીકળે છે. (૧) પોતાના જ સ્વાર્થની ધૂનમાં એવો ચાલ્યો જાય છે કે એને બીજા જીવનો વિચાર જ નહિ. (૨) પોતાનો સ્વાર્થ પણ એટલો બધો તુચ્છ હોય છે, કે 'પરલોક તો નહિ બગડે ?' એનું ધ્યાન જ નહિ, (૩) એમાં પાછો જાતવડાઈનો અહંભાવ એવો કે જિનવચનનો વિચાર જ નહિ. (૪) ક્ષુદ્ર વિષય સુખોની જ ભૂખ એવી કે ધર્મસાધના-ગુણાભ્યાસની પરવા જ નહિ. અને (૫) માત્ર દેહની જ ચિંતા છે, આત્માની ચિંતા જ નથી એટલે 'લાવ, જેટલું પણ પાપથી બચાય એવું હોય એટલો બચું, તેમ એના નિમિત્તોથી પણ આઘો રહું,' એ વિચાર જ નથી.

**વિવેકની સમજના અભાવે :-** જો વિવેક નથી, તો જીવનમાં આ પાંચે ય સાપેક્ષભાવનું ઠેકાણું નહિ રહે; અને વિવેકની સમજ તો છે, પરંતુ જો પ્રમાદ છે, લક્ષ-સાવધાની જીવતી-જાગતી નથી, તો ય સાપેક્ષતા બનવાની નહિ. એ નહિ



એટલે જીવન પૈસા ટકા, રંગરાગ, માન-આબરૂ વગેરેથી ભલે ઝાકઝમાળ દેખાય છતાં ધૂળધાણી ! સરવાળે મીંડું ! જીવનના અંતે પુણ્ય સફાચટ ! અને પાપભર્યો આત્મા અહીંથી એકલો નિરાધાર ક્યાંનો ક્યાંય ઊંચકાઈ જવાનો,

માટે સમજ અને લક્ષજાગૃતિ બંનેની જરૂર છે, જો જીવન ધૂળધાણી ન થવા દેવું હોય. દુનિયાનો મોટો ભાગ સમજ-વિવેક વિના મરે છે, આપણે જિનશાસનના પ્રતાપે નિર્મળ સમજ પામ્યા છતાં જો પ્રમાદ, બિનસાવધાની રાખીએ તો મરવાનું છે.

**પ્રમાદના લીધે :-** વિવેક હોવા સાથે સાવધાન રહી પ્રમાદ ટાળવાની પણ એટલી જ આવશ્યક્તા છે. 'હું આ પાપ સેવી રહ્યો છું.' એનું ભાન જાગ્રત હોય એટલાથી બસ નથી, પણ એ પાપનો શક્ય એટલા પ્રમાણમાં ત્યાગ કરવાનો પ્રયત્ન કરવાની ય જરૂર છે નહિતર શક્ય અને સરળ પણ પાપત્યાગ કરવામાં અખાડા કરવામાં એવું બને છે કે એની જાગૃતિ પણ બિચારી સુકાઈ શુષ્ક બની જાય છે.

**જાગૃતિ શી ચીજ છે ?** શું એકવાર આપણે જાણી લીધું એની ખબર પડી ગઈ, એ જ જાગૃતિ છે ? હવે અત્યારે એના તરફ કાંઈ લક્ષ જ ન હોય તો ય જાગૃતિ ઊભી ગણાય ?

**એક દૃષ્ટાન્ત સમજો.** છોકરો દિલ્હી જાય છે. બાપ કહે છે, 'જો ભાઈ ! દિલ્હીમાં ઠગ ઘણા. એટલે સાવધાન રહેજે. એ મોટી મોટી વાત કરવા આવશે. મીઠું મીઠું બોલશે. સારા લાભનો સોદો ય દેખાડશે, પણ તું ફસાતો નહિ. એવાની સાથે વાતમાં ઊભો રહેતો નહિ. હાં, એ કહેશે 'મારે ફલાણા પ્રધાન સાથે ઓળખાણ છે, ફલાણી ઓફિસમાં તો મારું જ કામ. કાચી સેકંડમાં કામ કરાવી શકું. તમારે કાર્ય કરવું હોય તો ચાલો હું સાથે રહી કરાવી દઉં. જરા પહેલાં તમારું નામ-ઠામ-કામ મને બતાવો એટલે ત્યાં જઈ ભૂમિકા કરી આવું. માત્ર એ લોકોને જરા ચા-પાણી કરાવવા પડે. આજનું તંત્ર તો જાણો છો ને ? માટે આટલી રકમ આપો. શંકા ન કરશો મેં ઘણાનાં કામ કરાવી આપ્યા છે...' વગેરે વગેરે કહી ગોળ ગોળ કરી ફસાવે છે. માટે એવો ફસાતો નહિ. વાત પરથી પરખી લેજે. આજે કાંઈ બધા નિઃસ્વાર્થ-પરોપકારી સંત નથી બની બેઠા. માટે એવા સાથે વાતમાં ય ઊભો રહેતો નહિ.' આમ બાપે સમજાવ્યું એટલે છોકરાને ઠગની ખબર તો પડી ગઈ. પણ હવે દિલ્હી જાય અને ત્યાં એવા વાત કરાવનાર અને જરૂર પડ્યે બે પૈસા ખરચીને મોજ પણ ચખાડનાર મળી ગયા; ત્યાં એવાથી આઘા રહેવાની વાત તો દૂર, પણ જરા લક્ષ બી ન લઈ જાય કે પૂર્વે બાપે ઓળખાવ્યા મુજબ આ ઠગ લાગે છે,' અને આંખ મીંચીને એવાની વાતચીત તથા સરભરા લેવામાં પડે, તો એણે

જાગૃતિ રાખી કહેવાય ? કદાચ મનને લાગે કે સંભવ છે આ બોગસ માણસ ન હોય અને આની વાતમાંથી આપણને લાભના સંયોગ બની આવે ને કદાચ વાતમાં ઊભો રહે એવું બને પણ, છતાં મનમાં વસવસો તો રહે જ કે કોને ખબર આ ઠગ પણ કાં ન હોય ? બાપાજીએ કહ્યું છે કે 'દિલ્હીમાં ઠગ ઘણા. માટે ખબરદાર રહેવા દે.' તો તો તે હજી જાગૃતિ ગણાય.

એમ અહીં પાપનો પ્રસંગ આવીને ઊભો, ને એનાથી આઘા ન પણ ભાગ્યા, છતાં મનમાં વસવસો હોય કે 'ભગવાને આને પાપ તરીકે ઓળખાવેલ છે તો સમજી-સમાલીને ચાલવા દે. હું વળી ક્યાં અહીં ફસાયો ?' આવું કાંઈક મનમાં ભાન-સાવધાની જાગતી રહે તો તો એ જાગૃતિ કહેવાય પણ ના, એ કશો ખ્યાલ નથી રાખવો, અને પાપમાં આંખ મીંચીને ઝુકાવવું છે, વળી પાછી ચીવટ એક જ છે કે 'એ પાપકાર્ય કેમ સારું થાય, ઝટપટ થાય, એથી જશ મળે, પૈસા મળે, માન મળે...' તો આમાં જાગૃતિ ક્યાં રહી ?

**વીતરાગ-સર્વજ્ઞ ભગવાનનો સેવક તો પાપઠગોને બરાબર ઓળખનારો અને એનાથી સદા સાવધાન હોય.** ઠગ સાથે ઊભો ય રહ્યો તો પણ પક્કી સાવધાની રાખીને કે 'આ ઠગની જાત, પાપની જાત.' એથી એનાથી ભાગું ભાગું થતું હોય. પાપમાંથી નીકળી જવાનો તલસાટ હોય.

જાગૃતિમાં પાપની ઓળખ ઉપરાંત એની નીરસતા પણ જોઈએ, એમાં ઉદ્વેગ પણ અંતરમાં રહ્યા કરે. ઠગની ફસામણીમાં ઠગ તરીકેની માત્ર ઓળખ જ નથી રહેતી, પણ દિલને વસવસો રહે છે કે 'આ ઠગ ! ઠગી લેનારો ! આની સોબતમાં લૂંટાઈ જઈશ !' એનું નામ સાવધાની, જાગૃતિ. એવી પાપ પ્રસંગમાં સાવધાની, જાગૃતિ જોઈએ. પાપત્યાગનો સાપેક્ષભાવ અર્થાત્ જાગતી અભિલાષા રાખવી હશે, તો જાગૃતિ જોઈશે.

સાપેક્ષભાવમાં આટલેથી બસ નથી. અંતરમાં લાગી ગયું છે કે 'આ પાપો એ ઠગની જાત !' એટલે એનાથી જેટલું શક્ય હોય એટલું બચવાનું પણ છે. શક્ય એટલો પાપનો ત્યાગ પણ કરવાનો છે. એમાં પ્રમાદ ન ચાલે ઠગારાથી બચવામાં આળસ-બેદરકારી કેવી ? ઠગારાના ઘેરામાં નિરાંત શાની હોય ?

**જીવની નબળી કડી :- પાપ એ ઠગની જાત કેમ ?** ઠગારા શું કરે છે ? સારી મનગમતી લાલચ દેખાડી દેખાડી સીસામાં ઉતારે છે. લાલચમાં ભોળવાઓ-ફસાઓ એટલી વાર, પછી પાપના સકંજામાં સપડાયા સમજો ! ત્યારે આ જીવને શાની લાલચ છે ? મનગમતા ખાન-પાન, મનગમતા વિષય સુખો, એનાં સાધનો પરિવાર-ધન-માલ-મિલકતનો પરિગ્રહ, અને સત્તા-શેઠાઈ-આરામી, આ બધાની જ



લાલચ ને ? પુદ્‌ગલ પરાવર્તના જંગીકાળ પણ અનંતા વીત્યા એમાં જીવ આ બધાનો લાલચુ બન્યો રહ્યો છે. આ એની નબળી કડી છે બસ, ઠગારાને આ નબળી કડીનો લાભ ઉઠાવવો છે. જીવને એની લાલચ પુરાવાની દેખાડી એટલે ઠગારાના પાસા પોબારા !

**હલકટ પણ પાપો લાલચુ જીવને તાણી શકે છે.** નજીવો વડાઈનો લાભ અર્થાત્ ચારમાં જરા હોશિયાર ગણાવાનો લાભ મળતો હશે તો એટલા ખાતર જૂઠી વાત કરશે ! તુચ્છ સારું માનવાની લાલચમાં હાસ્ય-મજાક-મશ્કરી અને નિંદાનો આશરો લેશે ! એમ લક્ષ્મી અને વિષયસુખના લાલચુ જીવને અધમ ધંધા, અનીતિ, ધર્માચારોની બેપરવાઈ, વગેરે પાપો પોતાના સકંજામાં લે છે. એની પાછળ ઈર્ષ્યા-હોંશાતોંશી-કલહ-ક્લેશ, બીજાનું બગાડવાની બુદ્ધિ વગેરે પાપો ગળે વળગે છે. આ પાપઠગની ઓળખ નહિ, અગર એની ઠગાઈમાં ફસાયા તો કેટલી નાલેશી અને કેટલા ભયંકર પરિણામ એનો વિચાર અને ભય નહિ, એટલે રુંડું મનુષ્ય જીવન કૂડાં કામોમાં કૂડી લેશ્યામાં પસાર થઈ રહ્યું છે.

## • કૂડાં કામ અને કૂડી લેશ્યા •

**કૂડાં કામ કોને કહેવાય ?** એ સમજો છો ? માત્ર કસાઈવેડા કે ખૂન કરવાં એજ કૂડા કામ, યા લબાડીપણું વેશ્યાગામિત્વ કે લૂંટફાટ-ચોરીઓ જ કૂડાં કામ, એમ સમજતા નહિ, એ તો ભયંકર કૂડાં કહેવાય; પણ તેવા કામ સિવાય બીજું નીચેની કક્ષાનાં કૂડાં કામ અપરંપાર છે.

ઘરખટલો ચલાવવા કે ધંધોધાપો કરવામાં કરાતો અસંખ્ય સ્થાવર જીવોનો જાણ્યે અજાણ્યે કરાતો કેટલાય ત્રસ જીવોનો સંહાર એય કૂડું કામ છે.

એમ ધનપરિગ્રહ, અનીતિ-અન્યાય, જૂઠ-ડફાણ, રગડા-ઝગડા, રોષ-રોફ, મદ-મત્સર, વેરઝેર વગેરે પણ કૂડાં કામ છે.

માયા-પ્રપંચ, દાવપેચ, એ ય જાલિમ કૂડાં કામ છે. હાંસી-મશ્કરી, વાતવાતમાં હસવું-રોવું, શોક કરવો, દીનતા દેખાડ્યા કરવી એ પણ સારાં નહિ, કૂડાં કામ છે.

તો ઉદ્‌ભટ વેશ, ઉદ્‌ભટ રહેણી-કરણી, મોહના ચેનચાળા, અનુચિત વ્યય, માતાપિતાદિના અવિનય, કૃતઘ્નતા, અવગણના, એમ દેવ-ગુરુ-સંઘના અવિનય, કૃતઘ્નતા, આશાતના, અવગણના, આ બધાં ય કૂડાં જ કામ છે.

એકેક ઈન્દ્રિયની ગુલામીનાં વિષય સેવન અને આંતર શત્રુ કામ-ક્રોધ-લોભ-માન-મદ-હર્ષના વિચાર-બોલ-મુદ્રા-આચરણ બધું ય કુડું.

ખોટી વસ્તુના અભિનિવેશ-હઠાગ્રહ, નિર્દયતા, અસૌમ્ય બુદ્ધિ-વાણી-વિચાર-સ્વભાવ-વર્તાવ કૂડાના લિસ્ટમાં જવાનું.

લોકવિરુદ્ધ કાર્ય, સ્વાર્થલંપટ ચર્યા, નિર્લજ્જતા-કઠોરતા-રુક્ષતાની બોલચાલ, ઈર્ષ્યા-અસૂયા નિંદ્યપ્રવૃત્તિ, બધાંય કૂડાં જ કામ ગણાય.

ચાડી-ચૂગલી, ખોટા આક્ષેપ-આરોપ, નિંદા, જેનું તેનું ઘસાતું જ બોલવું, જાતની વડાઈ જ હાંક્યા કરવી, બીજાના તિરસ્કાર કરવા. ઉતારી પાડવા, ભોંઠા પાડવા, શેરખાંગીરી બતાવ્યા કરવી, બધાં ય કૂડાં કામ છે.

ગણો ગણો જગતમાં કેટલા પ્રકારે કૂડાં કામ ચાલી રહ્યા છે, ષડ્યંત્ર રચવા, બીજાને ભોળવી સીસામાં ઉતારવા, એકને કાંઈ ને બીજાને કાંઈ કહેવું, અબી બોલ્યા અબી ફોક, વચનભંગ, વિશ્વાસઘાત બધાં ય કૂડાં કામ.

રાજકથા-દેશકથા-ભોજનકથા-સ્ત્રીકથાદિ, વિકથા, કૂથલી, ગપ્પાંસપ્પાં, મૂરખતા-બોલ બોલ કરવું, કોઈના બુદ્ધિભેદ થાય, પોતાના પૂજ્યો પર અરુચિ-અનાદર થાય, ધર્મશ્રદ્ધા ડગમગે, ગુરુઓ પર ઇતરાજી થાય કે ભાવ ઘટે, વગેરે વગેરે થાય એવી પાપકથા, એવા ઉદ્ગાર આ બધું ય કૂડાં કામની જમાત છે.

દુર્જનોની પ્રશંસા-બહુમાન, સજ્જનોની નિંદા-અવગણના, હરામ હાડકાં, મિથ્યાદૃષ્ટિની વાહવાહ-પરિચય, એથી ઊલટું ઇતરમાં જિનવચનાનુસારી દયા-નમ્રતા-ગંભીરતાદિ ગુણોની નિંદા, એ કૂડાં કામ છે.

ગણો કેટલા ગણશો ? હવે જીવન રોજીંદુ જીવનવાર-તહેવાર-રવિવારનું અને પ્રાસંગિક જીવન તપાસી જુઓ કે આ લિસ્ટમાંથી કેટકેટલાં કૂડાં કામ ચાલી રહ્યા છે. ભૂલતા નહિ, એક ઇન્દ્રિય ગુલામીના વિષય-સેવનમાં જ ઢગલો કૂડાં ગણવા પડશે. ચા કે દાળ સહેજ ફીકી હતી, પણ ગળે ઊતરે એવી હતી છતાં જીભડીના સ્વાદ માટે એમાં સહેજ સાકર-મીઠું નાખ્યું એ કૂડામાં જશે, દાળમાં બોળેલો રોટલીનો ટૂકડો ગળે ઊતરે એવો હતો પણ લૂલીને મહલાવવા એના ઉપર મોંમાં શાક-અથાણાં-ચટણીનો ડપકો મૂક્યો; એ કાંઈ સારાં કામમાં નહિ ગણાય, કૂડું જ લેખાશે. હવે આ એકલી જીભડીનાં કૂડાનું લિસ્ટ કરો જો વારું; કેટલું મોટું થવાનું ?

ત્યારે આંખની ગુલામીના કૂડાં કામોનું તો લિસ્ટ કરતાં જ થાકી જશો. એમાં ય બીજાના બંગલા-બગીચા, મોટર-વૈભવ પર આંખ ખૂશ દિવસમાં કેટલી વાર થતી હશે ? તો પરસ્ત્રી ભલે ભાભી-કાકી-મામી હોય છતાં એનાં અંગોપાંગ પર આંખ ફરકી આવે છે ખરી ? કુદરતની સૃષ્ટિ પર આંખ રાચીને દોડે ખરી ? ઉકરડા-પાયખાના-ગંદવાડ-ભંગાર વગેરે જોઈને, ભલે દૂર દુર્ગંધ ન ય આવતી હોય તો પણ, આંખને ઇતરાજી થાય ખરી ? આ બધું ય કૂડું.

ત્યારે સ્પર્શનેન્દ્રિયનાં કૂડાનાં નાટકો વળી કેઈ ઢગલાબંધ છે. એમ શ્રોત્રની



ગુલામીનાં ય ઢગલાબંધ છે તો નાસિકાના ફૂલણખાં અને મચકોડાવાનું ય કૂડાંમાંથી રહી જાય એમ નથી તો મનના કૂડાંનો તો પાર જ નથી ! કૂડી લેશ્યા, કૂડી વિચારણા, કૂડાં ધ્યાન, કૂડાં સંકલ્પ-વિકલ્પ, કૂડી ધારણા-ગણતરીઓ, કૂડાં મનોરથ, કૂડાં આયોજન, વગેરે મનનાં તોફાનનો હિસાબ નથી !

**કૂડાં કામ વખતે ભાન ખરું ? :-** સવારે જાગ્યા તે રાતે જપ્યા ત્યાંસુધીમાં તપાસી જુઓ, એક દિવસનું તો ગણી જાઓ, કૂડાં કામોનું કેટલું મોટું નોંધપાત્ર થાય એવું છે ? એ બધાં બંધ કરી દેવાની વાત તો દૂર, પણ પહેલાં એ કરતી વખતે કૂડાંપણાનું ભાન, ને એમાં આત્માની નાલેશી અને ભવની બરબાદી તથા પરલોકની ભયંકરતા મગજમાં આવે છે ? મફતનું હસ્યા, કે ભોજનનો ટેસ્ટ ઉડાવ્યો તે વખતે મનને થાય ખરું કે 'આ કૂડું કામ થયું ? આમાં મારી નાલેશી છે ? પાપની આવક અને દુઃખને નોતરું છે ?' થાય ખરું આવું કાંઈ ?

**નાલેશી શી ? :-** નાલેશી સમજો છો ને ? અનંત શક્તિનો ધણી આત્મા દુબળી-પોચલી અને તે ય જડ ઇન્દ્રિયોનો ગુલામ બને, એનો નચાવ્યો નાચે, એ વેશ્યા-રંડીના નચાવ્યા સમ્રાટ રાજાની નાલેશી જેવી નાલેશી છે. સસલું સિંહ પર સ્વાર થાય એવી નાલેશી છે.

(૨) બીજી નાલેશી એ, કે જનમ તો રૂડો ધર્મ સાધનાનો મળ્યો પણ એમાં અઢાર પાપસ્થાનકના ધંધા કરવા એ કોઈ મોભાદાર જેન્ટલમેન-સદ્ગૃહસ્થ દારૂ પીને રસ્તા પર ગટરમાં આળોટે અને ખીખી હસે એના જેવી નાલેશી છે.

(૩) વળી નાલેશી એ, કે કેટલાંય કૂડાં કામ પોતાના ઊંચા કૂળ, ઊંચા દેવ-ગુરુ, ઊંચી ખાનદાની-સમજદારી મોભો-સ્થાન-હોદ્દો વગેરેને દીપાવે નહિ પણ હલકા પાડે એવાં છે.

(૪) એમ; નાલેશી એ, કે આ કૂડાં કામોમાં પછી ભલેને જરાકશી હાંસી-મજાક-હસવું કે જડના રૂપરંગ પર સહેજ પ્રશંસાનો બોલ કાઢવો, એમાં પુણ્ય ગુમાવી પાપ ખરીદવાનું છે. અસલી હીરા વેચી નકલી સોનું ખરીદે એમાં નાલેશી ખરી ને ? તો અહીં મહાકિંમતી મન-વચન-કાયાદિની શક્તિ હીરા જેવા પુણ્ય અને આત્મગુણસંપત્તિને ઊભી કરી શકે એવી મળી છે, પરંતુ એને ગુમાવીને કૂડાં કામોમાં પાપની ખરીદી, પાપની ભરતી કરાય છે.

(૫) વળી નાલેશી એ, કે આટલા ઊંચા ભવે તો એકેન્દ્રિયપણામાંથી નીકળી આવતાં યુગોના યુગો વીત્યા હશે, પરંતુ કૂડાં કામોમાં રાચ્યા-માચ્યા રહેવાથી કાચી સેકંડમાં સીધા એકેન્દ્રિયપણામાં લઈ જાય એવું કુસાહસ ખેડાય છે. જિંદગીભર કાળી મહેનત કરી કરીને ભેગા કરી રાખેલ કરોડ રૂપિયાનું કરોડપતિપણું જુગારમાં

કે હોડમાં પલકમાં ફના કરી ભીખ માગતો થાય એના જેવી એ નાલેશી નહિ તો બીજું શું છે ?

(૬) વળી નાલેશી આ, કે જે પરમાત્માના પ્રભાવે આ માનવપણું, આર્યકુળ, અને બીજી બધી પુણ્યાઈ મળી, એ ભગવાનને વિસારી, દ્રોહી વિષય-કષાયોની સેવાનાં કૂડાં કામ કરવા, એ ઊંચી સત્તા-શેઠાઈએ પહોંચાડનાર મહાઉપકારી માતાપિતાને બાજુએ મૂકી દ્રોહી પત્ની-મિત્રમંડળ વગેરેની ગુલામી ઉઠાવવા જેવી નાલેશી છે.

આમ બીજી પણ નાલેશીઓ ગણાવી શકાય. ૧. ઇંદ્રિયવેશ્યાની ગુલામી, ૨. પાપસ્થાનકની ગટરમાં લોટવું, ૩. ખાનદાની લજવવી, ૪. પુણ્ય વેચી પાપ ખરીદવું, ૫. પંચેન્દ્રિય માનવપણા સુધીની બધી કમાઈ હોડમાં મૂકવી, અને ૬. પરમોપકારી પરમાત્માને વિસરવા, આ બધું નાલેશીરૂપ કૂડાં કામોમાં બને છે, તો કૂડું જરાક પણ આચરતાં કમમાં કમ આ નાલેશીનો ખ્યાલ આવી ડંખ-હૃદયસંકોચ-ગ્લાનિ તો થવી જોઈએ ને ? નાલેશીનું આચરતાં મોઢું ઊજળું રહે કે લજવાય ?

પાપત્યાગનો સાપેક્ષભાવ ઓછામાં ઓછું આ માગે છે કે કૂડાં કામ કૂડી લેશ્યા આચરતાં એને કૂડાં તરીકે ઓળખી દિલમાં ડંખ-સંકોચ-નાલેશી અનુભવો. આ જો ખરેખર આવે, તો પછી સર્વાંશે નહિ તો અંશે અંશે ય પાપ છોડવા તરફ ઉદ્યમ રહેશે.

જુઓ આ નાલેશીની લાગણી માણસને કેટલે ઊંચે ચઢાવી શકે છે ! કેટલો બધો બચાવ આપે છે ! ધર્મસાધના કેટલી જ્વલંત બનાવી દે છે !

અઈમુત્તાકુમાર-મુનિ બાળપણાને સુલભ ક્રીડાપ્રિયતા સ્ફુરી આવવાથી બીજા રમતા છોકરાઓ સાથે પોતાનું પાત્ર તળાવમાં તરતું મૂકી રમવા લાગ્યા, ત્યાં પ્રૌઢમુનિએ આવીને રોક્યા; કહ્યું 'આમાં અસંખ્ય જીવોની હિંસા થાય મુનિથી આ કરાય ?'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૨,અંક-૩૯,તા.૨૭-૬-૧૯૬૪**

## પાપત્યાગનો સાપેક્ષભાવ : હર્ષ-ઉદ્વેગ કેમ મટે ?

અઈમુત્તા મુનિ તરત જ સાવધાન બની પાત્ર લઈને મુનિઓ સાથે ચાલી મહાવીર-વર્ધમાન પ્રભુ પાસે આવે છે. મનમાં હવે આ પાપ થઈ ગયાની નાલેશી ભારે લાગી છે. પ્રભુ પાસે આવી ઈર્યાપથિકી પ્રતિક્રમે છે. અંતરમાં નાલેશી પારાવાર લાગી છે,-અરે ! આ મેં શું કર્યું ? પ્રભુએ તો દયા કરી મને પાપથી છોડાવ્યો, પણ મેં મૂર્ખાએ પાછું પાપ આચર્યું ? કેટલો બધો હું નીચ ! અધમ ! હરામી !'



અઈમુત્તા મુનિ આ સ્થિતિમાં છે; ત્યારે પેલા પ્રૌઢ મુનિ ભગવાનને પૂછે છે 'ભગવાન ! આ અઈમુત્તાને હજી કેટલા ભવ રખડવાનું છે ? પ્રશ્ન જરા અઈમુત્તાની અવગણનાનો છે. પણ પ્રભુ કહે છે, 'એની આશાતના ન કરો. એ ચરમશરીરી છે. આ ભવે જ મોક્ષગામી છે.'

પ્રભુનું વચન સાંભળીને મુનિઓ લજવાઈ ગયા, 'મિચ્છા મિ દુક્કડં' કરે છે, અઈમુત્તા મુનિની મહાનતા ઉપર પ્રભુનો સિક્કો લાગે એટલે તો ખલાસ જ ને ? એ અંગે પૂછવાનું રહે ? શાના ઉપર મહાન ? પાપની નાલેશી ભારોભાર લાગી એના પર. અનંતજ્ઞાની તીર્થંકર ભગવાને મહત્ત્વ એના પર આંક્યું ! ત્યારે પૂછો,

**પ્ર.**- બીજા મુનિઓને પાપમાં નાલેશી નહોતી લાગી ?

ઉ.- લાગી હતી પણ એ થોડી, અને અઈમુત્તાના મન પર વધારે નાલેશી થઈ આવી, "આ બાળમુનિ આવું કરે ?' એમ મનમાં આવ્યું. પાપની જોહુકમી પર દિલમાં દર્દ અને અઈમુત્તા પર દયાભાવ આવવો જોઈતો હતો, 'અરે ! પાપ કેટલું જોરદાર ! બિચારા અઈમુત્તા મુનિને ય ભૂલાવામાં નાખી દે !' આવું કાંક થવું જોઈતું હતું, એના બદલે 'હુમ્ આ અઈમુત્તો કેવો !' એમ નાલેશી એના પર વરસાવવા ગયા. એ અવગણનાના પોતાના પાપ પર નાલેશી ન લાગી. એટલે હિંસાના પાપની નાલેશી ગૌણ થઈ ગઈ.

**એ તો જેનું જોર, એ સામાને ફિક્કું પાડી દે.** અંતરમાં પ્રભુભક્તિની લાગણી છે, પરંતુ કોઈએ પ્રભુનો ભક્તિ-મહોત્સવ કર્યો ત્યાં એના પર જો ઈર્ષ્યા-બળતરા-અસહિષ્ણુતા થઈ આવે છે, તો એનું જોર પેલી ભક્તિની લાગણીને ફિક્કી પાડી દે છે.

આ ધ્યાન રાખવાનું છે કે સારી લાગણીના વખતે મેલી લાગણી ઊઠી તો એ મેલી બળવાન થઈ સારીને ફિક્કી પાડી દેશે. સમૂહ-પ્રતિક્રમણમાં પોતાને સૂત્ર બોલવાની હોંશ છે, પણ તે વડપણ દેખાડવા. હવે એમાં જો આદેશ બીજા કોઈને મળ્યો અને એણે બોલતાં બોલતાં કાંક ભૂલો કરવા માંડી, તો જોઈ લો, આ આદેશ નહિ મેળવનાર ભાગ્યશાળી જાણે ચોંટ લગાવે છે, 'ક્યારે સામાની ભૂલ પડે ને ફટકારું !' બસ પોતાને એ સૂત્રના શ્રવણ પર, એમાં પાપ-પશ્ચાત્તાપના કે વંદના ભક્તિ વગેરેનો શુભભાવ ભાવવાનું દૂર ગયું, એના બદલે ઈર્ષ્યાભાવ, અસહિષ્ણુતા ભાવ, પરદોષ-દૃષ્ટિનો ભાવ જાગતો થઈ ગયો ! એ અશુભ લાગણી બળવાન બનવાથી પેલી શુભ લાગણીને દબાઈ જવું પડ્યું.

**પ્ર.**- પણ પોતાને બોલવાનો આદેશ ન મળ્યો એટલે સહેજે આવું થાય ને ?

ઉ.- ના, એવો નિયમ નથી. જો પોતે એટલી સમજ રાખે કે સૂત્ર મારે બોલીને પણ ભાવોલ્લાસ જ વધારવાનો હતો, તો સાંભળીને પણ એ જ કામ

કરવાનું છે; અને વળી સાંભળવામાં એ સરળ છે, કેમકે પોતાને બોલવાની પ્રવૃત્તિમાં મન જે લગાડવું પડત, તેના બદલે હવે સામાના શબ્દ પર અર્થનું ચિંતન કરવાનો અને એને અનુરૂપ ભાવનો ઉછાળો અનુભવવાનો વિશેષ અવસર મળ્યો.

વાત એ છે કે, બોલવું કે સાંભળવું એમાં પોતાના આત્મા સાથે જ સંબંધ રાખવાનો છે કે

**'આમાં મારે પોતાને શું લાગેવળગે છે ?**

**આ સૂત્રના ભાવની અપેક્ષાએ હું કેવો છું ?'**

એનો ખ્યાલ જ નથી એટલે જીવ બહારમાં ભટકે છે. 'હું સૂત્ર સરસ બોલીને બીજા પર છાપ પાડી દઉં. જશ લઉં, બીજાને આંજી દઉં' આવો જાતે બોલવામાં દુષ્ટ હાર્દિક ભાવ તરવરે છે ! અને જાતે સાંભળવાનું આવે ત્યાં પણ બીજાની ભૂલ કાઢીને જશ લેવાની, બીજાને હલકા પાડવાની દુષ્ટ મનોવૃત્તિ રહે છે ! નથી રહેતો સૂત્રાક્ષર-સૂત્રાર્થને પોતાના આત્મા સાથે જોડવાનો ભાવ, કે 'ભાઈ ! મારે આ સૂત્ર કહે છે તેની સાથે શો સંબંધ છે ?' આ જોવું નથી. પછી બોલવા-સાંભળવામાં જીવ બહાર ન ભટકે તો બીજું શું કરે ?

જીવની કેવી અવળચંડાઈ છે કે ડહાપણ બીજાનું ડહોળવું છે, 'બીજા કેમ છે ?, 'શું છે ? ફલાણો કેવો ? ઢીંકણો કેવો ?' 'જાત કેવી ? હું કેવો ? મારા આત્માનું કેમ-કેવું શું ?' આ જોવું નથી !

ભાન નથી કે **જગતનું જોવામાં તો અનંતા જનમ વહાવ્યા ! આ જનમમાં પણ મોટા ભાગે શું ? લગભગ બધો જ સમય પોતાના આત્મા સિવાયનું જ જોવામાં વીતાવ્યો ! હવે આ લત ક્યાં સુધી ? જીવનના છેલ્લા શ્વાસ સુધી ?** માત્ર પરનો જ વિચાર ? પોતાનો વિચાર જ નહિ ?'

તપાસવા જેવું છે કે શું સંસારની પ્રવૃત્તિઓમાં, કે શું દાનાદિ ધર્મપ્રવૃત્તિઓમાં,

**પોતાના આત્મા સાથે જ લેણદેણ કેટલી ? અને પરની ચિંતા પંચાત કેટલી કૂટવાની ?**

આપણે આપણા આત્માના રસિયા છીએ કે પરવસ્તુના, એનું માપ આના પરથી નીકળે છે. આપણને રસ શેમાં છે ? આપણે આસ્તિક છીએ ને ? આત્માને માનનારા. તો આપણને રસ આત્મામાં છે ? કે પરમાં ?

ભગવાન જિનેશ્વરદેવનું શાસન હૈયાને અડ્યું હોય એ તો સાંસારિક પ્રવૃત્તિ કરતી વખતે પણ રસ આત્માનો ધરાવતો હોય. બહારનું કરે-મૂકે-સંભાળે, પણ બહારમાં રસ નહિ, રસ આત્મામાં. બોલો છો ને કે



**સમકિત દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ,**

**અંતરસે ન્યારો રહે, જિમ ધાવ ખેલાવત બાળ,**

ધાવમાતા માલિકના બચ્ચાને સંભાળતી નથી ? એમાં કમીના રાખે છે ? ના, કદાચ પોતાના બચ્ચા કરતાં આને સંભાળવામાં વધારે ભોગ આપે છે, વધારે ચીવટ-ચોકસાઈ-સમય સાચવે છે. છતાં એના દિલનો રસ ક્યાં છે ? પોતાના બચ્ચામાં જ. દિલ ત્યાં જ વધારે ખેંચાય છે. માલિકના બાળકને સંભાળે એમાં રસ ગણો તો પોતાના બચ્ચાને સંભાળવા માટે જરૂરી પૈસા માટે જ છે. એમાં ય, નથી ને આપત્તિ બંને બાળક પર આવી, તો પહેલાં પોતાના જ બચ્ચાને બચાવવાનું કરશે. આપત્તિ સિવાયના પ્રસંગ પણ માલિકના બચ્ચાને સમાલતાં પોતાના બચ્ચાને વારે વારે યાદ કરશે.

બસ, સમકિત દૃષ્ટિ જીવ એટલે કે જિનશાસનને જ એક તરણતારણ અને જીવન-સર્વસ્વ માનનારો. કુટુંબ-પાલન કરતી વખતે પણ એનો રસ આત્મામાં છે, સંસારમાં નહિ, પરિવાર-પોષણમાં નહિ. પરિવાર પ્રત્યે તો અંતરથી ન્યારો રહે છે, જેમ શેઠનો બાળ ખેલાવતી ધાવમાતા અંતરથી એનાથી ન્યારી રહે છે. કેમકે ત્યાં એને રસ નથી.

**જેમાં રસ, તે તરવરે :-** હવે આપણી સ્થિતિનું માપ કાઢવાનું છે. જિનશાસન યાને જિનેશ્વરદેવનું વચન આપણા હૈયે વસ્યું છે ને ? અડ્યું છે ને ? કે હૈયે સંસાર જ વસ્યો છે ? સંસાર વસ્યાનું કહેતાં સંકોચ થાય છે ! 'હૈયામાં ધર્મ તો વસેલો છે,' એમ દાવો રાખીએ છીએ. ધર્મ વસ્યો એટલે જિનવચન વસ્યું. તો પછી,

**ધર્મના ખપીને, જિનવચનના ખપીને રસ આત્મામાં ન હોય તો શું પરમાં હોય ?** પરમાં રસ તો સંસારના ખપીને હોય છે.

**જેના હૈયે એકલો સંસાર, એને પરમાં જ રસ, પોતાના આત્મામાં નહિ.** સંસાર સારા વૈભવ-વિલાસવાળો રહે એ માટે ધર્મ કરતો હશે, તપ, દાન અર્હદ્ભક્તિ આચરતો-કરતો હશે; પણ એને પોતાના આત્મા સાથે કોઈ નિસ્બત નથી. એને તો પર રૂડું-રૂપાળું રહે એની સાથે નિસ્બત છે, એમાં રસ છે. ત્યારે એને આત્મામાં રસ છે નહિ, એટલે 'આ ધાંધલમાં મારા આત્માની અનાદિકાળની સંજ્ઞાઓ કુલેશ્યાઓ, રાગ-દ્વેષાદિ કાષાયિક વૃત્તિઓ કેવી પોષાઈ રહી આત્માને વધુ મલિન કરી રહી છે,' એનો વિચાર જ નથી.

બસ પત્યું, જીવને જેમાં રસ છે એ વારે વારે નજર સામે આવ્યા કરે, મનમાં તરવર્યા કરે, મન એમાં ને એમાં જાય, એમાં નવાઈ નથી. પરમાં જ રસ છે, માટે મન પરમાં ફર્યા કરે એ સહજ છે. પર સાથે જ સંબંધ, આત્મા-પરમાત્મા

સાથે નહિ !

**આપણા આત્માની સાથે સંબંધ** આપણને હોય તો વાતવાતમાં શું એ ન જોવાય કે આ જે જોઈ વિચારી રહ્યો છું કે સાંભળી રહ્યો છું એમાં મારા આત્માનું શું ? એને શું લાગે વળગે ?

**એમ, પરમાત્મા સાથે પાકો સંબંધ** બાંધ્યો હોય, તો શું એમ ન થયા કરે કે 'ઊભો રહે, આ બાબતમાં ભગવાન શું કહે છે, મારે શું કરવાનું, શું નહિ કરવાનું ? આ જે વાણી, વિચાર કે વર્તાવ ચાલે છે, એને પ્રભુ પાપરૂપ કહે છે કે ધર્મરૂપ ? આત્મતારક કે આત્મઘાતક ?'

તપાસો, આ વિચાર, આ લક્ષ આ ખ્યાલ આવે છે ખરો ? આવે તો કેટલી વાર આવે છે ? એ કેટલો કાળ ટકે છે ?' એના પર માપ નીકળશે કે પોતાના આત્મા સાથે અને પરમાત્મા સાથે આપણને કેટલો સંબંધ છે ? રસ પરનો છે કે સ્વાત્માનો ?

**પ્રવૃત્તિ અમુક ચાલતી હોય છતાં એનો રસ ન હોય એવું બને છે.**

દુન્યવી બાબતમાં શું આવું અનુભવમાં નથી ? વિરોધીને ઘેર ભાણું માંડવું પડ્યું હોય, છતાં એ ભોજનમાં રસ નથી હોતો.

પૈસા ખોયા, ગરીબી આવી ગઈ, ખાનપાન-કપડાં એકદમ સાદાં વાપરવાની પ્રવૃત્તિ છે, પણ ત્યાં રસ નથી.

પૈસાની મોટી ચિંતા માથે છે, તો ઘરની બીજી-ત્રીજી પ્રવૃત્તિ કે સ્નેહી સાથેની વાતચીતમાં રસ નથી હોતો.

દરેક વાતમાં ઘટાવવાનું મન થાય છે કે 'મારા પૈસાનું શું ? બહુ ખોયા, હવે પાછા કેમ મળે ?' આ પૈસા વિના તો આપણે કેટલી આપદા ?'

બસ, આત્મા-પરમાત્માનો રસ હોય તો ત્યાં આ મજા આવે કે જ્યાં દુનિયા પરમાં ને પરમાં અટવાઈ રહે છે, પરમાં કુટાઈ મરે છે, ત્યાં ? આપણને આત્મ વિચારનું, પરમાત્મવિચારનું જોર રહેવાથી પરના વિચારનું જોર નબળું પડી જાય છે. પરના પાપી વિચારમાં નાલેશી લાગે છે.

પેલા મુનિઓને ય પાપમાં નાલેશી લાગે તો છે, પણ હમણાં જરા બાળ અઈમુત્તામુનિની પાત્ર પાણીમાં તરાવવાની પ્રવૃત્તિ પર આ બાળમુનિ નાદાન, પાપ કરનાર તરીકે અને પોતે ડાહ્યા-શાણા તરીકે મનમાં આવી એના પ્રત્યે અવગણનાનો ભાવ ઊઠ્યો છે ! તેથી પોતાની નાલેશીનો ભાવ નબળો પડી ગયો છે.

**બીજાની હલકાઈ જોતાં, જાતની કર્મગુલામી-પાપિષ્ઠતા વગેરેની નાલેશીનો ખ્યાલ ભુલાઈ જાય છે.**



ત્યારે, અઈમુત્તા મુનિને પોતાનાથી થયેલ પાપ બદલ એટલી બધી નાલેશી લાગે છે કે પોતાના આત્માની ઘૃણાનો પાર નથી.

**ઝાંઝરિયા મુનિના ઘાતક રાજાને** પણ મૂઢતા મટવાથી પોતાના ઘોર પાપ પર પારાવાર નાલેશી લાગે છે ! 'આટલા ઊંચા મનુષ્ય જીવનમાં આવી ઘોર લજ્જાસ્પદ ચેષ્ટા ?' આ નાલેશીના ભાવમાં સ્વાત્મજુગુપ્સા એટલી બધી વધી ગઈ કે એનો આત્મા આંતરિક રીતે પરમાત્રના સંગથી મુક્ત થઈ ગયો ! સમ્યગ્દૃષ્ટિ, વિરત અને અપ્રમત્ત બની ગયો ! ચઢ્યા ઊંચો ઊંચે ગુણસ્થાનકે ! તે વીતરાગ-સર્વજ્ઞ બની ગયા !

**પાપમાં પોતાની નાલેશી લાગવાનો ભાવ ઉગ્ર-ઉત્કટ-ઉત્કૃષ્ટ કોટિનો બની જાય ત્યાં મોહના છક્કા છૂટી જાય છે !** મોહબંધનના ભૂકા ઊડી જાય છે ! મનને નાલેશી લાગવી જોઈએ. એમ થાય કે,

**'અરે ! શું આ ઉચ્ચ માનવ-જીવન કૂડાં કામમાં ફસ્યા રહેવા માટે છે ? એ શોભે આ ભવને ?'**

કૂડાં કામોની જેમ કૂડી લેશ્યા પણ ડામવા જેવી છે. મન મજબૂત કરી અને વારંવાર જાગૃતિ સતત સાવધાની રાખીને કૂડી લેશ્યા ઊઠતી જ દબાવવા જેવી છે. પણ પહેલાં વિવેક કરવો જોઈશે કે સારી લેશ્યા કોને કહેવી અને કૂડી કોને કહેવી ?

**લેશ્યા એટલે :-** અહીં 'લેશ્યા' શબ્દ હૃદયના ભાવ યાને આત્માના પરિણામના અર્થમાં લેવાનો છે. એમાં હૈયાની લાગણી આવે, વલણ આવે, મનોવૃત્તિ આવે, મનની ઊર્મિ આવે, એ સારી હોય યા નરસી હોય. નરસી એટલે કૂડી. તો કૂડી લેશ્યામાં શું ગણવાનું ? આ, અશુભ ભાવ, અશુભ ભાવના, અશુભ લાગણી, અશુભ ઊર્મિ, કુમતિ, અશુભ મનોવૃત્તિ, અશુભ દાનત... વગેરે. હવે એ તપાસો કે દિવસ-રાત મોટા ભાગે આનું જોર કેવું રહે છે ? કેટલું રહે છે ?

**ખ્યાલ બહારના અશુભ ભાવ :-**

પહેલા નંબરમાં ભાવ જુઓ કે રસ્તે ચાલતા કંઈ ને કંઈ વસ્તુ જોઈ શા માટે જોઈ ? જરાક જિજ્ઞાસા થઈ કે 'શું છે એ ? કેવી છે ? ઉત્કંઠા જો તત્ત્વના ઘરની નથી, તો એ શુભ નથી. કહો આ ખ્યાલ હોય છે ?

જોતાં જ એ સારી કે નરસી લાગી, પણ આત્મ હિતની દૃષ્ટિએ નહિ, કિન્તુ રૂપરંગની દૃષ્ટિએ, તો એમાં રાગ કે દ્વેષ, રુચિ કે અરુચિનો ભાવ થયો, એ ગમી યા ન ગમી, તો એ અશુભ ભાવ થયો, કૂડો ભાવ !

જેવું બહાર, એવું ઘરમાં કે દુકાનમાં એવી ઉત્કંઠા, જિજ્ઞાસા, આતુરતા

અને રુચવાપણું કે ન રુચવાપણું, એ બધું અશુભ ભાવ, કૂડી લેશ્યા કહેવાય. હવે તપાસી જુઓ આવી ઉત્કંઠા વગેરે અને રુચિ આદિ દિવસ-રાતમાં કેટ-કેટલી વાર થયા કરે છે ?

**અરે ! મંદિરમાં** ગયા, કે ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા બેઠા, ત્યાં પણ આડાઅવળા ડાફરિયાં કેટલાં મરાય છે ? શાના ? ખોટી આતુરતા જિજ્ઞાસાના કે 'એ શું છે ? પેલું શું છે ? કોણ આવ્યું ? કોણ ગયું ?' આ કાંઈ તત્ત્વની જિજ્ઞાસા નથી; અને બીજી કોઈ તત્ત્વજિજ્ઞાસા હોય તો ય એક ધર્મ-ક્રિયા વખતે બીજી સંબંધ વિનાની ભળતી જિજ્ઞાસા કે જેને પ્રસ્તુત ક્રિયાના ભાવ સાથે કાંઈ સંબંધ નથી. ઊલટું વચમાં એ ટપકી પડવાથી પ્રસ્તુત સાધનાનો સળંગ એકધારો ચિત્ત પરિણામ ઘવાય છે, તો એ પણ અશુભ ભાવ છે. પછી 'નાથાભાઈ આવ્યા કે પેથાભાઈ ?' 'પેલી થાળી વચમાં કેમ પડી છે ?' 'કોણે વાટકી ખખડાવી ? શાનો અવાજ થયો ?' વગેરે વગેરે જિજ્ઞાસાનો ભાવ તો અશુભ છે જ. એ જિજ્ઞાસા પછી જોતાં જ હૈયાને રુચ્યું કે ન રુચ્યું, હરખ ઊભરાયો કે ગ્લાનિ થઈ, એ પણ રાગ-દ્વેષનો ભાવ છે.

**અખંડ વંદનાપરિણામ :-** શાસ્ત્રે કહ્યું છે, ચૈત્યવંદન કરતી વખતે પ્રભુ સન્મુખ સિવાયની બાકી ત્રણ દિશાનો ત્યાગ કરવો. એનો હેતુ બતલાવ્યો કે એ એટલા માટે કે જો એ દિશાઓ મનથી ખુલ્લી રાખી અને ડાફરિયું મારવા ગયા, તો વંદનાપરિણામને ઘા લાગશે. ચૈત્યવંદનમાં જે એક સળંગ ચિત્તપરિણામ વંદનનો ચાલુ થયો, તેને બાધ પહોંચવાનો, એ તૂટવાનો; કેમકે ચિત્તમાં ભળતી આતુરતાનો પરિણામ ઊભો થયો. એક સમયે બે પરિણામ યાને ઉપયોગ હોઈ શકે નહિ. ઉપયોગાન્તર થતાં ચાલુ ઉપયોગનો અંત આવ્યો. આમ અધવચ્ચે વંદનાપરિણામને તોડી નાખે એવા આતુરતા વગેરેના ભાવને સારી લેશ્યા કહેશો ? કે નરસી ? અહીં કૂડી એટલે નરસી જ કહેવી છે. તો તપાસો કે નરસી-કૂડી લેશ્યા કેટલીવાર આવી જાય છે ? આ તો મનને કૂડી લેશ્યા તરીકે ન સમજાય એની વાત થઈ; બાકી જે સ્પષ્ટ કૂડારૂપે સમજી શકાય એવી તો કેટલીય ફરકી રહી હોય છે.

**ઘસાતું જોવાની કડી લેશ્યા :-**

દા.ત. એકલું બીજાનું ઘસાતું જોવાની જ વૃત્તિ રહ્યા કરે, ઝટ ઘસાતું જોવાનું ચાલુ થાય, એ એક કૂડી લેશ્યા છે. 'આપણી તો કોઈ ખામી જ નથી, આ તો અમુકની જ ભૂલ છે; અને એને ટેવ જ એવી છે કે આવા ને આવા લોચા વાળ્યા કરે. પાછો જિદ્દી એવો કે એવું ખોટું પકડેલું છોડે નહિ ! તેમ અભિમાની એવો કે પોતાનું ખોટું છે એવું માનવાની વાત નહિ !...' બસ, ચાલ્યું આ બીજાનું



હલકું જોયા કરવાનું. એમાં પાછું સામે પૂજ્ય હોય, વડીલ હોય, ઉપકારી હોય, છતાં એમનું ય હલકું જોવાની દૃષ્ટિ જાગતી ને જાગતી ! આ કૂડી લેશ્યા છે. એ એટલી ખતરનાક છે, કે પછી ત્યાં ખરેખર ગુણસ્મરણ, ગુણાનુવાદ, ગુણાનુમોદન કરવાનો અવસર જ ચૂકાવી નાખે છે. એની તરફ દૃષ્ટિ જ નહિ જવા દે ! એમ ઉપકારીના ઉપકારનું સ્મરણ, ઉપકારી પ્રત્યે કૃતજ્ઞભાવનો વિચાર 'કેવો એ ઉદાર ! દયાળુ ! પરોપકારી !' એવી એમના પ્રત્યે શુભ લાગણી, આમાનું કશું થવા જ દે નહિ ! 'પોતાનું બધું સારું અને બીજાનું કરેલું ખોટું જ ખોટું હોય છે,' આવી કૂડી લેશ્યાનું એ પરિણામ છે.

બીજું એ પરિણામ બને છે કે પછી જ્યાં જ્યાં મોકો મળે ત્યાં ત્યાં પોતાનું સારું અને ઉપકારી, પૂજ્ય, વડીલ કે ગુણિયલનું ખરાબ જ ખરાબ બોલ્યા વિના રહેવાતું નથી. અધમ નિંદા, અને તે પણ ઉપકારી વગેરેની, એ ઝટ ફરકી ઊઠે છે. માનવ જીવનની આ કેવી દુર્દશા ! કેવી બરબાદી ! ઉચ્ચ જીવનમાં ગુણાનુવાદ, કૃતજ્ઞતાના બોલ, પ્રશંસા-ઉપબૃંહણા વગેરે ઉચ્ચ કાર્ય કરવાનું વિસારીને નિંદા, ખોદણી ને ઘસાતું ચિતરવાનું અપનાવાય એ કેટલું અફસોસી ભર્યું જીવન ! કૂડી લેશ્યા ખતરનાક છે.

દિલમાં પાપત્યાગની અપેક્ષા ઊભી રાખવી છે ? 'કેમ હું જેમ બને તેમ પાપનો ત્યાગ કરતો રહું ?' આ અભિલાષા જાગતી રાખવી હોય, દિલનું વલણ પાપના ત્યાગનું બન્યું રાખવું હોય તો કૂડાં કામની જેમ કૂડી લેશ્યાથી પણ આઘા રહેવાની મનોવૃત્તિ બનાવી રાખવી પડશે. એ માટે ક્યાં ક્યાં કૂડી લેશ્યા કામ કરી રહી હોય છે એની પાકી ઓળખ જોઈશે. આંધળિયા કરીને ગમે તે વિચારણા, ગમે તેવી દૃષ્ટિ, મનફાવી લાગણી અને ખોરી દાનત-વૃત્તિમાં જીવન ધપાવ્યે રાખવાથી કૂડી લેશ્યાના પાપથી બચી શકાય નહિ.

**તમન્ના પહેલી :-** 'મારા દિલમાં કૂડી લેશ્યાના કોઈ સ્પર્શ ન થઈ જાય' એવી તમન્ના છે ખરી ? તમન્ના વિના એને ઓળખવાનું અને રોકવાનું, તથા ન રોકાઈ અને થઈ ગઈ એના પર દિલ બળવાનું નહિ બની શકે. તમન્ના પહેલી જોઈશે. 'શું હું વીતરાગ પરમાત્માનું શાસન પામ્યા પછી પણ કૂડી લેશ્યાનાં વિષ આરોગું ? એ વિષનાં પાન કરી કરીને તો અનંતા મરણ વહોર્યાં ! હવે એ શા માટે જોઈએ ? એને અટકાવવા કરમ કસું, રાત ને દિ' સાવધાન રહી સર્વ પ્રકારની કૂડી લેશ્યાને અટકાવતો-દબાવતો જાઉં. અહીં કેવું સુંદર મન મળ્યું છે ! એનાથી સારી લેશ્યાના અમૃતપાન કરતો રહું.

મનોવૃત્તિ તો સારી, દાનત તો ભલી,

વિચારણા તો પવિત્ર, લાગણી તો શાંત-પ્રશાંત

મનોરથ તો ઉચ્ચ આત્મહિતના, ગણતરી-ધોરણ તો જિનવચને અનુસરતા,'

-બસ, આવી સુલેશ્યાનો ધીખતો અભ્યાસ રાખી ડાકણ કૂડી લેશ્યાને ધક્કે ચડાવતો જાઉં !'

-આ ધગશ, આ તમન્ના, આ જ્વલંત અભિલાષા જોઈએ. એ હશે તો પછી સૂક્ષ્મતાથી જોવું જોઈશે કે લેશ્યા કઈ બગડેલી ગણાય ?

**સ્થૂળ કૂડી લેશ્યા** તો જાણો છો ને ? જીવને મારવાની બુદ્ધિ, જૂઠ બોલવાની વૃત્તિ, અન્યાય-અનીતિ કરવાની, પરસ્ત્રી પર દૃષ્ટિ નાખવાની, ધનના ઢેર વધારવાની આવી બધી બુદ્ધિ, મનોવૃત્તિ એ સ્થૂલ કૂડી લેશ્યા છે. એમ ગુસ્સો-ગર્વ-દંભ-લોભ, મદ-મત્સર-દ્વેષ-ઈર્ષ્યા વગેરે મેલી લાગણી પણ સ્થૂલ કૂડી લેશ્યા જ છે, આ બધીયને અટકાવવાનો પ્રયત્ન ચાલુ રાખવાનો છે.

**સૂક્ષ્મ કૂડી લેશ્યા** એવા પ્રકારની હોય છે કે જેમાં જીવને ખોટાપણું સહેજે દેખાતું નથી. દા.ત. કોઈ જડ પદાર્થની અનુકૂળતા મળી ગઈ ત્યાં મન હરખના વિચારમાં ચડે છે; મનને આનંદ-આનંદ થાય છે. આ પૌદ્ગલિક રતિ છે. અણગમતું આવે તો અરતિ ઉદ્વેગ થાય છે.

**જેમ અરતિ તેમ રતિ પણ ચિત્તનો અશુભ ભાવ છે, કૂડી લેશ્યા છે.** એવો આનંદ થતાં જ ખ્યાલ આવી જવો જોઈએ કે-

'આ હું કૂડી લેશ્યામાં તણાયો ! ઊભો રહે, જડના આનંદમાં શું તણાવું હતું ?

**હર્ષ-ઉદ્વેગ કેમ મટે ? :-**

(૧) આમાં કઈ મોટી આત્મહિતની સિદ્ધિ થઈ છે ?

(૨) ભાવી પાપોદયના કયા ભય ટળ્યા છે ? કશું જ નહિ. ઊલટું,

(૩) નજીવી વસ્તુ પરની રતિ-અરતિમાં ચિત્ત સ્વસ્થતામાંથી અસ્વસ્થતામાં પડે છે, અસમાધિમાં મુકાય છે.

(૪) વળી ચિત્ત સબળ મટી નિર્બળ-નિઃસત્ત્વ બને છે કે નજીવી અનુકૂળતા જોઈ હરખમાં તણાઈ જાય છે. મૂક પડતો એ હરખને !

(૫) જગતના પલ્ટાતા ભાવ જો. વિરાટ વિશ્વમાં કેઈ અવનવું થયા જ કરે છે.

**(૬) પુદ્ગલનો સ્વભાવ છે કે પૂરાવવું ને ગળવું. એની પાછળ રતિ-અરતિની કૂડી લેશ્યાથી તારું પોતાનું મહાકિંમતી મન કાં બગાડે ? જીવનધન કાં લૂંટાવે ?'**

આમ ખ્યાલ કરી હરખ-ઉદ્વેગના ભાવને મોળા ફિક્કા પાડી રોકી દેવા જોઈએ. બીજાને ભલે એ પાપ લેશ્યારૂપ ન લાગે, એમને ઊલટું એમ થાય કે 'જરા હર્ષ થયો એમાં શું બગડી ગયું ?' પરંતુ આપણે તો વીતરાગનાં શાસનની સૂક્ષ્મ



દૃષ્ટિ પામેલા, અને અંતે વીતરાગ બનવાની અભિલાષાવાળા છીએ, એટલે આપણે તો એ સમજી જ રાખવું જોઈએ કે એ હરખ-ઉદ્વેગ એ કાંઈ આત્માનો શુભભાવ નથી, અશુભ ભાવ છે; સારી લેશ્યા નહિ, પણ કૂડી લેશ્યા છે. એમ જ, રાગદ્વેષ એ ય કૂડા ભાવ છે.

જગતની ઘટનાઓ જુઓ તો પણ એ સ્પષ્ટ દેખાડી રહી છે કે રાગ-દ્વેષ અને હરખ-ઉદ્વેગની પાછળ કેઈ અનર્થ ખડા થાય છે, કેટલાં ય તોફાન મચે છે.

મનને થાય છે કે 'સારું કાંઈક જોઈએ તો ચિત્ત તો આકર્ષાય ને ? રાગ થાય જ. આપણને સારું મનગમતું મળે ને મનને હરખ થાય, એમાં શું બગડી ગયું ? એમાં ક્યાં આપણે કશું ખોટું કરી કે વિચારી નાખ્યું ?' આવો ઝટ પ્રશ્ન થાય છે, પરંતુ એ વિચારવા જેવું છે કે એ રાગ અને હરખ થવા પર આગળ શું થાય છે ? ત્યાગના, વિરાગના, તત્ત્વના વિચાર આવે છે ખરા ? કે ઊલટું રાગથી ચિત્ત આકર્ષાયા પર ચિત્ત એ ભૂલે છે ? જડ પર રાગ એટલે જડનું મૂલ્ય આંકવું, એને કિંમતી ગણવું, મહત્ત્વનું ગણવું. એ ગણવા ગયા, એટલે પછી આત્માના ગુણો, આત્માની સમૃદ્ધિ અને પરમાત્માની વિશેષતાઓ, એ કિંમતી લાગશે ખરા ?

**આત્મા પર દૃષ્ટિ કેમ નહિ ? :-** દેહ અને દેહને સારી લાગતી વસ્તુ પર ચિત્ત ખેંચાય છે, રાગ થાય છે, એટલે તો આત્મા તરફ દૃષ્ટિ જ જતી નથી; આત્માના ગુણો અને આત્મહિતકારી ધર્મ તરફ ચિત્ત ખેંચાતું નથી. ને શરીરને અનુકૂળ અને ઈન્દ્રિયોને ગમતું બન્યા કે મળ્યા પર રાજી રાજી થઈ જવાય છે. એટલે તો મન પછી એવું ને એવું બીજું અનુકૂળ કરવા તરફ દોડે છે. આત્માનો વિચાર ક્યાં આવે છે ? એનું સારું કાંઈક કરવું એ તમન્ના રહે જ શાની ?

**દેહના સારા તરફનો રાગ અને હરખ તો આત્માના હિતની દૃષ્ટિએ ઊલટાં વિરોધી છે.**

**આત્મહિતમાં શું આવે ?** તત્ત્વ દૃષ્ટિ આવે, વૈરાગ્યવૃત્તિ આવે, અનિત્ય-અશરણ વગેરે ભાવના આવે, શમ-દમ અને પ્રશાંત ચિત્ત આવે, તૃપ્ત ઈન્દ્રિયો આવે, વ્રત-નિયમ-દેવગુરુભક્તિ આવે...

આ બધું પુદ્ગલના ઉછળતા રાગ અને હરખ આગળ શાનું ઊભું રહી શકે ? શે આવવા પામે ?

**પૈસાનો રાગ શું શું કરે ? :-**

પૈસા સારા લાગે છે માટે તો ઝટ દાન માટે જીવ ચાલતો નથી; અને ક્યાંક ચાલતો દેખાય છે તો એવા દાનથી પાછું પૈસા જેવું સારું કાંઈક લેવા-કમાવાની

મનોવૃત્તિ રહે છે, શુદ્ધ નિઃસ્વાર્થ-નિસ્પૃહભાવનું દાન છે ક્યાં ? હા આવે એ, પણ ક્યારે ? પૈસા ઝેર રૂપ લાગે ત્યારે, પૈસા મળ્યા પર હરખ-હરખ ન હોય ત્યારે. બાકી એ રાગ અને હરખ ઉપર તો કેટલાય પ્રપંચ કેટલીય આંટીઘૂંટી ને કેઈ નવી નવી પાપ યોજનાઓ વગેરે કરવાનું મન થશે ! કોઈ પૈસા ખરચાવા આવે એના પર દ્વેષ ઈતરાજી થશે. મહારાજ દાન પર ભાર દઈને ઉપદેશ આપશે તો ત્યાં ય એમ થશે કે 'શું ધર્મ આટલો જ છે ? બીજો કોઈ ધર્મ જ નથી ? કોણ મનાવે છે આ ? પૈસાનો અતિ રાગ અને હરખ.

**રાગ અને હરખના તોફાન :-**

જડ વસ્તુ અને દુન્યવી સુખના રાગ અને હરખનાં ભારે તોફાન છે. ચિત્તને એ એટલું રોકી રાખે છે કે દિવસ અને રાત એની જ પૂંઠે ચોવીસ કલાકમાં એક પાંચ મિનિટ પણ સીધી નવકારવાળી ન ગણવા દે, સીધાં દેવદર્શન થવા દે નહિ. એટલામાં ય મન જડની ને દુનિયાના વિચારો કરવા લાગી જાય છે. રાગ અને હરખની આ કેટલી બધી વિટંબણા કે,

- (૧) ચિત્તને ધર્મ પ્રવૃત્તિમાં ચોંટવા જ ન દે ?
- (૨) ચિત્ત ત્યાં ચોંટે નહિ એટલે ધર્મનો તેવો રસ નહિ.
- (૩) ધર્મમાં ચિત્તના રસ અને સ્થિરતા વિના એના સંસ્કાર ક્યાંથી પડે ?
- (૪) ધર્મ ક્યાંથી આત્માના હૃદયના ઉંડાણમાં ઊતરે ?
- (૫) એમ બન્યા વિના કૂડાં કામ-કૂડી લેશ્યાઓના કુસંસ્કાર શે મોળા પડે ?
- (૬) ભવાંતરે નક્કર સુસંસ્કાર મૂડી લઈ જવાની ક્યાંથી ઊભી હોય ?
- (૭) આટલું જ નથી, પણ એ રાગ અને હરખના આવેશ પાછળ એનો વિષય બહુ ગમે છે, એના પર સુખ લાગી ખૂબ ખુશ થવાય છે, માટે તો કેઈ મદ, માયા, પ્રપંચ, જીવોના આરંભ-સમારંભ અને પરિગ્રહ તથા જરૂર લાગી ત્યાં જૂઠ, અનીતિ, આદિ થોકબંધ પાપો થાય છે. વ્યવહારમાં અનુભવાય છે કે,

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૨,અંક-૪૦,તા.૪-૭-૧૯૬૪

## (૫) પાપત્યાગનો સાપેક્ષભાવ : સલામતી કયાં ?

**જેના પર રાગ હરખ ઓછા, એની પાછળ પાપોની લીલા ઓછી ચાલે છે.** એનો અર્થ એ, કે રાગ અને હર્ષ એ પાપોની લીલાને ઊભી કરનાર મૂળભૂત પાપ છે.

જો પાપત્યાગની સાચી તમન્ના છે, તો બને તેટલા રાગ અને હરખને દબાવતા જવાની જરૂર છે; એમ, રાગ અને હરખ વધારનારા પાપ-સરંજામ પણ



બને તેટલા ઓછા રાખવા જેવા છે. **પાસે પાપનાં નિમિત્ત જેટલા વધારે, એટલું પાપ વધવાનું છે.**

**અનેક પ્રકારની કૂડી લેશ્યાઓ :-** આ તો થઈ રાગ અને હર્ષની મૂળભૂત કૂડી લેશ્યાની વાત. એની પાછળ ઊઠતી બીજી કૂડી લેશ્યાઓ દિનભરમાં કેટલી ચાલે છે એ તપાસો તો ભડક થશે ! એક ચીજ પર રાગ છે, તો

એ મેળવવા માટે તૃષ્ણા અને કેટલાય પાપવિચારો ચાલે છે !

જાણે ચીજ મળી ગઈ એ હિસાબે પાપી મનોરથો કેવા ઊઠે છે !

મળ્યા પર મમતાની કૂડી લેશ્યા કેવી જાલિમ વર્તે છે !

એમાં કોઈ જરા પણ આઘુંપાછું કરે તો દ્વેષની-ગુસ્સાની-જાણે શું નું શું કરી નાખું એવી-કૂડી લેશ્યાનો કેવો જોસ ઊઠે છે ?

એમ, ઈર્ષ્યા, મદ, મત્સર, તૃષ્ણા, હઠાગ્રહ, વ્યુદ્ગ્રહ, અહંકાર-ગર્વ-ઘમંડ, દાવપેચ-પોલિસી-દંભ, વગેરે વગેરે કેટલી કૂડી લેશ્યાઓનો જીવ પર મારો ચાલે છે ?

તો હાંસી, મશ્કરી, હાસ્ય, ખોટા કૌતુક, બીજા પ્રત્યે તિરસ્કાર, અનાદર, હલકી દૃષ્ટિની વિચારણા, એ પણ અવસર પામી પામીને કેવીક ઊઠે છે ?

એવી રીતે હિંસાના વિચાર, જીવઘાતક આરંભ-સમારંભના વિચાર, એમ જૂઠના, અનીતિના, વિષયભોગના, ધન-માલના, સત્તા-સન્માન-આબરૂના,

કેઈ વિચાર કેટકેટલા આવ્યા કરે છે ? આ બધી કુડી લેશ્યાઓ છે. ભલે વળવાનું કાંઈ ન હોય છતાં આ કુડી લેશ્યાઓ જીવનો પલ્લો નથી છોડતી !

**આત્માની શ્રદ્ધાવાળાને :-** ક્યાં બચવાનું ? દિવસ રાતની ૧૪૪૦ મિનિટોમાંથી સારી લેશ્યાની મિનિટ કેટલી ? કૂડીની કેટલી થોકબંધ ? શરીરથી આત્મા જુદો છે એવી શ્રદ્ધા ધરાવનારને તો આના પર કમકમી આવી જાય કે 'અરેરે ! કૂડી લેશ્યાથી આટલો બધો ખરડ્યે જવાનું શું ? **જીવને વારંવાર શુભ લેશ્યાથી, સુમતિથી, સદ્બુદ્ધિથી સંશોધિત કરવાના આ ઉચ્ચ ભવમાં કૂડી લેશ્યાનો ઊલટો ધંધો ?**

**જીવન કર્તવ્ય :-** સારાંશ, આ જીવનમાં જો પાપત્યાગ કેમ વધુ ને વધુ થાય, એવો અપેક્ષાભાવ, એવી ઉત્કટ અભિલાષા અને સળગતી તમન્ના હોય, તો

(૧) કૂડાં કામ અને કૂડી લેશ્યાને શોધી શોધીને બને તેટલી ઓછી કરતાં ચાલવું જરૂરી છે,

(૨) અને જ્યાં અશક્તિએ કે પ્રમાદથી, યા બીજાની લજ્જાથી દાક્ષિણ્યથી કે દબાણથી એ સેવવાનું બને, ત્યાં હૈયે એનો લેશ પણ હરખ ન થવા દેતાં એને ઓછી કરવાની તકેદારી અને નાબૂદ કરવાની વૃત્તિ સાથે દિલમાં સંતાપ-બળતરાનો અનુભવ જાગતો રહેવો જોઈએ.

બસ, માનવજીવનની ઉજ્જવલ લહાણ લૂંટવા ને આત્માને અધઃપતનની ગર્તામાંથી ઉગારી ઉન્નતિના ઊંચે પગથિયે ચઢાવવા માટે

(૧) જીવો પ્રત્યે સાપેક્ષભાવ, (૨) પરલોક પ્રત્યે સાપેક્ષભાવ,

(૩) જીવનવચન પ્રત્યે સાપેક્ષભાવ, (૪) આરાધના પ્રત્યે સાપેક્ષભાવ અને

(૫) પાપત્યાગ પ્રત્યે સાપેક્ષભાવ

એ સચોટ, અતિ આવશ્યક અને જોરદાર સાધન છે. આનાથી જ ધર્મસાધના પાયાવાળી બને છે, સાચું ધર્મીપણું આવે છે, અને ભવાંતર માટે નક્કર સુસંસ્કારનો વારસો લઈ જવાનો ઊભો થાય છે.

**ગીત-નૃત્યાદિ તુચ્છ ? :-** પૃથ્વીચંદ્ર એ વારસો લઈને આવેલ છે; તેથી અહીં એ ગીતને વિલાપતુલ્ય, નૃત્ય-નાટકને કાયક્લેશતુલ્ય, અલંકારને ભારસમાન અને વિષયોના ભોગવટાને રોગસમ લેખે છે. તમને આ અઘરું લાગે કેમ ? પરંતુ એ જુઓ કે, આ ગીત-નૃત્ય-અલંકાર અને ભોગ કેવા છે ?

(૧) જીવ એટલે કે ઉપકારી જીવ જે દેવ-ગુરુ, એમની ઉપદેશ દૃષ્ટિએ એ કેવા તુચ્છ છે ? વળી અન્ય સ્થાવરાદિ જીવોને પીડીને ઊભા થનારા કે સુખી કરીને ?

(૨) પરલોકની દૃષ્ટિએ એ શા કામના ? ઊલટું કેવો અનર્થ સર્જનારા ?

(૩) જિનવચનની દૃષ્ટિએ ત્યાજ્ય કે આદરણીય ?

(૪) આરાધનાની દૃષ્ટિએ બાધક કે સાધક ?

(૫) પાપત્યાગની અપેક્ષાએ પાપને પોષનારા કે પાપને અટકાવનારા ?

જીવો વગેરે પ્રત્યે જો સાપેક્ષભાવ છે, તો એ ગીત, નૃત્ય, અલંકાર અને ભોગ વિટંબનારા લાગશે. એનાં જ પોષણ કરનારા કુટુંબ, ઘરવાસ, ધંધાધાપા અને સંસાર વ્યવહાર બધું જ વિટંબણાકારી છે એવું હૈયે હાડોહાડ લાગી જશે. એમાં ચિત્તને સ્વસ્થતા, શાંતિ, નિરાંત નહિ ! મોટી ચિંતા કે,-

'આ દેવીને ભોગરૂપે ચડાવતા પાડાને મળતા શણગાર, મિષ્ટાન્ન સન્માન અને સંગીત જેવા મને પણ મળ્યા, પરંતુ પછી પાડાની જેવી દશા એવી મારી વલે થાય એનું શું ?'

આ ચિંતા થવાથી ભવચેષ્ટા પર વૈરાગ્ય રહે. જન્મથી આવા વિરાગી આત્માને કર્મની શી તાકાત કે સંસારમાં ભમાવી શકે ? શું ગજું કે એની આગળ લાંબુ ફરકી શકે ? ગીત ગાનારો ગવૈયો હજારોના કાનને ઊંચા રાખી સંગીતમાં ગુલતાન રાખવાની ખુમારી રાખે, પણ જિનશાસનનો રાગી જીવ એની ખુમારીને તોડે. એ કહે, 'મારું સર્ટિફિકેટ તારા સંગીત માટે નથી; કેમકે પ્રભુના વાણીસંગીત આગળ એની શી વિસાત છે ? તારું સંગીત તો મોહના ઉછાળાનું; એટલે સ્વાત્મભાન



ન હોય એ એમાં રાચે. પ્રભુ શાસનના પ્રતાપે આત્માનું ભાન મળ્યા પર અમે તો તારા સંગીતને પુદ્ગલના ખેલ અને મોહોન્માદનું તાંડવ સમજીએ છીએ.'

**સુંદર મનોદશા શાના પર ?**

પૃથ્વીચંદ્ર અને ગુણસાગર બેમાં આ તફાવત હતો કે પૃથ્વીચંદ્ર જન્મથી આ સમજવાળો છે કે આ ગીત, નૃત્ય, ભોગ, અલંકાર વગેરે તો વિલાપ, કાયક્લેશ, રોગ, ને દેહભારસમા છે. પરિણામમાં પાપોપાર્જન અને પરલોક-બિગાડા સિવાય બીજું કાંઈ નહિ ! એમાં શું રાચવું હતું ? જુઓ પાપત્યાગ અને પરલોકની પ્રત્યે સાપેક્ષ-સજાગ-સાવધાન રહેનાર કેવી સુંદર મનોદશામાં વર્તી રહ્યો છે !

**પ્ર.-** જડ પદાર્થોનાં આકર્ષણ કેમ શ્વાસોચ્છ્વાસમાં વણાઈ રહ્યા રહે છે ?

**ઉ.-** આ સાપેક્ષભાવ-જાગૃતિ-સાવધાની નથી માટે. એ આવે તો તો તદ્દન નિશ્ચેતન અને અસમર્થ એવા જે જડ પદાર્થ તેની પ્રત્યે સચેતન અને અનંત શક્તિનો ધણી આત્મા આખો ને આખો ઢળી કેમ પડે ? એ સાપેક્ષભાવ એટલે કે સજાગતા હોવાથી મૂઢતા ગઈ !

**વિશુદ્ધ ચૈતન્ય અને અનંત શક્તિનો ખ્યાલ :- મૂઢતા જ જીવને પોતાના ચૈતન્યની કિંમતનું ભાન અને અનંત શક્તિનો ખ્યાલ નથી આવવા દેતી.** મૂઢતાનો અંત આવ્યો એટલે એ ભાન અને ખ્યાલ ઊભો થવાથી હવે તો પોતાના વિશુદ્ધ જ્ઞાનજ્વલંત ચૈતન્યને જડ અંગેના રાગ-દ્વેષાદિ મલિનભાવોથી વિકૃત ન થવા દે, બગડવા દે નહિ. એ માટે પોતાની અનંત શક્તિનો ઉપયોગ કરી જડના નાચ તરફથી પરાઙ્મુખ બની જાય. કહી દે જડને, 'જા જા તું તારે રસ્તે, હું તારા તરફ જરાય ખેંચાઉં નહિ. તું કોણ માત્ર ? તારે અને મારે શું લાગે વળગે ? હું તો તટસ્થપણે જગતના ભાવોને જોનારો; એમાં લેશ પણ રાગદ્વેષાદિ વિકારોને અપનાવનારો નહિ.'

આ પાવર, આ ઓજસ્ પોતાના વિશુદ્ધ ચૈતન્ય અને અનંત શક્તિ ઉપર હોય.

પૃથ્વીચંદ્રની આ સ્થિતિ જન્મથી હતી. પરંતુ ગુણસાગર ભલે પૂર્વભવોમાં એની સાથે સમાન આરાધના કરનારો, છતાં અહીં અલ્પકાળ થોડા આવરણવાળો છે, એટલે જન્મથી એ સ્થિતિમાં નથી. એ સ્થિતિ ઊભી થવા એવા કોઈ નિમિત્તની જરૂર છે કે જે પેલા પોચા આવરણને હટાવી દે. એ નિમિત્ત હવે મળી આવ્યું.

**ગુણસાગરને નિમિત્ત શું કહે છે :-**

ગુણસાગર યુવાનીના ઉંબરે આવીને ઊભો છે, મહાશ્રીમંતનો લાડકવાયો પુત્ર છે, મોજમાં મસ્ત રહે છે. એકવાર મહેલના ઝરૂખામાં બેઠો નીચે નગરના રાજમાર્ગને અવલોકી રહ્યો છે, ત્યાં માર્ગ પરથી જતાં મુનિવરને દેખ્યા. દેખીને

મનને એમ થાય છે કે 'અહો ! આવા મહાત્મા મેં ક્યાંક દેખ્યા છે ! ક્યાં ક્યાં દેખ્યા છે ! ક્યાં દેખ્યા, ક્યાં દેખ્યા ?' એમ ઊહાપોહમાં ચડ્યો. આ જીવન પર દૃષ્ટિપાત કરતાં દેખાતું નથી કે આવા મહાત્મા ક્યાંય જોયા હોય. વિચારણાના બહુ ઉંડાણમાં ઊતરી ગયો છે. એમાં સ્મૃતિજ્ઞાનાવરણનો પડદો તૂટ્યો ! પૂર્વ જન્મ ઉપર દૃષ્ટિ પડી. બાલ્યકાળનું મોટી ઉંમરે યાદ આવે એમ પૂર્વજન્મનું યાદ આવ્યું. આત્મા એનો એ જ છે ને ? પૂર્વ જન્મથી આ જન્મમાં આવેલો. એટલે પોતે જ પૂર્વે અનુભવ કરેલ છે એમ સ્મરણ પ્રગટી આવ્યું. ત્યાં તો પોતાનું જ ચારિત્રજીવન દેખ્યું ! આવા મુનિરાજ આચાર્ય પાસે પોતે મહારાજ બનેલો, અને ચારિત્ર પાળી અનુત્તર વિમાનમાં પહોંચેલો. એ બધું જાણે હૂબહૂ દૃષ્ટિ સામે ખડું થયું ! બસ ! હવે તો મન ઉછળ્યું, વિચાર કરે છે,-

'અરે ! ક્યાં એ અનુત્તર વિમાનમાં સુખ ? અને ક્યાં આ ? એ બગીચો તો આ ઉકરડો ક્યાં ? એ કોહિનૂર રત્ન અને ક્યાં આ કાળા કોલસા ? ક્યાં એ કંચન, ને ક્યાં આ કથીર ? ક્યાં એ પકવાન્ન ને ક્યાં આ કૂસકી ? ક્યાં મેળ મળે ? ખેર, મારે તો આ ય ન જોઈએ અને એ ય નહિ જોઈએ. મારે તો આની પૂર્વના ભવે જે ચારિત્ર પાળી એ સ્થિતિ પ્રાપ્ત કરેલી તે જ ખપે. એ ચારિત્રપાલનમાં કાંક અધૂરાશ રહી તો શાશ્વત મોક્ષે ન જતાં આશાશ્વત અનુત્તરવાસમાં અટકી ગયો. પણ જો અહીં ચારિત્ર જ હાથ ન આવે તો ક્યાં જવાનું ? કયા સ્ટેશનની ટિકિટ કઢાવવાની ?'

**ક્યાંની ટિકિટ કઢાવવી છે ?**

પરલોકના કોઈ સ્ટેશનની ટિકિટ પહેલી કઢાવવી પડે અને પછી અહીંથી જવાય. રેલગાડીમાં હજુ ચોરીથી ટિકિટ કઢાવ્યા વિના જ ચઢી જઈ કોઈ સ્ટેશને ઊતરાય છે. પરંતુ પરલોકમાં એમજ જવાય નહિ. હા, કોઈ ગતિની ટિકિટ જ ન કઢાવતાં સકલ કર્મનો ચૂરો કરી નખાય તો સીધા મોક્ષે જવાનું બને. બાકી એ કરવું નથી તો મરતાં પહેલા ટિકિટ કઢાવવી જ પડે. છેવટે ઓછામાં ઓછા અંતર્મુહૂર્ત પહેલાં પરભવનું આયુષ્ય નક્કી થાય જ. વહેલામાં વહેલા તો આ જીવનનો ત્રીજો ભાગ બાકી રહે, કે એનો ત્રીજો ત્રીજો ભાગ બાકી રહે, ત્યાં આયુષ્ય નક્કી થાય. પરંતુ એ ન થયું તો છેવટે મૃત્યુ પૂર્વે; પણ ભવાન્તરની ટિકિટ તો નક્કી કઢાવવી જ પડે. કહો જો, ટિકિટ ક્યાંની કઢાવી છે ? અગર કઢાવવાના છો ? ખબર નથી.

**જૈન એટલે ?**

બાળ અઈમુત્તા રાજપુત્રે ગૌતમ મહારાજ સાથે મહાવીર પ્રભુ પાસે જઈ આવી ઘરે માતાને કહ્યું 'મારે ચારિત્ર લેવું છે,' મા ગુસ્સે ન થઈ, 'રોયા ! આ



માટે મહારાજ સાથે ગયો હતો ?' એમ ઠપકાર્યો નહિ. કેમ ? માતા શ્રાવિકા હતી, જૈન હતી. જૈન એટલે જિનને નાથ કરનાર. નાથ કર્યા પછી નાથનો દ્રોહ ન કરાય. **નાથના સિદ્ધાંત પર, નાથની આજ્ઞા પર ગુસ્સો કરતાં નાથનો દ્રોહ કર્યો ગણાય.** જિનને નાથ તરીકે માથે ધર્યા છે ને ? તે કુલટા ધરે એમ ? કે સતી ધરે એમ ? કુલટાને તો કહેવાના નાથ, કહેવાના પતિ, હૃદય પર પતિનું કશું બંધન કે ભારબોજ નહિ, બલ્કે હૈયું બીજાને વેચાણ. અહીં તો માતા જૈન એટલે કે જિનને ખરેખર નાથ તરીકે માથે ધરનારી છે, તેથી નાથે કહેલી ચારિત્રની વાત પર ગુસ્સો નથી કરતી; પરંતુ એટલું કહે છે, 'મારા નાનડિયા ! તું ચારિત્રમાં શું સમજે ?'

અઈમુત્તો કહે છે, 'મા ! હું જે સમજું તે નવિ સમજું, નવિ સમજું તે સમજું,'

મા સાંભળીને માથું ખંજવાળે છે; કેમકે અઈમુત્તાના બોલનો ભાવ ન સમજી શકી. કહે છે 'દીકરા ! આ શું બોલે છે ?'

'સમજ ને, તું તો ચારિત્રમાં સમજે છે ને ?'

'ના ભાઈ ના, મને નથી સમજાતું. કહે, તું કહે એનો શો અર્થ ?'

'અર્થ એ જ કે હું જે સમજું છું કે અહીં એક વાર અવશ્ય મરવું પડશે, પણ તેમાં એ નથી સમજતો કે ક્યારે મરવાનું ? અને જે નથી જાણતો કે કઈ ગતિમાં જવું પડશે, ક્યાંની ટિકિટ નીકળશે, ત્યાં જરૂર સમજું છું કે આ સંસારના પાપમાં ડૂબ્યા રહેવાથી દુર્ગતિની અને ધર્મમાં મગ્ન બનવાથી સદ્‌ગતિની ટિકિટ નીકળે.'

અઈમુત્તાને સદ્‌ગતિની ટિકિટ કઢાવવી છે. પણ તે નાણાં ચૂકવ્યા વિના માત્ર કહેવારૂપે નહિ; કિન્તુ ચારિત્રધર્મ પાળીને ટિકિટ કઢાવવાની છે.

**તમે ટિકિટ ક્યાંની કઢાવવી ધારી છે ? અને તે કયા નાણાં પર ?**

ધારણા નહિ હોય તો ય ટિકિટ તો નીકળવાની જ છે. તેમ સારીની ધારણા હશે તો પણ તેવા નાણાં વિના એ નહિ નીકળે, એ પણ નક્કી છે. આર્ય દેશનો વાસી અને આર્ય ધર્મ પામેલો, એ 'મારે સારો પરભવ જોઈએ છે' એવી ધારણા કેમ ન કરે ! ન કરે તો આર્યત્વ શું ?

**આર્યત્વ આ જ કે પરલોકગામી આત્માને માનવાપણું; માટે જ પરલોક સુધારવાની પૂરી ઈન્તેજારી અને ધરખમ પ્રયત્ન. આનું નામ આર્યત્વ.**

ગુણસાગર જાતિસ્મરણ થવા પર આ વિચારી રહ્યો છે કે 'પૂર્વના અનુપમ અનુત્તર વિમાનના સુખ તો કુછ નહિ, કિન્તુ એની પૂર્વનાં ચારિત્રને હવે પાછો અહીં ન અપનાવી લઉં તો આગળ પરભવ કેવો ? અને આ જન્મ-મરણની જંજાળનો અંત ક્યાં ? અહીંના વૈભવ-વિલાસ તો બહુ અલ્પ કાળના, પણ એનાં દુઃખદ ત્રાસમય પરિણામ અગણિત કાળ ! આમાં ને આમાં ડૂબ્યા રહ્યે મારું શું થાય ?'

ગુણસાગરને બેચેની વ્યાપી ગઈ ! શું થયું ? ધનમાલ અને માન-સન્માન બધા દેવીને ભોગ આપનાર બોકડાના મેવા-પકવાન્ન અને શણગાર સન્માન જેવા લાગ્યા ! સુખભર્યા ભવનો પણ આનંદ ઊડી ગયો. હવે એને અકળામણ થાય છે. 'ક્યાં ફસાયો ? કેમ છૂટું ? ક્યારે છૂટાશે ?' એમ મુંઝાય છે.

ભવનો આનંદ ઊડી જાય એટલે મુંઝવણ થાય, ઉનાળાની સખ્ત ગરમીના બફારે બફાય તેમ સંસારમાં બફારો લાગે. ભારે ભૂખ્યા-તરસ્યાની જેમ ચેન ન પડે. લાખો રૂપિયા ખોવાઈ ગયા હોય, માલમિલકત બળી ગઈ હોય અને જેમ મુંઝારાનો અનુભવ થાય, તેમ ભવમાં ફસાયાનો મુંઝારો લાગે. ગુણસાગર પાસે લક્ષ્મીનો ઢેર છે, બંગલા-બગીચા વગેરેનો વૈભવ છે, એમ છતાં મુંઝારો અનુભવે છે.

**સુખમાં મુંઝારો કેવી રીતે ?**

વિચારો, એના અને તમારા વચ્ચે કેટલું અંતર છે ? દુઃખમાં મુંઝારો કે સુખમાં ? સુખમાંય મુઝારો થાય, જો એ સુખમાં જીવની કતલેઆમ સર્જાવાની દેખાય. ધાડ-હુલ્લડ પાકિસ્તાનીમાં, જ્યાં ગરીબોને કાંઈ નહિ, અને શ્રીમંતોની એ શ્રીમંતાઈના જ કારણે કતલ થતી દેખાય, ત્યાં પોતે વારા પછી વારામાં આવશે એ જોતાં શ્રીમંતને હૈયાથડક અને પારાવાર મુઝવણ થાય ને ? ગુણસાગરને આ સંસારના સુખોમાં ભાવી નરક-તિર્યંચગતિની દીર્ઘાતિદીર્ઘકાળની દારુણ રિબામણ દેખાય છે. હવે ગુરુના બોધની રાહ જોવાની નથી. મુનિદર્શને થયેલ પૂર્વ જન્મનાં સ્મરણ અને ગંભીર ચિંતવને ચિનગારી મૂકી દીધી છે. એમાંથી વિરાગનો અગ્નિ ભડ ભડ સળગી ઊઠ્યો છે. કોઈએ એને મહેલમાંથી 'નીકળ અહીંથી' એમ કરી ધક્કો મારી કાઢી મૂક્યો નથી, ગાળ દીધી નથી, અપમાન-તિરસ્કાર કર્યો નથી; કુટુંબ વિરોધી બન્યું નથી, નોકર-ભાગીદાર દગાખોર નથી નીકળ્યો, રાજાનો જુલ્મ વરસ્યો નથી... બધું સલામત છે, છતાં જીવન એને અસલામતીથી ભરેલું દેખાય છે ! એના મનને થાય છે કે,

**સલામતી ક્યાં ? પુણ્યની લૂંટમાં સલામતી ? :-**

'અરે ! આ વૈભવી સંસાર તો મારા પુણ્યના ખજાનાને લૂંટી રહ્યો છે, અને પાપની ફરજ પાડી રહ્યો છે ! આવું ચાલે એમાં મારી સલામતી ક્યાં ? સલામતી તો દુર્ગતિના ભવોથી ભરપૂર સંસારની થાય !'

ભવાભિનંદી જીવને જ્યાં સુખ-સગવડ-સલામતી લાગે, ત્યાં ભવભીરુને ભારોભાર આપત્તિ-અગવડ-બિનસલામતી દેખાય ! પેલાને જ્યાં શાણપણ લાગે ત્યાં આને મહામૂર્ખાઈ દેખાય.

વિચારજો જાતને માટે, કે સલામતી અને શાણપણનો ક્યાં અનુભવ થાય છે ?



પૈસા-ટકા, પરિવાર-પ્રતિષ્ઠા, સત્તા-સન્માન ભરપૂર આવી મળ્યું ત્યાં સલામતી દેખાય છે ને ? કે અસલામતી ?

એવા પર બજાવતા રોફ-ગુમાન, ઠસ્સો-આડંબર, રોષ-ધમધમાટમાં શાણપણ અનુભવો છો ને ? કે મહામૂર્ખાઈ ?

**જૈનશાસન હૈયે વસ્યું છે ?** વસ્યું હોય તો દુન્યવી કહેવાતી સલામતી-શાણપણના વિષયોમાં બિન-સલામતી-મૂર્ખતા જ લાગ્યા કરે. ભવમાં ભટકતા ન થઈ જવાય એનો ભય હોય તો સંપત્તિ-સન્માનમાં બિનસલામતી અને વિષયવિલાસ-કષાયનાચમાં મૂઢતા-મૂર્ખતા લાગે. ભવના આનંદ ઉડાવવા હોય તો આ કરો.

**બિનસલામતમાં સલામતી માનવાની મૂઢતા :-**

જરા નોકરી સોમાંથી બસો રૂપિયાની મળે છે ત્યાં સલામતી લાગે છે ! ધંધામાં બે હજારમાંથી પાંચ હજારની કમાઈ થવા માંડે ત્યાં સલામતી લાગે છે ! પત્ની રૂપાળી અને બહુ પ્રેમાળ મળી સલામતી લાગે છે ! છોકરાના બાપા બન્યા સલામતી ! ઘર બનાવ્યું કે સલામતી ! કેટલી તુચ્છ નિરાંત ?

દેવ-ગુરુ-ધર્મ મળ્યા તો સલામતી લાગે છે ખરી ? સંસારના પાપખટલામાંથી ઊઠી ભગવાનના મંદિરે ગયા, ઉપાશ્રયે ગયા, સામાયિક-પ્રતિક્રમણમાં બેઠા, તો સલામતી લાગે છે ખરી ? બે પૈસા ખરચવાનો કે વ્રતનિયમ લેવાનો યોગ મળ્યો ત્યાં સલામતી લાગે છે ખરી ? આંતર શત્રુ દબાવવાનો અવસર મળ્યો ત્યાં સલામતી લાગે છે ખરી ? એ લાગે, જરૂર લાગે, પણ ક્યારે ? પેલા પૈસા-પરિવાર, ઘર-મિલકત, માન-પાન વગેરેમાં બિન-સલામતી લાગે ત્યારે.

આત્માના મોહને, વિકારોને અને વાસનાને પોષનારા પદાર્થોમાં બિનસલામતી લાગે ત્યારે આત્મહિતકારી ગુણો ધર્મસ્થાનો અને ધર્મસાધનાઓમાં સલામતીનો અનુભવ થઈ કલેજે ઠંડક થાય.

સામાયિક વિનાના કાળમાં અવિરતિમાં રહ્યે જો એમ થાય કે 'આમાં મારો આત્મા સહીસલામત નથી; કેમકે અવિરતિમાં મૃત્યુ થવાથી દુર્ગતિનો સંભવ છે,' તો પછી સામાયિકમાં બેસવાનો ધન્ય અવસર મળતાં એમ થાય કે 'હાશ ! હવે સલામત છું.'

પૈસા સારા મળ્યા એમાં જો વિચાર આવે કે 'આ અસલામતી વધી, કેમકે હવે મમતા-આસક્તિ અને આરંભ-સમારંભના વિચાર વધવાના,' તો પછી દાન દેવાનો, દેવ-ગુરુ-સંઘભક્તિ કરવાનો કે ધર્મક્ષેત્રમાં ખરચવાનો મોકો મળ્યો ત્યાં સલામતીની ઠંડક લાગે, એમ થાય કે 'હાશ ! આટલું સુકૃત કરવાનું મળ્યું એટલી પરલોકમાં સહીસલામતી ઊભી થઈ, કેમકે પુણ્યાનુબંધી પુણ્ય ઊભું થઈ ગયું !

**સુકૃતની અલૌકિક ખૂબી :-**

આ સલામતી ઊભી કરનાર સુકૃતની ખૂબી પાછી એ છે કે એ કર્યું એક વાર, ત્યારે તો પુણ્ય ઊભું થઈ ગયું; પણ પછી જેટલી વાર એની અનુમોદના થાય એટલી વાર નવું નવું પુણ્ય એમાં ઉમેરાતું જાય છે. વાત એટલી કે અનુમોદના શુદ્ધ સુકૃતની જ થવી જોઈએ. 'આ સુકૃત કરવામાં મને જશ સારો મળ્યો, લોકચાહના સારી મળી, માન સારું મળ્યું, બીજા સુકૃત કરનારાને ઠીક ઝાંખા પાડ્યા;' આવી કોઈ અનુમોદના નહિ. એ તો કષાયની અનુમોદના છે. પાપરૂપ છે. એનાથી તો નવા અશુભકર્મની વૃદ્ધિ થાય. માટે એવી નહિ, પણ અનુમોદના એ થવી જોઈએ કે-

'વાહ ! સરસ સુકૃત થઈ ગયું ! પૈસા અને શ્રમ પાપકાર્યમાં જાત, તે ધર્મકાર્યમાં જઈ લેખે લાગ્યા ! કેવી ધન્ય ઘડી કે આ પાપભર્યા ઘરવાસમાં ભગવાન જિનેશ્વરદેવની પવિત્ર આજ્ઞાનું યત્કિંચિત્ પણ પાલન મળ્યું ! કેવો સુંદર અવસર કે ભરચક પાપયોગોમાં યોજાતા રહેતા ધન-મન-વચન-કાયા શુભ યોગમાં યોજાઈ ગયા ! આ માનવભવમાં આત્મહિતની ભવ્ય તક સધાઈ ! દેવ-ગુરુનો કેવો અનુપમ ઉપકાર કે ધર્મ કમાઈ કરાવી !'

આવી કોઈ સુકૃતની શુદ્ધ અનુમોદના જ્યારે જ્યારે થયા કરે ત્યારે ત્યારે પુણ્યનો લાભ મળ્યા કરે છે. એક પણ નક્કર સુકૃત કર્યાનો આ કેવા ચમત્કાર ! વારંવાર એની અનુમોદનાથી અતિ પુષ્ટ બનેલ પુણ્યમાં આત્માને પરભવે કેવી સરસ સલામતી મળે ? પરંતુ સુકૃતમાં આ સલામતી ત્યારે લાગે કે જ્યારે પાપ અને મોહમાં રગડનાર પૈસા ટકા વગેરેમાં અસલામતી લાગે, 'પરિગ્રહમાં મારી સલામતી નથી, સલામતી તો દાનમાં સદ્વ્યયમાં પરોપકારમાં છે.'

એમ 'રસત્યાગ, વિગઈત્યાગ અને તપસ્યામાં મારા આત્માને સલામતી છે,' એવું ક્યારે લાગે ? 'મનગમતા રસદાર પદાર્થોમાં અને વિગઈઓમાં, યાવત્ નિરંકુશ ખાધા કરવામાં મારી સલામતી નથી, કેમકે કીટ આદિ બનવાની એ ભૂમિકા છે,' એમ હાડોહાડ વસી જાય.

એવું વડીલના તાબેદાર, જિનના સેવક, ગુરુના આજ્ઞાચાહક, સંઘના સેવક, ઈત્યાદિ બન્યા રહેવામાં સલામતી ક્યારે લાગે ? માન-સન્માન-મોટાઈ, સત્તા-શેઠાઈ ઠકરાઈ વગેરેમાં અસલામતી દેખાય ત્યારે, એમાં અસલામતી કેમ ? એટલા માટે કે એ સીધું આત્મભાન જ ભુલાવી દે છે; 'હું કાંક છું મારી કિંમત છે,' એવો ગર્વ ઊભો કરાવે છે. ત્યાં પછી પોતાની ન્યૂનતા, દોષ ખામી કશું જોવાની વાત નહિ. એટલે એને ગુરુ પાસેથી કાંઈ લેવાનું રહે નહિ, બલ્કે ગુરુને ય સલાહ આપવાનું કરે ! કેમકે પોતે મોટો માન્ય પુરુષ બન્યો છે ને ? થયું, પોતાના દોષ ખામી જોવાની



જ વાત નથી એટલે એને સુધારવાની વાતે ય શી ? એ નહિ એટલે એ દોષ-ખામીઓના પાયા ઉપર અનેક દુષ્કૃત્ય આચરવાનું થવાનું. એના પર પ્રસંગે અહીં પણ અને પરભવમાં તો નિશ્ચિત વિટંબણા ! નીચ ગોત્રમાં જન્મ ! અને અસહ્ય દુઃખ ક્લેશ કેટલા ઊભા થાય ? એ સલામતી કે અસલામતી ? આ અસલામતી લક્ષમાં હોય, નજર સામે તરવર્યા કરે, તો માન-સત્તા-મોટાઈ મળવા પર એના બદલે પોતાની સેવકતા, આજ્ઞાચાહકતા, લઘુતા જ મનમાં રમ્યા કરે એમાં ભારોભાર સલામતી લાગે. શેમાં સલામતી ? આજ્ઞા કરવામાં નહિ. આજ્ઞા ચાહવામાં.

**અહીં આજ્ઞાચાહકતા કેમ કહ્યું ?** આજ્ઞાંકિતતા એક ગુણ છે. પરંતુ આજ્ઞાચાહકતા એનાથી વિશિષ્ટ ગુણ છે.

**આજ્ઞાંકિતતામાં** તો, અમુક કરવાની પોતાની ઈચ્છા ન હોય છતાં વડીલે એની આજ્ઞા કરી, એટલે એ કાર્ય તો કરી દેશે, પણ કદાચ મનનો ઉલ્લાસ નહિ; અને છતાં પોતે આજ્ઞાંકિત રહ્યાનો સંતોષ માનશે ! ત્યારે

**આજ્ઞાચાહકતામાં** સદા એ અભિલાષા જ બની રહે છે કે 'વડીલે યા ગુરુ મને કોઈપણ આજ્ઞા ક્યારે કરે, અને હું ધન્ય બનું ? શેઠ શાહુકાર અને સત્તાધીશોએ તો મને ઘણીય આજ્ઞાઓ કરી અને મેં એ પાળવાની ગદ્ધામજુરી કરી, એવા તો અનંતા જનમ પસાર કર્યા ! નથી કર્યું આ, કે ઉપકારીઓ અને ગુણસંપન્ન ઉત્તમ આત્માઓની આજ્ઞા ખૂબ ખૂબ ઝીલવાનું જીવન જીવવું. બસ હવે તો આ જનમમાં આ જ જોઈએ કે મોટાઓ કેમ મને આજ્ઞાઓ ફરમાવે અને હું એનો અમલ કર્યા કરું !' આ છે આજ્ઞાચાહકતાનો વિશિષ્ટ ગુણ. એમાં પછી સવાલ જ નથી રહેતો કે પોતાને મનગમતું શું છે અને આજ્ઞા કઈ થાય છે ? એમાં તો જે કોઈ આજ્ઞા કરે એ બધું મનગમતું.

આ ગુણમાં ઘણા લાભ સમાયેલા છે. જેમકે, સગવડ-અનુકૂળતાના પ્રેમ પર કાપ, અહંત્વ-મોટાઈનો નાશ, સદા સેવા-વૈયાવચ્ચની તત્પરતા, ઉપકારીઓ-વડીલો પ્રત્યે અનહદ બહુમાન, સ્વાર્થસાધુતાનો વિધ્વંસ, હોદ્દાનુસાર મર્યાદાપાલન, વડીલ-ગુરુઓને મહાન શાંતિ-શાતાનુ દાન, કર્તવ્ય-જવાબદારીનું ભાન અને અમલ...વગેરે.

જીવન ઊંચું લાવવું છે ? નિજના આત્માને ઊંચે ઊંચકવો છે ?

દુર્ગતિના દરવાજા બંધ કરવા છે ? તો એનો આ એક મહાન સચોટ ઉપાય છે,-

'આજ્ઞાચાહક બનો; આજ્ઞાકાંક્ષી થાઓ; આજ્ઞા મળવાથી જીવનને ધન્ય બનવાનું માનો' શાસ્ત્ર સુયોગ્ય શિષ્યનું આ વિશેષણ મૂકે છે, 'આણાકંખી;' એટલે કે આજ્ઞાની કાંક્ષાવાળો, ઝંખનાવાળો જુઓ,

**ગૌતમ મહારાજ મહાવીર પ્રભુની આજ્ઞાના** કેવા કાંક્ષી હતા ! માટે તો

જ્યારે ક્યારે ય જે કોઈ આજ્ઞાપ્રભુએ ફરમાવી કે તરત હાથ જોડી પ્રસન્નતાથી અહોભાગ્ય માની તહત્તિ કરી લેતા, અને એનો અમલ કરવા માટે તરત જ ઉદ્યમમાં લાગી જતા. પ્રભુની આજ્ઞા મળે એટલે જાણે શી વાત ! મોટી સિદ્ધિ મળી, એમ માની હૃદય નાચી ઊઠતું !

**રામચંદ્રજીને દશરથે આજ્ઞા કરી** કે 'જો રામ ! આ તારી માતા કૈકેયીને વરદાન આપેલું તે હિસાબે હવે એની ઇચ્છાથી રાજ્ય ભરતને આપ્યું છે;' તો એ સાંભળીને રામ ખુશી ખુશી થઈ ગયા. પોતાને રાજ્યગાદી મળવાની હતી એનો જાણે કોઈ આનંદ નહિ, ને પિતાજીની આજ્ઞા મળવાનો મહા આનંદ ! તે હૈયું નાચી ઊઠ્યું; અને કહે છે, 'બહુ સરસ ફરમાવ્યું !' આજ્ઞાને પોતાના એક મહાન ઈષ્ટ તરીકે બનાવી દીધી, અને બોલ્યા, 'ભરતને રાજ્ય આપ્યું તે ઠીક કર્યુ. આમ હું એને રાજ્યગાદી સોંપત તો એ લેત નહિ. આપે આપ્યું તે મને બહુ ગમ્યું !'

હવે ભરત 'મોટાભાઈ છતે હું ગાદીએ ન બેસું' એમ કહી આ મંજુર કરતો નથી ! પરંતુ પિતાની આજ્ઞાનું પાલન થવું જ જોઈએ એવા આજ્ઞાના અતિ મહત્ત્વને આગળ કરી રામચંદ્રજીએ પોતે જ ભરતના માથે રાજ્યાભિષેકનું જળ ઢોળ્યું ! અને આજ્ઞાચાહકતાના ગુણ પર ભરતે મોટાભાઈની આજ્ઞા શિરસાવંદ્ય કરી.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૨,અંક-૪૩,તા.૨૫-૭-૧૯૬૪

## (૫) પાપત્યાગનો સાપેક્ષભાવ : બચપણથી શિક્ષણ : સલામતી ક્યાં ?

**બચપણથી એક શિક્ષણ :-** બચપણથી જ બચ્ચાને જો આ તાલીમ અપાય કે 'માતાપિતાની આજ્ઞા મળે એવું અહોભાગ્ય ક્યાંથી ! એવી એ આજ્ઞાની જાગતી આકાંક્ષા રખાય, તો જીવનના સર્વ ક્ષેત્રોમાં મહાન બનાય,' તો એ બાળકનું જીવન કેટલું ઉચ્ચ બને ? પછી આજે ઘર ઘર દેખાય છે એવા મા-બાપ સાથે છોકરાના રગડા રહે ? ત્યારે એ તાલીમના સંસ્કાર લઈને તૈયાર થયેલો સાધુ થાય, તો ગુરુ સાથે રગડો કરે ? ના કરે; સદા આજ્ઞાકાંક્ષી જ હોય, પછી રગડો શાને ? આજ્ઞાકાંક્ષિતાના વાંધા છે એટલે રગડાનો બચાવ થાય છે કે 'હું તો સત્યપ્રિય છું' અગર 'કળિકાળ હૂંડા અવસર્પિણી છે,' આ 'મારા પુણ્યની ખામી છે,' કે 'મોટાનો સ્વભાવ એવો છે એમાં હું શું કરું ?' યા તો 'મોટા પક્ષપાતી છે, જિદ્દી છે,...' વગેરે વગેરે બચાવ શોધાય છે, પણ મૂળમાં પોતાને આજ્ઞાચાહકતા, આજ્ઞાકાંક્ષિતા ગુણ નથી રાખવો એ ખામી છે.



**કળિકાળની દુર્દશા** તો એ છે કે મા-બાપની આજ્ઞાની કોઈ ઝંખના નથી, પણ કેટલીકવાર પાડોશી વગેરે બીજા કોઈ શેઠિયા કે વિદ્વાનની આજ્ઞાની ચાહના હોય છે ! ગુરુની આજ્ઞાકાંક્ષિતા નથી એવી બીજાની છે ! પોતાના શિક્ષકની આજ્ઞાની ઝંખના નહિ, અને અન્યની ખરી !

એવો માણસ પાછો બચાવ કરે છે કે

**બચાવ :-** ગુણ હોય તો સહેજે આકર્ષણ થાય અને અને આજ્ઞા ઝંખાય !

ઉત્તરઃ- અલ્યા ! પણ ઉપકારનું કોઈ આકર્ષણ ખરું કે નહિ ? કૃતજ્ઞતા જેવી કોઈ વસ્તુ માનવ જીવનમાં ખરી કે નહિ ? અને શું તારા બાપે ગુરુ, શિક્ષક વગેરે નિર્ગુણી નાલાયક જ છે, અને બીજાઓ જ ગુણિયલ અને લાયક છે તે તને માબાપની આજ્ઞાની ચાહના નથી ને બીજાની છે ?

**પ્ર.-** પણ કોઈ બહાર અનેક જણને પ્રિય થતો હોય અને એમની આજ્ઞાનો ચાહક બનતો હોય કિન્તુ મા-બાપની જ આજ્ઞાનો નહિ, ત્યારે માબાપમાં કાંઈ મોટી કસૂર તો હોય જ ને ?

ઉ.- ના, એવો નિયમ નથી. અહીં અંદર ઊતરવા જેવું છે વિચારવા જેવું છે કે,-

**બહાર કેમ પ્રિય બને છે ?**

બહાર અનેકની સાથે મીઠાં બોલ બોલતો હોય અને ક્યારેક ક્યારેક કોઈ કોઈનું મામુલી કાર્ય કરી આવતો હોય એટલે એમને પ્રિય થાય એમાં નવાઈ નથી. વળી એમની આજ્ઞાની ચાહના દેખાડવામાં કાંઈ કષ્ટ નથી પડતું; કેમકે એને દેખાય છે કે એ પરાયા જન આજ્ઞા કરી કરીને કેટલી કરવાના હતા ?

**ત્યારે માબાપ સાથે** ચોવીસે કલાક રહેવું છે. તેથી વસ્તુસ્થિતિ જ જુદી છે. માબાપની આજ્ઞા અને સેવાનાં તો અનેક કાર્ય બજાવવાં પડે. પણ એ પાલવતું નથી. તેમ માબાપની આજ્ઞાની અપેક્ષા-આકાંક્ષા રાખે તો તો વારંવાર આજ્ઞા મળે એવી છે; કેમકે પોતાનાં હિત અને કર્તવ્યની પોતાને જ ગમ નથી એવી ગમ માતપિતાને છે; એટલે સહેજ એના અંગે આજ્ઞા ફરમાવે. પણ એ ઝીલવાનું પાલવતું નથી. ત્રાહિત માણસ કે જેની સાથે રાત-દિવસનો સહવાસ નથી એ શું કામ આ તખલકમાં પડે ? એણે તો ક્યારેક એકાદવાર કાંઈક કહ્યું અને આણે માન્યું, તેમ ક્યારેક એનું કોઈ કાર્ય આણે કરી આપ્યું, એટલે બસ ! ઝટ સારાપણાનું સર્ટિફિકેટ આપવા તૈયાર !

**વાંધો નડે છે માબાપની ચોવીસે કલાક** આમન્યા રાખવામાં, સેવા બજાવવામાં અને આજ્ઞા ઝંખવામાં. ત્યાં વારંવારના સેવાકાર્ય સામે હાડકાં હરામ થાય છે; ને

સતત નમ્ર વિનીત અને આજ્ઞાગ્રાહી બન્યા રહેવા સામે મન ચોર બળવાખોર થાય છે. એટલે માબાપની આજ્ઞાના કાંક્ષી બનવું પાલવતું નથી, અને બીજાની આજ્ઞાના કાંક્ષી બનવું પાલવે છે.

આમાં, કહો હવે, માબાપની મોટી કસૂર છે ?

બીજાઓ લાયક-ગુણિયલ અને માબાપ નાલાયક-નિર્ગુણી ખરા ? ના,

**વાંક છોકરાનો પોતાનો છે** એ ઉઠાઉગીર છે, બીજાઓના સેવક અને આજ્ઞાચાહક બનવાનું તો ઓઠુ રાખ્યું છે. એમ કરીને માબાપને નાલાયક ઠરાવવા છે; અને પોતે એમની સેવા ન કરે, તેમ આજ્ઞાનો કાંક્ષી ન બન્યો રહે, એ અજુગતું નથી એવું ઠરાવવું છે.

માણસના ગૂઢ હૃદયની પારખ થવી મુશ્કેલ છે. હજારોની આંખોમાં એ ધૂળ નાંખી શકે છે. હૈયાના છૂપા દુષ્ટ ભાવોની ખબર પડવા દીધા વિના, બહાર એવા દેખાવડા વર્તાવ અને સિફતભર્યા બોલ રાખશે કે ભલભલાને આંજી નાખે, આકર્ષી રાખે ! પોતે પોતાની તો જાણે ભારે યોગ્યતાવાળો છે, અને મા-બાપની ને ગુરુની આજ્ઞાનો જાણે અખંડ પ્રેમી છે, પણ સંયોગવશાત્ અલગ દેખાય છે ! એવો દેખાવ કરશે. બોલ બી એવા રળિયામણા બોલશે.

**આ બધી મોહની અસર નીચેની ચાલ છે.** મોહ એને એવી રમત કરાવી રહ્યો છે. ભીતરકી ભગવાન સિવાય કોણ જાણે ? પણ ભગવાનના શાસ્ત્રોનાં મૂળ વિધાનો સમજનાર અને કેવા કેવા ભાવમાં કેવી કેવી ચેષ્ટા થાય છે એ જાણનારના ખ્યાલમાં એ આવી શકે છે. ભવચક્રમાં અનંતા ભ્રમણ આમ જ ધર્મના નામ નીચે કે યોગ્ય ચારિત્રના દેખાવ હેઠળ મોહની શીખવણીનાં નાટક ખેલવાથી થાય છે.

**મોહના ૪ શિક્ષણ પાઠ :-**

**મોહ શીખવે છે કે** વ્યાવહારિક કર્તવ્ય, કૃતજ્ઞતાનાં કર્તવ્ય કે જિનાજ્ઞાએ ફરમાવેલ કર્તવ્ય ન બજાવે તો વાંધો નહિ, પરંતુ મનમાં માન્યતા રાખવી કે

(૧) અનેકાન્ત છે 'બજાવાય અને ન બજાવાય'

(૨) 'એ ઉત્સર્ગ રાજમાર્ગ છે. પરંતુ ઉત્સર્ગમાં અપવાદ પણ હોય જ છે.' અથવા

(૩) 'શાસ્ત્ર બધે યથાશક્તિ જ પ્રયત્ન કહે છે એટલે આમાં શક્તિના અભાવે ન બજાવવાનું થાય એ શાસ્ત્રમર્યાદાની અંદરનું જ ગણાય;' યા

(૪) 'કર્તવ્ય બજાવવામાં ખામી આવે, પરંતુ મનમાં એનો ખેદ હોવો જોઈએ તો સમ્યક્ત્વ ટકી શકે છે...'

આવી-આવી મોહની શિખવણીથી કર્તવ્યો તરફ બેપરવા અને આળસુ બન્યો



રહે છે, છતાં એમાં ખરેખર ભયંકરતા દેખાતી નથી એટલે જિંદગી આખી જ એવી પસાર થાય છે. વસ્તુગત્યા દિલમાં એનો કકળાટ કલ્પાંત ચાલ્યા કરવાને બદલે કર્તવ્યોને ચૂકાવનારી વાતવસ્તુઓનાજ વિચાર ચાલ્યા કરતા હોય છે. છતાં માને છે-મનાવે છે કે 'હું ખબરદાર છું, યોગ્ય છું, વ્યવહારનીતિ વગેરેને વફાદાર છું. માબાપની આજ્ઞા ને ગુરુઓની આજ્ઞાને માનનારો જ છું !'

**સ્વેચ્છાચારમાં સલામતી ? :-** આ બધું જોઈએ તો આજ્ઞાકાંક્ષિતા-આજ્ઞાચાહક્તાના મૌલિક ગુણના અભાવને લીધે છે, સ્વચ્છંદાચાર-સ્વેચ્છાચારની જુગજુની કુટેવને આભારી છે. એ યથેચ્છાચારમાં મૂઢ જીવને સલામતી દેખાય છે અને તેથી જ આજ્ઞાકાંક્ષિતામાં અસલામતી દેખે છે કેવો મતિવિપર્યાસ ! જો સ્વેચ્છાચારમાં અસલામતી જુએ તો તો આજ નહિ તો કાલે, પરમ દિ'...એમ ક્યારેક પણ સુધારો કરે. પરંતુ ના, સલામતી જ માને, પછી સુધારો શાનો ?

એટલે જ આ વાત છે કે નમ્રતા-લઘુતા-આજ્ઞાકાંક્ષિતા વગેરેમાં સલામતી સમજવાનું ત્યારે બનશે કે જ્યારે અહંત્વ-ગૌરવ-સ્વાર્થ-સ્વેચ્છાચારમાં ભારોભાર બિનસલામતી દેખાશે. તે એવી કે ડગલે ને પગલે અને ઘડીએ ઘડીએ ભય રહ્યા કરે, કકળાટ રહે, કે 'આ અહંત્વ, આ જાતગૌરવ અને આ સ્વેચ્છાચારમાં મારું થશે શું ? મારી એમાં કોઈ સલામતી નથી, બલ્કે અનર્થ-અનિષ્ઠોના ભોગ બનવાનું છે !'

**મૂર્ખાઈ ક્યાં ?**

ગુણસાગર ભારે સંપત્તિ-વૈભવ અને વિલાસનાં સાધનોમાં સરાસર અસલામતી જોઈ રહ્યો છે. રંગરાગ અને ભોગવિલાસમાં અસલામતી જોઈ રહ્યો છે. બીજાને જે ભર્યા વૈભવભંડારમાં ભારે સલામતી લાગે ત્યાં આને ભારોભાર જોખમ અને દુઃખનાં એંધાણ દેખાય છે ! મૂર્ખાઈના વિચાર નથી હોં, સૂક્ષ્મ સમજદારી છે. કહો,

**મૂર્ખાઈ તો એ, કે તદ્દન અસલામત કરનારા દુન્યવી સંયોગો અને કષાયભરી મનોવૃત્તિઓને વિષે સલામતી જોવી.**

આ સમજવું શું કઠિન છે ? સ્પષ્ટ હિસાબ દેખાય છે કે એ ગમે તેવા સોહામણા સંયોગ મેળવ્યા અને રાગ, રોફ વગેરે કર્યા, પરંતુ જીવ છેવટે મૃત્યુ વખતે તો અસલામત દશામાં મુકાઈ જ જાય છે. પછી ચૌદ રાજલોકના મોટા ધરામાં ક્યાં જઈ પડશે, ત્યાં કેવો ફેંદાશે, એનો પત્તો નથી.

**ધર્મીને મૃત્યુ વખતે અસલામતી કેમ નહિ.**

**પ્ર.-** મૃત્યુ વખતે તપ-જપ-સંયમવાળા ધર્મીય અસલામત ક્યાં નથી ?

ઉ.- ભૂલો છો; ધર્માત્માને તો મરતાં સલામતી જ છે. માટે તો એને ભય નથી, હાયવોય નથી; કેમકે જાણે છે કે જીવન તપ-જપ-સંયમમય જીવ્યું છે, તો

એ સાચી સલામતી છે, એમાં તો સદ્‌ગતિ જ મળવાની છે, પછી ચિંતા શી ? એવું પેલાને ક્યાં છે ? એ તો મરતાં પોક મૂકે છે, હાયવોય અને કલ્પાંત કરે છે. એ સૂચવે છે કે પોતે પોતાને હવે સહીસલામત જોતો નથી. ત્યારે અંતે નવકારમાં લીન બનનાર અને અરિહંતનાં શરણે જનાર, જો એ પાકા વિશ્વાસમાં છે કે આ શરણદાતા પરમાત્મા અને પરમેષ્ઠિ-નમસ્કારના અચિંત્ય પ્રભાવે ઉચ્ચ સ્થિતિ મળવાની જ છે, તો અને મરતી વખતે કોઈ કલ્પાંત-હાયવોય નથી.

**સલામતી ક્યાં ?** નમસ્કારમંત્રની રટણામાં કે કચરાપટ્ટી વિચારોમાં ? મનને જો બરાબર લાગી જાય કે 'અંટસંટ વિચારો કરવામાં તો એ અશુભ મનોયોગ હોઈ આત્મામાં અશુભ કર્મ થોકબંધ વહી આવે છે, તેમજ ભવાંતરગામી કુવાસનાઓ દૃઢ થાય છે; ને એ તો જીવની દશા તદ્દન અસલામત કરી મૂકે છે,' તો પછી એના બદલે નવકારમંત્રની રટણા કરવામાં રહેલી ભારે સલામતી તરફ મન ખેંચાય. મનને થાય કે 'આડા અવળા ભૂંસા કૂટવાને બદલે લાવને નવકાર જ રટું.'

**નવકાર-સ્મરણમાં મહાલાભ :-** માત્ર અસંબદ્ધ અને નિષ્પ્રયોજન વિચારો જ નહિ કિન્તુ બીજાં પર આવેશ આવતાં યા રાગવિહ્વળ થતાં મન જે કષાયની મોહની લાગણીમાં ખેંચાઈ જાય છે, એ ય અસલામતી જ ઊભી કરે છે. ત્યાં જીવમાં ડહાપણ હોય તો શું કામ અટવાયો રહે ? મહાસલામતી અર્પનાર નવકારમંત્રમાં જ મન લગાડી ન દે ? એથી બે લાભ, એક તો કષાય-મોહના આવેશથી મનને તુચ્છ નિઃસત્ત્વ બનાવી અશુભ કર્મ બાંધત તેથી બચી જવાય, અને બીજું, પરમેષ્ઠિ-સ્મરણથી મનોબળ, સુસંસ્કાર અને પુણ્યાનુબંધી પુણ્યની કમાઈ થાય.

**કર્તવ્ય શું ? :-**

બસ, વાત આ છે કે જીવની સલામતી ક્યાં ક્યાં અને અસલામતી ક્યાં ક્યાં, એ નક્કી કરી રાખો. એમાં ય **તેવાં તેવાં અસલામતીનાં સ્થાન-પ્રસંગની સામે સલામતીનાં સ્થાનો યા પ્રવૃત્તિ ચોક્કસ કરી રાખો,** જેથી અસલામત સ્થાન કે પ્રસંગમાં મૂકાતાં ઝટ સલામત સ્થાનમાં યા પ્રવૃત્તિમાં જાતને જોડી દેવાય. આવું જીવનભર કરવામાં આવે તો પછી મૃત્યું બિચારું મરવા પડે એમાં પૂછવું જ શું ? મહાન સમાધિ-મૃત્યુ મળે ! અને જીવન પણ સુંદર શુભ ભાવોમાં વહ્યું રહે. બાકી એટલું ખરું કે આ સલામતીભર્યા સ્થાનનું સેવન અને સલામતીભરી પ્રવૃત્તિમાં લાગી જવાનું તો જ બનશે કે ચાલુ પ્રવૃત્તિ-પ્રસંગોમાં ભારોભાર અસલામતી દેખાશે.

**ગુણસાગર અને માબાપનો સંવાદ :-**

ગુણસાગર પૂર્વ જન્મના ચારિત્રના સ્મરણથી હવે અહીં મોટા વૈભવમાં અસલામતી જોઈ રહ્યો છે. એવા વૈભવી જીવનમાં મહાલ્યા કરવાનો આનંદ ઊડી



ગયો. તે તમામની વચ્ચે એને પોતાની જાત અસલામત હોવાનું લાગે છે.

એ માતપિતાને કહે છે 'હું દુઃખી છું મને સુખી કરો.'

માતાપિતા કહે, 'તું દુઃખી ? શું બોલે છે આ ? શું કોઈએ તારું અપમાન કર્યું ? તને દબડાવ્યો ?'

'ના, એવું કાંઈ નથી બન્યું. મને તો આ સંસાર જ બહુ દુઃખરૂપ લાગે છે.'

'અરે નાનડિયા ! શી વાત કરે ? આ બધું તારું જ છે. તું એકલો માલિક છે. મહાન અપ્સરાસમી આઠ કન્યાઓ સાથે તારાં લગ્ન કરવાનાં છે. આવા વૈભવ-વિલાસભર્યા સંસારમાં તું દુઃખી શાને ?'

ગુણસાગર કહે છે, 'બાપુ ! આ વૈભવી સંસાર જ દુઃખનું કારણ છે, કેમકે એથી જીવને પરલોકની મહા અસલામતી ઊભી થાય છે. અહીંથી મરીને પરલોક જવાનું તો છે જ ને ? તે પણ પરલોક અતિ દીર્ઘ કાળનો ખરો ને ? એનો વિચાર ભૂલી આ ટૂંકા શા કાળના વૈભવમાં ભૂલા પડવું એમાં કયું ડહાપણ છે ! મારી તમને પગે પડીને વિનંતિ છે કે મને સંયમની રજા આપી સુખી કરો...'

**"માતપિતાને ઈમ કહે, સુખિયો મુજ કીજે રે લો...અહો સુખિયો૰**
**સંયમ લેશું હું સહી, આજ્ઞા મુજ દીજે રે લો...અહો૰"**

આ નિર્ધાર, આ સલામતીની સમજ, અને મહાવૈભવમાં મહા અસલામતીનાં તરવરતાં દર્શનવાળાને માત-પિતાની ગમે તેવી લાલચો કે ચારિત્રના કષ્ટનાં ભય શી રીતે ડગાવી શકે ? એને તો સારા ય સંસારનો આનંદ ઊડી ગયો છે. ગમે તેવી ઠકરાઈ, અરે ! છ ખંડના સામ્રાજ્ય કે દેવોનું ઈન્દ્રપણું પણ એને દુશ્મનરૂપ લાગ્યા છે. સમજે છે કે,

**જગતના ભોગ અને વૈભવો આપણા દુશ્મનના પગ મજબુત કરનારા છે.**

અનેક ભવોમાં આપણને ક્રૂરપણે રેંસી નાખનારા રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, મોહ-માયા-આસક્તિ, મદમાન-ઈર્ષ્યા, વગેરે છે આપણા દુશ્મનો. એનો પગદંડો મજબૂત કરે છે જગતના ભોગ અને વૈભવ. એના નિમિત્તે એ રાગાદિ ભરપૂર સેવાય છે; અને જેમ જેમ એ સેવાતા જાય તેમ તેમ એના સંસ્કાર વધુ ને વધુ દૃઢ બનતા જાય છે. એટલે ભોગ-વૈભવ પર એનો પગદંડો એવો મજબૂત થયો. હવે એની અસરો ભવોના ભવો સુધી પહોંચવાની. તે ય દુઃખમય હલકા ભવોમાં ! આ દુઃખદ ભવભ્રમણ કોણે સર્જ્યું ? એ દૃઢ બનેલ રાગાદિએ; માટે એ આપણા અનન્ય અનુપમ દુશ્મન.

એવા દુશ્મનના પગ મજબૂત કરનારા ભોગ-વૈભવ પર આપણા હેત વરસે કે ફિટકાર ?

'ફિટકાર' શબ્દથી ભડકશો નહિ કે 'હેં ! સારા સારા ભોગ અને વૈભવ પર તિરસ્કાર કરવાનો ?'

હા, કરવાનો; કારણ કે એ ભોગ અને વૈભવસંપત્તિ મનને ખૂબ જ વિહ્વળ, ગળિયું અને રાગાદિ પ્રત્યે ગુલામડું કરી દે છે. વિષયોના ભોગવટા અને દુનિયાના વૈભવ મનની તન્મયતા, ત્યાગની નિઃસત્ત્વતા તથા રાગ, દ્વેષ, કષાયાદિ આત્માના દુશ્મનોના પગ મજબૂત કરે છે. એકના બે બંગલા થાય એટલે 'અહીં સુવું કે તહીં' એમાં ધર્મસાધના ભૂલે. એક જ મકાન હોય તો નક્કી તહીં જ સુવાનું છે એટલે ટાઈમસર સાધના સંભાળે. ભાણામાં ચારને બદલે ૧૪ ચીજ આવી એટલે 'પહેલાં આ ખાઉં કે આ ? શેની પછી શું ખાઉં,' વગેરે થાય; 'પહેલાં આમાં આ બોળું, પછી શાક, પછી આ, પછી તે,' એમ થાય. જ્યારે ચાર ચીજ હોય તો દા.ત. દાળમાં રોટી બોળી ઝટ ખાઈ લેવાય. ચારની ચૌદ થઈ એટલે પરિણામે કોળિયે કોળિયે રાગ; એટલો કે સમયે સમયે ભયંકર કર્મ બંધાય ! ચાર વાનીમાંથી ચૌદ વાની થઈ એટલે દુશ્મનના પગ મજબુત થયા, દુનિયાનો વૈભવ એટલે ભવમાં રખડાવનાર મોહ અને કર્મ દુશ્મનના પગ મજબુત કરનાર રસાયનો છે, એ મજબુત થયા પછી જીવની શી મજાલ કે એનાથી ભાગી શકે ? સદ્ગતિ મેળવી શકે ? કદાચ મળી તો સફળ કરી શકે ? એ તો મર્યા સમજો. એના પર નિરાંત કેમ થાય ?

પૈસા મળ્યા ને હૈયું હરખે છે, મોટર વસાવી ને મન ખુશ ખુશ રહે છે, સારું મકાન બંગલો કર્યો એના પર ભારે રાગ મમતા રહે છે, સારું જોવા મળ્યું, સારા સન્માનના કે કોયલ-કંઠના શબ્દ સાંભળવા મળ્યા, ઠીક ઠીક ખાવાપીવા, પહેરવા-ઓઢવા મળ્યું, ને જીવડો રાજી રાજી થઈ જાય છે...પણ આ બધો વિચાર આવે છે ખરો કે 'આ બધા તો દુશ્મનના પગ મજબૂત કરી રહ્યા છે, તો ત્યાં રાજી શું થવું ?'

**ખેદભરી વિચારણા :-** ઠીક છે જ્યાં સુધી છોડવાની હિંમત અને તાકાત ન આવી હોય ત્યાં સુધી વૈભવ મળે ને લઈ લીધા, વિષયો મળ્યા ને ભોગવાયા, પરંતુ ઓળખ તો રખાય કે નહિ કે 'આ બધા તો મારા દુશ્મનના પગ મજબૂત કરનારા છે ? એ મજબૂત એટલે આ જીવનમાં એને દુબળા પાડવાની મળેલી મહાન અતિ દુર્લભ તકને સરાસર વેડફી નાખી ! અને પશુને ન આવડે એવી રીતે ઊલટાં એ દુશ્મનના પગ મજબૂત કરનારી રમતો કરવાની ઘોર મૂઢતા કરી !' આવી ખેદભરી વિચારણા રહે કે નહિ ?

**જીવન અજવાળવું હશે તો** સદા સાવધાની અને સતત જાગૃતિ જોઈશે, કે જેથી દરેદ દરેક વૈભવ-સંપત્તિ મળવા-ટકવા પર અને દરેક દરેક ઇન્દ્રિય વિષય ભોગવવા પર દિલમાં ઉંડાણમાં એક પ્રકારનું દર્દ થાય કે 'અરેરે ! આ દુશ્મનના



પગ મજબૂત કરનારના ફંદામાં કાં પડું છું ? કાં પડ્યો ?' ભૂલશો ના આ, દિલદર્દ થવું સહેલું છે જો એ ભોગ-વૈભવમાં સુખ-સગવડની અનાદિની રૂઢ દૃષ્ટિ ફેરવી નાખી કાતિલ દુશ્મનના પગ મજબૂત કરનાર ગૂંડા તરીકેની દૃષ્ટિ ઊભી કરી દો, અને દાનાદિ ધર્મને એ દુશ્મનના નાશક તરીકે બરાબર સમજતા રહો.

જેને મન દાન-શીલ-તપ-ભાવના, એ ચાર ધર્મનાં ઊંચા મૂલ્યાંકન છે, એને દુન્યવી વૈભવ અને ભોગવિલાસ કશી કિંમતના લાગતા નથી, એ દાનાદિને આત્માના દુશ્મન ભૂત કર્મ તથા રાગાદિના જોરને નબળા પાડનાર સમજે છે. ત્યારે વૈભવ-વિલાસને દુશ્મનના પગ મજબૂત કરનાર લેખે છે. એટલે અવસર આવ્યે એ દાન-શીલ-તપ-ભાવનાની સામે વૈભવ-વિલાસને ઠોકરે ચડાવે છે. નહિતર વિચારો કે ધના પોરવાડ, પેથડશાહ વગેરેના જીવનમાં વૈભવાદિના સજ્જડ ભોગ આપીને કરાયેલ મહાસુકૃત શી રીતે બને ?

**વૈભવ અને વીતરાગ ભક્તિ :-** ધના પોરવાડ યાને ધરણશાહને નલિનીગુલ્મ મહાવિમાન જેવું જિનમંદિર બંધાવવું છે, ખર્ચનો અંદાજ અપરંપાર છે, પણ પાછા હટવાની વાત નથી ! નવાણું ક્રોડનો ખર્ચ થયો તો ય તે ખુશમિશાલ કર્યો ! કઈ સમજ પર ? આ જ,

વૈભવ એ સુખનાં સાધન નહિ પણ દુશ્મનના સાગરીત છે.

એટલે એનો ભોગ આપી જો દુશ્મનનો પ્રભાવ તોડી શકાય એવો સુકૃતનો અવસર મળે છે, તો શું કામ પાછી પાની કરવી ? વીતરાગ ભગવાનની ભક્તિ નિમિત્તે કરોડોનો વ્યય કરવો પડે તો ચિંતા નહિ.

એથી જ આ મહાવૈભવના રાગ અને મમતા વગેરેનો નાશ થશે. એ વૈભવ અનેક પાપાશ્રવો-પાપારંભ-સમારંભોમાં વપરાઈ પાર વિનાના જીવોના સંહાર કરી પારાવાર કર્મ-દુશ્મન ઊભા કરત, તેમાંથી બચાવ મળશે ! અર્થાત્ તે અટકી જશે; અને રાગ-દ્વેષ રહિત ભગવાનની ભક્તિ-આદર-સત્કાર કરતાં કરતાં પણ આપણા રાગાદિ ઉપર જબરદસ્ત ઘા પડશે..

**પેથડશાહનો રાગાદિ શત્રુ પર ઘા :-** આ ગણતરીમાં પેથડશાહ ગીરનાર પર છપ્પન ધડી સોનાની બોલી બોલ્યા ! કેટલું સોનું ? ૫૬ ધડી ! એમ ના સમજતા કે 'એ તો ચડસમાં ચડીને બોલી નાખ્યું,' કેમકે એમને દુશ્મન રાગ-લોભ વગેરેને કચરવાનો ઉલ્લાસ હતો. જુઓ એમણે આબૂ ઉપર સુવર્ણસિદ્ધિ યાને સુવર્ણરસની સિદ્ધિ કર્યા પછી તરત મંદિરમાં જઈ કરુણ રુદન કર્યું છે કે 'આ મેં શું કરી નાખ્યું ? જડ માયામાં લોભાઈને હે પ્રભુ ! મેં આ અપરંપાર વનસ્પતિ જીવોનો સંહાર કાં કર્યો ? દુશ્મન રાગ અને કર્મના પગ મજબૂત ક્યાં કર્યો ?

ધિક્કાર પડો મારા લોભી અને નિર્ઘુણ આત્માને !' આ ઉગ્ર આત્મ-જુગુપ્સામાં ત્યાં ને ત્યાં સુવર્ણસિદ્ધિને વોસિરાવી દીધી !

**ધન મેળવી પછી ધર્મમાં ન વપરાય ?** ભલે સુવર્ણસિદ્ધિ થયા પછી હવે એટલો જીવસંહાર ન કરવો પડે, પરંતુ એ અંતરના રાગને તાગડધિન્ના કરાવે તેનું શું ? એ થોડી પણ હિંસા વિષે હૈયું નિષ્ઠુર બનાવે તે કેમ પોષાય ? પ્રતિજ્ઞા કરી કે આ સુવર્ણસિદ્ધ મને ખપે નહિ ! રાગ અને લોભ ન પોષવાના નિર્ધાર વિના આ કેમ બને ?

મહાસતી સીતાજીને રાવણ ઉપાડી ગયા પછી રાવણ એમની સામે વૈભવનો ઢગલો અને હજાર રાણી પરનું પ્રભુત્વ ખડું કરે છે, પરંતુ શીલની રક્ષા સામે આ મહાસતી કશું વિસાતમાં ગણતા નથી; ઊલટું એ વૈભવ-સત્તાને દુશ્મનભૂત દુરાચાર અને માનાકાંક્ષાના પગ મજબૂત કરનાર લેખે છે. તેથી જરાક મચક આપતા નથી.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૧૨,અંક-૪૪,તા.૧-૮-૧૯૬૪**

## ભવાભિનંદીનો ૩જો દુર્ગુણ : દીનતા

**જીવનનાવની રક્ષા :-** જીવનમાં વૈભવ-વિલાસની લાલચો-પ્રલોભનો તો આવવાનાં; પરંતુ એની 'સામે એવા વૈભવ-આનંદ તો દુશ્મભૂત દુર્ગુણો અને કર્મના પગ મજબૂત કરનારા છે, મારે એ ન જોઈએ,' એ દૃઢ નિર્ધારથી ટક્કર ઝીલાય, તો જ જીવનનાવ ખરાબીના ખડકે અથડાતું બચાવી શકાય, અને નક્કર ઉન્નતિ સાધી લેવાનું બને. આજે પણ એવી ટક્કર ઝીલનારનાં દર્શન થાય છે.

એક મોટા સટ્ટા બજારના પરસ્પરના સોદાનો હિસાબ પતાવનારી એક બેંક શાખામાં મેનેજર આગળ બજારના મોટા વેપારીઓના એવા સોદા-લિસ્ટ આવતા કે કટોકટીના સમયમાં જો એ કોઈ વેપારીને જાણવા મળે તો એ પરથી કેટલોય લાભ ઊઠાવી જાય; અને એ જાણવા માટે મેનેજરને, હજારો રૂપિયાની લાંચ આપવાની તૈયારી સાથે, એ ખાનગી લિસ્ટની બાતમી કહી દેવા લલચાવતા ! પરંતુ મેનેજરને મન એવા અનીતિના કમાયેલ લાખો રૂપિયાના પણ વૈભવ આત્મ-દુશ્મનના પગ મજબૂત કરી જીવનું નિકંદન કરનારા લાગતા. તેથી ક્યારેય એવી લાલચનો વશ થવાની વાત નહિ. જીવનમાં શું કિંમતી છે ? પૈસા વધારવાનું કે આત્મશત્રુ લોભ-લાલચ-અનીતિ-જૂઠ વગેરેના ટાંગા ઢીલા કરવાનું ? શું કિંમતી ? ભૂલતા નહિ કે પૈસા-વૈભવ કિંમતી માન્યા અને લોભ-અનીતિ વગેરે કરીને એ ભેગા પણ કર્યા, તો ય અંતે તો એ મૂકીને જ મરવાનું છે, પણ લોભ-અનીતિ આદિની કૂડી આદત અને પાપના થોક સાથે લાગશે !



મેનેજર વર્ષોની નોકરીમાં કદાચ એ રીતે લાખો રૂપિયા ભેગા કર્યા હોત, પરંતુ એવો અનીતિનો એક રૂપિયો ય ન ખપે, એ ટેક બરાબર જાળવી. કેમ વારું ?

(૧) આ ભવને અંતે મૂકીને જ મરવાની ચીજ ખાતર ભવોભવ પીડે એવા દુશ્મનના પગ મજબૂત કરવાનો મોખ નહોતો.

(૨) પોતાના આત્માથી તદ્દન પર એવી વસ્તુ ખાતર પોતાના આત્માને કારમા દુશ્મનભૂત તીવ્ર રાગ-લોભ આદિ વિકારો અને કર્મની ભારે જંજીરોથી જકડવાનું ખપતું નહોતું.

(૩) જીવને બિનસલામત કરનારા વૈભવ-વિલાસોના લોભમાં જીવને જબ્બર સલામતી અર્પનાર ન્યાય-નીતિ, સત્ય-સહનવૃત્તિ, ત્યાગ-ઉપશમ વગેરેને ઠોકરે ચડાવવામાં સરાસર બેવકૂફી છે, એમ લાગતું હતું.

બસ, દૃષ્ટિ જ સુધારવાની પહેલી જરૂર છે. જ્યાં ભારે અસલામતી છે, જ્યાં આત્માના વિકારો અને કર્મબંધનો વધારવાનું જ છે, જ્યાં એક ભવની લીલામાં ભવોભવના કૂચા કરવાનું છે, એવા પદાર્થો, એવા વિચારો, ને એવી પ્રવૃત્તિઓને સુખનાં સુંવાળા સાધન તરીકે જોવાનું પડતું મૂકવું જોઈએ. મેવા-પકવાન્ન સામે આવ્યા, બંગલો-બગીચો સામે આવ્યો, મોટર-રસાલો સામે આવ્યો, ત્યાં પહેલી દૃષ્ટિ આ સ્ફુરે કે આમાં ભારે અસલામતી છે, આત્મરોગોનું પોષણ છે, કર્મબંધનની સગવડ છે, એક ભવમાંથી અનેક ભવોનું સર્જન છે.

**મિથ્યાદર્શન અને સમ્યગ્ દર્શનમાં અંતર :-**

વાંધો એ છે કે જગતની વસ્તુમાં સમ્યગ્ દર્શન કરતાં આપણને નથી આવડતું-મિથ્યા દર્શન કરીએ છીએ માટે ભૂલા પડ્યા છીએ. ચીજ સામે આવે, બે રીતે જોવાય, સાચી રીતે ને ખોટી રીતે, સારી રીતે પણ એનું દર્શન થાય; ખોટી રીતે દર્શન કરવાને ટેવાયેલ છીએ માટે ખત્તા ખાઈએ છીએ. ઘડિયાળ આવી, જોઈ થાય. 'ઠીક સારી આવી હવે ટાઈમસર ઓફિસે જવાશે.' બાઈઓ કહેશે 'ટાઈમસર રસોઈ થશે,' ઘડિયાળનો આ ગુણ જોવો એ મિથ્યાદર્શન. એમાં જગતની સગવડ સારી રીતે સચવાવી જોઈએ, એ જ મનોદશા છે. એને બદલે સમ્યગ્દર્શનથી ટેવાયેલો આત્મા હોત તો વિચારત-ઠીક થયું, ઘડિયાળ આવી, નિરાંતે ધર્મક્રિયા સમયસર થશે, સામાયિક-પ્રતિક્રમણમાં થતો ભંગ અટકશે, રાત્રે ઊઠ્યા, જોયું ચાર વાગ્યા થાય 'ઊઠો.' ત્રણ વાગ્યા તોય થાય 'ઊઠો, એક સામાયિક વધુ થશે.' વસ્તુ એની એ, દર્શન કરતાં આવડવું જોઈએ. દીકરો એનો એ, પણ 'આ રળિયામણો -દેખાવડો છે, એ દીકરો મને રળી ખવરાવશે,' આ મિથ્યાદર્શન. અને 'હું એકલો જીવ સંસારની જળોજથામાં રહેત આ દીકરો મને મુક્ત રાખી ધર્મક્રિયામાં સગવડ

કરશે, સહાય કરશે.' આ સમ્યગ્દર્શન.

**જોવા જોવામાં ફેર ! વસ્તુમાં જેવું દર્શન થાય તેવો કર્મબંધ.** સમ્યગ્દર્શન થાય તો શુભ કર્મબંધ, મિથ્યાદર્શન થાય તો અશુભકર્મબંધ થાય. બીજું કોઈ આપણને બંધાવવાનું નથી, કોઈ છોડાવવાનું નથી, કોઈ દુર્ગતિમાં ધક્કો મારનારું નથી, કોઈ સદ્‌ગતિએ ચઢાવનારું નથી, કર્મથી છોડાવનાર સમ્યગ્ દર્શન છેઃ ભારે કર્મથી બંધાવનાર મિથ્યાદર્શન છે. વસ્તુમાં દર્શન સમ્યગ્ કરવું કે મિથ્યા એમાં કાંઈ લેવા-મૂકવાનું નથી, પોતે બહાર નીકળવાનું નથી, કે દીકરાને કાઢી મૂકવાનો નથી. એ કોઈ નિયમ નથી. સમ્યગ્ દર્શન કરવાની વાત છે. ગરમાગરમ રસોઈ મળી, જીભને ફાવી, ત્યાં મિથ્યાદર્શનથી એમ થશે કે 'આ રીતે થાય, સચવાય, તો ખાધું ગણાય. નહિ તો ઠંડુ ગોતા જેવું આરોગ્યું એમાં શું ખાધું ? આમ થાય તો ઓફિસે પણ ઠીક કામ થાય,'

**તુચ્છ ભોગના બહુમાનીને વસ્તુમાં મિથ્યાદર્શન સસ્તા : ડગલે ને પગલે થાય.** જગતમાં ઊંચા ગણાતા ઉદાર ભોગની પણ પરવા વિનાનાને વસ્તુમાં સમ્યગ્ દર્શન ડગલે પગલે થાય. ગરમા-ગરમ રસોઈ આવે એટલે એને થાય, જીવ ઘેલો છે એટલે આવું માગે ! ઠીક છે ગરમ રસોઈથી વાયુ ન થાય તો અપ્રમત્તપણે ધર્મક્રિયા થશે. પરંતુ આ ગુલામી શી ? માપસર લેવાય તો શરીરમાં ગરમી ક્યાં નથી ? અનુકૂળ-અનુકૂળની ટેવમાં જ જીવ નિઃસત્ત્વ બને છે. અનુકૂળ રસોઈ જીવને નિઃસત્ત્વ બનાવે.' જોવા જોવામાં ફેર ! ભીલ રતનમાં કાચ જુએ, બોરમાં પકવાન્ન જુએ. ઝવેરી રતનનેરતન દેખે, બોર ને બોર દેખે, અને આવડત હોય તો કાચને ય રતન જેવું બનાવે.

**પૈસા ય મોક્ષ માટે ? હા ! :-**

**મિથ્યાદર્શનમાંથી સમ્યગ્દર્શનમાં ક્યારે જઈ શકાય ? ભવનો આનંદ ખૂટે ત્યારે,** ભવની અકળામણ વધે ત્યારે, મોક્ષની અરુચિ જાય ત્યારે, મોક્ષની ઝંખના વધે ત્યારે. જોઈએ શું ? છેલ્લી ઇચ્છાનો અવાજ મોક્ષનો હોય, મોક્ષ જ જોઈએ. બીજું જેટલું જોઈએ તેટલું મોક્ષ માટે જ જોઈએ. પૈસા ય મોક્ષ માટે ! પૈસા મોક્ષ માટે ? હા ! એ માને, મોક્ષ માટે પૈસા આ રીતે 'મારા જ્ઞાનીએ કહ્યું છે, અશુભ કર્મોનો ભાર વધે છે. આજીવિકા પુરતા ન મળે એટલે અસમાધિ રહે છે. એટલા મળે એટલે અસમાધિ ન રહે; તેથી અશુભ કર્મોનો ભાર ન વધે, અને ધર્મ સ્થિરતાથી થાય. એથી કર્મ ઘટે, એમ આગળ વધાય એટલે મોક્ષ મળે' તો પૈસા પણ મોક્ષ માટે થયા ! પરંતુ જો જો હોં ! આજીવિકા પૂરતા; પેટી-પટારા ભરવા નહિ.

**દીનતાએ કેટલા કંગાળ બનાવ્યા ? :-**



પુદ્‌ગલની ઓછપની ચિંતાના અનંતકાલના અભ્યાસે તો બચ્ચું જન્મતાં જ ઓછપ માટે રુએ છેઃ જરા ઓછું પડતાં રુએ છે ! ધરાયા છતાંય દીનતા ! કોઈક બાળકો જેઓ સારા સંસ્કાર લઈને આવેલા હોય છે તેઓ જન્મે છે, પછી એમને નામ નહિ રોવાનું ! મસ્ત પડ્યા રહે ! કેમકે પૂર્વે દીનતા કાપીને આવેલા છે. દીનતાએ આપણને કેટલા કંગાળ બનાવી દીધા ! નાહક ઉપાધિ ! રોદણાં વધ્યાં ! કદી હિંમતભરી વાતો ન મળે ! દીનને તમે કંઈક વાતો કરો કે એ કાયરપણે બોલે 'કાળ ખરાબ, દીકરો માનતો નથી, બૈરા કજિયાળા.' એક વાત સીધી ના બોલેઃ કાં ? દીન ! એના હૃદયમાં બીજો વિચાર ક્યાંથી ઘૂસી શકે ? જે હૃદયમાં દીનતાની કાળી વાદળી પ્રસરી ગઈ હોય તે હૃદયમાં ધર્મનો પ્રકાશ ક્યાં ચળકે ? ધર્મની સાચી લગની ત્યારે લાગે, જ્યારે દુનિયાની દીનતાથી પરવારાય.

**વધારે નથી મળ્યું તે સારા માટે :-**

ઓછું મલ્યું છે ? ઓછું છે એજ સારું છે; નહિ તો ધર્મની સામું ન જુઅત ! ગુરુ સામે ન જોવત ! મંદિર પાસે હોય પણ પ્રભુનું મુખ જોવા ન પામત ! જેને વધારે મલ્યું એ દૂર સોસાઈટીમાં બંગલે જઈ રહ્યા; ઓછાવાળા દેરાની શાખે રહ્યા ! કર્મે આપ્યું લેવાનું છે; લખાયું હોય તે જ મળે, વધારે ન મળે. પછી દીનતા કોના માટે ? પૈસા લખ્યા મુજબ જ મળવાના છે. શેઠને કહી દેવું 'અગિયારથી તમારી નોકરી લ્યો.' ના, આ તો શેઠની કેટલીય ચાપલૂસી કરે. એથી શેઠ શું પરખાવી દેશે ? બહુ તો દશનો પગાર વધારે કે બોનસ આપે. એટલી તુચ્છ વસ્તુ ખાતર આખું જીવન દીનતા ? ધર્મ-સાધના ચૂકવાની ? 'દીનતા નાથની ન કરું ?' ગુરુની ન કરું ? જેથી બહુ ઊંચી સમૃદ્ધિ-અમરસંપત્તિ સિદ્ધ થાય ! દેવ-ગુરુને કહું, 'નાથ ! એવાં અમૃતનાં પાન કરાવજો કે વિષયનાં વિષ ન ચઢે.' નોકરી કરવી પડે પણ શેઠની દીનતા શા માટે ? શેઠનું બૂરું ન ઇચ્છવું, વિશ્વાસઘાત ન કરવો, પણ ચાપલૂસીએ ન કરવી. આ તો દીનતા ક્યાં સુધી ? શેઠના કાકા-ફઈબા સગા સંબંધીની પણ ચાપલૂસી કરે ! અને શેઠ ? એ વળી ઘરાક-આડતિયાની ને અમલદારની ચાપલૂસી કરે ! દુનિયા દીનતામાં મરી રહી છે.

**કર્મે લખ્યું થાય :-** એવા પણ માણસો હોય છે કે કોર્ટમાં ન્યાયધીશને ય સીધું સંભળાથી દે ! બે હાથ, બે પગવાળા જજને, બે હાથ-પગવાળા આ માણસો સાફ સંભળાવી દે છે, 'આ વાત છે, આ અહેવાલ છે. આપની દૃષ્ટિએ ગુનો લાગે તો દંડ કરો,' સાફ કહી દે ! જરાય ચાપલૂસી ન કરે. 'હે ભાઈ સાહેબ ! મેં કાંઈ નથી કર્યું' એમ જરાયે ન કહે. કર્મે લખ્યું તે થવાનું છે; તેજ થવાનું છે. એમાં અક્ષરે ય ફેરફાર ન થાય. શ્રી તીર્થંકર દેવને ય નહિ, કર્મોદયમાં ફરક નહિ પડવાનો. ઉદય

જે કાળે હોય તે કાળે થાય જ. ભગવાન ૩૦ વર્ષ ઘરમાં રહ્યા તેટલો કાળ કોઈ ઉપસર્ગ ફરક્યો નહિ, અને ચારિત્ર લઈને નીકળ્યા કે ઉપસર્ગના ધાડાંના ધાડાં ઊલટી પડ્યાં ! પહેલાં આવ્યા હોત તો નંદીવર્ધન દેખાડત તો ખરો કે 'મારા લાડીલા ભાઈને હેરાન કરવા આવ્યા છો ?' પણ આવે શાના ? જે કાળ માટે, જે રીતના, એ ઉપસર્ગો કર્મના ઉદયકાળના હિસાબે આવવા લખાયેલા હોય તે વખતે આવે; અને આવે જ, એમાં ફરક નહિ. ત્યાં ભાગવાની ઉતાવળ ભગવાન ન કરે. એ તો એની સામે ગયા અનાર્ય દેશમાં એનું દેવું ઝટ ચૂકવવા !

**અડધો દેવાળિયો :-**

'લેણદાર માગવા આવશે તો આપીશ,' એમ કહે એ તો અડધો દેવાળિયો ! 'આપીશ' કહે છે માટે શાહુકાર; 'આવશે તો' એટલે નહિ આવે તો સારું, માટે દેવાળિયો. ભગવાન અનાર્ય દેશમાં ગયા-ત્યાં કંઈ ધર્મ નથી ફેલાવવો. 'કર્મ એવાં ભારે કે આ આર્ય દેશમાં આત્મા ઉપરથી ઝટ હેઠાં નહિ ઊતરે,' એમ માની અનાર્ય દેશમાં ગયા. અહીં (આર્ય દેશમાં) એવા ઉપસર્ગ કોણ કરે ? આ તો આર્યદેશ, એની પ્રજા એટલી અનાડી ન હોય, જેટલી અનાર્ય દેશમાં હોય. એ સહેજે અજાણ્યાને ભારે હેરાનગતી કરે. માટે પ્રભુ ત્યાં પધાર્યા. પણ જો જો. ઉપદ્રવ તો પોતાના ભારે કર્મના હિસાબે જ આવ્યા. કર્મ જેવાં નિર્માણ થઈ ચુકેલા છે તે પ્રમાણે એ ફળ દેખાડવાના. તીર્થંકર દેવો કે જેમના અસંખ્ય ઈન્દ્રો સેવક, જે ત્રણ ભુવનના નાથ, ત્રણ જગતના તારણહાર, એમને ય લખાયા પ્રમાણે ને ? એક અક્ષરે ય આઘો પાછો નહિ. તો આપણા માટે પણ કર્માનુસાર જ થવાનું. આ શ્રદ્ધા હોય પછી નોકરી, કુટુંબ, પૈસા, રહેવું હોય તો રહે પણ દીનતા નહિ ! દીનતા કરવી તો નાથની, ગુરુની, ધર્મની. શા માટે ? મોક્ષ માટે. નાથ વિના ભવમાં ભમી રહ્યો છું તેથી. પછી સામાયિકમાં રંગ આવશે, હાથ પર નવકારવાળી ગણાતી હશે અને બૂમ પડી 'છોકરો પડી ગયો, આ બળી ગયું,' પણ આને કાંઈ નહિ. એનો તો સ્થિર ચિત્તે नमो अरिहंताणं નમો નો જાપ ચાલુ. કેમકે દીન નથી.

**'વ્રત પહેલું, દીકરો પછી' નું દૃષ્ટાંત :-**

બાર વ્રતની પૂજાના અધિકારમાં છઠ્ઠા દિક્ પરિમાણવ્રતમાં એક પ્રસંગ આવે છે. બાપ છે, તેને દીકરો છે, દીકરાને નાનો દીકરો છે, એટલે કે બાપનો પોતરો છે. પોતરાને સાપ કરડ્યો, ડોસાએ ઈલાજ માટે ગારુડીઓ બોલાવ્યા. આવ્યા તેઓ, પણ કાંઈ વળ્યું નહિ, ડોસો ગભરાયો ! કેમકે લાંબો કાળ જાય તો પોતરો મરી જાય. વધારે તપાસ ચાલી ઉપાય માટે, એવામાં એક કીમિયાગર આવી ચઢ્યો, એણે કહ્યું; 'અમુક ઔષધિથી ઝેર ઊતરે; અમુક ગામમાં છે', એ ગામ



કેટલે છે ?' '૧૧૦ યોજના દૂર છે, લાવો તો એનાથી ઝેર ઊતરશે.' એટલે બધે દૂર માણસ મોકલ્યે કામ ન ચાલે, કેમકે જઈને તરત આવે શી રીતે ?

ડોસાને ખબર છે કે દીકરા પાસે (બાલકના બાપ પાસે) ગગનગામિની વિદ્યા છે,' એટલે દીકરાને પોતે એ વિદ્યાથી ત્યાં જઈને ઔષધિ લઈ આવવાનું કહ્યું, દીકરાને ડોસાએ કેમ કહેવું પડ્યું ? દીકરાને ગમ નહોતી પડતી ? પ્રેમ નહોતો ? બધું હતું પણ ખૂંચ હતી.

એણે કહ્યું; 'બાપાજી ! આ જીવન માટે ફક્ત સો જોજનનું મારે દિશા-પરિણામ વ્રત છે, (આ ગામ ૧૧૦ જોજન છે) મારી વ્રત મર્યાદાથી આગળ મરી જાઉં તો ય ન જવાય !'

'અલ્યા પણ છોકરો મરી જશે !'

જવાબ આપ્યોઃ 'નાઈલાજ ! પુત્રના મોહ ખાતર વ્રતનો ભંગ નહિ કરું.' દયા ભારોભાર છે પણ આ પ્રશ્ન દયાનો નહિ, મોહનો લાગ્યો. નહિ તો તો એમ થાય 'ક્યાં બાધા લીધી ? જેની પાસે લીધી તે ઉકેલ કાઢશે, માટે કામ કરવા દે ને !' ના ! વ્રત તે વ્રત, ધર્મ તે ધર્મ ! લખ્યું થવાનું છે, લખ્યું જ થવાનું છે, લખ્યા ઉપરાંત કાંઈ થાય નહિ, લખ્યા ઉપર કાંઈ નહિ મળે, ફાંફાં નકામા છે.

ડોસો ગભરાયો, પણ આ વ્રતધારી પુત્ર અદીન છે શૂરવીર છે, કાયર નહિ; મોહ વિજેતા છે, મોહમૂઢ નહિ. પિતા-પુત્રની રસાકસી ચાલી. દીકરો બાપને કહે છેઃ 'તમે પૌત્રના મોહથી મને વ્રતભંગ કરાવવા તૈયાર થયા છો, પણ વ્રતભંગ કરી હું ક્યાં જાઉં ? વ્રતભંગથી દુર્ગતિ નિશ્ચિત છે. હા ! એમ થતું હોય કે મારો પ્રાણ આપવાથી એનો જીવ બચે તેમ છે, તો તે માટે અત્યારે હું પ્રાણ આપવા તૈયાર છું, પણ વ્રતભંગ નહિ કરું.'

પરંતુ આ રીતે પ્રાણ આપીને ઝેર ઊતરી જ જવાનું અને છોકરો દીર્ઘાયુષ્ક થવાનો જ, એમ પણ કહી શકે ? તેમ એ ઔષધિ લાગુ થાય, ઝેર ઊતરે, એ જીવ બચે, એ બધું અનિશ્ચિત; અને વ્રત-ભંગ તો નિશ્ચિત જ, એમ એને લાગે છે. જૈનશાસન પામ્યાની આ વિશેષતા છે કે દુનિયાની ચીજ ખાતર એ દીન ન બને. અહીં પછી ખૂબી એ છે કે વ્રત કાયમ રાખીને અનર્થ નથી થવાનો એટલું પ્રભાવવંતુ એનું વ્રત છે. ચાહ્ય પાટડો કે પહાડ તૂટે તોય પરવા નહિ, વ્રત-ભંગ એ મહા દુર્ગુણ લાગે. વ્રત-ભંગને ધક્કે ચઢાવી એનાથી દૂર રહેવાય તો આત્માનું ઓજસ વધે, તેજ વધે, આરાધનાનો રંગ વધે.

અહીં એવું બન્યું કે શાસનદેવી પ્રગટ થઈ. ડોસાને કહે છે 'શાની ખેંચા-ખેંચ કરો છો ? ગગનગામિની વિદ્યાશક્તિ મોજુદ છતાં વ્રત-ચુસ્તતા ખાતર એ

શક્તિનો ઉપયોગ કરવા જે તૈયાર નથી, અને એજ વ્રતચુસ્તતા ખાતર વ્હાલસોયા પુત્રને જતો કરવા જે તૈયાર છે, તેનું પુણ્યબળ-ધર્મબળ કેવું હોય, એની કાંઈ તમને ગમ નથી પડતી ? એના હાથમાં પાણી આપી બાળક પર છંટાવો !'

બસ ! આ સાંભળી ડોસો તો હર્ષથી ઘેલો-ઘેલો થઈ ગયો. ધારેલી વસ્તુ ન બનવાથી દીન માણસને જેટલું ભારી દુઃખ થાય, જેટલી ભારે હાયવોય થાય, એને એજ ધારેલી વસ્તુ મલવાથી એવો એટલો ભારે હર્ષોન્માદ થાય કે જેના હિસાલ લેખાં નહિ ! તરત વ્રતચુસ્ત પુત્રના હાથમાં પાણી આપી બાળક પર છંટાવ્યું અને બાળકમાંથી તત્કાળ સર્પનું ઝેર ઊતરી ગયું ! વ્રતની દઢતાની ભારે વાહવાહ થઈ.

**દીનતા નહિ તો સમભૂમિ પર ચાલે :-**

દીનતાનો ખપ ન હોય એ બેની મધ્યમાં રહે. એ ન હાયવોયની ખીણમાં પડે કે ન ઉન્માદના ટેકરા પર ચઢે; એ તો સમભૂમિ પર ચાલે. હાયવોય અને ઉન્માદ, બંને ખતરનાક ! હાયવોયથી રાજગૃહીનો ભિખારી અને ઉન્માદથી સુભૂમ ચક્રવર્તી સાતમી નરકે પડ્યા ! દીનતાનું નગ્ન સ્વરૂપ વિચારો એ કેટકેટલી ભયંકર ! જેનામાં દીનતા ન હોય એ સમભૂમિ પર ચાલે. પુદ્ગલ સારું મળ્યું તો ઉન્માદ ન કરે, કેમકે એને એ બહુ માનતો નથી, ન મળે (નથી) તો હાયવોય ન કરે, કેમકે એનામાં દીનતા નથી, એનાથી બહુ ઓછપ છે એવું માનતો નથી.

**કઈ દીનતા કરવી ? :-** વાત પણ સાચી, આપણી ઈચ્છાને અવગણે, આપણા કાબૂ બહાર રહે, જાતે ચંચળ હોય, એવા દુન્યવી પદાર્થના અંગે દીનતા શી કરવી ? દીનતા કરવી તો આ કરવી જોઈએ કે-

'અહો ! મને અનંતકાળ રખડપટ્ટી થવા જતાં મારોજ મોક્ષ મને નથી મલ્યો ?' આટલી દીનતા હોય. લગની જેને મોક્ષની હોય એ બીજી દીનતા વગરનો હોય. એ દુનિયાની સારામાં સારી ચીજ પોતાની પાસે હોવામાં બહુ માનતો નથી, અને પાસે ન હોવામાં બહુ ઓછપ ગણતો નથી.

દુન્યવી વસ્તુ માટેની દીનતા તો મોક્ષની આકાંક્ષાથી અને મોક્ષની સાધનોથી દૂર લઈ જનારી છે.

મોક્ષની તમન્ના હોય, મોક્ષનો રસ હોય, એને તો દીનતા દૂર કર્યે જ છૂટકો. હા, ભવાભિનંદી યાને સંસારરસિક જીવોમાં ક્ષુદ્રતા અને લોભરતિની જેમ દીનતા પણ સ્વભાવમાં વણાઈ ગઈ હોય છે. આવો જેનો સ્વભાવ જ પડી ગયો હોય કે ગમે તેટલું સારું મળ્યું કે સારું બની આવ્યું હોય છતાં રોદણાં ઊભા રાખે, હજી, ઓછું મળ્યું એમ માન્યા કરે, યાચના કર્યા કરે એ બધી દીનતા છે; ને એ



ભવાભિનંદિતાનું લક્ષણ છે. માટે મોક્ષરસિક બનવું હોય તો આ દીનતાને દૂર ફગાવી દેવી જોઈએ. સ્વભાવ બદલી નાખવો અને એવો બનાવવો કે રોદણાં રોવાની વાત નહિ, ઓછું ને ઓછું જ માનવાની વાત નહિ, યાચના-માગણીની કુટેવ નહિ.

દીનતા શી રીતે જાય ?

મળેલામાં તૃપ્તિ કરવાથી; અર્થાત્ મળ્યું તે વધારે મળ્યું માનવાથી થાય.

તેમજ જોઈતું હતું, ખપ હતો, છતાં ન મળ્યું તો મન વાળવાથી કે 'આપણી પાસે પુણ્યનાં નાણાં ઓછાં હતાં એટલે ન મળે એ સહજ છે.'

**પુણ્યનાં નાણાં પર જ મળવાનું છે :-**

તો સમજુ ગરીબ માણસ બજારમાંથી પસાર થતાં નાણું ઓછું હોવાથી સારું કાંઈ ખરીદી ન શકે તો ખેદ નથી કરતો, કેમકે પોતાની સ્થિતિ સમજે છે. એમ પુણ્યની ઓછપમાં પ્રાપ્તિ ઓછી થાય ત્યાં ખેદ શો ? દીનતા શી કરવી ?

જનમનો સૂકલકડી માણસ શું જિંદગી સુધી રોજ રોયા કરશે કે 'હાય ! મારું શરીર કેમ લષ્ટપુષ્ટ નથી થતું ?' ના, ડાહ્યો હોય તો એણે સમજી મૂક્યું છે કે જે છે તે આપણા પુણ્ય પ્રમાણે બરાબર છે. પછી ખોટું રોવાની જરૂર શી ?

એમ ડાહ્યો મહેનતુ વિદ્યાર્થી પણ ઓછી મગજ શક્તિવાળો પરીક્ષામાં પહેલો નંબર ન લાવી શકતો હોય તેથી શું ઉદ્વેગ કર્યા કરશે ? ના, પોતાની અલ્પ શક્તિ સમજે છે. એમાં પહેલાથી નીચેનો નંબર આવે એને સ્વાભાવિક સમજે છે.

**મળ્યું એ ઘણું કેવી રીતે ? :-**

દીનતા, રોદણાં, ઓશિયાળાપણું, યાચના વગેરેથી બચવા આ પુણ્ય નાણાંનો હિસાબ નજર સામે રાખવા જેવો છે. એમાં ન મળ્યા પર મન બેપરવા તો રહે છે જ, પણ જો આગળ વધીને વિચારાય તો એમ માની શકાય છે કે 'મને જે મળ્યું છે તે મારી લાયકાત, પુણ્ય, અને જન્મ વખતની નગ્ન સ્થિતિ જોતાં વધારે મળ્યું દેખાય છે. માટે મારે તો ભારે ધરપત-ધરાયેલાપણું રાખવાનું. તેથી કદાચ આમાંથી ઓછું થાય તો ય માનું કે જે રહ્યું તે ય જગતના બીજા કરોડો મનુષ્યો અને અસંખ્ય પશુપંખી કરતાં ય ઘણું છે.' આ વિચારણાનો એ પ્રભાવ પડશે કે ઓછામાંથી ય દાન કરવાનું સુકૃત કરવાનું મન રહેશે. મળ્યું એ ઘણું છે એમ મનાય તો આ સહેજે બને.

**દીનતાથી પુણ્યમાર્ગ સુકાઈ ગયા :-**

આજે દાનના માર્ગ, એમાંય દેવ-ગુરુ-ધર્મસ્થાનો કે જે અપરંપાર પુણ્ય આપી રહ્યા છે, અને જેમણે પૂર્વે પણ તેવી પુણ્યાઈ આપીને આજે આ ઉચ્ચ સ્થિતિમાં લાવી મૂક્યા છે, એમની પ્રત્યે જૂનાં-નવાં પુણ્યદાનની કૃતજ્ઞતારૂપે પણ રોજ શક્ય ભોગ આપવાનું ઘસાવાનું, એ કેમ સુકાઈ ગયું ? કેમ બહુ ઓછું થઈ ગયું ? શું

ભોગ આપવા જેટલું પાસે નથી માટે ? ના, પાસે છે તો ખરું, પણ છે એ ઓછું લાગે છે, બહુ મળ્યું નથી લાગતું તેથી. પણ ખરી રીતે, જુઓ કે, જે પાસે છે એનાથી પણ ઓછું હોત તો શું ન ચાલત ? શું ભૂખે મરી જવાત ? ના, એવું કાંઈ નહિ. પહોંચે એટલામાં ય ઘરમાં બે છોકરા જન્મી જતાં એનું ય પૂરું કરાય છે ને ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"　　　વર્ષ-૧૨,અંક-૪૫,તા.૮-૮-૧૯૬૪**

## દીનતાથી બચવા ?

**રકમનો સવાલ જેટલો નથી એટલો મનનો સવાલ છે.**

રકમ ઓછી અને મન મોટું, તો મળ્યું છે એ ઘણું લાગશે.

રકમ ઘણી પણ મન સાંકડું, તો મળ્યું છે એ ઓછું લાગશે.

**મમ્મણ પાસે ક્યાં ઘણું નહોતું ?** ઘણું ય હતું પણ મન સાંકડું, તે ઓછું ને ઓછું જ લાગતું; તેથી દિ' ને રાત દીન બન્યો રહતો, ફાંફા માર્યા કરતો કે ક્યાંથી મળે, ક્યાંથી મળે ?

કોઈ કહે 'મમ્મણ કાકા ! આ નદીના પૂરમાં લાકડાં તણાઈ રહ્યાં છે ને ?' ત્યાં એને થતું કે 'હાય ! ગયાં લાકડાં ?' આ દીનતા ઊઠતી ! 'લાવ લાવ દોડતો જાઉં, જેટલા મળે તેટલા,' એમ લારા કરતા ભાગતો.

વળી કોઈ કહેતું 'કાકા ! કેમ બેસી રહ્યા હતા ? આ પણે સસ્તું વેચાઈ ગયું !' ત્યાં કાકાને દીનતા અને કલ્પાંત 'અરેરે ! ગુમાવ્યું.' પૂર્વ ભવથી કાકો 'હાય, મારો સિંહ-કેશરિયો લાડવો ગયો !' એવો દીનતાભર્યો શોક લઈ આવેલો, તે અહીં જીવનભર ફાલ્યો-ફૂલ્યો અને પરિણામે સાતમી નરકમાં કારમી દીનતાભર્યા શોકમાં રુલતો થઈ ગયો !

કેટલો કાળ ? તેત્રીસ સાગરોપમ ! ૩૩૦ કોડાકોડી પલ્યોપમમાં કરોડો અબજો જ નહિ, પરાધોના પરાર્ધો વરસો જ નહિ, કિન્તુ અસંખ્ય વરસ ! એવા પલ્યોપમોય સો બસો ક્રોડ નહિ, ૧૦૦૦-૨૦૦૦ ક્રોડ નહિ, સો લાખ ક્રોડ, કરોડ ક્રોડ !! તે પણ એક બે વાર નહિ, ૩૩૦ વાર ! એવા ૩૩૦ કરોડ ક્રોડ પલ્યોપમ સુધી સાતમી નરકની દારુણ વેદનામાં દીનતા-શોક-કલ્પાંત ! એક લાડવો ગયા પાછળ કરેલ દીનતા-શોક-કલ્પાંતનું પરિણામ ક્યાં સુધી પહોંચ્યું ?

બાપ મરી ગયા, છોકરો મરી ગયો, ધણી ગુજરી ગયા, તો શોક-દીનતા કરવાનું લાબું લાબું ચલાવો છો ને ? ત્યાં શું વિચાર આવે છે ખરો કે એનું ભવાંતરમાં પૂછડું કેવું ચાલશે ? વાહ, શોકના રિવાજ બાંધી મૂક્યા ! એ દીનતાના રિવાજ છે,



એ તારનારા કે મારનારા ? સંસારમાંથી ઉગારનારા કે ડૂબાડનારા ? એ કોણ વિચારશે ? **સંયોગ તેનો વિયોગ નક્કી છે, ત્યાં શોક શો ?** વસ્તુ નષ્ટ થઈ ગઈ, બગડી ગઈ, ભાંગી ગઈ, હવે પાછી આવવાની નથી, **અગર સુધરવાની કે આખી થવાની નથી. એના પર દીન બનવું, કલ્પાંત કરવો, આમાં કયું ડહાપણ ?**

'કશું ઓછું ન જોઈએ. ઓછું થવું ન જોઈએ,' આ કદાગ્રહી વૃત્તિ પર દીનતા જીવતી જાગતી રહે છે. દીનતા હટાવવી હોય તો મનનો આ કદાગ્રહ છોડો અને મનમાં નક્કી કરો કે 'ગમે તેટલું મળે તો ય અપેક્ષાએ ઓછું તો રહેવાનું જ છે; પછી શા સારુ આગ્રહ રાખું કે ઓછું ન રહેવું જોઈએ ? ઊંચેથી નીચે પટકાઈ પડું તો ય પૂર્ણ થવાનું જ નથી; માટે ભલે ઓછું તો ઓછું રહે.'

**દેનાર સામે દીનતા ? :-** બોલો કરશો આ ? ઓછપ લાગે તો સ્વાર્થના ખરચામાં ઓછું કરવાનું, અને પુણ્ય વધારવા સુકૃતમાં ખર્ચ વધારવાનો. હેં ? ભડકો છો ? 'ઓછું છે, ને વળી ધર્મનો ખર્ચ વધારવો ?' તો શું ઓછપ અહીં જ લાગી જાય છે ? સંસારની ગાડી ચલાવવામાં ધૂમ ખરચા કરવા તૈયાર ! અને આ કિંમતી માનવભવ વગેરેની પુણ્યાઈ જેમણે આપી. તેમજ હજી પણ આપી રહ્યા છે અને આપશે, એવા દેવાધિદેવ અને ધર્મસ્થાનો માટે કૃતજ્ઞતારૂપે પણ ખરચવાની વાત આવે ત્યાં જ દીનતા ? 'મારી પાસે ક્યાં વધારે છે ? આટલા ઓછામાં મારાથી શે પહોંચાય ?' એવી દીનતા એ બધું દેનારના સામે કરવાની ?

શું લાગે છે ખરું કે જો અથાગ પુણ્યનો મહાઉપકાર કરનાર દેવ-ગુરુ-ધર્મસ્થાન પ્રત્યે કૃતજ્ઞતા બજાવવામાં દીન બની અખાડા કરાય, તો બીજા તપ-જપ વગેરેથી પુણ્ય તો મળે, પણ એ શું દીનતા અને કૃતજ્ઞતા-વિસ્મરણથી ઉત્પન્ન થનારા મહાપાપ વિનાનું મળશે ?

ત્યારે પુણ્ય સાથે જો એ દીનતાના સંસ્કારનો વારસો ય લઈ ચાલ્યા, તો ભવાંતરે પુણ્યનાં રૂડાં ફળ મળવા છતાં દીનતા કેવી રહેવાની ?

ખૂબી તો એ છે કે ધર્મ ખર્ચ કરવાની વાત વખતે જ 'મારી પાસે ક્યાં એટલું છે !' એવી દીનતા ? અને કર્મ-ખર્ચ કરવામાં ખુશમિશાલ રીતે તૈયાર ! એનો તો અર્થ એ, કે અત્યંત વિષયાસક્તિમાં તરબોળ રહેવાનું જ કર્યું ! ત્યાં પછી ઊભા કરાતા પુણ્યના ય શા ભલીવાર હોય ? એનાથી તો સંકલેશવાળા ભોગ મળે. સંકલેશ એટલે ભારે કષાય-આદિ. એમાં પછી નવી પુણ્યાઈ ઊભી થવાના વાંધા ! કર્મ જાણે કહેશે 'બસ દીન બનતાં આવડે છે ને ? તો કરો કરો હવે દીનતાની હોશિયારી કર્યા કરો. સરવાળે સંસારમાં પણ હાયવોય, ખેદ, સંતાપ, શોક અને પોકમાં ડૂબ્યા રહેવાનું ! ભૂલતા નહિ કે

**દીનતાભર્યું જીવન એ ભવચક્રમાં ભમાવનારું ભવાભિનંદીનું જીવન છે.**

**એમાં વળી મહા પુણ્ય દેનારા દેવ-ગુરુ-ધર્મસ્થાન પ્રત્યેની કૃતજ્ઞતા પણ જે નથી બજાવવા દેતી એવી દીનતા તો હૈયાને જડ-નિષ્ઠુર બનાવી દુર્ગતિના પંથે ધકેલી દે છે.**

જો આ દીનતા ન હોય અને કૃતજ્ઞતા બરાબર બજાવાતી હોય, પહેલી બજાવાતી હોય, 'મારું ખાવા-ભોગવવાનું ઓછું કરીશ, પરંતુ દેવ-ગુરુ-ધર્મસ્થાનમાં કૃતજ્ઞતાનો ખર્ચ પહેલો કરીશ,' એમ કરી બજાવ્યા કરાતી હોય, તો સાધારણ ખાતામાં તોટાની બૂમ શાની હોય ? ભગવાનને બારોબાર દેરાનું કે સાધારણ ખાતાનું દૂધ-ચંદન-કેશર શાના હોય ? એક નાનો ટૂકડો પણ રૂપેરી વરખનો પ્રભુને કેમ ન ચડાવાય ? ટૂકડા વરખનો ખર્ચ કેટલો ? એક રૂપિયાની થોકડીમાં ૧૬ પાનાં, એમાંથી ૧-૧ પાનાનાં ચાર ટૂકડા કરી રોજ એક ટૂકડો પણ ચડાવો. તો એક જૂના પૈસાનો રોજનો ખર્ચ ! ટૂકડો અગરબત્તી ઘરની લઈ જાઓ તો કદાચ નયા અડધા પૈસાનો ખર્ચ ! આટલો ખર્ચ કરવા જોગવાઈ નથી ? રોજના ૫-૭-૧૦ રૂપિયાનો સંસારખર્ચ ચલાવનારને એ રોજે ૫૦૦-૭૦૦-૧૦૦૦ પૈસાનો ખરચ ગણાય. એમાં ટૂકડા વરખ અને અગરબત્તી ટૂકડાનો બે પૈસાનો ખરચ ન પોષાય ? કહો કૃતજ્ઞતા દાખવવી હોય, બધું મળ્યું જેમના પ્રભાવે, એમની કદર હોય તો જરૂર પોષાય. પોતાનો પૂજાનો સામાન લઈને જ દેરાસર જવાતું હોય અને ભગવાનની ભક્તિ કરાતી હોય તો મન પર વાતાવરણ કેટલું પ્રફુલ્લિત બને ?

**પ્ર.**- ઘરે બધું એકદમ જ શી રીતે વસાવાય ?

ઉ.- બાપ કે ભાઈ સાથે વિરોધ પડવાથી કે બીજા કારણસર જો ઓરડી જુદી માંડો, તો તેલ ને તાવડી વગેરે બધું એકદમ વસાવી લો કે વર્ષોના વિલંબે ? કોને સમજાવવા નીકળ્યા છો ? બીજાને કદાચ સમજાવી શકો, પણ કર્મસત્તા આગળ બચાવ નભે એમ નથી. કેમકે ત્યાં તો જેવા આંતરિક ભાવ, એ પ્રમાણે તરત જ આત્મા કર્મથી લપેટાય છે.

હવે તપાસો કે આત્માનો ભાવ ચોક્ખો છે કે મેલો ? શું ધર્મમાં ખરચીએ એનો તત્કાળ બદલો નથી મળતો માટે ખરચાતું નથી ? નવાં જન્મેલાં છોકરાને પોષીએ એમાં તો એ ઉછરીને મોટો થાય છે, અને આગળ પર આપણે કામ લાગવાનો છે. કેમ એમ જ ને ? ધર્મમાં આમ ખરચ્યા અને આમ ડબલ ચાર ગુણો બદલો મળી આવ્યો એવું ક્યાં દેખાય છે ? એ દેખાય તો ખરચવાનું પોષાય કે નહિ ? જો હા, તો એનો અર્થ જ એ કે અંતરમાં ખરેખર પોષાવા ન પોષાવાનું બેઠું નથી, અને એવો દેખાવ કરે કે મારે પોષાય એમ છે નહિ, તો એ મલિન દેખાવ છે.



છોકરા-છૈયાં, મહેમાન-સગાં, વટ-આબરૂ-વ્યવહાર વગેરેનો જે ભાર માથે છે, એવો ભાર ધર્મનો માથે રાખ્યો નથી ?

ત્યારે ધર્મના ભાર વિનાનું હૃદય, એનો ભાવ મલિન કે ચોક્ખો ? મલિન જ ગણાશે.

એમ, દેવ-ગુરુ-ધર્મસ્થાને અથાગ પુણ્યાઈ આપી છે, આપી રહ્યું છે, અને આપશે, એની કૃતજ્ઞતા ભૂલાવનાર હૈયાનો ભાવ પણ નિર્મળ શાનો ? મલિન જ કહેવાય.

આવા મલિન આત્મ-ભાવ રાખવા સાથે જ અશુભ કર્મના પૂંજ આત્મા પર ચોંટે છે. ત્યાં કર્મસત્તાને ખોટું બહાનું સમજાવી દેવાની શક્યતા જ ક્યાં ? પછી બચાવ કોની સામે ? અમારા જેવા આગળ કરો એમાં કર્મસત્તાના દંડમાં ઓછું નહિ થવાનું. ઊલટું ખરો એકરાર કરવાને બદલે 'હું તો સારો છું, સંયોગોનો વાંક છે.' એવું ખોટું અહંત્વ જાળવવા મથાય એમાં કર્મસત્તાનો દંડ વધારે.

**દીનતાથી કેવી ભવાભિનંદિતા ? :-** બહુ ગંભીર વિચાર કરવા જેવો છે કે આપણા દિલના ભાવ ક્યાં જઈ રહ્યા છે ? કેવી અધમ કોટિના બની રહ્યા છે ? એમાં પછી ''મારી પાસે ઘરમાં ખરચવા જોગું ક્યાં છે ?'' એવા ગરીબડાવેડા કરાય, દીનતા કરાય, એ ભાવ આગળ વધતાં ઠેઠ જઈને 'હાય ! પૈસાનો ખર્ચ ? પૈસા વિના શું થાય ? પૈસા તો જીવન છે; ધરમમાં ખરચવાના કેવા ?...' એમ વિચારતાં ભવાભિનંદીપણાને પોષનાર બનવા જશે ! અને એનું પોષણ એટલે ? આત્મામાં તીવ્ર સંકલેશ, પાપના અનુબંધ અર્થાત્ પાપની ગાંઠ અને પાપી સંસ્કારોનું દઢીકરણ ! આનું પરિણામ કેટલું બધું ભયંકર ? ભવોના ભવો સુધી પાપી ભાવ પાપી વિચારો અને પાપી કૃત્યોની હારમાળા ચાલ્યા જ કરે ચાલ્યા જ કરે !

માટે જડ વસ્તુ ખાતર દીનતા કરવાની જરૂર નથી, મનને ઓછું લગાડવાની વાત ન જોઈએ.

મન શા માટે દીન-રાંકડું-ગરીબડું કરવું ?

**દીનતા અટકાવવાનો ઉપાય આ કે, કર્મ જે સંયોગ આપે એને અનુકૂળ મન બનાવી દેવાનું.** બાહ્ય રીતભાત અને જીવન નિભાવ એને બંધબેસતા કરી લેવાના. એટલે પછી દીનતા કરવાની જરૂર નહિ રહે; કેમકે જે મળ્યું છે, ભલે દેખીતું ઓછું, છતાં એને અનુકૂળ જીવન-વ્યવહાર બનાવી દીધો એટલે ઓછપ લાગવાનો પ્રશ્ન જ ઊભો નહિ થાય.

દા.ત. દૂધ મોંઘું થયું છે, આવક વધી નથી, પહોંચાય એવું છે નહિ, તો પહોંચવા માટે આવક ગમે તે રીતે વધારવાની વાત જ નહીં; ઊલટું એટલી જ આવક અને એનાથી થઈ શકે એટલા જ ખરચને અનુકૂળ જીવન બનાવી દેવાની

જ વાત છે; તેથી દૂધ બંધ કરવાનું. બીજી જરૂરિયાતોને પણ સંકોચી લેવાની. એટલે જ જમા-ઉધારના પાસા બરાબર. કદાચ સંકોચતા ખર્ચ ઘટી જવાથી આવકમાંથી બચત રહેવા પામે એમ પણ બને. વળી સંકોચને 'ત્યાગની સાધનાનો એક સારો લહાવો મળ્યો !' એમ મૂલવવાનો, એટલે કરેલ સંકોચ પર ખેદ-દીનતા નહિ થાય કે 'શું કરીએ ? મોંઘવારી આવી એટલે ચીજ વસ્તુ ઓછી કરવી પડી.' ના એમ નહિ, એમાં તો એ આનંદ રહેશે કે 'વાહ ! કુદરતે ત્યાગ ધર્મનો લાભ મળ્યો !'

**વાત આ છે, દીનતાથી બચવું હોય તો**

(૧) વિકટ-વિષમ લાગતી પરિસ્થિતિને અનુકૂળ બનાવવા મથવું એનાં કરતાં આપણે જ એ પરિસ્થિતિને અનુકૂળ બની જવું, બની જવાની યોજના કરવી અને અનુકૂળ બની જવામાં પણ મન મસ્ત રાખવું, કિન્તુ કોઈ દિલદર્દ-હૃદયખેદ નહિ કે 'શું કરું ? આવા ય દહાડા જોવાના આવ્યા !'

ખરી વાત એ છે કે બીજાનું સારું સારું સંસાર-સુખ, સંસાર-સગવડ જોઈ જોઈને, અગર પોતાનું પૂર્વનું એવું કાંઈક યાદ કરી કરીને જીવ નકામો દુઃખી થાય છે, દીન બને છે. એ તુલનામાં વાતવાતમાં પોતાના મનને ઓછું જ લાગ્યા કરે છે. પરંતુ શા માટે એમ ?

(૨) શા સારું બીજાના સુખ સામે જોઈ નિસાસા નાખવા ? વિચારવું કે જગતમાં સુખ-પ્રાપ્તિ તો પુણ્યાનુસાર રહેવાની. પોતાના કમી પુણ્યે સુખ કમી મળે એ ન્યાય-પ્રાપ્ત છે. બાકી બીજાનું જ જોવું હોય તો આ વિરાટ વિશ્વમાં બીજા અનેક અગણિત જીવો દુઃખી જ નહિ, મહા દુઃખી છે. એના સામે જોવાય તો આશ્વાસને ય મળે કે એમના કરતાં તો પોતાને ઘણી રૂડી સ્થિતિ છે.

(૩) ત્યારે, પોતાનું જૂનું સુખ યાદ કરવાની શી જરૂર છે ? એમાંય પુણ્યના ઉદય-અસ્તનો સવાલ છે. સૂર્ય અસ્ત પામી ગયા પછી અંધારું થયે થોડું જ રોતા બેસાય છે ? વળી જ્ઞાનીઓના દેખેલા જૂના કાળમાં તો આપણને ઊંચાં દેવલોકનાં સુખ હતા. તો શું એ યાદ કરી એની તુલનામાં આ આખા ય જીવનમાં કશું જ ઠેકાણું નથી માટે જીવનભર રોતા રહેવું ?

સારાંશ, સુખ-સગવડની બાબતમાં ઓછું માનવાની કોઈ જરૂર નથી, એમાં બુદ્ધિમતા નથી,

ખરી રીતે તો ઓછપ માનવી હોય તો આ માનવી,

**ઓછપ કઈ માનવી ? :-**

કે કેવો હું હીનભાગી કે આ સંસારમાં એકવાર મારી સાથે વસતા અસંખ્ય અનંત જીવો મોક્ષ પામી ગયા ! ને મેં હજી સુધી મોક્ષ ન મેળવ્યો !



કેવું મારું અલ્પ ભાગ્ય કે વિચરતા જિનેશ્વરદેવ મને ન મળ્યા ? કેવળજ્ઞાની-અવધિજ્ઞાની મહાત્માઓ મને ન મળ્યા ? ચૌદ પૂર્વોના જ્ઞાનનો કાળ વીતી ગયો ?

કેવો હું પ્રમાદી કે આજે પણ એજ જિનશાસન, જિનમૂર્તિ, એજ નવકાર, એજ નવપદ, એજ ચારિત્રમાર્ગ અને ભરપૂર શાસ્ત્રો મળે છે છતાં એની ઊંચી શ્રદ્ધા અને ઉચ્ચ આરાધના નથી સેવતો ?

**જડની ઓછપમાં તો કૂતરો ય દુઃખી :-**

દુઃખ માનવું તો આનું માનવું, આ ઓછપનું માનવું. તુચ્છ જડ-વસ્તુની ઓછપમાં દુઃખ શું માનવું તું ? એવું દુઃખ શું માનવું તું ? એવું દુઃખ મનમાં આવે ત્યાં આ વિચારવું કે જડની ઓછાશનું દુઃખ તો જનાવરને ય માનતાં આવડે છે.

લાડુ અને રોટલો બે પડ્યા હોય, ત્યાં બે ભૂખ્યા કૂતરા આવ્યા. પહેલાએ લાડુ પર તરાપ મારી ને બીજો નજીક આવે છે એને ડઘાવે છે. ત્યારે અંતે બીજો કૂતરો રોટલો ખાય છે. જો કે એનાથી ભૂખ તો શમે છે, પરંતુ એના મનને ઓછું આવે છે, 'અરેરે ! લાડુ ન મળ્યો ! પેલો લઈ ગયો !' ત્યારે શું જૈન માનવને ય આવું જ આટલું જ આવડે ! અજ્ઞાન અબૂજ અનાથ કૂતરા જેવી દશા !

જેને ત્રણ લોકના નાથ નાથ તરીકે મળ્યાથી સનાથ બનાયું, જેને અનંતજ્ઞાનીની વાણી મળ્યાથી સજ્ઞાન સુબુદ્ધ બનાયું, એ શું જડને કહી ન દે કે,

'તારા સારા ખોટામાં જાતે ખોટો ઊંચો-નીચો થાય એ બીજા, હું નહિ.

તારા ગમનાગમનમાં મારે ચિત્તસુખનું કે મારા પરલોકહિતનું ગમનાગમન નથી.'

જૈનશાસનમાં કેટલે ચડ્યા ? શાસને તો અપૂર્વ વસ્તુ, અપૂર્વ આદર્શ, અપૂર્વ ધોરણ, અપૂર્વ માર્ગની બક્ષીસ કરી છે, એ પામ્યા પછી એક પશુ જેટલા કે કદાચ એથી ય હલકા આદર્શ-ધોરણ-ગણતરી ને સંસારમાર્ગમાં રાચ્યા રહેવાનું ? કૂતરું લાડુનું રોદણું રુએ અને માણસ ખાંડનું ! હાય ! હવે રેશનમાં ખાંડ ઓછી મળે છે ! એવાં રુદન રોજ ? જેટલી વાર ચા બનાવે તેટલી વાર 'આ ખાંડ ખૂટી ?' એ પોક મૂકવાની ? ખૂબી કેવી કે જેટલી વાર સાધુનું દર્શન મળે ત્યારે ત્યારે 'હાય, આ હું સાધુપણું પામ્યા વિના રહી ગયો !' આ રોદણું કરતાં નથી આવડતું ! ખાંડ ખૂટીનું રોદણું આવડે છે ! કેમકે મન માની બેઠું છે કે 'સાધુપણું મરતાં સુધી ન લેવાય તો ચાલે, પણ ખાંડ વિના એક ટંક પણ જાય તે ન ચાલે.' ધર્મ ક્યાં પરિણમ્યો ?

જૈનશાસન પામીને આત્મવિકાસમાં કેટલે ચડ્યા ?

દેવ-ગુરુ-ધર્મ-શત્રુંજય મહાતીર્થ, પરમેષ્ઠિમંત્ર વગેરે સામગ્રીને કેટલી સફલ

કરી ? એ કદી વિચાર્યું ?

**જૈન માનવ રોદણા રુએ તો શાનાં ?** આત્મ-કલ્યાણનાં સાધન મળ્યાં છતાં સાધના રહી ગઈ એનાં જ દા.ત. 'અરે ! જાત અને કુટુંબની ભક્તિમાં પૂરું ખર્ચું છું, અને પરમાત્માની ભક્તિમાં સરખું લઈ જતો નથી ? જે ભગવાનના પ્રતાપે આટલી પુણ્યાઈ પામ્યો એમની પ્રત્યે થોડી ય કૃતજ્ઞતાનો ખર્ચ નહિ ? ત્યાં ખોટી દીનતા અને રોદણાં ?'

**દીનતાની હાયવોયથી રૂપસેનના ડૂચા નીકળી ગયા-** જ્યાં ત્યાં એને થાય છે, 'હું રહી ગયો.' અરે ! હું રહી ગયો ? કે એ તો બેઠી છે, ને તું મરી ગયો ? સાપના-કાગડાના ભવમાં શું ? એજ હરણના ભવમાં ? વાહ ! શું રૂપકાંતિ !' જોઈ જોઈ થનમન નાચે છે ! હરણની જાતિ ! રાજાએ તીર ચઢાવ્યું કામઠા પર; લષ્ટપુષ્ટ કાયા છે હરણની. એને સુનંદાનું મોં જોવામાં, બાણ નથી દેખાતું. **મોહનીય કર્મે અરધો** આંધળો કર્યો, ગોઠવ્યું આ (મોં) દેખજે. પેલું (મોં) ન દેખત તો કદાચ બચી જાત કેમકે કાનનો રસ બંધ થાત એટલે ભાગી જાત. આ તો શ્રવણરસ વખતે ય મોંને જોતો હતો, શ્રવણરસ પૂરો થયો તોય મોંને જોયા કરે છે. બાણ નથી જોતો. કેવી કરુણદશા ! જે મુખનાં દર્શને ભવભવ કુટાયો, એ જ મોં જોવાની પાછી લત ચાલુ ! સમજજો, જેથી એવાં મુખડાં જોઈ નાચવાની ભૂલ ન થાય.

બાણ છૂટ્યું ! એના ગભરું પેટમાં તીક્ષ્ણ બાણ ઘૂસી ગયું ! હરણ ગુલાંટ ખાઈ પડી ગયું, ચારે પગ કંપી રહ્યાં છે ! બાણ કાઢનાર કોઈ નથી ! રાજારાણીને તો આ ય જોવાનો રસ; રસથી નિરાંતે જુએ છે હરણ મર્યો એ તો જાણે કાંઈ નહિ ! હરણને ત્રાસ બાણના ઘાનો તથા ભયંકર મૃત્યુનો. પોતાના શરીરે એક ફોલ્લી થઈ હોય તો અતિ દુઃખદ મનાય છે. સામાને ઘાના ઘા વાગ્યા હોય, લોહીના ધોધ વહેતા હોય, તો ય જાણે કાંઈ નહિ. શાંતિ રાખો,' એમ કહેનારે ય કોઈ નથી. બાણ કાઢનારે ય નથી, મલમ પટાની તો વાતે ય શી ? જ્યાં મારી નાખવાની જ વાત. ત્યાં દયા શી ?

**કર્મ જન્મ આપે છે તે મારવા માટે :-**

કર્મ પણ શું કરે છે ? જન્મેલાનો જન્મ ખૂંચવી લેવાનું ! પહેલાં જરા દયા કરે, પણ કેમ જાણે મારી નાખવા માટે કર્મ જન્મ આપે છે, આયુષ્ય કર્મથી જન્મ. આયુષ્ય કર્મ અંતવાળું છેઃ શાશ્વત નહિ. જન્મ આપી ભોગવાવે. પોતે પૂરું થઈ આને પૂરો કરે. વચમાં કાંક દયા થઈ તે તો પેલા ધર્મની. કર્મ તો જુલમગારઃ આયુષ્ય ઓછું હોય તો વહેલું મરવાનું ! તોય કરમ વધારે રુઠ્યા હોય તો રિબાઈને મરવું પડે.

હરણ આવો પીડાયો પણ શુદ્ધ બુદ્ધ ન આવી. દીનતા ન કપાઈ. જોયા જ



કર્યું, જોવાનું રહી ગયું. મરવા પડ્યોઃ પણ દીનતા ન કપાઈ. કર્મ એવી ચીજ છે કે મૃત્યુની ભયંકર પીડા વખતે ય, જીવનમાં કેળવેલી પુદ્‌ગલની ઓછાશની દીનતા કમી ન થવા દે. એની ઓછપ ટળવા ન દે.

**મળવાળાને રસાયણ નહિ :-** ભવાભિનંદી જીવ દીનતાના જોરે સંસારમાં ભમ્યા કરે છે. એના દિલમાં શ્રી પંચસૂત્રની વાત કેમ ઊતરે ? શ્રી પંચસૂત્રની વાત તો રસાયણ છે અને ભવનો આનંદ એ પેટનો મળ છે. મળ નીકળ્યા પછી રસાયણ અપાય. કોઠો સાફ જોઈએ. માટે ભવાભિનંદીને આ પંચસૂત્ર નહિ આપવાનું. મળ હોય અને રસાયણ અપાય તો ફૂટી નીકળે.

**ભવનો રસ એ મળ છે.** એ બેઠો હોય એને તત્ત્વની વાત ઊંધી લેવાનું મન થાય, તેથી એ વધારે નિષ્ઠુર બનવાનો, અને ભવમાં ભમવાનો. ભવનો રસ ખૂટે એને તત્ત્વશ્રવણ સ્ફૂર્તિ આપતું જાય, વધુ કોમળ બનાવતું જાય, ભવના ભ્રમણ ટૂંકાવતું જાય. પંચસૂત્રના શબ્દે શબ્દ રસાયણની જેમ એને તૃષ્ટિ પુષ્ટિ કરતાં જાય. પૂર્વધરના શબ્દ લાગે છે, જાણે ખોળી ખોળીને ઉમદા પ્રેરક શબ્દો મૂક્યા ન હોય એવું આ મહાન ધર્મશાસ્ત્ર છે, ભરચક રસાયણ ભરેલું ! પણ ભવનો રસ ખૂટ્યા પછી ધર્મશાસ્ત્ર કામ કરે.

**ચારિત્ર વિના નહિ મરાય :-** પેલી શેઠાણીને ભવનો રસ ખૂટેલો હતો એટલે શેઠને મરવા નથી દેતી, આપઘાત કરવો છે, પણ ના જ પાડે છે. કહે છે, 'એમ તો તમે ભવમાં ખૂંચો ! શું ચારિત્ર વિના મરવાનું ? એમ મરાય તો તો ફરી ફરીને મરવાનું ઊભું રહે. ચારિત્ર વિના ન મરવા દઉં' કેવી કલ્યાણમિત્ર !

**છે તમારે ઘરે ?** શું એ કહે છે ખરા કે 'સંસારની આ જળોજથામાં જ મરતાં, પાછાં જન્મ-મરણ અનેક ઊભાં રહેશે ! માટે ચારિત્રની તૈયારી કરો. ચારિત્રમાં મરાય તો મરણનું મરણ થાય, મરણનો અંત આવે, કેમકે જન્મનો જ અભાવ થાય.' છે કહેનાર ? કે 'ના, દીક્ષાની વાત કરતા નહિ. અમારા મર્યા પછી કરવું હોય તે કરજો. એમ જીવતા છીએ ત્યાં સુધી નહિ. પરણેલાને પાળવા જોઈએ !' આવું કહેનારા છે ? પાળવા એટલે ? સારું સારું ખવરાવી-પીવરાવી મોહમૂઢ રાખવા એ જ ને ? આવું પાળવાની જવાબદારી ખરી, પણ પોતાના આત્માને આ ભવચક્રમાં અહીંથી પાછો ભમતો ન થઈ જાય એ માટે એનું પાલન-રક્ષણ કરવાની જવાબદારી નહિ ! એવું તારક પાલન કરીને પછી કુટુંબનું પણ શક્ય હોય તો એવા પ્રકારનું પાલન થાય એવું કરવાની જવાબદારી નહિ !

પેલી શેઠાણી તો એમ ચારિત્ર વિના મરવા દેવાની ના પાડે છે, અને એમાં શેઠનો બચાવ થઈ ગયો, તત્કાલ મરતા અટક્યા તો જે કારણે મરવું હતું તે કારણ

પલટાઈ ગયું; અને હવે તો દિવાન પર રાજાને મારી નખાવવાનો આરોપ ચઢેલો, તેમાં શેઠે દિવાન નિર્દોષ હોવાનું મારાઓ પાસે કબૂલ કરાવ્યું. તેમજ રાજકુમારનું ષડ્યંત્ર બહાર કઢાવ્યું.

રાજા એને બોલાવી નક્કી જાણી લે છે અને એકદમ ગુસ્સામાં આવી એના પર તલવાર કાઢી એને મારી નાખવા તૈયાર થઈ જાય છે. પણ શેઠ રાજાનું કાંડુ પકડી કહે છે, 'ઊભા રહો ઊભા, મહારાજા ! મૂળ વાંક તો તમારો છે, બધાં કાળાના ધોળા થઈ ગયા રાજ્ય સંભાળનાર છોકરો પણ મોટો થઈ ગયો છે, છતાં હજી રાજ્યગાદીની મમતા છોડવી નથી ! આ છૂટે તો છોકરાને શા સારું અનુચિત વિચાર પણ કરવો પડે ? અને આવા સમર્થ છોકરાને મોત પમાડી પછી રાજ્યગાદી માટે બીજો સમર્થ કોને શોધી લાવશો'

શેઠે ભૂલ રાજાની જ બતાવી ! રાજા તો કુમારની ભૂલને જોતો હતો ! તે આ સાંભળી સ્તબ્ધ જ થઈ ગયો !

માણસને બીજાનો દોષ જોવા આંખ છે, પોતાનો દોષ જોવા અંધાપો છે ! કેવું વિચિત્ર ? બીજાની થોડી ય ખામી જોવામાં નિષ્ણાત ! પાછો કહે છે 'અમને ખોટું જરાય ન ગમે. અમારાથી એ જરાય સહન ન થાય. અમે તો સાચું કહીએ.' અલ્યા પણ એ કહે ને કે તારા પોતાના જીવનમાં કેટલાં ખોટાં છે ? જાતમાં હિમાલય જેવડા દોષો અને પાતાલ કૂવા જેવી ખામીઓ લઈને ફરવું છે, અને એ જોવા સરખી ય નિષ્ણાતતા નથી ! ત્યાં સુધારવાની તો વાતે ય શી ? કેમ વારું, એ બીજાને કહેતો ફરે ને ? ના, એમાં તો આબરૂ જાય છે. તો પછી બીજાની તું માંડે ત્યાં એની આબરૂ નહિ જાય ?

ખરી રીતે બીજાનું હલકું જોવામાં તો સામાન્ય બુદ્ધિમત્તા ય ન ગણાય; કેમકે એમ કરવામાં પોતાનું જ દિલ હલકું-અધમ બને છે, અને પોતે નીચ ગોત્ર જેવા હલકાં પાપ બાંધે છે ! આવું કરવું એ બુદ્ધિમત્તા કે બુદ્ધિહીનતા ?

**બીજાના દોષ જોવામાં અક્કલનું દેવાળું :-**

બીજાના દોષ જોવા-કહેવામાં હજી કદાચ એ સામાવાળો દોષને દૂર કરશે, પરંતુ આ બીજાના દોષ જોનાર-ગાનારો બીજાનું હલકું જોવાના રસમાં પોતાના દોષ ને પોતાની ખામી તરફ દૃષ્ટિ ય નહિ લઈ જાય તેથી એને સુધારવાનું મનમાં ય ક્યાંથી આવવાનું ? એનો વિચાર જ નહિ તો પછી પ્રયત્ન શાનો ?

ધારો કે પોતાના ઘરની અંદર આગ લાગી હોય એ નજરમાં ય ન હોય, અને બીજાના ઘરમાં લાગેલી આગ નજરે ચઢ્યા કરે અને એને જાહેર કરે 'જુઓ આ ફલાણો, એના ઘરમાં આગ લાગી છે તો ય ભાઈ શેખી રાખીને ફર્યા કરે



છે !' અલ્યા પણ તારા ઘરમાં આગના ભડકા ઊઠ્યા છે એ તો જો ! ના, ત્યાં તો એવું કાંઈ માનવા તૈયાર નથી, માત્ર બીજાની આગ જાહેર કરવી છે, તો એ શું બેવકૂફી નથી ? બીજાનું જાહેર કરવામાં તો કદાચ બીજો એને બૂઝવી નાખશે, પરંતુ પોતાનું સળગતું ન જોવામાં તો ઘર સળગી જ જવાનું, કેમકે એની અંદરની આગ પોતાના લક્ષમાં જ નથી; અને લક્ષમાં લેવી પણ નથી. ત્યારે કહો, જે બીજાની આગ જાહેર કરવામાં પોતાની આગ તરફ દૃષ્ટિ જ ન જાય એમાં બુદ્ધિમત્તા છે કે સરાસર અક્કલનું દેવાળું છે ? એમ બીજાના જ દોષ જોયા કરવામાં પોતાના દોષો તરફ નજર નાખવાની અને એને સુધારવાની પરવા જ કે ફુરસદે ય ન હોય ત્યાં સરાસર અક્કલનું દેવાળું જ ને ? બેવકૂફી જ ને ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૨,અંક-૪૬,તા.૧૫-૮-૧૯૬૪**

## ૪ થો દુર્ગુણ માત્સર્ય

**પરની ઓછાશમાં આપણી ઓછાશ ? :-**

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પંચસૂત્ર નામના મહાશાસ્ત્રની મહત્તા બતાવતાં એમ કહે છે, કે ભવાભિનંદી જીવને આ શાસ્ત્ર માન્યામાં નહિ આવે. મુક્તિનો માર્ગ પ્રાપ્ત કરવા આ શાસ્ત્રે જે ક્રમ બતાવ્યો છે, ને એ ક્રમને આ શાસ્ત્રમાં જે મહત્ત્વ આપવામાં આવ્યું છે, તે ભવાભિનંદી જીવમાં ભરેલા ક્ષુદ્રતાદિ દોષો એ જીવને જચવા દે નહિ. ભવાભિનંદીનું હૃદય તુચ્છ ! એને પૌદ્ગલિક પદાર્થોના લોભનો રસ ઘણો ! અને એ વાતવાતમાં દીન-રાંકડો બને, જ્યારે આ મહામાર્ગમાં તો ઉમદા ઉદારતાભરી વાતો, તૃષ્ણાનો ઉચ્છેદ કરવાની વાતો તથા દીનતાના બદલે જગતના જડ પદાર્થો પ્રત્યે એક પ્રકારની નફરત ઊભી કરવાની વાત છે.

જડ પ્રત્યે નફરત એટલે એવી એક શૂરવીરતા કે જેના યોગે એ જીવ જડ પદાર્થની અધિકતા પર પોતાનું મહત્ત્વ ન માને; તેમ એની ન્યૂનતામાં પોતાની ન્યૂનતા ન માને.

આપણે પોતાના પદાર્થને ભૂલી ગયા અને પર પદાર્થની એવી ઘેલછા લઈ બેઠા કે પર પદાર્થ આપણો છે કે નહિ, રહેવાનો છે કે નહિ, તે વાત આપણે ખ્યાલમાં ય લેતા નથી. એટલે જ એની ઓછાશમાં આપણે આપણી ઓછાશ માનીએ છીએ અને પર પદાર્થ અધિક મળે, એટલે સારું મળ્યું માની બહુ ખુશી થઈએ છીએ, એ ગાંડપણ છે.

**પરનો પરિચય આત્મખજાનાથી દૂર રાખે :-** હજી કાંક આપણો આત્માનો ખજાનો વધ્યો હોત અને પ્રાપ્ત કર્યાનું માન્યું હોત તો તો ઠીક હતું. આ તો બીલકુલ પરની વાત, એવું પર, કે જેનો વધુ પરિચય આપણને આપણા ખજાનાથી વધુ દૂર રાખે; છતાં એની લગનીનો પાર નહિ ! જેટલા પ્રમાણમાં પુદ્ગલનો પરિચય વધારે, એટલા પ્રમાણમાં આત્માનો વિકાસ ઓછો. કવિએ આત્માની કંગાળ દશા ગાઈ છે,

**'પુદ્ગલ પરિચય પાપતણી અહનિશ દશા.'**

પુદ્ગલનો પરિચય મહાપાપ છે, આત્મા રાત્રિ દિવસ એમાં જ પ્રવર્ત્યા કરે છે એજ દશા છે. પુદ્ગલની અધિકતામાં પોતાને અધિક માને, એની ન્યૂનતામાં, પોતે લૂંટાઈ ગયાનું, દરિદ્ર બની ગયાનું માને, એ આત્માનું અજ્ઞાન છે, કંગાલ દશા સૂચવે છે; કારણ કે આ આત્માને સ્વપરનો વિવેક નથી. સ્વ સ્વરૂપ અને પર વસ્તુના સ્વરૂપનું એને ભાન નથી.

**જ્યાં આત્મવિકાસ ત્યાં દુર્બલતાની માન્યતા ? :-**

મોક્ષના મહામાર્ગે જેને જવું છે, તેથી જે એનો અભ્યાસ કરવા માગે છે, તે પર પદાર્થ પાસે જરાય દીન નહિ બને. કહી દેશે, 'તારા હ્રાસમાં મારો વિકાસ ! આયંબિલના ભોજનમાં પુદ્ગલ-હ્રાસ, તો જ આત્માનો વિકાસઃ પકવાન્નના ભોજનમાં પુદ્ગલનો વિકાસ, તો આત્માનો હ્રાસ. પુદ્ગલનો પરિચય જો એટલો જોરદાર બને તો એથી આ જીવ પોતાના હ્રાસ પર છાતી કાઢી શકે છે ! અને વિકાસમાં હ્રાસ, ગુલામી દેખે છે ! (કેટલી વિપરિતતા ?)

આંબેલ, ઘી ત્યાગ કે ઉપવાસ કરવાનો આવ્યો ત્યાં આત્માના સત્ત્વનો, વિરાગનો, વિકાસ થાય છે, પરંતુ મૂર્ખ જીવ ત્યાં માને છે કે આજે દુબળા પડવાના ! એથી ઊલટું પકવાન્ન-મેવા-ફળ ખાવા મળ્યા ત્યાં ખરેખર જીવની રસાસક્તિ પોષાય છે, રાગ વધે છે, અધિક કર્મ બંધાય છે, એ બધો જીવનો હ્રાસ છે. છતાં છાતી કાઢી ફૂલાય છે, 'બસ ! આજ મિજબાની ! મોજ !'

**પૈસા ન મળવામાં લાભ :-**

પૈસા એટલા બધા ન મળે, તેથી ગર્વ-અભિમાન એટલું ન થાય, આરંભ-સમારંભ એટલા થાય નહિ, વિષયાસક્તિ એટલી પોષાય નહિ...વગેરે વગેરેથી આત્માના નમ્રતા-મૃદુતા, ત્યાગ, વિરાગને પુષ્ટિની તક મળે, એમાં આત્માનો વિકાસ થાય. પરંતુ અજ્ઞાન જીવ શું માને છે ? 'પૈસા ઓછા મળ્યા એમાં ન્યૂનતા રહી.' એથી ઊલટું પૈસા ખૂબ મળે તેથી ગર્વ-ઘમંડ-આસક્તિ, આરંભસમારંભ વગેરે વધે છે એમાં જીવનો હ્રાસ છે, પૂર્વના પુણ્યોનો એટલો હ્રાસ તો સ્પષ્ટ જ છે, સાથે



ગુણોનો હ્રાસ થયો. છતાં મૂર્ખ જીવ પૈસા વધુ મળવામાં વિકાસ માને છે !!

**પોતાની વસ્તુનું અજ્ઞાન :-**

ઊંધું વેતરણ ! હ્રાસમાં વિકાસ ને વિકાસમાં હ્રાસ માનવો, એ શાથી ? એક જ વાત છે કે

આત્માને પોતાની વસ્તુ શી એનું ભાન નથી તેથી પુદ્ગલની અનુકૂળ અધિકતામાં પોતાનું ઘટવા છતાં પોતાની અધિકતા માને છે, અને ન્યૂનતામાં સ્વનું વધવા છતાં પોતાની ન્યૂનતા સમજે છે. આ ભ્રાન્તિ છે, ભ્રમણા છે. આ ભ્રમણાના ચક્કરમાં પડેલો ઊંચો શી રીતે આવે ? કેમકે ખરી વાત એ છે કે પુદ્ગલની અધિકતામાં તો દોષો વધવાથી, આત્મા ગુણસ્થાનકની પાયરીમાં નીચો ઊતરે છે.

**વસ્તુ-તત્ત્વની ગ્રાહક દૃષ્ટિ :-**

આજ દેખાય છે ને કે પૈસા વધે તો શું વધે છે ? અને શું ઘટે છે ? વિદ્યા-ડિગ્રી વધવાથી શું શું થાય છે ? સત્તા મળવાથી કઈ પરિસ્થિતિનું નિર્માણ ? એવી અનેકાનેક પુદ્ગલવૃદ્ધિ-જડવિકાસમાં સર્જાતિ પરિસ્થિતિને યથાર્થરૂપે જોવાય તો દેખાશે કે આત્માનો આત્મગુણોનો જબરદસ્ત હ્રાસ થઈ રહ્યો છે. દૃષ્ટિમાં ભેદ હશે તો આ નહિ સમજાય, આની ભયંકરતા હૈયું નહિ હચમચાવે. ચોક્ખી વસ્તુતત્ત્વની ગ્રાહક દૃષ્ટિ હોય તો દીવા જેવું સ્પષ્ટ દેખાશે, અને આજની પરિસ્થિતિ પર હૈયું કકળશે.

**શાના પર રોવાનું ? :-** ભવાભિનંદી જીવની બિચારાની દૃષ્ટિ સાફ નથી, એટલે એને આત્માના ગુણો શુભભાવો વગેરેમાં હ્રાસ થવા પર રોવા-કકળવાનું હોતું નથી. એને તો દીનતાદોષને લીધે જડ વસ્તુની ઓછાશ પર રોદણાં હોય છે. અને સંસારમાં એની ઓછાશ ક્યાં નથી લાગવાની ? મોટા દેવતાને પણ કાંઈ બધું તો મળતું જ નથી. એટલે ઓછું તો રહેવાનું જ. દીનતા દોષ આ ઓછપ પર રોદણું કરાવે છે એનો અર્થ,

દીન એ જિંદગીનો રોતડ, માગણિયો, એ મેળવવા કાકલુદી કરનારો, જરા આઘું પાછું થવામાં હાય ને વોય કરનારો; એક સીધું થાય, તો ય બીજું વાંકુ જોઈ બળનારો ! મોટો રાજા મહારાજા થાય તો ય આ દશા. સુખ-આનંદમાં મસ્ત દેખાય, પણ વચમાં વચમાં આ શોક ને પોક, હાય ને વોય આવી જતાં વાર ન લાગે. આમ તો મારતે મિંયા હોય તો પણ ક્યાંક દીન બની કાકલુદી કરી જાય.

એ તો ભવનો રસ જેને ખૂટી ગયો છે, તેથી જ જેને જડવસ્તુની એવી પડી નથી, એ એની ખાતર દીન નહિ બને. અલબત એને ય જડની જરૂર તો પડે છે. પણ,

**એ ભવરસ વિનાનો જીવ જડના વિકાસમાં આત્માનો વિકાસ માનતો નથી.**

માટે જડને એવું મહત્ત્વ નથી દેતો કે જે દીનતા કરાવે, જે એવી હાય ને

વોય કરાવે, ઓશિયાળાં ને કાકલૂદી કરાવે.

**દીનતા કાઢવા આલંબનો :- રાણો પ્રતાપ** કેટલી બધી આપત્તિમાં મુકાઈ ગયો હતો ! છતાં દીનતા કરવાની વાત નહિ.

**સુદર્શન શેઠ** અભયા રાણીના ઉપદ્રવ પછી હકીકત ન કહે તો કલંક માથે ચઢે છે, રાજા શૂળીની સજા ફરમાવે છે, છતાં દીન બનવાની વાત નહિ. કેમકે રાણી પર કરુણાભાવ છે કે 'મારા કહેવાથી રાણી પર રાજાનો ખોફ ન ઊતરો.'

વિચારવા જેવું છે કે કેવા કેવા ઉત્તમ પુરુષોનાં આલંબન આપણને મળ્યાં છે ! પણ આલંબન લેવું હોય, ને લઈને ભલે એટલા ઉગ્ર નહિ, તો સામાન્ય પ્રસંગમાં તો દીનતાથી જરૂર બચવું હોય, તો એ દૃષ્ટાંત પ્રેરક ને ? સુદર્શન શેઠને સખ્ત રંજાડનાર લુચ્ચી રાણી પર પણ જો કરુણાભાવ, તો સામાન્ય **તકલીફ આપનાર ઉપર તો** કરુણાભાવ કેમ ન રાખીએ ? દીન અને દુષ્ટ કાં બનીએ ?

**કોણ દીન ? રાવણ કે કેદી સીતા ? :-**

**મહાસતી સીતાજીને** રાવણે ઉપાડી જઈ લંકામાં અશોકવાટિકામાં અટકાયત કરી રાખી છે. હવે રાવણ એને મનાવવા મથે છે. મોટી સામ્રાજ્ય ઠકરાઈની લાલચો દેખાડે છે, પછી ભય બતાવે છે, પછી મંદોદરી પાસે કહેવરાવે છે; ઘણું મથે છે, પણ સીતા લેશ પણ માનવા તૈયાર નથી. કોણ દીન ? રાવણ કે સીતા ? કહો, રાવણ; સીતા નહિ ! 'હાય ! હવે શું કરું ? આ સ્વામીનું અને લક્ષ્મણનું કાંઈ ઠેકાણું દેખાતું નથી. ત્યારે આ મને છોડે એમ નથી. તો પછી હવે ક્યાં સુધી મારે સોસાવું ? અરે ભાઈસાબ ! મને છોડી દે...' આવો એને દીનતાના ઘરનો વિચાર નથી. આમને આમ સોસાઈ જવાય કે મરી જવાય તો પણ શું ? પરવા નહિ. શીલ તે શીલ, શીલ મારા પ્રાણ, શીલ મારું જીવન, શીલ મારું સુખ, ને શીલ મારી આબાદી. ઈજ્જત, વૈભવ...બધું જ શીલની સામે બીજું બધુંય લુંટાઈ જાઓ તો ચિંતા નહિ, યાવત્ પ્રાણ પણ ! કેમકે,

- એક શીલમાં માનવ પ્રાણનું મૂલ્ય ઉપાર્જી જાય છે,
- જીવનની ઊંચી સફળતા નિષ્પન્ન થાય છે.
- શીલ ભાવી મહાસુખની ચિઠ્ઠી છે,
- શીલ આત્માની અનંત કાળની અશીલ-દુઃશીલવૃત્તિને દેશવટો દે છે, ભાવી અનંતકાળ સમૃદ્ધ કરી દે છે.

આવું મહા લાભભર્યું શીલ અલ્પ કિંમતી પ્રાણ ખાતર કોણ જતું કરે ?

રાવણ દીનતા કરે છે, સીતા નહિ. દિવસો પર દિવસો જાય છે છતાં સીતા દીનતાથી કરગરતી ય નથી કે 'હવે મને છોડો ભાઈસાબ ! તારે પગે પડું, મને



જવા દે.' ના. આવી કોઈ દીનતા નથી. શા માટે દીનતા કરે ? સમજે છે કે આવું પરસ્ત્રીને ઉપાડી લાવવાનું અને અહીં મનાવવા-ધખવાનું અપકૃત્ય કરનારાને વિવેક કે દયા ક્યાં છે ? આવાની પાસેથી સહાનુભુતિની આશા શી ?

એ તો **પાપ કર્મના ઉદય ટળશે ને સારાં કર્મના ઉદય જાગશે એટલે બધું અનુકૂળ થઈ આવશે. એવા શુભોદય જાગવામાં પણ કામ કરશે તો તે પરમાત્મા અને ધર્મનો અચિંત્ય પ્રભાવ કામ કરશે.** માટે બીજાની દીનતા કરવી નકામી.

## • ભવાભિનંદીનો ૪ થો દુર્ગુણ : માત્સર્ય •

મહાન શાસ્ત્ર 'શ્રી પંચસૂત્ર' મોક્ષના ઉપાયમાં પહેલો ઉપાય, પહેલું કર્તવ્ય આ બતાવે છે, ચાર શરણ-સ્વીકાર દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનાથી પાપનો પ્રતિઘાત તથા ગુણ બીજનું આધાન કરવાનું કહે છે. એ પછી સાધુધર્મની પરિભાવના કરવાનું ફરમાવે છે. એમાં પાંચ અણુવ્રતોના સ્વીકાર પૂર્વક એ અહિંસા-સત્ય વગેરે કેવા શુભાનુબંધી છે, કલ્યાણકર છે, પરલોકાનુયાયી છે ! એની સામે હિંસાદિ કેવા પરિણામદારુણ છે ! વગેરેની વારંવાર ભાવના કરવાનું, અકલ્યાણ મિત્રનો યોગ છોડી કલ્યાણમિત્ર-યોગ સાધવાનું ધર્મજાગરિકા વગેરે વારંવાર અને અતિ આદરથી સાધવાનું બતાવે છે. એ પછી દીક્ષાગ્રહણ-વિધિ, દીક્ષા-પાલન અને મોક્ષ, એમ પાંચે ય સૂત્રમાં થઈને ક્રમથી સિદ્ધ થવા સુધીનું નિરૂપણ કરે છે.

ભવાભિનંદી જીવને ભવનો રસ અને જડનો નશો એટલો બધો હોય છે કે એ આ ક્રમને સ્વીકારવા તૈયાર નથી. એનામાં ક્ષુદ્રતા, લોભનો આવેશ અને દીનતા વગેરે દુર્ગુણો એવા ઝળકી રહ્યા છે કે એથી પાપ-પ્રતિઘાતપૂર્વક સાધવાના ક્રમિક આત્મવિકાસની વાત એના ગળે જ ન ઊતરે. દીનતાની વાત વિચારી, હવે આગળ એના ચોથા દુર્ગુણ માત્સર્યનો વિચાર કરીએ.

**માત્સર્ય એટલે** ઈર્ષ્યા, અસૂયા, ઝેર, અસહિષ્ણુતા વગેરે. બીજાને સારું મળ્યું તે આને સહન જ ન થાય; એના પર ખાર વરસે, ઈર્ષ્યા ઊભરાય. એને પૂછો 'કેમ કાંઈ તારું લઈ ગયો છે ?' તો કહેશે, 'ના, પણ આટલું બધું એને શા માટે મળવું જોઈએ ?' પોતાને મળ્યું છે છતાં બીજાને મળેલું સહન થતું નથી. બીજાને મળેલાના દુઃખ પર પોતાને મળેલાનો આનંદ લુપ્ત !

**દીનતા-માત્સર્ય-ભયની ત્રિપુટી :-**

ભવાભિનંદી જીવનો મરો છે ! બિચારાને મળે, કે ન મળે, એકેય વાતમાં સુખ નથી. એનામાં ૩-૪-૫ મો ગુણ દીનતા, માત્સર્ય અને ભય, એ ત્રણ ગુણની ત્રિપુટી એવી ચોકિયાતરૂપે ઊભી છે કે જાણે સુખને કહે છે, 'ખબરદાર અહીં આવ્યું તો ?' એ ત્રિપુટીની એવી જુલ્મગીરી છે કે દુઃખની વર્ષા કર્યા જ કરે.

ત્રણ દુર્ગુણમાંથી ગમે તે ઊભો હોય, પણ દુઃખ જ દેખાડે.

**દીનતામાં** પોતાને ન મળ્યાનું કે ઓછું મળ્યાનું દુઃખ છે.

**માત્સર્ય ઈર્ષ્યામાં** બીજાને મળ્યાનું દુઃખ છે, ત્યારે,

**પાંચમા દુર્ગુણ 'ભય' માં** રુડું રૂપાળું પણ મળેલું 'ખોવાઈ જશે તો ? ખરચાઈ જશે તો ?' એ જાતની બીકનું દુઃખ રહ્યા કરે છે.

નથી મળ્યું, ઓછું મળ્યું લાગે છે, એમાં દીનતા એને જપવા દેતી નથી. બીજાને મળ્યું એમાં ઈર્ષ્યા પજવે છે. પોતાને મળ્યું છતાં એમાંય ભય સતાવ્યા કરે છે. ભવાભિનંદીને આ ત્રણેયનો માર પડે છે. સુખ ક્યાં ? કઈ સ્થિતિમાં ?

**કહો, દુઃખ શાનું છે ?** ન મળ્યાનું ? ઓછા પૈસા, ઓછી ચીજ, ઓછી સગવડનું ? ના, ભવાભિનંદીપણાનું, ભવાભિનંદીપણાની દીનતા-ઈર્ષ્યા-ભયના ઘરનું. એ ન હોય તો દુઃખ શાનું ? તો પછી,

શા સારુ દીન બની બની દુઃખી થાઓ ?
શા સારુ ઈર્ષ્યા કરી કરી દુઃખી થાઓ ?
શા સારુ ભય સેવી સેવી દુઃખી થાઓ ?

**યોગ્ય વિચારણા :-** અરેરે ! મને ન મળ્યું, ઓછું મળ્યું ! 'એમ વિચારવાને બદલે એવું જ વિચારો કે 'વાહ ! જગતના લાખો-કરોડો માનવો કરતાં મને કેટલું બધું વધારે મળ્યું છે ! ખરેખર તો મળવા ન મળવાની મુખ્ય દૃષ્ટિ પણ કઈ વસ્તુ પર નાખવા જેવી છે ? દેહના હિતકારી પર નહિ, કિંતુ આત્માના હિતકારી પર. એ હિસાબે જોઉં તો દેવાધિદેવ કેવા સર્વોચ્ચ મળ્યા છે ! કોઈ કમી નહિ એમનામાં ! તો એમનું શાસન પણ કેટલું બધું અમૂલ્ય અને અનંત આત્મહિતને સધાવી આપનાર મળ્યું ! એમાંય કોઈ ખામી નહિ ! કોઈ ન્યૂનતા નહિ !...'

આવા વિચાર સિદ્ધ કરી રાખ્યા હોય તો દીનતા શું કામ આવે ? શા સારુ રોદણાં-ઓશિયાળા કરવા પડે ?

**ઈર્ષ્યા ક્યાં સુધી પહોંચે છે ? :-** એમ ઈર્ષ્યા આવે છે, બીજાનું સારું સહન થતું નથી એ પણ શા સારું ? ધ્યાનમાં રહે કે જાતને મળે, પરંતુ તે તો પૂર્વનાં પુણ્યને અનુસારે છે. આપણી જેમ બીજાને એનું પુણ્ય અપાવી રહ્યું છે, હવે જો ઈર્ષ્યા અર્થાત્ અરુચિ-દ્વેષ કરવો છે, તો એના પુણ્ય પર જ કરવો રહ્યો ને ? પોતાને એટલું પુણ્ય પહોંચતું નથી અને સામાને પહોંચે છે. માટે એને વધું મળ્યું. તો શું એ અધિક પુણ્ય પર ઓછું પુણ્ય દ્વેષ કરે ? વળી એ જુઓ કે અધિક પુણ્ય શામાંથી ઊભું થયું ? પૂર્વના અધિક ધર્મ ઉપર. એટલે હવે શું આ આપણો ઓછો ધર્મ એ પેલાના અધિક ધર્મ પર દ્વેષ કરે ? ધર્મ તો શું દ્વેષ કરે ? દ્વેષ તો આપણે



જ કરીએ છીએ. તો શું આપણે ઠેઠ ધર્મ સુધી દ્વેષ પહોંચાડવા ?

**આપણી જાતે આપણી પાયરી નીચી કરવી ? :-**

ઈર્ષ્યાનો મામલો ક્યાં સુધી પહોંચે છે, એ વિચારવા જેવું છે. એવી ઈર્ષ્યા એવો દ્વેષ કરીને આપણે આપણું ધોરણ આપણી પાયરી કેટલી નીચે ઉતારીએ છીએ એનો ખ્યાલ ખાસ કરવાની જરૂર છે. મનુષ્ય ભવ જેવો ઉચ્ચ ભવ પામ્યા પછી આપણને શું આજ આવડે કે ઈર્ષ્યાદિથી આપણી જાતે જ આપણી પાયરી હલકી બનાવીએ ? કોણ કહેશે કે સુંદર મનુષ્ય ભવ નીચી પાયરીએ ઊતરવા યા નીચી પાયરીમાં ફસાયા રહેવા માટે છે ? એમાં તો આત્માનું તેજ હણાય છે, સત્ત્વ ઘવાય છે, ઓજસ્ મરી પરવારે છે. ઈર્ષ્યાના ઘરનો દ્વેષ એ નિષ્કારણ દ્વેષ છે. એવા દ્વેષમાં તેજ-સત્ત્વ ઓજસ્ શાનાં ઊભાં રહે ?

**ધર્મ દ્વેષથી નહિ થાય :-**

ધ્યાનમાં રાખવા જેવું છે કે શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ 'ધર્મબિંદુ' શાસ્ત્રમાં ધર્મની વ્યાખ્યા બાંધતા કહે છે કે **જિનવચનને અનુસારી અને મૈત્રી આદિ ભાવથી સંયુક્ત યથોક્ત અનુષ્ઠાન તે ધર્મ.** જો હૈયે ઈર્ષ્યાદિના દ્વેષ ભભૂક્તા રહે તો મૈત્રીભાવ ક્યાં રહેવાનો ? **મૈત્રીભાવ એટલે સ્નેહપરિણામ.** શું ? જીવો પ્રત્યે દ્વેષભાવ, વૈરભાવ નહિ, પણ સ્નેહપરિણામ; એનો ખપ નથી અને દ્વેષનો ખપ કરવો છે, પછી ભલેને જિનવચનના અનુસારે સામાયિક લઈ બેઠા, પ્રભુપૂજામાં લાગ્યા, કે દાનાદિક્રિયામાં જોડાયા, અને એમાં સંતોષ માન્યો કે હું ધર્મ કરું છું, પણ તેથી શું વળે ? ખરેખર ધર્મ ક્યાંથી સિદ્ધ થાય ?

**ધર્મમાં જરૂરી ૪ ઉચ્ચ ભાવ :-**

- મૈત્રીભાવ એટલે જીવો પ્રત્યે સ્નેહ ભાવ.
- કરુણાભાવ એટલે દુઃખી પ્રત્યે આર્દ્રભાવ.
- પ્રમોદ ભાવ એટલે બીજાના ગુણ પર પ્રેમ.
- માધ્યસ્થ ભાવ એટલે દોષિતના દોષની ઉપેક્ષા.

અલબત હંમેશા આ ચારેય ભાવ પ્રગટરૂપે ભાવવામાં ન હોય, છતાં દિલ ભાવોથી ભાવિત એવું હોય કે ધર્માનુષ્ઠાન વખતે વૈરાગ્ય-દ્વેષભાવ જાગ્રત નહિ; તો જ મૈત્રીભાવ; કઠોરતા-ક્રૂરતા જાગ્રત નહિ; તો જ કરુણાભાવ; ઈર્ષ્યા-ગુણદોષ જાગ્રત નહિ; તો જ પ્રમોદભાવ; દોષદૃષ્ટિ પરઘૃણા જાગ્રત નહિ; તોજ માધ્યસ્થભાવ રહે.

વૈર, કઠોરતા, ઈર્ષ્યા અને દોષદૃષ્ટિય,ચારેય ખતરનાક છે ! એમાંનો એકેક દોષ ઊંચામાં ઊંચા કષ્ટમય ધર્માનુષ્ઠાનને ય ધર્મના સ્વરૂપથી વંચિત રાખવા માટે સમર્થ છે ! કેટલો જુલ્મ ? ધર્મક્રિયા કષ્ટ વેઠીને ય કરવા છતાં ધર્મ નહિ ! જુઓ

બ્રાહ્મી-સુંદરીના જીવે પૂર્વ ભવમાં ચારિત્રનાં કઠોર અનુષ્ઠાન સાધેલાં છતાં જ્યારે ઈર્ષ્યા આવી, ગુરુ પ્રત્યે ઈતરાજી ઊભી થઈ, ત્યારે ધર્મ-પાયરીમાં નીચે ઊતરી ગયા અને સ્ત્રીપણું નક્કી થઈ ગયું !

**ધર્મસ્વરૂપનો ઘાત :-** ઈર્ષ્યા એ ધર્મની મહેનત છતાં અંતરને ધર્મવિહોણું બનાવે છે. કેવી એની શિરજોરી ? શાંત માણસો જ્યાં ધર્મ કે ગુણની અનુમોદનાનો લાભ લે છે ત્યાં આ ઈર્ષ્યાવાળો બળે છે ! સવારમાં ઊઠી બીજાઓ મહાપુરુષોનાં નામ લે ભજન કરે, ત્યારે ઈર્ષ્યાળુ તો 'ફલાણા આવા, તેવા, ધ્યાન દેજો, નહિ તો ફસાશો;' વગેરેમાં લાગી પડે છે ! ઈર્ષ્યા મહાદુર્ગુણ !

**ઈર્ષ્યાએ પીઠ-મહાપીઠને સ્ત્રીનો અવતાર** કેવી રીતે અપાવ્યો ? પીઠ-મહાપીઠ કોણ ? અનુત્તર વિમાને લઈ જાય એવું મહાચારિત્ર પાળનારા ? એ ચારિત્ર કેવું હશે, જેણે એમને એકાવતારી દેવ બનાવ્યા ? પછીના ભવમાં મુક્તિ અપાવી ? એવું ચારિત્ર પાળનારા પીઠ-મહાપીઠને ઈર્ષ્યાએ સ્ત્રીપણું અપાવ્યું !

ઈર્ષ્યાળુને અમારી-પ્રશંસા ન કરી ત્યાં સુધી વાંધો નહિ પણ બીજાની કેમ કરી ? આ વાંધો. ઘાસની ગંજીનો કૂતરો કહે 'હું ન ખાઉં ભલે, પણ બળદિયો કેમ ખાય ? ન ખાવા દઉં !'

આચાર્ય મહારાજે બે સાધુની પ્રશંસા કરી ૫૦૦ સાધુની ભક્તિ માટે એક સાથે બાહુ-સુબાહુ બે મુનિ ખડે પગે રહે છે ! એક લાવે છે ગોચરી, એક કરે છે સેવા-વૈયાવચ્ચ ! કેવા ભાગ્યશાળી જીવો કે મુનિઓની આવી સેવા કરે છે !'

પીઠ-મહાપીઠ ઈર્ષ્યાથી આ ન ખમી શક્યા, એમનાથી સહન ન થયું, એમણે ઈર્ષ્યાની સેવા કરી એને હૃદયમાં સુરક્ષિત રાખી ! તો ઈર્ષ્યાએ ઈનામ એ આપ્યું કે એમને સ્ત્રીપણું અપાવ્યું, પાછળથી ઈર્ષ્યા ખસી ગઈ હશે, ચારિત્રે સુંદર રીતિએ ચઢી ગયા, તપ-ધ્યાનની સુંદર આરાધના કરી અનુત્તર વિમાને ગયા, પણ ઈર્ષ્યાયોગે વળગેલું સ્ત્રીપણાનું પાપકર્મ સાથે ગયું !

**અનુત્તર વિમાનથી છ** આત્માઓ ઊતર્યા, પ્રથમ આચાર્ય તે શ્રી ઋષભદેવ પુરુષ, બીજા બાહુમુનિ તે ભરત પુરુષ, ત્રીજા સુબાહુમુનિ બાહુબલી પુરુષ, ચોથા આચાર્ય-ચક્રવર્તીના સારથીપણામાંથી મુનિ તે શ્રેયાંસ પુરુષ, પાંચમા છઠ્ઠા પીઠ-મહાપીઠમુનિ તે બ્રાહ્મી-સુંદરી સ્ત્રી ! છએ આત્માએ એક સરખી રીતે સંયમ પાળ્યું હતું, છએ અનુત્તર દેવલોકે ગયા હતા ! અહીં આવી સંસારનું કાસળ કાઢી મુક્તિએ જનાર હતા, પણ પીઠ-મહાપીઠ, એ બેના આત્માને ઈર્ષ્યાએ બક્ષીસ સ્ત્રીપણાની આપી ! બ્રાહ્મી-સુંદરી બનાવ્યા !

**ઈર્ષ્યા શું કામ કરે ?** આપણને એના વિના ચાલે નહિ ! કહીએ છીએ, 'શું



જીવતા જીવે આ જોવાય ? શું મડદાલ છીએ ?' કેવી દશા ? વસંતઋતુમાં આખી વનરાજી ખીલે ત્યારે જવાસો કરમાય-સૂકાય. ઉદાર દાનવીર આખું ગામ જમાડે, જમાડનાર તથા જમનાર ખુશ થાય, પણ હજામનું પેટ બળ્યા કરે ! કહેવત છે ને કે **'વરનારનું વરે, ને ગાંયજો પેટ ફૂટે !'** એનાથી સહન થતું નથી; એમ થાય છે કે 'આ કેમ જોયું જાય ?' અલ્યા પણ દુનિયામાં તો આવું કેટલુંય ચાલે છે. ત્યાં ક્યાં બધે હૈયું બાળવા જાય છે ? 'એ તો દેખાતું નથી ને ?' તો અહીં પણ નથી જોયું માની લે ને ?

**સતત ઈર્ષ્યા ભયંકર :-** હાથે કરીને કોઈના કશા ઉપર આપણું જ હૈયું બાળવું એ તો મૂર્ખાઈ છે. એવું જીવનભર બાળતા રહેવું એ મહામૂર્ખાઈ છે. માટે જ અહીં એક વસ્તુ ધ્યાન રાખવાની છે કે પીઠ-મહાપીઠને ઈર્ષ્યા આવી છતાં અનુત્તર વિમાનમાં જઈ શક્યા એનું કારણ શું ? અનુત્તરદેવલોકને યોગ્ય સંયમ-સાધના કરી હતી અને તે ઠેઠ આ જીવનના અંતકાળે એટલી ઊંચી શુભ લેશ્યા રાખી ત્યારે જ ને ? એવી ઉચ્ચ શુભલેશ્યા જો ઈર્ષ્યા, અસહિષ્ણુતા જેવા મલિનભાવ સતત જાગ્રત હોય તો આવી શકે ખરી ? ના, તો પછી આ પ્રશ્ન છે,-

**ઈર્ષ્યા સાથે અનુત્તરના ભાવ કેવી રીતે :-**

**પ્ર.-** પીઠ-મહાપીઠને ઈર્ષ્યા હતી અને એમાં તો સ્ત્રીપણું પામવાનું ઊભું કર્યું ! એમ, મલ્લીનાથ ભગવાનના જીવ મહાબળ રાજાએ માયા સેવી એવી કે જેથી સ્ત્રી તરીકે જન્મવું પડે, આવા ઈર્ષ્યા-માયાના અધમ ભાવવાળાને અનુત્તર સ્વર્ગમાં લઈ જનાર ઉચ્ચ શુભભાવ શી રીતે રહ્યા ?

**ઉ.-** આનું સમાધાન એ છે કે એકવાર એમને એ ઈર્ષ્યા-માયાના અશુભભાવ આવ્યા ખરા, પરંતુ એ મલિનભાવનો એમણે ચડસ નહોતો રાખ્યો. તેથી એ અશુભભાવ આવી ગયો ત્યારે આવી ગયો, પણ પછી વારંવાર એ ઢેડભાવ લાવવાનું નહિ કરેલું. તો જ અનુત્તર સ્વર્ગદાયી પરમ ઉચ્ચ શુભભાવને જગા મળી શકી. અલબત એકવાર સેવેલી એ ઈર્ષ્યા અને માયાનું પ્રાયશ્ચિત્ત કરી એનાં કર્મને ધક્કો લગાડવાનું ન કર્યું, તેથી એ કર્મ એમજ રહી ગયું, પરંતુ એ તો વિસ્મરણથી સંભવે છે; બાકી એવા ઈર્ષ્યાદિ ભાવની વારંવાર આવૃત્તિ કરી હોત તો અનુત્તર સ્વર્ગગમનને યોગ્ય શુભ લેશ્યાને સ્થાન ન મળત.

આ સૂચવે છે કે જેને ચડસ હોય, ખૂનસ હોય, વારંવાર ઈર્ષ્યા માયા કરવા જોઈતી હોય, હાલતાં ને ચાલતાં બીજાનું ઊંચું સહન જ ન થાય, એવાને સારી ઊંચી લેશ્યા ન આવી શકે. જીવન તપાસવાની જરૂર છે કે,

આંખ અને હૈયું બીજાનું અને ખાસ કરીને જેના પ્રત્યે કોઈક અરુચિ-અણગમો

થયો હોય એનું સારું પ્રેમથી ખમી શકે છે ? કે આંખ-હૈયાને એ ખૂંચે છે ?

વાતવાતમાં પોતાનું સારું દેખાડવા માટે વર્તાવમાં માયા, પોલિસી, સફાઈ, છુપાવવાનું થઈ આવે છે ?

**એક ઉગ્ર કષાયના સંકલેશનો વળ બીજા મંદ કષાયની ઉપરવટ :-**

જો આ ખૂંચવાનું અને સફાઈ આચરવાનું ચાલું છે, તો શુભ લેશ્યાને જગા ક્યાં ક્યારે મળવાની ?

આ એક મહત્ત્વની વસ્તુ ધ્યાનમાં રાખવાની છે કે કોઈપણ એક કષાયનો ભાવ ઉગ્રતાની કોટિનો હોય અને બીજો કષાય મંદ પણ દેખાતો હોય, તો પણ આત્મામાં એવું ગુણસ્થાનક નહિ આવે. કારણ સ્પષ્ટ છે. કષાયો, ક્રોધ, માન, માયા, લોભ જુદા જુદા, પરંતુ એને ધરનાર આત્મા તો એક જ ને ? એના આંતર પરિણામ જો ઉગ્ર કષાયથી વધારે સંકિલષ્ટ છે, તો બીજા દેખીતા મંદ કષાયથી શું ? પેલા સંકલેશવાળા પરિણામનો વળ તો આત્મામાં ઊભો જ છે; એટલે આ દેખીતા મંદ કષાયથી ખરેખર ઉપશમ ન આવી શકે.

**પ્ર.**- તો પછી એક કષાય મંદ દેખાય છે તે શું ?

**ઉ.**- એ કષાયનો આત્મપરિણામ થવાનાં કારણભૂત જે કષાયમોહનીય કર્મનાં દળિયાં-પુદ્ગલો, તેના રસસ્પર્દ્ધકોની મંદતા માત્ર છે, રસાયણની ડિગ્રી તો ઊંચી છે. પરંતુ જેવી રીતે નવગ્રૈવેયકમાં ગયેલા અભવી આદિ મિથ્યાદષ્ટિ જીવને કષાયદલિકના રસાણુ ઊંચી માત્રાના છતાં ત્યાંના સંયોગવશાત્ યાને ઉચ્ચશાતા વગેરેના હિસાબે કષાયરસાણુ ઉદયમાં મંદ આવે છે એટલું જ બાકી કષાયની જાત તો ઉગ્ર જ, અનંતાનુબંધીના ઘરની જ ! એવી રીતે અહીં પણ જો કોઈ એક ક્રોધ વગેરે કષાયઉગ્ર કોટિનો રહે છે, તો બીજો મંદ દેખાતો લોભ વગેરે કષાય, એના રસાણુ ઉદયમાં સંયોગવશાત્ ઓછા હોય એટલું જ, બાકી કષાયની જાત તો એ ઉગ્ર કોટિની જ. એ ગુણસ્થાનકમાં આગળ ન વધવા દે-પછી ત્યાં શુભ અધ્યવસાયને જગા ક્યાંથી મળે ?

આ ઉપરથી બહુ બહુ સમજવા જેવું છે કે આમ પૈસા કે ખાન-પાનાદિનો એવો લોભ ન દેખાતો હોય, ત્યાગમાં-તપસ્યામાં ઉદ્યમ પણ થતો હોય, પરંતુ બીજી બાજુ ઈર્ષ્યાનો આવેશ હોય, તેથી જેની તેની નિંદા, જેનું તેનું સારું જોઈને બળવાનું, અને વારંવાર પરનું હલકું જોવા તરફના વિચારો કરવાનું થતું હોય, તો એ આત્માનો એવો સંકિલષ્ટ પરિણામ રાખે છે કે પેલા કમ દેખાતા લોભથી અને પ્રવર્તતા ત્યાગ કે તપસ્યાથી આત્મામાં ખરેખર અનુરૂપ ઉપશમ ભાવ આવવા દેતા નથી; ઊંચું ગુણસ્થાનક સ્પર્શવા દે નહિ.





## ભવાભિનંદીના ૮ દુર્ગુણ

**ધર્મનું સાક્ષાત્-પારંપારિક ફળ શું ?**

સાક્ષાત્ ફળ આત્માના પરિણામની શુદ્ધિ, કષાયોની મંદતા, ચિત્તની શાતા-સ્વસ્થતા.

પારંપારિક ફળ સુદેવપણું, સુમનુષ્યપણું, પુણ્યાનુબંધી પુણ્યાઈવાળું ઊંચ ગોત્રીય દેવત્વ-મનુષ્યત્વ.

આ ન લાવે એ ચારિત્રક્રિયા ય ગુણાભાસ છે. નિર્બીજ ક્રિયા છે.

**બીજ શું ?** પાપપ્રતિઘાત પૂર્વક ગુણબીજ; શુભાનુબંધ તોડી શુભાનુબંધ ઊભા કરાય તે ગુણબીજ છે. શાસ્ત્રમાં લખ્યું છે કે દેવપણું અનંતવાર મળ્યું, પણ એ પુણ્ય પુણ્યાનુબંધી નહોતું બન્યું. દેવપણું ચારિત્રના ગુણવિના અજ્ઞાન કષ્ટથી પણ મળે. ગમે તે રીતે ચારિત્ર લે, અને અનંતીવાર નવમા ગ્રૈવેયક સ્વર્ગ સુધી ઉત્પન્ન થાય. એ ગ્રૈવેયક દ્રવ્યચારિત્ર વિના તો ન જ મળે. સાધુક્રિયા વિના ગ્રૈવેયકમાં ન જવાય. જીવે અનંતીવાર ઊંચી સાધુક્રિયા પાળી, પણ પછી સંસાર ભ્રમણ થયું, મુક્તિ ન મળી, એ બતાવે છે કે વિધિપૂર્વક ને ક્રમપૂર્વક સાધુક્રિયા લીધી નહિ. પાપપ્રતિઘાત જ ન કર્યો, ચારિત્રક્રિયાની તફડંચી કરી. **'ધર્મક્રિયા કરીને આત્મામાં કાંઈક મહત્વનો સારો પલટો કરવો જોઈએ.'** એ વાત જ ન જાણી. સહન કરેલું કષ્ટ એળે ગયું ! દેવલોક મળ્યો તેથી તો આત્માનો અનાદિ જડાનંદનો સ્વભાવ ગાઢ બન્યો ! પણ તેમાં ઊલટ પરિવર્તન ન થયું. સાધુ બન્યો, કષ્ટ સહ્યું, છતાં સ્થિતિ કંગાળ ! કેમ કે સર્વવિરતિ લીધી ખરી, મહાવ્રતની પ્રતિજ્ઞાઓ કરી ખરી, પણ જીવ ખાવાપીવામાં, સુખશીતલતામાં, માનપાનમાં કષાયોમાં, મસ્તાન બન્યો ! સંજ્ઞાઓ એણે જીતી નહિ, પણ સંજ્ઞાઓથી એ જિતાયો ! કષાયકચરો કાઢી શુદ્ધ ન થયો પણ કષાયકચરો વધાર્યો !

**મોક્ષ-સાધનામાં બીજ સમ્યક્ત્વ : સબીજ ક્રિયાથી જ મોક્ષ :-**

પ્રોફેસર વિદ્યાર્થીને ૨૫ વર્ષ ભણાવ્યો. મહાન ગ્રંથોનું દોહન આપી આપી વિદ્યાર્થીને ભણાવ્યો, પણ છવ્વીસમાં વર્ષે પરીક્ષા લીધી ત્યારે જો સામાન્ય ગણિતના હિસાબમાં ચૂક્યો, તો એ કેવો કરુણ અંજામ ? તેવી જ રીતે સાધુધર્મ પણ લીધો પણ તેના ફળમાં આહાર-વિષય-પરિગ્રહાદિ અને કષાયોની વૃદ્ધિ તથા સંસાર ભ્રમણ મળે એ કરુણ અંજામ થયો ! સાધુક્રિયાથી જો આમ, તો બીજી ધર્મક્રિયામાં તો પૂછવું જ શું ? કેવી કરુણ દશા !

**સમ્યક્ત્વ બીજનું મહત્ત્વ :-**

હિંસાની ઘેલછા, અસંયમની અહર્નિશ કુટેવ, ખાવાપીવાની લાલસા, વિષયોની લંપટતા, કષાય અને પ્રમાદની પરવશતા આત્માને દયાર્દ્ર કોટિમાં મૂકે છે. ધર્મક્રિયા-સાધુક્રિયા કરી, પણ ફળ ન મળે તો સમજવું કે સાધનાની વિધિ અને ક્રમમાં ખામી છે. ક્રમથી જો વિધિપૂર્વકના માર્ગ તરફ માત્ર સમ્યગ્દષ્ટિ પણ થાય, તો પણ તેની ભવસ્થિતિ અર્ધપુદ્‌ગલ-પરાવર્તની અંદર જ; અને મોક્ષરુચિ થાય તો એક પરાવર્તની અંદર જ. તે વિના ભાવીમાં પાર વિનાનો સંસાર છે ! માટે સમ્યક્ત્વ વિનાનું ચારિત્ર આગામી સંસાર-સ્થિતિકાળની કોઈ ગેરન્ટી (પ્રમાણપત્ર) નથી આપતું કેમકે એ ક્રિયા નિર્બીજ છે, વંધ્યા છે. બી નહિ હોય તો ફળ થવાની આશા જ નથી. દરેક ક્રિયા અને ચારિત્રમાં બીજ એટલે તત્ત્વશ્રદ્ધા અને મોક્ષરુચિ હોવી જ જોઈએ. બીજ વિનાની ક્રિયા નિર્બીજ ગણાય, સબીજ ક્રિયાથી જ ફળની પ્રાપ્તિ થાય.

**સબીજ ક્રિયા આવ્યા પછી દીર્ઘ સંસાર ન હોય.**

**આત્માના પ્રદેશે પ્રદેશે (અણુએ અણુએ) તત્ત્વની શ્રદ્ધા અને મોક્ષરુચિ હોય તો કોઈ પણ ક્રિયા તેને સંસારમાં રખડાવનારી ન થાય.**

ભવાભિનંદી (સંસાર-રસિયો) જીવ પોતાની ક્ષુદ્રતા લોભરતિ વગેરે દૂષણને લીધે આ પવિત્ર પદાર્થો મેળવવા માટે યત્ન નથી કરતો. અરે ! આ પદાર્થોને સમજવા પણ શક્તિમાન નથી, અને પદાર્થને સમજવાની દરકાર સરખીય એને નથી. એની કિંમત જ ન હોય પછી એની ગરજ કે દરકાર શેની જાગે ? એટલે ગુણબીજ જ નથી તો ફળ કયાં ? બીજ વિનાની ગમે તેટલી કષ્ટમય ક્રિયા પણ કરવામાં આવે તેથી ફળ ન જ બેસે. એ તો ભવાભિનંદીપણાના પાયા પર ઊભેલા અને એને પોષનારા ક્ષુદ્રતા આદિ આઠ દુર્ગુણોથી આત્માનો જે પ્રાથમિક શુદ્ધ ભાવ હણાઈ ગયો છે, તેને તે દુર્ગુણો ટાળી શુદ્ધ કરવામાં આવે, તો જ પછી ધર્મ સાચો સમજાય, ને ધર્મક્રિયા કરાય તે સબીજ થાય, સફળ થાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૫,અંક-૧૬,તા.૩૧-૧૨-૧૯૬૬**

## ભવાભિનંદીના ૮ દુર્ગુણ

અહીં ભવાંભિનંદીના આઠ દુર્ગુણો સમજી લેવાની જરૂર છે, જેથી જીવનમાંથી હંમેશ માટે એને દૂર કરી દેવાય, અને ધર્મમલ્યાંકન અને સબીજ ધર્મક્રિયાને તથા ધર્મ આચારને અવકાશ મળી શકે. આઠ દુર્ગુણો આ પ્રમાણે છે-



**क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।**
**अज्ञो भवाभिनंदी स्याद् निष्फालारंभसंगतः ॥**

(૧) ક્ષુદ્રતા (૨) લાભરતિ (૩) દીનતા (૪) માત્સર્ય (૫) ભય (૬) શઠતા (૭) અજ્ઞતા અને (૮) નિષ્ફલારંભ પ્રયત્ન.

આનો ટૂંકો વિચાર આ મુજબ છે :-

**(૧) ક્ષુદ્રતા :-** હૃદય ક્ષુદ્ર એટલે તુચ્છ, છીછરું, ઉત્તાન, ઉછાછળું, હલકટ, વગેરે હોય એમાં વસ્તુને ઊંડાણથી જોવાની વાત નહીં. માત્ર પોતાનો અધમ સ્વાર્થ જ પ્રિય હોવાથી એ સ્વાર્થ સિદ્ધ કરવાની તાલાવેલીમાં કોઈપણ વસ્તુ કે પ્રસંગને ઉપલકિયા દષ્ટિથી જ જુએ; દીર્ઘદષ્ટિથી કે નિપુણદષ્ટિથી જોવાની વાત જ ન હોય. આ સ્થિતિમાં તાત્ત્વિક શ્રદ્ધા આવે જ ક્યાંથી ? તત્ત્વ ગળે ઉતરે નહિ, સમજાય નહિ, તો પછી ટકવાની વાત જ શી ? તત્ત્વોની વાતો ગળે ઊતરે અને ટકે તો જ સતત વિચાર તાત્ત્વિક કોટિના રહી શકે. એ માટે તુચ્છ સ્વાર્થની અંધતા ટાળી વસ્તુ કે પ્રસંગને સાચા રૂપમાં જોઈ તપાસવી, અને એ માટે સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરવો. એમ કરવાથી અનુચિત વર્તન, દુષ્કૃત્ય કે દિલના દુષ્ટ ભાવથી બચી જવાય. આના માટે ધર્મરત્ન પ્રકરણમાંનો પ્રસંગ જોવા જેવો છે.

### પર્વત-નારદનું દૃષ્ટાન્ત

શ્રોત્રીમતી નામની એક નગરીમાં એક પાપભીરૂ ક્ષીરકદંબ નામે બ્રાહ્મણ રહેતો. એ વેદશાસ્ત્રનો જાણકાર હોઈ એની પાસે એનો પુત્ર પર્વત, બહારથી આવેલ નારદ અને રાજપુત્ર વસુ એમ ત્રણ જણ શાસ્ત્રાભ્યાસ કરતા હતા. એકવાર મહાજ્ઞાની આવેલા બે મુનિઓમાં એક મુનિ ધીરેથી બીજા મુનિને કહે છે કે 'આ ત્રણમાંથી બે અધોગામી અને એક ઉર્ધ્વગામી છે.' ઉપાધ્યાય એ સાંભળી ગયો. મનને થયું કે વીતરાગના માર્ગને અનુસરનારા આ મહાભાગ અસત્ય બોલે નહિ. ત્યારે એમાં રાજપુત્ર પ્રાયઃ અધોગામી સંભવે છે. બાકી બેનાં કોણ એક અધોગામી, એ તપાસવું જોઇએ. કેમ કે અધોગામી હોય તે કેઇ પાપકર્મો કરે. એવાના ગુરુ બનવામાં મોટો દોષ છે. કહ્યું છે :-

**भर्त्तुर्भार्याकृतं पापं शिष्यपापं गुरोर्भवेत् ।**
**राज्ञि राष्ट्रकृतं पापं, राजपापं पुरोहिते ॥**

અર્થાત્ 'પતિના માથે પત્નીના, ગુરુના માથે શિષ્યના, રાજાના માથે પ્રજાના અને પુરોહિતના માથે રાજાના દુષ્કૃત પાપોનો ભાર ચઢે છે.'

એમ વિચારી પરીક્ષા માટે અંધારી રાતે લાખના રસનો ભરેલો ૧-૧ કૂકડો

ગુરુએ નારદ અને પર્વતને આપી કહ્યું કે 'મેં આને મંત્રથી મૂર્ચ્છિત કરેલો છે તમે એને જ્યાં કોઇ ન દેખે ત્યાં મારીને લાવો.

નારદ ગુરુનું વચન અલંઘનીય છે, એમ માનતો તે લઇને ઉપડ્યો. જંગલમાં જુએ છે તો તારામંડળ જોતું લાગે છે. યક્ષ મંદિરમાં યક્ષ જોતો લાગ્યો. શૂન્ય ઘરમાં પણ લાગ્યું કે અહીં હું પોતે તો જોઉં છું. કદાચ આંખ મીંચી દઉં તો ય પાંચ લોકપાલ અને દિવ્યજ્ઞાનીઓ આ જુએ જ છે. માટે ગુરુના વચનનો ભાવ એ છે કે આને વગર માર્યે લઈ આવવો.' એમ કરી પાછો લાવીને ગુરુને સોંપી દીધો, અને ખૂલાસો કર્યો.

પર્વત તો ક્ષુદ્રમતિવશ જંગલમાં કોઈ માણસ ન દેખે ત્યાં મારીને લાવ્યો.

ગુરુએ નારદને આવકાર્યો, અને પર્વતને ઠપકાર્યો કે 'ત્યાં તું લોકપાલ, દેવતાઓ, વગેરે તો દેખતા જ હતા, તો કેમ મારી લાવ્યો ?' હવે ઉપાધ્યાયને મનમાં મુંઝવણ થઈ કે 'અરે ! આવા નરકગામી શિષ્યને પકવી હું પાપથી કેવી રીતે છૂટીશ ?' સવારે ઉદ્યાનમાં મુનિ પાસે જઈ પૂછે છે,

'ભગવંત ! કુટુંબનો માણસ દુષ્કૃતમાં પ્રવર્તે તો માલિક અધર્મ વડે બંધાય કે નહિ ?'

સાધુ કહે છે 'સળગતો ઘાસનો પૂળો હાથમાં લેનારો દાઝે કે નહિ ? બસ, એમ ઘરમાલિક પણ બંધાય.' બ્રાહ્મણ પૂછે છે 'તો પછી એ પાપથી મૂકાય કેવી રીતે ?'

સાધુ કહે છે, 'જેમ બળતો પૂળો મૂકી દે અને પછી ન દાઝે એની જેમ.'

એ સાંભળીને ક્ષીરકદંબે મુનિ પાસે ચારિત્ર લીધું, અને સદ્ગતિનો ભાગી થયો. પાછળથી પર્વતે છાત્રોને 'અજૈર્યષ્ટવ્યં' એવા વેદ વાક્યનો 'બકરાથી યજ્ઞ કરવો' એવો અર્થ બતાવતાં આવેલ નારદે સાંભળ્યું ને કહ્યું કે 'ગુરુજીએ તો અજ એટલે બકરો નહિ, પણ ન ઉગે એવું જુનું ધાન્ય ડાંગર વગેરે કહ્યું છે.' પરંતુ ક્ષુદ્રતા વશ પર્વતે એ કબૂલ્યું નહિ, તેમ ખાનગીમાં એની માતાના કહેવા છતાંય ન માન્યું, અને એ અર્થમાં વસુરાજાની સાક્ષી લેવાનું નક્કી કર્યું. માતાએ પણ પુત્રમોહ વશ વસુને ખાનગીમાં પહેલેથી પર્વતનો પક્ષ કરવા ભોળવ્યો. વસુએ જુઠી સાક્ષી આપતાં ભવનદેવતાએ એને તરત નીચે પટક્યો, ને એ મરીને નરકમાં ગયો ! પર્વતનો લોકમાં ફિટકાર થવાથી ત્યાંથી ભાગ્યો, અને બહાર ઘોર હિંસાનો માર્ગ પ્રવર્તાવી અંતે અધોગતિમાં પટકાયા !

**ક્ષુદ્રના વિચાર :-**

એક ક્ષુદ્રતા કેવું તત્ત્વ ભૂલાવે છે ! સત્યને ઓલંઘાવે છે ! અને ભયંકર



હિંસાદિમાં રક્ત બનાવે છે ! ત્યાં પછી મોક્ષની દૃષ્ટિ જ ક્યાંથી જાગે ? તો પુરુષાર્થની તો વાતે ય શી ? ક્ષુદ્રને માત્ર ભવનો જ આનંદ હોય છે. માટે આ ક્ષુદ્રતા ટાળી ઉદાર દિલે વિચારવું જોઈએ કે, 'ક્ષુદ્રતાથી તો અનંતા ભવો ભમ્યો ! હવે મોક્ષ ક્યારે નિકટ કરીશું ?' કર્મને શરમ નથી. કર્મ તો ક્ષુદ્ર દિલ રાખ્યાનાં અતિ દારુણ પરિણામ દેખાડે છે. માટે ક્ષુદ્રતાવશ ભવવર્ધક વિષયભોગ અને સ્વાર્થના તુચ્છ બહુમાન ન કરાય.'

**તુચ્છનાં બહુમાનથી દિલ ક્ષુદ્ર :-**

જો માનપાનાદિ, તુચ્છ સ્વાર્થ, તથા ધનમાલ આદિ તુચ્છ વસ્તુના લોભ બહુ સતાવે છે, એની ન્યૂનતામાં બહુ બળાપો થાય છે, તો એ તુચ્છના બહુમાનથી હૃદય ક્ષુદ્ર જ રહ્યા કરશે ! દા.ત. ઊંઘ બહુ વહાલી કરી, ત્યાં અડધી રાતે કોઈએ બારણું ઠોકી બૂમ મારી, તો જાગી જતાં ક્ષુદ્ર મનને થશે કે 'આ કોણ હરામી આવ્યો ? રાતના ય જપવા ન દે.' પછી ભલે કદાચ પેલાને અંદર લેતાં કોઈ સારી વાત કરવા ઉપર દિલ લલચાઈ જશે ! ખરી રીતે ક્ષુદ્રતાને બદલે ઉદાર મન રાખી એ જ વિચારાય કે 'કોણ ભાગ્યશાળી કયા સંકટને લીધે અત્યારે આવ્યો હશે ?' તેથી દિલ દયા-સહાનુભૂતિ ભર્યું રહે, અને આત્મા ઉદયના માર્ગે પ્રયાણ કરતો રહે. માત્ર મનનો ઝોક ફેરવવાનો છે.

**ક્ષુદ્રના તુચ્છ વસ્તુનાં બહુમાન :-**

ક્ષુદ્રતા કેવળ સાંસારિક સ્વાર્થના પાયા પર ફાલીફૂલી રહે છે. તુચ્છ ભોગના બહુમાનથી ક્ષુદ્રતા સતત જેવી બની જાય છે. તેથી તુચ્છ વસ્તુનો ભારે લોભ, એની ન્યૂનતામાં ભારે બળાપો, એ મળવા પર તુચ્છ હરખનો પાર નહિ ! દિવસનો મોટો ભાગ એની વાતો એના વિચારો અને એવી હલકી પ્રવૃત્તિઓ, આ બધું સહજ બને છે. આમાં પછી ઊંચી વિચારસરણી, માનસિક ઉંચા ધોરણ, ઉદાર વૃત્તિઓ, ઉદાર વ્યવહાર એ બધું ક્યાંથી આવી શકે ? 'મારે હજી મુક્તિનું કેટલું અંતર ? હું ભવ વૃદ્ધિ કરી રહ્યો છું કે ભવસંકોચ ?' એવો એને સ્વપ્ને ય વિચાર આવતો નથી. ક્ષુદ્રતા ટળી મન વિશાળ બને, ઉદાર બને, તો તો તુચ્છલોભ, તુચ્છભોગ, તુચ્છમાન, તુચ્છવિષયો વગેરેને મહત્ત્વ જ ન અપાય. બનવા જોગ છે કે એનો ત્યાગ ન કરી શકતો હોય, પરંતુ ત્યારે દિલ એમાં ઓતપ્રોત પણ ન થાય ઊલટું એવી ક્ષુદ્ર-તુચ્છની રમત વેઠરૂપ લાગે, ગ્લાની કરાવે, એના એવા આંધળિયા નહિ કે જેથી જીવો પ્રત્યે દયા ગુમાવે, સહાનુભૂતિ ભૂલે, પરોપકાર વીસરે, એ બધું તો ક્ષુદ્રતાના ખેલ છે. ક્ષુદ્ર નિષ્ઠુર બને છે, નિર્દય થાય છે. બીજાની ભૂલ, અગર પોતાને થતું લેશ પણ નુકશાન સાંખી શકતો નથી એને વિચાર નથી કે,

ઉદારની વિચારણા :-

**'સામો જીવ પણ મારી માફક એક સંસારી જીવ છે. અનંતા કર્મથી કચરાયેલો છે ! એની તો બિચારાની દયા જ ખાવી રહી, એના પર ગુસ્સો શો કરવો ?**

**ગુસ્સો થાય તો આખા જગતને પીડનારી એ કર્મસત્તા અને મોહના અંધાપા પર થાઓ. બાકી એ જીવને તો સદ્બુદ્ધિ મળો; બિચારો ભૂલ, કષાય અને દુષ્કૃત્યથી બચો; બિચારો દુર્ગતિના દુઃખમાં ન ફસાઓ. એનું ભલું થાઓ.'**

-આવી કરુણામૈત્રી ભાવ રાખવો જોઈએ. નિર્દયતા અને દ્વેષ રાખવાથી ધર્મની સગાઈ નહિ થાય.'- જ્યાં આ વિચાર જ નહિ ત્યાં એ ક્ષુદ્રતા-વશ રહ્યે ધર્મ આવે જ ક્યાંથી ? વાતવાતમાં 'હું' પદ આવે,- 'હું જ કાંક છું. બીજા કુછ નહિ.'- એવો ગર્વ રહે. 'યેનકેન પ્રકારે મને મનગમતું મળવું જોઈએ. હું સારો લાગું...' એવી તુચ્છતામાં બડાઈ હાંકવી, જૂઠાં બોલવા, નિંદા-ચૂગલી કરવી, વગેરે દુર્ગુણો ઘર જ ઘાલી બેઠા હોય, એમ તુચ્છ સ્વાર્થમાં બીજાનું વટાઈ જાય એની ચિંતા નહિ ! માયા-પોલિસી હૃદયમાં રમતી, અને વર્તનમાં વણાયેલી ! આત્મહિતકર દાન-શીલ-તપ વગેરેની સાધના કડવી લાગે. આ બધા ક્ષુદ્રતાનાં પરિણામો છે. વળી જરૂર પડ્યે પોતાને દાનની ટીપમાં લખાવવું પડશે એ ભયથી, 'આ ટીપ ને આ કામની જરૂર જ શી છે ?' એમ કરીને આખુ જ ઊડાવવાની વાત ! તેમાં બીજાઓના દાન પણ ઊડી જાય એટલી હદની ચેષ્ટા ક્ષુદ્ર હૃદયમાંથી ઊઠે છે. દિલ જો ક્ષુદ્ર ન હોય, ઉદાર હોય તો તો આત્મહિતકારી અને જગત્હિતકારી દાનાદિ ધર્મ પ્રત્યે ચાહના ઊભી થાય. એના વિના જીવન અસાર કૂચા લાગે. હૃદયમાં ધર્મની ભાવના એવી ઉછળ્યા કરે કે ધર્મના બાધક પ્રલોભનોને એ તુચ્છ ગણે. ભય રહે કે આ દુન્યવી પ્રલોભનોથી રખે ધર્મભાવના તૂટે !

**ધર્મભાવના શું શીખવે છે ?**

ધર્મભાવના તો શીખવે છે કે 'નાશવંત અને આત્મહિતઘાતક જડપદાર્થની બહુ કિંમત શી આંકવી ? રસદાર ભોજન કે હીરામાણેક આદિ તો જીવને પાગલ બનાવી નચાવનારા છે, ને દુર્ગતિના કૂવામાં ઉતારનારા છે એના શા અભરખા રાખવા ?

દિલની અભિલાષા તો એકમાત્ર અનાસંગ પદની રખાય, પણ પુદ્ગલના સંગની નહિ.

**હીરામાણેક, મેવા મીઠાઈ, બંગલા-વાહન વગેરે બધું તો એકેન્દ્રિય જીવોનાં કલેવર છે.** એવાં તુચ્છ કલેવર માટે ક્ષુદ્ર શું બનવું ? એની ઉજાણી શી માનવી ? મડદા પર ઉજાણી ગીધડા કરે,'- ક્ષુદ્રતાને લીધે આવા વિચારનું સ્વપ્ન પણ નથી



આવતું. ઊલટું તત્ત્વની મશ્કરી કરવાનું સૂઝે છે ! નિર્બુદ્ધિ પોતાની જાતને મહાબુદ્ધિમાન માની મહાજ્ઞાનીઓને સમજણ વિનાના માને છે. અગર થોડું શાસ્ત્રજ્ઞાન પણ હોય તો ય ક્ષુદ્રતાવશ એવાને પોતાની પ્રજ્ઞતાનો ભ્રમ અને અભિમાન ભારે ! ટૂંકમાં કહીએ તો આ ખતરનાક ક્ષુદ્રવૃત્તિના પાયા પર અનેકાનેક દોષ, દુર્ગુણો અને દુષ્કૃત્યો એટલા રસપૂર્વક સેવાય છે કે ત્યાં ગુણબીજ લાવે એવા વિષયવિરાગ, કષાયઅરૂચિ, ક્ષમાદિગુણોની પ્રશંસા, ભવનો ભય, મોક્ષની રુચિ, વગેરેના ફાંફા હોય છે ! માટે મૂળ ક્ષુદ્રતાને તો દેશવટો જ દેવો જોઈએ.

**(૨) ભવાભિનંદીનો ૨જો દુર્ગુણ લોભરતિ (લાભરતિ) :-**

જીવનમાંથી સદંતર લોભ જવો ઘણો મુશ્કેલ. બહુ ઊંચી કક્ષાની વાત ! પરંતુ લોભ પર અંકુશ તો જોઈએ જ. ત્યારે ભવાભિનંદી જીવને લોભની ભારે ગૃદ્ધિ હોય છે. પક્ષપાત હોય છે ! એ તો સિક્કો મારે છે કે 'લોભ તો રાખવો જ જોઈએ. આપણે તો સાધુ થોડા જ છીએ ? સંસારી છીએ લોભ ન હોય, ધંધો ન કરીએ, પછી સંસાર કેમ ચાલે ? એવું જીવન તો મુફલિસ ગણાય ! માણસને મહત્વાકાંક્ષા તો હોવી જ જોઈએ' આમ લોભ નીડરપણે સેવ્યે જાય, એ માત્ર લોભ નહિ કિન્તુ લોભ-રતિ છે. એથી અલ્પ લોભી અને અલ્પ ધન-ધાન્ય આદિમાં સંતોષી જીવને તો એ મૂઢ, અજ્ઞાન, એદી, રાંકડા સમજે છે ! ત્યાગની વાત આવે ત્યારે કહેશે કે 'બહુ ઝીણું શાસ્ત્ર ! ચોથા આરાની વાત ! આજના કાળે તો વળી લોભ ને લાભ વિના ચાલે ? એવી લાભરતિવશ ધનમાલ, માનસન્માન, મેવાપકવાન્ન, વગેરેનો લાભ થવા પર એટલો બધો એમાં આસક્ત બને છે, એને એવું સર્વસ્વ માને છે, પ્રાણથી અધિક સમજે છે, કે રાતદિવસ એની જ ચિંતા, એના જ વિચાર અને એની જ ગડમથલ કર્યા કરે છે; ત્યાં પછી ક્ષણિક, ચંચળ અને મર્યા પછી જીવની સાથે નહિ જ જનારી વસ્તુના લાભ એને કડવા લાગવાની વાત ક્યાં ?

પૌદ્ગલિક લોભ, એની પછી થતો લાભ, પાછો એના પર વધતો લોભ અને વધુ મેળવવાની દોડધામ, વળી પૂર્વની પુણ્યાઈ-વશ થતો લાભ,... એમ લોભ-લાભની પરંપરા ચાલે છે. એ વિષચક્ર છે. એ,

**કપિલ બ્રાહ્મણને** રાજા બે માસા સોનું ભેટ આપશે એ આશા હતી પણ જ્યારે રાજા કહે છે 'માગ શું જોઈએ છે ?'

ત્યારે કપિલને એટલો લાભ નક્કી થઈ જવા પર વધુ લોભ જાગ્યો કે 'રાજા મારી ઈચ્છા મુજબ માગવા કહે છે, તો પછી ચાર માસા માગું' પણ પાછું મનમાં થયું કે એટલું તો રાજા આપશે પણ એટલેથી શું ? એમ લાભ ઉપર લોભ વધ્યો.

વળી પાછો રાજાએ આપવાનો આંકડો કહ્યો નથી એટલે અધિકાધિક લાભ કલ્પી એના પર '૮-૧૫-૨૫ માગું' એમ લોભ વધતાં ઠેઠ ક્રોડના આંકડે કામ પહોંચ્યું !! ત્યાં પોતે હવે ચોંકી ઉઠે છે, કે

'અરે ! આ શું ? આમ તો લોભનો થોભ નહિ **'इच्छा हु आगाससमा अणंता !'** અહો ! આ મૂઢ જીવની કેવી અનંતાનંત કાળથી ગોઝારી લોભની લત કે 'હજી આવા ઉચ્ચ માનવભવે પણ છૂટતી નથી ! આવા બુદ્ધિ, સમજ, વિવેકના ભવે નહિ છૂટે તો ક્યાં છૂટશે ? લાભ તો અનંતીવાર અનુપમ અનુપમ થઈ ગયા, છતાં લોભ શમ્યો નથી એ હકીકત છે. લાભથી લોભ ન શમે; એ તો તદ્દન નિઃસ્પૃહતાથી જ શમે. માટે મારે હવે લોભ કરાવનારા ઘરવાસ માત્રથી સર્યું.' એમ કરી કપિલમુનિ બન્યા. છ માસમાં આંતરિક સૂક્ષ્માતિસૂક્ષ્મ પણ લોભના ફુરચા ઉડાવી કેવળજ્ઞાની બન્યા !

પરંતુ ભવાભિનંદી જીવ લાભ-લોભના વિષચક્રમાં ફસેલો એ બંનેને અતિ જરૂરી લેખે છે. કદાચ ભગવાનની ભક્તિ કરે, ગુરુનો ઉપદેશ સાંભળે, આંખમાં આંસુ ય લાવે, ગળગળાપણું દેખાડે, છતાં અંતરમાં લોભ-લાભની ગાંઠ સજ્જડ રાખે છે. ધર્મ-સાધનાને પૌદ્ગલિક લાભ-લોભના ઢાંચામાં ઢાળે છે ! એનો એને એટલો બધો પક્ષપાત રહે છે કે ત્યાં સર્વથા ધન અને ઇન્દ્રિય-વિષયોના ત્યાગની વાત મગજમાં બેસતી જ નથી ! એને સમજાતું જ નથી કે

**'લોભ સર્વ પાપનું મૂળ છે !'**

સર્વ ગુણોનો નાશક છે ! જીવને આ સંસારમાં અપાર પીડા પમાડનાર છે ! અનંતાકાળથી કર્મના ચીંથરેહાલ ગુલામ તરીકે ભટકાવનાર છે ! જીવને નિજના મુક્તિના અનંત આનંદથી તો દૂર શું ? પરંતુ અહીં પણ તૃપ્તિ અને અપરિગ્રહ તથા સર્વત્યાગના અપૂર્વ સુખથી દૂર ને દૂર રાખનારો છે.' આવી સમજના અભાવે માત્ર જડ જગતની જ એક રટના અને આનંદ હોય છે. એને જ ઉપાદેય માની એ લોભ ન કરનારને ગમાર લેખે છે. તો પરિણામ કેવું ? **સુભૂમ** ચક્રવર્તી રાજ્ય-લોભની ગૃદ્ધિમાં, ચક્રી **બ્રહ્મદત્ત** અને **ત્રિપૃષ્ઠ વાસુદેવ** ઇન્દ્રિય વિષયના લોભ-લાભની આસકિતમાં, **મમ્મણ શેઠ** ધનના લોભની રતિમાં...વગેરે કેઈ પામરો મરી મરી સાતમી નરકમાં પટકાઈ ગયા ! મમ્મણનો પ્રસંગ બતાવે છે કે વાતમાં કંઈ માલ નહિ અને લોભ-લાભની ચીકણી રતિ હૃદયમાં કેવીક જામી પડી ! ને કેવી રીતે એ ફાલીફૂલી સાતમી નરકમાં એને ઉતારનારી બની ! ટૂંકો પ્રસંગ આ પ્રમાણે છે.



**મમ્મણનું દૃષ્ટાંત :-**

મમ્મણ શેઠ પૂર્વ જન્મમાં એક વણિક હતો. એકવાર ઘરે સાધુ આવ્યા. ઘરમાં બીજું કાંઈ દેખ્યું નહિ, પણ કોઈને ત્યાંથી આવેલો સિંહ-કેસરિયો લાડુ જોયો, તે સાધુને વહોરાવી ખૂબ ખુશી ખુશી થઈ ગયો. સાધુના ગયા બાદ પણ માને છે કે 'ધન્ય દિવસ કે મુનિને સુંદર દાન દેવાનો લાભ મળ્યો !'

એટલામાં પાડોશી આવી પૂછે છે કે 'કેમ ? પેલો લાડુ ખાધો કે ?'

આ કહે 'અરે ? એનો તો સુંદર લાભ મળ્યો !'

પેલો કહે 'અરે શું મારા ભાઈ ! લાભ તો ઘણાય લેવાય. આ તો એક ચીજ હતી. લાવો જો, એ શેમાં મૂક્યો'તો ?'

મમ્મણે ભાજન આપ્યું એમાંથી કણિયા ચોંટેલા જોઈ મમ્મણને કહે, 'ચાખો આ.'

મમ્મણ ચાખીને ચકિત થઈ ગયો. 'વાહ, આ તો કાંઈ અવ્વલ ચીજ છે ! અરે ! હું ભૂલ્યો. રહે હમણાં જ જઈ લાડવો પાછો લઈ આવું;' ગયો.

ગામ બહાર નીકળતા મહારાજને બૂમ મારી કહે છે 'મહારાજ ઊભા રહેજો,'

મહારાજ કહે 'ભાઈ ખપ નથી.'

આ કહે 'અરે પણ ખપ છે.' મહારાજ સમજ્યા કંઈક બાધા-નિયમ લેવો હશે, તે ઊભા રહ્યા.

મમ્મણ કહે 'બાપજી જરાક ભાઈસાબ ! માફ કરજો તમે ઘેર આવ્યા તે સારું કર્યું. ફરી પણ પધારજો. જોગ હશે તો હું બીજા બહુ લાડવા વહોરાવીશ. પણ હમણાં તો ભાઈસાબ, મને પેલો મારો લાડવો આપો.'

સાધુ કહે 'ઓ ભલા માણસ ! દાન કર્યા પછી પાછું મંગાય ?'

'મહારાજ ! એ હું સમજું છું, ન મંગાય પણ જરાક મને એની તૃષ્ણા જાગી છે તો દ્યો ભાઈસાબ મારો લાડવો.'

સાધુ સમજાવે છે કે 'અરે મહાનુભાવ ! એ તો હવે ચારિત્રનો માલ થઈ ગયો, તે સાધુને દેવાય, ગૃહસ્થને નહિ,'

'એ બાપજી ગમે તે હોય, પણ મને એનો મોહ લાગી ગયો છે એટલે તમારે પગે પડું, દ્યો મને, દ્યો, મારો લાડવો.'

'ભલાભાઈ ! આ તો અમે ગુરુજીની ચિઠ્ઠીના ચાકર, તે ભિક્ષા લઈ જઈએ. બાકી આ માલ તો ગુરુજીનો છે એટલે અમારે તો ગુરુજીને જ આપવાનું.'

મમ્મણ કહે કે 'ભાઈસાબ ! હું ગુરુજી પાસે ક્યાં આવું ? મેં તો તમને આપેલો છે. માટે મહેરબાની કરીને દઈ દ્યો મારો લાડવો.'

મમ્મણને લાડવાનો એવો તો લોભ લાગ્યો છે કે સાધુએ લોભના ભયંકર

પરિણામ અને દાનના અઢળક લાભ સમજાવ્યા છતાં ન માન્યું, ત્યારે સાધુ નીચે બેસી એને વાતમાં રાખી કપડાંની અંદર હાથ ઘાલી લાડવો નીચે ધૂળ ભેગો ચોળી નાખ્યો, ઊભા થઈ કહે છે કે 'હવે તમે જાઓ દીધેલા દાનની બહુ અનુમોદના કરજો. પુણ્યલાભ ઘણો વધી જશે.'

પેલો કહે 'ના મહારાજ મને લાડવો દ્યો.'

'તો જુઓ, આ ધૂળમાં ભળેલો છે, તમે જાણો.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૫,અંક-૧૭,તા.૭-૧-૧૯૬૭**

**મમ્મણ લોભની ગૃદ્ધિમાં** શોક કરતો કરતો પાછો ગયો; દાનથી જબરદસ્ત પુણ્ય ઊભું કરેલું, તેમાંથી ઘણું બાળી નાખ્યું, વધારામાં બાકીના પુણ્યામૃતમાં મોહના ઝેરી કણિયારૂપી પાપાનુબંધ નાખ્યો. પરિણામે બીજા ભવમાં મમ્મણ શેઠ થયો. રત્ને જડેલા સોનાના બળદિયા જેટલું અઢળક ધન મેળવવા છતાં પેલા પાપાનુબંધથી અત્યંત મમતા રહી ! એને ધન ભેગું કરતાં માલ મફત કે સસ્તો યા વધુ ન મળવા વગેરેનો ભારે શોક થતો; મેળવવાની લોભરતિ રહેતી, અને માત્ર તેલ ને ચોળા ખાવાની ભારે કૃપણતા રહી. ઈત્યાદિ તામસ ભાવથી મરીને ભારે શોક ભરી દુઃખદ સાતમી નરકે ગયો.

**લોભગૃદ્ધિમાં એવા અનંતા પામરો મરીને સાતમી નરકે ગયા. દાટેલા નિધાન ત્યાં ને ત્યાં પડી રહ્યા, અને લોભ-લાભરતિવશ જીવોને અનેક ભવોમાં ભ્રમણ, કપામણ, છૂંદામણ યાવત્ એકેન્દ્રિયકાયમાં અસંખ્ય કે અનંતકાળની કેદ મળી !**

**સમરાદિત્ય ત્રીજા ભવના અધિકારમાં** અવાંતર કથામાં આવે છે કે બાલચંદ્ર પોતાનો ભાઈ ગુણચંદ્ર કમાઈમાંથી ભાગ ન લઈ જાય, અને સાતલાખ સોનૈયા પોતાને પચે, એ માટે ભાઈને મારી પર્વતના ભાગમાં દાટેલ, એ ધન પર ચોકી કરતો હતો. પણ સિંહ કે સાપથી મર્યો ! કેટલાય ભવો બાદ ગુણચંદ્ર ત્યાં બાજુના નગરમાં વણિકપુત્ર થઈ તે પર્વત પર પધારેલા તીર્થંકર ભગવાનને વંદન કરવા ગયેલ. ત્યાં પ્રભુને પૂછે છે, 'ભગવંત ! આ શું આશ્ચર્ય કે પર્વત પર ઊગેલ એક નારિયેળીના વૃક્ષનું મૂળ નીચે ઠેઠ તળેટીએ હતું ? શું ત્યાં નિધાન છે ? અને તે કોણે દાટ્યું ?'

ભગવાન કહે છે, 'હા, ત્યાં નિધાન છે અને તે તેં તથા નારિયેળીના જીવે પૂર્વના એક ભવમાં બે ભાઈ બનીને પર્વતના નીચેના ભાગમાં દાટેલ, પણ ભાઈએ તને ધનલોભથી માર્યો. પછીથી વચલા એક ભવમાં એણે જાતિસ્મરણથી ધન જાણી



ત્યાંથી ઉઠાવી તળેટીએ દાટ્યું. આમ લાભરતિવશ જીવ એકેન્દ્રિયપણામાં ગયો;'

હવે એનો શે ઉદ્ધાર ? ભવાભિનંદી, એટલે કે સંસારનો રસ, આવા લોભ-લાભરતિ આદિ દુર્ગુણો પર પોષાય છે.

**ભવવ્યાધિનું કુપથ્ય લાભ-લોભ-રતિ; એની સામે વિચારણા :-**

જડનો અતિ લોભ ને લાભરતિ (જડલાભનો હરખ) તો દીર્ઘ ભવવ્યાધિને લાવનાર ભયંકર કુપથ્ય છે. કુપથ્ય સેવો એટલે રોગ આવે. એમ અતિલોભમાં અને લાભરતિમાં પડો એટલે ભવોની હારમાળા સર્જાય. જડ પદાર્થના લાભમાં લોભનો વિજય થાય છે.

એવા લાભ લોભના સત્કાર ન હોય, એમાં ખુમારી ન શોભે. વિચારવું જોઈએ કે 'અહો મારા જીવનું કેવું અજ્ઞાન ! કે પરાધીન લાભ પર શાબાશી ! આત્માને કાળો મેશ કરનાર લોભમાં ઉજમાળતા ? લાભ તો પૂર્વના પુણ્યની અનુકૂળતા હોય તો વગર ધારણાએ, અને નહિ જેવી મહેનતે, અઢળક થઈ જાય છે ! પુણ્યની અનુકૂળતા ન હોય તો ગમે તેટલી ઝંખના, દોડધામ અને હોશિયારી છતાં ખુશામત કરીને પણ લાભ નથી થતો, કદાચ પાપોદયે લેવાના દેવાય થાય છે ! આવા કર્મને આધીન પરના લાભની પૂઠે શું પડવું ?

આત્મામાં પાપનો ગંજ ખડકે એવા તુચ્છ માનમાલનો લોભ શો કરવો ? લોભ તો સુકૃતો, સદાચારો અને સદ્ગુણોનો જ કરાય, જેથી સુસંસ્કારો વધે.

**સત્તા-સંપત્તિ-સન્માન-વિષયસુખોના લાભથી તો જુગ-જુના અને ભવવર્ધક જાલિમ કુસંસ્કારો દઢ થાય છે !** જેને ભૂંસવાની તક પછીના ભવોમાં ક્યાં મળવાની ?

**'સંપત્તિ-સન્માનના લોભના કુસંસ્કારોને નિર્મૂળ કરવાની અનુપમ તક આ માનવભવમાં છે.** તેને કેમ ગુમાવી દેવાય ? આ વિચાર નથી. ઈચ્છાઓના ધાડેધાડા હૃદયમાં ઘૂસે છે ! ચિંતાનો હુતાશન સળગે છે ! કારમાં પાપ કરવામાં આંચકો નથી આવતો ! ભાઈ ભાઈના કે પિતાપુત્ર જેવાના પવિત્ર સંબંધો ગંદા બનાવાય છે; મહાન ઝઘડા ખડા થાય છે. હિંસા, જૂઠ, અનીતિ, ગુસ્સો, પ્રપંચ વગેરે અનેક દુર્ગુણો આત્મામાં જીવંત થાય છે ! આવા અનેક અનર્થોને લાવનાર લોભમાં ખુમારી અને મગ્નતા કરવી એ કેટલી બેવકૂફી છે ! આવી જંજાળમાં જીવન પાણીના રેલાની જેમ ચાલ્યું એકાએક પૂર્ણ થઈ જાય છે ! ત્યારે એ એ લોભ અને લાભ ભવાંતરે જીવને ક્યાંય શરણ કે બચાવ નથી આપવાના, એ નિશ્ચિત છે.

માટે વિચારીએ કે-'જીવ ! (૧) લોભ લાભથી જરા પાછો વળ. (૨) એ થઈ જાય ત્યાં એની કવિતા ન ગા. (૩) એને કર્તવ્ય ન માન. (૪) સમજ કે એ આત્મગુણના ચોર છે, ત્યાજ્ય છે. (૫) એને સેવવામાં પુરુષાર્થિપણું નહિ પણ

કાયરતા છે. **દુન્યવી મહત્ત્વાકાંક્ષા પર કર્તવ્યનો, ગુણનો, હોશિયારીનો, કે નિષ્પાપતાનો સિક્કો મારવો એ ભવાભિનંદીનું બીજું લક્ષણ.**

## • ત્રીજો દુર્ગુણ દીનતા •

ત્રીજો દુર્ગુણ દીનતા એ, કે'વાતવાતમાં ઓછું આવે, બધું સુંદર અને સર્વાંગ સંપૂર્ણ જોઇએ, જરાએ ઓછું ન ચાલે, સારું મળ્યું તો પણ ટેવ રોદણાં રોવાની ! હંમેશનો અસંતોષ ! ગમે તેટલું મળે, ગમે તેટલું સચવાય, તો પણ ઓછું જ પડે. કાંઇ નથી મળ્યું એમ લાગ્યા કરે !'

સમજવું તો એ જોઇએ,-'એમ તો જગતની કઇ વાતમાં ખામી અને અધુરાશ નથી રહેવાની ? કોઇનીય બધી ખામી કદીય નથી ટળી ત્યાં ખોટી ઝંખના શી કરવી ?'

**પરંતુ ભવાભિનંદીને મળેલાના સંતોષને બદલે ઉપરાંત ન મળ્યાનો ખટકો થાય છે,** મળેલામાં સત્તર ખામીઓ દેખે છે ! શોક કરે છે, અને ઝૂરે છે ! ખામી ટાળવા અને મનમાન્યું મેળવવા અધમ ગુલામીઓ અને ચાપલુસી કરે છે ! સદાનો માગણિયો તે, કૂતરાની જેમ, દીન બની ચાટુ કરીને માગ-માગ કરવામાં એને શરમ નહિ ! પોતાના ઉત્તમ કુળ, ધર્મ, ગુરુ આદિનું હૈયે કોઇ ગૌરવ નહિ, કાંઇ જ ભાન નહિ ! જાત ભૂલે, કૂળ ભૂલે, સ્વમાન ચૂકે, પાપમાં ડૂબે, ને પાશવી સંજ્ઞામાં પરવશ બન્યો રહે છે.

**સંસાર તો સર્વાંગે દુઃખમય છે,** સર્વાંગે સુખમય નથી.

**સર્વાંગે સુખ તો પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપમાં;** અને આછું સુખ એવા આત્મસ્વરૂપની રમણતામાં છે. તે સિવાય તો જડ પદાર્થોના સંયોગોમાં સુખાભાસ છે, સુખના પડછાયા છે, તે પણ મહાદુઃખની ફોજ લાવનારા ! ત્યાં સુખની આશા શી ? જો આશા ખોટી છે, તો એને પોષનારા ઇષ્ટ જડ સંયોગ ઓછાય મેળવ્યા પછી મનને ઓછું શું લગાડવું ? સંસાર સર્વ અંગે તો નહિ પણ એક અંગેય સંપૂર્ણ નથી; છતાં સંસાર-રસિકનો સ્વભાવ જ દીનતા કરવાનો ! વારેવાર એના મનને ઓછું જ આવ્યા કરે કે 'આ ઓછું છે. આ બરાબર નથી. આપણે હીનભાગી....'

**સંસારનો રસ જીવને મૂઢ બનાવે છે.** એ પુદ્‌ગલનું ય સાચું સ્વરૂપ સમજતો નથી, તેમજ આત્માનું અવિનાશી અપરાધીન, એકાંત સુખ સ્વરૂપ પણ સમજતો નથી ! એ આત્માનું અવિનાશી, અપરાધીન એકાંત સુખસ્વરૂપ જડ પુદ્‌ગલના સ્વરૂપમાં શોધે છે. એને ભાન નથી પુદ્‌ગલ તો નાશવંત છે. પરાધીન છે અને પુદ્‌ગલના આશીને એ દુઃખ દેવાના સ્વભાવવાળા છે. ત્યાં તે સુખ જડે ? અમૃતની શોધ સર્પના મુખમાં કરાય ? સાચા સુખી થવું હોય તો સંસારનો વિશ્વાસી ન બને.



સંસાર એટલે જ ઓછપ ! ત્યાં પૂર્ણતા ન હોય; તેથી થોડામાં તૃપ્તિ કર. 'મારે શી ખામી છે' ? એમ મન બનાવી જરાય દીન ન બન. થોડું મળ્યું ઝાઝુ માન, તોજ હજુ કાંઇ સુખની આશા રહે. આ તો જ બને કે જો જીવ અર્થકામને સર્વસ્વ ન માને, જો ઇન્દ્રિયોના વિષયોમાં લુબ્ધ ન બને. નહિતર એકાદવાર જાગી, તો પછી જીવ એવો દીન અને કંગાળ બને છે કે પૂર્વકમાઇ જાણે બધી ડુલ !

**કંડરીકની દીનતા :-**

બહુ ઉંચે ચઢેલાને પણ જો દીનતા આવી જાય તો કેવો પટકે છે એ પુંડરીક-કંડરીકની કથામાં જોવા મળે છે. પુંડરીક રાજા છે, નાનો ભાઇ કંડરીક યુવરાજ છે. નગરમાં મહામુનિ પધાર્યા છે. એમની દેશના સાંભળી બંને વૈરાગ્યવાસિત બન્યા.

પુંડરીક કંડરીકને કહે છે 'ભાઇ ! તું આ રાજ્ય સંભાળ, હું ચારિત્ર લઇશ.'

કંડરીક કહે 'મોટાભાઇ ચારિત્ર તો મારે જ લેવું છે. તમે તો રાજ્ય સંભાળતાં પણ વૈરાગ્ય ટકાવી શકશો, અને પછી ય ચારિત્ર લઇ શકશો, ત્યારે હું તો જો રાજ્યમાં પડ્યો ને, તો પછી વૈરાગ્યને મહા જોખમ ! પછી કાંઇ આ જિંદગીમાં ચારિત્રનો પુરૂષાર્થ થાય નહિ. માટે મને તો હમણાં જ લેવા દો.'

કેવુંક સ્વાત્મ-નિરીક્ષણ ! કેવી દીર્ઘદૃષ્ટિ ! અને કેવીક જાગૃતિ ! મહાપુરૂષોના પગલે ભવ્યાત્માઓનાં સુંદર ઉત્થાન થાય છે.

પુંડરીકને લાગ્યું કે એ ઠીક કહે છે, તેથી રજા આપી. કંડરીકે સિંહના જેવા પરાક્રમથી ચારિત્ર લીધું અને એ રીતે પાળવા માંડ્યું. એક હજાર વર્ષ સુંદર તપસ્યાઓ કરી !

**કંડરીકમુનિની બિમારી :-**

હવે દૈવયોગે કંડરિકમુનિ માંદા પડ્યા ! એ ગુરુની સાથે કુદરતી પુંડરીકના નગરમાં આવ્યા છે. ગુરુને રાજા વિનંતી કરે છે કે 'ભાઇની ચિકિત્સા અહીં જ કરાવો અને જે કાંઇ અનુપાનાદિ જોઇએ તેનો મને લાભ આપો. મારે રસોડું મોટું છે, એટલે બધું નિર્દોષ મળશે.' ગુરુએ સ્વીકાર્યું. ત્યાં રહ્યા. કંડરીક મુનિ ઔષધ-પ્રયોગથી સાજા તો થઇ ગયા.

**પ્રલોભનથી દીનતા :-**

પણ દરદની પ્રતિક્રિયારૂપે હવે મળેલ રાજવી માલમસાલાના પ્રલોભનનો ચટકો લાગવાથી દીન બન્યા ! તે હવે વિહાર માટે તૈયાર નથી થતા. ગુરુએ સમજાવ્યાં છતાં ખાવાની દાઢમાં એવા નિઃસત્ત્વ ને રાંકડા મનવાળા થઇ ગયા કે વિહાર કરવો નથી. એટલે ગુરુ પરિવાર સાથે વિહાર કરી જવા છતાં પોતે ત્યાંજ રહ્યા.

**રાજાની કુનેહભરી પ્રેરણા :-**

રાજા પુંડરીકે જોયું કે મામલો બગડ્યો છે, તેથી કંડરીક પાસે આવી મધુર શબ્દોમાં કહે છ, 'મહારાજ ! આપે તો કામ સાધ્યું, અને અમે કીચડમાં પડ્યા છીએ. છતાં અમને વૈયાવચ્ચનો સુંદર લાભ આપ્યો, એ અહોભાગ્ય અમારા ! ફરીથી પણ પાછા ગુરુ મહારાજને લઇને પધારજો, લાભ આપજો !'

**કંડરીકનું પતન :-**

વિહાર અને સાધુતાની સામાન્ય ગોચરીના કાયર દીન હીન બનેલા કંડરીક-મુનિને જવાની ઈચ્છા નહોતી, પણ હવે મોટાભાઇ રાજા ગર્ભિત સૂચન કરે છે કે 'સિધાવો અહીંથી,' એટલે શરમના માર્યા ત્યાંથી વિહાર તો કરવો પડ્યો; પરંતુ મન મીઠા સ્નિગ્ધ રસનું લાલચું અને તેથી દીન કંગાલ બનેલું; તે થોડા વખતમાં એકલા પાછા આવ્યા નગરના ઉદ્યાને ! માળીના ખબર આપવાથી રાજા ગભરાઇને ઝટપટ આવ્યો. દેદાર જોતાં સમજી ગયો. 'છતાં સ્થિરીકરણ ઉપબૃંહણાપૂર્વક કરવું'- એવા શાણપણથી મુનિને ત્રણ પ્રદક્ષિણા દઇ વંદના કરી કહે છે 'ભાગ્યવંત છો, દીર્ઘકાળના સંયમી ! બ્રહ્મચારી ! મહાતપસ્વી ! કેવા પરાક્રમી કે રાજાશાહી વિષયોના બંધન ફગાવી દઇ મોહના ફુરચા ઉડાવી રહ્યા છો ! હવે ગુરુમહારાજ પાસે જ જશો ને ?' કંડરીક મુનિ બોલતા નથી.

**રાજા કેવા સંયોગમાં સાધુ ? :-**

રાજાએ જોયું કે તલમાં તેલ નથી; તેથી પૂછે છે, 'શું ગલીચ ભોગ જોઇએ ?' કંડરીક નિર્લજ્જ અને દીન થઇ આંખ માથું નમાવી હા સૂચવે છે. એ જ વખતે પુંડરીક રાજા એમને પોતાનો વેશ આપી એમનો સાધુ-વેશ પોતે લઇ ભાવથી સાધુ બનીને ગુરુને ભેગા થવા ચાલી જાય છે ! રાજ્ય ભોગવવા છતાં કેવા વૈરાગી, કેવા અંતરથી અલિપ્ત, કેવી તનમનાટવાળી મોક્ષદષ્ટિવાળા બન્યા રહ્યા હશે; કે કોઇ યોજના કોઇ ગોઠવણ નહિ છતાં આટલા પ્રસંગમાં જ ત્યાં ને ત્યાં સાધુ બની નીકળી પડ્યા !

**પુડંરીક-કંડરીક વચ્ચે ૧૪ રાજલોકના અંતર :-**

પુંડરીક બે ઉપવાસ બાદ ત્રીજે દિવસે ગુરુને ભેટી ચારિત્રક્રિયા કરીને શુષ્ક-શીત-અંતપ્રાંત આહારથી પારણું કરે છે. એ ન પચવાથી એમને એજ રાતે પીડા ઊભી થતાં, એ ઊંચા ઉછળતા ભાવોલ્લાસમાં કાળ કરી અનુત્તર વિમાને જન્મે છે ! અહીં કંડરીક દીન રાંકડાની જેમ ખાનપાન પર તૂટી પડે છે. રાતના અજીર્ણથી મરતાં ભયકંર રૌદ્ર ધ્યાનને લીધે સાતમી નરકમાં ઉત્પન્ન થાય છે ! દીનતાએ કેટલું મોટું અંતર પાડ્યું ? અને એને ક્યાં પહોચાડ્યો ? એ નીચે સાતમી પાતાળમાં અને



પેલા ઉપરના સાતમા રાજલોક એટલે કે નીચેથી ચૌદમાં રાજલોકના અંતભાગમાં !

અહીં જોવાનું એ છે કે દીનતાથી યાંચાશીલતા માગણિયાવૃત્તિ આવે છે. મળેલું ઓછું જ લાગે, પછી માંગ-માંગ કરવાની લાલચ નહિ રોકી શકે; રોકવાનું સત્ત્વ ખત્મ ! આ એવું મોટું નુકસાન છે કે માણસનું સત્ત્વ નષ્ટ થઇ જતાં હાથમાં આવેલો બાહ્ય સાધનારૂપ ધર્મ પણ જતો રહે છે, પછી આંતરતૃપ્તિ-ધરપત ધરવાનું ક્યાં ? અર્થ-કામની સતેજ આભિલાષા 'થોડામાં ઘણું લાગે' -એવી તૃપ્તિ નથી આવવા દેતી. મૂઢ જીવ અર્થકામને સર્વસ્વ માને છે. એમાં પછી મન સદાનું દીન-દુખિયારું રાખ્યા કરે છે. એને ખબર નથી કે 'અર્થની પાછળ દોડધામ એટલે તો આપણા માથાના પાછળ રહેલા પડછાયાને મોઢું ફેરવી પકડવા જવાનું નિષ્ફળ પ્રયત્ન ! જેમ જેમ પકડવા દોડીએ તેમ તેમ તે આઘો ભાગે ! એના બદલે જો મોં ફેરવ્યા વિના આગળ દોડાય, તો પડછાયો પૂંઠે લાગશે ! તેમ અર્થથી પણ મોઢું ફેરવવાની જરૂર છે. મોઢું ફેરવાશે તો અર્થ પછવાડે દોડશે.

તીર્થંકર ભગવંતે અર્થ-કામથી મોઢું ફેરવ્યું, તો ચાલતી વખતે પગ તળે સુવર્ણના સુંદર મુલાયમ કમળ હાજર થયા ! **પણ આપણને તો અર્થને માથા પર ચડાવીને નાચવું છે ! આત્માના ચૈતન્યને જડપુદ્ગલની વાસનાઓની નીચે કચડાઈ જવા દેવું છે !** ભાન નથી કે આ રત્નચિંતામણી જેવો માનવભવ તો જડવાસનાઓને કચડી આપણા ચૈતન્યને ખૂબ ખૂબ વિકસાવા માટે છે.

**અર્થ કામની બહુ કિંમત કરવાથી ચૈતન્ય બુઠ્ઠું બનતું જાય છે.** અર્થ તો નામથી અર્થ છે પણ પરિણામે ભયંકર અનર્થ નિપજાવે છે ! અર્થની પૈસાની તૃષ્ણા ભરી વિચારણા જ ખરાબ; તેમાં ગમે તેટલું મળે તોય ઓછું પડે. વાત વાતમાં ઘમંડ-શોક-અરતિથી ક્ષણે ક્ષણે મન કાળું કરવાનું !! જરા ગયું તો 'કેમ ગયું' થાય. કેવી મૂર્ખતા ? જેનો સ્વભાવ જવાનો છે તેને મારું કરી બેસવું છે ! અને જે પ્રાપ્ત કરીએ તો પછી એ જાય જ નહિ એવા આત્માના ઉત્તમ ગુણોને પ્રગટ કરી, સર કરવાથી દૂર રહેવું છે !

- **ક્ષુદ્રતા જીવને વિવેક-શૂન્ય રાખે છે.**
- **લોભરતિ અને લાભરતિ આત્માને કંગાળ બનાવી દે છે.**
- **દીનતા નિત્ય દુઃખી રાખે છે.**

**એ ટાળવા શ્રી વીતરાગ પ્રભુ પાસે 'દુક્ખખઓ-કમ્મક્ખઓ...' ની ૩ પ્રાર્થના,-**

૧.- આ જીવન દુઃખક્ષય સાથે કર્મક્ષય, ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ માનસિક દુઃખોનો ક્ષય, અર્થાત્ મનને ઓછું ન લાગે, મન મસ્ત રહે, તૃપ્ત રહે; અને એની સાથે નિર્જરા યાને ૧૨ પ્રકારે તપની આરાધના.

૨.- અંત સમયે સમાધિ, અને

૩.- ભવાંતરે બોધિલાભ.

પહેલું આખી જીંદગી દરમ્યાન, બીજું મરણ સમયે, અને ત્રીજું મરણ બાદ ભવાન્તરમાં. ત્રણેથી પાપ ટળે, આત્મા ઉજ્જવલ બને. ટૂંકમાં, અહીં સુખશાંતિ જોઇતી હોય, પરલોકમાં સુખ ઊભું રાખવું હોય, અને પરિણામે શાશ્વત સુખ પ્રગટ કરવું હોય તો દિલની ક્ષુદ્રતા, મનની લોભ-લાભ-રતિ, અને આત્માની દીનતા છોડવી જોઇએ.

**૪.- ચોથો દુર્ગુણ માત્સય** એટલે ઈર્ષ્યા, દ્વેષ, ખાર, વેરઝેર, મોઢું થાય કટાણું, અસહિષ્ણુતા, તિરસ્કાર થાય. બીજાનું સારું ન જોઇ શકે સૌથી ઉચ્ચ કક્ષાએ વીતરાગ; તેની નીચે અપ્રમત્ત સરાગ સંયમી; તેની ક્રમસર પ્રમત્ત, સર્વવિરતિધર, દેશવિરતિધર, સમ્યક્ત્વી અને મોક્ષ રુચિવાળા મિથ્યાત્વી, ત્યાં સુધીની જીવની દશા ગુણની છે. તેથી નીચે ભવાભિનંદીની સ્થિતિએ ગુણ વિનાની ભરચક દોષ ભરી દશા ! આ છેલ્લા પાટલાની સ્થિતિ મજબુત રાખનારી ઈર્ષ્યા છે. માત્સર્ય છે. ઈર્ષ્યાએ કોઇનું પણ સારું જોઇ ન શકે. તેને જોઇને બળાપો કરે, ખાર આવે, એને હલકો પાડે, તેની સીધી સારી વાત પણ તોડી પાડે ! 'મને લાખ મળ્યા પણ એને સવાલાખ કેમ ? કાં મારા વધે, કાં એના જાય !' ઈર્ષ્યા આવી અધમ વૃત્તિ કરાવે, ત્યાં બીજાના સારામાં આનંદ માનવાનું તો ખમીર જ ક્યાંથી હોય ? પોતાનાથી વધારે ધનિક, વધારે આબરૂવાળો, અધિક જ્ઞાની, અધિક તપસ્વી, ઈત્યાદિ અધિકને જોઇને અંદર બળે, અસહિષ્ણુ બની વિકલ્પો ઘડે, આગળ વધીને સામાને ફજેત કરે ! 'હું ઊંચો, બીજા નીચા' -આ અપલક્ષણ કષાયને સતેજ રાખે; વિષય રુચિ દૃઢ કરે, પાછા એને ઉપાદેય-કર્તવ્ય માને ! આ ઈર્ષ્યા ભવવિરાગ અને સમ્યક્ત્વ કોરે રાખે છે, તત્ત્વ સાંભળવા-સમજવાને સ્પર્શવા નથી દેતી.

ઈર્ષ્યાવશ માણસ એટલો બધો સત્ત્વહીન બની જાય છે કે આમ બીજી રીતે બીજા પરાક્રમ પણ કર્યા હોય, છતાં ઈર્ષ્યાવશ અવસરે ઉપકારી પૂજ્યને પણ અવગણે છે !

**સિંહગુફાવાસી મુનિએ શું કર્યું ?** ગુરુ આચાર્ય શ્રી આર્યસંભૂતિવિજય જેવા શ્રુતકેવળી આચાર્ય ભગવાનની આજ્ઞા લઇને સિંહની ગુફા આગળ ઉપવાસ અને ધ્યાનમાં ચોમાસું પસાર કરી આવેલા. 'ગુફામાંથી ભૂખ્યો સિંહ બહાર નીકળે તો એ ચીભડાની જેમ બટક બટક બચકા ભરીને મને ખાઇ જશે,' એવો ભય શું ન લાગે ? પરંતુ આ પરાક્રમી મુનિ લેશ પણ ગભરાયા વિના ત્યાં મહિનાઓ સુધી ધ્યાન-સાધનામાં રહ્યા ! ચોમાસું ઊઠ્યે પાછાં આવતાં, ગુરુએ એમને 'દુષ્કરકારક'



તરીકે ધન્યવાદ આપ્યો. પણ ત્યાં સ્થૂલભદ્રજી કોશા વેશ્યાને ત્યાં ચોમાસું કરીને આવ્યા, એમને 'દુષ્કર-દુષ્કરકારક, તરીકે આવકાર્યા !

સિંહના રોજના ભયંકર ભયને જીતી આવેલા મુનિ અહીં ઈર્ષ્યાને જીતી ન શક્યા. એમને લાગ્યું કે વેશ્યાને ત્યાં ચોમાસું કરવામાં દુષ્કર-દુષ્કરકારકતા શી ? બીજા ચોમાસે ગુરુની ના છતાં કોશાને ત્યાં ચોમાસું કરવા ઉપડ્યા ! ત્યાં એ કાળની રાજામહારાજાઓમાં પ્રસિદ્ધ સૌંદર્યવાળી કોશાને વગર શણગારે પણ જોતાં મુનિ ઢીલાઢચ ! એમના પર કામવાસના ચડી બેઠી ! વેશ્યા આગળ ભોગની પ્રાર્થના કરે છે. વેશ્યા શ્રાવિકા બની છે, એટલે સમજી ગઇ 'કે આમ તો સ્થૂલભદ્રજીનો ઈર્ષ્યાથી આ ચાળો કરવા આવ્યા હશે. પણ આમના શા ગજા ? હવે એ કેવળ, એકલી શિખામણથી વાસનામુક્ત નહિ બને, માર્ગે નહિ આવે. એમને તો દિલને ધક્કો લાગે એવો જરા ચમત્કાર દેખાડવો જોઇએ.

એમ વિચારી કહે છે કે 'મહારાજ ! અમે તો વેશ્યા, નાણાં વિના અમારો માલ ન મળે.'

પેલા દીન બની કહે છે,'પણ હું પૈસા ક્યાંથી લાવું ?'

વેશ્યા કહે 'જાઓ, નેપાળ દેશનો રાજા નવા સંતને રત્નકાંબલ ભેટ આપે છે તે લઇ આવો.'

બસ, મુનિ ઉપડ્યા નેપાળ ! લઇને પાછા વળતાં, જંગલમાં ચોરો લૂંટવા આવ્યા એમને દીનતાથી પગે પડી પોતાની સ્થિતિ દયામણી ભાષામાં કહીને દયા માગે છે ! ઈર્ષ્યાએ ક્યાં પહોંચાડ્યા ? ક્ષુદ્ર યાચના, વિષય-લોભરતિ, દીનતા ઈત્યાદિ કોટે વળગ્યા ! કેવી કાકલુદી ભરી આજીજી કરી હશે કે એમને ચોરોએ દયાથી છોડ્યા.

રત્નકાંબલ લાવીને વેશ્યાને દેતાં કહે છે 'લે, હવે તો નાણું પહોંચ્યું ને ?'

વેશ્યાએ સવા લાખ સોનૈયાની કાંબલ લઇ સીધી ખાળમાં જ નાંખી !

મુનિ ગભરાઇ જઇ કહે છે, 'અરે ! અરે ! આ તું શું કરે ? કેટલી ત્રાસ-મુશ્કેલીથી આ કેવી મહા કિંમતી વસ્તુ હું લાવ્યો છું ! તે તને ખબર છે ?'

બસ, લાગ જોઇ વેશ્યા આંખ ચડાવી કહે છે, ' અરે ! ત્યારે તમને ભાન છે કે **ગુરુએ આખા જગતની સંપત્તિ કરતાંય કેટલી બધી ઊંચી કિંમતના દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્ન તમને આપ્યા ? અને તમેય કેટલાંય જન્મોના ત્રાસ પછી મહામુશીબતે અહીં એ પામી શક્યા ?** હવે એને આ મારા મૂત્રાદિ ભરેલી દેહ ખાળમાં નાખતાં શરમ નથી આવતી ?....'

મુનિ તરત બોધ પામી એનો ઉપકાર માનીને ગુરુ પાસે જઇ ક્ષમા માગે છે.

થોડી પણ ઈર્ષ્યાવશ પીઠ અને મહાપીઠ જેવા અનુત્તર-સ્વર્ગગામી મહામુનિઓને પછી બ્રાહ્મી સુંદરી તરીકે સ્ત્રીપણે અવતરવું પડ્યું ! માટે ઈર્ષ્યા ભૂંડી ! તે શું કરે ?

(૧) ભવસ્થિતિ પકવનાર એક મહાન આવશ્યક સાધન જે પરસુકૃતાનુમોદન, ગુણાનુરાગ એનો નાશ કરે છે !

(૨) મોટી વિદ્વત્તાને પણ અવસરે આવરી દે છે !

(૩) અસદ્ આવેશ-અભિનિવેશમાં ફસાવી જીવને એટલો બધો નીચે પટકે છે કે કોઈને માનવા તૈયાર નહિ !

(૪) શાસ્ત્રની પણ કંઈ અસર લે નહિ !

(૫) એ ભવાભિનંદિતાને સારી રીતે પુષ્ટ રાખે છે.

**ભવાભિનંદીનો ૫મો દુર્ગુણ : ભય**

**દીનતામાં** પોતાને ન મળ્યાનું દુઃખ છે;

**ઈર્ષ્યા-મત્સરમાં** બીજાને મળ્યાનું દુઃખ છે, ને **ભયમાં** પોતાને મળેલું ખોવાય તો ? એ ચિંતાનું દુઃખ છે.

ત્રણેય દુઃખ ભૂંડા. એમાં ભય વિલક્ષણ ! દુર્ધ્યાનનું પ્રબળ કારણ ભય. 'ભયથી ભવ નીપજે, ભયથી ભવ વધે.' 'હાય, હાય, ચાલ્યું જશે ? નાશ પામશે ? દુઃખી થઈશ તો ?' એ જ હાયવોય ! વિષયકષાયની ઉપર અત્યંત અનહદ આસક્તિ ! જરાપણ ઉણપ ન આવે. આપત્તિ ન આવે, તેવી સતત ઈચ્છા ! કેમ જાણે સર્વ સંપત્તિનો ઈજારદાર પોતે ! લેશ પણ આપત્તિને પોતે યોગ્ય નહિ !

કર્મના સંજોગો વિચિત્ર છે. વારંવાર ભય રાખવા છતાં ક્યારે કર્મ ઠગી જાય, કષ્ટ ઊભા કરે, સુખ નષ્ટ કરે, તેનો નિયમ નહિ તો પછી ભય રાખવાથી શું વળ્યું ? જવાનું તો જાય છે જ. પણ વધારામાં ભય કરી કરીને મમતા વધારી ચિંતામાં બળ્યા, આત્મ ચિંતા કરી નહિ, પરમાર્થ સૂઝ્યો નહિ, ને પોતાની માલિકીના માનસને જડ પદાર્થોનું ગુલામ બનાવી જાતે દુઃખી થયા ભયની આ બક્ષીસ !

ભયભીતને, ખાય તો પણ, ભય ! ખરચ્યે ખૂટી જવાનો ભય ! કોઈ માગી જશે તો ? એ ભય ! સરકાર કાયદા કરશે તો ? એ ભય ! માન જવાનો ભય, સત્તા જવાનો ભય, પરિવાર નહિ સચવાય, પોતાના તાબામાં નહિ રહે, કહ્યું નહિ માને, તેનો ભય ! કેવા ભયના ઘા ! પાછી ભયના ઘાની ઘોર પરંપરા ચાલ્યા જ કરે ! ભય અજંપો ચંચળતા કરાવે, સ્થિરતા ન રહેવા દે. ભયમાં ને ભયમાં સુખે ખાય નહિ, ખાવા દે નહિ, પરમાર્થ જાતે કરે નહિ, બીજાને કરવા દે નહિ, સુખે



નિદ્રા નહિ, સદ્બુદ્ધિ નહિ, ગુણની ને ધર્મની કદર નહિ.

**ભય તામસ ભાવમાં રમાડે !** ધર્મગુરુઓથી ડરાવે ! હિતોપદેશ-શ્રવણથી આઘો રાખે ! અમૂલ્ય ધર્મ-સાધનાથી વંચિત રાખે ! કેમ ? એક ભય ! 'ગુરુ પાસે જાઉં ને દાનનું કહે તો ? તપનું કહે તો ? માટે જવું જ નહિ.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૫,અંક-૧૮,તા.૧૪-૧-૧૯૬૭**

સજ્જનતાના સંગથી દૂર રાખનાર ભયભરી કલ્પના છે. એ જીવનને હાથે કરીને અકારું બનાવે ! ભયવાળો તો પોતાના હાથે જ પોતાના ઉજ્જવલ જીવનને મલીન કરે ! ડરપોક બને ! અસત્ય કલ્પનાઓ કરે ! પશુથી કરાતી સંજ્ઞામાં જ જીવન પૂરું ! કેમ કે એ ભવાભિનંદી છે ને ? એને તો સંસાર એ જ કર્તવ્ય ! સંસાર જોઈએ એને ભય વિના કેમ ચાલે ? જ્યાં તૃષ્ણા છે, ત્યાં ભય છે, **તૃષ્ણાથી ભય વધે છે. સંસાર વધે છે.** ઘેરથી બહાર નીકળી, 'તિજોરી બંધ કરી કે નહિ,' તેની યાદ નથી રહી. સાંજ સુધી ઘેર પાછા જવાય તેમ નથી, બસ આખા દિવસની આધિ ! આખો દિવસ ભય ! નજર સામે એક જ લક્ષ્ય,- 'ક્યારે સાંજ પડે ને ઘેર જઉં ને તપાસું કે, બધું બરાબર છે કે નહિ ? વાતે વાતે ભય. ભયનું કારણ ન હોય છતાં પણ ભય લાગે કે 'હાય, હાય, ! બધું જતું રહેશે તો ?'

**ભયને લીધે કેઈ અસત્યોની,** પ્રપંચોની, હિંસાની, કષાયોની યોજનાઓ મનમાં ઘડે ! જરૂર પડ્યે એ આચરવા ય ન પડે, છતાં ભય એ પાપોને વિચારમાં લાવ્યા વિના ન રહે. પછી એ વિચારમાં રૌદ્ર ધ્યાન પણ સંભવે. એમાં આયુષ્ય બંધાય તો મરીને ક્યાં જાય ? જાય નરકે ! ત્યાંથી દુર્ગતિમાં ભટકે ! કેમકે પાપના અનુબંધ લઈને અહીંથી ગયો છે, એટલે પાપાચરણની પરંપરા ચાલે છે. ભયવાળાને અસમાધિનો પાર નહિ ! માન સંપત્તિ સાચવવાની તાલાવેલી ખૂબ; 'રાતના સૂતી વખત દરવાજો તો બંધ કરવો નથી રહ્યો ને ? બધું બરાબર પેક કર્યું છે ને' એમ થયા કરે ! રાતના જરાપણ અવાજ થતાં એમ થશે કે 'એ ચોરનો અવાજ તો નથી ? હેં કોઈએ તિજોરી ખોલી ?'

જ્યાં આસક્તિ વધારે, ત્યાં ભયનો પાર નહિ. એટલે પછી ભયમાં ધર્મ-ક્રિયા ચૂકાય તો પરવા નહિ. પરમાત્માની પૂજા-ભક્તિ સેવા નથી થતી ત્યાં ભય દેખાતો નથી માટે તેનો ભય નથી. 'સાધના અટકી તો કંઈ વાંધો નહિ; કાલે કરશું. શું ઉતાવળ છે ? વખત ક્યાં વહી ગયો છે ?' ધર્મ આખો ખોવાય તો ભય નહિ ! 'સંસારની સામગ્રીમાં ટાંચ ન પડવી જોઈએ,' બસ એક આ લત !

**ભવાભિનંદીને સમાધિનો સ્વાદ નથી, સમાધિનું ભાન પણ નથી. સમાધિની કિંમત નથી !** એટલે દુન્યવી ભયોમાં મહા કિંમતી મહાસુખદ સમાધિ ગુમાવી રહ્યો છે ! ખરો અસમાધિનો એને ડર ભય કે દુઃખ નથી. બાકી ભવાભિનંદીને બીજા ભય ઘણા,' આત્માને ક્લેશ ચોવીસે કલાક !

**તિજોરીમાં શેઠ મર્યા :-**

એક શેઠની પાસે પૈસા બહુ હતા પણ બિચારાને એવો ભય રહ્યા કરે કે 'રખેને આ છોકરા જાણે કે આપણી પાસે પૈસા બહુ છે તો ખર્ચ કરવા લાગે તો ? તો તો તિજોરી ખાલી થઈ જાય !' માટે એની કોઈને ખબર પડવા ન દેતા ! એ બારણું બંધ કરી ઓરડાની અંદર તિજોરી ખોલીને રૂપિયાની થેલીઓ બહાર કાઢી ગણતા ! પછી ખૂબ ધન નજર સામે જોઈ ખુશ થાય કે 'અહો ! કેટલું બધું ધન છે !' પછી મૂકી દેતા. રોજ બેવાર ગણે. પાછો રાતદિવસ ભય રહ્યા કરે ને રાતમાંય ઊઠીને આજુબાજુ જોઈ આવે કોઈ અહીં આવતું તો નથી ને ? જરાક ખડખડાટ થાય કે ઝબકીને જાગે ! પહેલી તપાસ કરે કે 'કેડે ચાવી છે ને ? તિજોરીનું બારણું બરાબર બંધ છે ને ?'

કેવી ભય-સંજ્ઞા કે એને રાતદિ પૈસા જ યાદ; એટલે ભગવાનનું નામ પણ ન સાંભરે ! તો સુકૃત સાંભરવાની શી વાત ? સુકૃત યાદ પણ ન આવે તો સુકૃત કરવાની તો વાતે ય ક્યાં ? ભયની વૃત્તિને લીધે ધર્મની લેશ્યા ઊઠવા જ ન પામે. કદી મુનિ પાસે જાય નહિ,- 'રખે પૈસા ખર્ચાવે કે બાધા દે તો ?' એવો ભય !

એકવાર રૂપિયા ગણવા બેઠેલા એટલામાં બહારનો કંઈક અવાજ સાંભળ્યો. બારણા સામે જુએ છે તો સાંકળ દેવી જ ભૂલી ગયેલા ! એ જોઈ વિચારે છે કે 'વળી સાંકળ દેવા જાઉં એનો અવાજ બહારનાને સંભળાવાથી વહેમ પડે તો ? અથવા એ એટલામાં અંદર આવી જાય તો ?' તેથી ઝટપટ નાણાં-કોથળી તિજોરીમાં નાખી પોતે પણ અંદર પેસી ગયો ! અને ઝટપટ તિજોરીનું બારણું બંધ કર્યું ! ભયની લેશ્યામાં એ જોવું ભૂલી ગયા કે જો આને કળ બેસી જશે તો અંદરથી પછી શી રીતે ઉઘાડીશ ? કેમકે હેન્ડલ તો બહાર હોય; અને ખરેખર અહીં બન્યું પણ એમ જ. બારણું અર્ધખુલ્લું બંધ થવાને બદલે પૂરું બંધ થઈ ગયું ! કળ બેસી ગઈ ! થોડી વાર પછી ખોલવા જાય તો ખૂલે નહિ ! અકળાયા, ગુંગળાયા, હવે તો અવાજ કરવા છતાં બહાર કોણ સાંભળે ? તે એમાં ને એમાં અંતે મરી ગયા ! શું ? **શેઠે પોતાની પ્રાણથી અધિક વહાલી કરેલી તિજોરીએ જ શેઠના પ્રાણ લૂંટ્યા ! જગતની વહાલી કરેલી ચીજનું આ પોત છે !**

પાછળથી છોકરા બહાર શોધાશોધ કરે કે 'બાપા ક્યાં ગયા ?' આખા



ઘરમાં જોઇ વળ્યા. બહાર કાકા, મામા, ફોઇ, વગેરેને ત્યાં અને ગામ બહાર પણ જોઇ આવ્યા. મળ્યા નહિ, એટલે માન્યું કે 'જંગલમાં ગયા હશે અને ત્યાં શિકારી પશુએ મારી નાખ્યા હશે.' બસ, ડોસાનું મરણ-કાર્ય કર્યું. પછી ઘરનું સંભાળવા જતાં તિજોરી બંધ દેખી, ચાવી જડી નહિ, લુહારને બોલાવ્યો. લુહારે તો પહેલું હેન્ડલ જ તપાસ્યું-ખટ બારણું ખૂલતાં, ગંધાઇ ઊઠેલું બિહામણું શેઠનું મડદું જોયું ! બહાર લોકોમાં ખબર પડી ગઇ ને ગામમાં કહેતી ચાલી કે, 'શેઠ તિજોરીમાં મરી ગયા !'

આમ ખોટા ભયના દોષ પર ડોસાના બેહાલ થયા ! જિંદગી ચિત્તમાં તીવ્ર રાગદ્વેષના સંકલેશ કરી કરીને પૂરી કરી ! પરિણામ શું ? દુઃખદ અધમ દુર્ગતિઓમાં તીવ્ર રાગાદિના સંકલેશ અને દુષ્ટ પાપોભર્યા જીવનની પરંપરા ચાલવાની !

**ભવાભિનંદીને ધર્મ ગુમાવવા અંગે ભય નથી !**

જડ ખાતરના ભારે રાગ, તૃષ્ણા, મમતા, મદમાયા, કામ, ક્રોધ વગેરેની સતામણી એ ચિત્તની સંકિલષ્ટ દશા છે; ને એ દુઃખદ દુર્ગતિના ભવો સર્જે છે ! ભય ચિત્તના સંકલિષ્ટ પરિણામોને અતિ સંકિલષ્ટ કરાવે છે. ભવાભિનંદી જીવને ભયસંજ્ઞા કાયા, કુટુંબ, ધન, દોલત, વૈભવ, ઘરબાર, માનમર્તબો, આબરૂ, સત્તા વગેરે પૂરતી જ છે; પણ ધર્મ-ધન અંગે એને કોઇ ભય નથી થતો. 'અરે ! ખરું ધન તો ધર્મ છે. એ નહિ મળે તો ? ધર્મ મળેલો લુંટાઇ જશે તો ? એવો કોઇ વિચાર નથી. 'કાયાના મોહમાં તપ ગુમાવીશ તો ? રસનાના ટેસમાં ત્યાગ કરવાનું ચૂકીશ તો ? ઘરવાળા તરફથી દાનમાં વિઘ્ન આવશે તો ? ધર્મ નથી સાધતો અને આયુષ્ય પૂર્ણ થશે અગર રોગ આવશે તો ?' આ ભય નથી. અનાદિની ભયસંજ્ઞા સામાયિક, પ્રતિક્રમણ, પ્રભુભક્તિ, દાન-શીલ-તપ ભાવ ક્ષમાદિ ગુણો, વ્રત-પચ્ચક્ખાણ, કર્મક્ષય વગેરે ન સધાય ત્યાં નહિ ! ઊલટું એ બધું સાધવા જાઉં, અને કાયા ઓગળી જાય, ધન ઓછું થઇ જાય, ટાઇમ બગડે, વેપારમાં વાંધો આવે, વ્યવહાર ઘવાય તો શું થાય ? એ ભય ખરો !

**અહો, ભયભીત જીવની કેવી દુર્દશા !** અરે ! કદાચ ધર્માનુષ્ઠાન કરશે તો પણ બીજા ત્રીજા ભયથી ચિત્ત સ્થિર નહિ રાખી શકે. ભય તે કેવા ? તુચ્છ બાબતોના ! એવા કે આમ ૨૨ રૂપિયાની આંગી રચવાનો હોય, પણ 'બે રૂપિયાની ચાંદીની વાટકી ખોવાશે તો ? માળણ આઠ આના વધુ લઇ જાય તો ? દીવામાં જરા વધારે ઘી બગડે તો ?' ભય સારી પ્રવૃત્તિને ડહોળી નાખે છે. ભય ભારે પેંધેલો છે !

સાધુ પણ સાધવાની જાગૃત્તિ ન રાખે તો ભય એમનેય છોડતો નથી ! કેમકે

**ઇન્દ્રિયો ડાકુ છે. મન ચોર છે, નાગણ જેવી કુવાસનાના થોકબંધ હુમલા છે. વિષયોનો દુશ્મન-ઘેરો છે.** વિષયની છાયાનો, આગમનનો ને એના સંપર્કનો ભય થવો જોઇએ. જેટલો ભય મોહની સામગ્રી લૂંટાઇ જવામાં થાય છે, ખરી રીતે તેટલો ભય આત્મહિતની પ્રવૃત્તિ કે વિચાર. લુંટાઇ જાય એમાં થવો જોઇએ તે જો નથી, તો એ કેવી કારમી દશા ? મુક્તિનું પહેલું પગથિયું મોક્ષરૂચિવાળી અવસ્થા છે. જ્યાં સુધી દુન્યવી ભયોથી ભવાભિનંદીતા જીવતી-પુષ્ટ રહે ત્યાં સુધી તે આવે નહિ.

### ભવાંભિનંદીનો છઢ્ઢો દુર્ગુણ શઠતા

ભવાભિનંદી જીવ વાતે વાતે માયા રાખે છે. લુચ્ચાઇ, પ્રપંચ, દગો, ફટકો, વિશ્વાસઘાત કરે છે ! સ્વભાવથી કપટ કરનારો; કેળવેલી ગુંડાગીરી આદરનારો; અને નિષ્પ્રયોજન નાની વાતમાં, નકામી બાબતમાં પણ માયા ! એ સીધી વાત કરે નહિ, સરલતા નહિ. કોઇ બહુ લેવાદેવા નથી, છતાં સ્વભાવથી જ વક્રતા ! ભૂતકાળનો અનંત વારનો અભ્યાસ કારમી માયાનો. માયા જ આવડે. એના લોહીના પરમાણુ જ એવા કે એમાં એકલી માયાના રંગ ભરેલા હોય ! તેના યોગે કર્મ પણ એવા બાંધે !

આ બધા અનંતકાળના અવળા વળ સીધા સવળા કરે નહિ, અવળા વીંટ્યા તેવા સવળા ઉકેલે નહિ, ઉંધાઇ મૂકી સીધી દિશા પકડે નહિ, એ બધું ભવાભિનંદીપણામાં સુલભ છે.

**એનાથી બચવું હોય તો,** અંતરમાં કદાચ માયાનો વિચાર જાગે, પણ એને સક્રિય કરવા એમાં પુરુષાર્થ ન જ ભેળવાય, અર્થાત્ માયાને અમલી ન બનાવાય; પણ તેને ગુંગળાવાય; જેથી એ કારગત ન થાય તો હજી બચાય. બાકી જીવનના અંત સુધી છળ-પ્રપંચ-દગા ફટકા કર્યે રાખવા છે, જગતના લાભ કે જગતની વડાઇ લેવા માટે વાતવાતમાં વક્રતા વાપરવી છે, માયા આચરવી છે, ત્યાં મોક્ષની તમન્ના ક્યાંથી જાગે ? ક્યાં ઊભી રહે ?

માયાનું પાપ જગતમાં બહું સહેલું એમાં ઉઘાડા પડીએ છીએ એવું ન દેખાય. પાછું હોશિયારમાં ખપાય, અને માયાથી લાભ થતો દેખાય ? માયા આચરી કોઇ જાણે નહિ એટલે શિક્ષા-શિખામણ દઇ રોકે નહિ; ને પોતે લાભ થતો દેખી પાછો હટે નહિ ! માયા શે છૂટે ? આ કાળજુની એની કુટેવને ટાળવા દિલને શુદ્ધ બનાવવું પડે. કદાચિત માયા કરવા મન ઊઠે, પણ હૃદય ના પાડે, 'ધ્રુવ આત્માના ગુણ અધ્રુવ જડ ખાતર મારે ગુમાવવા નથી.' એમ હૃદય પોકારે, પછી મન કદાચ માયા કરાવી જાય પણ તે કેવી ? મોળી.



ભવાભિનંદીને તો છૂટથી પ્રપંચ, માયા, કપટ, જોઇએ, જોરદાર જોઇએ, ને પાછો એમાં અફસોસ નહિ ? મામૂલી તુચ્છ વાત હોય પણ માયા ન છોડે. તુચ્છ માન, આબરૂ, અલ્પ વખાણ, તૃણ જેટલી શાબાશી, એવું મેળવવા માટે ય માયા કરતાં સંકોચ ન થાય.

**ભવાભિનંદીનો લોભ કરતાં પણ મહાન દુર્ગુણ માયા શાથી ?** જેને સંસાર બહુ ગમે તે માણસ માયા કે જે સંસારની માતા છે, તેને કેમ ન સાચવે ? ખૂબી જુઓ, લોભને નહિ પણ લોભની રતિને ભવાભિનંદીનું અપલક્ષણ કહ્યું, પણ શઠતાની રતિને નહિ કિન્તુ શઠતાને જ દુર્ગુણ કહ્યો ! એ સૂચવે છે કે ખાલી લોભ તેવો સંસારરસિક નહિ બનાવે, જેવી શઠતા સંસારરસિક બનાવશે. માટે શઠતા યાને માયા ખતરનાક છે ! માયામાં વ્યગ્રચિત્ત પૂજ્યો પર બહુમાન ભુલાવશે ! ઉપકાર ભુલાવશે ! દિલથી સ્નેહ રાખનારા અને સેવા આપનાર પર પણ વિશ્વાસ નહિ ધરવા દે ! ને ઊલટું અવસરે એમનો ય દ્રોહ કરાવશે ! માયાના ચક્કરે ભૂલેચૂકે પણ ચડવા જેવું નહિ.

માયા માણસને કેવો પકડમાં રાખીને એની પાસે રાતદિવસ અંતે પોતાને જ ખતરનાક ઊંધા વેતરણની ચિંતા કરાવે છે ! ત્યારે એની સામે સરળ જીવ અંતે કેવી સુન્દર ઉન્નતિ પમાડનારા પવિત્ર વિચારમાં રહે છે ! એનો અદ્‌ભુત ખ્યાલ સમરાદિત્ય-ચરિત્રના અવાન્તર કથા-પ્રસંગમાંથી મળે છે.

**ચન્દ્રકાન્ત નામે એક શ્રેષ્ઠિપુત્ર** બહારગામ ગયેલો છે. એવામાં એના ગામ પર ધાડ પડી છે. ચન્દ્રકાન્ત પછી ઘરે આવીને જુએ છે તો ઘરમાંથી કંઇક માલ ચોરાયો છે, અને પોતાની પત્ની ચન્દ્રકાન્તાનો પત્તો નથી ! ગામના એક બુઝર્ગ પાસેથી જાણવા મળે છે કે આ લૂંટારાઓ અવરનવર માણસોને પણ ઉપાડી જાય છે, જેથી પછી એના સગાવહાલા ઘણું ધન આપીને એને છોડાવી લાવે.

ચન્દ્રકાન્તે એ પરથી ધનની થેલી લઇ પોતાના નોકરને સાથે લીધો. એને ભાતાં-થેલી પકડાવી. ચાલતાં ચાલતાં રસ્તામાં નોકરની બુદ્ધિ બગડેલી તે કોઇ પ્રપંચથી ધનથેલી ચાઉં કરી ભાગવા ધારે છે. પણ કરે શું ? એ પેલી થેલી શેઠના હાથમાં છે. એમાં જોગાજોગ એવું બન્યું કે એકસ્થાને બંને જણ ભાતું ખાવા બેઠા પણ ઊઠતી વખતે સહજ ભાવે ચન્દ્રકાન્તની હાથમાં ભાતાંથેલી પકડાઇ; પેલાએ ધનની થેલી પકડી. હવે નોકર મનમાં ખુશી થતો થતો શેઠ કેમ ટળે એની તક શોધે છે ! એમાં દૂરથી એક કૂવો દેખાતાં ગળગળો થઇ શેઠને કહે કે 'મને બહુ તરસ લાગી છે.' જુઓ માયાજાળ. માયાવીને માનવહત્યા ને ઉપકારીની હત્યાનો અરેકારો નથી રહેતો.

ભલો શેઠ પાણી દેખવા માટે કૂવા પાસે ગયો. નોકર ચૂપકીથી પાછળ જાય છે. ત્યાં ચન્દ્રકાન્ત વાંકો વળી કૂવામાં જેવો પાણી જોવા જાય છે કે તરત પેલાએ એને હડસેલો મેલ્યો; તેથી એ પડ્યો અંદર ! શું સરળને મરવાનું ? ના, જુઓ, એ પડ્યો પણ તળિયે બાજુમાં જામેલા ટેકરા પર પડ્યો ! ને ત્યાં અંદરથી 'નમો અરિહંતાણ' અવાજ આવ્યો. અવાજ પોતાની પત્નીનો પારખીને બોલી ઉઠે છે,

'અહો તું અહીં ક્યાંથી ?'

પેલી કહે 'મને લુંટારા લઇ ચાલ્યા, રાત પડવાથી બધાનો અહીં પાસે મુકામ હતો, મને થયું કે કદાચ એમને ત્યાં જતાં મારા શીલ પર આક્રમણ આવે એના કરતાં અહીંથી જ રસ્તો કરવો સારો; એટલે બધાને ત્યાં સુતા મૂકી આ કૂવામાં મેં પડતું મૂક્યું ! એ તો ઠીક, પરંતુ તમે અહીં કૂવામાં શી રીતે ?'

ચન્દ્રકાન્ત કહે છે. 'હું તને ધનથી છોડાવી લાવવા આપણા નોકર સાથે નીકળેલો. વચમાં ખાવા બેઠા ત્યાં કુદરતી ધનની થેલી નોકરના હાથમાં રહી ! કૂવામાં પાણી જોવા હું જેવો વાંકો વળ્યો કે તરત પેલાએ પાછળથી મને હડસેલ્યો, એટલે આવ્યો તારી પાસે !'

પત્ની કહે,'હેં આપણા જ નોકરે ધક્કો માર્યો ? અરે, કેવો દુષ્ટ નોકર !'

આ કહે છે, 'ભલી રે બાઇ ! એ તો ઉપકારી કહેવાય કે અહીં આપણા બેનો ભેટો કરી આપવામાં એ અજાણ્યે પણ નિમિત્ત બની ગયો ! નહીં તો હું ચોરોની પલ્લીમાં જવા છતાં તને ક્યાંથી પામી શકત ?'

**સરળ માણસ દરેક પ્રસંગમાંથી સારી જ તારવણી કરે.**

હવે બન્ને જણ કૂવામાં નિરાધાર રહ્યા પાણીની બાજુના એક ટેકરા જેવા ભાગ પર બેઠા બેઠા કોઇ પ્રવાસી કૂવા પર આવવાની રાહ જુએ છે. એમાં દિવસો વીત્યા છતાં પ્રવાસી મળતો નથી. ચન્દ્રકાન્ત કહે છે,

'જો પુણ્ય કેવું અદ્ભુત કામ કરે છે કે ધન જતાં તું મળી, અને અહીં મારા હાથમાં રહેલ ભાતાં-થેલી આપણ બન્નેને જીવન ટકાવી રાખવા કામ લાગી રહી છે ! ખાવા તો ભાતું કામ આવે, હીરામાણેક નહિ !

ચન્દ્રકાન્તાને પતિના આવા આવા તાત્વિક બોલ પર ધર્મશ્રદ્ધા વધી જાય છે. હવે થોડું થોડુંય ખાતાં ભાતું ખૂટવા આવ્યું પણ બન્ને જણ જુઓ ચિંતા કેવી કરે છે કે,

**'અરે ! અમારે આવા ઉત્તમ ભવમાં શું ચારિત્ર પામ્યા વિના એમ જ મરવાનું ? ક્યારે આ ભવકૂપ સમા કૂવાની કેદમાંથી છૂટવાનું ?'**

સદ્ભાગ્યે એટલામાં એક સાર્થવાહ તે પ્રદેશમાં આવી લાગે છે. એના



માણસો કૂવા પર પાણી લેવા આવતાં ચન્દ્રકાન્ત બોલે છે, 'અરે ? અમને બહાર કાઢો ' પેલાઓ જઇને શેઠને વાત કરતાં શેઠે તરત માંચાથી એમને બહાર કાઢવા કહ્યું. એ બંનેએ બહાર નીકળી સાર્થવાહનો ભોજન-સત્કાર પામી ગામ તરફ પાછા વળે છે. રસ્તામાં એક બાજુ મડદું અને પોતાની જ ધનની થેલી જુએ છે ! ચન્દ્રકાન્તે તરત કલ્પના કરી કે 'કોઇ શિકારી પશુથી મરાયેલ નોકરનું બિચારાનું આ મડદું લાગે છે.' એથી વૈરાગ્ય વધુ દઢ કરી, ઘેર જઇ બન્નેએ ચારિત્રમાર્ગ અપનાવ્યો. સરળતાના મીઠાં ફળ; ત્યારે માયા કૂડી અને ભૂંડી !

### (૭) સાતમો દુર્ગુણ અજ્ઞતા

અજ્ઞતા યાને અજ્ઞાનતા એ બે ભેદે,-(૧) મૂર્ખતા, અને (૨) મૂઢતા. મૂર્ખ સમજતો નથી, મૂઢ ઊંધું સમજે છે.

**(૧) મૂર્ખતા છે એટલે** ગતાગમ નથી. એક જ વાત છે 'લુંટો, ભેગું કરો, ઉડાઓ, એ માટે બધું કરી છૂટો.' ભલે પછી મૂર્ખને લોક નિંદે હસે, કે એ પીડાય સંસારમાં ! યા દુર્ગતિઓમાં ભારે ત્રાસથી દંડાવું પડે ! તેની ખબર નથી, ચિંતા નથી, પરવા નથી, આ મૂર્ખતા.

(૨) બીજી છે **મૂઢતા.** પંડિત હોય, શાસ્ત્રો ભણેલો હોય, કે પ્રોફેસર હોય, બીજાને ભણાવે ખરો, પણ જો હકીકતમાં ઊંધું માને છે, આત્મહિતને અહિત-દુઃખકર લેખે છે ને કાયહિત ને ઇન્દ્રિયહિતને સુખકર સમજે છે, તો એની પંડિતાઇ મૂઢતાની ઘરની, જો જ્ઞાન છે પણ વિવેક નથી, ભણ્યો છે પણ ગણ્યો નથી, હૃદય પરિણત નથી બન્યું. શાસ્ત્રથી જો આત્મા કેળવાયો નથી તો એકલી બુદ્ધિ કેળવાઇ તેથી શું ? ભણતરમાં એવો મુઝાયો કે તેની બધી પ્રવૃત્તિ જડ પાછળની ! પોતાના ખરા આત્માનું જ ભાન નથી ! વિચાર-બોલી-આચરણ બધું જડ પાછળનું ! મૂઢ એવો કે આત્માના હિતની વિરુદ્ધ જ વર્તન ! આત્મહિતને જ દુઃખકર લેખે. આત્માના હિતની વાતના જ વિચાર-વાણી-વર્તન નથી. નરી મૂઢતા ! પરમાર્થની ખબર નથી.

**મૂઢ પંડિત :-**

ઉત્તર પ્રદેશના એક ગામમાં એક પંડિત ઘરે છોકરાઓને વિદ્યાભ્યાસ કરાવતો. એમાં એક યુવાન વિદ્યાર્થી પંડિતની પત્નીની સેવા કરતાં કરતાં એ બંને પ્રેમમાં પડ્યા ! પણ પંડિત તો પત્ની પરના મૂઢ રાગમાં એની સાથેની આ વિદ્યાર્થીની મર્યાદાબહારની છૂટને શુદ્ધ સેવા માનતો, અલબત પંડિતના દેખતાં કાંઇ વિલાસ થઇ શકતો નહોતો તેથી જ બંનેએ ભાગી જવાનું નક્કી કર્યું.

એમાં એક વાર પંડિતને બહારગામ જવાનું થયું ત્યારે મૂઢતામાં એ આ

વિદ્યાર્થીને જ પત્નીની સંભાળ રાખવાનું સોંપતો ગયો. હવે તો બંનેને ફાવતું થયું. એક મડદું લાવી ઘરમાં મોઢું વગેરે અડધુ પડધુ સળગાવી થોડી ઘરમાં આગ લાગ્યા જેવું કરી, ઓલવીને બંનેય બહારગામ ચાલ્યા ગયા,

પંડિત આવ્યો. જુએ છે, ઘર સળગેલું છે, મડદું પડ્યું છે, એટલે રોવા બેઠો કે 'હાય ! હું બહાર ગયો તે પત્ની બિચારી બળી ગઇ !' એ હવે એના હાડકાં ગંગાજીમાં પધરાવવા લઇ ચાલ્યો. ગંગાના કાંઠે પેલા બે અચાનક આને હાડકાનાં પોટકા સાથે રોતો-કકળતો અને માથું કૂટતો જુએ છે ! એ જોઇને બંનેને દયા આવી ગઇ, પોતાના અપકૃત્ય માટે ભારે પશ્ચાત્તાપ થયો. તે એની પાસે આવી કહે છે,-

'માફ કરજો, અમે કુબુદ્ધિથી તમને દગો દીધો. બનાવટી મડદું બાળી ભાગી આવ્યા. ક્ષમા કરો.'

પંડિત કહે,'તમે કોણ છો ? હું તમને ઓળખતો નથી. જાઓ અહીંથી.'

પેલી સ્ત્રી કહે છે, 'અરે ! મને ય ભૂલી ગયા ? હું તો તમારી ઘરવાળી.'

મૂઢ બનેલો પંડિત માનવા તૈયાર નથી. એતો કહે છે, 'જા રે જા બાઈ ! જા, ગળે કાં પડે ? મારી પત્ની તો બળી ગઈ. આ રહ્યાં એના હાડકાં. તું વળી કોણ ? કાશીમાં તારા જેવા ઠગારા બહુ ફરે. પણ હું ભરમાઉં નહિ. જાઓ અહીંથી.'

પંડિતે પત્નીને ધરાર ન સ્વીકારી. પાંડિત્યે ક્યાં બચાવ્યો ? રાગની મૂઢતામાં ભાન ભૂલ્યો, શોક કરી કરીને રખડી મર્યો !

મૂર્ખતાના યોગે જ્ઞાન જ નથી, મૂઢતાના યોગે રહસ્યનું ભાન નથી. ઉચ્ચ આદર્શ નથી પશુતાથી શી વાસ્તવિક વિશેષતા ? માનવમાં હોય તે સમજતો નથી. સનાતન સ્વાત્માને ભૂલી ક્ષણિક સુખ દેખાડનારા વિષયોમાં રાતો માતો રહે છે ! તત્ત્વની રૂચિ તો શું પણ કોઈ તત્ત્વની વાતો પણ યુક્તિપૂર્વક બીજાને સંભળાવે અને બીજાને તે રુચે, તે ય આને ખટકે છે ! સ્વજીવનમાં રાતદિ' અતત્ત્વનું પોષણવર્ધન કર્યે જાય છે. સંસારની ચિંતા સિવાય બીજું સમજવા માગતો નથી. ઇત્યાદિ સ્થિતિ મૂઢતા અને મૂર્ખતાની છે.





આ અજ્ઞતા એ ભય, શઠતા, ક્ષુદ્રતા, લોભરતિ, માત્સર્ય વગેરે દુર્ગુણોને પોષી રહે છે. જીવ ભવાભિનંદી છે, એટલે આ અપલક્ષણો છે; અને આ દોષના યોગે સંસારનો રસ એટલે કે ભવાભિનંદિતા મજબૂત બને છે. કેઈક મોહના પાત્રો અને સ્વાર્થમાં ઉપયોગી વ્યક્તિઓ પ્રત્યે, વ્યુદ્ગ્રહ સાથે એવા પ્રેમમાં મૂઢ હોય કે તેના સત્તર દોષને ગણે નહિ. કોઈ સમજાવે તો માનવા તૈયાર થાય નહિ. મિત્ર સોનીએ પહેલાં સોનાનાં કડાં બનાવી આપી કહ્યું, 'જા બજારમાં મારું નામ લીધા વિના આ પરખાવજે.' પેલો ગયો, બતાવ્યા. વેપારીઓએ સાચાં સોનાનાં કહ્યાં. લાવીને સોનીને આપ્યાં. બીજે દિવસે બરાબર તેવાં પણ પિચગોળના કડાં આપી કહ્યું 'જા હવે મારું નામ દઈ પરખાવજે.' વેપારીએ બનાવટી કહ્યાં. આ મૂઢ એમ સમજે છે કે 'બસ, આ મારા સોનીની ઈર્ષ્યાથી જુઠુ કહે છે.' તે કડાં ખોટાં માનવા તૈયાર નથી.

કેટલાક કદાગ્રહીઓ એવા કે પકડેલું ખોટું છતાં મુકવા તૈયાર નહિ. વળી કેટલાક સારાસારમાં ને કર્યા-કાર્યમાં અજ્ઞાન એવા છતાં જ્ઞાનીની નિશ્રા (આશરો) પણ ન લે !

મૂઢતા ભયંકર ! આમ પોતાને સમજદાર ગણે પણ પાછા બીજા મુઢ બનેલાની પાછળ પોતે મુઢ બને. ઉદ્યોગપતિઓ મુઢ, તેની પાછળ દુનિયા મુઢ ! શું કરવું તે સૂઝતું નથી. એકજ ધૂન, 'બધાં કરે છે માટે કરવું.' આંધળી દોટ ! જાણે રહી ગયા !

મૂઢતા એટલે પ્રબલ મોહથી ઘેરાઈ જવું. ચેતન છતાં જડ નચાવે તેમ નાચવા તૈયાર; પણ જ્ઞાની વિવેકી સંતોની શિખામણે સારી ચાલે ચાલવામાં તૈયાર નહિ. વળી પોતે પોતાને વિચારપૂર્વક કામ કરતો હોવાનું માને પણ તેનાં કામ બધા અવિચારી !

એક બાપને મૂઢ દીકરો, બાપે કહ્યું, 'તારે ચંચળ ને અધીરા ન બનવું, સ્થિર થવું, કાર્ય કરતા પહેલાં વિચારવું. પછી કાર્ય કરતા ડગવું નહિ.' તેના મકાનની આગળ એક પાડો રોજ આવી બેસે. છોકરો વિચારે છે કે 'આના શિંગડા વચ્ચે મારું માથું આવે કે નહિ ?' છ મહિના સુધી આ વિચાર કર્યો. પછી નક્કી કર્યું કે જરૂર બે શિંગડા વચ્ચે મારું માથું આવી જાય કે નહિ એનો પ્રયોગ કરવો. એક દિવસ વખત જોઈ પાડો બેઠો હતો, ત્યારે માથું બરાબર શિંગડા વચ્ચે ઘાલ્યું. પાડો ભડક્યો, ને નાઠો ! પણ બાપાએ ટેક જાળવવાનું કહેલું, માટે માથું કાઢ્યું નહિ, તે કૂટાયો ને મૂર્ખ ઠર્યો !

મૂઢ ભવાભિનંદી જીવની ખાસીયત કે તેના કાર્ય અવિચારી, બુદ્ધિ સ્થૂલ, તીવ્ર મોહની દૃષ્ટિ તે ટૂંકી હોય અને પરિણામે એ લોકમાં બે આબરૂ થાય અને ભારે પશ્ચાત્તાપ પામે. લોક પાછળથી હાંસી કરે. ભણ્યો પણ ગણ્યો નહિ. મૂઢ જીવ લાડી, વાડી, અને ગાડી પાછળ ગાંડો ! આ જ જીવનનું સર્વસ્વ માને. પરમાર્થ કરવા બુદ્ધિ નથી, ગમ નથી. સ્વાર્થમાં આંધળો, સ્વાર્થને પોષવા કેઈક ઉંધાચત્તા કરે. આ લક્ષણો મૂઢતાના છે.

**અહો ! જડમાયાને આ જીવની પરવા કે ચિંતા નથી ! પણ મૂઢ જીવ ઘેલો એની જ ચિંતામાં રક્ત છે !**

**જડમાયા જીવનું નિકંદન કાઢે છે ! ત્યારે જીવ જડમાયાને આબાદ કરવા-રાખવામાં જીવન અર્પે છે !**

**જડમાયા જીવને મૃત્યુબાદ એક તસુ કે ક્ષણ પણ આગળ અનુસરવા તૈયાર નથી; પણ જીવ જડમાયાને જિંદગી-ભર વળગ્યો રહે છે !**

આ બધું મૂઢતાને આભારી છે. ભલે મોટો બુદ્ધિશાળી ન હોય, પોતે તેવો ભણેલો ન હોય, જૈન ન હોય, સમકિતી ન હોય પણ માત્ર મૂઢ ન હોય તો ય વિચાર કરી શકે. વિવેકપૂર્વક કામ કરે, બીજાને લાભ થતો હોય તો થવા દે, પોતે થોડું નુકસાન પણ વેઠે. ચાર શાણા કંઈ કહે તેનો વિચાર કરે. વારે વારે નુકસાન થતાં હોય, ઠગાતો હોય, તો ચેતે. કાંઈ પણ ચિંતવે બોલે કે આચરે તે કાંઈક જડની બહાર નીકળીને, જડમાંથી ઊંચે આવી ને. આવું કંઈ ન આવે તો મૂઢતા ને ભવાભિનંદિતા શે જાય ?

## આઠમો દુર્ગુણ-નિષ્ફળારંભ સંગતતા

મૂર્ખ પાસે વિચાર જ નથી; અને મૂઢ ઊંધા જ વિચાર કરે છે; તેથી બંનેનાં કાર્ય મૂર્ખતા અને મૂઢતાના પરિણામે નિષ્ફળ નીવડે તેમાં નવાઈ નહિ. કદાચ શરૂઆતમાં સફળતા દેખાય તો ય પરિણામે અવશ્ય નિષ્ફળ. અથવા 'નિષ્ફળ' એટલે નિસ્સાર. ભવાભિનંદી જીવ નિસ્સાર પ્રવૃત્તિને આચરનારો હોય છે. કહો કે એને નિષ્ફળ બને એવા કાર્યો સહેજે કરવા મળે. જેના ઉદ્યમમાં બહુધા નિષ્ફળતા અને નિસ્સારતા હોય, તે જીવ ભવાભિનંદી છે. એકવારના નિષ્ફળ કાર્યના યોગે પાછા વળવાનું તો એને બાજુએ રહ્યું, ઊલટું એવા કાર્યોનો એને દ્વિગુણો આગ્રહ વધે, એ વધુ ને વધુ નિષ્ફળતા મેળવતો જાય, પણ સફળતાની ચાવી ન પામી શકે. એને લક્ષ્મી મળી હોય, તો ય સફળ નથી, કેમકે એને એથી આનંદ કે શાંતિ મળતી નથી. હૈયામાં મૂઢ રાગ દ્વેષની હોળી સળગે છે; પાછળ નુકશાન અને પશ્ચાત્તાપનો પાર નથી. કાર્યમાં ભલીવાર નથી. એના નિષ્ફળ પ્રયત્નો એનામાં



દોષો વધુ ખીલવે છે. નિસ્સાર ઉદ્યમ જડતા વધારે છે. હઠાગ્રહ પોષે છે. કેટલાય એવા સટોડિયા પાયમાલ થઈ ગયા ! સુભૂમ ચક્રી ભરદરિયે ડૂબ્યો. સમૃદ્ધિ-સન્માન વધવા છતાં લોક પાછળ નિંદા કરતું હોય, છતાં આ ભવાભિનંદી નિંદા વધે એવા નિસ્સાર કાર્યોમાં દોડ્યો જાય છે !

**ભવાભિનંદિતાના દોષોની સહજતા :-**

ભવાભિનંદિતાના આ બધા દૂષણ ટાળવા માટે ખાસ કાળજી રાખવાની છે. પ્રતિક્ષણ જાગ્રત રહેવાનું છે. કારણ કે, દુર્ગુણોનો અભ્યાસ અનંત કાળનો છે. એથી જીવનમાં દૂષણ સહજ જેવા થઈ ગયા છે, અને ગુણ જાણે તદ્દન અપરિચિત ! ક્ષુદ્રતા સહેજે આવે, ઉદારતા મુશીબતથી લાવવી પડે ! લોભ સહેજે થાય, સંતોષ રાખવો મુશ્કેલ ! ઘડી ઘડીમાં દીનતા આવતાં વાર ન લાગે ! અને ધીરજ તથા માંગવામાં નફરત રાખતાં નેવનાં પાણી મોભે ચડાવવાં પડે. ઈર્ષ્યા બહુ સહેલી, કોઈનું પણ સારું જોઈ ઉદ્વેગ ઝટ થાય, પણ પ્રેમ-પ્રમોદ બળાત્કારે લાવવો પડે ! કોઈનું સારું જોઈ કદાચ જો મન ઉદ્વેગ કરે, પણ દિલ જો એના પર પ્રેમ ભર્યું રાખવું હોય તો ય વિચારાય કે 'આપણે નારાજ શા માટે થવું ? મનને ઉદ્વેગથી પાછું વાળી પ્રેમમાં જોડવું જોઈએ.' પણ આ શુભ વિચાર પરાણે લાવવો પડે છે. ભયભીત થવું સહેલું છે, નિર્ભય થવું મુશ્કેલ છે ! ભય જેટલો જલદીથી આવે એટલી નિર્ભયતા જલદી આવતી નથી. શઠતાના વિચારો જીવને બહુ સુલભ. સ્વાર્થ સાધવો, પોતાની જ અનુકુળતા જોવી,...આ વૃત્તિઓને સિદ્ધ કરવા ઉદ્યમ કરવો પડતો નથી. બીજાની સેવા લેવાના ને બીજાના ભોગે સુખ લેવાના વિચાર પહેલાં આવે, પણ પરમાર્થ માટે જાતનો ભોગ આપવાની વૃત્તિ છેલ્લે પાટલે આવવી મુશ્કેલ. 'આપણી હોશિયારીથી જ અનુકૂળતા મળે છે,' એવી માન્યતા ઘડાઈ ગઈ છે. માટે આ વૃત્તિ સુલભ થઈ પડે છે. ખબર નથી કે પુણ્ય વિના ફાંફા. એક જરાક આપત્તિ આવી પડી કે જીવ દુષ્ટ વૃત્તિઓનો આશ્રય સહેજે લે છે; પણ જીવ **જો સાવધાન બને, તો આપત્તિ તો ઊઠતી અધમ વૃત્તિઓને દબાવવા ખરેખરી ઉપયોગી થાય એમ હોય છે.**

**આપત્તિ તો ગુણશ્રેણીની પરીક્ષામાં જલદી પાસ થવાની પરીક્ષા છે.** આપત્તિ જ ખરો કસોટીનો કાળ છે. આમ તો આવી અધમ વૃત્તિઓ ઝટ જાગે નહિ, પણ આપત્તિ-કાળે જાગે, તે વખતે એને શુભ વૃત્તિઓથી કચડી શકાય. મૂર્ખતા અને મૂઢતા કે જે ગળથૂથીમાં એકમેક થઈ ગઈ છે, તેને ટાળી આત્મામાં જ્ઞાન અને વિવેકની નવી ભાત પાડવાની છે. સ્વેચ્છાથી, મૂર્ખતાથી ને મૂઢતાથી કરેલા કાર્યમાં નિષ્ફળતા અને નિસ્સારતા લગભગ રોજની વસ્તુ થઈ પડી છે. જ્યારે બનવું તો

એ જોઈએ કે સફળતા હંમેશની, અને નિષ્ફળતા કોક દિવસની; સારવાળી પ્રવૃત્તિ ઘણી, અને અસાર પ્રવૃત્તિ બહુ ઓછી પણ એ મુશ્કેલ છે, કેમકે દોષો જાણે સ્વભાવગત થઈ પડ્યા છે, અને ગુણ અપરિચિત, કે અળખામણા જેવા રહ્યા છે.

**દોષ ટળ્યા પછી જ રસાયણ ફળે :-**

પંચસૂત્રમાં કહેલી ચતુઃશરણ ગમન વગેરે વાતો સ્વીકારવા માટે આત્મામાંથી ભવાભિનંદીપણાના આ અપલક્ષણો-દુર્ગુણો ચાલ્યા જવા જોઈએ. કેમકે ભવાભિનંદિની અંદર ક્ષુદ્રતા વગેરેનું જોર જ્યાં સુધી હયાત છે, ત્યાં સુધી તેને તત્ત્વ પર દ્વેષ છે, તત્વની રુચિ થતી નથી; સાચી તત્ત્વની એને સમજણ જ નહિ પડે. જ્યારે પંચસૂત્ર તો લાયકને જ સમજાય, અને લાયકને જ અપાય. એ ગંભીર રસાયણ છે. એ પચાવવા દોષ વિનાની અને જોરદાર હોજરી હોવી જોઈએ. હોજરીમાં દોષો ખદબદતા હોય તો રસાયણ ફૂટી નીકળે. સર્વ જીવોને આ વસ્તુની પ્રાપ્તિ ન થાય. વાયડી વાતોથી આ ન મળે. ભવાભિનંદીના દુર્ગુણો ટાળવા જ જોઈએ, મન મારવું પડે, કાયા ઘસવી પડે, તુચ્છ લાભ જતા કરવા પડે, સ્વચ્છંદતા મૂકવી પડે, અનંત જ્ઞાનીને સમર્પિત બનવું પડે. એ બધું આજ સુધી નથી કર્યું, માટે જ ભવાભિનંદી જીવ સંસારમાં રખડે છે.

મોક્ષ એ પાપપ્રતિઘાત વગેરેના ક્રમથી મળે. સાધનાની ભૂમિકા તે પ્રમાણે જ રચાવી જોઈએ, અને સાધનાની ઈમારત તે જ ક્રમે પૂરી થવી જોઈએ. પાપપ્રતિઘાત માટે (૧) ભવાભિનંદીના દુર્ગુણોનો નાશ કરવો જોઈએ. (૨) પંચસૂત્રમાં બતાવેલ સાધનાના ક્રમ ઉપર દઢ શ્રદ્ધા જોઈએ. (૩) તે ક્રમ મુજબ પુરુષાર્થ કરવો જોઈએ. તે ધર્મ પુરુષાર્થ પણ (૧) સતત, (૨) વિધિપૂર્વક (૩) હૃદયના બહુમાન સાથે, યોગ્ય કાળે અને (૪) જીવનમાં ઔચિત્ય જાળવીને થવો જોઈએ. આમ કરવાથી અવશ્ય સબીજક્રિયાની પ્રાપ્તિ અને અવંધ્ય પાલન પ્રગટશે. જે પાલનના ફળરૂપે થોડા જ કાળમાં ક્રમશઃ મુક્તિ અવશ્ય ભાવી બનશે, અર્થાત્ સિદ્ધ થશે.

પંચસૂત્ર જે વસ્તુનું નિરૂપણ કરે છે, તે સત્ય અને સુંદર છે, તેથી પરિણામે આત્માને અજ્ઞાન અને મોહની અંધારી અટવીમાંથી અળગો કરી, ઉચ્ચ પરમાત્મા-પ્રકાશના પંથે ચડાવી, અનંત જ્યોતિ જગાવનારું છે. 'પંચસૂત્રમાં કહ્યા મુજબનો ક્રમ તો દુર્લભ છે,' એમ કહી ભડકવાનું નથી, પણ મનમાં ખૂબ ઉત્સુક બનવાનું છે. જેથી આવી અતિ સુંદર દુર્લભ વાતો આ જીવનમાં પમાઈ જાય, અને જીવન ધન્ય બને.

મનુષ્ય ભવ અને મળેલ સામગ્રીને સફળ કરવામાં ગમારી ન ચાલે, આવડત જોઈએ;



દિવાનાપણું ન નભે, સાવધાની-હોશિયારી જોઈએ.
ભાવનિંદ્રા નકામી, જાગૃતિ જરૂરી;
વાતોથી કાંઈ ન વળે, ગુણોનો ખપ કરવો પડે.

જીવનમાં આ કાર્ય ખરેખરું કરેલું ગણાશે એથી જ જન્મજરામરણાદિની જંજાળ વેઠવાનું અટકશે.

ટીકાકાર મહર્ષિ આ બધા ઉત્તમ પદાર્થોને કહેનાર શ્રી પંચસૂત્ર મહાશાસ્ત્ર ઉપર વ્યાખ્યા કરે છે તે ભગવાન મહાવીર દેવને નમસ્કાર કરીને કરે છે. સબીજ ક્રિયાની પ્રાપ્તિ માટે ભવાભિનંદીપણાના દોષો ટાળવાનું ગર્ભિત સૂચન કરે છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૪,અંક-૧,તા.૩-૯-૧૯૫૫**

# 'જીવન સંગ્રામ'

**જીવન સંગ્રામની જરૂર શા માટે ?**

જગતમાં જીવને જન્મ પામવો એ કાંઈ નવી વાત નથી. જન્મ પામીને જીવનને આગળ ધપાવ્યે જવું એય નવી વાત નથી. એક દિવસે જીવનનો કરુણ રીતિએ અંત આવવો એ પણ નવી વાત નથી. એ તો ચાલુ જ છે અનંતાકાળથી. **અનાદિ અનંતાકાળથી જન્મ-જીવન અને મરણની વાતો રોજબરોજની બની ગયેલી છે.** આપણા જીવે અનંતી વખત જન્મ-જીવન-મરણ કર્યાં છતાં કહે છે ને ? **पुनरपि जननं पुनरपि मरणं, पुनरपि जननी-जठरे शयनम् ।** ફરી જન્મ, ફરી મરણ, માતાના પેટમાં શયન ! એ ફરી જન્મ (જીવન) મરણની ઘટમાળ હજી સુધી ચાલુ છે, અંત આવ્યો નથી. ક્યારે અંત આવશે, એ પણ કંઈ દેખાતું નથી. ત્યારે વર્તમાન જીવન પર પણ એવી કોઈ શાબાશી લઈ શકીએ તેવું છે કે એ ભાવી જન્મ-જીવન-મરણની ઘટમાળ અચૂક બંધ કરશે ? **જન્મવું, ચોક્કસ પુરુષાર્થ વિનાનું જીવન વીતાવવું, કરુણ રીતિએ મરણને શરણ થવું; એથી આત્માનું દળદર શું ફીટ્યું ?** એમ ફીટે તેમ નથી ને ? કે ફીટે એવું લાગે છે ? એમજ ફીટતું હોત તો આજ સુધી કેમ રખડત ? **વસ્તુસ્વરૂપના પ્રકાશને બદલે મહાઅંધકારમાં આથડ્યે રહી આત્માની શી સ્થિતિ સુધરે ?** જન્મ-મરણની જે સ્થિતિ ચાલુ છે, તેનો નિકાલ કરવા માટે જીવન સામગ્રીની જરૂર છે.

**જીવન સંગ્રામ એટલે ? :-**

''જીવન સંગ્રામ'' સામાસિક શબ્દ છે. એના અનેક અર્થ થાય.

જીવનસંગ્રામ એટલે **જીવનની સાથે સંગ્રામ.**

જીવનસંગ્રામ એટલે **જીવનભર સંગ્રામ.**

જીવનસંગ્રામ એટલે **જીવન માટે સંગ્રામ.**

એક એક અર્થની ઘણી વિવેચના થઈ શકે તેમ છે. ગમે તે અર્થ લો પણ પહેલું એ સમજી રાખવાનું છે કે **સંગ્રામ માટે આત્માએ સુભટ બનવું પડશે, સુભટગીરી શા માટે ? વિજેતા બનવા માટે.** શેના વિજેતા ? વિજય શાનો ? ફતેહ કોની ? આ વાત વિચારવાની છે. વર્તમાન જીવન એવું હોવું જોઈએ કે જેથી જનમ-મરણની ચાલુ ગડમથલ અટકે. મૃત્યુ વિનાનું શાશ્વત જીવન પ્રાપ્ત થાય. વર્તમાન જીવન પછી જો કાંઈ ન હોય તો તો વિચારવાની જરૂર નથીઃ કોઈ પ્રવૃત્તિની જરૂર નથી. પણ **જ્યાં જન્મ-જીવન-મરણની પરંપરા ચાલુ જ હોય ત્યાં વિચારણા જરૂરી છે; અને આત્માની સનાતન સ્થિતિ અને સ્વતંત્ર હયાતી હોવાનાં પ્રમાણો છે. તેથી જ આ જીવન એવું જીવાવું જોઈએ, એનાથી એવી ફતેહ મેળવવી જોઈએ, કે વારંવાર જન્મ-મરણ કરવાની સ્થિતિનો નિકાલ આવી જાય; કાયમની અજર અમર સુખ-શાંતિ આત્મા માટે નિશ્ચિત થઈ જાય.** એ જીવન કેવું હોય, કેવા પ્રકારે જીવાય, આદર્શ કેવા હોય, વગેરે તમામ વિચારવાનું છે. 'જીવનસંગ્રામ' એટલે કે જીવન માટે નવીન પ્રકારના જીવન માટે, જીવનથી-ચોક્કસ પ્રકારના જીવનથી, અને જીવનમાં અર્થાત્ વર્તમાન જીવનમાં સંગ્રામ ખેલવો છે.

## • ક્ષત્રિયાણીનો પ્રસંગ •

તો સુભટ થવું પડશે, ફતેહનો નિર્ધાર કરવો પડશે. સુભટનું લોહી ઠંડું ન હોય. લોહી ઠંડુ રાખ્યે ને ઘોર નિદ્રામાં રહ્યે ન પાલવે. તેમ હવે મૂઢદશા નહિ ચાલે. રણભંભાનો નાદ ગાજે એટલે ક્ષત્રિય બચ્ચો ઝાલ્યો રહે ? એનો હાથ તલવાર  તથા ઢાલ પર જ પડે ! અને ક્ષત્રિયાણી પણ કેવી હોય ? એક કિસ્સો છે. એક ક્ષત્રિય એવી રણહાકલ પ્રસંગે ઊભો થયો. તાજો પરણીને આવ્યો છે, હાથે હજી મીંઢળ છે. એને વ્યામોહ થયો; વિચારવા લાગ્યો, 'લડવા જાઉં તો આનું શું ?' ક્ષત્રિય નવીન પરણેલી કન્યાના રૂપને જોઈ ચિંતવવા લાગ્યો, 'ઘણા કોડ સાથે હું આને ઘેર લાવ્યો છું; તેનેય કોડ હોય. હાકલ તો પડી, જાઉં તો ખરો, પણ...પણ...આનું શું ?' તેથી પગ ઉપડતા નથી. કહો જો, આમાં પત્ની પરની દયાનો ગુણ ખરોને ? **મોહરાજા આમજ ઠગે છે. એવું એક બનાવટી ગુણનું, બનાવટી લાગણીનું ઓઠું ઊભું કરી આપે છે. પછી જીવ ખલાસ !**

**ઝૂઝે તે ક્ષત્રિય :-**

ક્ષત્રિયાણી એનો ભાવ પામી ગઈ. પોતે જેને પનારે પડી છે, તેની કાયરતાનાં દર્શન પ્રારંભમાં જ થયાં. ક્ષણભર એને થયું, "મારા માતાપિતા યોગ્ય; એમણે કાળજીથી જ જોયું હશે. પણ આ હું શું જોઈ રહી છું ? શું પિતાજી ઠગાયા ? કાંઈ ભૂલ થઈ જોવામાં ? આ કોની સાથે પરણાવી ?"



પ્રગટપણે મૃદુ શબ્દથી પૂછે છે, 'કેમ ? શું વિચારો છો ?'

જવાબ મલ્યો, 'વિચાર ! તમારો જ તો !'

"મારો ? તે અત્યારે ? મારી ચિંતા ન કરો ! લડાઈના નાદ વખતે, શરણાગતના રક્ષણ સમયે, કર્તવ્ય બજાવવાની ધન્ય પળે, ક્ષત્રિય સુભટ પ્રાણની પણ પરવા ન કરે, તો સ્ત્રીની પરવા ? ન કરો ચિંતા ! સિધાવો નાથ ! સુખે સિધાવો !"

**તમને મુનિરાજની વાણી સાંભળી લોહી તપે ? :-**

સંગ્રામ ખેલવા તૈયાર થઈ જાઓ ? વૈરાગ્ય જાગે, અને ઘેર ગયા પૂછવા, તો **તમારી શ્રાવિકા પત્ની શું કહે ? 'પૂછવા કેમ આવ્યા,' એમજ કહેને ? જીવનના સંગ્રામ ખેલવા છે ? લોહી ગરમ જોઈશે ! ઉકળતું જોઈશે ! થનગનાટ કરતું જોઈશે ! ખૂબ વેઠવું પડશે !** બહારથીયે આક્રમણ આવે; ને અંદરથી પણ ભડકા સળગે. આપત્તિના મેરું પહાડ તૂટી પડે, ઉપરથી હેલીઓ ત્રાટકે; છતાં આમાં ઝૂઝે તે સંગ્રામનો સુભટ, સાચો ક્ષત્રિય બચ્ચો. આવું કાંક જીવનમાં ન હોય તો ધમણ જેવા જીવનથી શું ? આ રજપુતમાં લોહી અત્યારે ઠંડું છે. તેથી ફરીને ક્ષત્રિયાણી વિનવે છે.

**મડદાની શાંતિ શા કામની ? :-**

"નાથ ! સીધાવો ! લેશ પણ ફીકર ન કરો ! નથીને કંઈક બન્યું તો પછી મારું શું થાય એની ચિંતા કરો છો ને ? તો **હું કહું છું કે જો આપ રણભૂમિમાં ખપી ગયા, તો વરમાળા પહેરી ચિતામાં આપના શબને હું ખોળામાં લઈને બળી મરીશ; અને વિજય પામીને આવ્યા તો કંકુ-ચોખે વધાવીશ."**

પાણી તો ચઢાવ્યું, ક્ષત્રિય ભાયડો જરા ચાલ્યો પણ ખરો; પણ પાછો અટક્યો. ક્ષત્રિયાણીને થયું, "હાય રે હાય ! આ તો જુલમ થાય છે ! કોઈ જોશે તો એને થશે કે આ પત્ની જ એવી હલકી હશે, કે જે પતિને રોકી રાખતી હશે. અથવા આ છોકરીના માબાપ કેવા મૂર્ખ કે આવા કાયરને દીધી !" બિચારા મારા યોગ્ય માતાપિતા વગોવાશે.

આ તો દૃષ્ટાંત છે. પણ તમારા જીવનમાં તમારી સ્થિતિ તરફ નજર કરજો. **આત્મહિતની કમાઈની પળે, સિદ્ધાંત રક્ષાના પ્રસંગે, દેવ-ગુરુ-ધર્મ પર આક્રમણોની કટોકટીની પળોએ લોહીમાં થનગનાટ કેવો છે, એ જોજો !** એ હશે તોજ જીવનસંગ્રામ ખેડવાનું થશે. સંગ્રામ શી રીતે ખેડાય ? શી રીતે ખેલાય ? જીવનસંગ્રામથી ગંજાવર લાભ મેળવવા છે ને ? **જીવનસંગ્રામનો વિષય મોટો છે પણ ગહન નથી. મોટો એટલે ભારે જવાબદારીવાળો છે. ગહન નથી** એટલા માટે કે બહુ સૂક્ષ્મતત્ત્વજ્ઞાનની જરૂર નથી. વિષય સમજ્યા પછી જીવનના આદર્શો ફેરવવા પડશે, પ્રવૃત્તિઓ પલટાવવી પડશે, વૃત્તિઓના વળાંક ફેરવવા પડશે. અનેકવિધ

ત્યાગ કરવા પડશે; ઉપરાઉપરી તન-મન-ધનના ભોગ આપવા પડશે. આત્માની એવી તૈયારી જોઈશે. સંગ્રામ માટે જાણે શું શું કરી નાખું એવી તમન્ના જોઈશે. મડદા-શાંતિની કાંઈ કિંમત નથી. ખુદ તીર્થંકર દેવ સુદ્ધાંએ એવા જીવનસંગ્રામ ખેલ્યા છે. એ માટે ખૂબ ખૂબ તમન્નાઓ સેવી છે. **ત્યારે એ મહાપુરુષો જીવન-સંગ્રામ ખેલીને વિજય વરમાળને વર્યા.** ત્યારે ત્રિભુવનનાથ શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બન્યા.

**ક્ષણિયાણીનો વિષાદ :-**

પેલા ક્ષત્રિય પાછા પગલાં માંડે છે. ત્યાં એને જોઈને નવ પરિણિતા સાચી શૂરી ક્ષત્રિયાણીનું પણ મોં પડી ગયું ! એના હૃદયને ઘા લાગ્યા, ગભરાઈ ઉઠી 'હા ! હા ! હું કોના પનારે પડી ?' કોણ ગભરાય ? રજપૂત કે રજપુતાણ ? **નવરંગી નવોઢા ગભરાય, તો શા માટે ? વિષયસુખ લૂંટાય એથી કે ક્ષાત્રવટ લૂંટાય એથી ?** ભલે એ બહુ ભણેલ ન હોય, પરલોકની વાત ન ય સમજતી હોય, પણ એટલું તો એના મનને નિર્ણિત છે કે **'જંગના રંગને ઝાંખો ન કરાય.** જંગમાં પતિ કદાચ પરલોક સીધાવો તો પણ પોતે જગતમાં મહાસતી-મહાસાધ્વી ગણાવાની ! જગત જાણશે કે 'જેના પનારે એ પડી, તે બહાદુરીથી ગયો છે !' આર્યદેશની નારીની આ ધગશ હતી. નારીરત્નો તો વિશેષ જંગલી એવા પશુ જેવામાંથી નર બનાવે છે, સંત બનાવે છે. આ ભારતભૂમિ છે. નારી એની આર્ય સંસ્કૃતિ અને શિક્ષણથી ઉત્તમ નર તો શું, દેવ અને મહાદેવ બનાવે છે. ઉચ્ચ સંસ્કૃતિના શિક્ષણ લઈ સાચાં જીવનસંગ્રામ ખેલાવનારી ભારતની સંસ્કૃતિ અને સંસ્કારી નારીઓ જબરદસ્ત પ્રેરણાના અમીપાન પાઈ શકે છે.

**કલંકની વિચારણા :-**

ક્ષત્રિયાણી મુંઝાય છે, "ગજબ થાય છે. એમનું કલંક એ મારા જીવનમાં કલંક ! એમના અને મારા માતાપિતાને કલંક ! લોક કહેશે શું ?" તે વખતે કલંકની આવી વિચારણા હતી. આજ કાળ ફરી ગયો છે. કલંક લાગવાની મોટે ભાગે આજે પરવા નથી. કલંક જાતને લાગો, કે કુટુંબને લાગો, કોઈ પરવા નહિ. આપણા જ દેશબંધુ, ધર્મબંધુ, જ્ઞાતિબંધુ બેકારી-ભૂખમરો આદિમાં સબડે તેની કોને પરવા ? 'અમારું ભરાઓ, બીજાની અમને પડી નથી.' એ એકજ વાત છે. સ્વાર્થ સાધવા માટે સાચું-જૂઠું (કાળાં-ધોરાં) કરી, યેનકેન પ્રકારેણ ભૌતિક પદાર્થો કેમ મેળવવા, તે માટે લક્ષ્મી કેમ મેળવવી-વધારવી, કે જે આખરે અવશ્ય મૂકીને જવાની છે, એક ધૂન આજે મોટે ભાગે દેખાય છે.

**ફરેલાં કાળમાં વધારે શૌર્ય જરૂરી છે :-**

ભૂમિ એજ છે, હવા એજ છે. જો કાલ ફર્યો તો તેની સામે વધારે શૌર્યની જરૂર છે. શક્ય એટલું તમામ થઈ શકે તેમ છે. ઈતિહાસમાં અનેક વાતો અંકાયેલી છે. તેમાં



જેવા વર્ણનો છે ભૂતકાલના, એવા આજે પણ નરનારી છે ! ક્યાંય ખૂણે રહી કામ કરનારા ! જંગલમાંના ગુલાબની જેમ, જે ક્યારે ઉગ્યું, ખીલ્યું, કરમાયું, તેની ખબર ન પડે, પરમાર્થની સુવાસ પાથરવામાં જીવન પૂરું કરે; પણ કોઈ જાણે નહિ.

પેલી ક્ષત્રિયાણી, હવે મૃદુતાને અળગી કરી, કડક બની બોલી, "પાછા કેમ ? શરમ નથી આવતી ?"

પેલો 'હેં હેં કરે છે, નવોઢાના મુખ સામે જોઈ જોઈને !'

**આ અબળા છે, પણ કર્તવ્ય-વિચાર-પરાયણ ! પેલો મરદ છે પણ મોહમૂઢ !**

ક્ષત્રિયાણી પૂછે છે, "હજીય શું વિચાર કરો છો ?"

પેલો કહે છે "વિચાર તમારો જ તો !"

હવે ક્ષત્રિયતનયા સંભળાવે છે, "શમશેરમાં જીવન સમજનાર ક્ષત્રિયને જ્યાં પ્રાણની પણ પરવા ન હોય, ત્યાં સ્ત્રીની પરવા ? લાવો મને આપો શમશેર."

પેલો કહે છે :- "તો તો મને જવામાંય શો વાંધો છે ? વાંધો છે તમારા વિયોગનો. હેં હેં હેં હેં–"

વાસના ગુલામડાઓને શું આવડે ? આજ 'હેં હેં હેં...!'

ક્ષત્રિયાણીને આવા પતિ સંઘાતે પાનું પડવા બદલ ભારે શરમ લાગે છે. કોણ શરમાય ? કાયર કે શૂરવીર ? અહીં તો શૂરવીર યુવતી કાયરની પત્ની બની શરમાય છે. શીખવા જેવો છે એનો સ્વભાવ.

એ કહે છે "તમારું કર્તવ્ય વિચારો ! જેની ખાતર તમે પાછા પગ ભરો છો, એ કાલે દગો નહિ દે, એની શી ખાત્રી ?"

એટલે સમજ્યા ને ? સ્ત્રીય દગો દે ! ને યુદ્ધનું કર્તવ્ય ગુમાવ્યું માથે પડે. એની ખાતર સિદ્ધાંતનો માર્ગ ન ચૂકાય. આ ક્ષત્રિયાણીના હૈયામાં માતા-પિતાએ કયા સંસ્કાર રેડ્યા હશે ? શ્રાવિકા (શ્રાવક પુત્રી) પરણીને સાસરે જાય, પતિને કયો પંથ સુઝાડે ? પણ કોણ ? ગળથુથીથી મલ્યું હોય તે ને ? આજે શિક્ષણ કયું ? આજે તમારી પુત્રીઓ-પુત્રોના શિક્ષણમાં તમે શું ધર્મસાધના, શુભભાવના, તત્ત્વચિંતન પૂરો છો ? ના, ઊલટું અવસર આવે શું માગો છો ? કેમ મેટ્રીક છે ? બી.એ. છે ! એમ.બી.બી.એસ. છે ! આજે ભારતની આ કંગાલ દશા છે માતા-પિતાને આ શિક્ષણનો મોહ છે, શાળામાં ભણાવવાનું શું ? પ્રત્યક્ષ છે પરિણામ ! શિક્ષકો, નેતાઓ, કુગુરુઓ, વાતાવરણ લગભગ સૌ જડસુખના હિમાયતી ! ત્યાં થાય શું ? પણ પ્રભુનો સંઘ આમાંથી બચવા-બચાવવાના ઉપાય કરી શકે. પહેલેથી સંસ્કાર સારા આપો. કુંભાર હાથમાં લીધેલી માટીનો ઘાટ તેમાં દારૂ પડે તેવો કરશે તો તે માટીનું ઠામ કલાલને ત્યાં જ જવાનું ?

**બીજા એક ક્ષત્રીયનો પ્રસંગ :-**

આજે શિક્ષણ સત્ય, દયા, સદાચાર વગેરેનું કે જડના વિજ્ઞાનનું ? આજની

રીતભાત, ફેશન, ઉચ્છ્રૃંખલતા, ઉદ્ભટ વેશ, આચાર વિચારને આલોકદર્શી કે પરલોકદર્શી ? તમારે પનારે પડેલા નિર્દોષ વારસદારોની જવાબદારી તમારે માથે છે. આ ભવથી હવે નીચેની ગતિ અટકે તેવું શિક્ષણ તમારે આપવાનું છે. શ્રાવક-શ્રાવિકા શિક્ષણ કેવું આપે ? એક ક્ષત્રિયની વાત છે. કોઈ રાજકુમારીને રક્ષણ આપવા અંગે એ પોતાની માતાને પૂછવા આવ્યો, 'તેને બચાવવા જવું કે નહિ ?' માતાને ખેદ થાય છે. પોતાની જાત માટે ! પુત્ર ખેદનું કારણ પૂછે છે. માતા કહે છે, 'બેટા તારો વાંક નથી; વાંક મારો છે. તું નાનો હતો ત્યારે મારે હાથે થયેલી ભૂલનું આ પરિણામ છે કે તું આજે શરણાગત કન્યાને બચાવવા જાઉં કે નહિ, એ પૂછવા આવે છે ! તું હતો ધાવણો. એકવાર હું સ્નાન પૂજામાં રોકાયેલી, તું ભૂખ્યો થયો, લાગ્યો રડવા, દાસી હાજર હતી. કોઈ દિવસ નહિ, ને તેજ દિવસે મેં મૂર્ખીએ તેને ઈશારો કર્યો. તેણે તને ધવરાવ્યો, તરતજ હું ભાનમાં આવી, મારી ભૂલ સમજાણી, પૂજામાંથી ઉઠી તરત જ મેં તને ઊંધો કર્યો. માથું નીચે, પગ ઊંચે. ઉલટી થઈ, દૂધ નીકળી ગયું. છતાં બેટા જે એક બે ટીપાં અંદર રહી લોહમાં ભળ્યાં હશે, ને રગેરગમાં પરિણમી ગયાં હશે, તેનું જ આ પરિણામ છે. વાંક મારો ! નહિતર આમાં પૂછવાનું હોય ?'' પેલો સાંભળી લજવાણો; તરતજ ઉપડ્યો અને રાજકુમારીને રક્ષણ આપ્યું.

**સંતાનોના સંસ્કાર બગડવા માટે વાંક કોનો ?**

**વૃત્તિ-પ્રવૃત્તિનું ઘડતર ગર્ભથી થાય છે.** આર્ય દેશમાં શું નર, કે નારી, શું બાલ, યુવાન, કે વૃદ્ધ, આ સંસ્કાર હતા. બાળકોને ગર્ભથી સંસ્કાર પડે છે. માતાની વૃત્તિ તથા પ્રવૃત્તિના ઓળા ગર્ભ પર પડે છે એની અસર ગર્ભમાં ઉતરે છે. માટે ગર્ભથી જ આ ભારતવર્ષની ભવ્ય ભામિનીઓ એક પણ દુષ્ટ વિચારનેય હૃદયને સ્પર્શવા દેતી નથી ! તો તેના આચારની તો વાત કેટલી ઉજળી ! વિચારનું પ્રતિબિંબ ગર્ભમાં પડે છે. માટે એક પણ મલીન વિચાર સંતાન ગર્ભમાં હોય ત્યારથી નજ કરાય. એવા વિચારની ઝાંખી પણ ન થાય. તેની સતત કાળજી રાખે. આથી જ ગર્ભિણી સ્ત્રીઓએ હલકા પ્રકારની વાતો પણ ન કરવી કે ન સાંભળવી જોઈએ. તેવા ચેન ચાળાય ન કરવા જોઈએ, હલકું વાંચન ન વાંચવું જોઈએ, તેવાં દૃશ્યો ન નિહાળવાં જોઈએ.

**જીવનસંગ્રામ ખેલાવનારે આંખ લાલ પણ કરવી પડે :-**

પેલી ક્ષત્રિયાણી પાણી ચઢાવે છે, છતાં હજી આ મોહાંધને આગળ વધવાનું મન થતું નથી. એને ભાયડો (ક્ષત્રિય) કહેવો કે નહિ ? શાસ્ત્ર પણ તમને ત્યાગ વૈરાગ્યમાં વીર્ય ફોરવવા સતત કહે છે. પણ તમે તમારા ભોગ રાગમાંથી જરાય ન જ ચસકો તો તમે પુરુષાર્થી કે નિઃસત્ત્વ ?

**મંત્રી વિમલશાનો** પ્રસંગ ખબર છે ને ?



પોતાની પત્નીને પૂછે છે કે ''કાં મંદિર મળશે, કાં પુત્ર. કહો, શું માંગવું ? શું જોઈએ ?''

પત્ની પરમ-શ્રાવિકા છે, કહે છે, ''મંદિર મળશે તો મોક્ષનાં દ્વાર ખુલ્લાં થશે, પુત્રથી તો વિષમય સંસાર વેલો વધશે.''

કેવી સાત્ત્વિક પત્ની ! પુત્રની ઈચ્છા જરૂર છે; પણ મંદિરનો લાભ ગુમાવીને નહિ ! મંદિરનો લાભ મળવામાં પુત્રનો લાભ જતો રહે, તો ભલે જાઓ; એટલે સુધીની તૈયારી છે ! પતિ વિમળશા તો મહાસાત્ત્વિક છે જ. પત્નીય એવી મળી છે. ત્યારે, પેલી ક્ષત્રિયાણી પણ પોતાના ક્ષત્રિય પતિને સંગ્રામ ખેલાવવા માગે છે. ભલે કદાચ સૌભાગ્ય હણાય. પણ પતિ નિઃસત્ત્વ બન્યો છે. એવા પતિને જરા ઠપકો પણ આપવો પડે, જરા આંખ પણ લાલ બતાવવી પડે, ટોણાં પણ મારવાં પડે. અમારે પણ તમારી પાસે જીવન-સંગ્રામ ખેલાવવાના છે; એટલે ટોણાં ઠપકા કરીએ ને ? યાદ રાખો, ટોણાં ઠપકાથી પણ આત્મા જાગે તોય એ ઉદયની નિશાની છે. પણ ક્ષત્રિય બચ્ચો હજી જાગતો નથી.

**ક્ષત્રિયાણીનો ટોણો :-**

**ક્ષત્રિયાણી કહે છે, ''ક્ષત્રિયાણી માતાની કુક્ષિને ભાર આપી એનાં યૌવન બગાડી જીવન તમે આ ધર્યાં ? તુચ્છ મોહમાં ઉચ્ચ ક્ષાત્રવટનાં કર્તવ્ય ચૂકતાં શરમ નથી ?''**

**ક્ષાત્રવટનાં અદ્ભુત ધોરણ :-**

કેવા શબ્દો છે ક્ષત્રિયાણીના ? પવૈયાને પાણી ચઢાવે એવા ! કેમ ? ઉત્તમ કુળનું ફરજંદ છે. ક્ષાત્ર લોહીનો પાક છે. પિતાના ઘેર ક્ષાત્રવટના સંસ્કારો પામેલી છે. એટલે પતિ એની એવી દયા ખાય કે 'કદાચ હું રણભૂમિમાં ખપી જાઉં તો આ બિચારીનું શું થાય ?' એની એ વીર અંગનાને મન કોઈ કિંમત નથી, એમાં પતિનું કશું જ ડહાપણ એને દેખાતું નથી, 'ચાલો ઠીક છે પતિ સમજદાર મળ્યા, આપણા સંસારસુખ સલામત રહેશે' એવી કોઈ સંતોષની લાગણી એને નથી થતી. એને તો ઊલટું એમ થાય છે કે **'અરે મારા પતિ આવા કાયર ? મને ક્ષત્રિય-પત્નીનો જશ નહિ અપાવનારા ? મહાન રણસંગ્રામને બદલે મારા મળમૂત્રભર્યા ગાત્ર સામે જોનારા ? ક્ષાત્ર કર્તવ્યને મૂકી બાયડી સામે જોવાનું પશુકર્તવ્ય બજાવનારા ?...'** વિચારવા જેવું છે આ સાધ્વી નથી; બ્રહ્મચારિણી નથી; સંસાર-સુખ જોઈ નાખ્યા નથીઃ સંસારસુખની અણસમજુ નથી. સંસારસુખના કેટલાય હુંફાળા મનોરથ કરીને હજી હમણાંજ એ પૂરા કરવાનો અધિકાર મેળવ્યો છે. કાયા સુકોમળ સોવનવરણી છે. પતિ પણ રૂપ-લાવણ્ય ભરેલો મળ્યો છે. આ સ્થિતિમાં એને જાણે એની કોઈ ભૂખ નહિ, કોઈ કિંમત નહિ, તે પતિ રણમેદાને સંચરવો જ જોઈએ એવું ઈચ્છે છે. એય પરવા નથી કે 'યુદ્ધમાં નથી ને કદાચ પતિનું મરણ થાય તો જીવનભરના

સંસારસુખ નાથ પામે તો શું થાય ?' આ પરવા પણ નથી. તેમ, પતિ બિચારાએ શું સુખ જોયા, એવીય દયા નથી. એકજ ધૂન છે કે ક્ષત્રિય-ક્ષત્રિયાણીપણાના મહાન કર્તવ્ય પહેલાં બજાવવાં, માનવદેહનું મોટું કાર્ય વિષયક્રીડા નથી. માનવજીવનની મહત્તા ક્ષાત્રધર્મના પાલનમાં એને લાગે છે. **પશુદેહ કરતાં માનવદેહ લાખો દરજ્જે ઊંચો. તે એને રૂપસ્પર્શાદિ વિષયોથી વિડંબવા માટે નહિ.** શ્રાવિકા રાજકન્યાઓ અને શ્રેષ્ઠિપુત્રીઓ પણ આવા ઊંચા ખ્યાલને ધરનારી હતી. તેથી સર્વશ્રેષ્ઠ ધર્મકર્તવ્ય આવીને ઊભું રહેતાં ભોગવિલાસ વીસરાઈ જતા. એટલે જ સાંભળીએ છીએ કે પૃથ્વીચંદ્ર ગુણસાગર સમરાદિત્ય જંબૂકુમાર વગેરેની પત્નીઓ ગલીચ સંસારસુખને ભૂલી માત્ર પતિજ કર્મસંગ્રામ ખેલે એમ નહિ, પણ પોતેય એ ખેલવા તૈયાર થઈ ગઈ. પશુજીવન કરતાં મનુષ્યજીવનનાં ઊંચાં કર્તવ્ય ન સમજે, પશુ દેહ કરતાં મનુષ્યપણાનો દેહ કોઈ વિશિષ્ટ સાધ્ય સિદ્ધ કરવા માટે મળ્યો છે, તેય અનંતા પુણ્ય ખર્ચ કરવા ઉપર મળ્યો છે, એવું ન સમજે તેનું ભેજું પણ માનવી ભેજું કે પશુનું ભેજું ? પશુના અજ્ઞાન ભેજામાં હીરા જેવા માનવ ભવ ખરીદવાના મહામૂલ્યનો અને સદુપયોગના મહાલાભનો વિચાર સરખો ક્યાંથી આવી શકે ?

**ક્ષત્રિયાણી તલવાર લે છે :-**

ક્ષત્રિયાણીની ધીરજ ન રહી. હવે એણે ખાલી મોંઢાનો ઉપદેશ બંધ કર્યો. મોહનાં ઘેલાં કરતા પતિના હાથમાંથી તલવાર માગી લીધી. પતિ જાણે કે 'કદાચ એ પોતે લડવા જવા માગતી હશે ! જોઉં એ કેવી રીતે જવા નીકળે છે ! જો એ જવા નીકળે તો તો પછી મને જ જતાં આવડે છે.' ગમે તેમ પણ તલવાર એણે પત્નીને આપી.

**વિશાલ માનસની ચાવી :-**

**અહીં આ કર્તવ્યની સંગ્રામભૂમિ પર રણચંડી બનેલીની યોજના આખી જુદી જ છે !** અને એ પતિના મોહાંધતાથી તુચ્છ બનેલા માનસમાં ન સમજાય એ સહજ છે. **સ્વયં ઉચ્ચ યોજનાઓની સ્ફુરણા થવી, કે બીજાના ઉચ્ચ આશયોની કલ્પના આવવી તે માટે વિશાલ માનસ જોઈએ છે. મનની વિશાલતા પણ તો જ બની શકે કે જો કોઈ બીજી-ત્રીજી લંપટતા, મોહાંધતા, ક્રોધાંધતા, વિષયાંધતા, વગેરે ન હોય. ઊંચી કોટિની સાત્ત્વિક વિચારણા કરવા માટે એ બધી અંધતા દૂર ફગાવી દેવી જોઈએ.** આ ક્ષત્રિયાણી અને ક્ષત્રિયમાં આટલો બધો ફરક છે, કે પતિ ખોળીયે **મરદ** છતાં હૈયાનો અંધ અને બાયલો બન્યો છે ! ને પત્ની **અબળા જાત** છતાં હૃદયની દેખતી અને મર્દાનગીવાળી છે. કામમાં, વિષયોમાં અંધ નથી. અલબત્ એ સાધ્વી નથી. એય હમણાં જ પરણીને હૈયે સંસાર સુખનો કોડ લઈને આવી છે. **પરંતુ તે કોડ અંધતાના કે લંપટતાના ઘરના નહિ. કેમકે એની દૃષ્ટિ સમક્ષ એથી**



**ઊંચા પારમાર્થિક માનવ કર્તવ્યો છે.** જુઓ ત્યારે, એવો અવસર આવી લાગ્યો દેખાય કે જ્યાં હવે સંસારસુખની લાલસા પડી મૂક્યે જ છૂટકો છે જો ઉચ્ચ કર્તવ્ય સાધવા હોય, જો જીવનમાં અપકીર્તિના કલંક ન વહોરવા હોય, આવું જ્યાં દેખાય, તે વખતે જુઓ કે માણસ કેટલા બધા સાહસિક પરાક્રમ સુધી જઈ શકે છે !

**રજપુતાણીનો આત્મભોગ :-**

રજપુતાણીએ એક હાથમાં તલવાર પકડી. બીજા હાથમાં પોતાના માથાનો ચોટલો પકડ્યો. પછી બોલી, **'જુઓ આ મનોહર મોંઢાએ તમને લડાઈમાં જતા અટકાવ્યા છે. પણ યુદ્ધનું ક્ષાત્રકર્તવ્ય કેમ પડતું મૂકાય ? તો...'** એમ બોલતાં, રજપુત પતિ હજી તો આશ્ચર્ય અને ઇંતેજારીમાં પડ્યો છે કે આ આગળ શું કહે છે, અને શું કરવા ધારે છે, ત્યાં તો આત્મભોગ દેવા આતુર બનેલી ક્ષત્રિયાણીએ તરત જ મજબૂત હાથે ખટાક કરતેક તલવાર પોતાના ગળા પર ચલાવીને ગળું કાપી નાખી, પતિના હાથમાં આપતાં કહ્યું, **"લ્યો, આ ગમતું અને દયાપાત્ર લાગતું મોઢું સાથે રાખી યુદ્ધમાં જાઓ એટલે નિરાંતે યુદ્ધનું કર્તવ્ય હવે બજાવી શકશો."** ડોકામાંથી અને ધડમાંથી લોહીના ફુવારા છૂટી પડ્યા. એ જોતાં કમકમી આવી જાય પણ એ ફુવારાએ અને સ્ત્રીના આવા પરાક્રમે અહીં તો રજપુતનું થીજી ગયેલું લોહી ઉકાળી મૂક્યું. એક બાજુ ભારે પશ્ચાત્તાપ અને બીજી બાજુ જ્વલંત પ્રેરણા જાગી ઉઠી, શાનો પશ્ચાત્તાપ ? પોતે ક્ષાત્રવટ ભૂલી સ્ત્રીરત્નના પ્રાણનાશમાં નિમિત્ત બન્યાનો પશ્ચાત્તાપ ! પ્રેરણા શાની ? મરણીઓ બની યુદ્ધ ખેલવાની.

**જીવન સાથે સંગ્રામ :-**

રણભૂમિમાં સંગ્રામ જુદા અને જીવનસંગ્રામ જુદા. ક્ષત્રિયાણીએ આ જીવનસંગ્રામ ખેલી બતાવ્યો છે. એટલે ? એટલે એજ કે પોતાના **જીવન સાથે જ સંગ્રામ ખેલી જીવનને કર્તવ્યની ભૂમિ પર સુવાડી દીધું. 'હું જીવતી રહીને મારા ક્ષત્રિય પતિને મોહ કરાવી કર્તવ્યથી ચ્યુત કરી રહી છું ને ? ભલે મોહમાં હું એમને પ્રેરતી નથી;** પરંતુ પતિને યુદ્ધભૂમિ પર જવાની આડે મારું જીવંત શરીર આવી રહ્યું છે ને ? તો તો આ મારું જીવંત શરીર અને આ મારું જીવન મહા-દુશ્મનભૂત છે, જે અમારાં કર્તવ્ય ભૂલાવે છે. માટે એની સાથે સંગ્રામ ખેલી એનો તો નાશ જ કરવો જોઈએ.' આ હતી વીર અંગનાની ખ્વાએશ ! મહાત્માઓ જ્યાં પોતાના જીવનને મોક્ષસાધનાની આડે આવતું જોતાં, ક્યારેક એ ઠગી બેસે એવું જોતાં, ત્યાં એ પણ ખુદ જીવન સાથે સંગ્રામ ખેલી અનશનાદિ દ્વારા એનો અંત થવા દેતો. સાત્ત્વિક નર-નારીઓમાંના પણ કોઈ દેવગુરુ ધર્મરક્ષા ખાતર, તો કોઈ ગુણ કે વ્રત ટકાવવા ખાતર, જીવનસંગ્રામ ખેલી સ્વજીવનને જ મહાત કરતા.

## • જીવન સાથે જ સંગ્રામના દૃષ્ટાંત •

**ચંદનબાળાની માતાએ** જંગલમાં સુભટના મોંઢે પોતાને પત્ની બનાવવાની વાત સાંભળી શીલરક્ષા ખાતર જીવન સાથે સંગ્રામ ખેલ્યો ! કેમ ? તો કે, જીવન મોજુદ હોય તો એ જીવન આત્માને શીલ પર આક્રમણ જોવરાવે ને ? માટે જીભ કરડીને જીવનનો અંત આણ્યો !

**શ્રી રામચંદ્રસૂરિજી મ. :-**

'બાલચંદ્રને આચાર્ય પદવી ન આપવી' એવી ગુરુદેવશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનું પાલન બરાબર બજાવવા **શ્રી રામચંદ્રસૂરિજી મહારાજે** જીવનસંગ્રામ ખેલ્યો. કેમકે રાજા અજયપાલે કહ્યું કે 'જીવવું હોય તો પદવી દો.' એમને દેવી નહોતી, તેથી રાજા અજયપાલે ગોઠવાવેલી ધખધખ અગ્નિ ધીખતી લોહ-કઢાઈ પર ચઢી જીવનનો અંત આણ્યો. શું એ ? **જે જીવન આજ્ઞાનો ભંગ કરવામાં ઉપયોગી બને, એ જીવન સાથે પહેલેથી સંગ્રામ ખેલી એનો અંત લાવવો.**

**વસ્તુપાલ :-**

ગુરુનું માન અખંડિત તપતું રાખવા મંત્રી વસ્તુપાલે રાજા વીરધવલ સામે માથું ઊંચક્યું. ક્યાં સુધીની તૈયારી ? જીવન સંગ્રામ સુધીની.

**રત્નશ્રાવકે** સંઘરક્ષા ખાતર જીવન-સંગ્રામની તૈયારી કરી. આવા તો અનેક દૃષ્ટાંતો છે.

**ડોકું ગળે બાંધી યુદ્ધમાં :-**

ક્ષત્રિયાણીની હિંમત કેટલી ! કેવુંક આત્મ-બલિદાન ! **જાત મહિલાની છતાં આત્મામાં જાગ્રતિ આવીને કર્તવ્યની ખેવના પાછળ જ્યાં મહાશક્તિ સજીવન બને છે, ત્યાં પછી વીરનાં પરાક્રમ ખેલાતાં વાર નથી લાગતી !** આંખ સામે નારીનું આ સત્ત્વ જોયા પછી, એના પ્રત્યેના મોહમાં ચલિત થઈ ગયેલું પોતાનું સત્ત્વ રાજપુતે સુસ્થિર કર્યું. તેથી હવે પત્ની ગુમાવ્યાનો શોક નથી. પણ એ ક્ષાત્રવટ બજાવી ગઈ એનું ગૌરવ છે. એનું ડોકું માથાની કેશની લટો પોતાને ગળે બાંધીને પોતાની છાતીએ લટકાવ્યું ! ઘોડે ચઢીને ગયો લડવા. લોકોના વિસ્મય વચ્ચે યુદ્ધને જીતી આવ્યો ! **કેમકે અંગ-અંગમાં વિજળીક શક્તિ જાગી ઊઠી હતી ! રોમ-રોમમાં સંગ્રામનો નાદ ગાજી ઉઠેલો !** જીવનસંગ્રામ ખેલવા હોય તો આવી વિજળીક શક્તિ જગાવવી જોઈએ. રજપુતાણીની જેમ કર્તવ્ય-પાલનની આગળ મોહનાં ને રંગરાગનાં યાવત્ કાયાસુદ્ધાંનાં બલિદાન આપવા સુધીનો થનમનાટ જોઈએ. આ થનમનાટ નથી એટલે જ્યાં ને ત્યાં ડરપોકપણું દાખવાય છે. નહિતર તો એમ થાય કે જીવન એટલે શું ચીજ હતી ? એક દિ જીવનનું હાંલ્લું અવશ્ય ફૂટવાનું તો છે



જ. પછી એની શી બહુ મરામત ?

## • પાપવૃત્તિઓ સાથે સંગ્રામ •

આપણે જે આજે જીવનસંગ્રામની વાત કરવી છે તે જરા જુદી છે. કેમકે આપણી, સીધો જીવન સાથે સંગ્રામ ખેલી એનો અંત આણવાની વાત નથી. આપણો વિષય તો **જીવનભર સંગ્રામ** ખેલવાનો છે. કોની સાથે સંગ્રામ ? કહો, **અનાદિની ચાલી આવતી અને અહીં સતાવતી અંતરની મલિન વૃત્તિઓ સાથે અને કર્મ સાથે ઝગડવાનું છે. મોહાંધતા, ક્રોધાંધતા, કામાંધતા, વિષયાંધતા, વગેરેની મલિન વૃત્તિઓ સાથે જીવનભર ઝગડી મોહનિદ્રા ત્યજી તત્ત્વ જાગૃતિનાં જીવન જીવવાનાં છે. માટે કહો,**

**જીવન-સંગ્રામ એટલે 'જીવન એજ સંગ્રામ; જીવન વડે સંગ્રામ; જીવન માટે સંગ્રામ; જીવનનો સંગ્રામ, જીવનમાં સંગ્રામ, જીવનભર સંગ્રામ, જીવન સામે સંગ્રામ'** આવા અનેક અર્થ થઈ શકે છે.

(૧) જીવન એજ સંગ્રામ એ અર્થ લેતાં જીવન એ સંગ્રામ જેવું દેખાય. જેમ કે, કેટલાક માણસોનું સામાન્ય પણ બોલવું ચાલવું જાણે લઢતા હોય એવું દેખાય છે. એવી રીતે અહીં લડાઈ આંતરિક લેવાની છે. તો માણસનું વિચારવું, કલ્પના કરવી, બોલવું વગેરે એવું હોય કે એ આંતરિક સંગ્રામ રૂપે દેખાય. એમ લાગે કે એના અંતરમાં કંઈક મથામણો ચાલી રહી છે.

(૨) જીવનનો સંગ્રામ એટલે પણ એવું, **કે જીવન જે પસાર થતું જાય તે સંગ્રામ ખેલતું પસાર થતું હોય.** અર્થાત્ જીવનની પ્રત્યેક પ્રવૃત્તિ દોષો-દુર્ગુણો સામે ઝગડી રહી હોય.

(૩) અગર તો જીવન સામેનો સંગ્રામ પણ હોઈ શકે. એથી એ બને કે પાપવિચારો ભર્યા, કે પાપ પ્રવૃત્તિઓ ભર્યું જે જીવન, તેની સામેજ લડાઈ. અશુભ જીવન સાથે લડીને એવો આંતરિક ખરાબ જીવનનો અંત આણીએ, એ પણ જીવન-સંગ્રામ ખેલ્યો ગણાય. એનુંય નામ જીવનસંગ્રામ.

(૪) અથવા એને દૂર હઠાવવા જીવનભર મથીએ એ રીતે પણ જીવન-સંગ્રામ ખેલ્યા ગણાય.

(૫) અથવા ઉચ્ચ ગુણભર્યા જીવન માટે જે આવા સંગ્રામ ખેલીએ તે પણ જીવનસંગ્રામ.

બધાનો સાર એકજ છે કે બહાર આજસુધી બીજા ત્રીજા સાથે બહુ ઝગડ્યા. હવે અંદરમાં ઝગડો કરીએ. પણ તે ધર્મવૃત્તિઓ સામે નહિ, કિન્તુ પાપવૃત્તિઓ સામે. પરમાર્થ વૃત્તિઓ સામે ઝગડવાનું નહિ, પણ આપણી સ્વાર્થ વૃત્તિઓ સામે ઝગડવાનું.

**ધર્મવૃત્તિઓ સામે લડો નહિ : સંયોગનાં બહાનાં :-**

કેટલીક વાર એવું બને ને છે કે આ ઉચ્ચ ભવમાં ધર્મ કરવા, ને પરમાર્થ સાધવા માટે માંડમાંડ ગુરુનો ઉપદેશ કે મિત્રની સલાહ મળી. પણ ત્યાં પાછું જીવને એનાથી જાગતી સારી ધર્મવૃત્તિ સામે જ લડવાનું મન થાય છે, અને લડે છે ! મન એમ વિચાર્યા કરે છે કે "આ સાધુઓ શું લઈ બેઠા છે ? લ્યો, 'ધર્મ કરો, દાન કરો, તપ કરો' એમ બોલી કાઢ્યું ! બોલવું સહેલું છે, પણ ખબર છે એમને કે આજે કાળ કેવો આવી લાગ્યો છે ? અમારે ઉપાધિઓ કેટલી ! શરીર કેવાં ! પૈસા ક્યાં છે ?..." શું છે આ ? ધર્મવૃત્તિ સામે લડાઈ. જાણે ધર્મવૃત્તિને કહે છે 'બસ, તું આઘી ખસ. અહીં પેસીશ નહિ !' અથવા મન એમ લોચા વાળે છે કે 'ભાઈ ! સાધુ તો બરાબર કહે છે. પરંતુ આજે આપણા સંયોગ બરાબર છે ?' શું સંયોગ ? લગન ખર્ચના, કે બીજા દુન્યવી પ્રસંગના ખર્ચના સંયોગ માથે ઊભા છે. તેમાં બીજે ન પહોંચાય.' એટલે ? માત્ર ધર્મખર્ચના સંયોગ નથી. કોઈ દુનિયાના કારણે, કે રોગના કારણે ભૂખ્યા રહેવાના સંયોગ છે ! તપધર્મના માટે હાલ સંયોગ નથી ! અથવા મન કહેશે 'હું તો ધર્મ કરવા ખૂબ તૈયાર છું; પણ હવે આ ઘરના માણસને દુઃખ લાગે છે, એ કકળાટ કરે છે. ત્યાં ધર્મ શી રીતે કરું ? આમ તપના, દાનના સંયોગ નથી. ઠીક, ત્યારે ક્ષમા નમ્રતા રાખવાની વાત આવે તો ? તો એમ થાય કે 'શાની ક્ષમા કરે ? શેના એવા દબાઈ જઈએ ? એમ દબાયા રહીએ તો તો જીવવું ભારે પડે...' આ બધી ધર્મવૃત્તિ સામે લડાઈ છે.

ધર્મવૃત્તિઓ અને ધાર્મિક વલણ સામે લડવાનું ન થાય એ ખૂબ જ તકેદારી રાખવાની છે. ત્યારે પાપવૃત્તિ સામેની સંગ્રામની આતશ તો જરાય બુઝાવા દેવા જેવી નથી. એટલું ખૂબ જ સમજી રાખવા જેવું છે કે આ સંસારમાં આપણા જેવાની અનાદિ અનંત કાળની ઘટમાળમાં ધાર્મિક વલણ, પવિત્ર વિચાર, વગેરેની તો શૂન્યતા જ હતી. હવે માંડ એ ધાર્મિક વૃત્તિ જ્યારે થવા માંડી છે, તો એને તો હવે વધાવીજ લેવી જોઈએ. અન્યો પણ કહે છે કે **'कृष्णभक्तिरस-भाविता-मति-र्लभ्यतां यदि कुतोडपिलभ्यते'** અર્થાત્ પરમાત્મા પ્રત્યેના ભક્તિરસથી સંસ્કારિત થયેલી બુદ્ધિ જો ક્યારેય જાગતી હોય, મળતી હોય તો એને સત્વર જગાડી દો, મેળવી લો. આગળ કહ્યું છે **'तस्य मूल्यमिह लौल्यमे-ककल्पकोटिसुकृतैरवाप्यते'** તે લાભનું મૂલ્ય કરોડો યુગોના પુણ્યોથી ઉભું થાય છે, અને તે ચપળતા રૂપ છે. અર્થાત્ કરોડો જન્મોના સુકૃતો ભેગા થયા પછી સંસારભાવમાંથી તમારું ચિત્ત ખસનારું બનાવો, ત્યારે ત્યારે પ્રભુભક્તિનો રસ ઉભો થાય. પણ તે પાછો ચપળ સમજવો, ખસી જતાં વાર નહિ.

હવે વિચારો કે આવો મહા મોંઘેરો ભક્તિરસ મળવાના સંયોગ ઊભા થયા



હોય, એને વધાવી લેવાના બદલે જતા કરે; અર્થાત્ એવા સંયોગમાંથી ભક્તિરસ ન જગાડી દે, ચિત્તને એમાં તરબોળ ન કરી દે, એ કેવીક ભયંકર મૂર્ખાઈ ગણાય ! કોઈની પર દયા કરવાનું, ક્ષમા દાખવવાનું, નિઃસ્વાર્થ દાન કરવાનું વગેરે ધાર્મિક વલણ, ધાર્મિકવૃત્તિ ક્યાં સસ્તી પડી છે ? માંડ જાગવા જતી હોય ત્યાં જો એની જ સામે માનસિક લડાઈ ઊભી કરે, તો પછી એ મરી પરવારેલી ધાર્મિકવૃત્તિ સામે કદીય લડો નહિ. એવું મનોમંથન જરાય ન કરો કે જે ધાર્મિકવૃત્તિનો સામનો કરતું હોય; ધાર્મિકવૃત્તિને ગૌણ બનાવી દઈ, ભુંસાવી નાખી પાપની વૃત્તિ, સાંસારિક સુખ-સન્માનની વૃત્તિને વિજેતા બનાવતું હોય. દા.ત. દાનનો ભારે ઉપદેશ સાંભળ્યો. દાનની વૃત્તિ થઈ. પણ પાછો વિચાર આવ્યો કે આપણે ક્યાં બહુ પહોંચતા છીએ. ત્યાં પેલી દાનવૃત્તિ સામે લડાઈ જાગશે; અને એ દાનર્મની વૃત્તિને બિચારીને અંતે વિદાય લેવી પડશે. કોઈને લાખો રૂપિયાની શ્રીમંતાઈ છોડી સાધુ બનતો જોયો. મનમાં થયું કે 'અહો કેવો અદ્‌ભુત ત્યાગ ! હું પણ છેવટે કાંક તો કરું' પરંતુ પાછું થયું કે 'મારે સંયોગ ક્યાં અનુકૂળ છે ? શરીર માંદું છે, સમય ખરાબ છે...' વગેરે ગડમથલ ચાલી એ શું ? ધર્મવૃત્તિ સામે નહિ. ધર્મવૃત્તિ સાથે તો મિત્રતા જાળવવાની છે. હા, પાપવૃત્તિઓ સામે પળેપળે ઝગડતા રહેવાનું છે, તેય જીવનભર માટે જીવન-સંગ્રામ !

**૧. ખોટી લાલચોરૂપી પાપવૃત્તિઓ.**

**પાપવૃત્તિઓ બે જાતની છે.** ખોટી લાલચો અને ખોટી લાગણીઓ ઈન્દ્રિયો વિષયોની લાલચો, ને એના સાધનભૂત લક્ષ્મી વગેરેની લાલચો, એ પાપવૃત્તિઓ છે. ઈન્દ્રિયો માટે મનગમતાં રૂપ, મનગમતાં સિનેમા, મનગમતી દેખાવડી ચીજો. સૂરીલા સંગીત, સુગંધીદાર પદાર્થો, મુલાયમ વસ્ત્રો અને ગદેલા વગેરેના સ્પર્શ, ગોરી સ્ત્રીઓનાં રૂપ સ્પર્શ, એનાં મીઠા લાગતાં અંગોપાંગ, ટેસદાર ખાવાની ચીજો, પીવાનાં પીણાં; આ બધા વિષયો છે. એનાં આકર્ષણ, એમાં સારાપણાની કલ્પના, એના સ્મરણમાંય આવતી મીઠાશ, એની આશાઓ, એ ખોટી લાલચો છે; ને એ પાપવૃત્તિઓ છે. જીવને એ કાંઈ આજકાલની નથી. કોઈ સ્કૂલ-કોલેજમાં એ શીખવા જવું પડતું નથી. જન્મોજન્મની આવડત છે. બચ્ચાથી માંડી સૌને એ આવડે છે, કેમકે **સંસાર નામની કોલેજમાં આ પાપવૃત્તિઓનો અનંત અનંત કાળનો અભ્યાસ થયેલ છે.** તેથી જ જીવને એ આરપાર ઓતપ્રોત થઈ ગઈ છે. **નરક જેવા ઘોર સીતમના સ્થાનમાં પૂર્વભવની પાપવૃત્તિની શિક્ષા તરીકે જીવનાં શરીર આખાં છુંદાઈ જાઓ, પણ હજીએ પાપવૃત્તિઓ છુંદાવા તૈયાર નથી ! એટલી બધી એ જીવના જાણે સ્વભાવરૂપ બની ગઈ છે !** ખરી રીતે આપણા જીવનો આ સ્વભાવ હોય નહિ; છે જ નહિ. સ્વભાવ તો શુદ્ધ જ્ઞાનનો, દર્શનનો, વીતરાગતાનો ! પરંતુ અનાદિના અભ્યાસથી આ આકર્ષણો, લાલચો અને લાગણીઓ

વગર મહેનતે સહજરૂપે થઈ ગઈ છે. દિવસ અને રાત એ સતત ચાલુ છે. **હજી વીતરાગ પરમાત્માની વાણી યાદ ન આવે, એવું બને છે. પણ આ લાલચોના સંવેદન અને વિચારો ચાલુ જ છે. એથી જ જીવ પાપકર્મનાં પોટલાં બાંધે છે; કુસંસ્કારોને મજબુત કરે છે, અને સંસારચક્રની ચોરાશી લાખ યોનિઓમાં દુઃખની મહાવિટંબણા પામતો નિરાધારપણે ભમે છે ! અહાહા ! કેવી મહાદુર્દશા ! કેવી દયાપાત્ર સ્થિતિ ! હે પ્રભુ ! ઉગાર, ઉગાર મને એ પાપવૃત્તિઓમાંથી.** વર્તમાન જીવનમાં પણ એ લાલચોની પાછળ માનવતા ગુમાવાય છે; મહાઝગડા મચે છે; હાયવોય, ચિંતા, ઉન્માદ, અભિમાન વગેરે હૃદયક્લેશોનો પાર નથી રહેતો ! આજની દુનિયામાં આ બરાબર દેખાય છે. સામસામા બે ભિખારીના ઝગડાથી માંડી, અમેરિકા રશિયા જેવા મોટા મોટા દેશના ઝગડા પ્રત્યક્ષ છે. લોકમાં પ્રપંચ હુંશાતુંશી અને રગડા ઈત્યાદિ શાથી છે ? કહો, ખોટી લાલચોની વધી ગયેલી માત્રાથી. માત્ર ખાનપાનનીજ લાલચ નહિ, કિન્તુ અભક્ષ્યની લાલચ, રાત્રિભોજનની લાલચ, લક્ષ્મીની લંપટતા, ફેશન ફીશીયારી અને મોજશોખની લાલચ, લક્ષ્મીની લંપટતા, ફેશન ફીશીયાર અને મોજશોખની લાલચ, ઉપરાંત દુનિયામાં વટબંધ ફરવાની, માનસન્માન, અને સત્તા ભોગવવાની લાલચનો આજે **પ્લેગ કોલેરા** ફાટ્યા છે ! એની પાછળ મહાન પ્રપંચ, કુટુંબ ક્લેશો, અનાચાર, બળાત્કાર, ચોરી, લૂંટફાટ, મારામારી વગેરે પૂરજોશમાં ચાલી પડ્યું છે. એ લાલચોને ઓછી કરવા આજે ભરપૂર ભાષણો થાય છે; બૂમો મરાય છે ! છતાં એમાં ઓછપ થવાને બદલે વૃદ્ધિ થતી દેખાય છે ! લાલચ લંપટતાઓ અને એના હમણાં કહેલાં કટુપરિણામોના હુતાશનમાં આજની ઈતર માનવપ્રજા તો શું પણ જૈન પ્રજામાંના કેટલાય શેકાઈ રહ્યા છે. એમાંથી બચવા માટે એક ઉપાય છે **જીવનસંગ્રામ.** જીવનભર એની સાથે ઝઝુમો. કોની સાથે ? ખોટી લાલચો અને લાગણીઓરૂપી પાપવૃત્તિઓ સાથે એની સામે મોરચા માંડી જ્યાં જ્યાં ચાલે ત્યાં ત્યાં એને દબાવી કચરી દફનાવી દો.

## • ૨. ખોટી લાગણીઓરૂપી પાપવૃત્તિઓ •

પાપવૃત્તિઓમાં બીજી જાત ખોટી લાગણીઓની છે. **મોહનીયકર્મની બધી પ્રકૃત્તિઓના ઉદય પાપ્રવૃત્તિઓ છે. માત્ર મિથ્યાત્વનાં શુદ્ધ કરેલાં દળીયાં જે સમકિત મોહનીયનાં દળીયાં કહેવાય છે, તેના ઉદયમાં સમ્યક્ત્વ ગુણ પ્રગટે છે એ ધર્મવૃત્તિ છે.** બાકી તો શું મિથ્યાત્વ કે શું કષાયો, શું રાગ કે શું દ્વેષ, શું હાસ્ય, કે શું શોક, શું કામ કે શું સ્નેહ, આ બધી કુલાગણીઓ પાપવૃત્તિઓ છે. એની સાથે ઝગડવાનું છે. તે એક જીવન નહિ, જીવનોના જીવન ! ઝગડી ઝગડીને એને દબાવવાની છે, અટકાવવાની છે; નામશેષ કરવાની છે. **ક્રોધ-માન-માયા લોભની લાગણીઓ ઉપર તો સંસાર છે.** યોગશાસ્ત્રમાં કષાયથી કચરાયેલા આત્માનેજ સંસાર કહ્યો છે. અજ્ઞાન



જીવને જાણે કષાય વિના ચાલતું પણ નથી. વાતવાતમાં **ગુસ્સાનો ને ગર્વની** સહાય જોઈએ છે. હાલતાં-ચાલતાં **પોલીસી, પ્રપંચ અને મહત્ત્વાકાંક્ષાઓની** લાગણીઓ હૃદયમાં રમ્યા કરે છે ! ત્યારે **વૈરની** લાગણીઓ, **ઈર્ષ્યાની, ખારની, નિર્દયતાની,** એવી એવી લાગણીઓ ક્યાં શોધવા જવી પડે એમ છે ? ક્યાં શીખવા જવાની જરૂર છે ? એમ **રમુજ, મજાક, અને મશ્કરીની** લાગણીઓથી ય બચી શકતો નથી ! **ક્ષુદ્રતા, તુચ્છતા અને ઉછાછળાંપણાની** લાગણીઓ પણ ભરપૂર પ્રવર્તે છે ! તો **કામવાસનાની લાગણી મોહચેષ્ટાની, કામચેષ્ટાની અને વેદના ઉદયની લાગણીઓમાં તો જગત આજે ગળાબુડ ખુંપ્યું છે ! જગતની એ નબળી કડીનો લાભ લઈ હલકા માલને, ઉપર બીભત્સ શ્રૃંગારી ચિત્રો કામોત્તેજક ચિત્રો લગાડી વેચે છે !** ભયની લાગણીનું તો પૂછવાનું જ શું ? નિદ્રા, આરામી અને સુખશીલતાની લાગણીઓ પણ ભારે પ્રવર્તી રહી છે ! આ બધી કુલાગણીઓ એ પાપવૃત્તિઓ છે. એનું પરિણામ પણ, પૂર્વે ખોટી લાલચોનું જે ભયંકર પરિણામ કહ્યું, તેવું જ છે; ભવચક્રમાં બેહાલપણે ઘોર દુઃખોમાં રીબાતા રખડવાનું; આ જીવનમાં પણ ઘોર અશાંતિ, ને ક્લેશ. એમાંથી બચવા માટે પણ ઉપાય હોય તો એક, **જીવન સંગ્રામનો.**

**શરીરરોગ સામે સંગ્રામ, તો...**

**શું તમને લાગે છે કે જીવનભર સંગ્રામ ખેલ્યા વિના આ ખંધી હઠીલી લાગણીઓ અને લાલચો આત્મામાંથી એમજ અળગી થાય ? એક દેહનો આગન્તુક અને તેય અલ્પકાળથી આવેલો રોગ હઠાવવા માટે પણ કેટલીકવાર સજડ ઔષધ-ઉપચારની સહાય લઈ એ રોગ સામે ઠીક-ઠીક ઝગડવું પડે છે; તો પછી આત્માના અનંત અનંત કાળ જૂના આ રોગની સાથે શું ઓછું ઝગડવું પડશે ? પળેપળે અને પ્રવૃત્તિએ પ્રવૃત્તિએ એ પાપવૃત્તિઓ સામે ઝગડવામાં ખરચવી પડશે ! આ જીવનસંગ્રામના સૂર્ય કદી આથમવા નહિ દેવાય.**

**જીવન એવું જીવો કે :- જીવનસંગ્રામ એવો ખેલો કે જેથી શાશ્વત જીવન મેળવવાનું શક્ય બને. વારંવાર બદલવા પડતા જીવનોની પરંપરા અટકે.** આ જીવન ખાવાપીવા માટે નથી. એ પ્રયોજન તો કાગડા-કૂતરાના ભવમાંય ચાલુ છે. ખાવું-પીવું પડે, પણ જીવન એ માટે નથી. માટે જ્ઞાની કહે છે કે માત્ર ખાવાપીવા, પહેરવા-ઓઢવા વગેરેમાં કિંમતી જીવન ન ગુમાવો. દેહ મલ્યો છે એને ટકાવવા માટે ખાવું-પીવું પડે એ ખરું; **પણ દેહ ટકાવીને કરવાની તો ધર્મ-સાધના જ છે. એ જરાય ન ભૂલો.** સાધનથી સાધ્ય અવશ્ય સાધી લો. **સાધ્ય અજબ કોટિનું છે, એ નજરથી દૂર ન રાખો.** જગતમાં શાબાશી થાય એવું જીવન જીવો, નાલેશ થાય એવું ન જીવો. જીવનસંગ્રામનો એક પ્રેરક પ્રસંગ જુઓ.

**સમરાદિત્યની દૃષ્ટિએ મૃત્યુ-જરા-વ્યાધિ.**

**રાજાનો પુત્રને રસ લેતો બનાવવાનો પ્રયત્ન :-**

સમરાદિત્ય કેવલી મહર્ષિના નવ માનવ-ભવનો અધિકાર જેઓએ બરાબર સાંભળ્યો હોય, મોહની તાકાત નથી કે એ આત્માને મુંઝવી શકે. એની પાસે મોહનું શસ્ત્ર બુઠું થઈ જાય. મોહનુંજ મર્મસ્થાન ભેદાઈ જાય. મિથ્યાત્વના તો ફુરચા ઉડી જાય. સમ્યક્ત્વનો પ્રકાશ ઝળહળી ઉઠ્યો હોય. અહીં નવભવમાંથી છેલ્લા ભવના માત્ર એક બનાવનીજ વિચારણા કરીશું. આજે વધારે અવકાશ નથી. બપોરે અષ્ટાપદજીની પૂજા છે. એમાં પણ જીવન-સંગ્રામની વાતો આવવાની છે. નવમો ભવ સમરાદિત્ય, નરવીર સમરાદિત્ય તરીકે અવતર્યો છે. ત્યાં ક્યાંથી આવેલ છે ? આઠમા મનુષ્ય-ભવમાંથી કાળ કરી અનુત્તર દેવલોકના સ્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીસ સાગરોપમના આઉખે તેઓ ગયેલા હતા. ત્યાંથી ચ્યવી સમરાદિત્ય તરીકે અવતર્યો છે. છે રાજકુમાર ! ઠાઠની કમીના નથી ! દાક્ષિણ્યથી ભળે છે બધામાં, પણ ગંભીરપણે ! કશામાં ખાસ રસ નથી. પિતાએ કુમારના રસ માટે એક પ્રસંગને સાધ્યો. વસંતોત્સવ આવ્યો. આખા નગરને શણગારવામાં આવ્યું. માર્ગમાં વિધવિધ પ્રકારનાં દૃશ્યો રચવામાં આવ્યાં. તે દેશના રિવાજ મુજબ રાજા સાથે પ્રજાએ એ ઉત્સવમાં ભાગ લેવો જોઈએ. બહાર જઈ ઉજાણી કરવી જોઈએ. નગરજન તથા નગરના અગ્રણીઓ (મહાજનો) રાજા પાસે આવ્યા.

મહાજનવતી નગરશેઠે કહ્યું, ‘‘નામદાર મહારાજાધિરાજ ! બધા નગરજનો તૈયાર છે; ચકોર જેમ ચંદ્રની રાહ જુએ, ચક્રવાક જેમ સૂર્યની રાહ જુએ, તેમ સૌ આપની રાહ જુએ છે. પધારો બાપુ !’’

રાજાએ આ તક હાથમાં લીધી, કહ્યું; ‘‘વ્હાલા પ્રજાજનો ! મેં તો ઘણી ઉજાણી જોઈ છે; આજે તમે આ (સમરાદિત્ય) કુંવર, જે તમારા ભવિષ્યના રાજા છે, તેમને લઈ જાઓ !’’ પ્રજાજનોએ આનંદથી એ આદેશને વધાવી લીધો. કુંવરને કહેવામાં આવ્યું.

તાતનો આજ્ઞાંકિત સમરાદિત્ય કુંવર ભલે એવા રસરહિત છે, પણ શું કામ બીજો વિચાર કરે ? ચાલ્યો એ તો સવારી નીકળી. કુંવર પ્રજાજનો સાથે અનેક દૃશ્યો જોતો જોતો ઝળાંઝળાં કરતા સોનેરી રથમાં પસાર થઈ રહ્યો છે. બંદીજનો છડી પોકારી રહ્યા છે, વાજિંત્રોના મીઠા સરોદો વાતાવરણમાં ગુંજી રહ્યા છે. **પરંતુ જ્યારે આખું નગર તે જાતના આનંદમાં ગરકાવ છે; ત્યારે આ ઉત્તમ નરરત્નની નજર જુદું જ નિહાળે છે !**

## • ૧. મૃત્યુનું દૃશ્ય •

**આ દૃશ્ય કયું ? :-**

દૂર એક ઓટલા પર એક માણસ પડેલો છે; મોંમાંથી ફીણ નીકળી ગયેલું છે; આંખો થરડાઈ ગઈ છે.



તે તરફ જોઈ, તત્ત્વદૃષ્ટા સમરાદિત્ય રાજકુમાર સારથિને પૂછે છે, ‘‘સારથિ ! હે સારથિ ! આ દૃશ્ય કયું રાખ્યું છે ? બીજાં દૃશ્યોનો હેતુ તો સમજાય છે; પણ આ દૃશ્યનું રહસ્ય શું છે ?’’

સારથિ કહે છે ‘‘કુમારસાહેબ ! એ દૃશ્ય નથી. એ તો એક માણસ મૃત્યુ પામ્યો છે.’’

‘‘અરે ! મૃત્યુ પામ્યો એટલે શું થઈ ગયું ? મૃત્યુ પામ્યો તો ભલેને મૃત્યુ પામ્યો, પણ એ આ બીજા લોક સાથે ચાલતો કેમ નથી ? નાચતો-કૂદતો કેમ નથી ?’

યાદ રાખો, સમરાદિત્ય મૂર્ખ નથી કે મૃત્યુને ના સમજે. પણ એને તો એના ગંભીર ભેદને લોકની દૃષ્ટિમાં આણવો છે.

સારથિ ઉત્તર કરે છે, ‘‘કુમારબાપુ ! એ મરી ગયો એટલે તો મૃત્યુથી એનો જીવ જ ઉપડી ગયો. પછી શી રીતે એ ચાલે, ઊઠે, નાચે, કૂદે ? હવે આ તો શબ છે શબ !’’

‘‘સમરાદિત્ય હેં ! મૃત્યુ આવું જુલમગાર છે ? પિતાજી કે જે પોતાના રાજ્યમાં સામાન્ય ધન ચોરનાર પણ ચોર ડાકુને રહેવા દેતા નથી, તેઓ આવા પ્રાણ હરનારા જુલમગાર મૃત્યુને રાજ્યમાંથી કેમ હાંકી કાઢતા નથી ?’’

સારથિ તો સજ્જડ થઈ ગયો. કુમારને પોતે સારી રીતે જાણે છે; પણ સમજી શકતો નથી કે કુમાર આજે આમ કેમ પૂછે છે. છતાં કુમાર પ્રશ્ન પૂછે એના ઉત્તર આપવા જ રહ્યા. કદાચ ઉત્તર આપતાં એમાંથી જ કુમારનો મૂળ અભિપ્રાય જાણવા મળી જાય. કુમારને ઉત્તર આપતાં સારથિ કહે છે,

‘‘કુંવર સાહેબ ! બેઅદબી થતી હોય તો માફ કરશો. એ મૃત્યુ ઉપર પિતાજીની સત્તા ચાલે તેમ નથી. ખુદ પિતાજી પણ સકલ પ્રાણી ગણની જેમ એના પંજામાંથી મુક્ત નથી. કોઈ વહેલા, કોઈ મોડા. છ ખંડના માલિક ચક્રવર્તીઓ તથા દેવલોકના અધિપતિ ઈન્દ્રોએ પણ મૃત્યુને તાબે થવું પડે છે. જન્મ્યો એને મરવાનું નક્કી જ છે.’’

**મૃત્યુ પર બોધ :-**

સમરાદિત્ય એજ બોધ આપવા ઈચ્છે છે. **અનંતકાળથી જે જન્મ-મરણ ચાલુ છે; જે મૃત્યુ જીવનની બધી બાજી રદ-બાતલ કરે છે, જીવનનાં પાપ ભોગવવા દુર્ગતિમાં ઘસડી જાય છે, એને અટકાવવા જીવન-સંગ્રામ ખેલવાની જરૂર છે. એ સારી રીતે આ ભવમાં જ બની શકે તેમ છે. અંતિમ જીવન-સંગ્રામ નરભવ વિના બીજે ખેલાય તેમ નથી.** સમરાદિત્ય કહે છે; ‘‘જો એમજ છે; અર્થાત્ બધાને એક દિ મૃત્યુવશ થવાનું જ છે; તો પછી આ બધું શા માટે યોજાયું છે ? અંતે જો આજ પરિણામ છે, તો શું આ દૃશ્યોના ધાંધલ-ધીંગાણાથી બચાવ મળે ?’’

**મૃત્યુના ક્રૂર ખેલ :-**

સમરાદિત્ય રાજકુમારની ચોંટ શાના ઉપર છે, તે બરાબર જોજો. **જીવનસંગ્રામનો એ સુભટ લોકને મૃત્યુની પરંપરા સામે લડી લેવાનું શિખવવા માગે છે.** એટલે એ કહે છે કે આ ગીત નૃત્યાદિ ઉત્સવ એ શું વ્યાજબી છે ? કેમકે **ગમે તેવી બળવાન સલ્તનતો પ્રજાનું પ્રબળ રક્ષણ કરવાનો દાવો રાખતી હોય, તો પણ ત્યાં મૃત્યુ તો લોકોનો સૌથી કિંમતી જે પ્રાણ, તેને હરી શકે છે** અને પ્રાણ હરાયા પછી એ બિચારાને માલ-મિલકત-પરિવાર કે યાવત્ પોતાની વર્ષો સુધી પોષેલી કાયા ઉપર પણ ક્યાં અધિકાર રહે છે ? પ્રાણ લૂંટાવા સાથે એ બધું જ લૂંટાયું. એમાંની કોઈ એકાદિ લૂંટ સામે સરકાર કાયદો, કોટવાલ (પોલીસ) કોર્ટ કચેરી અને કેદની કોટડી રાખે છે. પણ આવડી મોટી સર્વલૂંટ સામે એજ સલ્તનત કશું કરી શકતી નથી; એ કેટલી દુઃખદ હકીકત ! મૃત્યુનો કેવો મહાન જુલ્મ ! માણસને વૈરાગ્ય પામવા માટે આ એક જબરદસ્ત મુદ્દો છે.

**ભયંકર મૃત્યુ કોઈના વહાલા માતાપિતા, કેઈના વહાલા પુત્ર-પુત્રી, કે વહાલા ભાઈબહેન, તો કેઈના પ્રાણપ્યારા પતિ કે કેઈની પ્રાણપ્રિયા પત્નીઓ ઉઠાવી લે છે !**

**પાછું એ મૃત્યુને શું રંક કે શું રાજા, શું સાધાર કે શું નિરાધાર, કોઈની પડી નથી ! બધા ઉપર એનો એક સરખો ડંડો !**

**જીવનમાં માણસે ગમે તેવી મનોરથજાળ રચી રાખી હોય, પણ મૃત્યુ એકી કલમે એ આખી જાળને મીંડામાં લાવી મૂકે છે !**

**તેમ ગમે તે યોજના ઘડી રાખી હોય, તોય એ બધી જ મૃત્યુથી એમ જ સ્થગિત થઈ જાય છે, અને જીવને અહિંથી અગમઅગોચર દેશમાં ચાલી નીકળવું પડે છે.**

**આપણા ધનમાલ પર મજબૂતમાં મજબૂત ચોકી પહેરા હો, અને કાયા પર ઊંચામાં ઊંચા ડાક્ટર-વૈદની જોરદાર દેખરેખ હો, પણ મૃત્યુને મન એ કાંઈ જ વિસાતમાં નથી.**

**જાણે મૃત્યુ તો કહે છે તમારા વૈદ-ડાક્ટર અને ચોકી પહેરા સલામત, પણ તમે જ ખુદ અસલામત ! તમે જ અહીંથી નીકળો. તમારા ડાક્ટર-વૈદ ભલે તમારી કાયાની નાડ પકડી ઊભા રહે, કે ગળામાં દવા ઘાલે, તમે જ પોતે આ કાયામાંથી ચૂપચાપ ગેટ આઉટ (Get Out) થાઓ (બહાર નીકળી જાઓ)**

**આપણે જે એક મોટા વેપારી, પત્નીના માન્ય પતિ, ઉદાર ધનિક શેઠ, પુત્રોના બહુ માનનીય પિતા, ઊંચા ભોગસુખના અધિકારી વગેરે બધું જે હતા, તે હવે મૃત્યુના આક્રમણ વખતે એક પળમાં બધુંજ ન હતા થવાનું !** જીવતા હોઈએ ત્યારે તો એ બધામાંથી એકજ મુદ્દામાં ફેરફાર થાય તો આપણે ઊંચા-નીચા થઈ જઈએ છીએ. ત્યારે અહીં તો મૃત્યુથી બધું જ હતું ન હતું થાય છે, થવાનું નક્કી છે, છતાં કોઈ ચિંતા નથી ?



**શું ઉત્સવથી મૃત્યુની જોહુકમી મીટે ? :-**

સમરાદિત્ય કુમાર કહે છે કે "જો મૃત્યુ નિરંકુશપણે બધું જ રદ-બાતલ કરનાર છે, તો પછી ઉત્સવનો શો અર્થ છે ? **શું ઉત્સવથી મૃત્યુની આ જાલિમ જોહુકમી મિટાવી શકાઈ ? શું પ્રાણ અને ધન-માલ-પરિવારની તથા કાયાની મૃત્યુથી થતી લૂંટ ઉત્સવ દ્વારા અટકાવી શકાઈ ?** ના, પાછી કાંઈ મૃત્યુની પીડા એકવાર જ છે ? ના, અનેકવાર ! તો પછી શું **એમ નથી લાગતું કે જો જગતમાં એવી કોઈ સાધના છે કે જેથી મૃત્યુ સામે જીવન જંગ ખેલી એના આગમન સદંતર જ અટકાવી શકાય. તો તે સાધનાને ગુમાવરાવનારી આવા ઉત્સવ વગેરેની ચેષ્ટા એના એ મૂર્ખચેષ્ટા છે ?** ઉત્સવમાં એ અમૂલ્ય માનવ અવસર બરબાદ કરી એ સાધનાને ચૂકી જઈને અંતે પાછા અનેક મૃત્યુના શિકાર બન્યા કરવાનું ને ? તેમ એવા ક્રૂર મૃત્યુની તલવાર માથે ઝઝુમતી હોય ત્યારે, આવા આનંદ-ઉત્સવની લીલા એ ગુલામ જીવને શરમ ભરેલી નથી ?" સમરાદિત્યની આ ફીલોસોફીએ લોકોને ચકિત કરી દીધા !! **મનુષ્ય જીવન એ ભયંકર મૃત્યુ પર કાયમી વિજય મેળવવા માટે એવા કોઈ મહાન સંગ્રામ ખેલવા સારું જ છે.** એ તત્ત્વજ્ઞાન અને ઉચ્ચ વિચારસરણીના ગગનમાં વિહરતા રાજકુમારના કથનનો સુર હતો. એટલામાં આગળ ચાલતાં વળી બીજી જાતનું દશ્ય દેખાયું.

## ● ૨. વૃદ્ધાવસ્થાનું દશ્ય. ●

એ ઉત્સવમાં દશ્યો તો કેઈ કેઈ જાતના છે. આજે પણ દિવાળી કે પંદરમી ઓગષ્ટ વગેરેના લોક ઉજવણીમાં દશ્યો હોય છે. જેમાંના એક ઉપર એક નવા નવા દશ્ય દેખતાં માણસ હરખાઈ જાય છે. એ જોવા ચાહીને ચાર છ કલાક શહેરમાં ઘુમે છે. મુંબઈ જેવા શહેરમાં એ જોનારા લાખો માણસોમાંથી કેટલાને આધ્યાત્મિકદષ્ટિ જાગ્રત હશે ? આ મહાસમૃદ્ધિશાલી સમરાદિત્યરાજકુમારને એવા કોઈ દશ્ય ઉપર નજર નથી. એનામાં દૃષ્ટિ આધ્યાત્મિક ખીલી ઊઠી છેઃ તેથી એક મૃત્યુ પામેલો માનવદેહ નજરે ચઢી ગયો. એને દશ્ય તરીકે ઓળખાવ્યો. હવે બીજું વૃદ્ધ પુરુષનું દશ્ય દૃષ્ટિપથે ચઢે છે.

**વળી આ દશ્ય કયું ? :-**

આગળ ચાલતાં એક ડોલાયમાન બુઢ્ઢાને જોયો, જે કંપી રહ્યો છે. કુમાર પૂછે છે, "સારથિ ! વળી આ દશ્ય કયું ત્યારે ?"

"મ્યાનવર કુમાર સાહેબ ! આ દશ્ય નથી. આ માણસને બિચારાને ઘડપણે જકડી લીધો છે; એટલે એ બિચારો દુર્બલ બની કંપી રહ્યો છે. મરવાની રાહ જોતો જીવી રહ્યો છે."

ઘડપણ એટલે ? બત્રીશે દાંતને પાડી નાખે ! આમ કોઈ એક દાંતને પાડે, તો એના પર શું કરો ? આ તો બત્રીશે દાંત પડાવી લે છે. એમ વાળ ધોળા,

ચામડીએ કરચલી તથા ઇન્દ્રિયો અને અવયવ ઢીલાં કરી નાખે છે.

**ઘડપણનું આક્રમણ કેવું ? :-**

અહીં પણ જુઓ જીવન-સંગ્રામની જ વાત છે. જેમ મૃત્યુ આવતાં પહેલાં મૃત્યુની સામે ઝગડવાનું છે, તેમ ઘડપણની સામે પણ, ઘડપણ આવતાં પહેલાં ઝઝુમવાનું છે. એટલે ? કહો, યુવાની સુધીમાં ઝઝુમી લેવાનું છે. ઘડપણનો હલ્લો થયા પછી કશું જોરદાર નહિ થઈ શકે. યુવાનીમાં બળનો, શક્તિનો, સારી ભૂખનો, પાચનનો, વગેરેનો ફાંકો રાખનારાને ઘડપણમાં ફાંકો ભૂલી જવો પડે છે. **સ્નેહી સંબંધીઓના પ્રેમ પણ આપણા શારીરિક ઘડપણે ઘડપણ પામે છે. ત્યારે, ત્યાગ તપસ્યા, ધાર્મિક ક્રિયા-કાંડ, આત્મહિતની દોડ ધામ વગેરે કરવાની શક્તિ ઘડપણે ઘરડી થઈ જાય છે. તાજી રહેતી નથી.** તેથી સમરાદિત્ય પૂછે છે કે આવા ઘડપણનો પણ હલ્લો અવશ્યંભાવી થતો હોય તો પછી ઉત્સવ-ઉજાણીનો શો અર્થ છે ? શું એ ઘડપણને અટકાવશે ? કહેવાનો ભાવ એ છે કે એ ઉત્સવ-ઉજાણી બેકાર છે, જો ઘડપણ આવવાનું જ હોય, અને ભાવી ભવોના પણ ઘડપણ એ ન નિવારી શકતું હોય. ખરી રીતે બાલ્ય-યૌવનમાં આવા ઉત્સવના ચાળા કે જે સરાસર અજ્ઞાનચેષ્ટા છે, એને છોડી એવા ઉપાયમાં લાગી જવું જોઈએ કે જેથી ઘડપણનો નિર્મૂલ નાશ થઈ જાય. એ ઉપાય રસાયણ ખાવાનો નથી. **આપણે તો જન્મોજન્મ આવતા ઘડપણને અટકાવવાના છે.** ઘડપણીયા સંસારી જીવન સામે સંગ્રામ અહીં ખેલી લેવાનો છે. પણ તે તોજ બની શકે કે અહીંના સોનેરી સમયનો આવા ગીત-નૃત્યાદિ ઉત્સવમાં દુરુપયોગ ન કરાય. ઘડપણ આવવા પૂર્વે આગળ કહ્યું તેમ ખોટી લાલચો અને લાગણીઓરૂપી પાપવૃત્તિઓ સામે પૂર્વાવસ્થાના જીવનકાળ આખામાં સંગ્રામ ખેલી એને હટાવવાની છે. પછી વૃદ્ધ વયે શક્ય સાધના દ્વારા સંગ્રામનું બાકીનું કાર્ય સાધવાનું છે.

## • ૩. વ્યાધિનું દશ્ય. •

**આ દશ્ય વળી કેવું ? :-**

આગળ ચાલતાં ખાટલામાં ઘાલીને એક જણને લઈ જતો જોવામાં આવ્યો. રાજકુમાર સમરાદિત્ય પૂછે છે, "હે સારથિ ! ત્યારે આ દશ્ય વળી કેવું ?"

"બાપુ !" સારથિ કુમારની આ પ્રશ્નપરંપરામાં કુમારની પ્રતિભાને નિહાળતો હૃદયથી પુલકિત થતો બોલ્યો, "આ માણસ વ્યાધિગ્રસ્ત થયો છે. તેથી એને વૈદ્યને ત્યાં લઈ જવામાં આવે છે."

સમરાદિત્ય પૂછે છે, "વ્યાધિ એ શું વળી ? શું વ્યાધિ જેને પકડે તેની આટલી બધી કરુણ દશા ? પિતાજી એવી કર્કશા ડાકણને તલવારથી હણી કેમ નાખતા નથી ?"

આટલું બોલી સમરાદિત્યે કાઢી સમશેર ! બરોબર અભિનય કર્યો એવો !



કે જાણે હવે આ તલવારથી દુષ્ટવ્યાધિ ડાકણને હમણાંને હમણાંજ હણી નાખશે ! જેથી એ દુષ્ટા નગરજનોને પીડે નહિ. એ શું સમજે છે ? પિતાજીએ એને ઉદારતાથી જતી કરી હશે; પણ આ નાલાયક વ્યાધિ ઉદારતાને યોગ્ય નથી. એને તો નામશેષ જ કરવી જોઈએ. એક પછી એક આધ્યાત્મિક દૃષ્ટિમાં ચઢતા વિલક્ષણ પ્રસંગો જે હૃદયને સ્પર્શી રહ્યા છે તેને બરાબર વિચારજો. કુમારનું કયું દિલ ! કેવું હૃદય ! **જગત જોવા જેવું શું સમજે છે, અને કુમાર શું સમજે છે એ વિચારતાં આપણને કુમારમાં અન્ય પ્રાણીથી અબજોગુણી ઊંચી ખીલેલી માનવતાનો ખ્યાલ આવે છે.**

**વ્યાધિ સિવાયના કાળમાં વિચાર ખરો ? :-**

રાજકુમાર સમરાદિત્યે અહીં તો કમાલ કરી ! કેમ જાણે લોકના માથે ભયંકર મૃત્યુ અને ઘડપણરૂપ દુશ્મનો જોયા પછી ઉપરાપર વળી પાછો વ્યાધિ નામનો દુશ્મન નજરે ચઢ્યો, એટલે એવો તો જોરદાર ગુસ્સો ચઢી ગયો, કે તલવાર લઈને ઉપડ્યા. કેમ વારુ ? તો કે વ્યાધિને હણી નાખવા, જેથી પછી લોકને પીડે નહિ ! બરાબર વ્યાધિ, ઘડપણ અને મૃત્યુ વખતે માણસ જેવો મુંઝાય, એવી મુંઝવણ સમરાદિત્યને અત્યારે જ નજર સામે તરવરે છે. એથી જ એ ઉત્સવાદિની પ્રવૃત્તિને બાલક્રીડા, મૂર્ખચેષ્ટા સમજે છે; સમજાવવા માગે છે. વાત સાચી છે. **આપણને વ્યાધિ આવે ત્યારે તો અકળાઈ જઈએ છીએ. પણ વ્યાધિ સિવાયના કાળમાં એ વિચારવાની ફુરસદ નથી કે વ્યાધિ કેમ આવે છે ? કેમ એને આવતી અટકાવી શકાય ?**

**કર્મ-ઉદય ૧. સનિમિત્તક, ૨. અનિમિત્તક : સનિમિત્તકથી કેમ બચવું ? :-**

જીવનમાં એવા કેટલા બધા પ્રસંગો બને છે કે જેમાં વ્યાધિઓ માણસની પોતાની ભૂલના કારણે થાય છે. કર્મના ઉદય વિના તો દુઃખ આવતું જ નથી. પરંતુ શાસ્ત્ર કહે છે કે કેટલાક કર્મના ઉદય સનિમિત્તક હોય છે; જ્યારે કેટલાક અનિમિત્તક હોય છે. **સનિમિત્તક** એટલે તમે કોઈ બાહ્ય નિમિત્ત મેળવી આપો તો એ કર્મવિપાક-ઉદયમાં ખેંચાઈ આવે. દા.ત. માણસ વધારે પડતું ખાય તો અજીર્ણ વગેરે મંદવાડનો ભોગ થાય. પરસેવાવાળા શરીરે હવા ખાય તો શરદીનો દરદી થાય. હલકા માણસને પૈસા ધીરે તો ગુમાવે. ઇત્યાદિ અનેક દાખલા છે. અગ્નિમાં હાથ ઘલાય તો બળવાનું ઊભું થાય. અર્થાત્ તે તે કર્મ ઉદયમાં તણાઈ આવે છે. આમાં જુઓ કે જીવનમાં વિવિધ અપલક્ષણ આચરીને જીવો વ્યાધિઓને આમંત્રે છે. ત્યારે જેણે ક્યારેય પણ એવા રોગના ભોગ ન બનવા માટે જીવનભર મનમાન્યું વધારે પડતું ખાવાની લાલચ રોકી રાખી; ને એવી સુખશીલતાની લાલચ રોકી રાખી એણે શું કર્યું ? એવી લાલચો સામે જીવનસંગ્રામ ખેલ્યા ! ધ્યાનમાં લેજો જીવન-સંગ્રામ કેટકેટલી જાતના ખેલવા પડશે. હાલતાં ને ચાલતાં કેઈ લાલચો સામે આવે, કેઈ વાસનાઓ જાગે; કેઈ વિકટ પ્રસંગો ઊભા થાય; ત્યાં કષાયલાગણીઓ

ઉઠે, એ બધાની સામે, આત્માનું રક્ષણ અને ઉન્નયન કરી લેવા માટે જીવનસંગ્રામ ખેલ્યા વિના આરો જ ક્યાં છે ?

**અનિમિત્તક પાપોદયથી બચવા શું કરવું ? :-**

સનિમિત્તક અશાતાના ઉદય સિવાય બીજા પ્રકારના **અનિમિત્તક** ઉદય જે છે, એ તો અહીંના આપણા બાહ્ય નિમિત્તને સેવવાની ઉપેક્ષા રાખતા નથી. એટલે મોટો ચમરબંધી સનત્કુમાર ચક્રવર્તી હોય, તો પણ કર્મના ઉદયે એને વ્યાધિ જકડે છે. આવી વ્યાધિ સામે એ વિચાર કરવાનો છે કે એના ઉપદ્રવ સામે શું કરવું ? એજ ને કે જૂનાં પાપકર્મને મંદ કરવા શ્રી અરિહંતપ્રભુનું ધ્યાન પૂજન સ્મરણ, ત્યાગ, તપ તથા સંયમ આરાધવા. એવી જ રીતે નવાં પાપકર્મ બાંધતાં વિચાર કરવો. વિચાર માત્ર નહિ; પણ અટકાયત કરવી. એ કરવા માટે જીવનભર શ્રી સર્વજ્ઞકથિત પવિત્રવૃત્તિઓ અને પ્રવૃત્તિઓમાં મચ્યા રહીને ખરાબવૃત્તિ સામે જીવનસંગ્રામ ખેલવા ઘટે. પણ એ કરવાને બદલે ઉત્સવ ઉજાણીમાં અમૂલ્ય માનવજીવન બરબાદ કરાય એ શું ? એમ સમરાદિત્ય કુમારનું કહેવું છે.

પાપવૃત્તિની જેમ કર્મની સામે જીવનસંગ્રામ ખેલવા માટે ઘણી ઘણી જાતની તપસ્યા આદરવી પડશે. કર્મને કાપવા માટે તપ સમાન તિક્ષ્ણ શસ્ત્ર બીજું નથી. તપમાં ઉપવાસ, રસ-ત્યાગ, કાયકષ્ટ, મૌન, કાયસ્થિરતા વગેરે બાહ્ય સાધના અને જ્ઞાનધ્યાન, વિનય, ભક્તિ, પાપપ્રાયશ્ચિત્ત વગેરે અભ્યંતર સાધના આવે છે. આ સાધનાઓમાં પણ જીવનભર મચ્યા રહેવાનું છે. તો કર્મ સામે જીવનસંગ્રામ ખેલાશે. તો એ સંગ્રામ કર્મરહિત બની મુક્ત થવાના જીવન માટેના સંગ્રામ થશે.

**તલવાર મ્યાન : સારથિનો ખુલાસો :-**

સમરાદિત્યે વ્યાધિને હણી નાખવા ઉગામેલી તલવારને, તાકાત કોની કે, મ્યાન કરાવી શકે ? પણ આ તો માત્ર સમરાદિત્યનો અભિનય હતો. સારથિ કહે છે,

"ભાગ્યવાન ! કુમાર બાપુ ! ઘણી ખમા તમને ! આમ ન થાય. બાપુ ! શાંત થાઓ ! ધીરા પડો ! હું જાણું છું, આપ તો પુરા જાણકાર છો. આપ ગંભીર છો, વીર છો, તેવા ધીર છો; બીજાના પ્રતિબોધાર્થેજ આપની આ પવિત્ર પુણ્ય પ્રવૃત્તિ હોય. ધન્ય હો બાપુને !" કુમારે શમશેર મ્યાન કરી. સારથિ આગળ વધીને કહે છે.

"એ પણ બનવા જોગ છે, આપની પુણ્યાઈ જબરી એટલે આપને વ્યાધિનો અનુભવ ન હોય. બાકી વ્યાધિ પણ જરા (વૃદ્ધાવસ્થા)ની જેમ મૃત્યુનું દૂતકાર્ય કરે છે. આ વ્યાધિ, જરા અને મૃત્યુની સંકલનાબદ્ધ યોજનામાંથી જીવ છટકી શકે તેમ નથી."

એના ઉપર રાજકુમાર સમરાદિત્ય ફરીથ એજ પ્રશ્ન કરે છે કે "જો માણસ આ બધાનો શિકાર છે, તો પછી આવી ઉત્સવ-નૃત્યાદિ ધાંધલ આચરવાનો શો અર્થ છે ?"

ત્રણેય પ્રસંગમાં એક જ પ્રશ્ન કર્યો છે, એ ખૂબ જ સૂચક છે. પ્રશ્નની



પાછળ મહાન તત્ત્વજ્ઞાન પડેલું છે. ઉત્સવ મૂકીને માત્ર ઘરે બેસી રહો એટલું જ નથી કહેવું, પણ સમરાદિત્યનું કહેવું એ છે કે **જો જીવનના માથે રોગ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુના ડંડા નક્કી ઝઝુમે છે, તો એના નિવારણ અર્થે કોઈ ઉપાયોની સાધના કરવાને બદલે એ રોગ-જરા-મૃત્યુની વૃદ્ધિ કરાવનારા અગર અટકાયત નહિ કરી શકનારા ઉત્સવ રંગરાગ વગેરેમાં જીવન વેડફી નાખવું એ કેટલી મૂર્ખાઈ ? ખરી રીતે તો આ ત્રણ ભયો આંખ સામે રાખી માણસે પોતાના દુર્ગુણો અને દુષ્કૃત્યોથી પાછા ફરી જવું જોઈએ. હવે શી મારે મમતા કરવી'તી ? શા રંગરાગ ? શી ઈર્ષ્યા ને અસૂયા, અનીતિ અને ક્ષુદ્રતા સેવવી ? હવે તો એ દોષોની જ સામે ઝગડવું જોઈએ.** આપણા જીવનમાં એને પગઠામ ન મળે એ માટે ખૂબ ઝઝુમવું જોઈએ. કોની સામે ? દોષોની સામે તો ખરું જ, પણ અવસરે એનાથી દેખાતા તુચ્છ આત્મસંતોષ સામે, ને એની લાલચો સામે. એવા ઝઝુમવું કે નિર્ધાર કે 'મારે એવી લાલચ નથી જોઈતી, ખોટા આત્મસંતોષ નથી જોઈતા. **મારે હવે એ માયા-મમતા-ઈર્ષ્યા વગેરેનો ખપ નથી. એ બધાથી હું થાક્યો હવે !' એ માટે વિરાગ-પ્રમાદ-મૈત્રી વગેરે ગુણો વિકસાવવાના. આમ જે જીવનભર મથાય, એનું નામ જીવનસંગ્રામ.** એવી રીતે આરંભસમારંભના કૃત્યો અર્થાત્ જેમાં ત્રસ-સ્થાવર જીવોની હિંસા થાય છે એવા કૃત્યો, માણસને નિચોવવાના કૃત્યો, જૂઠ ડફાણની પ્રવૃત્તિ, સંગ્રહપરિગ્રહની ધમાચકડી, અબ્રહ્મનાં સેવન, રોષ-રોફનાં પ્રદર્શન આ બધાં ય દુષ્કૃત્યો છે. એની સામે ઝગડવાનું છે. **એ માટે જીવનમાં સારી બીજી સત્યનીતિ સદાચારાદિની પ્રવૃત્તિ, ને ધર્મચર્યાની પ્રવૃત્તિ વિકસાવવાની છે.** ત્યાગ અને તપસ્યા પ્રભુભક્તિ અને સામાયિક, જ્ઞાન અને ધ્યાન...ઈત્યાદિમાં ઓતપ્રોત રહેવાનું છે. એનાથી પાપવૃત્તિઓ અને કર્મ બંને સામે સંગ્રામ થશે.

**કુમારનો લોકને ઉપદેશ :-**

સમરાદિત્ય પ્રજાજનોને ઉદ્દેશીને કહે છે **"હે બુદ્ધિમાન પ્રજાજનો ! જન્મ પામેલા માટે જો વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને મોત નિશ્ચિત છે, તો આ ગીતગાન, નાચરંગ વગેરે જલસા અને ઉજાણીનો કોઈ અર્થ નથી. જેમ દીવાની આસપાસ પતંગીયું ઘુમે છે તે થોડીક જ વારમાં ૐ સ્વાહા થવા માટે, એમ કાળ રાજાના બગાસા ખાતા ડાચાની વચમાં જીવો રંગ-રાગ ખેલી રહ્યા છે તે, બગાસું પુરું થાય એટલી વાર, માટે જ; પછીથી જીવનનો અવશ્ય દારુણ અંત પામવાના ! આવી મોહક ધમાચકડી જીવને વિનાશની ખાઈમાં ધકેલી દે છે. હવે કહો જેનું પરિણામ આખર વિનાશ અને વિલાપમાં આવે, તેવા રંગરાગમાં શું જીવનનો કિંમતી સમય ફેંકી દેવો ? ના, આ અમૂલ્ય અવસર તો એ ત્રણની સામે ઝઝુમવાનો છે; મૃત્યુ વગેરેનું જ મૃત્યુ થઈ જાય એ માટે આત્મસાધનામાં મથવાનો છે."**

શું બતાવ્યું ? જીવનસંગ્રામ ! કુમારે એવી છટાથી સંબોધ્યું કે લોકોને માર્ગમાં

જ સ્તંભિત કરી દીધા ! કેઈ જનોને વૈરાગ્યરંગે રંગી દીધા !

**લોકનો પલટો :-**

ઉજાણી ઉજાણીના ઠેકાણે રહી અધવચ્ચે મામલો બદલાઈ ગયો. ઉજાણી એટલે આનંદની ઉજવણી. પણ અહીં તો કુમારે **સચોટ ત્રણ મોજુદ દાખલા દેખાડી, કર્મના હાથમાં રમતા રાંકડા જીવની કંગાળ સ્થિતિનું એવું ભાન કરાવ્યું કે લોકનાં મન ઉદ્વેગ પામી ગયાં !** પછી આનંદ ક્યાં રહે ? આનંદની ઉજવણી ક્યાં રહે ? ઇન્દ્રિયોના વિષયસુખોના આનંદ અને ઉત્સવ ત્યાંસુધી મસ્તાન રહે કે જ્યાં સુધી જીવને કોઈ જબરદસ્ત ચોંટ નથી લાગી. જ્યાંસુધી તાત્ત્વિક વિવેક નથી જાગ્યો. એ વિવેક જાગ્યા પછી તો દુન્યવી મોજ-મિજબાનીના રસ સુકાઈ જાય ! આંખ સામે રોગ, ઘડપણ અને મૃત્યુના આક્રમણ વખતે ભલભલા જીવની થતી કંગાળદશા તરવરતી રહેવી જોઈએ. સમરાદિત્યે લોકને એનો તાદૃશ ખ્યાલ કરાવ્યો. એટલે લોકોના મન પણ પીગળી ગયાં. ત્યારે રાજાને શું થયું તે જુઓ. અધિકારીઓએ જઈને રાજાને આ વાત વિનયપૂર્વક વિદિત કરી. રાજાએ કુમારને મોકલેલ ત્યારે કલ્પનામાંય રાજાને આવો કોઈ ખ્યાલ હશે ? શાનો હોય ? **વિરાગીના હૃદયના સાચા વિક્રમની વાતો રાગીની કલ્પનામાં ન આવી શકે.**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૪,અંક-૩,તા.૨૪-૯-૧૯૫૫**

**રાજાને આશ્ચર્ય અને મોહ :-**

સમરાદિત્યના પિતા એ પ્રસંગને સાંભળીને ઠરી જ ગયા. એમ થયું કે 'શું આ ? હું જાણું કે કુમાર આમાં રસ લેતો થાય; પણ આ તો કુમારે રસ લેવાની વાત તો દૂર; પરંતુ ઉપરથી લોકોના રસને ઉરાડી દીધો; અને લોકોને વૈરાગ્યરસમાં ઝીલતા કર્યા ! કેવી ઉચ્ચ મનોદશા કુમારની !' આમ રાજાને આશ્ચર્ય અને બહુમાન તો થયું. પણ પાછા એ સંસારી જીવડા ને ? તે એ વિચાર આવ્યો કે 'હવે કુમારનાં લગ્ન લઈએ અને કુમાર જો વ્યવહારમાં રસ લેતો થાય...' કેવી મોહાધીન દશા ! **સ્વયં સંસાર વ્યવહારના રસ છોડવા નથી, બીજાના રસ છોડાવવા નથી, બીજા એની મેળે છોડે છે એય પાલવતું નથી !** એને ય વધાવી લઈ પ્રોત્સાહન આપવાની ઉદારતા નથી ! આ શું છે ? સામાની દયા નહિ; પણ પોતાની મોહમૂઢતા. એક મોહમૂઢ પશુ-પંખી બીજા પશુ-પંખીને વિષયરસમાં ખેંચે, એવું મોહમૂઢ માનવ કરી રહ્યો છે ! ત્યાં પછી આધ્યાત્મિક્તા ભૂલી જવાય છે; આત્માનો ખ્યાલ ઊઠી જાય છે; આત્મસગાઈ ટકી શકતી નથી. મોહની નવાઈ ક્યાંય નથી. એમાં માનવ-જીવનમાં મોહની લાગણીઓ સામે સંગ્રામ ખેલ્યા કરવાનો છે, એ ધ્યાનમાં નથી રહેતું. રાજા માત્ર વિચારીને અટક્યા નહિ ? આગ્રહ કરીને કુમારને



બે રાજકુમારીઓ પરણાવી.

**તમને મારા પર અનુરાગ છે ? :-**

સમરાદિત્ય ચરમ શરીરી છે. તદ્ભવ મુક્તિગામી છે. કેવળજ્ઞાન તો મુનિ થયા પછી પામે છે, પણ અવધિજ્ઞાન ઘરમાં પામે છે. કયા સંયોગમાં પામે છે ? ખૂબી છે ! પિતા પરણાવે છે; માટે જ પોતે પરણે છે. પરણ્યા પછી પ્રથમ મુલાકાતે પત્નીને પલાળી નાખે છે. પરણીતા બે પત્નીઓની વતી સખીઓ કુમારને મઘમઘ સુગંધીવાળા, કલાપૂર્ણ ગુંથેલા હારને આપતાં કહે છે,

''હે કુમાર ! આ આપની બન્ને પ્રિયતમાઓ, હૃદયના અનુરાગથી આપને આ હાર સહર્ષ અર્પણ કરે છે. તો એને સ્વીકારી એમને કૃતાર્થ કરો.''

દાક્ષિણ્યવાળા કુમાર સમરાદિત્ય હારને હાથમાં લઈ પત્નીઓને પૂછે છે,

**''તમને મારા પ્રત્યે અનુરાગ છે ? પ્રેમ છે ?''**

કેવો વિચિત્ર પ્રશ્ન ? કેમ ખરું ને ? પાણી પીધા પછી ઘર પૂછવાનું ? પરણી લીધા પછી પ્રેમનું પૂછવાનું ? ત્યારે શું આવો ચતુર રાજકુમાર આવી બાબતમાં પહેલાં ભોળો થયો હશે ? અથવા આમેય આર્યકુળ છે, એટલે પિતાજીએ જે કર્યું તેજ વધાવી લેવાની વાત હોય, પોતે પસંદ કરવાની વાત નહિ. તો તો હવે પછી ચકાસ્યે શું વળે ? હવે થોડોજ નાતરીયા નાતની જેમ છૂટાછેડા થાય. તો પછી આવો પ્રશ્ન કેમ ? જેવો કળા અને ગુણમાં સમૃદ્ધ આ પ્રસિદ્ધ રાજકુમાર છે, તેવી પેલી બે પણ મહાન કુલવાન રાજાની વિદુષી ગુણવતી કુલીન કન્યાઓ છે. એમનેય એમ થયું તો હશે જ, ''કુમાર આ શું પૂછે છે ? શું અનુરાગ વિના અમે પરણી જઈશું ?'' પણ એ ગંભીર હોવાથી પ્રશ્ન અને પ્રશ્નકારની ગંભીરતા સમજી મનમાં ને મનમાં સમાધાન કરી લે છેઃ ''રાજકુમાર છે. વિચક્ષણ છે. પરીક્ષા કરવી ધારી હોય; પ્રશ્ન થાય. પણ તે નવો પ્રસંગ છે. એટલે પરિચયે અનુરાગનો એમને અનુભવ થશે. અથવા પ્રશ્નનું હાર્દ સમજીએ પછી ઉત્તર.'' આવી કુળવતી કન્યાઓ આવા પ્રશ્નનો શો જવાબ આપે ? આપી શકાય તેવો જવાબ પણ કઈ રીતિએ આપે ? કુળવાન કન્યાઓ વિનિત હોય, લજ્જાશીલ હોય. વડિલની સામે જાતબડાઈ કેમ હંકાય એ અમે પ્રેમ ધરાવીએ છીએ. સમરાદિત્યની પ્રિયતમાઓ મુખ નીચું ઢાળી, પુતળીની જેમ સ્તબ્ધ બની ગઈ છે. જેના સંસર્ગમાં આવનારનું પણ અવશ્ય હિત જ થાય, એવા આ સમરાદિત્ય છે. એ પોતાના સાંકેતિક પ્રશ્નને કેમ જતો કરે ? ફરી તે સખીઓને પૂછે છે, ''કેમ તમારી સખીઓનું મૌન છે ? શું તેમને માાર પર ખરેખરો અનુરાગ છે ?''

**બાબા ! હજી દીવો નથી કર્યો ? :-**

**કેટલાક પ્રશ્ન એવા હોય છે કે વિચારકને એમાંથી કોઈ દિવ્ય પ્રેરણા આપી દે છે. મહાકિંમતી મનખજાનાનું ધન ખરચવું જોઈએ.** બંગાળ દેશનો એક બનાવ

છે. એક ગૃહસ્થને સંધ્યા ટાણે એની નાની છોકરી કહે છે,

'બાબા ! હજી દીવો નથી કર્યો ?'

**પ્ર.**- સાંભળીને કોણ જાણે શું મનમાં થયું તે બાપ વિચારમાં પડી ગયો.

એને થયું, "અરે ! આ શું કહી રહી છે ? મહાકિંમતી અને મહાઉચ્ચ માનવ જિંદગીના ત્રીસ ત્રીસ વરસ નીકળી ગયા, હવે કોણ જાણે કેટલું જીવવું ? અવિશ્વસનીય કર્મના ઝપાટામાં કાલની સવાર પણ જોવા ન પામું એવુંય બને. છતાં હજી મેં પ્રભુભક્તિ-પ્રભુરટણનો દીવો મારા હૃદયમંદિરમાં નથી કર્યો ? કેવો હું મૂર્ખ ! કેવો મૂઢ ! પૂર્વ-ભવોમાં દુનિયાદારી ખેલવામાં કોઈ કમીના નથી રાખી; છતાં જીવને હજ એનો થાક, એનો કંટાળો નહિ ? બધું મળશે, પણ નિરંજન નાથ ક્યાં મળશે ? જગતદયાળુ ક્યાં મળશે ? ઉઠ, ઉઠ, જીવ ! આત્મઘરમાં દીવો પેટાવ..."

છોકરીને કહે છે, "ખરું પૂછ્યું તેં. ચાલ, હવે આપણે સાચો દીવો કરીએ" એમ કહીને એનો ઉપકાર માનવા સાથે આત્મઘરના અંધકાર અજવાસની ઓળખાણ કરાવી, સંસારની ખટપટ મૂકી દીધી ! પ્રભુનું ધ્યાન-ભજન જમાવી દીધું ! એક પ્રશ્નમાં કેવોક ચમત્કાર !

**પત્નીઓની ખાનદાની :-**

કુમારનો પ્રશ્ન ભારે છે. પ્રેમપૂર્વક પરણીને આવેલી અને ચરણદાસીપણું અંગીકાર કરનારી નવીન પત્નીને પૂછવું કે 'તમને મારા ઉપર પ્રેમ છે ?' એ પ્રશ્ન આશ્ચર્યકારી છે. એવો પ્રશ્ન કરવા પાછળ કુમારના આત્માનું કોઈ મહાન સત્ત્વ ઝળહળી રહ્યું છે. દેખાય છે કે કામવાસના સામે એમણે જીવનસંગ્રામ ખેલી અને નિર્બલ બનાવી દીધી છે. નહિતર પરણ્યા પછી પ્રથમ મીલને આ હોય ? પરણીને આવેલી રાજકુમારીઓ પણ મહાગંભીર છે; તે એકદમ જવાબ આપવા કૂદી પડતી નથી. તેમ એમેય નથી વિચારતી કે 'પૂછ્યા પૂછ્યા પ્રશ્ન ? આવો પ્રશ્ન પૂછાતો હશે ? શું અમે પ્રેમ નહોતો તો મુંડાવવા પરણ્યા હોઈશું ?' આવો કોઈ બોલ તો શું, વિચાર પણ નહિ. પૂર્વજીવનમાં અને અહીં ખાનદાન કુળમાં રહીને એ તોછડી વિચારણા, વડિલની અવગણના, ઉદ્ધતાઈ વગેરે દુર્ગુણો સામે સંગ્રામ ખેલી એને જીતીને આવી છે. તેથી એ દોષો હવે ઉઠવા જ પામતા નથી. કલ્પનામાંય ન આવે. તેમ પોતાની વડાઈ દેખાડવાની ઉતાવળ સામે પણ સંગ્રામ ખેલ્યા છે. તેથી અહીં ધીરજ સખી છે. જીવનસંગ્રામના અનેક પ્રકાર સમજી લેજો.

**સખીઓનો ઉત્તર :-**

પત્ની નથી બોલતી, પણ સખીઓ કેમ ઝાલી રહે ? 'કુમાર જો બીજી વાર એજ પ્રશ્ન કરે છે તો ઉત્તર આપવો જ જોઈએ. કેમકે કદાચ કુમારને ખબર ન હોય, પણ આપણી સખીઓ એમના પર અત્યંત સ્નેહ ધરનારી છે. સખીઓ મોટા મનની છે તેથી પોતાના મોંઢે પોતાનો સ્નેહ નથી ગાતી. પણ આપણે તો એને



પ્રશંસવોજ જોઈએ.' એમ કરીને હવે સખીઓથી મૌન રહેવાતું નથી, "દીર્ઘાયુષી કુમાર ! આપ પ્રત્યે અમારી આ સખીઓના અનુરાગનું પૂછો છો ? સંબંધ, પરિચય તો થવાનો પછી; આપની મુદ્રા જોવાનું પણ પછી; કિન્તુ આપ પુણ્યવંતનું નામ સાંભળ્યું છે ત્યારથી અમારી આ મહાભાગ્યવતી બનેલી સખીઓ આપના નામની જપમાળા ગણી રહી છે. એ હૃદયના અનુરાગનો ખ્યાલ શબ્દથી શી રીતે આપી શકાય ?"

સખીઓનો કેવો રસિક ઉત્તર છે ! ખાલી કહેવાની વાત નથી કરતી. જેવી વસ્તુસ્થિતિ છે તેવી રજુ કરે છે. વિનય અને વિવેકથી રજુ કરે છે. ઉત્તરમાં વિવેક એવો છે કે મુખદર્શન અને પરિચયે તો અનુરાગ થાય પણ આ તો નામશ્રવણથી અનુરક્ત થઈ છે એ અનુરાગની વિશેષતા સૂચવે છે. પત્નીઓ ગુણીયલ કુમારના નામ પર આકર્ષિત થઈ છે એમાં પણ એમના ગુણાનુરાગની છાંટ તો છે જ. એટલે સખીઓ એમના માટે કુમારને કહે છે 'આપના નામની એ તો જપમાળા જપે છે. તે શું અનુરાગ વિના ?' પતિની અનુરાગિણી બનેલીને પતિના નામની જપમાળા સહેજે ચાલુ થઈ જાય છે.

**જીવનસંગ્રામ કર્મનું કાસળ કાઢવા માટે છે :-**

કવિએ ઠીક જ કહ્યું છે, **'મુક્તિના અભિલાષીને નિરંજનનાથના નામની જપમાળાના જાપ માટે મનુષ્યભવ જેવો એકેય ભવ નથી.'** જેને જેની લગની, ધગશ, તમન્ના, તેને એની રટણા ચાલે જ. સમરાદિત્ય પણ કેવા છે ? સમરમાં આદિત્ય સમાન. સમર એટલે સંગ્રામ, તેમાં આદિત્ય એટલે સૂર્ય સમાન. ઉત્સવના પ્રસંગે સૂર્યની માફક એમણે બજાર વચ્ચે કેવો પ્રકાશ આપ્યો ! શો બોધ આપ્યો, તે પ્રસંગ જોઈ ગયા વ્યાધિ જરા, તથા મૃત્યુની સાથે કેમ લડાય ? તેના મૂલની સાથે લડી લેવું જોઈએ. મૂલ શું ? મોહમદિરા અને કર્મસત્તા ! એની સામે સંગ્રામ ખેલવાનો છે. મોહમદિરાથી જનમતી પાપવૃત્તિઓ અને કર્મસત્તા સામે જીવનભર સંગ્રામ એજ **જીવનસંગ્રામ.** તે આ મનુષ્યભવમાં જ ખેલી શકાય તેમ છે. જે કર્મને જીતે તે વિજેતા બને; કર્મ ત્યાંથી પલાયન થઈ જાય. જે કર્મને આધીન બને, એની છાતી પર કર્મ ચઢી બેસે. જીવનસંગ્રામ પૂર્વના બાંધેલા કર્મનું કાસળ કાઢવા માટે છે. તેમ જીવનસંગ્રામ મોહમદિરાના વ્યસન અને પાપવૃત્તિઓ સામે ખેલી એનો નાશ કરીને પવિત્ર નિષ્પાપ જીવન બનાવી નવાં કર્મ બંધાતાં અટકાવવા માટે છે. તો જ સર્વ કર્મથી મુક્તિ મળે, ને શાશ્વત સુખનું જીવન મળે. એવા જીવન માટે સંગ્રામ એ જીવનસંગ્રામ. સખીઓએ જપમાળા ઉપર પોતાની સખીઓનો અનુરાગ સાબિત કર્યો. એટલે હવે સમરાદિત્ય આગળ પૂછે છે કે,

**"જેનાથી સામાનું અહિત થાય એને અનુરાગ કર્યો કહેવાય. ?"**

જો જો, ખાન-પાનાદિ સરભરામાં પ્રેમ દેખાડે તે પ્રેમાળ કહેવાય કે નહિ ?

પ્રેમ કોને કહેવો ? **સાચો અનુરાગ તે, સાચો પ્રેમ તે, જે હૃદયમાં સ્થાપ્યા પછી અમર હોય. એક મરે ને બીજી ખોળવી પડે, એ પ્રેમ છે ? વાસના છે વાસના ! પ્રેમ દેહથી કે આત્માથી ?** નથીને જીવને પૂર્વ-જન્મનું સ્મરણ થાય, પછી જો એ મૂલ ઘરે આવે, તો માતા, પુત્ર પત્ની કોઈ ઊભા રાખે ? જરાય નહિ ! તાજો કિસ્સો બન્યો છે, મુરાદાબાદ પાસેના નાના ગામડામાં એક સુતારના ત્રણ વર્ષના છોકરાને પૂર્વભવનું જ્ઞાન, જાતિસ્મરણ જ્ઞાન થયું; પૂર્વભવ જોયો. એ બોલ્યો, ''મારે બીસ્કીટ ખાવાં છે.'' એને બીસ્કીટ લાવી આપવામાં આવ્યાં. એ કહે ''આ નહિ ! મોહન બ્રધર્સની દુકાનનાં જ જોઈએ. એ મારી દુકાને છે.'' પૂર્વભવની એણે વાત કરી. સગાં એને મુરાદાબાદ લઈ ગયાં. ઘરવાળી ગલી આવી એટલે એ પોતે જ ત્યાં તરત વળ્યો ! બધાને એ ઘરે લઈ ગયો; પરિચિતની જેમ બધું બતાવ્યું; 'હું માલિક હતો, આ મારો છોકરો, આ પત્ની.' વગેરે હુબહુ કહી બતાવ્યું ! કેટલીય ઘરની બાબતો બરાબર કહી બતાવી. બધાયે અજાયબી વચ્ચે માન્યું, કબુલ્યું, પણ કોઈએ ઘરમાં રહેવા દીધો ? ના, કેમ એમ ? હવે એ સુતારનો છોકરો. તે સુતાર એને સંભાળે. કહો ત્યારે પ્રેમ દેહથી કે આત્માથી ? આત્માથી હોય તો આત્મા તો એનો એજ છે, કેમ પ્રેમથી એને સંઘર્યો નહિ ? સંસારરસિકો દેહના પ્રેમ કરે છે, ધર્મરસિકો આત્માના.

**વાસના હોય ત્યાં પ્રેમ કેવો ? સામાનું નિકંદન કાઢે એ પ્રેમ શાનો ? :-**

પ્રેમ ? પ્રેમ તો અનંતીવાર કર્યા ! તે થોડા સાથે નહિ, અનંતા સાથે કર્યા ! એક બીજાનું ભલું કરીને ? ના ! ક્યારે ભલું થાય ? આત્માના પ્રેમ કરાય ત્યારે. દેહના પ્રેમ સામે સંગ્રામ ખેલાય. ત્યારે રાજીમતી મહાસતીએ એવો પ્રેમ કર્યો, પતિની આત્મજ્યોતની સાથે હારોહાર પોતાની આત્મજ્યોત સ્થાપી દીધી. એનું નામ પ્રેમ ? શાશ્વત, અમર પ્રેમ એ ! તુચ્છરૂપમાં, કાયાના વિનશ્વર લાવણ્યમાં, કે કામવાસનામાં અંધ, પાગલ બની એમાં પ્રેમ હોવાની વાતો કરવી એ નરી અજ્ઞાનતા છે. નિર્મળ પ્રેમ કેવો ? આપણી વાસનાથી તો સામાનું પણ નિકંદન નીકળે છે. આપણે પ્રેમ દેખાડી સામાને મોહચેષ્ટામાં મસ્ત કરી એને દુર્ગતિની સગવડ, સંસારપ્રવાસની સગવડ કરી આપીએ છીએ. એ શું પ્રેમનું કર્તવ્ય ?

**સંગ્રામ હલકી લેશ્યા સામે છે :-**

સમરાદિત્ય પૂછે છે, ''જેને જેના પર અનુરાગ હોય તે તેને અહિતમાં ધકેલે ?'' શું કહે ? ના કે હા ? સમરાદિત્ય તો વૈરાગ્યમૂર્તિ છે, સ્વાત્મા સાથે જગતનાશ કલ્યાણનો કંદ છે. જગતનું હિત કરનારો ફિરસ્તો છે. એણે પાછલા આઠ ભવથી જીવન-સંગ્રામના પરાક્રમ ચાલુ કર્યા છે. સંગ્રામ અંતરની અશુભ વૃત્તિ સામે છે. અશુભ પ્રવૃત્તિ સામે છે.





**પાપની સાથેની સંધિ, સંપ અને સહાનુભૂતિ જીવને નામર્દ, નિસત્ત્વ અને નિર્ગુણી કરી નાખે છે. એમાંથી પછી એની અત્યંત નિરાધાર, ભયંકર દુઃખભરી અને રખડતી દુર્દશા સર્જાય છે.**

**પરવસ્તુની આશામાં પડો અને દુઃખ ન મળે એ બનવાજોગ નથી.**

**સંસારમાં આપણને ભોગવવા પડતાં કારમા દુઃખોની પાછળ કારણભૂત આપણાં પોતાનાં જ ભયંકર પાપકાર્યો છે.**

**સંગ્રામ હલકી લેશ્યા સામે છે :-**

સમરાદિત્ય પૂછે છે, ''જેને જેના પર અનુરાગ હોય તે તેને અહિતમાં ધકેલે ?'' શું કહે ? ના કે હા ? સમરાદિત્ય તો વૈરાગ્યમૂર્તિ છે, સ્વાત્મા સાથે જગતનાથ કલ્યાણનો કંદ છે. જગતનું હિત કરનારો ફિરસ્તો છે. એણે પાછલા આઠ ભવથી જીવન-સંગ્રામનાં પરાક્રમ ચાલુ કર્યા છે. સંગ્રામ અંતરની અશુભ વૃત્તિ સામે છે, અશુભ પ્રવૃત્તિ સામે છે.

જીવનભર એની સાથે ઝગડી ઝગડીને જીવનમાંથી મેલા માનસની વૃત્તિઓ, મલીન લાગણીઓ, મેલા ધોરણો, કાળી લેશ્યાઓ વગેરેને નાબૂદ કરવાની. એવી જ રીતે મેલી પ્રવૃત્તિઓ, માયા રમતો, વિકારી ચેનચાળા, ઈન્દ્રિયોની ગુલામી વગેરેને ઓછી કરી નાખવાના. ધ્યાન રાખજો,

**સંગ્રામ કોની સામે ?** અસત્ય સામે, સત્યની સામે નહિ; હિંસાની સામે, અહિંસાની સામે નહિ; ચોરીની સામે, શાહુકારીની સામે નહિ. ક્રોધ, માન, માયા, લોભની સામે; ક્ષમા, નમ્રતા, સરલતા, નિસ્પૃહતાની સામે નહિ; વિષયોના આકર્ષણ સામે, ત્યાગ વિરાગ સામે નહિ. સંગ્રામ એટલે ગડમથલ. એ કાળા પક્ષ સામે કરવાની છે; અર્થાત્ એને દૂર કરાવવાની કરવાની છે.

પ્રથમ 'વૃત્તિ' સામે સંગ્રામ છે. વૃત્તિ ચાર પ્રકારની છે. એક છે લેશ્યાના ઘરની; ચોથી રુચિના ઘરની છે. લેશ્યાની વૃત્તિ માનસિક ઉગ્ર કે મંદ પરિણામ. ધ્યાન=એકાગ્ર ચિંતન. ભાવના=સારી નરસી વિચારણા. રુચિ=વલણ. સંગ્રામ હલકી વૃત્તિ સામે છે. પ્રશસ્ત સામે નહિ. સારી વૃત્તિને તો ઝળકાવવાની છે. એ તો અવશ્ય લાભ આપનાર છે. બાકી શુભ પરિણામની મંદતા અર્થાત્ શિથિલતા અને અશુભ પરિણામની ઉગ્રતા; તથા અશુભ ધ્યાન અને ખરાબ વિચારણાઓ, તેમજ પૌદ્ગલિક વલણ અને દુષ્ટ લેશ્યા સામે ઝગડી એને નામશેષ કરવાના છે.

**દુન્યવી પ્રેમની પોકળતાનું દૃષ્ટાંત :-**

સમરાદિત્યનો પ્રશ્ન છે. 'અનુરાગી કોણ ? હિતમાં પ્રવર્તાવે તે અનુરાગી કે અહિતમાં પ્રવર્તાવે તે ?' સમરાદિત્ય ત્યાં એક કિસ્સો કહે છે :- એક નગરમાં

એક નગરશેઠ છે. એનો જુવાન દીકરો ખુબ બણીઠણીને બહાર ફરવા નીકળ્યો. રસ્તામાં રાજમહેલ આવ્યો. ઝરૂખે બેઠેલી રાણીએ આ યુવાનને જોયો. એનું રૂપ જોઈ વિહ્વલ બની. દાસીને મોકલી એને બોલાવી લાવવા.

દાસીજ ને પેલાને કહે છે, 'આપને મારાં બાઈ (રાણી) સાહેબ બોલાવે છે. તમને ચાહે છે.'

"હેં ! એમ ? ચાલો ત્યારે !"

એને એટલું જ જોઈએ ! લહેરી હતોને ? આવ્યો મહેલમાં રાણી પાસે. કોચ પર બેઠો. રાણી પૂછે છે, "કેમ ? મને તમારા પર પ્રેમ થયો છે. તમે ખુશ કે નાખુશ ?"

આ રાણીના જેવી પરપુદ્ગલની પરિણતિ છે. એ તમને ચાહે છે; લલચાવે છે. 'ના' કહેશો ? કે 'હા ?' આનો ઉત્તર કરતાં પહેલાં પરિણામ વિચારી લેજો. કેમ આમ વિચારવાનું ? યાદ રાખજો, **પરિણામ સુધી વિચારવાનું આ ભવમાંજ છે.** ભેંસને, શ્વાનને આવો વિચાર જ ક્યાં છે ? પરપરિણતિની લાલચમાં ફસાયો તો આજ સુધીમાં સંસારમાં જે અનુભવ્યું છે, જે દુર્દશા વેઠી છે, એવું જ ફરી મળશે.

પેલો તો બન્યો લટ્ટુ ! રાણીએ પ્રેમથી પાનનું બીડું આપ્યું. એણે આપ્યું ને એ ચવાયો ! કેમ ? આ નીચ નાટક ચાલી રહ્યું છે, ત્યાં તો છડી સંભળાણી "બડેજા મહેરબાન ! મહારાજાધિરાજને ઘણી ખમ્મા !" રાણી ગભરાણી ! હવે ક્યાંથી આને વિદાય કરે ? સામે મોકલે તો તો રાજા સામે જ મળે ! રાજા શું ન કરે એનું અને પોતાનું ? રાણીએ એને સંતાડ્યો. ક્યાં ? પાયખાનામાં ! ચમકશો નહિ.

**પાપ સાથે સંગ્રામ ખેલવાને બદલે સંધિ કરે એને આટલેથી નહિ પતે. જો જો આગળ, પાપની સંધિ બહુ ભુંડી ! પૂર્વે એનાજ ઉપર અનંત મૃત્યુ અનુભવ્યા છે. અરે ! મૃત્યુ તો છેલ્લે છે, એ પહેલાંય ક્યાં ઓછી આપદા છે ? વૃદ્ધાવસ્થા, વ્યાધિ તેમજ એવા દુઃખ-ત્રાસના બીજા પ્રકારોનો ક્યાં તોટો છે ?**

**પાપની સાથેની સંધિ, સંપ અને સહાનુભૂતિ જીવને નામર્દ, નિઃસત્ત્વ અને નિર્ગુણી કરી નાખે છે. એમાંથી પછી એની અત્યંત નિરાધાર, ભયંકર દુઃખભરી અને રખડતી દુર્દશા સર્જાય છે.** જેમ બહારના ચેતન કે જડ પદાર્થો મનગમતા મળે તો ઝટ એની સાથે સંધિ કરી મન વાતો કરવા માંડે છે, હુંફ અનુભવે છે, ઉલ્લાસમાં રહે છે; એમ દુનિયાનાં આરંભસમારંભનાં પાપો, આહાર વિષય પરિગ્રહનાં પાપો, ક્રોધ ગર્વ વગેરે પાપો, એ બધાં આવી મળતાં ઘેલો જીવ એની સાથે સંધિ કરી લે છે; એમાં હૂંફ અનુભવે છે, ઉલ્લાસમાં આવી જાય છે. આ પાપસંધિ ઝળકતી હોય ત્યાં એની સામે સંગ્રામ ક્યાં ખેલાય ?

**સંતભૂમિ :-**

શ્રેષ્ઠિપુત્ર બિચારો પાપમાં લપટાયો તો ગોંધાયો પાયખાનામાં. શું સારું ?



પાપ સામે લડવું કે દુઃખને ભેટવું ? એમ ન કહેતા કે સંયોગ ક્યાં છે ? બચાવ ક્યાં છે ? આ આર્યભૂમિ છે, ત્યાં બચાવ પણ છે. શેલડી જેમ પીલો તેમ મધુર રસ આપે, ચંદન જેમ ઘસો-બાળો તેમ સુગંધ આપે. એવા સંતો આ દેશમાં છે ! અપમાન, કષ્ટ, ઉપસર્ગાદિની પરવા વિના અણમોલ હિતોપદેશ આપે છે. પ્રસંગે પ્રાણની પરવા ન કરે. સેવાઓના પ્રતાપે આ દેશ હજી શાંતિ અનુભવે છે. ત્યારે બીજે ભયંકર હાયવોય ચાલુ છે. પણ હવે અહીં એની હવા પેઠી છે. મળ્યું છે જેને, તે એના બળ ઉપર ગંજના ગંજ એકઠા કરવા માગે છે ! નથી મલ્યું ને હાયપીટ કરે છે ! એ તો હજી દયાપાત્ર છે; પણ ગંજ ખડકનારને શું કહેવું ? મુંબઈ શહેરમાં ગગનચુંબી મ્હેલાતોના માલિકો કેટલા ? એકના રસોડે સેંકડો જમતા હોય એવા કેટલા ? એ લક્ષ્મીનંદનોને, આજે મુંબઈમાંના કેટલાક સાધર્મિક મધ્યમવર્ગની કઈ વિકટ દશા છે, તે જોવાની ફુરસદ નથી ! સાથે આવવાનું નથી, અને છતાં શા માટે આ દશા ? **પાપ સામે જીવન-સંગ્રામ ખેલવા યોગ્ય આ ઉચ્ચ ભવનાં કર્તવ્ય વિસારી પાપ સાથે દોસ્તી અને એની નિર્ભયતાપૂર્વક ધગશ કેળવાય છે માટે. છતી શક્તિએ પરમાર્થ કરવા નથી !**

**કામીની કારમી દશા :-**

પેલો પાયખાનામાં પેઠો. રાજા આવ્યો. રાણી સાથે વળગ્યો વાતે. રાણી હવે એને પતાવી રવાના કરવા ઈચ્છે છે, પણ ત્યાં રાજાને થઈ છે હાજત ! કહે છે 'જરા શંકા ટાળી આવું' શું ? પાયખાનામાં જવું છે. સાંભળીને રાણી તો માત્ર વિમાસણમાં પડી પણ પેલાને તો પાયખાનામાં ભય અને ગભરામણ ગભરામણ વછૂટી ! હવે બચવું શી રીતે ? ઉપાય સુઝ્યો. અવાજ ન થાય એ રીતે નીચે વિષ્ટાની કૂઈમાં મૂક્યું પડતું ! ત્યાં નીચે શું ? આજુબાજુ શું ? ઉપરથી પડવાનું શું ? વિષ્ટા વિષ્ટા, ને વિષ્ટા ! વિચારો કામીની કઈ દશા ? બચ્યો તો ખરો, પણ વિષ્ટાની કેદ ! હવે બહાર પણ શે નીકળાય ? ત્યારે ત્યાં ખાવાનું શું ? શું વિષ્ટા ખાય ? રાણી મોંમાં અર્ધા આવેલા કોળીયા નાખે તે ઝીલીને ખાય. ત્યાંને ત્યાં રહ્યે ભયંકર રોગો થયા ! ચાઠાં પડ્યાં, કોઢ થયો ! દુર્ગંધમય મળમૂત્રના ઢગમાં દટાવાનું એટલે કંઈ મામુલી વાત છે ?

**ગર્ભમાં વેન્ટીલેશન :-**

કલ્પના કરો નરકની કૂઈમાં ડુબ્યા રહેવાનું. એટલે શું ? જરાક શી પવનછૂટની દુર્ગંધમાં કંઈ કંઈ થાય છે, ત્યારે અહીં તો ઘોર દુર્ગંધિમાં નાક ગમે તેવું ફાટે, તો પણ ઉપરથી પાછા નવા નવા મળમૂત્ર પડવાનું ચાલુ ! માણસ ગમે તેવો રોફ મારે કે 'મારાથી તો સહેજ પણ દુર્ગંધ ન સહન થાય;' પણ ગર્ભમાં કઈ દશા હતી ? ત્યારે નથીને જો આવી સ્થિતિમાં જીવ મૂકાયો, તો પછી ત્યાં કેટલાગુણું સહન કર્યે જ છૂટકો ? એવી હાલતમાં જીભ કચરી મરી થોડું જવાય છે ? આજેય પાકીસ્તાની

જો વરસી, તો ત્યાં કેઈ કડવા અનુભવો માણસોએ કર્યા જ ને ? ઘર ગયા, સંબંધી મર્યા, મિલકત ગઈ...છતાં મરાયું ? ના, મરવાનું દુઃખ મોટું છે. ખેર ! પેલી ગટરની જેમ ગર્ભની ગટર છે. મોટા ચક્રવર્તીને પણ પહેલાં માના પેટમાં રહેવાની અવસ્થા કેવી ? ભલે એ નવેસરથી ત્યાં જન્મ્યો, તેથી બીજું સારું કાંઈ જોયું નથી; એટલે જ જ્યાં ઉત્પન્ન થયો ત્યાં મૂઢ થઈને મસ્ત છે !! પરંતુ માતાની કુક્ષીમાં હાલ કેવા ? ત્યાં બારી-બારણા કે વેન્ટીલેશન ખરા ? મખમલની ગાદીઓ ખરી ? ગુલાબ-ચંપાની સુવાસ ખરી ત્યાં ? કશું જ નહિ. ચારે બાજુ ગંદવાડની ખાઈ ! એની વચમાં ઊંધે માથે અને ટુંટીયું વાળેલા પગે રહેવાનું ! રહેવાનું કેટલું ? કલાક બે કલાક ? ના, ખાસા નવ મહિના ઉપર ! ત્યાં ખાવા શું મળે ? માતાના શરીરની અંદરના ગંદા બનેલા પદાર્થ ! **સ્થાન, ખાન, પાન, પવન દેહઢાંકણ, બધું જ ગંદવાડને ? આવા ગર્ભ-ગંદવાડમાં કેટલીવાર જઈ રહી આવ્યા ? અનંતી અનંતીવાર ! કેમ જવું પડ્યું ? વિષયસુખોની ગૃદ્ધિમાં પાપ સાથે સંધી કરી તેથી. મનમાની સ્ત્રીઓ મળી, એના ચામડામાં અને રાગમાં લોભાયા, ઘસડાયા, અને એકમેક થયા તેથી નવા ગર્ભગમનની તૈયારી થઈ ગઈ.** મરીને ત્યાં ગયા. પાછા ત્યાંથી બહાર પડતાં સખણા ન રહ્યા ફેર નારીના રૂપરંગમાં ફસાયા ! તો ફેર નવા ગર્ભમાં પુરાવાની તૈયારી.

**પૂર્વભવની પાપસંધિજ અહીં ત્રાસ આપે; ધર્મસંધિ તો સુખ દે :-**

પાપ સાથે સંધિ કરતાં, દોસ્તી કરતાં માણસને ખ્યાલ નથી રહેતો કે આનાં પરિણામ કેવાં કટુ આવશે ! કદાચ આપણને આપણાં પૂર્વ-જન્મની દુર્દશાઓ આજે યાદ નથી આવતી છતાં આંખ સામે દુનિયાના બીજા જીવોની તો વિવિધ વિકરાળ દુર્દશા દેખાય છે ને ? એ શાથી ? આપણે સુખી અને એ મહાત્રાસમાં સબડતા કેમ ? કારણ વિના કાર્ય બને નહિ. પૂર્વની પાપસંધિજ અહીં ત્રાસ આપે. ધર્મસંધિ તો સુખ દે. શ્રેષ્ઠિપુત્ર પાયખાનાની કૂઈમાં પડ્યો અને રહ્યો ત્યાં. એનેય એમ થાય ને કે અહો મારા કરતાં નગરના ગરીબ ભલા કે એમને આ વિટંબણા નહિ ? તેમજ એ પણ સમજી શકે ને કે મારા આ દુઃખો રાણીના મોહમાં ફસાવાને લીધે જ ઉપન્યા ? એમ સંસારમાં **આપણને ભોગવવા પડતાં કારમા દુઃખોની પાછળ કારણભૂત આપણા પોતાના જ ભયંકર પાપકાર્યો છે, પાપની સંધિ, પાપની ભયંકર લગની છે;** એ લગની મિટાવવા એની સામે ઝગડવું પડશે. તે ય જીવનભર ઝગડવાનું ! એનું નામ પાપની સામે જીવનસંગ્રામ.

**પાપ સામે લડવાના ઉપાય :-**

એ કરવા શું કરવાનું ? પરવસ્તુની સંગત ઓછી કરવાની. પરવસ્તુની જરૂરિયાત ઘટાડવાની. કેમ ? કહો, પરવસ્તુ માટે જ પાપ ઊભાં થાય છે. પછી પાપની પાછળ દુઃખ આવે છે. જગતના દુઃખોની પાછળ કારણ તપાસો તો પરવસ્તુ



અને પાપ સાથે સંધિનું જ કારણ દેખાશે. **પરવસ્તુની આશામાં પડો અને દુઃખ ન મળે એ બનવા જોગ નથી.** કેમકે પરવસ્તુ ખાતર પાપની સંધિ કરવી પડે છે. શ્રેષ્ઠિપુત્રે પરવસ્તુ એવી રાણી સાથે સુખભોગની આશા કરી, ત્યાં દુરાચાર સાથે સંધિ કરી ગણાય. તો પરિણામ કેવું આવ્યું ? રાજપગલે મહાવિમાસણનું ! અંગે અંગમાં મહાભયની ધ્રૂજારીનું ! વિષ્ટાની ખાઈમાં પુરાવાનું ! પરવસ્તુની સંગત મહાભુંડી ખબર છે ને ? પેલા ફકીરને ઉંદરડે કફની કોચી, એમાં ઠેઠ ગાય વસાવવા સુધી વિચારણા આવી. ઉંદર ટાળવા એક બિલાડીની ઇચ્છા પાછળ મનમાં કેટલા પાપ ઊભાં થયા ! જીવન એવું બનાવતા ચાલો કે દિન પ્રતિદિન જીવનની આવશ્યક્તાઓ ઓછી થતી આવે. બે પૈસે ચાલે એમ છે અને જો ત્રીજા પૈસાની જરૂર માની, તો સમજો કે પાપના ધાડાં છૂટ્યાં ! ક્યાં ? તમારા લશ્કરમાં ભરતી કરવા ? ખપે એ ? જો ના, તો પરની લપ કાપો. બીજા ઉપાયમાં આ અલૌકિક જીવન પાપપ્રવૃત્તિની મૂળભૂત પાપની વૃત્તિઓ સામેજ લડી લેવા માટે છે. પાપવૃત્તિ સામે લડીજ લેવું જોઈએ. દુરાચાર વગેરેની ઉઠતી ઉર્મિને ગમે તે રીતે ઉઠતી જ દાબવી જોઈએ. ગમે તે રીતે એટલે ? **પાપપ્રવૃત્તિને દાબવાના અનેક રસ્તા છે. એમાંથી કોઈ પણ શક્ય રીતે દાબો. ઉત્તમ કુલવટનો ખ્યાલ, વૈરાગ્યભાવના, પાપનાં કટુફળનો વિચાર, નિર્મળ આત્મસ્વભાવનું સ્મરણ, પરમતારક પરમાત્માની આજ્ઞાનો પ્રેમ વગેરે વગેરે બચાવનારા અનેક ઉપાય છે.** વાત એટલી કે પાપ સાથેની સંધિ હવે છોડો. એની સામે તો હવે જીવન-સંગ્રામ ખેડો. આ કુલવટનો ખ્યાલ વગેરે એકેક ઉપાયને વારંવાર મંથનથી, રટણાથી હૃદયમાં ઠસાવવો પડશે. પણ છે બહુ ઉપયોગી હો. યાદ રહી ગયા ને ?

જુઓ ત્યારે હવે પેલા શ્રેષ્ઠીપુત્રની દશા. કેટલાય દિવસથી વિષ્ટામાં સડી રહ્યો છે. જ્યારે કૂઈ ધોવાનું કે વર્ષાનું પાણ ઝીંકાયું ત્યારે મેલા ભેગો એ તણાયો ! નીકળ્યો નગરની બહાર ! પણ મૂર્છિત પડ્યો છે. પાછો ભૂત જેવો દેખાય છે ! દાસીના જોવામાં આવ્યો. કર્યો ઘર ભેગો. ઓળખાય નહિ એવો થઈ ગયેલો. બાપ શ્રીમંત હતો. રસાયનો અને લક્ષપાકાદિ કિંમતી ઔષધોથી દીકરાને ક્રમે કરીને હતો તેવો સાજો કર્યો.

**પડી ટેવ તે તો ટળે કેમ ટાળી :-**

પાછા ભાઈસાહેબ બણીઠણીને એક વખત ફરવા નીકળ્યા છે. મહેલ આગળ આવ્યો. રાણીને પાછો ગમ્યો. ફરી રાણીએ દાસી મારફત બોલાવ્યો. હવે ન જાય ને ? પણ આ તો ગમાર, તે ગયો ? પડી ટેવ ટળે ? માટે તો જ્ઞાનીઓ કહે છે, ખોટી વૃત્તિથી તથા નરસી પ્રવૃત્તિથી દૂર રહો. એ બલા છે. પેલો ગયો...ફરી રાજા આવ્યો...ફરી પાયખાનું, કૂઈ, જર્જરિત થવું ! એનું એ કરી પાછો સાજો; તે ફરી ફરવા નીકળ્યો, ચાલી પરંપરા ! નરકની કૂઈમાં જઈ જઈને ઝંપલાવાનું. એવી દશામાં

પણ વારંવાર એ જતો. એ સારું કર્યું ? રાજકુમાર સમરાદિત્ય પૂછે છે,

**"ભવાંતરમાં તમે નહિ તો તમારી કોઈ બીજી બહેનોએ મારા પર અનુરાગ કર્યો, પ્રેમ કર્યો; અને એના પરિણામે મારે બીજી બીજીની ગર્ભગટરમાં જવાનું થયું. ત્યાંથી બહાર નીકળ્યો. ત્યાં વળી બીજી બીજીએ અનુરાગમાં ફસાવ્યા કર્યો અને તેથી ફરી ફરી ગર્ભમાં ગોંધાવાનું ચાલુ રહ્યું. હું તમને પૂછું છું તમારો હાલનો અનુરાગ કેવો છે ? મારે ફરી ગર્ભમાં ગોંધાવું પડે એવો નહિ ને ?"**

પરણીને આવેલી રાજકુમારીઓ શાણી હોય, વિચારક હોય તો સમરાદિત્યના પ્રશ્નનો શો ઉત્તર દે ? કુમારનો પ્રશ્ન કેવો છે ! 'તમે જે પ્રેમ દેખાડો છો, જે પ્રેમ ધરાવો છો, એનાથી હવે મારે નવા ગર્ભગમનની તૈયારી નહિ કરવી પડે ને ? હવે એથી જન્મ-મરણો અટકી જવાના ને ?' કુમારના આ પ્રશ્નના ઉત્તરમાં શું 'હા' કહેવાય ? શાણા તો કહે નહિ. સીધી દીવા જેવી વાત છે કે એમ જો જન્મ-મરણ ટળતાં હોત અને મોક્ષ મળતો હોત તો તો આપણે એવા પ્રેમમાં તો એક્સપર્ટ (નિષ્ણાત) છીએ તેથી રખડતા ન હોત ! અરે ! આખો સંસાર બંધ પડી ગયો હોત ! અરસપરસના કામરાગના કારણેજ સ્ત્રી-પુરુષો સંસારમાં ભટકે છે; નવા નવા ગર્ભની ગંદી ખાઈમાં પુરાય છે. શાણી રાજકુમારીઓ સાંભળીને સ્તંભિત થઈ ગઈ ! એ સમજે છે કે 'અહીંના તુચ્છ પ્રેમ ને રાગ કર્યાની શી વડાઈ જો એની પુંઠે જીવની આવી વસમી વિટંબણા અને કારમી કતલ સર્જાતી હોય ? એવી વિટંબણામાં જકડનારો કોણ ? અમારો આ પ્રેમ. અમે પ્રેમ કરીએ એટલે સામા આકર્ષાય અને પાપસંધિ કરે. એટલે એમને ફસાઈને વિટંબણામાં પડવાનું મોટું નિમિત્ત અમારો પ્રેમ છે.' આમ સમરાદિત્યની નવી પત્નીઓ સમજે છે. તો પછી હવે શું કરવાનું ? હવે બાકી રાખવાનું હોય ? હવે તો બ્રહ્મચર્ય માટે એ તૈયાર થઈ જાય છે ! કેવા સૌભાગી પતિ મળ્યા ! અનંત અનંતકાળના વિકારો શાંત કરી દીધા ! ભૂંડની રમત ભૂલાવી દીધી ! કુમારના એ પરાક્રમના મૂળમાં પોતાના જીવનસંગ્રામ છે; જે પૂર્વના અનેક ભવોથી ખેલતા આવ્યા છે. પાપવૃત્તિને મચક નહિ આપવાની. એની સામે સદા લાલ આંખ ! આત્માને એનાથી હવે અભડાવવાની વાત નહિ. જન્મો-જન્મના આ અભ્યાસે સમરાદિત્ય આજે એટલી ઉન્નત સ્થિતિએ પહોંચ્યા છે કે સોવનવરણી અને શશીવયણી પ્રેમાળ નવોઢા પત્નીઓ સામે હાજર છે, છતાં એની કોઈજ મોહક અસર નથી ! કોઈજ વિકાર નથી ! વાસના નથી ! ભોગસુખની કલ્પના ઉઠતી નથી ! ઉપરથી એ યુવતીઓને પણ મોહ, વાસના અને વિકાર રહિત કરી દે છે ! પાપ સામે, દુષ્કૃત્યો સામે, દુર્ગુણો સામે જીવન-સંગ્રામ ખેલનાર મહાનુભાવોની બલિહારી છે.

જીવનસંગ્રામ અંગે ઘણી ઘણી વાતો થઈ છે. એને વારંવાર યાદ કરી, મનમાં ઉતારી, અમલી બનાવો એજ એક મંગળ કામના.



"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૨,અંક-૧૮,તા.૧૯-૧-૧૯૭૪

# વિષય-કષાયના આવેશ ભૂંડા : રોહિણિયો ચોર

**संसारम्मि असारे, जाइजरामरणविप्पगहियम्मि ।**
**जीवस्स नत्थि सोक्खं, तम्हा मोक्खो उवाएओ ॥**

ત્રિલોકનાથ પરમપિતા ભગવાન શ્રી મહાવીરસ્વામી મહાનિશીય શાસ્ત્રમાં આ શ્લોકમાં એ ફરમાવે છે કે જન્મ-જરા મૃત્યુથી પકડાયેલા આ અસાર સંસારમાં જીવને સુખ નથી, તેથી (સંસાર સાધના મૂકીને) મોક્ષ જ આરાધવા યોગ્ય છે, મોક્ષ માટેની જ સાધના કર્તવ્ય છે. જીવ સુખનો પ્રેમી છે, પણ જ્યાં જન્મ છે ત્યાં સુખ નહિ અનંત દુઃખનો ઢગલો છે; સિદ્ધ થયેલાને, સંસારથી છૂટી મોક્ષ પામેલાને જન્મ નથી તો દુઃખનો લવલેશ નથી, અને અનંત આત્મસુખનો અનુભવ છે.

**સંસારમાં થોડું ય સુખ કેમ નહિ ? :-**

**પ્ર.-** સંસારમાં ભલે અનંત સુખ નહિ, પણ થોડું ય સુખ ખરું ને ?

ઉ.- ના, સુખ તેનું નામ કે જ્યાં ભય નહિ, ચિંતા નહિ, સંતાપ નહિ, આકુલ-વ્યાકુળતા નહિ, પરાધીનતા નહિ. બોલો સંસારમાં આવા સુખનો અનુભવ ખરો ? મોટા ચક્રવર્તી સમ્રાટને ય કે ઈન્દ્રને પણ આવું સુખ ખરું ? ના, એને ય મૃત્યુનો ભય છે, કોઈ ને કોઈ ચિંતા ઊભી થાય છે. મૃત્યુ પછી અંગેનો સંતાપ આવી જાય છે, સહેજ સ્નેહી રીસાતા આકુલવ્યાકુલતા થાય છે, વિષયોની પરાધીનતા તો છે જ. આવા ભય-ચિંતા-સંતાપાદિથી મિશ્રિત સુખને સુખ શું કહેવાય ? એ મિશ્રણ તો દુઃખનાં મિશ્રણ છે.

**જીવને સુખની પૂરી કામના છે, પણ દુઃખનું મિશ્રણ નથી ગમતું...** માન ગમે છે પણ અપમાનનાં મિશ્રણ વિનાનું દસમાંથી નવ માણસ સન્માન કરે, પરંતુ એક જણ અપમાન કરે તો ય તે ખટકે છે. ચારે બાજુ યશ ફેલાય એ પસંદ પડે છે, પરંતુ એક ખૂણામાં અપયશ ગવાતો હોય તે નથી ગમતું. પૈસા સારા કમાયો તો આનંદ ખરો, પરંતુ એમાં નોકરને ભત્તું-બોનસ કે દલાલને કમીશન વધારે દેવું પડે ત્યાં દુઃખ થાય છે. 'અલ્યા ભાઈ ! રૂપિયા પંદર હજાર કમાયો, પણ એમાં ભત્તું-દલાલીના પાંચ હજાર જાય તો ય દસ હજાર હાથમાં છે ને ? દુઃખ શું કામ કરે ?' દુઃખ એટલા માટે થાય છે કે પૈસા દેવા પડે એ જ જીવને ગમતું નથી. આ તો મહેનતના કમાયેલા; પણ ભલે ને મફતમાં કાકી-માશીનાં મળેલા હોય છતાં લેવાનું ગમે છે, દેવાનું નથી ગમતું એથી દુઃખ થાય છે. વારસાના ૧૫૦૦૦ માંથી વકીલાતના ૫૦૦૦ દેવા પડ્યા ને ? બસ, બાકીના ૧૦૦૦૦ મળ્યા છતાં ચોક્ખો સુખાનભવ નહિ.

બીજી બાજુ સુખ મળે છે, તો કોરા સુખનો જ અનુભવ ન થાય ? ના,

દુઃખનું મિશ્રણ ચોક્ખો સુખાનુભવ નથી થવા દેતો. ત્યારે માનેલો સુખકારી પદાર્થ જો ચોક્ખો સુખાનુભવ ન થવા દે, તો એ સુખ શાનું ? આ ખટપટ સંસારના માનેલા સુખ માત્રમાં છે, કેમકે ત્યાં ભય-ચિંતા-સંતાપ પરાધીનતા-નાશવંતતા વગેરે લાગેલા જ છે, તેથી તત્ત્વજ્ઞ મહાપુરુષો કહે છે સંસારમાં સુખ જરાય નહિ. ત્યારે મોક્ષમાં આ ભય વગેરેમાંનું કશું નહિ તેથી અનંત સુખ છે.

હૈયું વિચારશીલ હોય તો આ સમજાય એવું છે કે 'સુખમાંથી દુઃખનો અંશ બાદ કરી નાખી ને બાકીનાં ચોક્ખા સુખ પર એકલો સુખાનુભવ કરો ને ? ના, પેલું દુઃખ યાદ આવી આવીને ચિત્તને વ્યથિત કરે છે, એટલે ચોક્ખો સુખાનુભવ યાને એકલું ખુશનુમા ચિત્ત ક્યાંથી રહે ? ચિત્તની વ્યથિતતા એક યા બીજા પ્રકારે ચાલુ જ છે' સમ્યગ્દૃષ્ટિ આત્મા પાસે આ વિચારવા હૈયું છે તેથી

**'સુરનર-સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક,'**

એવો આ સમ્યગ્દૃષ્ટિ છે.

**દેવસુખ ને ગર્ભદુઃખ :-**

એ જુએ છે કે મોટા દેવનાં સુખ મળ્યાં, પણ તેથી શું ? અંતે એ ખૂટી જવાના ને મરીને માનવી સ્ત્રીના ગર્ભમાં પૂરાવા પડવાનું તે ય દહાડો બે દહાડા નહિ, નવ નવ મહિના ! ને ત્યાં કેવી ગોધામણ ? ગર્ભમાં આવતા પહેલાં દેવલોકમાં ભારે રત્નપ્રકાશ, અહીં ગર્ભમાં ભારે અંધકાર ! ત્યાં મધુરી પવનની લહેર, અહીં પવનનું નામ-નિશાન નહિ, ઉષ્ણતામાં બફાવાનું ! પૂર્વે સુગંધનો પાર નહિ, અહીં કોરી દુર્ગંધ ! પહેલાં ગંદવાડનું નામ નહિ, અહીં એકલો ગંદવાડ ! ત્યાં અમીના ઉપભોગ, અહીં ગંદુ જ ખાવાનું ! ત્યાં દેવતાઈ પુષ્પશય્યામાં આરામ-વિલાસ, અહીં ઊંધે માથે ટૂંટિયું વાળી ઓડમાં લપેટાયા જકડાયા રહેવાનું. ક્યાં દેવ સુખ ને ક્યાં ગર્ભ દુઃખ ? એ પછી પણ માનવજીવનમાં ય દેવસુખની સામે કયું સુખ નોંધપાત્ર ? કશું નહિ. બધું જ વિટંબણામય.

**જેના અંતે અનેક વિટંબણાઓ હોય, એને સુખ કેમ કહેવાય ?**

મીઠાં પકવાન્ન વધારે ખાઈ જવાના હિસાબે જ જો પછીથી પેટ ચડી ભારે અકળામણની વિટંબણા છે, તો એવા વધુ ખાઈ લેવાના સુખને કયો ડાહ્યો માણસ સુખ માની ભોગવે છે ? સરવાળે વિટંબણાકારી સુખને સુખ જ નથી લેખતો. ચોરીના ધનમાં પકડાયા પછી વિટંબણા દેખે છે એ એવા ધનને સુખરૂપ જ નથી લેખતો. ત્યારે લાવો, સંસારના ક્યા સુખ પાછળ વિટંબણા નથી ? બધે જ અંતે નાશની તો વિટંબણા છે જ. પછી એને સુખ કેમ મનાય ? ઓળખાય છે સંસાર અને સંસાર સુખ ? છતાં એના પર ગ્લાની નથી થતી ? ધન્ય બુદ્ધિ !

**સનત્કુમાર ચક્રવર્તીને** એકી સાથે સોળ રોગ ઉત્પન્ન થઈ ગયાં પછી એ દવા-ઉપચારથી શરીરને સારું કરવા કેમ ન રહ્યા ? અરે ! કાયાનાં આરોગ્ય સિવાય બીજાં



ભરચક સુખ ઊભાં છે, તો એ ભોગવવા કેમ હવે પળવાર ન ઠહેર્યા ? કહો, એમાં ય અંતે તો નાશની વિટંબણા જ છે, તો અંતે વિટંબણામાં મૂકનારા એ સુખોને સુખ કેમ મનાય ? પહેલાં સુખમાં લીનતા હતી રાગ હતો, લોભ હતો, પણ એ કાચો; તે જરાક ટક્કર લાગતાં લીનતા ઊડી, બનાવટી સુખને સુખ માનવાનું ઊઠ્યું. પહેલાં રૂપનું અભિમાન પાકું હોત તો મનને એમ થાત કે હું ઇન્દ્રને ય વખાણવા યોગ્ય રૂપ સૌંદર્યવાળો તે રોગથી કદ્રુપો રહું ? બસ, મારી પાસે ચક્રવર્તીની સમૃદ્ધિ-સગવડ છે, ધન્વંતરીના દવા-ઉપચાર કરી રૂપસૌંદર્યને પાછા તદવસ્થ કરી દઉં. ના, રૂપનું અભિમાન જ ફેંકી દીધું. 'રૂપ કોઈ ગૌરવ લેવા જેવી વસ્તુ જ નથી.

**રૂપ પણ એક પ્રકારનું બંધન છે, બેડી છે. બંધન-બેડીનાં ગૌરવ અભિમાન શા કરવા ?**

ગૌરવ લેવા જેવી વસ્તુ તો સર્વબંધનથી છૂટકારો યાને મોક્ષ જ છે તો મોક્ષ માટે જ યત્ન 'કરું', આમ રૂપનું અભિમાન કાચું, તે તોડતાં વાર લગાડી નહિ. એવાં સંસારસુખ વૈભવ-વિલાસ સત્તા-સન્માનના રાગકાચા, તે એને હેઠા ઉતારી મૂકતાં અને વિરાગનો પંથ લેતાં વાર લગાડી નહિ.

**ઈન્દ્રભૂતિ ગૌતમને** અભિમાન હતું, મારા જેવો સર્વજ્ઞ કોણ છે ? મારા જેવો વાદી કોણ છે ?' પરંતુ એ અભિમાન કાચું; તે મહાવીર ભગવાન મળતાં અભિમાનના ફુરચા ઉડાવતાં વાર લગાડી નહિ. અભિમાનના ફુરચા તો એવા ઉડાડ્યા કે પ્રભુના ચરણે જ બેસી ગયા; પ્રભુને પામ્યા પછી ક્ષણવારમાં ચૌદ પૂર્વશાસ્ત્રોના પદાર્થોના સાગર-શા પ્રકાશ ઝળહળી ઊઠ્યા ! અને ચૌદે પૂર્વશાસ્ત્રોની રચના સ્વયં કરી, એવા અવધૂત જ્ઞાની બન્યા છતાં અભિમાનના ફૂરચા ઉરાડ્યા છે, માટે અતિ નમ્ર બનીને રોજ પ્રભુની વાણી સાંભળે છે. બાળ જીવો આગળ પ્રભુ વાણીમાં શું કહેતા હોય ?' સામાન્ય તત્ત્વની વાતો શું એ ગૌતમ મહારાજ નથી જાણતા ? તો કેમ એવું ય સાંભળવા બેસે છે ? કહો, પ્રભુની આગળ 'હું જ્ઞાની હું જાણકાર' એવું અભિમાન જ રાખ્યું નથી, માટે સાંભળવા બેસે છે. અભિમાન કાચું હોય તો જ એ ઊડે. તમારે કાચું છે કે પાકું ? જિનશાસન-જિનવાણી મળ્યા પછી ય પાકું ?

**એમ બાહુબળજીને** સંસાર છૂટવા છતાં અભિમાન રહ્યું હતું કે હું નાના અઠ્ઠાણું ભાઈઓ કરતાં મોટો; તે ભલે કેવળજ્ઞાની પણ હું એમને વંદન શાનો કરું ?' આ અભિમાન હતું, પણ તે કાચું, પોચું, દૂબળું. માટે જ બેનોએ **'વીરા મોરા ! ગજ-થકી ઊતરો, ગજ ચડ્યે કેવળ ન હોય રે'** એમ જગાડવા પર એ કાચું-પોચું અભિમાન ઓસરી ગયું. પાકું હોત તો તો મનને એમ થાત કે 'બધું ખરું, પણ એમ નાનાને વંદના કેમ કરાય ? અને આમાં વળી અભિમાન શાનું કહેવાય ? એ તો વ્યવહાર છે. ને તપથી કર્મ ખપતાં ખપતાં કેવળજ્ઞાન થઈ જશે,

એટલે પછી વંદના નહિ કરવી પડે,' મનમાં આવો લોચો વાળ્યો હોત. પરંતુ એવો કોઈ વિચાર ન કર્યો, અને અભિમાન મૂકી દીધું, કરેલા અભિમાન પર પારાવર પસ્તાવો કર્યો કે 'અરરર ! મોટા રાજવીપણાનાં અને ચક્રવર્તી કરતાં ય અધિક બળિયાપણાના અભિમાન મૂક્યાં, ને આ અભિમાન મેં રાખ્યું ? બસ, હવે તો જાઉં એ જ નાનાં ભાઈઓનાં ચરણમાં વારંવાર વંદના કરું. મારું હું પદ શું ? ને મારી મોટાઈ શી ? ધિક્કાર છે આ કાયા-માયાના વળગાડને કે જે આવાં અભિમાન લોભ, આસક્તિ વગેરેનાં ગોઝારાં પાપ કરાવે છે ! મારે હવે એ બધાની એ શી આસક્તિ ? શી મમતા ? હું તો અરૂપી, નિર્વિકાર, શુદ્ધ અનંત, જ્ઞાનમય-જ્યોતિ સ્વરૂપ આત્મા...' બસ, આમ ભાવનામાં ચડતાં વંદન કરવા જવાને પગ ઉપાડતાં સર્વ આસક્તિ મૂકી અનાસક્ત ભાવમાં ચડ્યા, આત્મામાં આત્મસ્વરૂપમાં ઠર્યા ત્યાં ઘાતી કર્મોનાં બંધન તૂટ્યા, વીતરાગ સર્વજ્ઞ કેવળજ્ઞાની બન્યા.

બાહુબલજીનું અભિમાન કાચું હતું, દુબળું-પોચું હતું તેથી નિમિત્ત મળતાં એને ઉરાડતાં વાર લાગી નહિ,

**અભિમાન કાચું-પોચું એટલે ? અભિમાન ખરું પણ એની પકડ નહિ.**

અભિમાનની પકડ એટલે અભિમાનનો ડર નહિ, બાહુબલજીને તો અભિમાનનો ડર હતો, તેથી રાજ્યપાટ બળ વગેરેનાં અભિમાન ઉતારી નાખેલા. અહીં નાનાને વંદન ન કરવું પડે માટે કેવળજ્ઞાન સુધી અહીં જ રોકાઉં એવો ભાવ આવ્યો એમાં એમને ખબર ન રહી કે એમાંય અભિમાન પોષાઈ રહ્યું છે, માટે એ ભાવ રાખી રહ્યા; ને જ્યાં એની ખબર પડી કે તરત અભિમાન મૂકી દીધું.

જીવનમાં આ જ કરવાનું છે કે અભિમાન-લોભ-કામ-ક્રોધ-રાગ-દ્વેષ વગેરે કષાયો કરીએ છીએ, પણ એની પકડ ન હોવી જોઈએ. ષોડશક શાસ્ત્ર કહે છે કે

**કષાયની પકડ અને વિષયનો આવેશ યાને અંધ 'રાગ એ મહારોગ છે, જે ધર્મને પામવા ન દે.'**

**બ્રહ્મદત્તને** એવો વિષયાવેશ હતો એટલે અવધિજ્ઞાની ભાઈ મુનિએ ગમે તેટલો ઉપદેશ આપ્યો છતાં બુઝ્યો નહિ. સમજ્યો નહિ.

મુનિ કહે, 'મને તારી દયા આવે છે કે પૂર્વે તું મહાન તપ-સંયમ સાધીને દેવલોક અને અહીં ચક્રવર્તીપણાની મોટી સમૃદ્ધિ પામેલો હવે તપ-સંયમ વિના આગળ તારું શું થશે ?'

ત્યારે બ્રહ્મદત્ત કહે,'મને તમારી દયા આવે છે કે ભવિષ્યની વાતોમાં ગુંચાયા રહી આ પ્રત્યક્ષ વિષય-સુખો ન સ્વીકારી કેવાં ચિંથરેહાલ દશામાં રીબાઈ રહ્યા છો !'

બોલો, કોણ દયા પાત્ર ? કોણ દીન-હીન-દુઃખી ? મુનિ કે ચક્રવર્તી ? ચક્રવર્તી જ ને ? નહિતર જો મુનિને દીન-હીન કહો, તો તો અમે મુનિ બન્યા છીએ એટલે દુનિયાના વિષયોની સામે ફક્કડલાલ થઈને ફરી જ ન શકતા હોઈએ.



કોણ દીન-હીન ? તમે કે અમે ? બ્રહ્મદત્ત બિચારો-અવધિજ્ઞાની મુનિને દીન-દુખિયારા લેખે છે ! કારણ ? પોતે વિષયોના આવેશવાળો બન્યો છે, વિષય-કષાયની પકડ રાખીને બેઠો છે.

**વિષયકષાયની પકડવાળો જીવ ધર્મને પાળવા અયોગ્ય છે.**

અહીં સાંભળવા આવો છો ને ? પણ જો મનમાં વિષય, એટલે દુન્યવી સુખ અને સુખાકારી પદાર્થોના રાગની પકડ રાખીને સાંભળશો, એમ ક્રોધ-લોભ-અહંકારની પકડ ઊભી રાખીને સાંભળશો, તો ધર્મ નહિ પામી શકો. અમે યુક્તિભર્યું બોલીએ, પૂર્વનાં અને આજનાં દૃષ્ટાંતો આપીએ, એટલે તમારાથી વિરોધ કરી શકાય નહિ, હામાં હા પાડવી પડે, પરંતુ દિલને જચે છે ખરું ? કે

**'વિષયો હળાહળ વિષ કરતાં ભૂંડા ભયંકર છે;**
**કષાયો કાતિલ છરી કરતાં કરપીણ ખૂન કરનારા છે.'**

આવું ન લાગતું હોય તો એનું કારણ જીવને વિષય-કષાયની પકડ છે, આવેશ છે, અભિનિવેશ છે. મન માની બેઠું છે. કે 'આ તો જોઈએ જ; આના વિના કાંઈ મજા આવે ? કાંઈ જીવન ચાલે ?' આ બધો કદાગ્રહ છે, ત્યાં વિષય વિષ જેવા અને કષાય કાતિલ કટારી જેવા ક્યાંથી લાગે ? અથવા કહો, જો એ એવા લાગતા હોય તો એનો કદાગ્રહ-આવેશ-પકડ શાની હોય ? વિષયોને હળાહળ વિષ જેવા માન્યા પછી એની દલાલી કોણ કરે કે 'આ તો જોઈએ જ આના વિના મજા નહિ ને જીવન નહિ ?'

તમને એમ થતું હશે કે,-

**પ્ર.-** વિષયો વિના ચાલતું તો છે નહિ, વિષયો સેવાય જ છે, હમણાં છોડાય એમ નથી, પછી એને વિષ જેવા લગાડવાથી શી વિશેષતા ?

ઉ.- પણ આનો મહાન લાભ છે. તે એ, કે મનને વિષયો હળાહળ વિષ જેવા લાગ્યા પછી વિષયોનો ત્યાગ કરવાની તાકાત નહિ હોય તો ભલે એ સેવાશે ખરા, પરંતુ આગળ પાછળ એ વિષયોના બહુ વિચારો નહિ ચાલે. ત્યારે જીવનમાં એ તપાસો કે વિષયસેવન અર્થાત્ સુખસાધનોનાં ઉપભોગ સિવાયના કાળે પણ એના વિચારો કેટલા ચાલે છે ? થોડા જ ? કે બહુ ? કહો, વિષયના વિચારો તો એટલા બધા ચાલે છે કે એક દિવસના પણ એ વિચારોનું લિસ્ટ કરવું ભારી પડે; તેમજ લગભગ આ વિચારોની બહુલતા ધર્મક્રિયામાં પણ એવી સતાવે છે કે ત્યાં પણ વિષય વિચારો ફરી વળે છે આવું શાથી ?

**વિષયો વિષ માનવાનો લાભ :-**

અહીં પેલી માન્યતાનો શો લાભ ? શો ઉપયોગ એનો જવાબ મળે છે. વિષયોને હળાહળ વિષ જેવા માન્યા હોય તો આ લાભ થાય કે એના પ્રત્યે એટલી બધી નફરત રહે, ઘૃણા રહે, કે એના વિચાર કરવાનું મન ન થાય. એનો વિચાર

ઊઠે ત્યાં ઝટ મનને એમ થાય કે 'અરર ! આ તો વિષ એને વિચાર દ્વારા પણ શા માટે અડું ? શા માટે ભોગવું ? મારી પાસે અમૃત જેવા પરમાત્માના જીવનના-ગુણોના-ઉપકારના અમૃત જેવા વિચાર ક્યાં ઓછા છે ? એમ મોટી તીર્થયાત્રાઓના વિચાર, જીવ-અજીવ આદિ નવ તત્ત્વોના વિચાર, શાસ્ત્રોના કે સ્તવનો-સજ્ઝાયના ભાવોના અમૃત જેવા વિચાર ક્યાં ઓછા છે ? તે અમૃત મૂકી વિષ જેવા વિષયોના વિચાર કરું ?'

હૃદયને 'વિષયો વિષ જેવા છે, વિષ જેવા છે,' એવી ભાવના આપવી જોઈએ. એવું જ 'કષાયો ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ વગેરે એ કાતિલ કટારી જેવા છે. એ વિષય-વિષ સત્-પવિત્ર ચૈતન્યને નષ્ટ કરે. એ કષાય-કટારીનો ઘા ઉપશમ-ક્ષમા-સમતા વગેરે ભાવને કાપી નાખે.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"    વર્ષ-૨૨,અંક-૧૯,તા.૧૯-૧-૧૯૭૪**

વિષયોની જેમ અહીં પણ આ વાત છે કે જો કષાયોને કરપીણ કટારી જેવા માન્યા હોય, તો એને હાથે કરીને મગજમાં ન ઘલાય. બાહ્યમાં સંયોગવશ લોભ કરવો પડતો હોય ક્રોધ કરવો પડતો હોય પણ તે દિલથી નહિ; દિલમાં તો 'એ કાતિલ કટારી જેવા છે' એવું ફિક્સ બેઠું હોય. તેથી લાભ આ, કે કષાય ઓછા કરવાનું દિલ રહે, અને થતા કષાયની આંધળી પકડ ન હોય, આવેશ-કદાગ્રહ ન હોય, આ બન્ને લાભ મહાન છે.

**કષાયો કટારીના ઘા જેવા માનવાનો લાભ એની પ્રત્યે નફરતનું દિલ થવાથી કષાયો ઓછા કરતા અવાય.**

**તેમ જ કષાયની પકડ ન રહેવાથી અવસર મળતાં એ કષાયથી પાછા ફરવામાં વાર ન લાગે.**

મહાન આત્માઓને ભાન ભૂલાતાં કષાય થયા ખરા, પણ એની આંધળી પકડ નહોતી તેથી નિમિત્ત મળતાં એ મૂકી પણ દીધા.

# રોહિણિયો ચોર

રોહિણિયો ચોરનો બાપ અને રોહિણિયામાં આ તફાવત હતો કે બાપને ચોરીના લોભ કષાયની પકડ હતી, ત્યારે રોહિણિયાને એવી પકડ નહોતી. પકડવાળા બાપે દીકરાને પોતાના અંતકાળે આ પ્રતિજ્ઞા કરાવી કે 'વર્ધમાનનું (મહાવીર ભગવાનનું) એક પણ વચન ન સાંભળવું.' રોહિણિયે કેમ એવી પ્રતિજ્ઞા કરી ? ચોરીની પકડથી નહિ, પણ બાપની શરમથી, બાપના દાક્ષિણ્યથી. બાપ મરી રહ્યો છે, એનો જીવ મુંઝાય છે, પૂછતાં કહે છે 'આ પ્રતિજ્ઞા લે તો હું નિરાંતે મરું;' એટલે એને શાંતિથી



મોત થાય એ માટે રોહિણિયાએ પ્રતિજ્ઞા લીધી. પરંતુ આમાં પકડ નહોતી એ આપણને એના પાછળથી જીવનપલટાના પ્રસંગ પરથી સમજાય છે.

ચોરીનો લોભી એવો મોટો ઉસ્તાદ રોહિણિયો જીવનપલટો કરે ? તે પણ સ્વેચ્છાએ ? ઉસ્તાદ કેવો ? એક વાર તાકિદ અપાયેલ રાજા શ્રેણિકના સિપાઈઓ એની પૂંઠે પડેલા ત્યારે એ સિફતથી ભાગી નગરની બહાર નીકળી જાય છે. બહાર તો નીકળી ગયો, અને આગળ ભાગી જવું છે, પણ ત્યાં જ ભગવાન મહાવીર સ્વામીનું ૪ ગાઉનું મોટું સમવસરણ માંડ્યું છે. શી રીતે ભાગે ?

અલબત એવડું મોટું સમવસરણ જમીન પરના ઝાડ વગેરેની ઊંચે હોય છે, તેથી નીચેથી ભાગી જઈ જકાય; પરંતુ એમાં તો ભગવાનની જોજનગામિની વાણી; તે ભગવાનનાં વચન સંભળાઈ ગયા વિના રહે ? અને રોહિણિયાને બાપે એ ન સાંભળવાનું નક્કી કરાવ્યું છે, તેથી વગર સંભળાયે ત્યાં થઈને શી રીતે જઈ શકાય ? ત્યારે પાછો ફરે તો તો સિપાઈઓના હાથમાં ક્યાંક પકડાઈ જાય એ મોટો ભય છે. સમસ્યા ખડી થઈ કે શું કરવું ? હવે તો બીજો ઉપાય જ નહોતો તેથી એણે બે કાનમાં આંગળી ખોસી સમવસરણની નીચે થઈને દોડવા માંડ્યું.

**દુર્લભ જિનવાણી મળતી નથી જોઈતી, એ કેવો કમનસીબ ?**

ભગવાનની વાણી સાંભળવાનું હાથવેંતમાં છે, પણ ધરાર એ સાંભળવી નથી. અજ્ઞાન માણસને ખબર નથી રહેતી કે 'બીજું જે કરે છે તે તો જનમ-જનમ મળેલું અને કહેલું. નથી મળી જિનવાણી. ખુદ તીર્થંકર ભગવાનના શ્રી મુખે બોલાતું સાંભળવા ક્યાં મળે ? ભગવાનના જીવંત કાળમાં એ જ ક્ષેત્રમાં મનુષ્ય તરીકે હાજર હોઈએ તો જ સાંભળવાનું અને જીવનમાં ઉતારવાનું મળે ને ?

એમ, શાસ્ત્રમાં લખાયેલી ભગવાનની વાણી પણ મળેલી કેટલી બધી મુશ્કેલ ? આર્ય દેશમાં આર્યકુળમાં અને તે ય જૈનધર્મની વાસિત કુળમાં માનવ અવતાર પામ્યા હો તો જે શાસ્ત્રમાંની જિનવાણી મળવી સહેલી ને ? પણ આ બધું મળવું જ મુશ્કેલ ત્યાં જિનવાણી મળવી તો કેટલી બધી મુશ્કેલ ? એવી પણ અહીં તમને મળી ગઈ, તો એ સાંભળવા માટે તૈયારી તાલાવેલી કેટલી ? એકલી દુનિયા ડહોળી શો સાર કાઢશો ? રોહિણિયો ચોરી કરવામાં લીન છે; તમે શાહુકારી ધંધો-ધાપો કરવામાં લીન; સરવાળે બંનેના હાથમાં શું ? અંતે જિનવાણી વિના હાથમાં શું રહેવાનું ? જિનવાણી જીવનમાં પીધી નથી, પૈસાની જ પ્રીત રાખી છે. તો અંતે સમાધિ રહે ?

**પગમાં કાંટો :-**

રોહિણિયો દોડ્યે જાય છે એમાં જલ્દીથી સમવસરણ ભૂમિ વટાવી જવાની ધૂનમાં દોડતાં દોડતાં નીચે ધ્યાન રહ્યું નહિ, ને પગમાં એક જોરદાર કાંટો ઘૂસી ગયો ! હવે શું કરે ? બે હાથ કાન બંધ રાખવામાં રોકાયેલા છે, કાંટો કાઢવા હાથ

ઉઠાવે તો મહાવીર પ્રભુની વાણી સંભળાઈ જાય, ને કાંટો ન કાઢે તો આગળ ડગલું મંડાય એવું નથી. પણ એમ તો ત્યાં જ કેટલું ઊભું રહેવાય ? કે બેસી કેટલું રહેવાય ? કદાચ પાછળથી સિપાઈઓ આવી પહોંચે તો ભય છે ને ?

બસ, કાંટો કાઢવા પૂરતું ઝપાટાબંધ હાથને કાન પરથી ઉઠાવવો પડ્યો, અને એમાં પ્રભુનાં ત્રણ વાક્ય સંભળાઈ ગયાં. માણસ ઘણું ય ઇચ્છે કે 'આમ કરી નાખું, યા આમ તો ન જ કરું' પરંતુ કર્મસત્તા કેવો સંયોગ ઊભો કરે છે કે જીવને ધારી મૂકેલું પડતું મૂકવું પડે ! આને વીરનું વચન નહોતું જ સાંભળવું, માટે તો મહાવીર ભગવાનથી દૂર ને દૂર જ રહેતો, પરંતુ આજે નજીકમાંથી જવું પડ્યું, ને આ કાંટાના યોગે સાંભળવું પડ્યું. એમ એવું પણ બને કે આપણો નિર્ધાર હોય કે વ્યાખ્યાન સાંભળવું જ છે, પણ અકાટ્ય કર્મસત્તાએ એવો યોગ ઊભો થઈ જાય કે સાંભળવા ન જઈ શકાય.

**કર્મસત્તા બળવાન છે, ધાર્યું રદ કરાવે, ન ધાર્યું આચરાવે.**

ત્યારે, તમે કહેશો,

**પ્ર.**- આવી રીતે કર્મસત્તાની બળવત્તા વિચારવાથી તો નિરાશા આવી જાય, ફાયદો શો ?

**ઉ.**- ફાયદો આ, કે નિરાશા નહિ, પણ જાગૃતિ-સાવધાની આવે કે 'છૂપી કર્મસત્તાનો ભરોસો નહિ કે બળવાન એવી એ ક્યારે કેવો સંયોગ ઊભો કરે. માટે, અત્યારે સારાસારીમાં અસત્ય-અનીતિ-દ્રોહ, રોફ-રોષ-વિષયાંધતા વગેરે પાપનો પડછાયો પણ ન લઉં; પડછાયો એટલે ? એ પાપનો વિચાર સરખો ન કરું, અને દયા-દાન-પ્રભુભક્તિ વગેરે સત્કાર્યમાં લાગ્યો રહું. કર્મની સારાસારીમાં આ સહેલું છે, કર્મ બગડ્યા પછી તો કોને ખબર કેવી ય પરિસ્થિતિ ઊભી થાય, ને એ વખતે શું આત્મહિત સાધી શકું ?' **આમ કર્મસત્તાની બળવત્તા વિચારતાં સારાસારીમાં ધર્મ સાધી લેવાની પ્રેરણા મળે છે.**

પ્રેરણા લેવી હોય એની આ વાત છે. નહિતર સારા-સારીમાં આ સૂઝતું નથી, ને કર્મસત્તા વાંકી બની બેઠી પછી માર જ ખાવાનો છે; ધર્મ નહિ સૂઝે.

**સમરાદિત્યનો જીવ** દુશ્મન બનેલા અગ્નિશર્મા તરફથી ઉપદ્રવ આવતાં આ વિચારે છે કે ''અહીં મને અપાર સંસાર-ભ્રમણમાં મળવા અતિ મુશ્કેલ એવાં જિનવચન મળ્યાં છે, એ મારે હાલ બહુ સારાસારી છે. તો આ સારાસારીમાં, 'જીવ ! ક્રોધ કરીશ ના, ક્ષમા સાધી લે જે' એવાં જિનવચનનો ઉપયોગ કરી લઉં. આ સારાસારી ન હોય અને જિનવચન ન મળ્યા હોય ત્યારે તો તું અજ્ઞાન મૂઢ જેવો હોઈશ. તો એ વખતે હું શો ક્રોધ અટકાવી શકવાનો ? ને શી ક્ષમા રાખી શકવાનો ? માટે અત્યારે જિનવચન મળ્યાની મહાન સારાસારીમાં એનું જ આલંબન



કરી ક્રોધ ન જ ઊઠવા દઉં, ને ક્ષમા રાખું.'

જુઓ સારાસારીનો વિચાર ક્યાં સુધી કર્યો ? સામેથી દુશ્મન એમને બાળે છે, એવો સંયોગ ઊભો થયો છે. પણ એ ખરાબી ધ્યાનમાં નહિ, કિન્તુ જિનવચન મળ્યાં છે એ બહુ સારાસારી માને છે. કેમકે,

**જિનવચનનો યોગ મળ્યો એ સારાસારી એમાં જ પાપ છોડવાનો અને ક્ષમાદિ ધર્મ સાધવાનો બોધ અને પ્રેરણા મળે. તેથી એ સારાસારીમાં પાપત્યાગ અને ધર્મસાધના જ કરી લેવાનો.**

**ત્યારે, પાપત્યાગ અને ધર્મસાધના વિના તો જીવનું ભલું જ ક્યાં થવાનું છે ?**

આગામી અનંત કાળ માટે જીવનું ભલું કરી આપનાર હોય તો તે પાપત્યાગ અને ધર્મસાધના જ છે; ને એ સુઝાડનાર એકમાત્ર જિનવચન જ છે. એટલે જિનવચનની પ્રાપ્તિ જેવી બીજી કોઈ કિંમતી પ્રાપ્તિ નથી. એવા અનન્ય નિધાનસમા જિનવચન મળી ગયા પછી એનો ઉપયોગ છોડી કચરાનાં નિધાન રૂપ-તન-ધન વગેરે જડના મોહનો નો ઉપયોગ શા માટે કરું ?

**કઈ સારાસારી મન પર લેવી ?**

એક બાજુ સારી કાયા-માયા મળી, બીજી બાજુ સારા જિનવચન મળ્યાં; આમાં કઈ સારાસારી મન પર લેવા લાયક ? એકલી સારી કાયા અને સારાં ધન-પરિવાર ખાનપાન આદિ માયા તો અનંત ભવસાગરમાં ડુબાડનાર છે, ત્યારે જિનવચન તારણહાર છે. માટે ખરી સારાસારી તો કાયા-માયા મળ્યાની નહિ, પણ જિનવચન મળ્યાની છે માટે આ સારાસારીનો જ ઉપયોગ કરી લઉં ! આ વિવેક અને આ નિર્ધાર જોઈએ.

વાત આ હતી કે કર્મની આપેલી સારાસારીમાં ભવિષ્યના વાયદે ન રાખતાં વર્તમાનમાં જ જે કાંઈ પાપ બંધ કરાય અને જે કાંઈ ધર્મસાધના ગુણપાલન થાય એ કરી લેવાં. 'કર્મ, કોને ખબર, ભવિષ્યમાં કેવો યોગ લાવીને મૂકે ?' એ ખ્યાલથી આ પ્રેરણા મળે છે.

વિષય-કષાય હજી છૂટતા ન હોય, પણ એની પકડ નહિ રાખવી એ મૂળ વાત છે. જિનવચનનો આ ઉપદેશ છે. એવાં જિનવચન મળવાં એ પણ મહાન પુણ્યોદય છે, કર્મની મહાન સારાસારી છે. જિનવચન નહિ મળ્યા હોય ત્યારે કોણ આ શિખવાડવાનું હતું કે 'વિષય-કષાયની પકડ ન રાખીશ ?' મનગમતા વિષયો મળ્યા, અને ધાર્યા કષાય પોબાર પડે એવો પુણ્યોદય મળ્યો, પરંતુ એ કાંઈ સારાસારી ન કહેવાય; સારાસારી તો જિનવચન મળવાનો પુણ્યોદય ગણાય, પુણ્યે જિનવચનની પ્રાપ્તિ થઈ એ સારાસારી ગણાય. આ સારાસારીનો ઉપયોગ કરી વિષય-કષાયની પકડ નહિ રાખવાની.

બહુ મઝા છે, 'મને જિનવચન મળ્યાં એ મારે કર્મની બહુ સારાસારી છે' એ સચોટ માન્યતા રાખવાથી તો મનને ઘણું બળ મળે છે. આ બળ ઉપર ઘણા ઘણા અસદ્ વિચાર અસદ્ વચન અને અસત્કાર્યો અસદ્ વર્તાવ-વ્યવહારથી બચી જવાય. મનને એમ થાય કે

**'જિનવચન જેવી ઉત્તમ સારાસારી મળ્યા પછી હું ખરાબ વિચાર કરું ? કષાયના અને વિષયોના તથા હિંસાદિ પાપના વિચાર કરું ?**

શું આવી ઉત્તમ સારાસારીમાં અસત્ય અપ્રિય બોલ બોલું ? પાપવચન-નિંદા-કુથળી વગેરે ઉચ્ચારું ? યા વિષય-કષાયની પ્રવૃત્તિમાં ડૂબ ડૂબ રહું ? જિનવચન મળ્યાની ઉત્તમ સારાસારીમાં મારા આત્માને નહિ બચાવી લઉં તો પછી એ સારાસારી નહિ હોય અને અજ્ઞાન-મિથ્યાત્વમાં રુલતો હોઈશ ત્યારે શું બચાવી શકવાનો ? વિષય-કષાયની પકડ શે છૂટવાની ?

રોહિણિયા ચોરને પુણ્યનો ઉદય છે, જિનવચન સામે આવીને ઊભાં છે, પરંતુ એને એ ખપતા નથી. કેવી કમનસીબી ! 'જિનવચન ન સ્વીકારે અને ચોરીમાં મોટો દલ્લો મળી જાય શું એ ખુશનસીબી ? કે જિનવચનનો સ્વીકાર કરીને જીવનમાંથી ચોરીનું અન્યાય અનીતિનું નામનિશાન કાઢી નાખે એ ખુશનસીબી ?' આટલું સમજવા માટે પણ વિષય-કષાયની પકડ ન જોઈએ. પકડ હોય તો તો ચોરીનો માલ મળવામાં જ નસીબદાર હોવાનું લાગે.

ગમે તેમ પણ ત્રણ જિનવચન રોહિણિયાના કાનમાં પેસી ગયાં અને કુદરતી એવું છે કે ધરાર નથી સાંભળવું એ સંભળાઈ જતાં જતાં દિલના ઊંડાણમાં ઊતરી જાય છે, ધરાર નથી યાદ કરવું એમ વિચાર કરતાં એ યાદ આવી જાય છે.

પેલા ઉંટિયા રોગ પર રાજાની કથા આવે છે ને ? કે કિમિયાગરે એને કહ્યું 'તમારું માથું ત્રણ દિવસમાં મટાડી દઉં. માત્ર દવાની ચરીમાં તમે ઊંટ યાદ ન કરશો.' રાજાએ એ હોંશે સ્વીકારી તો લીધું કે 'ઊંટ કોણ ભૂતો મનજી યાદ કરે છે ? એ નહિ યાદ કરવાનું તો ખુશીથી બનશે.' પણ આ નિર્ધાર કર્યો ને ? એટલે હવે વિચાર આવે છે કે 'મારે ઊંટ યાદ નથી કરવાનું.' એ વિચારની પાછળ સહરાના ઊંટ કેવા ? રાજસ્થાનના કેવા ? એની ચાલ કેવી ? ઊંટના અઢારે વાંકા કેમ ગણાય છે ? એ ખાય શું ? માળા ખાય ઝાડનાં પત્તાં, ને કામ આવે લોખંડી !...' બસ, ચાલ્યું ઊંટપુરાણ ! લાગ્યો ઊંટિયો રોગ ! તે માથું દુખતું ભૂલાઈ ગયું, ને ઊંટ જ યાદ આવે છે.

સાવધાન રહેવા જેવું છે. 'મારે સ્ત્રીને યાદ નથી કરવી આ વિચાર કરવો પણ ખતરનાક છે; કેમકે એમાં સંભવ છે ઉંટિયો રોગની જેમ સ્ત્રી જ યાદ આવ્યા કરશે.

**સ્ત્રીને યાદ ન કરવાનો ઉપાય આ છે કે મનને બીજા કોઈ રસના વિષયમાં લગાડી દેવું.**



મહાવીર ભગવાનની સાધનાને વિસ્તારથી વિચારવામાં મનને લગાડી દો, તો સ્ત્રી વગેરે સહેજે યાદ નહિ આવે; મન એમાં સહેજે નહિ જાય. રાજાને આવું કાંઈ આવડ્યું નહિ, એટલે મારે ઊંટ યાદ નથી કરવાનું એ વિચારવામાં ઊંટ જ યાદ આવ્યા કર્યું.

પેલા રોહિણિયા ચોરને મહાવીર ભગવાનનું વચન નથી સાંભળવું એવો નિર્ધાર હતો, ને એમાં સંભળાઈ ગયું, તેથી દોડ્યો જાય છે પણ મનમાં એ સંભળાઈ ગયેલું ઘુંટાયા કરે છે.

હવે જો જો એ માત્ર ત્રણ પણ જિનવચન મનમાં ઘુંટાયા કર્યાનો ઉત્તમ લાભ થાય છે ! બસ, રોહિણિયો એ વખતે તો સિપાઈઓથી પકડાતો બચ્યો, પણ બીજા કોઈ અવસરે એ સિપાઈઓથી પકડાઈ ગયો, અને રાજા શ્રેણિકની સામે લાવીને એને ખડો કરવામાં આવ્યો, અને આ જ રોહિણિઓ ચોર છે, એમ રાજા આગળ સિપાઈઓએ ઓળખ આપી.

રાજા ગુસ્સે થઈને કહે, 'ચોરીઓ પર ચોરીઓ કરનારો આ હરામી ? જાઓ ચડાવી દો આને શૂળીએ.

રોહિણિયો આશ્ચર્ય બતાવતાં કહે 'હું રોહિણિયો નહિ. મને નિર્દોષને શૂળી ? ન્યાય ક્યાં રહ્યો ?'

**રોહિણિયાની જડતી :-**

રાજા શ્રેણિક ન્યાયી છે, એ સાંભળીને ચોંક્યો. મંત્રી અભયકુમારને પૂછે, 'કેમ કરવું ?'

અભયકુમાર કહે, 'સાહેબ ! એમ કરો, એનું નામ-ઠામ ધંધોધાપો વગેરે પૂછી તપાસ કરાવીએ કે આ સાચું કહે છે કે કેમ ?'

'તમારું નામ શું ?'

'મથુરભાઈ નથુભાઈ'

'ક્યાં રહો છો ?'

'સાગણ'

'ધંધો શો ?'

'ગામડે ફેરીનો'

રોહિણિયાને બધું પૂછવામાં આવ્યું. એ ઉસ્તાદ હતો, એણે કોઈક ગામડામાં ઘર રાખેલું, ત્યાં અમુક નામ રાખેલું, ગામડે ફરવાનો ધંધો છે એવો દેખાવ રાખેલો. એ પ્રમાણે બધું અહીં એણે કહ્યું. અભયકુમારે માણસો પાસે એ ગામ તપાસ કરાવી તો પેલાનું કહેલું બધું મળતું આવ્યું. હવે અભયકુમારે એ સાંભળીને જોયું કે હવે

આને બીજી રીતે ગુના કબૂલ કરાવવા.

તેથી રાજાને તો કહે, 'સાહેબ ! આવા સજ્જન માણસને આપણાથી દંડાય નહિ. માટે એમને છોડી મૂકો.'

પણ રોહિણિયાને કહે, 'જુઓ ભાઈ ! અમારે તો રાજ્ય ચલાવવું તેથી શક પડતા માણસની તપાસ કરવી પડે. પણ નિર્દોષ આમાં ઝડપાઈ પડ્યા અને તમને આટલું કષ્ટ અમારે આપવું પડ્યું એનું અમને દુઃખ થાય છે; તેમજ બહાર પણ તમારા જેવા નિર્દોષ સજ્જનનું જરાક ખોટું દેખાયું. તો હવે એના વારણરૂપે તમે અમારી થોડી ભોજનાદિની મહેમાનગીરી સ્વીકારી પછી પધારો; જેથી લોકમાં સારી છાપ પડે કે ભાઈનો મહારાજા તરફથી અતિથિસત્કાર થયો ત્યારે ભાઈ કેટલા બધા સજ્જન હશે !'

**અભયકુમારની જાળમાં :-**

રોહિણિયો ભોળવાયો કે વાહ ! આ ઠીક છે. મંત્રી અભયકુમાર જેવો મારી મહેમાનગીરી કરવા તૈયાર છે ? આ ભાવમાં ખોટું નથી. એમાં આપણે મારી પ્રતિષ્ઠા પામશું.

બસ, ગયો એ મંત્રીના મહેલે. અભયકુમારે એને જમાડવા કરવાની ભારે સરભરા કરી. દરમિયાન એણે અમુક યુવાન રૂપાળી સ્ત્રીઓ અને રૂપાળા પુરુષોને યોજના શિખવાડીને દેવી-દેવોનો વર્તાત ભજવાવા તૈયાર કરાવી. અહીં રોહિણિયાને જમ્યા ઉપર ચંદ્રહાસ દારૂથી મિશ્રિત દહીં ખવડાવ્યું. ભાઈને ય ટેસ પડ્યો તે પેટ ભરીને ચડાવ્યું ! જમીને ઊઠ્યા પછી કેમ ? તો કે ઘેન ચડ્યું. અભયકુમારના કહેવાથી ત્યાં જ પલંગ પર ઝુકાવ્યું. ઘસઘસાટ નિદ્રા, નસકોરાં બોલે છે. અભયે ઢંઢોળી જોયો, કશું ભાન નથી. એટલે અભયકુમારે માણસો પાસે ઊંચકાવી મહેલની ઉપરના દેવભવન જેવા મજલામાં ફૂલની શય્યા પર સુવડાવી દીધો.

**રોહિણિયા સામે દેવતાઈ દેખાવ :-**

અહીં હવે દેવ-દેવી બનેલ યુવાન-યુવતીઓ વાજિંત્રોના નાદ સાથે ગીત-ગાન-નૃત્ય કરે છે, જેથી રોહિણિયો જાગે કે તરત એના કાન પર દેવતાઈ જેવા મધુરા ધ્વનિ પડે. પણ એમ તો જલ્દી રોહિણિયો શાનો જાગે ? ૪-૬ કલાક નીકળી ગયા ત્યારે ઘેન ઊતર્યું. ઘેન ઊતરતાં જ અજબ ગજબનાં ગીત-વાજિંત્રના મધુરા સૂર સંભળાય છે. આંખ ખોલી જુએ ત્યાં ફૂલની શય્યા, અને જાણે દેવ-દેવીઓ અને રત્ને જડ્યું વિમાનમાં પોતાને સૂતેલો દેખે છે. પેલા બોલે છે 'જય જય નંદા ! જય જય ભદ્રા ! ચિરંજીવો સ્વામિનાથ ! અમારાં અહોભાગ્ય કે આજે આપનો દેવલોકમાં જનમ થયો, ને અમને ઉત્તમ સ્વામી મળ્યા !'

રોહિણિયો વિચારમાં પડ્યો કે 'આ શું ? શું હું મરી ગયો ? અને સ્વર્ગમાં



આવ્યો ? ના, ના, એમ મરું શાનો ? પણ આ બધો ઠાઠ તો એમજ સૂચવે છે કે હું દેવલોકમાં જ આવ્યો છું. ત્યારે કોને ખબર ભાઈ ! મરી ય ગયો હોઉં, ને દેવ બન્યો હોઉં.' દારૂના ઘેનમાંથી હમણાં ભાનમાં આવ્યો છે એટલે આ ભ્રમણામાં પડી જાય છે.

ત્યાં પેલી બનાવટી દેવીઓ હાવભાવ અંગમરોડ અને આંખના કટાક્ષ સાથે લટકા કરતી કહે છે, 'સ્વામિનાથ ! વિચાર શું કરો ? હવે તો તમે અમારા સ્વામી બન્યા, અમે તમારી આ દેવલોકમાં જીવનભર દાસીઓ છીએ. તમે છૂટથી અમારો ઉપભોગ કરજો; અને એ કહો તો ખરા કે તમે પૂર્વ ભવમાં શું શું કરેલું ? આપણા દેવલોકનો રિવાજ છે કે પૂરવ ભવની સુખ-દુઃખની વાતો થાય.'

રોહિણિયાના મનને થઈ આવ્યું કે 'વાહ ! હવે આ ગોરી ગુલાબી દેવીઓ મળી છે, સુખની રેલમછેલ છે, અને બંદા દેવલોકમાં જનમી તો ગયા જ છે, તો પછી પૂરવની કળાબાજ ચોરીની કારકીર્દી કહેવામાં શો વાંધો ? કઈ કઈ જગાએ કેવી કેવી કુનેહથી ચોરીઓ કરેલી, કેટકેટલા માલ ઉપાડેલા, બધું આ લોકોને સંભળાવું એટલે આમને પણ સાંભળવામાં રસ પડશે. તેથી દેવીઓ ઊલટી મારી કુનેહ જોઈ વધારે રાજી થઈ વધારે સુખ આપશે ! હવે દેવલોકમાં જનમી ગયા પછી શી ફિકર છે ?'

**વિષયની લાલસા જીવને કેવો ભૂલો પાડી દે છે ! અહીં ભૂલો પાડે તો પરલોકમાં ન પાડે ?**

બસ, રોહિણિયો પોતાના ચોરીઓનં પાપ કહેવાં તૈયાર થઈ ગયો. અભયકુમારને આટલું જ કરાવવું હતું કે, 'રોહિણિયો આપમેળે પોતાનાં પાપ બોલે ને તરત એને પકડી લેવો. એ પોતાની ચોરીની બધી કુનેહ અને સ્થાન વગેરે બોલ્યો હોય એટલે એના પુરાવા પણ મળી આવે' રોહિણિયો કેમ પોતાનાં પાપ બોલે એની આતુરતામાં દેવીઓ બનેલી યુવતીઓ એને હાવભાવથી લલચાવી રહી છે, 'કહો કહો સ્વામિનાથ ! પૂર્વનું જીવન સંભળાવો.'

પરંતુ અહીં રોહિણિયાને ભાગ્યયોગે ભગવાન મહાવીરપ્રભુનાં પેલાં સંભળાઈ ગયેલાં ત્રણ વચન યાદ આવી ગયાં. પ્રભુએ એ વખતે કહ્યું હતું કે

- **'દેવોના ગળાની ફુલમાળા કરમાય નહિ.'**
- **'દેવોને આંખના મચકારા હોય નહિ.'**
- **'દેવો જમીનથી ચાર આંગળ અદ્ધર ઊભા હોય.'**

બસ, આ યાદ આવતાં અહીં એ મેળવી જુએ છે તો જોયું ને ચમકારો લાગ્યો કે 'અરે ! આ દેવી-દેવતાઓના ગળામાં તો માળા કરમાઈ ગઈ છે ! (છ-આઠ કલાક થઈ ગયેલા ને ? ને પાછી શરીરની તથા શ્વાસોશ્વાસની ગરમીની પાસે

એ રહેલી) એમની આંખો પલકારા લે છે ! વળી આ તો જમીનને અડીને જ ઊભા છે, જમીનથી અદ્ધર નહિ ! અરે ! આ શું ? ત્યારે આ તો માનવી જ સ્ત્રીઓ-પુરુષો હોય, દેવતાઈ નહિ નક્કી ત્યારે આ બધો મહાબુદ્ધિમાન અભયકુમારનો મારે મોંઢે ખુશીથી મારા ગુના બોલાવવાનો પેતરો જ લાગે છે. એ બોલું એટલે સીધી હાથકડી ને સજા જ મળે. તો હવે શાનો ભૂલો પડું ?'

**જિનવચન કેવું સત્યનું ભાન કરાવે છે !**

**રોહિણિયાની કુનેહ :-**

માણસ એન્ડ ટાઈમે પણ ચેતી જાય તો બચી શકે ને ? રોહિણિયો એમ બચી જાય છે. એ પેલી દેવીઓને મોં મલકાવી કહે છે, 'વાહ ! સારું પૂછો છો ? લ્યો તારે સાંભળો. ગયા ભવમાં મેં ઘણું દાન દીધેલું, શીલ પાળેલું, તપસ્યાઓ કરેલી, પ્રભુભક્તિ-સાધુસમાગમ વગેરે વગેરે કેટલાંય સુકૃત કરેલાં, ચાલો મારાં સુકૃત ફળ્યાં.'

પેલીઓ કહે 'પણ બીજું કાંઈ કરેલું ?'

'બીજું શું ? રંગરાગ, હિંસા-જૂઠ-ચોરીઓ ? એ કરવાથી અહીં અવાય ? કશું નહિ. બહુ ધર્મ-સાધનાઓ કરેલી, એથી અહીં આવી ગયો.'

હવે શું કરે ? અભયકુમારને ખબર આપી કે 'આ તો આમ કહે છે, હવે શું કરીએ ?'

અભયકુમારે કહેવરાવ્યું કે 'છોડી મૂકો એને.' એના મનને થયું, કે 'રોહિણિયો ગમે તે રીતે આ બનાવટ જાણી ગયો હશે. પણ ગુના વિના સજા કેમ થાય ? છોડાવી મૂક્યો એને.

જેમ રોહિણિયાને એન્ડ ટાઈમે સાચું સૂઝ્યું તો બચી ગયો, એમ તમને પણ જીવનના પાછલા સમયે સાચું સૂઝે તો ય બચી જાઓ.

**જીવનના અંત સમયે પણ સાચું સૂઝે એ બચી જાય,**

એમાં હવે નવાઈ નહિ લાગે ને ? જોજો રોહિણિયો આટલું જ નથી બચતો, એ તો આગળ પર વિશેષ બચે છે.

વાત આટલી છે કે માણસ ઠેઠ સુધી ભૂલ્યો હોય પણ છેવટના ટાઈમે ય ચેતી જાય તો આખો ને આખો બચી શકે છે ને ? આ એટલા માટે વિચારવાનું છે કે જ્યારે એવો પ્રશ્ન થાય છે કે

**પ્ર.**- માણસે આખી જિંદગી ધર્મ ન કર્યો; દુનિયાદારીનાં પાપમાં જ જિંદગી કાઢી એને અંતે બહુ જ થોડો સમય ધર્મ મળતાં કે ઠેઠ અંતકાળે નવકારમંત્ર મળતાં એ શી રીતે ઊંચે આવી ગયા ? એટલામાં આખી જિંદગીની ભૂલો માફ ? ચંડકોશિયો સાપ પૂર્વ ભવથી પાપી ચાલુ અને અહીં મહાપાપિષ્ઠ જિંદગી કાઢનારો, એને માત્ર



છેલ્લે છેલ્લે ભગવાન મહાવીરપ્રભુ મળ્યા, પાપનો પસ્તાવો થયો, અનશન કર્યું અને સીધો આઠમા વૈમાનિક દેવલોકમાં ? કમઠના લાકડાના સાપને ભગવાન પાર્શ્વકુમાર અંતે એની અર્ધબળેલી સ્થિતિમાં મરવાના ટાઈમ પર મળ્યા, નવકાર મળ્યો અને મરીને ધરણેંદ્ર ?

**ઉ.**- આવું આશ્ચર્ય લાગે છે, એટલે જ દુનિયાના આવા રોહિણિયા જેવા દાખવા જોવા જેવા છે કે જેમાં એન્ડ ટાઈમે (છેવટના સમયે) પણ જીવ જો ચેતી જઈ ભૂલથી પાછો વળી જાય છે તો આખો ને આખો બચી જાય છે.

પેલા ચિતારાનું દૃષ્ટાંત આવે છે ને કે મકાનની ઊંચે પાલખ પર બેસી મકાનની બહારની દિવાલ પર ચિત્ર ચિતરતો હતો. પછી એ સારું ચિતરાયું છે ને ? એ જોવા માટે પાલખ પર પાછળ હટીને પાલખની ઠેઠ કિનારી તરફ હટતો જાય છે ને ચિત્ર જોતો જાય છે કે કેવું સરસ ચિત્ર થયું ? મોઢું એનું ચિત્ર તરફ છે. એટલે ભાન નથી કે 'આ હું પાલખની કિનારીએ પહોંચી રહ્યો છું.' હવે તો સહેજ જ વાર હતી કે એમ પાછળ પાછળ હટતાં કિનારી વટાવી ઊંચા ૩-૪ મજલાથી ઠેઠ નીચે જ પટકાઈ પડે ! આટલી બધી ભૂલમાં જનારો હવે બચી શકે ? પરંતુ ત્યાં જ પાસે રહેલા બીજા માણસે આ જોયું કે આ રંગિલો એના સારાં ચિત્રને જોવાના રંગમાં હમણાં જ ધબ નીચે પટકાશે ! તેમ હવે એ સ્થિતિમાં છે કે 'અલ્યા ! ક્યાં ચાલ્યો પાછળ પાછળ ? પડીશ નીચે' એમ હાક મારવા જતાં તો એ ભડકશે ને પડશે નીચે ! માટે એને બચાવી લેવા એણે યુક્તિ કરી એના સુંદર ચિત્ર પર સીધો કૂંડાનો રંગ જ ઢોળી દીધો ! એ જોતાં જ પેલો પાછો આવી આની સાથે લડવા જાય છે.

ત્યારે આ કહે છે, 'ભલા આદમી ! આ તો તને બચાવી લેવા માટે કર્યું. તું તો તારું ચિત્ર જોવામાં ભાનભૂલો થઈ પાછળ પાછળ હટતો પાલખની ઠેઠ કિનારીએ પહોંચ્યો હતો તે પછી સહેજે પાછો હટતાં નીચે જ પટકાઈ મર્યો હોત ! એમાં તને બૂમ મારી હોત તો ય એકાએક બૂમ સાંભળતાં ભડકીને જાત નીચે. ચિત્રની થોડા સમયની મહેનત નકામી ગયાને શું રુએ ? અમૂલ્ય માનવ જિંદગીના બાકીના વરસો નકામા જાત એ જો ને ? એક મિનિટમાં કિંમતી જિંદગી અને એ બાકીની સમસ્ત જિંદગીનાં સુખો ને સુકૃતોનો અવસર ધૂળમાં રોળાઈ જાત !' બોલો,

**થોડા દિવસની કોઈ પૈસા આદિ અંગેની મહેનત નિષ્ફળ જાય એ કિંમતી નાશ ? કે સહેજ સાહસમાં જિંદગીના બાકીના સમસ્ત દિવસો-વરસો ક્ષણમાં ખત્મ થાય એ કિંમતી નાશ ?**

આ વિચાર હોય તો દુન્યવી તુચ્છ વસ્તુના લોભ એવા ન રખાય કે જેમાં ક્યારેક સાહસ કરવા જતાં જિંદગી હોડમાં મૂકાઈ જાય, ને કિંમતી આયુષ્ય બચત એકાએક ખત્મ થઈ જાય ! એ ખત્મ થવા સાથે આ ઉચ્ચ ભવના આયુષ્યકાળ

દરમિયાન સુલભ સુખશાંતિ અને સુકૃતોનો મહાન અવસર નષ્ટ થઈ જાય ! માટે,

**ક્ષણની કિંમત સમજી જાગતા રહો. રોહિણિયો ક્ષણમાં જાગ્યો તો ચોરીમાંથી સાધુ થઈ ગયો.**

જુઓ, કેવી રીતે ?

રોહિણિયા ચોરને મહાવીર પ્રભુનાં ત્રણ વચન સંભળાઈ ગયેલા તેનો પડઘો મળ્યો, અભયકુમાર મંત્રીની બાહોશીભરી જાળને પ્રભુનાં વચનથી પરખી કાઢી, બનાવટી દેવતાઈ ઠાઠમાંની બનાવટ સમજી ગયો, અને પોતાની ચોરીઓને જરાય વાણીમાં લાવ્યો નહિ. એથી એને છૂટકારો મળી ગયો. એ ઉપરથી એનામાં એકાએક પલટો આવ્યો. એના મનને થયું,

**રોહિણિયાની ભવ્ય ભાવના :-**

"અરે ! મારા બાપે તો મને મના કરેલી કે વર્ધમાન સ્વામીનાં એક પણ વચનને સાંભળતો નહિ. પરંતુ મારે પગમાંથી કાંટો કાઢવા કાનમાંથી આંગળી કાઢી લેવી પડી એમાં ત્રણ વચન સંભળાઈ ગયા એ વચન પર ઓળખાણ થઈ ગઈ કે 'આ દેવતા નહિ પણ મનુષ્યો છે,' ને એથી મને જીવતદાન મળ્યું ! મારા બાપની સલાહ મુજબ તો મને આ વચન મળત જ નહિ; તો તો હું ભોળો હવે દેવભવમાં આવી ગયો એમ માની બેસી, પૂર્વની ચોરીઓનાં હોશિયારી પૂર્વક વર્ણન કરત, ને સપડાઈ જાત; અને રાજા શ્રેણિકના કડક અનુશાસને ક્રૂરપણે રીબાઈને મરત ! ત્યારે આવી સ્થિતિમાં મને મૂકનાર મારો બાપ તે બાપ કહેવાય કે સાપ ? એ કેવો અવિશ્વસનીય અનાપ્ત પુરુષ કે એની સલાહ પાળવામાં મોત આવત ? એણે કેવો મને ઠગ્યો ! એનાં વચન પર શો વિશ્વાસ મૂકી શકાય ? તો પછી ભગવાન વર્ધમાનસ્વામી કેવા આપ્ત વિશ્વસનીય પુરુષ કે એમનાં માત્ર ત્રણ વચન પર પણ વિશ્વાસ મૂકતાં આબાદ બચી ગયો ! તો અત્યાર સુધી આ મેં શું કર્યું ? અનાપ્ત એવા બાપની સલાહને વળગી રહી પરમ આપ્ત પુરુષ વર્ધમાન સ્વામીનાં કલ્યાણ વચન સાંભળવા ગુમાવ્યા ? આ મારી કેવી મૂઢતા ! કેવી વિનાશકારી મૂર્ખતા ! ભલું થજો કાંટાનું કે મને ઊભો રાખી કાન ખોલાવ્યા, 'ઊભો રહે મૂર્ખ ! દોડે ક્યાં ? લે આ પ્રભુનાં ત્રણ વચન સાંભળતો જા, તો જીવતો રહીશ નહિતર મરીશ !' એવી જાણે ગર્ભિત ચિમકીથી પ્રભુનાં ત્રણ વચન મને સંભળાવ્યા. એમ સંભળાયેલા જો માત્ર ત્રણ વચને આટલું રક્ષણ આપ્યું, તો એ કરુણાના સાગર પ્રભુનાં ૩૦૦-૩૦૦૦ વચન તો ભવોભવને માટે કેટલું ય રક્ષણ આપે ?'

રોહિણિયો પ્રભુની આપ્તતા પર વિશ્વસનીયતા પર ઓવારી ગયો બાપની સલાહ પર એને અભાવ થઈ ગયો, નફરત થઈ ગઈ. એણે નિર્ધાર કર્યો કે

'બસ, તો પછી હવે તો હું જાઉં વર્ધમાનસ્વામી પાસે, ને એમનું જીવનભર



માટે શરણું પકડી લઉં, એમનાં વચન ખૂબ સાંભળી એને અમલમાં ઉતારી અત્યાર સુધી એમનાં તારક વચનો ગુમાવ્યાનું પ્રાયશ્ચિત્ત કરું; જેથી કરેલી ચોરીઓનાં પણ પ્રાયશ્ચિત્ત થઈ જાય. પ્રશ્ન થાય.

**પ્ર.-** રોહિણિયાના આ નિર્ધારમાં બાપને અંતકાળે આપેલાં વચનનું પાલન ક્યાં રહ્યું ? તો શું વચનભંગ કરાય ?

ઉ.- અહીં કહો કે

**પાપવચનનું પાલન એ અધર્મ કહેવાય; અને પાપવચનનો ભંગ એ ધર્મ કહેવાય.**

**એટલે કે પાપવચનનો ભંગ એ કર્તવ્ય છે, ને પાલન એ અકર્તવ્ય છે.**

એમ તો સમજો ને કે કોઈએ દારૂના ટેસમાં કોઈને વચન આપ્યું કે 'મારે રોજ આટલો દારૂ પીવો;' તો શું એણે એ વચન પાળવાનું ? શું એ વચન પાળવામાં ધર્મ ? કે વચન ભાંગવામાં ધર્મ ? ડાહ્યો માણસ તો દારૂની ખરાબી જાણ્યા પછી દારૂ રોજ પીવાની પ્રતિજ્ઞા ન જ પાળે ને ? કે 'ના, મારે પ્રતિજ્ઞા છે એટલે મારે એ પાળવી જ જોઈએ,' એમ કરી રોજ દારૂ પીવાનું ચાલુ રાખી શું એમ પ્રતિજ્ઞાને પાળ્યે રાખે ?

**પરણેલાને જીવનભર ન જ છોડાય ? :-**

આ પરથી સમજાશે કે 'પરણેલાને પાળવા જ જોઈએ એ પ્રતિજ્ઞા જેવું પરણવાનું છે, માટે કદી પરણેલાને છોડીને દીક્ષા ન લેવાય, જીવનના અંત સુધી એમનો સંબંધ જાળવી જ રાખવો જોઈએ. એમના જીવતાં સંન્યાસમાર્ગ ન લઈ શકાય; નહિતર પ્રતિજ્ઞાભંગ થાય,' આવું જે કહે છે એ અજ્ઞાન છે, એ સમજતા નથી કે 'મોહના સંબંધ એ પાપ છે. એવા સંબંધની પ્રતિજ્ઞા સંસારત્યાગ ન કરીને પાળ્યે જવી એમાં આત્માનો કશો નિસ્તાર નથી. આજ સુધી અનંતા ભવ એવા મોહસંબંધો પાળ્યા, આત્માનો શો ઉદ્ધાર થયો ?

બોલો, આ ઉત્તમ મનુષ્યભવ શી રીતે પામ્યા ? પૂર્વે સાંધેલા મોહસંબંધને સારી રીતે પાળવા ઉપર પામ્યા ? કે મોહસંબંધના ખેલ ઘડીભર બાજુએ મૂકી દાનાદિ ધર્મ સાધ્યો, એના પર પામ્યા ? મોહનો સંબંધ તો શીખવે છે કે 'જેની સાથે એ સંબંધ છે એના રંગરાગમાં પૈસા પૂરા ખરચ, એને સારી રીતે શક્તિ પહોંચે એટલા રંગરાગ પૂરા પાડ.' ત્યાં દાનને શીલને કે તપને અવકાશ જ ક્યાંથી હોય ?

**જો એ દાન શીલ તપ નહિ, તો શું મોહના સંબંધ પાળવા પર ઊંચો આર્ય માનવ અવતાર મળે ?**

ત્યારે જો આ ઉઘાડો હિસાબ છે કે મોહના સંબંધ પૂરેપૂરા પાળવાનું ધોરણ બાજુએ મૂકી દાન-શીલ-તપ વગેરેની સાધનાથી ઊંચે આવ્યા ને આ મનુષ્ય અવતાર

પામ્યા. તો પછી એમાંથી આ ફલિત થાય છે કે સંસારથી સર્વથા મુક્ત થઈ ઉત્કૃષ્ટ ઊંચી મોક્ષગતિમાં જઈ રહેવાનું તો જ બને કે જો મોહના સંબંધનો હિસાબ મોહનો સંબંધની પ્રતિજ્ઞા સર્વથા પડતી મૂકાય અને ઉત્કૃષ્ટ દાન-શીલ-તપ-ભાવધર્મની ઉત્કૃષ્ટ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના થાય.

સારાંશ આ છે કે પાપની પ્રતિજ્ઞા પડતી મૂકવી એ કર્તવ્ય છે, ને પાપપ્રતિજ્ઞા પાળવી એ અ-કર્તવ્ય છે. આ હિસાબે રોહિણિયા ચોરે બાપને આપેલું વચન અર્થાત્ બાપની આગળ કરેલી પ્રતિજ્ઞા પડતી મૂકી અને ભગવાન વર્ધમાન સ્વામીનાં વચન સાંભળવા તૈયાર થઈ ગયો, એ યોગ્ય જ કર્યું. ભગવાનના ત્રણ વચનના આધારે જીવતદાન પામીને જેવો રાજા પાસેથી છૂટ્યો કે પળવારમાં એણે ભગવાનનાં ચરણ પકડવાનો વિચાર કરી લીધો, ને સીધો પહોંચ્યો મહાવીરપ્રભુ પાસે. આંખમાં આંસુ સાથે ભગવાનને વિનંતિ કરી કે

**રોહિણિયા ચોરની પ્રભુને પ્રાર્થના :-**

'પ્રભુ ! આપનાં પરાણે પણ સંભળાઈ ગયેલા ત્રણ વચનથી જીવતદાન પામ્યો, તો સમજાયું કે આપ પરમ આપ્ત પરમ વિશ્વસનીય પુરુષ છો. એટલે જ સમજાય છે કે આજ સુધી આપનું વચન ન સાંભળવાનું કહેનાર અનાપ્ત એવા મારા બાપથી હું બોઘા જેવો ઠગાયો. હવે પ્રભુ ! મને આપનું શરણું આપો. મારા જેવા મહાપાપીનો ઉદ્ધાર કરો. ફરમાવો મારાં ઘોર પાપ ધોવા મારે શું કરવું જોઈએ ?'

પ્રભુ અનંત દયાના સાગર છે. એમણે જીવનમાં માત્ર ચોરીઓના જ ધંધા કરનાર પાપાત્મા રોહિણિયાનો તિરસ્કાર ન કર્યો, પરંતુ હવે એ જ્યારે પાપ છોડવા આવ્યો છે તો એને આવકાર્યો, ને શરણ લેવા આવ્યો છે તો એને શરણું આપ્યું. વાત્સલ્યભર્યા શબ્દોથી એને સમજાવ્યું કે, 'જો વિષય-કષાયનો ત્યાગ કરી અહિંસા-સંયમ-તપનો માર્ગ લે અને ઉત્કૃષ્ટ પાળે, તો તારાં માત્ર આ એક જનમનાં જ નહિ, પણ જન્મોજન્મનાં પાપ ધોવાઈ સાફ થઈ જાય.'

**રોહિણિયો દીક્ષા લે છે :-.**

રોહિણિયાને માર્ગ જડતાં એણે તરત જ એ સ્વીકારી લીધો; પ્રભુની પાસે ચારિત્ર લીધું, પ્રભુનો શિષ્ય બની ગયો. પ્રભુની અપરંપાર દયા વિચારી રહ્યો છે કે 'અહો ! આ કેટલા બધા પરમ દયાળુ કે મારા જેવા અધમ જીવને શરણું આપ્યું ! ક્યાં દુન્યવી બાપ, ને ક્યાં આ સાચા આત્મિક બાપ ? દુન્યવી બાપ કે જે પુત્રને પાપમાં જ જોડે છે એ તે બાપ છે કે સાપ ? સાચા બાપ તો આ પ્રભુ કે જેમણે દયા કરી મારા જેવા ઘોર પાપીને પણ પાપમાંથી છોડાવી નરક-તિર્યંચગતિમાં કૂટાતો અટકાવ્યો અને સદ્ગતિના પંથે ચડાવ્યો ! 'અનંત ઉપકાર પ્રભુ ! તમારો કે મુજ જેવા પાપીનો ઉદ્ધાર કર્યો ! હવે મને તમારા તારક વચનોની વર્ષા મળશે !'



રોહિણિયાને પૂર્વે પ્રભુનાં ત્રણ વચન સંભળાઈ જતાં એમ થયેલું કે 'હાશ ! કાંટો ઝટ નીકળ્યો, અને વર્ધમાનનાં ત્રણસો વચન સાંભળવામાંથી બચ્યો. ખેર ! માત્ર ત્રણ વચન જ સંભળાઈ ગયાં, ટૂંકે પત્યું.' કેવું ગાઢ મિથ્યાત્વ ! આવા આત્માનો શે ઉદ્ધાર થાય ? એ તો ત્રણ વચનનો જરાક પડચો દેખ્યો, અને એના પર વિવેકબુદ્ધિ જાગી કે 'પ્રભુનાં ત્રણ વચને જીવતદાન મળે તો ૩૦૦-૩૦૦૦ વચને કેવો ઉચ્ચ લાભ થાય ? માટે લાવ; હવે તો પ્રભુનું જ શરણ લેવા દે.' જેમણે મને શૂળીએ ભોંકાતો બચાવ્યો એ ભગવંતના જ ચરણ પકડું !' આ વિવેક જાગ્યો ને દોડ્યો ભગવાન પાસે; જઈને ક્ષમા માગી,

'પ્રભુ ! માફ કરો મને, હું તમારો અપરાધી છું. તમારા તારણહાર વચનને પૂર્વે મેં અવગણ્યા; ભાનભૂલો બનેલો હું તમારા સમવસરણ નીચેથી દોડતો છતાં કાનમાં આંગળા ઘાલી દોડતો હતો, રખે તમારું વચન સંભળાઈ જાય તો ! ભલું થજો એ કાંટાનું કે જેણે મને ઊભો રાખી કાનમાંથી આંગળી બહાર કઢાવી ! કાંટો કેમ જાણે મને કહેતો ન હોય કે 'થોભ, નાદાન ! ક્યાં આમ દોડે લેશ પણ સાંભળ્યા વિના ? લે આ ત્રણ વચન સાંભળતો જા તને એ ભવિષ્યમાં અભયદાન આપશે.' હવે આવ્યો છું આપની પાસે. બાપ ઉપરના આંધળા રાગે જીવનભર પાપાત્મા બની રહ્યો હતો હવે મુજ રંકનો ઉદ્ધાર કરો !

**લપડાક લાગ્યા પછી પણ પાપથી પાછા ફરો ? :-**

બોલો, તમારે જીવનમાં ક્યારેક કોઈ પ્રસંગે ધક્કો નથી લાગતો ? પાપમાં દોડતાં ક્યારેક તમાચ નથી પડતી ? એ વખતે પસ્તાવો થઈ શું વિવેકબુદ્ધિ જાગે ખરી કે આ પ્રભુનાં વચનથી વિરુદ્ધ ચાલ્યો, પ્રભુએ જૂઠ બોલવાની ના પાડી છે છતાં જૂઠ બોલ્યો તો આ લપડાક પડી;...ચોરી-અનીતિ-માયા કરવાની ના પાડી છે છતાં એ કરી તો આ ઊઘાડો પડી બેઆબરૂ થયો....ભગવાને ગુસ્સો કરવાની ના પાડી છે છતાં ગુસ્સામાં ધમધમ્યો ને કાંઈનું કાંઈ બોલી નાખ્યું, તો આ સામેથી ધોલ પડી સ્નેહી ગુમાવ્યો,...આમ પ્રભુનાં વચનથી વિરુદ્ધ ચાલ્યો તો મહા નુકસાન વહોર્યું, માટે હવે ભગવાનની આજ્ઞા મુજબ જ ચાલું, જીવનમાંથી જૂઠ, ચોરી અનીતિ-માયા, ગુસ્સો વગેરે પાપને જિલાંજલી દઈ દઉં.' આવી વિવેકબુદ્ધિ જાગે ખરી ? લપડાક લાગ્યા પછી પાપથી પાછા ફરવાનું ખરું ? જો ના, તો રોહિણિયો એક વખતનો જીવનભરનો ચોર, તે હવે પ્રભુનાં ચરણે ચારિત્ર લઈ સાધુ થાય છે, એની વિશેષતા સમજાય છે ?

**સાધુ કોણ થાય ? ચોર કે શાહુકાર ?**

જુઓ, અભયકુમારને ખબર પડી હશે એટલે એમણે આવીને આ રોહિણિયા મુનિના ગુણ ગાયા હશે. અનંતજ્ઞાની ભગવાને જેને મહાત્મા બનાવ્યો એના માટે

હવે બીજો વિચાર કરવાનો હોય ? એનો ભૂતકાળ યાદ કરી એના તરફ ઘૃણાથી જોવાનું હોય ? કેટલાક ગાંડા કહે છે, 'ફલાણા મહારાજ અમારે ત્યાં નોકરીમાં હતા...' આવું હલકું યાદ કરવાનું હોય ? ના, હવે તો એને ઉચ્ચ આત્મા માની એના ગુણ જ ગાવાના હોય. અભયકુમારે રોહિણિયા મુનિના શા ગુણ ગાયા હશે ? આવા જ કોઈ કે,

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''          વર્ષ-૨૨,અંક-૨૦,તા.૨-૨-૧૯૭૪**

'હે નરવીર ! આપે તો સાત્ત્વિક બની મહા પરાક્રમ કર્યું ! આપે ચોરપણું મૂકી મહાસંત બનવાનો માર્ગ લીધો, ત્યારે અમે અમારી જાતને શાહુકાર હોવાનો દાવો રાખી હજી સંસારના ફાંસલામાં ફસાયા રહ્યા છીએ ? કેવી અમારી ધિઠ્ઠાઈ ! કેવું આપનું સરળ હૃદય કે પ્રભુની વાણી પર વિશ્વાસ ધરી સર્વ પાપ ત્યજી દેતાં વાર ન લગાડી !'

**અભયકુમાર પણ કેવા વિષયાવેશ વિનાના ? :-**

જુઓ અભયકુમાર રોહિણિયા મુનિના ગુણ ગાતાં પોતાને એવા સરળ નહિ, વક્ર માને છે, પોતાની જાતને સંસારના કીચડમાં ફસેલી તે પરાક્રમહીન નિઃસત્ત્વ કહે છે, પરંતુ એનો એ અર્થ સમજતા નહિ કે 'અભયકુમાર પોતે વિષય-કષાયના આંધળા આવેશવાળા છે.' એવું હોત તો તો શ્રેણિકરાજા જ્યારે એમને રાજા બનાવી મોટા મગધદેશની રાજ્યગાદી સોંપવા માગે છે ત્યારે અભયકુમાર એનો ઝટ સ્વીકાર કરી લેતા નથી. એ તો ભગવાન શ્રી મહાવીર પ્રભુને પૂછી આવી નક્કી કરી લે છે કે 'જો હું રાજા થાઉં તો તો પછી મને આ જીવનમાં ચારિત્ર માર્ગે જવાનું ન મળે. કેમકે પ્રભુ કહે છે કે 'રાજા થઈને દીક્ષા લેનાર હવે કોઈ આ અવસર્પિણી કાળમાં થવાનો નથી.' ત્યારે, **આ મનુષ્યજીવનમાં જો ચારિત્ર ન લેવાય તો જીવન એળે જાય,** વધારામાં મોટા રાજ્યપાટના મહા આરંભ મહા પરિગ્રહ સેવીને નરકે જવું પડે.'' એટલે અભયકુમારે રાજ્યગાદી ન વધાવી લેતાં પિતા શ્રેણિક રાજાને એ કહ્યું કે 'આપ મહાવીર પ્રભુના પરમ ભક્ત, એ આપનો દીકરો હું રાજ્ય લઈને નરકે જાઉં એવું આપ ઇચ્છો છો ? જો ના, તો હવે મને ચારિત્રમાર્ગે જવા દો.'

વિચારજો, તમારી પાસે શો એવો વૈભવ અને સત્તા છે કે મળવાની છે તે વિષયના એંઠવાડ ચાટતાં બેઠા છો ? અહીં તો અભયકુમાર સામેથી મોટું મગધ-સમ્રાટપણું મનામણા સાથે આવતું છતાં ન લેવાની અને કઠોર ચારિત્રમાર્ગ લેવાની તૈયારી કરે છે. એવી તૈયારી ક્યારે કરે ? શું જીવનમાં જોરદાર વિષયાસક્તિ અને



રાજવીપણાના અહંત્વ-લોભ-માન વગેરે જોરદાર કષાય હોય તો આ બની શકે ? રાજ્યના બદલે દીક્ષા લેવાનું મન થાય ? સમ્રાટને બદલે સાધુ થવાનું મન થાય ?

સંસારમાં કોઈ દુઃખ છે એમને ? રાજા શ્રેણિક છે, અભયકુમાર નહિ, અભયકુમાર તો મંત્રી છે, પણ અભયકુમારના નામની હાક વાગે છે, એટલો બધો એમનો પ્રભાવ છે. પિતા રાજાને એમના માટે ઘણું માન છે. અભયકુમારને કોઈ અપમાન તિરસ્કાર, ગરીબી, રોગ, પરાધીનતા, કુટુંબક્લેશ,...વગેરે કશું જ દુઃખ નથી. છતાં દીક્ષા લેવાની પ્રબળ ઇચ્છા છે એ સૂચવે છે કે એમને એવા વિષય-કષાયના આવેશ નહોતા, પકડ નહોતી, એટલે જ જીવન ગુણસંપન્ન જીવતા હતા, ને અંતરમાં વૈરાગ્યનું અજવાળું હતું.

આ ખૂબ ધ્યાનમાં રાખો કે

**વિષય-કષાયના આવેશ હોય ત્યાં ગુણ-સમૃદ્ધિ આવતી નથી, વૈરાગ્યનો પ્રકાશ હોતો નથી.**

**વિષય કષાયના આવેશનાં પરિણામ :-**

આજે જુઓ છો ને કે ભાઈ ભાઈને એવા મેળ નથી; દીકરા બાપની આમન્યામાં નથી; જરાક કાંઈક નિમિત્ત બન્યું કે પડોશી-પાડોશી કૂતરાની જેમ બાઘેડીને લડે છે. આ બધાની પાછળ જુઓ તો કારણ તરીકે કોઈ ને કોઈ દુન્યવી વિષયની જોરદાર આસક્તિ કામ કરતી હશે, યા સ્વમાન અહંત્વ વગેરે કષાયનો આવેશ કામ કરતો હશે. પત્ની પરની આંધળી આસક્તિના કારણે આજે છોકરા પરણીને થોડા વખતમાં, હવે જ્યારે માતાપિતાના અથાગ ઉપકારના બદલારૂપે એમને નિવૃત્તિ આપી એમની સેવા કરવાનો અવસર આવ્યો ત્યારે, એમને તરછોડીને જુદા રહે છે ! 'ભાઈ મારો મને બનાવીને શાનું વધારે લઈ જાય ?' એમ અહંત્વમાં આવી ભાઈની સામે કોરટે ચડે છે ! **દુનિયાના રગડાઝગડા, હોંશાતોંશી, અને કેઈક જાતના અનિચ્છનીય તોફાન આ વિષયાસક્તિ, અહંકાર, કે ધનલોભના આવેશમાંથી જન્મેલા હોય છે.**

આવું ક્લેશ-કંકાશ-હુંશાતું શીવાળું જીવન જીવવાનું તમને પસંદ છે ? જો ના, તો એના મૂળ હેતુભૂત વિષયોના આવેશ, અને કષાયના આવેશ છોડો. ડગલે ને પગલે આ સાવધાની રાખો કે 'હું કાંઈ જ વિષય-કષાયના આંધળા આવેશમાં ન ફસાઉં.' એવા રાગ, એવા દ્વેષ, એવા લોભ, એવા કામવિકાર, કે એવા ગુસ્સા-અભિમાન વગેરેને, મન મારીને પણ, દબાવતા ચાલો, ને પછી જુઓ જીવન કેવું શાંતિભર્યું અને સુખરૂપ જીવાય છે, કેવા કેવા પાપથી બચાય છે !